પૂ. આ. શ્રી હરિભદ્રસૂરિ મહારાજ વિરચિત
પૂ. આ. શ્રી મુનિચંદ્રસૂરિ મહારાજ કૃતવૃત્તિયુક્ત

# ધર્મબિંદુ પ્રકરણ

## (ગુજરાતી ભાવાનુવાદ)

❁ ભાવાનુવાદકાર ❁

પૂજ્ય આચાર્ય શ્રી રાજશેખરસૂરીશ્વરજી મહારાજ

શ્રી ધરણેંદ્રપદ્માવતી સંપૂજિતાય ૐ હ્રીં શ્રીં શ્રી શંખેશ્વરપાર્શ્વનાથાય નમઃ
શ્રી દાન-પ્રેમ-રામચંદ્ર-હીરસૂરીશ્વરેભ્યો નમઃ
ઐં નમઃ

# ધર્મબિંદુ પ્રકરણ

(મૂળસૂત્રો-સંસ્કૃતટીકા-ગુજરાતી ભાવાનુવાદ સહિત)

**મૂલગ્રંથકાર :**

યાકિની મહત્તરાધર્મપુત્ર પ. પૂ. આચાર્ય **શ્રી હરિભદ્રસૂરિ** મહારાજા

**ટીકાકાર :**

બાલબ્રહ્મચારી પ. પૂ. આચાર્ય **શ્રી મુનિચંદ્રસૂરિ** મહારાજા

**-: ભાવાનુવાદકાર :-**

પ. પૂ. આચાર્યદેવ **શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મ.** ના પટ્ટાલંકાર
પ. પૂ. આચાર્યદેવ **શ્રીમદ્ વિજય હીરસૂરીશ્વરજી મ.** ના શિષ્યરત્ન
પ. પૂ. આચાર્યદેવ **શ્રી લલિતશેખરસૂરીશ્વરજી મ.** ના
શિષ્યરત્ન

**પૂજ્ય આચાર્ય શ્રી રાજશેખરસૂરીશ્વરજી મહારાજ**


**-: પ્રકાશક :-**

**સર્વોદય પાર્શ્વનાથ ચેરીટેબલ ટ્રસ્ટ** અને **શ્રી સર્વોદય પાર્શ્વનાથ જૈન સંઘ**
જૈન મંદિર, નાહુર વીલેજ, સર્વોદય નગર, મુલુંડ (વે.), મુંબઈ-૪૦૦ ૦૮૦.

**કિંમત ૧૦૦/- રૂપિયા**

વિ. સં. ૨૦૫૨ ● વીર સં. ૨૫૨૨ ● ઈ. સ. ૧૯૯૬ ● નકલ ૧૦૦૦


**વિશેષ સૂચના**

આ પુસ્તક જ્ઞાનદ્રવ્યમાંથી છપાવ્યું હોવાથી ગૃહસ્થે મૂલ્ય ચૂકવ્યા વિના આ પુસ્તકની માલિકી કરવી નહિ. વાંચવા માટે પુસ્તકનો ઉપયોગ કરવો હોય તો યોગ્ય નકરો જ્ઞાનભંડાર ખાતે આપવો જરૂરી જાણવો.


મુદ્રક : **રાજુલ આર્ટસ,** ઘાટકોપર. © ૫૧૧ ૦૦૫૬

# પ્રકાશકીય નિવેદન

વર્તમાન કાળમાં ભવ્ય જીવોને મોક્ષમાર્ગની આરાધનામાં ઉજમાળ બનાવનારા શ્રી જિનાગમ અને જિનપ્રતિમા ઉત્તમ આલંબનરૂપ છે. જે ભવ્યાત્માઓ આ બન્નેનું શરણ સ્વીકારે છે તેને મોક્ષમાર્ગની પ્રાપ્તિ સહેલાઈથી થઈ શકે છે.

જિનાગમ અને જિન પ્રતિમાની ઓળખાણ કરાવનારા પંચમહાવ્રતધારી જિનાજ્ઞા પાલક સુવિહિત ગુરુ ભગવંતોનો પણ ભવ્યજીવો ઉપર અસીમ ઉપકાર છે. આવા ગુરુભગવંતો વર્તમાનકાળે ભરતભૂમિને પોતાના પાદારવિંદથી પાવન કરી અનેક ભવ્યાત્માઓને ધર્મામૃતથી નવપલ્લવિત બનાવી રહ્યા છે.

અમારા શ્રી સંઘમાં કરુણાનિધિ દેવાધિદેવ શ્રી સર્વોદય પાર્શ્વનાથ પ્રભુજી બિરાજમાન છે. આ પ્રભુજીની અનુપમ ભક્તિ કરીને સકલ શ્રી સંઘ સર્વોદયને પામી રહ્યો છે. અહીં ભવ્ય મહેલ જેવો સંગેમરમરનો ઉપાશ્રય પણ છે. અહીં પધારીને પૂજ્ય સાધુ સાધ્વીજી ભગવંતો ધર્મોપદેશનું પાન કરાવે છે.

અમારા શ્રી સંઘમાં ચાતુર્માસ થાય એવું ઘણા ભાગ્યશાળીઓ ઈચ્છી રહ્યા હતા. આથી સિદ્ધાંત મહોદધિ કર્મ સાહિત્ય નિષ્ણાત પ. પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજ્ય પ્રેમસૂરીશ્વરજી મહારાજાના પટ્ટધર પરમગીતાર્થ પ. પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજ્ય હીર સૂ. મ. ના શિષ્યરત્ન વર્ધમાન તપોનિધિ પ. પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય લલિત શેખર સૂ. મ. સા. નો નિકટનો પરિચય હોવાથી પૂજ્યશ્રીનું અમારા આંગણે ચાતુર્માસ થાય એ હેતુથી સુવિશાલગચ્છાધિપતિ પ. પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય મહોદય સૂ. મ. ને વિનંતી કરતાં અથાગ પ્રયત્નોને અંતે પૂજ્યશ્રીએ અમારા ઉપર કૃપા કરી પૂજ્યપાદ આચાર્ય ભગવંતશ્રીને ચાતુર્માસ મોકલવાની અનુજ્ઞા આપી.

પૂજ્યશ્રીના પ્રવેશની ચાતક નજરે રાહ જોતો સંઘ આખરે એ દિવસને પામવા સદ્ભાગી બન્યો. પૂજ્યશ્રીના મંગલ પ્રવેશને દિવસે શ્રી હસમુખરાય જયંતિલાલ વોરા તથા શ્રી મહેન્દ્રભાઈ બાવચંદ શાહ તરફથી સકળ શ્રી સંઘની નવકારશી રાખવામાં આવી. પૂજ્યશ્રીના વ્યાખ્યાન, પ્રતિક્રમણ આદિમાં સકળ શ્રી સંઘ લાભ લેવા માંડયો દર રવિવારે વિવિધ અનુષ્ઠાન આદિ સુંદર આરાધનાઓ થવા લાગી. પૂજ્યશ્રીના મિલનસાર સ્વભાવથી અનેક ભવ્યાત્માઓ આકર્ષાયા. ક્યારે ય ઉપાશ્રયમાં નહિં

આવનારા ભાગ્યશાળીઓ દરરોજ નિયમિત જિનપૂજા વગેરે કરતા થઇ ગયા.

પર્વશિરોમણિ શ્રી પર્યુષણ મહાપર્વની પધરામણી થતાં પર્વના વ્યાખ્યાનો સાંભળવા ઘણા ભવ્યાત્માઓ નિયમિત આવવા લાગ્યા. શ્રાવકનાં વાર્ષિક કર્તવ્યો વગેરેને પૂજ્યશ્રીએ સુંદર રીતે સમજાવ્યા. તેમાં દેવદ્રવ્યની વૃદ્ધિ રૂપે ઉપધાનતપ વગેરે અનુષ્ઠાનો કરાવવા જોઇએ એવી વાત સાંભળતાં અમારા શ્રી સંઘમાં ઉપધાન તપ થાય એવી પૂજ્યશ્રીને વિનંતી કરી અને એક જ વ્યાખ્યાનમાં લગભગ દશેક મિનિટમાં ઘણું ભંડોળ એકઠું થઇ ગયું. ઉપધાન કરાવનારા ચાર પુણ્યાત્માઓ પણ તૈયાર થઇ ગયા. (૧) શ્રી સોમચંદ જેઠાભાઇ બીદ (૨) શ્રી હીરાબેન જયંતિલાલ વોરા, (૩) શ્રી અમૃતલાલ વીરચંદ પારેખ (૪) નીર્મળાબેન સરદારમલજી જૈન વગેરેના શ્રેષ્ઠ સહકારથી ઉપધાન તપ કરાવવાની નોબત વાગવા માંડી.

ચાતુર્માસ પરિવર્તનની અનેક ભાગ્યશાળીઓની વિનંતિ હોવાથી શ્રી હસમુખભાઇ ગાંધી પરિવારને લાભ મળતાં તેમના તરફથી તે દિવસે સકળ શ્રી સંઘની નવકારશી રાખવામાં આવી હતી.

ઉપધાન તપની જાહેરાત થતાં ચારે બાજુથી આરાધકોના નામ આવવા લાગ્યા. પરંતુ વિશાળ જગ્યાના અભાવે મર્યાદિત આરાધકોનો સમાવેશ કરવો પડયો. વિ. સં. ૨૦૪૯ના માગસર સુદ-૫ ના પાવન દિવસે પ. પૂ. આચાયદેવ શ્રીમદ્ વિજય લલિતશેખર સૂ. મ., પ. પૂ. આચાયદેવ શ્રીમદ્ વિજય રાજશેખર સૂ. મ., પ. પૂ. મુનિરાજ શ્રી જિનસેન વિ. મ. તથા પ. પૂ. મુનિરાજ શ્રી રત્નસેન વિ. મ. આદિ પૂજ્યો તથા પૂ. સા. શ્રી પિયૂષપૂર્ણાશ્રીજી મ. આદિ અને પૂ. સા. શ્રી ભવ્યપ્રજ્ઞાશ્રીજી મ. આદિની શુભનિશ્રામાં ઉપધાન તપનો પ્રારંભ થયો. ૨૪૧ આરાધકો જોડાયા, જેમાં માળ પહેરનારા ૧૬૫ જેટલા ભાગ્યશાળીઓ હતા. ઉપધાન તપમાં આરાધકોને આરાધના કરવા માટે નાહર એંટરપ્રાઇઝના પુણ્યાત્માઓએ પોતાના વિશાલ હૃદય જેવી વિશાલ બિલ્ડીંગો સોંપી દીધી.

માળારોપણ પ્રસંગે આઠ દિવસનો ભવ્ય જિનભક્તિ મહોત્સવ ગોઠવાયો. માળની ઉછામણી પણ સુંદર થઇ. છેલ્લા બે દિવસ તો સર્વોદયનગરની વિશાળ ભૂમિ પણ સાંકડી પડવા માંડી. વરઘોડાના દિવસે લગભગ ૨૫ હજાર અને માળના દિવસે લગભગ ૩૮ હજાર પુણ્યાત્માઓએ વિવિધ સ્થળેથી પધારી સર્વોદય પાર્શ્વનગરીને પાવન કરી. આ ઉપધાનતપને સફળ બનાવવા માટે શ્રી ચંપાલાલજી, શ્રી બાબુલાલજી, શ્રી મહાસુખભાઇ શાહ, શ્રી હીરજીભાઇ, શ્રી વિજયભાઇ પારેખ, કીશોર માલદે,

કાંતિલાલ જુઠાલાલ, શ્રી રતિલાલ ધનજી સુમરીયા વગેરે મહાનુભાવોએ અથાગ પ્રયાસ કર્યો હતો. દરેક તપસ્વી ભાગ્યશાળીઓનું વિશિષ્ટ પ્રભાવનાથી બહુમાન કરવામાં આવ્યું હતું. પ્રભુભક્તિ માટે તપસ્વીઓએ કરેલા ફંડમાંથી સવાલાખ રૂપિયાનો સુવર્ણ હાર બનાવવામાં આવ્યો. તે હાર શ્રી હસમુખ જે. વોરાએ સુંદર ઉછામણી બોલીને ચતુર્વિધસંઘની સમક્ષ શ્રી પાર્શ્વનાથ પ્રભુજીને ચઢાવ્યો હતો.

આમ સર્વોદય પાર્શ્વનગર જૈન સંઘના ભાગ્યશાળીઓ તથા નાહર એન્ડ શેઠ એન્ટરપ્રાઈઝના સહકારથી સુંદરતમ ચાતુર્માસ પૂર્ણ થયું. ઉપધાન તપ પણ પૂર્ણ થયા. સાધુ અને સરિતા વહેતા નિર્મળા એ ઉક્તિને ચરિતાર્થ કરવા પૂજ્યશ્રીના વિહારનો દિવસ નક્કી થતાં સકળ શ્રી સંઘમાં લગભગ આઠ આઠ મહિનાથી સુંદર આરાધના કરાવનારા પૂજ્યશ્રીનો વિયોગ કોઈનેય ઈષ્ટ નહોતો.

અમારા શ્રી સંઘમાં રહેલ જ્ઞાન ખાતાની ઉપજનો અમને સુંદર લાભ મળે એ હેતુએ પૂજ્યશ્રીને કોઈ ગ્રંથ પ્રકાશનનો લાભ આપવા વિનંતિ કરી. પૂજ્યશ્રીએ પોતાના શિષ્યરત્ન પ. પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય રાજશેખર સૂ. મ. જેનો ગુજરાતી ભાષામાં અનુવાદ કર્યો છે તે ધર્મબિંદુ ગ્રંથના પ્રકાશનનો લાભ લેવા જેવો છે એમ જણાવ્યું. પ. પૂ. આ. શ્રી લલિતશેખરસૂરીશ્વરજી મ. સા. નું ઘાટકોપર નવરોજી લેન ચાતુર્માસ હોવાથી ત્યાંના આગેવાનોએ પણ કોઈ ગ્રંથ પ્રકાશનનો લાભ આપવા વિનંતિ કરી હતી. આમ છતાં બન્ને પૂજ્યોએ અમારી વિનંતિનો સ્વીકાર કરી અનુવાદ કરેલ ''શ્રી ધર્મબિંદુ'' જેવા મહાન ગ્રંથ રત્નના પ્રકાશનનો અમારા શ્રી સંઘને લાભ આપી શ્રુતભક્તિનો અનુંપમ લાભ આપ્યો છે. આ ગ્રંથ શ્રાવક જીવનને અને સાધુજીવનને અજવાળનારો છે. જેના એક એક શબ્દને પૂજ્યશ્રીએ અનુવાદ શૈલીથી શણગાર્યો છે આ ગ્રંથનું પઠન પાઠન કરી/કરાવી આપણે સહુ મુક્તિ સુખના મહા ફિરસ્તા બનીએ એવી પરમ શુભેચ્છા.



# અનુવાદકનું વક્તવ્ય

હું સાધુઓને ધર્મબિંદુ ગ્રંથ વંચાવતો હતો ત્યારે વિ. સં. ૧૯૬૭માં શ્રીજૈન *આત્માનંદ સભા તરફથી પ્રકાશિત થયેલ સંસ્કૃતટીકા સહિત ગુજરાતી ભાષાંતરવાળો* ધર્મબિંદુ ગ્રંથ મારા જોવામાં આવ્યો. આ ગ્રંથનું પુનઃ પ્રકાશન થાય તો ઉપયોગી બને એવી ભાવનાથી એ ગ્રંથનું સંશોધન કાર્ય મેં શરૂ કર્યું. સંશોધન કરતાં જણાયું કે આ અનુવાદમાં અનેક સ્થળે અર્થની અશુદ્ધિઓ છે. જેમ કે-અ. ૨ સૂ. ૯ ની ટીકામાં આવેલા યોગબિંદુ ગ્રંથના ૫૩મા શ્લોકમાં ''ક્રિયોદાહરણાત્'' એ પદનો અર્થ ''ક્રિયાના સ્વરૂપથી જાણી લેવું'' એવો કર્યો છે. આ અર્થ તદ્દન ખોટો છે. તેની ટિપ્પણ પણ તદ્દન ખોટી છે. આનો સાચો અર્થ મેં યોગબિંદુની ટીકાના આધારે આ અનુવાદમાં જણાવ્યો છે. વાચકોને પૂર્વના અનુવાદમાં રહેલી અશુદ્ધિઓનો સામાન્યથી ખ્યાલ આવે તેટલા પૂરતું જ આ એક સ્થળ અહીં જણાવ્યું છે. બાકી અન્ય અનેક સ્થળે વધારે-ઓછી અશુદ્ધિઓ રહેલી છે. આથી મેં નવેસર અનુવાદ લખવાનો પ્રારંભ કર્યો. ટીકામાં જ્યાં જ્યાં અન્યગ્રંથોના સાક્ષીપાઠો આવ્યા ત્યાં ત્યાં તે શ્લોકની ટીકાના આધારે અર્થ લખ્યો છે. અનુવાદમાં ભાષા સરળ બને અને અર્થની અશુદ્ધિ ન રહે તેની પૂર્ણ કાળજી રાખી છે. આમ છતાં અનુપયોગ આદિથી અર્થ અશુદ્ધ લખાયો હોય તો વાચકો મને જણાવે એવું વિનમ્ર સૂચન કરું છું. અનેક સ્થળે કાઉંસમાં લખીને કે ટીપ્પણી કરીને ભાવાર્થને વિશેષ સમજાવવાનો પ્રયત્ન કર્યો છે.

આ પ્રસંગે મારા આંતર જીવનના વિકાસમાં સર્વાધિક ઉપકારીઓ સિદ્ધાંતમહોદધિ, બ્રહ્મનિષ્ઠ પ. પૂ. આચાર્યદેવ શ્રીમદ્વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજા અને નિઃસ્પૃહતા-ગુણથી સર્વત્ર સંયમની સુવાસ ફેલાવનારા પ. પૂ. આચાર્યદેવ શ્રીમદ્વિજય હીરસૂરીશ્વ-રજી મહારાજાનું પ્રણિધાન કરું છું. અનુવાદની અત્યંત સુવાચ્ય પ્રેસકોપી તૈયાર કરી આપનારા અને પ્રૂફ સંશોધન આદિમાં સહયોગ દાતા પ. પૂ. ગુરુદેવશ્રી (આ. શ્રીમદ્વિજય લલિતશેખર સૂરીશ્વરજી મહારાજા) ને ભાવભરી વંદના કરું છું. પ્રૂફસંશો-ધન આદિમાં સહાય કરનારા મુનિશ્રી ધર્મશેખર વિજયજી આદિ પણ સ્મૃતિપથમાં આવ્યા વિના રહેતા નથી. અનુવાદ કરવામાં અને સંપાદન કાર્યમાં જિનશાસન આરાધના ટ્રસ્ટ દ્વારા પ્રકાશિત ધર્મબિંદુ ગ્રંથની પ્રત વગેરે અનેક ગ્રંથો સહાયભૂત બન્યા છે. આથી તે તે ગ્રંથોના સંપાદક આદિ પ્રત્યે કૃતજ્ઞતા પ્રદર્શિત કરવાનું મારા માટે અનિવાર્ય બની જાય છે.

પ્રાંતે, અનુવાદમાં મૂલગ્રંથરકારના અને ટીકાકારના આશયથી વિરુદ્ધ કંઇ પણ લખાયું હોય તો ત્રિવિધ ત્રિવિધે મિચ્છા મિ દુક્કડમ્.

# પરિચય પરિમલ

## (૧) ગ્રંથપરિચય

આ ગ્રંથ સાધુ, સાધ્વી, જૈન ગૃહસ્થ, જૈનેતર ગૃહસ્થ એ દરેકને ઉપયોગી છે. કારણ કે તેમાં સામાન્ય (જૈન-જૈનેતર સર્વને માટે જરૂરી) ગૃહસ્થ ધર્મથી માંડી અંતિમ કક્ષાના સાધુધર્મ સુધીના દરેક ધર્મનું સુંદર નિરૂપણ કરવામાં આવ્યું છે. આ ગ્રંથ આઠ અધ્યાયમાં વહેંચાયેલો છે. તેમાં **સામાન્ય ગૃહસ્થધર્મવિધિ** નામના પ્રથમ અધ્યાયમાં સામાન્ય ગૃહસ્થધર્મનું વિશદ રૂપે વર્ણન કરવામાં આવ્યું છે. સામાન્ય ગૃહસ્થધર્મનું જે પાલન કરી શકે તે જ વિશેષ ગૃહસ્થધર્મને યોગ્ય બને છે. આથી **દેશનાવિધિ** નામના બીજા અધ્યાયમાં સામાન્ય ગૃહસ્થધર્મનું પાલન કરનાર યોગ્ય જીવને વિશેષ ગૃહસ્થધર્મમાં જોડવા તેને કેવી રીતે અને કેવો ઉપદેશ આપવો તે જણાવવામાં આવ્યું છે. **વિશેષ ગૃહસ્થધર્મવિધિ** નામના ત્રીજા અધ્યાયમાં વિશેષ ગૃહસ્થધર્મનું સ્વરૂપ, તેને આપવાની વિધિ, તથા તેનું નિરતિચારપણે પાલન કરવાના ઉપાયો વગેરે બતાવવામાં આવ્યું છે.

વિશેષ ગૃહસ્થધર્મનું પાલન કરનાર જીવ યતિધર્મને=સર્વવિરતિ રૂપ ચારિત્રને યોગ્ય બને છે. માટે **યતિવિધિ** નામના ચોથા અધ્યાયમાં યતિનું સ્વરૂપ, યતિધર્મને સ્વીકારનારની યોગ્યતા, યતિધર્મ આપનારની યોગ્યતા, યતિધર્મ સ્વીકારતાં પહેલાં બજાવવાની ફરજો, યતિધર્મ સ્વીકાર્યા પછી કેવી રીતે વર્તવું વગેરેનું વર્ણન છે. જેમ ગૃહસ્થધર્મ બે પ્રકારે છે તેમ યતિધર્મ પણ સાપેક્ષ અને નિરપેક્ષ એમ બે પ્રકારે છે. આથી પાંચમાં **યતિધર્મ વિધિ** નામના અધ્યાયમાં પ્રારંભમાં સાપેક્ષયતિધર્મનું અને અંતે નિરપેક્ષ યતિધર્મનું વર્ણન કરવામાં આવ્યું છે. **યતિધર્મ વિષય વિધિ** નામના છઠ્ઠા અધ્યાયમાં કોણ સાપેક્ષ યતિધર્મ સ્વીકારી શકે અને કોણ નિરપેક્ષ યતિધર્મ સ્વીકારી શકે ઈત્યાદિનું વર્ણન કરવામાં આવ્યું છે. **ધર્મફલવિધિ** નામના સાતમા અધ્યાયમાં ધર્મના અનંતર અને પરંપર ફળોનું વિસ્તારથી નિરૂપણ કરવામાં આવ્યું છે. આઠમા **વિશેષ ધર્મફલવિધિ** નામના અધ્યાયમાં પરંપર ફળના સામાન્ય અને વિશેષ એમ ભેદો બતાવીને બંને પ્રકારનાં ફળો જણાવ્યાં છે અને પ્રાસંગિક મોક્ષસુખ આદિનું સુંદર નિરૂપણ કર્યું છે.

આમ આ ગ્રંથમાં સંક્ષેપમાં ઘણું ઘણું બતાવી દીધું છે. પ્રસ્તુત ગ્રંથના કર્તા *આચાર્ય શ્રી હરિભદ્રસૂરિ મહારાજે આ ગ્રંથના પહેલા શ્લોકમાં* ''સિંધુમાંથી જળના બિંદુની જેમ શ્રુત રૂપ મહાસાગરમાંથી ધર્મના બિંદુનો ઉદ્ધાર કરીને ધર્મબિંદુ નામના

ગ્રંથને કહીશ'' એમ જણાવ્યું છે. તેમણે સિંધુમાંથી બિંદુનો ઉદ્ધાર કર્યો છે, એટલું જ નથી, પણ સાથે સાથે એ બિંદુમાં સિંધુને સમાવી દીધો છે. સિંધુમાંથી બિંદુનો ઉદ્ધાર કરવા છતાં, જો તે બિંદુમાં સિંધુ ન સમાયો હોય તો એ બિંદુનું મહત્ત્વ નથી રહેતું. **આ મહાપુરુષે સિંધુમાંથી બિંદુનો ઉદ્ધાર એવી રીતે કર્યો છે કે બિંદુમાં સિંધુને સમાવી દીધો છે. ખરી કળા પણ આ જ છે. બીજા શબ્દોમાં કહીએ તો ગાગરમાં સાગરનો સમાવેશ કર્યો છે.**

આવી રીતે બિંદુમાં સિંધુનો સમાવેશ કરનાર સૂત્રાત્મક ગ્રંથોમાં પ્રથમ નંબર ચૌદપૂર્વધર ભગવાન શ્રી ઉમાસ્વાતિ મહારાજ વિરચિત **તત્ત્વાર્થ સૂત્રનો** છે. બીજો નંબર **પ્રસ્તુત ગ્રંથનો** છે. ત્રીજો નંબર શ્રી વાદિદેવસૂરિ વિરચિત **પ્રમાણનય તત્ત્વાલોક** ગ્રંથનો છે. આ ત્રણે ગ્રંથો ભિન્ન ભિન્ન વિષયના હોવાથી પોત પોતાના વિષયમાં તે તે ગ્રંથ પ્રથમ નંબરે ગણી શકાય. તત્ત્વાર્થ સૂત્રમાં દ્રવ્યાનુયોગ વગેરે અનુયોગોનું વર્ણન હોવા છતાં મુખ્યતયા દ્રવ્યાનુયોગ વિષયનો આ ગ્રંથ છે. પ્રસ્તુત ગ્રંથમાં પણ જુદા જુદા અનુયોગોનું નિરૂપણ હોવા છતાં મુખ્યતયા ચરણ-કરણાનુયોગનું પ્રતિપાદન કરવામાં આવ્યું છે પ્રમાણનય-તત્ત્વાલોક ગ્રંથમાં મુખ્યતયા ન્યાયનો વિષય આવે છે. તે તે વિષયને સમજવા આ ત્રણે ગ્રંથો અતિ મહત્ત્વના છે.

ચરણકરણાનુયોગને સંક્ષેપમાં સમજવા આ ધર્મબિંદુ ગ્રંથ અતિ ઉપયોગી છે.

## (૨) મૂલગ્રંથકાર આચાર્યશ્રી હરિભદ્રસૂરિ મ. નો પરિચય

ધર્મબિંદુ ગ્રંથના કર્તા આચાર્ય શ્રી હરિભદ્રસૂરિ મહારાજા છે. તેઓ કયા કાળે થઇ ગયા એ વિષે બે મત છે. એક મત પ્રમાણે તેઓ વિ. સ. ૫૮૫માં સ્વર્ગવાસી બન્યા. બીજા મત પ્રમાણે તેઓ વિ. સ. ૭૮૫માં સ્વર્ગવાસી બન્યા. આમ આ. શ્રી હરિભદ્રસૂરિ મહારાજા વિક્રમની છઠ્ઠી કે આઠમી સદીમાં થઇ ગયા. તેમનું જીવન ચરિત્ર ''જૈન પરંપરાનો ઈતિહાસ'' પુસ્તકના પહેલા ભાગના એકત્રીસમા પ્રકરણ (પૃ. ૪૭૩ થી) માંથી અહીં આપવામાં આવે છે.

આ. શ્રી. હરિભદ્રસૂરિ મહાપ્રભાવક અને મહાન ગ્રંથકાર છે. તેમનો સંસ્કૃત અને પ્રાકૃત ગ્રંથરાશિ મોટો છે. તેમની પ્રકાંડ વિદ્વત્તા, અપૂર્વ જ્ઞાન પ્રતિભા, સમભાવ, નિષ્પક્ષ આલોચના અને ભાષાપ્રભુત્વ ભારતીય સાહિત્યના ઈતિહાસમાં સુવર્ણાક્ષરે આલેખાયેલ છે. તેમના જીવનચરિત્ર માટે વિવિધ ગ્રંથો બન્યા છે. આ. પ્રભાચંદ્રસૂરિ તેમના જીવન ઉપર નીચે પ્રમાણે પ્રકાશ પાડે છે.- પંડિત હરિભદ્ર વેદશાસ્ત્ર, દર્શન શાસ્ત્રના જાણકાર હતા. ચૌદ વિદ્યાના પારગામી હતા. તે ચિત્તોડના રાજા જિતારિના

પુરોહિત હતા. અગ્નિહોત્રી બ્રાહ્મણ હતા. તેમની ભારતીય વિદ્વાનોમાં વાદિ-વિજેતા તરીકે અપૂર્વ ખ્યાતિ હતી. તેમનામાં જ્ઞાન, સન્માન અને સત્તા એ ત્રણેનો યોગ મળ્યો, એટલે તેમને પોતાના જ્ઞાનનો મદ ચડયો. એ વિદ્યાના અભિમાનથી પેટે સોનાનો પાટો બાંધતા, વાદીઓને જીતવા કોદાળી, જાળ તથા નિસરણી રાખતા અને જંબૂદ્વીપમાં પોતાની અદ્વિતીયતા બતાવવા હાથમાં જાંબુડાની ડાળી રાખી ફેરવતા હતા. વળી, સાથોસાથ તે સરળ પણ હતા. એટલે તેમણે પ્રતિજ્ઞા કરી હતી કે ''હું આ પૃથ્વી પર જેનું વચન સમજી ન શકું તેનો શિષ્ય બની જાઉં.'' તે પોતાને કલિકાલસર્વજ્ઞ તરીકે જ માનતા હતા.

પરંતુ આશ્ચર્યની વાત છે કે તેમનું આ અભિમાન એક વિદુષી આર્યાએ-એક તપસ્વિની જૈન સાધ્વીએ ઉતાર્યું. એક દિવસ હરિભદ્ર પાલખીમાં બેસી રાજસભામાં જતા હતા, શિષ્યો અને પંડિતો તેમની ચારે બાજુ વીંટાઇને ચાલતા હતા. પાસે જૈન દેરાસર આવ્યું. એટલામાં એક ગાંડો હાથી ધમાચકડી મચાવતો ત્યાં આવી પહોંચ્યો. એને જોતાં જ સાથેનું ટોળું વીખરાઇ ગયું, હરિભદ્ર ભટ્ટ પણ જીવ બચાવવા માટે પાલખીમાંથી કૂદી પડયા અને પાસેના જૈન દેરાસરમાં જઇ ઊભા. ત્યાં તેમણે જોયું તો સામે વીતરાગદેવની પ્રતિમા બિરાજમાન હતી. ભટ્ટજી તેને જોઇ હસતા હસતા બોલી ઊઠયા.

વપુરેવ તવાચષ્ટે, સ્પષ્ટં મિષ્ટાન્નભોજનમ્ ।
ન હિ કોટરસંસ્થેઽગ્નૌ, તરુર્ભવતિ શાડ્વલઃ ॥

તારું શરીર જ મિષ્ટાન્ન ભોજનની સ્પષ્ટ સાક્ષી પૂરે છે. કેમકે બખોલમાં અગ્નિ હોય તો ઝાડ લીલુંછમ રહે ખરું ?

તે પંડિતને ત્યારે ખબર ન હતી કે પોતાના આ શબ્દો પોતાને જ ભવિષ્યમાં સુધારવા પડશે. ખરે જ કુદરતની બલિહારી છે. હાથી ચાલ્યો ગયો અને હરિભદ્ર ભટ્ટ પણ પોતાને સ્થાને ચાલ્યા ગયા. આ હાથીની ઘટનાએ તેને વિરોધ ભક્તિથી પણ વીતરાગનો પરિચય કરાવ્યો છે.

હરિભદ્ર ભટ્ટ એક રાતે ઘર તરફ જતા હતા. ત્યાં તેણે એક નવીન શ્લોક સાંભળ્યો.

ચક્કીદુગં હરિપણગં, પણગઁ ચક્કીણ કેસવો ચક્કી ।
*કેસવ ચક્કી કેસવ, દુચક્કી કેસવ ચક્કી ય ॥*

આ અવસર્પિણીમાં પહેલાં એક પછી એક એમ ૨ ચક્રવર્તી, પછી ૫ વાસુદેવ,

પછી ૫ ચક્રી, પછી ૧ કેશવ, પછી ૧ચક્રી, પછી ૧ કેશવ, પછી ૧ ચક્રી, પછી ૧ કેશવ, પછી ૨ ચક્રી, પછી ૧ કેશવ અને પછી ૧ ચક્રવર્તી થયા છે.

પંડિતજીએ શ્લોક સાંભળ્યો, ફરી ફરી વાર સાંભળ્યો. તેમને તે અપૂર્વ લાગ્યો, તેનો અર્થ સમજવા માટે ઘણી મથામણ કરી, ખૂબ વિચાર કર્યો, પણ તેમને તેનો અર્થ સમજાયો જ નહીં. તેમને પોતાની પ્રતિજ્ઞા યાદ આવી, તેમનું અભિમાન ઘવાવા લાગ્યું, અને તેમને ગુસ્સો પણ ચડયો. તેણે પાસેના મકાનમાં પ્રવેશ કરીને જોયું તો એક વિદુષી સાધ્વી તે શ્લોક બોલતાં હતાં. પંડિતજીએ તેમની પાસે જઇને પૂછયું કે કિં ચક્કી ચકચકાયતે ? -આ ચકલી શું ચકચક કરે છે ?

સાધ્વીજી પણ બહુ જ વિચારશીલ વિદ્વાન હતાં. તેમને મીઠાશથી પંડિતજીને ઉત્તર આપ્યો કે ભાઇ ! એ લીલા છાણથી લીપેલું નથી કે જલદીથી જાણી શકો. પંડિતજી આ ઉત્તર સાંભળી ચમકયા. તેમને અનુભવ થયો કે એક તો આ શ્લોક સમજાય તેવો નથી અને બીજું આ ઉત્તર પણ મારી પંડિતાઇને આંટે તેવો છે. ઉત્તર દેનાર પણ નિડર નિઃસ્પૃહી વિદુષી આર્યા છે. તેમનું અભિમાન ગળવા લાગ્યું. તેમણે નમ્રભાવે સાધ્વીજીને કહ્યુંઃ માતાજી ! તમે મને તમારી આ ગાથાનો અર્થ સમજાવો. સાધ્વીજી બોલ્યાઃ 'મહાનુભાવ ! આ ગાથાનો અર્થ સમજવો હોય તો તમે કાલે અમારા ગુરુજી અહીં વિરાજમાન છે, તેમની પાસે જઇ સમજજો. અમારો એવો આચાર છે, તે માટે ગુરુમહારાજ પાસે જજો.' હરિભદ્ર ભટ્ટ બીજે દિવસે સવારે ત્યાં વિરાજમાન આ૦ જિનદત્તસૂરિ પાસે ગયા. પેસતાં જ તેમણે પ્રથમ જિનાલયમાં પ્રવેશ કર્યો, આજે એમના વિચારો બદલાઇ ગયા હતા. તે વીતરાગદેવની પ્રતિમા જોઇ સ્તુતિ કરતા બોલ્યા.-

વપુરેવ તવાચષ્ટે, ભગવન્ ! વીતરાગતામ્ ।
નહિ કોટરસંસ્થેઽગ્નૌ, તરુર્ભવતિ શાડ્વલઃ ॥

હે ભગવાન્ ! તમારી પ્રતિમા જ વીતરાગભાવની સાક્ષી પૂરે છે. કેમકે બખોલમાં અગ્નિ હોય તો ઝાડ લીલુંછમ રહે ખરું ?

તે આ રીતે વીતરાગની સ્તુતિ કરીને ઉપાશ્રયમાં આચાર્ય મહારાજ પાસે ગયા અને તેમણે આચાર્યશ્રીને ચક્કીદુગં૦ ગાથાનો અર્થ સમજાવવા વિનંતિ કરી.

આચાર્યમહારાજે તરત જ તેમને ગાથાનો અર્થ સુંદર રીતે સમજાવ્યો, એને સમજતાં જ પંડિતજી બોલ્યા કે-મારે પ્રતિજ્ઞા છે કે હું જેનું વચન સમજી ન શકું તેનો શિષ્ય બનીને રહીશ. માટે કૃપા કરી મને તમારો શિષ્ય બનાવો.

આચાર્ય મહારાજે અનુજ્ઞા આપી અને હરિભદ્ર ભટ્ટ આ૦ **જિનદત્તસૂરિના** શિષ્ય બન્યા. (તેમણે આ૦ **જિનભટ્ટ** પાસે વિદ્યાધ્યયન કર્યું.) ગુરુમહારાજે તેમને આચાર્યપદ આપ્યું એટલે તેઓ **આચાર્ય હરિભદ્રસૂરિ** તરીકે વિખ્યાત થયા. તેઓ પોતાનાં ઉપકારી સાધ્વી યાકિનીમહત્તરાને પોતાની માતા તરીકે માનતા હતા અને પોતાને યાકિનીમહત્તરાપુત્ર તરીકે ઓળખાવતા હતા.

તેમને **હંસ** અને **પરમહંસ** નામના બે ભાણેજ હતા. તેઓએ કુટુમ્બ ક્લેશથી વૈરાગ્ય પામી મામા પ્રત્યેના પ્રેમથી આચાર્યશ્રી પાસે દીક્ષા લીધી, ન્યાયશાસ્ત્રનો અભ્યાસ કર્યો અને હરિભદ્રસૂરિની મના હોવા છતાં બૌદ્ધધર્મનું જ્ઞાન મેળવવા માટે વેષપલટો કરી ભગવાં પહેરી બૌદ્ધ નગરમાં જઇ બૌદ્ધ મઠમાં વિદ્યાર્થી તરીકે પ્રવેશ કર્યો. ત્યાં બૌદ્ધાચાર્ય જૈનદર્શનનું ખંડન ભણાવતા ત્યારે આ બન્ને મુનિઓ એકેક પત્ર ઉપર તેની યુક્તિઓમાં રહેલાં દૂષણો અને જૈનદર્શનના શુદ્ધ હેતુઓની ટૂંકી નોંધ કરતા હતા. એક વાર એ પત્રો હવાથી ઊડયાં અને કોઇ વિદ્યાર્થીએ તેને ઉઠાવી બૌદ્ધાચાર્ય પાસે ધરી દીધાં. બૌદ્ધાચાર્યે તેને જોઇ મનમાં ગાંઠ વાળી કે-મારા મઠમાં કોઇ જૈન છે અને તે પણ કટ્ટર જૈન છે, તો તેને શોધી કાઢવો જોઇએ. તેણે એ માટે એક તરકીબ ગોઠવી. દરવાજાના પગથિયામાં જિનપ્રતિમા ગોઠવી અને વિદ્યાર્થીઓને હુકમ કર્યો કે-દરેકે આ પ્રતિમા ઉપર પગ મૂકી ઉપર જવું. બૌદ્ધ વિદ્યાર્થીઓએ તે પ્રમાણે જ કર્યું. હંસ અને પરમહંસ આ તરકીબને સમજી ગયા, તેઓને ગુરુદેવની મનાઇનું રહસ્ય હવે સમજાયું. પણ થાય શું ? હવે બે જ માર્ગ હતા. કાંતો જિનેંદ્ર ઉપર પગ મૂકી રૌરવ નરકમાં જવું અને કાંતો જૈનરૂપે જાહેર થઇ બૌદ્ધાચાર્યના હાથે મરવું. આ સિવાય ત્રીજો રસ્તો ન હતો. તેઓએ તરત જ નક્કી કર્યું કે, ગુરુદેવનો અવિનય કર્યો છે તેના ફળરૂપે મરવું બહેતર છે, કિન્તુ દેવાધિદેવની કંઇ પણ અશાતના કરીએ એ બનવાનું જ નથી. તેઓએ હાથમાં ખડી લઇ ચાલાકીથી તે પ્રતિમાને જનોઇનું નિશાન કરી બૌદ્ધ પ્રતિમા બનાવી, અને પછી તેની ઉપર પગ મૂકયો. આ જોતાં જ બૌદ્ધોએ તેમને ઓળખી લીધા અને બૌદ્ધોમાં ક્રોધ ધમધમવા લાગ્યો. વળી, બધા વિદ્યાર્થીઓ રાત્રે સૂતા હતા ત્યારે બૌદ્ધાચાર્યે ઘડા ઉપરથી નીચે ગબડાવ્યા, વિદ્યાર્થીઓ એના અવાજથી ઓચિંતા જાગી, ઇષ્ટનું નામ બોલવા લાગ્યા. તેમાં હંસ અને પરમહંસ નમો અરિહંતાણં બોલ્યા. એટલે ત્યાં એવો અવાજ થયો કે, ''ઠીક છે, આ બે જૈન દીસે છે.''

બન્ને ભાઇઓ એ વાત સમજી ગયા. તેઓએ ત્યાંથી ભાગી જવાનું નક્કી કર્યું, છત્રીઓ લઇ તેના આધારે ઉપલા માળેથી પડતું મૂકયું, તેઓ નીચે આવ્યા કે *તુરત દોડતા દોડતા શહેરની બહાર નીકળી ગયા, અને ચિત્તોડ તરફ ચાલવા લાગ્યા.*

બૌદ્ધો હથિયારો લઇ તેમની પાછળ પડયા, તેઓએ હંસને રસ્તામાં જ મારી નાખ્યા, અને પરમહંસ સૂરપાળ રાજાને શરણે પહોંચી ગયા હતા. તેમને પકડવા બૌદ્ધોએ આગળ પ્રયાણ લંબાવ્યું. તેઓએ સુરપાળને પોતાનો શત્રુ સોંપી દેવા વિનંતિ કરી. પરન્તુ ન્યાયપ્રિય સુરપાળે બૌદ્ધોને સાફસાફ સંભળાવી દીધું કે-સાચો ક્ષત્રિય પ્રાણાંતે પણ શરણાગતનું રક્ષણ કરે છે, એટલે તમારી ઇચ્છા બર આવે તેમ નથી. હા, તમે તેમની સાથે શાસ્ત્રાર્થ કરો, તેમને હરાવો અને પછી ઉચિત કરો, એમાં મને વાંધો નથી. બીજે દિવસે જ રાજા સુરપાળની સભામાં બૌદ્ધાચાર્ય અને પરમહંસનો શાસ્ત્રાર્થ થયો. તેમાં બૌદ્ધો હાર્યા. પરમહંસ રાજાના ઇશારાથી તક જોઇને ત્યાંથી નાસી છૂટયા અને પકડવાને ફરી વાર પાછળ પડેલા બૌદ્ધ સુભટોથી પોતાને બચાવી ચિત્તોડ પહોંચી ગયા.

પરમહંસે આ. હરિભદ્રસૂરિ પાસે જઇ પ્રથમ હંસે તથા પોતે ગુરુની આજ્ઞા લોપી છે તેની ફરીફરીવાર માફી માગી, પછી પોતાની ઉપર જે વીત્યું તે કહી સંભળાવ્યું અને એ કહેતાં કહેતાં તે ત્યાંજ મૃત્યુ પામ્યા.

આચાર્યશ્રીએ તેમને અવિનય માટે માફી આપી. તેઓની ધર્મધગશ માટે ખૂબ પ્રશંસા કરી અને તેઓના અવસાન માટે ખૂબ શોક કર્યો. તેમણે વિચાર્યું કે-મેં બૌદ્ધોને ઘણીવાર હરાવ્યા છે. તેઓએ મારા શિષ્યોને મારી નાખ્યા તેનો બદલો ન લઉં ત્યાંસુધી મારા મનમાં ખટકો રહેવાનો અને એ ખટકો રાખીને મરીશ તો મારી સદ્ગતિ નહીં થાય, તો એ ખટકાને દૂર કરવા માટે મારે ઉચિત બદલો લેવો જ જોઇએ. તેઓશ્રી આ પ્રમાણે વિચારી ગુરુની આજ્ઞા લઇ ચિત્તોડથી વિહાર કરી સુરપાળના નગરમાં પધાર્યા. અને સુરપાળની સભામાં જઇ તેના શરણાગતરક્ષા ગુણની પ્રશંસા કરી બોલ્યાઃ 'તમે અમારો અને બૌદ્ધોનો શાસ્ત્રાર્થ થાય તેવો પ્રબંધ કરી દો.'

રાજાએ યુક્તિ કરી બૌદ્ધનગરથી બૌદ્ધાચાર્યને બોલાવ્યા. શાસ્ત્રાર્થનું નક્કી કર્યું અને આ. હરિભદ્રસૂરિ તથા બૌદ્ધાચાર્ય મુકરર દિવસે રાજસભામાં સામસામે આવી ઊભા. આ શાસ્ત્રાર્થમાં બૌદ્ધાચાર્ય તરફથી એવી શરત હતી કે - ''જે હારે તે તપેલી તેલની કઢાઇમાં પડી મરણ પામે.''

શાસ્ત્રાર્થ ચાલ્યો. તેમાં બૌદ્ધાચાર્ય હાર્યો એટલે તેલની કઢાઇમાં પડી મરણ પામ્યો. ત્યાર પછી બીજા પાંચ-છ બૌદ્ધો શાસ્ત્રાર્થ કરવા આવ્યા અને એ જ રીતે હારી મરણ પામ્યા. આ ઘટનાથી બૌદ્ધોમાં મોટો ખળભળાટ મચ્યો, અને હંસ પરમહંસ ઉપર કેર વર્તાવ્યો હતો તેનું આ કડવું ફળ છે એમ જાણ્યું, એટલે મૌન બની તેઓ ત્યાંથી ચાલ્યા ગયા.

અહીં કેટલાએક આચાર્યો એમ માને છે કે-આ. હરિભદ્રસૂરિએ મંત્રના બળે બૌદ્ધોને ખેંચી લાવી કઢાઈમાં હોમ્યા હતા.

આ તરફ આ. **જિનભટ્ટે** આ ઘટનાની જાણ થતાં આ. હરિભદ્રને શાંત કરવા માટે તેમની પાસે બે શિષ્યોને સમરાદિત્યના વૃત્તાંતની ૩ ગાથાઓ આપી મોકલ્યા. આ૦ હરિભદ્રસૂરિ પણ તેને વાંચી વિચારતાં પરમ શાંતભાવને પામ્યા. ગુરુએ મને જગાડયો છે એમ સમજી વિહાર કરી ચિત્તોડમાં ગુરુ પાસે આવી પહોંચ્યા, અને વિરતિપણામાં ભૂલ કરી છે તેનું પ્રાયશ્ચિત્ત લઇ શુદ્ધ થયા. પરંતુ તે શિષ્યવિરહને ભૂલી શકતા ન હતા.

એક વાર અંબિકાદેવીએ આવી આચાર્યશ્રીને મીઠાં વચનોથી વિનંતિ કરી કે, સૂરિવર ! તમે મહાન ત્યાગી છો. તમને વિરહ શાનો હોય ? તમે સમર્થ જ્ઞાની છો, કર્મસ્વરૂપના જાણનાર છો, તમને મારું-તારું શાને હોય ? હંસ પરમહંસ તો ગયા, પરંતુ અંતરાયના કારણે તમને બીજો શિષ્ય પરિવાર થવાનો નથી. તો કૃપા કરીને ગુરુની સેવા કરો અને શાસ્ત્રો બનાવો કે જે વડે જીવોનું કલ્યાણ થાય. આ. હરિભ-દ્રસૂરિએ અંબિકાદેવીની વિનંતિથી શોક મૂકીને ૧૪૦૦ ગ્રંથોની રચના કરી.

એવામાં **કાર્પાસિક** નામનો વ્યાપારી ત્યાં આવ્યો. તે **નિર્ધન** હતો. આચાર્ય-શ્રીએ તેને ધૂર્તાખ્યાન કહી સંભળાવ્યું અને શ્રદ્ધાળુ જૈન બનાવ્યો. તેણે એક વ્યાપાર ખેડયો, જેમાં તેને ગુરુની કૃપાથી પુષ્કળ ધન મળ્યું. એટલે તેણે આ. હરિભદ્રસૂરિના ગ્રંથોને લખાવ્યા અને સાધુઓને વહોરાવ્યા. આ. હરિભદ્રસૂરિએ ગ્રંથો બનાવ્યા, એકજ સ્થાને ૮૪ મોટાં દેરાસર કરાવ્યાં, તથા જીર્ણ થયેલ અને ખવાઇ ગયેલ **મહાનિશીથ** સૂત્રને બરાબર ગોઠવી પુસ્તકારૂઢ કર્યું.

**(પ્રભાવક ચરિત્ર-પ્રબંધ ૯મો)**

આ. ભદ્રેશ્વરસૂરિએ આ. હરિભદ્રસૂરિનું ચરિત્ર વર્ણવ્યું છે. તેમાં જે વિશેષતા છે તે ટૂંકમાં નીચે પ્રમાણે છે.-

આ૦ હરિભદ્રસૂરિ પિર્વગુઇ નામની બ્રહ્મપુરીના વતની હતા. તેમના પિતાનું નામ શંકર ભટ્ટ અને માતાનું નામ ગંગા હતું. હરિભદ્ર પુરોહિતે **યાકિની** સાધ્વી પાસે **ચક્કીદુગં**૦ ગાથા સાંભળી, તે જ સાધ્વીજીની સાથે આ૦ **જિનદત્તસૂરિ** પાસે જઇ તેમના મુખેથી અર્થ સાંભળ્યો, ધર્મ સાંભળ્યો. નિષ્કામવૃત્તિવાળાને ધર્મનું ફળ મોક્ષ છે એમ જાણ્યું અને ભવવિરહ માટે તેઓની પાસે દીક્ષા લીધી. ગુરુએ તેમને શાસ્ત્ર જણાવી સૂરિપદ આપ્યું અને પોતાની પાટે સ્થાપ્યા.

આ૦ હરિભદ્રને જિનભદ્ર અને વીરભદ્ર નામના બે શિષ્યો થયા, જે સર્વશાસ્ત્રોના જાણકાર હતા. ચિત્તોડના બૌદ્ધો જોરદાર હતા. તેઓ આચાર્યશ્રીના જ્ઞાન અને કળાની ઈર્ષા કરતા હતા. અને એ જ કારણે તેઓએ તે બન્ને શિષ્યોને ગુપ્ત રીતે મારી નંખાવ્યા. આ૦ હરિભદ્રસૂરિએ આ ઘટના સાંભળી શોકથી અનશન કરવાનું નક્કી કર્યું. પરંતુ બીજા મુનિવરોએ તેઓને તેમ કરતા રોકી રાખ્યા. છેવટે આ૦ હરિભદ્રે અનેક ગ્રંથો બનાવ્યા. તેઓએ પોતાના કેટલાએક ગ્રંથોમાં ''ભવવિરહ'' નો સંકેત આપ્યો છે. એક વાર તેમના શિષ્ય જિનભદ્ર અને વીરભદ્રનો કાકો લલ્લિગ ગરીબાઈથી કંટાળીને આચાર્યશ્રી પાસે દીક્ષા લેવા આવ્યો, પરંતુ આચાર્યશ્રીએ તેને દીક્ષા ન આપતાં અમુક વ્યાપાર કરવાનો સંકેત કર્યો, જેમાં લલ્લિગ ધનવાન બન્યો. આ લલ્લિગે આચાર્યશ્રીના ગ્રંથોની નકલો કરાવી ખૂબ ફેલાવો કર્યો. તેણે ઉપાશ્રયમાં એક એવું રત્ન મૂકયું કે જે દીવાની જેમ પ્રકાશ આપતું હતું અને આચાર્ય તે પ્રકાશમાં રાતે પણ ગ્રંથ લખી લેતા હતા. લલ્લિગ શેઠ આચાર્યશ્રીના ગોચરી સમયે શંખ વગાડી યાચકોને એકઠા કરતો હતો અને ભોજન કરાવતો હતો. યાચકો પણ આચાર્યશ્રીને નમસ્કાર કરી ''ભવવિરહ થાઓ'' નો આશીર્વાદ લઇ ''ભવવિરહસૂરિ ઘણું જીવો'' એમ બોલી ચાલ્યા જતાં.

એકવાર બનારસના **વાસુકિ** શ્રાવકે આચાર્યશ્રીને **બર્ગકેવલી** ગ્રંથ આપ્યો, આચાર્યશ્રીએ તેના ઉપર ટીકા બનાવી. પરન્તુ પછી સંઘના આગેવાનોના કહેવાથી તે ટીકા રદ કરી હતી.

ભવવિરહસૂરિ ભગવાન મહાવીરના શાસનમાં છેલ્લા શ્રુતધર છે. આજના પંડિતોમાં એ સામર્થ્ય નથી કે તેઓના દરેક પુસ્તકોને વાંચી શકે. વગેરે વગેરે. (કથાવલી)

મલધારી આ૦ રાજશેખરસૂરિએ ''પ્રભાવકચરિત્ર'' થી થોડા ફેરફારવાળું હરિભદ્રસૂરિનું ચરિત્ર વર્ણવ્યું છે. તેમાં ખાસ વિશેષતા નીચે પ્રમાણે છેઃ-

આ૦ હરિભદ્રસૂરિના શિષ્યો હંસ-પરમહંસ જિનપ્રતિમાના ચિત્રમાં ત્રણ રેખાઓ કરી બુદ્ધનું ચિત્ર બનાવી ભાગી આવ્યા ત્યારે બૌદ્ધ સુભટોએ એકને રસ્તામાં અને બીજાને ચિત્તોડના કિલ્લા બહાર જ્યાં તે સૂતો હતો ત્યાં મારી નાખ્યો. આથી આ૦ હરિભદ્રસૂરિને ગુસ્સો ચડયો. મંત્રના બળે ૧૪૪૦ બૌદ્ધોને એકઠા કરી દરેકને તપેલા તેલની કડાઇમાં તળી નાખવાનો પ્રબંધ ગોઠવ્યો. પરંતુ ગુરુમહારાજે બે સાધુઓ સાથે મોકલાવેલ ''સમરાદિત્ય'' ના વૃત્તાંતની ૪ ગાથાઓ વાંચી પરમ શાંતભાવને કેળવી બૌદ્ધ સાધુઓને છોડી દીધા અને તેના પ્રાયશ્ચિત્તમાં ૧૪૪૦ ગ્રન્થો બનાવ્યા. ચિત્તોડની

તળેટીના વ્યાપારીઓએ તેની નકલો કરી એ ગ્રંથોનો ખૂબ ફેલાવો કર્યો, વગેરે.

**(ચતુર્વિંશતિપ્રબંધ, પ્રબંધ ૮ મો)**

આચાર્ય શ્રી હરિભદ્રસૂરિએ ૧૪૪૦ ગ્રંથો બનાવ્યા છે. આ વિષે એવો પણ ઉલ્લેખ મળે છે કે તેમણે પોતાના જીવનની છેલ્લી ઘડીએ ''સંસાર દાવાનલ૦'' સ્તુતિના ૩ શ્લોક અને ચોથા શ્લોકનું એક ચરણ બનાવ્યાં છે, અને એ રીતે તેમણે ૧૪૪૪ ગ્રંથો બનાવ્યા છે. તેમનાં થોડાક જ ગ્રંથો આજે વિદ્યમાન છે.

## (૩) ટીકાકાર આચાર્યશ્રીમુનિચંદ્રસૂરિ મહારાજાનો પરિચય

ધર્મબિંદુ ગ્રંથના ટીકાકાર પૂ. આ. શ્રી મુનિચંદ્રસૂરિ મહારાજા છે. તેઓ વિક્રમની બારમી સદીમાં થઇ ગયા. એમનું જીવનચરિત્ર **''જૈન પરંપરાનો ઇતિહાસ''** પુસ્તકના બીજા ભાગના ચાલીશમાં પ્રકરણમાંથી અહીં આપવામાં આવે છે.

શ્રીમુનિચન્દ્રમુનીન્દ્રો દદાતુ ભદ્રાણિ સંઘાય ॥ (-ગુર્વાવલી, શ્લો. ૭૨)

આ. યશોભદ્રસૂરિ અને આ. નેમિચંદ્રસૂરિની પાટે સૈદ્ધાન્તિક આ. મુનિચંદ્રસૂરિ થયા. તેમનું બીજું નામ ચંદ્રસૂરિ હોવાનું પણ જાણવા મળે છે. તેઓ બાલબ્રહ્મચારી હતા. તેમનું નામ જ શાંતિક મંત્ર મનાતો હતો. (મુનિ માલની બૃહદ્‌ગચ્છ-પદ્ય-ગુર્વાવલી)

તેમનો જન્મ ડભોઇમાં થયો હતો. તેમના પિતાનું નામ ચિંતક અને માતાનું નામ મોંઘીબાઇ હતું. તેમનું ચિંતયકુળ હતું. તેમણે લઘુ વયમાં જ આ. **યશોભદ્રસૂરિ** પાસે દીક્ષા લીધી હતી. દીક્ષાના દિવસથી જિંદગીપર્યંત માત્ર ૧૨ વસ્તુઓ જ આહારમાં લીધી હતી. સૌવીરનું પાણી પીધું હતું. છ વિગઇ અને બીજાં ખાવાનાં દ્રવ્યોનો સર્વથા ત્યાગ કર્યો હતો અને આયંબિલનું તપ ચાલુ રાખ્યું હતું. તેઓ ઉપાધ્યાય વિનયચંદ્રના વિદ્યાશિષ્ય હતા.

સં. ૧૦૯૪ લગભગમાં તેઓ પોતાના ગુરુદેવની સાથે પાટણમાં ચૈત્યપરિપાટી માટે પધાર્યા. આ સમયે પાટણમાં ચૈત્યવાસીઓનો ભારે પ્રભાવ હતો. સંવેગી સાધુઓ માટે ઊતરવાને ત્યાં યોગ્ય સ્થાનો નહોતાં. પોષાળો બની ન હતી. મુનિશ્રી એક દિવસે થારાપદ્રગચ્છનાં ચૈત્યમાં ભ. ઋષભદેવનાં દર્શન કરી, પાસેના સ્થાનમાં બિરાજમાન આ. વાદિવેતાલ શાંત્યાચાર્ય પોતાના ૩૨ શિષ્યોને બૌદ્ધદર્શનના પ્રમેયવાદનો વિષય ભણાવતા હતા, ત્યાં જઇ તેમને નમસ્કાર કરીને બેસી ગયા. પછી તો એ વિષયનો રસ લાગતાં તેઓ નિરંતર દશ દિવસ સુધી ત્યાં ગયા. તેમણે તે પાઠ

એકાગ્રતાથી વિના પુસ્તકે અવધારણ કરી લીધો. પરંતુ આચાર્યશ્રીના શિષ્યોમાંથી કોઇ એ વિષયને ધારી શક્યા નહીં. આથી આચાર્યશ્રીને ભારે ખેદ ઊપજ્યો. આ જોઇ-જાણી પં. મુનિચંદ્રે આચાર્યશ્રીની આજ્ઞા મેળવી દશ દિવસ સુધીનો આપેલો પાઠ ક્રમબદ્ધ કહી સંભળાવ્યો. એ સાંભળી આચાર્યશ્રીએ હર્ષાવેશમાં ઊભા થઇને મુનિશ્રી મુનિચંદ્રને આલિંગન કર્યું અને કહ્યું: 'ખરેખર તું તો ધૂળમાં ઢંકાયેલું બહુમૂલું રત્ન છે. તું મારી પાસે રહીને ન્યાયશાસ્ત્રનો અભ્યાસ કરી લે.' આચાર્યશ્રી જાણતા હતા કે, પાટણમાં સંવેગી મુનિઓને ઊતરવા માટે યોગ્ય સ્થાન નથી. તેમણે ટંકશાળની પાછળ આવેલા શેઠ દોહડિના ઘરમાં ઊતરવાની વ્યવસ્થા કરાવી અને તેમણે છયે દર્શનોનો અભ્યાસ આ. શાંતિસૂરિ પાસે કર્યો. મુનિશ્રીએ પરિશ્રમ વિના છયે દર્શનોને અવધારણ કરી લીધાં. બસ, એ સમયથી સંવેગી સાધુઓને સુલભતાથી વસતિ મળવા લાગી. (જૂઓ પ્રકરણ ૩૭ પૃ. ૨૭૦)

તેમણે સાંભરમાં રાજા અર્ણોરાજની સભામાં શૈવ વાદીને હરાવ્યો હતો અને દિંગંબરવાદી ગુણચંદ્રની સાથે રાજગચ્છના આ. ધર્મઘોષસૂરિના થયેલા વાદમાં આ. ધર્મઘોષસૂરિને મદદ કરી હતી અને ગુણચંદ્રને હરાવ્યો હતો. આ. મુનિચંદ્ર શાંત, ત્યાગી, નવકલ્પવિહારી, નિર્દોષ વસતિ અને આહારના ગવેષક તેમજ શ્રીસંઘમાં સૌને માનનીય વિદ્વાન હતા.

આ. નેમિચંદ્ર અને આ. મુનિચંદ્ર એ બંનેની વય, દીક્ષાપર્યાય તથા પદસ્થ-પર્યાયમાં નજીવું આંતરું હોય એમ જણાય છે. ઉપા. આમ્રદેવ એકના દીક્ષાગુરુ તો બીજાના દીક્ષાદાયક હશે. બંનેમાં ગુણસામ્યતા અને ગાઢ પ્રેમ હોવો જોઇએ, તેથી જ આ. નેમિચંદ્રસૂરિ પોતાની પાટે સ્થાપન કરેલા આ. મુનિચંદ્રને પોતાના ગુરુભાઇ તરીકે ઉલ્લેખે છે. તેમના આ પ્રેમના કારણે જ આ. પ્રભાચંદ્રના દિલમાં ઈર્ષ્યાનું બીજ આરોપાયું હશે એમ લાગે છે.

આ. નેમિચંદ્રસૂરિ સં. ૧૧૨૯ થી સં. ૧૧૩૯ની વચ્ચે આ. સર્વદેવના હાથે આચાર્ય બન્યા અને તેમણે એ જ વર્ષમાં આ. મુનિચંદ્રને પોતાની પાટે આચાર્ય તરીકે સ્થાપન કર્યા. આ. મુનિચંદ્રે આ. નેમિચંદ્રની આજ્ઞામાં રહીને પોતાના ગુરુભાઇ આ. આનંદ, આ. દેવપ્રભ, આ. માનદેવ તથા શિષ્યો આ. અજિતપ્રભ, આ. દેવ, તેમજ આ. રત્નસિંહ વગેરેને દીક્ષા, શિક્ષા, તથા આચાર્યપદવીથી અલંકૃત કર્યા.

આ બંને આચાર્યોએ આચાર્યપદ પ્રાપ્ત કર્યા અગાઉ અને પછી અનેક ગ્રંથોની રચના કરેલી જાણવા મળે છે. આ બંને આચાર્યો સૈદ્ધાંતિક તરીકે પ્રસિદ્ધ હતા. મહાધ્યયની વીરગણિના સંતાનીય આ. યશોદેવની સં. ૧૧૭૬ માં રચેલી 'પિંડવિ-

સોહી' ની 'સુબોધા' નામક ટીકા (ગ્રં.૨૮૦૦) માં 'શ્રુતહેમનિકષ પૂજ્ય મુનિચંદ્રસૂરિ' એ પ્રકારના વિશેષણથી ઓળખાવે છે. એટલે તે યુગમાં આ. મુનિચંદ્રસૂરિ શ્રુતની બાબતે સંઘમાં આધારસ્તંભ હતા. તે સમયનો શ્રીસંઘ આ. મુનિચંદ્રસૂરિથી પ્રભાવિત હતો અને પ્રભાવનાનાં કાર્યો આ. મુનિચંદ્રસૂરિની અધ્યક્ષતામાં કરતો હતો.

એક શ્રાવકે સં. ૧૧૪૯ માં પ્રતિષ્ઠા કરાવી ત્યારે તેણે વાદિગજ આ. ચંદ્રપ્રભ વગેરે મોટા આચાર્ય વિદ્યમાન હોવા છતાં આ. મુનિચંદ્રસૂરિને પ્રતિષ્ઠા માટે લઇ જવાની માગણી કરી. આ. ચંદ્રપ્રભને આમાં પોતાનું અપમાન લાગ્યું. તેથી તેમણે સાધુઓ પ્રતિષ્ઠા ન કરાવે અને પૂનમે પાખી પાળે વગેરે નવી પ્રરૂપણાવાળો પૂનમિયા મત ચલાવ્યો. આ. મુનિચંદ્રસૂરિએ આવસ્સયસત્તરી બનાવી સંઘને સન્માર્ગની પ્રરૂપણા કરી. આચાર્ય શ્રીમુનિચંદ્રસૂરિએ ૩૦ જેટલા ગ્રંથોની રચના કરી છે. આ. શ્રી મુનિચંદ્રસૂરિ ખંભાતથી નાગોર સુધીના પ્રદેશમાં વિચર્યા હતા. તેમના પરિવારમાં ૫૦૦ સાધુઓ હતા. ઘણી સાધ્વીઓ હતી. તેઓ સં. ૧૧૭૮ ના કાર્તિક વદિ ૫ના રોજ પાટણમાં સમાધિપૂર્વક કાલધર્મ પામી સ્વર્ગે સંચર્યા. તેમના શિષ્ય આ. વાદિદેવ સૂરિ પોતાના પરિવાર સાથે અંબિકાદેવીની સૂચનાથી આ પ્રસંગે હાજર હતા. તેમણે તે સમયે 'ગુરુવિહરવિલાપ' અને 'મુણિચંદસૂરિથુઇ' રચ્યા હતા.

# પૂજ્ય-આચાર્ય શ્રી રાજશેખરસૂરિજી મ. ના
# સંપાદિત-અનુવાદિત-લેખિત ગ્રંથો

| ક્રમ | ગ્રંથ | સાઈઝ | વિષય |
|---|---|---|---|
| ૧. | યોગશાસ્ત્ર | પોકેટબુક | મૂળશ્લોકો |
| ૨. | જ્ઞાનસાર | પોકેટબુક | મૂળશ્લોકો |
| ૩. | તત્ત્વાર્થ | પોકેટબુક | ગુજરાતી સાથે સૂત્રો |
| ૪. | ધર્મબિંદુ | ક્રાઉન ૧૬ પેજી | ગુજરાતી સાથે સૂત્રો |
| ૫. | પંચસૂત્ર | ક્રાઉન ૧૬ પેજી | ગુજરાતી સાથે સૂત્રો |
| ૬. | વીતરાગ સ્તોત્ર | ક્રાઉન ૧૬ પેજી | ગુજરાતી સાથે સૂત્રો |
| ૭. | પંચાશક | ક્રાઉન ૧૬ પેજી | સંપૂર્ણ ટીકાનો ભાવાનુવાદ |
| ૮. | ભવભાવના | ક્રાઉન ૧૬ પેજી | મૂળશ્લોકોનો ભાવાનુવાદ |
| ૯. | હારિભદ્રીયઅષ્ટક | ફૂલસ્કેપ ૧૬ પેજી | મૂળશ્લોકોનો ભાવાનુવાદ |
| ૧૦. | જ્ઞાનસાર | ફૂલસ્કેપ ૧૬ પેજી | મૂળશ્લોકોનો ભાવાનુવાદ |
| ૧૧. | પ્રશમરતિ | ફૂલસ્કેપ ૧૬ પેજી | મૂળશ્લોકોનો ભાવાનુવાદ |
| ૧૨. | તત્ત્વાર્થ | ક્રાઉન ૧૬ પેજી | વિસ્તૃત વિવેચન |
| ૧૩. | નિત્ય ઉપયોગી સાધના સંગ્રહ | ક્રાઉન ૧૬ પેજી | શ્રાવકોને ઉપયોગી વિષયોનો સંગ્રહ |
| ૧૪. | માતા-પિતાની સેવા | ક્રાઉન ૧૬ પેજી | વિવેચન |
| ૧૫. | મૈત્રીની સાધના | ક્રાઉન ૧૬ પેજી | વિવેચન |
| ૧૬. | સત્સંગની સુવાસ | ક્રાઉન ૧૬ પેજી | વિવેચન |
| ૧૭. | પ્રમોદ પુષ્પ પરિમલ | ક્રાઉન ૬ પેજી | વિવેચન |
| ૧૮. | ગુરુતત્ત્વ વિનિશ્ચય | ક્રાઉન ૮ પેજી | સંપૂર્ણ ટીકાનો ભાવાનુવાદ |
| ૧૯. | પંચવસ્તુક | ક્રાઉન ૮ પેજી | સંપૂર્ણ ટીકાનો ભાવાનુવાદ |
| ૨૦. | શ્રાવકનાં બાર વ્રતો યાને નવપદ પ્રકરણ | ક્રાઉન ૮ પેજી | સંપૂર્ણ ટીકાનો ભાવાનુવાદ |
| ૨૧. | શીલોપદેશમાલા | ક્રાઉન ૮ પેજી | સંપૂર્ણ ટીકાનો ભાવાનુવાદ |
| ૨૨. | શીલોપદેશમાલા | ક્રાઉન ૮ પેજી | પ્રાકૃત-સંસ્કૃત |
| ૨૩. | સિદ્ધહેમ વ્યાકરણ (મધ્યમવૃત્તિ) | ક્રાઉન ૮ પેજી | સંસ્કૃત વ્યાકરણ |
| ૨૪. | પ્રદેશબંધ | ક્રાઉન ૮ પેજી | સંસ્કૃતટીકા |
| ૨૫. | સેનપ્રશ્ન | ડેમી સાઈઝ | ગુજરાતી અનુવાદ |
| ૨૬. | સાધુ સેવા આપે મુક્તિમેવા | ડેમી સાઈઝ | વિવેચન |
| ૨૭. | પરિશિષ્ટ પર્વ | ડેમી સાઈઝ | ગુજરાતી ભાષાંતર |
| ૨૮. | ભાવના ભવનાશિની | ડેમી સાઈઝ | ૧૨ ભાવનાનું વિવેચન |
| ૨૯. | શ્રાવકધર્મ વિધિપ્રકરણ | ડેમી સાઈઝ | ટીકાનો ભાવાનુવાદ |
| ૩૦. | ધર્મબિંદુ પ્રકરણ | ડેમી સાઈઝ | ટીકાનો ભાવાનુવાદ |

# વિષયાનુક્રમણિકા


## અધ્યાય પહેલો

| વિષય | સૂત્ર |
|---|---|
| મંગલાચરણ | (ગાથા) ૧ |
| ધર્મનું ફલ | (ગાથા) ૨ |
| ધર્મનું સ્વરૂપ | (ગાથા) ૩ |
| ધર્મના બે ભેદ | ૧ |
| ગૃહસ્થધર્મના બે ભેદ | ૨ |
| નીતિના પાલનથી થતા લાભો | ૩-૧૧ |
| વિવાહના પ્રકારો | ૧૨ |
| ઉપદ્રવોનો ભય રાખવો | ૧૩ |
| શિષ્ટાચાર પ્રશંસા | ૧૪ |
| છ શત્રુવર્ગત્યાગ-ઈંદ્રિય જય | ૧૫ |
| ઉપદ્રવવાળા સ્થાનનો ત્યાગ | ૧૬ |
| યોગ્ય પુરુષનો આશ્રય લેવો | ૧૭ |
| ઉત્તમ-શ્રેષ્ઠ પરિવારનો સ્વીકાર | ૧૮ |
| કેવા ઘરમાં વસવું ? | ૧૯-૨૩ |
| પહેરવેશ | ૨૪ |
| આવક પ્રમાણે ખર્ચ | ૨૫ |
| પ્રસિદ્ધ દેશાચારનું પાલન | ૨૬ |
| નિંદ્ય કાર્યોનો ત્યાગ | ૨૭ |
| નિંદાનો ત્યાગ | ૨૮ |
| કુસંગ ત્યાગ-સત્સંગ સેવન | ૨૯-૩૦ |
| માતા-પિતાની પૂજા-ભક્તિ | ૩૧-૩૨ |
| અન્યને ઉદ્વેગકારી પ્રવૃત્તિનો ત્યાગ | ૩૩ |
| પોષ્યનું પોષણ કરવું વગેરે | ૩૪-૩૮ |
| દેવાદિની સેવા, ઔચિત્યપાલન | ૩૯-૪૦ |
| ભોજન સંબંધી વર્ણન | ૪૧-૪૩ |
| શરીરબળ ઘટે તો ઉપાય કરવો | ૪૪ |
| દેશ-કાલવિરુદ્ધ ચર્યાનો ત્યાગ | ૪૫ |
| યથોચિત લોકવ્યવહાર પાળવો | ૪૬-૪૭ |
| અતિપરિચય ન કરવો | ૪૮ |
| સદાચારી જ્ઞાનીની સેવા કરવી | ૪૯ |
| પરસ્પર ઉપઘાત ન થાય તેમ ધર્મ-અર્થ-કામનું સેવન કરવું | ૫૦-૫૧ |
| બલાબલ જોઇને કામ કરવું | ૫૨ |
| અનુબંધમાં પ્રયત્ન કરવો | ૫૩ |
| જે કાળે જે ઉચિત હોય તે કરવું | ૫૪ |
| દરરોજ ધર્મ શ્રવણ કરવું | ૫૫ |
| અભિનિવેશનો ત્યાગ કરવો | ૫૬ |
| ગુણોમાં પક્ષપાત કરવો | ૫૭ |
| બુદ્ધિના આઠ ગુણો | ૪૮ |
| સામાન્ય ગૃહસ્થ ધર્મનું ફળ | (ગાથા) ૪ |
| ધર્મમાં જ યત્ન કરવો જોઇએ | ” ૫-૬ |

## બીજો અધ્યાય

| | |
|---|---|
| ધર્મનાં બીજો | (ગાથા) ૧ |
| અપાત્રમાં ધર્મબીજો નિષ્ફલ બને | ૨-૩ |
| દેશનાનો વિધિ | ૧-૭૫ |
| આક્ષેપણી વગેરે ચાર કથા | ૧૦ |
| પંચાચારનું વર્ણન | ૧૧ |
| શક્યનું પાલન-અશક્યમાં રાગ | ૧૨-૧૩ |
| આચારોને પાળવાના ઉપાયો | ૧૪ |
| આચારપાલનથી થતા લાભો | ૧૫-૧૮ |
| અસત્ આચારોની ગર્હા આદિ | ૧૯-૨૦ |
| ઉપદેશકે અસદાચારોને છોડવા | ૨૧ |
| ઉપદેશકે સરળ બનવું | ૨૨ |
| અસદાચારથી થતા અનર્થો | ૨૩-૨૬ |
| મોહની નિંદા કરવી | ૨૭ |
| જ્ઞાન-જ્ઞાનીની પ્રશંસા | ૨૮ |
| પુરુષાર્થનો મહિમા | ૨૯ |

શુદ્ધાચારથી મળતી ઋદ્ધિ 30
ધર્મપરીક્ષાના ત્રણ પ્રકાર ૩૪-૪૩
તત્ત્વને નહિ જાણનારાઓએ
રચેલાં શાસ્રો પ્રામાણિક ન હોય ૪૪
પ્રામાણિક શાસ્ત્રોને જાણવાનો
ઉપાય ૪૫
બંધ-મોક્ષનું વર્ણન ૪૬-૬૪
આત્માનું સ્વરૂપ ૫૩-૬૪
શ્રોતાના પરિણામની પરીક્ષા ૬૫
બંધના ભેદો કહેવા ૬૬
વરબોધિલાભની પ્રરૂપણા ૬૭
વરબોધિ લાભના હેતુઓ ૬૮
વરબોધિ લાભનું ફળ ૬૯-૭૩
ભાવનાથી રાગાદિનો નાશ થાય ૭૪
રાગાદિના નાશનું ફળ ૭૫
મોક્ષનું સ્વરૂપ ૭૬
ધર્મોપદેશ કોણે આપવો ? (ગાથા) ૪
ધર્મોપદેશકને લાભ જ થાય (ગાથા) ૫
ધર્મોપદેશ જેવો બીજો કોઇ
ઉપકાર નથી (ગાથા) ૬

## ત્રીજો અધ્યાય

સદ્ધર્મશ્રવણથી થતા લાભો (ગાથા) ૧-૩
વિધિથી ધર્મસ્વીકાર કરવો જોઇએ ૧-૪
સમ્યક્ત્વ વિના ધર્મગ્રહણ નિષ્ફલ ૫
સમ્યક્ત્વની ઉત્પત્તિનાં કારણો ૬
સમ્યક્ત્વનાં લક્ષણો ૭
બારવ્રતોનું પ્રદાન કરે એ વિષે
વિશેષ વર્ણન ૮-૧૩
બારવ્રતોને આપવાનો વિધિ ૧૪-૧૫
બારવ્રતોનું વર્ણન ૧૬-૧૮
એકાદિ વ્રત આપી શકાય ૧૯
વ્રતોનું નિરતિચાર પાલન કરવું ૨૦
સમ્યક્ત્વના અતિચારો ૨૧
ક્રમશઃ બારવ્રતોના અતિચારો ૨૨-૩૪
અતિચારો લાગવાનું કારણ ૩૬
અતિચારો ન લાગે તેનો
ઉપાય ૩૭-૩૮
વિશેષ ગૃહસ્થધર્મની ચર્યા ૩૯-૯૩
સાધર્મિકોની મધ્યમાં રહેવું ૪૦
સાધર્મિકોનું વાત્સલ્ય કરવું ૪૧
સૂતાં-ઊઠતાં શું કરવું ? ૪૨-૩
ગૃહમંદિરનો વિધિ ૪૪-૪૫
સંઘમંદિરનો વિધિ ૪૬-૫૦
સાધુસંબંધી વિધિ ૫૦-૫૧
વ્યાખ્યાન સંબંધી વિધિ ૫૨-૫૩
આગમની પ્રધાનતા રાખવી ૫૪
શક્યનું પાલન અશક્યમાં રાગ ૫૫-૬
અશક્ય કરનારાઓની
પ્રશંસા-ભક્તિ કરવી ૫૭
સૂક્ષ્મભાવોનું ચિંતન કરવું ૫૮
ગુરુને પ્રશ્નો પૂછવા અને
ઉત્તરોને યાદ રાખવા ૫૯-૬૦
ગ્લાનાદિકાર્યોમાં લક્ષ રાખવું ૬૧
વ્યવહારમાં ધર્મની પ્રધાનતા ૬૪
ધનાદિમાં સંતોષ રાખવો ૬૫
ધનમાં જ ધર્મ બુદ્ધિ રાખવી ૬૬
શાસન પ્રભાવના કરવી ૬૭
સુપાત્રદાન ૬૮-૭૦
દુઃખી ઉપર દયા કરવી ૭૧
લોકાપવાદનો ભય રાખવો ૭૨
ગુરુ-લાઘવની વિચારણા કરવી ૭૩
અધિકલાભવાળી પ્રવૃત્તિ કરવી ૭૪
મધ્યાહ્નનાં કર્તવ્યો ૭૫-૭૮
શુભભાવનાઓ ભાવવી ૭૯
શિષ્ટાચારોને સાંભળવા ૮૦
સંધ્યાનાં કર્તવ્યો ૮૧-૮૪
શ્રાવકધર્મ ચારિત્રનું સફલ
કારણ છે (ગાથા) ૪-૬

## ચોથો અધ્યાય

સામાન્ય અને વિશેષ ગૃહસ્થધર્મથી
યુક્ત જીવ ચારિત્ર મોહનીયથી
મુક્ત બને છે. (ગાથા) ૧-૨
થોડું પણ અનુષ્ઠાન વિશુદ્ધ હોય
તો તત્ત્વથી સદ્ અનુષ્ઠાન છે
(ગાથા) ૩
સાધુ કોને કહેવાય ? ૨
દીક્ષાને યોગ્ય જીવનું સ્વરૂપ ૩
દીક્ષાદાતા ગુરુનું સ્વરૂપ ૪
મધ્યમ-જઘન્ય યોગ્યતા ૫
યોગ્યતામાં મતાંતરો ૬-૨૧
દીક્ષા આપ્યા પહેલાં ગુરુએ
કરવાનો વિધિ ૨૨
દીક્ષા લીધા પહેલાં શિષ્યે
કરવાનો વિધિ ૨૩-૩૨
દીક્ષા આપતી વખતે ગુરુએ
કરવાનો વિધિ ૩૩-૪૩
શીલની વ્યાખ્યા ૪૧
વિધિથી શીલનું આરોપણ કરવાથી
શીલના પરિણામ પ્રગટે-સ્થિર બને ૪૨
સાધુની વ્યાખ્યા (ગાથા) ૪
વિધિથી જ દીક્ષા લેવાથી આવું
સાધુપણું આવે (ગાથા) ૫
શુદ્ધ સાધુવેષ હોવા છતાં
વિધિથી વિપરીત વર્તનાર
નથી ગૃહસ્થ અને નથી સાધુ (ગાથા) ૬

## પાંચમો અધ્યાય

દીક્ષા દુષ્કર છે (ગાથા) ૧
દીક્ષાની દુષ્કરતાનું કારણ ,, ૨
આવી દીક્ષાનું પાલન શાથી થાય ? ,, ૩
સાધુધર્મના બે પ્રકાર ૧
સાપેક્ષ યતિધર્મનું વર્ણન ૨-૮૭
ગુરુકુલવાસનો ત્યાગ ન કરવો ૩
ગુરુ પ્રત્યે ભક્તિ-બહુમાન રાખવા ૪
સદા ગુર્વાજ્ઞાનું પાલન કરવું ૫
સર્વ ક્રિયામાં વિધિથી પ્રવૃત્તિ કરવી ૬
ગુર્વાજ્ઞા થતાં ગુરુનો ઉપકાર માનવો ૭
કષ્ટમાં વ્રતપરિણામને ટકાવવા ૮
આરંભનો ત્યાગ કરવો ૯
આરંભત્યાગનો ઉપાય ૧૦
ઈર્યાસમિતિ પાળવી ૧૧
ભિક્ષાથી ભોજન કરવું ૧૨
કતલખાના વગેરે તરફ
દૃષ્ટિ ન કરવી અને તેની વાત
પણ ન સાંભળવી ૧૩-૧૪
રાગ-દ્વેષનો ત્યાગ કરવો ૧૫
ગ્લાનાદિની સેવા કરવી ૧૬
બીજાઓની અપ્રીતિનું કારણ
ન બનવું ૧૭-૧૮
અશક્ય અનુષ્ઠાન ન કરવું ૧૯
અવસર વિના ન બોલવું ૨૦
અપરાધનો સ્વીકાર કરવો ૨૧
કઠોરતા-પૈશૂન્ય-વિકથાનો
ત્યાગ કરવો ૨૨-૨૪
સર્વ કાર્યો ઉપયોગપૂર્વક કરવા ૨૫
નિશ્ચિત-હિતકર વચન કહેવું ૨૬
સ્વીકારેલા આચારોની ઉપેક્ષા
ન કરવી ૨૭
અસત્ પ્રલાપો ઉપર લક્ષ
ન આપવું ૨૮
કદાગ્રહનો ત્યાગ કરવો ૨૯
અશુદ્ધ આહારાદિ ન લેવું ૩૦
દીક્ષાને અયોગ્ય પુરુષ-સ્ત્રી-
નપુંસકનું વર્ણન ૩૦

આહારાદિ લાવવામાં વિધિ ૩૧-૩૪
લાવેલું ગુરુને સમર્પિત કરવું ૩૫
લાવેલું જાતે બીજાને ન આપવું ૩૬
ગુર્વાજ્ઞાથી બીજાને આપવું ૩૭
યોગ્યને છંદના કરવી ૩૮
આહાર વાપરવાનાં કારણો ૩૯
બ્રહ્મચર્યની નવગુપ્તિનું વર્ણન ૪૦-૪૮
શક્યનું પાલન-અશક્યમાં રાગ ૪૯
ઉપધિ કેવી વાપરવી ? ૫૦
મૂર્છાનો ત્યાગ કરવો ૫૧
મૂર્છા રાખ્યા વિના વિહાર કરવો ૫૨
સાધુએ નિર્દોષ વસતિમાં રહેવું ૫૩
પાંચ અવગ્રહો પાળવા ૫૪
માસકલ્પાદિનું પાલન કરવું ૫૫-૫૭
નિદાનનો ત્યાગ કરવો ૫૮
ભગવાને કહ્યું છે એમ માનીને ધર્મ કરવો ૫૯
વિધિથી સ્વાધ્યાય કરવો ૬૦
આવશ્યક ક્રિયાઓમાં હાનિ ન થવા દેવી ૬૧
યથાશક્તિ તપ કરવો ૬૨
બીજાઓ ઉપર ઉપકાર કરવો ૬૩
ગુણ-દોષનું નિરીક્ષણ કરવું ૬૪
બહુગુણવાળું કાર્ય કરવું ૬૫
ક્ષમા આદિના પાલન માટે વિવિધ ઉપદેશ ૬૬-૬૯
પાપપ્રવૃત્તિ ન કરવી ૭૦
ધર્મજાગરિકા કરવી વગેરે ૭૧-૭૩
જિનાજ્ઞાનું સ્મરણ કરવું ૭૪
શત્રુ-મિત્રમાં સમભાવ રાખવો ૭૫
પરીષહ-ઉપસર્ગો સહવા ૭૬-૭૭
નિર્ભય બનવું ૭૮
સર્વત્ર સમભાવ રાખવો ૭૯
અભિગ્રહો લેવા અને પાળવા ૮૦-૮૧
યથાયોગ્ય ધ્યાન કરવું ૮૨
સંલેખનાનું વર્ણન ૮૩-૮૭
નિરપેક્ષ સાધુધર્મનું વર્ણન ૮૮-૯૮
સાધુધર્મનું ફળ (ગાથા) ૪-૬

## છટ્ઠો અધ્યાય

સાધ્ય એક છતાં ધર્મભેદ કેમ ? (ગાથા) ૧-૩
સાપેક્ષ સાધુધર્મને યોગ્ય જીવનું વર્ણન ૨-૧૦
નિરપેક્ષ સાધુધર્મને યોગ્ય જીવનું વર્ણન ૧૧-૧૨
સાધુધર્મના બે ભેદનું કારણ ૧૩-૨૬
યોગ્ય અનુષ્ઠાન જ શ્રેષ્ઠ શાથી ? ૨૭
ભાવનાનું મહત્ત્વ ૨૮-૨૯
ભાવના જ્ઞાનનું મહત્ત્વ ૩૦-૩૮
ભાવના જ્ઞાનની ઉત્પત્તિનું કારણ ૩૯
વચનોપયોગનું મહત્ત્વ ૪૦-૪૩
ઉપદેશપાલન જ પ્રભુભક્તિ છે ૪૪-૪૫
દ્રવ્યસ્તવ ઉપદેશપાલનરૂપ છે ૪૬-૪૮
પ્રભુને હૃદયમાં રાખવાથી ક્લિષ્ટ કર્મોનો નાશ થાય ૪૮-૪૯
યોગ્ય અનુષ્ઠાન જ શ્રેષ્ઠ શાથી ? ૫૧-૫૫
અકાલે ઉત્સુક બન્યા વિના યોગ્ય અનુષ્ઠાન કરવું ૫૬-૫૮
ધર્મ કરવાનાં અનેક કારણો ૫૯-૬૦
દ્રવ્યક્રિયા ભાવક્રિયાનું કારણ છે ૬૧
ચારિત્રના પરિણામ હોય ત્યારે અકાલે ઉત્સુકતા ન હોય ૬૩-૬૫
ચારિત્રના પરિણામવાળાને

'ગુરુકુલવાસ' વગેરે ઉપદેશ
શા માટે અપાય છે ? ૬૬-૬૭
ચારિત્રના પરિણામ તીવ્ર હોય
ત્યારે ઉપદેશની જરૂર નહિ ૬૮-૭૦
કુસાધુના દૃષ્ટાંતમાં બધી રીતે
સમાનતા નથી ૭૧-૭૫
ભાવસાધુ અયોગ્ય પ્રવૃત્તિ
કેમ ન કરે ? ૭૬
ભાવસાધુને સંસાર પણ
મોક્ષતુલ્ય છે. (ગાથા) ૪-૫
ભાવસાધુને માસાદિ સંયમ-
પર્યાયની વૃદ્ધિથી સુખની વૃદ્ધિ (ગાથા) ૬

## સાતમો અધ્યાય

ધર્મફળનું વર્ણન (ગાથા) ૧-૩
ધર્મફલના બે પ્રકાર ૨
ધર્મનાં અનંતર-ફળો ૩-૫
ધર્મનાં પરંપર ફળો ૬-૨૮
શુદ્ધધર્મથી ભોગસાધનો ઘણાં
અને ઊંચાં મળે ૨૯
એ ભોગસાધનો કર્મબંધના હેતુ
ન બને તેનાં કારણો ૨૯
બંધનું મુખ્ય કારણ અશુભ પરિણામ
જ છે, માછલાનું દૃષ્ટાંત ૩૦-૩૩
મોક્ષનું મુખ્ય કારણ શુભ
પરિણામ જ છે ૩૪-૩૮
ધર્મના મહિમાનું વર્ણન (ગાથા) ૪-૬

## આઠમો અધ્યાય

ધર્મથી તીર્થંકરપદની પ્રાપ્તિ (ગાથા) ૧
તીર્થંકરના પરાર્થવ્યશનાદિ ગુણો '' ૧
તીર્થંકરપદ જ ઉત્કૃષ્ટપદ કેમ ?
(ગાથા) ૨-૩
ધર્મફળના બે ભેદ ૨
સામાન્યથી ઉત્કૃષ્ટ ધર્મફલ ૩-૧૪
રાગ-દ્વેષ-મોહનું સ્વરૂપ ૯-૧૨
રાગાદિ હોય ત્યારે સાચું સુખ
ન હોય ૧૩
રાગાદિના નાશથી દુઃખનો નાશ ૧૪
વિશેષથી ઉત્કૃષ્ટ ધર્મફલ ૧૫-૨૫
તીર્થંકરનો ઉપકાર ઉત્કૃષ્ટ
શાથી ? ૧૯-૨૫
ફરી સામાન્ય ધર્મફળનું વર્ણન ૨૬-૨૭
મોક્ષમાં પુનર્જન્માદિ ન હોય ૨૮-૩૨
કર્મની આદિ હોવા છતાં
મુક્તને પુનર્જન્મ વગેરે ન હોય ૩૩
મુક્ત જીવ તીર્થોદ્ધાર માટે
સંસારમાં ન આવે ૩૪
મુક્તને શું શું ન હોય ? ૩૫-૩૭
મુક્તને શું શું હોય ? ૩૮-૪૦
મુક્તને દુઃખાભાવ શાથી ? ૪૧-૪૨
મુક્તને ઉત્સુકતા ન હોય ૪૨
ઉત્સુકતા દુઃખરૂપ છે ૪૩-૪૬
સ્વાસ્થ્યનું વર્ણન ૪૭-૪૮
કેવલીની પ્રવૃત્તિ-નિવૃત્તિ
દ્રવ્યથી હોય ૪૯-૫૦
સુસ્વાસ્થ્ય પરમ આનંદરૂપ છે ૫૧-૫૨
અપેક્ષા દુઃખરૂપ છે ૫૩-૫૪
સિદ્ધને બીજા પદાર્થો સાથે
સંબંધ ન હોય ૫૫-૬૦
કર્મમુક્ત જીવ મોક્ષને પામે છે (ગાથા) ૪
કર્મમુક્ત જીવની ગતિનાં કારણો '' ૫
કર્મમુક્ત જીવનું સ્વરૂપ (ગાથા) ૬
**કથાઓ** (પૃષ્ઠ ૩૯૧ થી ૪૯૬)

આ ગ્રંથમાં માત્ર નામ નિર્દેશથી
જણાવેલાં દૃષ્ટાંતો પરિશિષ્ટમાં
વિસ્તારથી આપ્યા છે.

॥ श्री धरणेन्द्रपद्मावतीसंपूजिताय श्रीशङ्खेश्वरपार्श्वनाथाय नमः ॥

॥ श्री दान - प्रेम - रामचन्द्र - हीरसूरिसद्गुरुभ्यो नमः ॥

॥ ऐं नमः ॥

आचार्यप्रवर - याकिनीमहत्तराधर्मसूनु - श्रीहरिभद्रसूरिविरचितं

श्रीमुनिचन्द्रसूरिविरचितवृत्तिसमलङ्कृतं

# धर्मबिन्दुप्रकरणम्

## प्रथमोऽध्यायः ।

शुद्धन्यायवशायत्तीभूतसद्भूतसम्पदे। पदे परे स्थितायाऽस्तु श्रीजिनप्रभवे नमः ॥१॥

जयन्तु ते पूर्वमुनीशमेघा यैर्विश्वमाश्वेव हतोपतापम् ।
चक्रे बृहद्वाङ्मयसिन्धुपानप्रपन्नतुङ्गातिगभीररूपैः। ॥२॥

यन्नामानुस्मृतिमयमयं सज्जनश्चित्तचक्षुःक्षेपाद्दिव्याञ्जनमनुसरल्लँब्धशुद्धावलोकः ।
सद्यः पश्यत्यमलमतिहृन्मेदिनीमध्यमग्नं गम्भीरार्थं प्रवचननिधिं भारतीं तां स्तवीमि ॥३॥

विदधामि धर्मबिन्दोरतिविरलीभूतगर्भपदबिन्दोः ।
भव्यजनोपकृतिकृते यथावबोधं विवृतिमेताम् ॥४॥

### ટીકાકારનું મંગલાચરણ

જેમને શુદ્ધ આચરણથી (= ચારિત્રથી) સાચી સંપત્તિ (કેવલજ્ઞાન વગેરે) સ્વાધીન થઈ છે અને જેઓ મોક્ષમાં રહેલા છે એવા શ્રી વીતરાગ ભગવાનને નમસ્કાર થાઓ. (૧) જેમણે મહાનશાસ્ત્રરૂપ સમુદ્રના જલનું પાન કરીને પોતાના સ્વરૂપને અતિપુષ્ટ અને ગંભીર કરેલું છે એવા જે પ્રાચીન આચાર્ય રૂપી મેઘોએ આ જગતને જલદી તાપ રહિત કરેલું છે તે આચાર્યરૂપ મેઘો હંમેશાં જય પામો. (૨) સજ્જન પુરુષ જેના નામનું સ્મરણરૂપ દિવ્ય અંજન પોતાના ચિત્તરૂપ ચક્ષુમાં આંજવાથી શુદ્ધ પ્રકાશને પ્રાપ્ત કરીને નિર્મલબુદ્ધિવાળા હૃદયરૂપી ભૂમિના મધ્યભાગમાં છૂપાયેલા અને ગંભીર અર્થવાળા એવા પ્રવચનરૂપ રત્નના ભંડારને તત્કાલ જોઈ શકે છે, તે સરસ્વતી દેવીની હું સ્તુતિ કરું છું. (૩) હું મારા બોધ પ્રમાણે, ભવ્ય લોકના ઉપકાર માટે, જેમાં અત્યંત નાનાં અને સારવાળાં પદો (=

સૂત્રો) રૂપી બિંદુઓ રહેલાં છે એવા ધર્મબિંદુ નામના ગ્રંથની ઉપર આ ટીકા (= વિવરણ) રચું છું. (૪)

**प्रणम्य परमात्मानं समुद्धृत्य श्रुतार्णवात् ।**
**धर्मबिन्दुं प्रवक्ष्यामि तोयबिन्दुमिवोदधेः ॥१॥ इति।**

**प्रणम्य** प्रकर्षेण नत्वा, वन्दन-स्तवना-ऽनुचिन्तनादिप्रशस्तकाय-वाङ्-मनोव्यापारगोचरभावमुपनीय। कमित्याह- **परमात्मानम्,** अतति सततमेव अपरापरपर्यायान् गच्छतीति आत्मा जीवः, स च द्विधा परमोऽपरमश्च, तत्र परमो यः खलु निखिलमलविलयवशोपलब्धविशुद्धज्ञानबलविलोकितलोकालोकः जगज्जन्तुचित्त-संतोषकारणपुरन्दरादिसुन्दरसुरसमूहाह्रियमाणप्रातिहार्यपूजोपचारः तदनु सर्वसत्त्वस्वभाषापरिणामिवाणीविशेषापादितैककालानेकसत्त्वसंशयसन्दोहापोहः स्वविहारपवनप्रसरसमुत्सारितसमस्तमहीमण्डलातिविततदुरितरजोराशिः सदाशिवा-दिशब्दाभिधेयो भगवानर्हन्निति स परमः, तदन्यस्तु अपरमः, ततोऽपरमात्मव्यवच्छेदेन **परमात्मानं प्रणम्य**, किमित्याह– **समुद्धृत्य**, सम्यगुद्धारस्थानाविसंवादिरूपतया **उद्धृत्य** पृथक्कृत्य **श्रुतार्णवात्** अनेकभङ्गभङ्गुरावर्त्तगर्त्तगहनादतिविपुलनयजालमणिमालाकुलात् मन्दमतिपोतजन्तुजातात्यन्तदुस्तरादागमसमुद्रात् **धर्मबिन्दुं** वक्ष्यमाणलक्षण-धर्मावयवप्रतिपादनपरतया लब्धयथार्थाभिधानं **धर्मबिन्दु**नामकं प्रकरणं **प्रवक्ष्यामि** भणिष्यामि, कमिव कस्मात् समुद्धृत्येत्याह– **तोयबिन्दुमिव** जलावयववत् **उदधेः** दुग्धोदधि-प्रभृतेर्जलराशेरिति, अत्र च **तोयबिन्दुमिवोदधे**रिति बिन्दूपमेयतास्य प्रकरणस्य सूत्रसंक्षेपापेक्षया भणिता, अन्यथाऽर्थापेक्षया कर्पूरजलबिन्दोरिव कुम्भादिजलव्यापन्यायेन समस्तधर्मशास्त्रव्यापकताऽस्येति। इह **प्रणम्य परमात्मानमि**त्यनेन विघ्नापोहहेतुः शास्त्रमूलमङ्गलमुक्तम्, परमात्मप्रणामस्य सकलाकुशलकलापसमूलोन्मूलकत्वेन भावमङ्गलत्वात्। **धर्मबिन्दुं प्रवक्ष्यामी**त्यनेन तु अभिधेयम्, धर्मलेशस्यात्राभिधास्यमानत्वात्, अभिधानाभिधेयलक्षणश्च सामर्थ्यात् संबन्धः, यतो धर्मबिन्दुरिहाभिधेयः, इदं च प्रकरणं वचनरूपापन्नमभिधानमिति। प्रयोजनं च प्रकरणकर्तुरनन्तरं सत्त्वानुग्रहः, श्रोतुश्च प्रकरणार्थाधिगमः, परम्परं तु द्वयोरपि मुक्तिः, कुशलानुष्ठानस्य निर्वाणैकफलत्वादिति

**ગ્રંથકારનું મંગલાચરણ**

પરમાત્માને પ્રણામ કરીને જેમ સમુદ્રમાંથી જલબિંદુનો ઉદ્ધાર કરે તેમ ધર્મના બિંદુનો (= લેશનો) સમ્યક્ ઉદ્ધાર કરીને આ ધર્મબિંદુ નામના ગ્રંથને કહીશ.

**પરમાત્માને પ્રણામ કરીને,** અહીં પ્રણામ કરીને એટલે પ્રકર્ષથી નમસ્કાર કરીને, અર્થાત્ કાયાથી વંદન, વચનથી સ્તુતિ અને મનથી સ્મરણ કરવા દ્વારા શ્રેષ્ઠ કાયા, વચન અને મનની પ્રવૃત્તિનો વિષય પરમાત્માને બનાવીને.

**પરમાત્માને :** જે નિરંતર જ અન્ય અન્ય પર્યાયને પામે તે **આત્મા** એટલે કે જીવ કહેવાય છે. તે આત્મા **પરમ** અને **અપરમ** એમ બે પ્રકારે છે. તેમાં જે પરમાત્મા (= પરમ + આત્મા) તે અરિહંત, અને અપરમાત્મા (= અપરમ + આત્મા) તે સંસારી જીવ. જે સમગ્ર કર્મ રૂપ મલનો નાશ કરવાથી પ્રાપ્ત થયેલા શુદ્ધજ્ઞાનના = કેવલજ્ઞાનના બલથી લોકાલોકને જોનારા છે, જે આ જગતના પ્રાણીઓના ચિત્તના સંતોષનું કારણ છે, ઈંદ્રાદિક ઉત્તમ દેવતાઓના સમૂહ જેમની અષ્ટ પ્રાતિહાર્યરૂપ પૂજાથી સેવા કરે છે, ત્યારબાદ સર્વ ભવ્ય પ્રાણીઓની પોત પોતાની ભાષામાં પરિણામ પામતી વાણીથી સમકાલે તેઓના (= પ્રાણીઓના) અનેક સંશયોને જેઓ છેદી નાખે છે, પોતાના વિહારરૂપ પવનના પ્રસારથી સર્વ પૃથ્વીપર પથરાયેલા પાપરૂપ રજોરાશિને જે દૂર કરે છે, અને જે **સદાશિવ** વગેરે શબ્દોથી બોલાવાય છે એવા ભગવંત શ્રીઅરિહંત તે જ પરમાત્મા છે, અને તેનાથી અન્ય = જાુદો તે અપરમાત્મા સંસારી જીવ છે. એથી અહીં પરમાત્માને એમ કહીને પરમાત્માને અપરમાત્માથી જુદો પાડ્યો.

પ્રણામ કરીને શું કરવાનું? તે કહે છે -**"સમ્યક્ ઉદ્ધાર કરીને"**. આ વાક્યમાં સમ્યક્ એટલે ઉદ્ધાર કરવાનું સ્થાન જે શાસ્ત્રો છે તે શાસ્ત્રોની સાથે વિરોધ ન આવે તે રીતે. ઉદ્ધાર કરીને એટલે જુદું કરીને. ક્યાંથી ઉદ્ધાર કરીને? તે કહે છે -**"શાસ્ત્રરૂપ સમુદ્રમાંથી"**. એ શાસ્ત્ર રૂપ સમુદ્ર અનેક પ્રકારની ભંગી = રચના રૂપ વક્ર ઘુમરીઓથી ગહન છે, અતિ ઘણા નયોના સમુદાય રૂપ મણિમાલાથી ભરપૂર છે અને મંદબુદ્ધિરૂપ વહાણવાલા જીવોના સમૂહને અતિ દુસ્તર છે, એવા આગમરૂપ સમુદ્રમાંથી ઉદ્ધાર કરીને આ ધર્મબિંદુ નામનું પ્રકરણ કહીશ. આ ધર્મબિંદુ ગ્રંથ હવે કહેવાશે તેવા સ્વરૂપવાળું છે. અર્થાત્ હવે ક્રમશઃ આઠ અધ્યાય સુધી જે સૂત્રો કહેવાશે તેવા સ્વરૂપવાળું છે. આ ધર્મબિંદુ ગ્રંથ ધર્મના અંશને (= બિંદુને) પ્રતિપાદન કરવામાં તત્પર હોવાના કારણે પોતાના **ધર્મબિંદુ** એવા નામને યથાર્થ કરનારો છે. કોની જેમ ઉદ્ધાર કરીને? તે કહે છે - **ક્ષીરસમુદ્ર વગેરે સમુદ્રમાંથી જલના બિંદુનો ઉદ્ધાર કરે તેમ.** આ ધર્મબિંદુ પ્રકરણને જલબિંદુની જે ઉપમા કહી છે તે સૂત્રના સંક્ષેપની અપેક્ષાએ છે. અન્યથા જો તેના અર્થની અપેક્ષાએ વિચારીએ

તો જેમ ઘડા વગેરેના જલમાં કપૂરના જલનું બિંદુ નાખવાથી તે બધા જલમાં વ્યાપી જાય છે, તે ન્યાયે આ ધર્મબિંદુ પ્રકરણ સર્વ ધર્મ શાસ્ત્રમાં વ્યાપીને રહેલ છે. માટે તે સૂત્રરૂપે સંક્ષિપ્ત છે અને અર્થરૂપે વિસ્તૃત છે.

અહીં ''પરમાત્માને પ્રણામ કરીને'' એ વાક્યથી વિઘ્નોનો નાશ કરવામાં હેતુ રૂપ શાસ્ત્રમૂલક મંગલ કહેલું છે. કારણ કે પરમાત્માને કરેલો નમસ્કાર સર્વ જાતના વિઘ્નસમૂહને મૂલમાંથી ઉખેડી નાખે છે, તેથી ભાવમંગલ રૂપ છે. ''હું ધર્મબિંદુ કહીશ'' એ વાક્યથી અભિધેય કહેલ છે, કારણ કે આ ગ્રંથમાં ધર્મનો લેશ માત્ર કહેવામાં આવશે. તેના સામર્થ્યથી અભિધાન અને અભિધેય લક્ષણ સંબંધ થાય છે, એટલે અહીં ધર્મબિંદુ અભિધેય છે, અને વચનરૂપને પ્રાપ્ત થયેલું આ પ્રકરણ અભિધાન છે. જે કહેવા યોગ્ય હોય તે અભિધેય છે, અને જેના દ્વારા કહેવામાં આવે તે અભિધાન. ધર્મબિંદુ કહેવા યોગ્ય છે માટે ધર્મબિંદુ અભિધેય છે. અને ધર્મબિંદુ નામના ગ્રંથદ્વારા ધર્મબિંદુ કહેવામાં આવે છે, માટે ધર્મબિંદુ ગ્રંથ અભિધાન છે. પ્રાણીઓ ઉપર અનુગ્રહ થાય તે ગ્રંથકારનું અનંતર પ્રયોજન છે, અને આ પ્રકરણના અર્થનું જ્ઞાન થાય તે શ્રોતાનું અનંતર પ્રયોજન છે. પરંપર પ્રયોજન તો બંનેનું મોક્ષ છે = મોક્ષની પ્રાપ્તિ છે. કારણ કે શુભ આચરણનું મુખ્ય ફલ નિર્વાણ જ છે.(૧)

धर्मबिन्दुं प्रवक्ष्यामीत्युक्तम्, अथ धर्मस्यैव हेतुं स्वरूपं फलं च बिभणिषुः 'फलप्रधानाः प्रारम्भा मतिमतां भवन्ति' इति फलमेवादौ, तदनु हेतुशुद्धिभणनद्वारेण धर्मस्वरूपं चोपदर्शयन्निदं श्लोकद्वयमाह–

**धनदो धनार्थिनां प्रोक्तः, कामिनां सर्वकामदः ।**
**धर्म एवापवर्गस्य, पारम्पर्येण साधकः ॥२॥**

**धनं** धान्य-क्षेत्र-वास्तु-द्विपद-चतुष्पदभेदभिन्नं हिरण्य-सुवर्ण-मणि-मौक्तिक-शङ्ख-शिला-प्रवालादिभेदं च धनपतिधनर्द्धिप्रतिस्पर्धि तीर्थोपयोगफलं ददाति = प्रयच्छति यः स तथा, **धनार्थिनां** धनमन्तरेण गृहिणो न किञ्चिदिति बुद्ध्या धनविषयातिरेकस्पृहावतां **प्रोक्तः** शास्त्रेषु निरूपितः, धर्म एवेत्युत्तरेण योगः, तथा **कामिनां** कामाभिलाषवतां प्राणिनाम्, काम्यन्ते इति कामाः मनोहरा अक्लिष्टप्रकृतयः परमाह्लाददायिनः परिणामसुन्दराः शब्द-रूप-रस-गन्ध-स्पर्शलक्षणा इन्द्रियार्थाः, ततः सर्वे च ते कामाश्च सर्वकामाः, तान्

ददातीति सर्वकामदः। इत्थमभ्युदयफलतया धर्ममभिधाय निःश्रेयसफलत्वेनाह - **धर्म एव** नापरं किञ्चित्, अपवृज्यन्ते उच्छिद्यन्ते जाति-जरा-मरणादयो दोषा अस्मिन्नित्यपवर्गः मोक्षः, तस्य, पारम्पर्येण अविरतसम्यग्दृष्टिगुणस्थानाद्यारोहणलक्षणेन सुदेवत्व-मनुष्यत्वादिस्वरूपेण वा **साधकः** सूत्रपिण्ड इव पटस्य स्वयं परिणामिकारणभावमुपगम्य निर्वर्त्तक इति ॥२॥

**ગ્રંથકારે ધર્મબિંદુને કહીશ એમ કહ્યું છે. આથી હવે ગ્રંથકાર ધર્મના જ હેતુ સ્વરૂપ અને ફલને કહેવા ઈચ્છે છે. તેમાં ''બુદ્ધિમાન પુરુષો જે કાર્યમાં ફલ મુખ્ય હોય તેવા કાર્યનો પ્રારંભ કરે છે'' એ નિયમ પ્રમાણે પહેલાં (એક શ્લોકથી) ધર્મના ફલને કહીને પછી (એક શ્લોકથી) હેતુશુદ્ધિ કહેવા દ્વારા ધર્મસ્વરૂપને બતાવતા ગ્રંથકાર બે શ્લોકને કહે છેઃ-**

ધર્મ જ ધનાર્થીને ધન આપનારો છે, કામીને સર્વ પ્રકારના કામ (= ઈંદ્રિયોના વિષયો) આપનારો છે, અને ધર્મ જ પરંપરાએ અપવર્ગનો સાધક છે એમ શાસ્ત્રોમાં કહ્યું છે.

ધર્મ જ ધનને આપનારો છે. ધન એટલે ધાન્ય, ક્ષેત્ર, વાસ્તુ, સેવક, પશુ, ચાંદી, સુવર્ણ, મણિ, શંખ, શિલા (છીપ), પ્રવાલ વગેરે. ધર્મ કુબેરની સમૃદ્ધિની સાથે સ્પર્ધા કરે તેટલું અને તીર્થના ઉપયોગમાં આવે તેવું ધન ધનાર્થીઓને આપે છે. ધનના અર્થી એટલે ''ધન સિવાય ગૃહસ્થને કાંઈ નથી'' એવી બુદ્ધિથી ધનના વિષયમાં અધિક સ્પૃહાવાલા, એવા પુરુષોને તે ધર્મ ધન આપનારો છે. વલી તે ધર્મ કામીઓને, એટલે કે કામની સ્પૃહાવાલા પ્રાણીઓને, કામ આપનારો છે. ઈચ્છા કરાય તે કામ કહેવાય, અર્થાત્ મનોહર, અક્લિષ્ટ પ્રકૃતિવાલા, પરમ વિનોદ આપનારા અને પરિણામે સુંદર એવા શબ્દ, રૂપ, રસ, ગંધ તથા સ્પર્શ રૂપ ઈંદ્રિયોના વિષયો કામ છે. આ પ્રમાણે ધર્મનું ઈહલોક સંબંધી અભ્યુદય ફલ કહીને હવે ધર્મનું મોક્ષફલ કહે છેઃ- તે ધર્મ જ પરંપરાએ અપવર્ગનો સાધક છે. જેમાં જન્મ-જરા-મરણ વગેરે દોષોનો ઉચ્છેદ થાય તે અપવર્ગ = મોક્ષ છે. અહીં સાધક છે એટલે જેમ સૂત્રનો પિંડ પોતે જ પરિણામિકારણ ભાવને પામીને એટલે કે પોતે જ વસ્ત્ર રૂપે બનીને વસ્ત્રને ઉત્પન્ન કરે છે, તેમ ધર્મ પોતે જ પરિણામિકારણ ભાવને પામીને એટલે કે પોંતે જ મોક્ષ રૂપે બનીને મોક્ષને ઉત્પન્ન કરે છે. (૨)

**वचनाद् यदनुष्ठानमविरुद्धाद् यथोदितम् ।**
**मैत्र्यादिभावसंयुक्तं तद् धर्म इति कीर्त्यते ॥३॥ इति ।**

उच्यते इति **वचनम्** आगमः, तस्मात्, वचनमनुसृत्येत्यर्थः, **यदि**त्यद्याप्य-निरूपितविशेषमनुष्ठानम् इहलोक-परलोकावपेक्ष्य हेयोपादेययोरर्थयोरिहैव शास्त्रे वक्ष्यमाणलक्षणयोर्हानोपादानलक्षणा प्रवृत्तिः **तद् धर्म इति कीर्त्यते** इत्युत्तरेण योगः, कीदृशाद्वचनादित्याह- **अविरुद्धात्** निर्देक्ष्यमाणलक्षणेषु कष-च्छेद-तापेषु अविघटमानात्, तच्चाविरुद्धं वचनं जिनप्रणीतमेव, निमित्तशुद्धेः। वचनस्य हि वक्ता निमित्तमन्तरङ्गम्, तस्य च राग-द्वेष-मोहपारतन्त्र्यमशुद्धिः, तेभ्यो वितथवचनप्रवृत्तेः, न चैषा अशुद्धिर्जिने भगवति, जिनत्वविरोधात्, जयति राग-द्वेष-मोहस्वरूपानन्तरङ्गान् रिपूनिति जिन इति शब्दार्थानुपपत्तेः, तपन-दहनादिशब्दवदन्वर्थतया चास्याभ्युपगमात्। निमित्तशुद्ध्यभावान्नाजिनप्रणीतमविरुद्धं वचनम्, यतः कारणस्वरूपानुविधायि कार्यम्, तन्न दुष्टकारणारब्धं कार्यमदुष्टं भवितुमर्हति, निम्बबीजादिवेक्षुयष्टिरिति, अन्यथा कारणव्यवस्थोपरमप्रसङ्गात्। यच्च यदृच्छाप्रणयनप्रवृत्तेषु तीर्थान्तरीयेषु रागादिमत्स्वपि घुणाक्षरोत्किरणव्यवहारेण क्वचित् किञ्चिदविरुद्धमपि वचनमुपलभ्यते मार्गानुसारिबुद्धौ वा प्राणिनि क्वचित् तदपि जिनप्रणीतमेव, तन्मूलत्वात् तस्य। न च वक्तव्यं 'तर्हि अपौरुषेयं वचनमविरुद्धं भविष्यति', कुतः? यतस्तस्यापौरुषेयत्वे स्वरूपलाभस्याप्यभावः, तथाहि- उक्तिर्वचनम्, पुरुषव्यापारानुगतं रूपमस्य, पुरुषक्रियायास्ताल्वोष्ठा-दिव्यापाररूपाया अभावे कथं वचनं भवितुमर्हति? किंच, एतदपौरुषेयं न क्वचिद् ध्वनदुपलभ्यते, उपलम्भेऽप्यदृष्टस्य पिशाचादेर्वक्तुराशङ्काऽनिवृत्तेः – 'मा न तेन तद् भाषितं स्यात्' ततः कथं तस्मादपि मनस्विनां सुनिश्चिता प्रवृत्तिः प्रसूयत इति?

कीदृशमनुष्ठानं धर्म इत्याह– **यथोदितं** यथा येन प्रकारेण कालाद्याराधनानुसाररूपेणोदितं = प्रतिपादितं तत्रैवाविरुद्धे वचने, अन्यथा प्रवृत्तौ तु तद्द्वेषित्वमेवापद्यते, न तु धर्मः, यथोक्तम्–

तत्कारी स्यात् स नियमात् तद्द्वेषी चेति यो जडः।
आगमार्थे तमुल्लङ्घ्य तत एव प्रवर्त्तते ॥१॥ (योगबिन्दौ २४०) इति ।

पुनरपि कीदृशमित्याह– **मैत्र्यादिभावसंयुक्तम्,** मैत्र्यादयो मैत्री-प्रमोद-करुणा-माध्यस्थ्यलक्षणा ये भावा अन्तःकरणपरिणामाः, तत्पूर्वकाश्च बाह्यचेष्टाविशेषाः सत्त्व-गुणाधिक-क्लिश्यमाना-ऽविनेयेषु, तैः **संयुक्तं** = संमिलितं, मैत्र्यादिभावानां निःश्रेयसा-

ऽभ्युदयफलधर्मकल्पद्रुममूलत्वेन शास्त्रान्तरेषु प्रतिपादनात्। तदेवंविधमनुष्ठानं **धर्म** इति *दुर्गतिपतज्जन्तुजातधरणात् स्वर्गादिसुगतौ धानाच्च* ***धर्म इत्येवं****रूपत्वेन* ***कीर्त्यते*** *= शब्द्यते* सकलाकल्पितभाव-कलापाऽऽकलनकुशलैः सुधीभिरिति। इदं चाविरुद्धवचनादनुष्ठानमिह धर्म उच्यते उपचारात्, यथा नड्वलोदकं पादरोगः, अन्यथा शुद्धानुष्ठानजन्या कर्ममलापगमलक्षणा सम्यग्दर्शनादिनिर्वाणबीजलाभफला जीवशुद्धिरेव धर्मः ॥३॥

અવિરુદ્ધ વચનથી યથોક્ત અને મૈત્રી વગેરે ભાવોથી યુક્ત જે અનુષ્ઠાન કરવામાં આવે તે ધર્મ કહેવાય છે.

**અવિરુદ્ધ** એટલે કષ, છેદ અને તાપથી કરેલી પરીક્ષામાં શુદ્ધ સુવર્ણની જેમ પસાર થયેલ. કષ, છેદ અને તાપનું લક્ષણ આગળ કહેવામાં આવશે. **વચન** એટલે આગમ. વચનથી એટલે વચનને અનુસરીને. જિનપ્રણીત (= જિને કહેલું)જ વચન અવિરુદ્ધ છે. • કારણ કે તે વચનનું નિમિત્ત શુદ્ધ છે. વચનનો કહેનાર વચનનું અંતરંગ નિમિત્ત કહેવાય છે. (મુખ, હોઠ વગેરે વચનનું બાહ્ય નિમિત્ત કહેવાય) આંતરિક નિમિત્ત એટલે વક્તા. વક્તા જો રાગ, દ્વેષ અને મોહને આધીન હોય તો તેનામાં રાગ, દ્વેષ અને મોહની અશુદ્ધિ રહેલી છે. (એથી તેવો વક્તા અશુદ્ધ નિમિત્ત છે.) કારણકે રાગ, દ્વેષ અને મોહથી અસત્ય વચન બોલાય. આ અશુદ્ધિ જિન ભગવાનમાં ન હોય. કારણ કે આ અશુદ્ધિ જિન ભગવાનમાં હોય તો જિનપણાનો વિરોધ આવે. રાગ, દ્વેષ અને મોહરૂપ અંતરંગ શત્રુઓને જિતે તે જિન એવો જિન શબ્દનો જે અર્થ છે તે અર્થ ઘટી શકે નહિ. તપાવે તે તપન, દહે તે દહન, એ પ્રમાણે જેમ તપન અને દહન વગેરે શબ્દો અન્વર્થ છે, એટલે કે શબ્દની વ્યુત્પત્તિથી થતા અર્થવાળા છે, તેમ જિન શબ્દ પણ અન્વર્થ છે.

જે વચન જિનપ્રણીત નથી તે વચનમાં નિમિત્ત શુદ્ધિ ન હોવાથી તે વચન અવિરુદ્ધ નથી. કારણ કે કાર્ય કારણના સ્વરૂપને અનુસરે છે, એટલે કે જેવું કારણ હોય તેવું જ કાર્ય થાય. તેથી દુષ્ટ કારણથી આરંભેલું કાર્ય અદુષ્ટ થતું નથી. લીમડાના બીજમાંથી ક્યારેય શેરડી થાય જ નહિ. જો એમ ન માનવામાં આવે તો કારણની (કાર્ય - કારણની) કોઈ વ્યવસ્થા જ ન રહે.

• પૂર્વે બીજા અને ત્રીજા શ્લોકની અવતરણિકામાં ''હેતુશુદ્ધિ કહેવા દ્વારા ધર્મના સ્વરૂપને'' ઈત્યાદિ કહ્યું હતુ. આથી અહીં ''જિનપ્રણીત (= જિને કહેલું) જ વચન અવિરુદ્ધ છે'' એમ કહીને હેતુશુદ્ધિ જણાવી છે.

**પ્રશ્ન** : સ્વેચ્છા પ્રમાણે શાસ્ત્રની રચના કરવામાં પ્રવૃત્ત થયેલા અન્ય દર્શનીઓ રાગાદિ દોષોથી સહિત હોવા છતાં તેમનું વચન • ઘુણાક્ષર ન્યાયથી કાંઈક અવિરુદ્ધ પણ જોવામાં આવે છે. તથા માર્ગાનુસારી બુદ્ધિવાળા પ્રાણીમાં ક્યાંક કાંઈક અવિરુદ્ધ વચન પણ જોવામાં આવે છે. તેનું શું કારણ? **ઉત્તર** : તે અવિરુદ્ધ વચન પણ જિનપ્રણીત જ છે. કારણ કે તેવા અવિરુદ્ધ વચનનું મૂળ જિન જ છે.

**પ્રશ્ન** : તો પછી ★ અપૌરુષેય વચન અવિરુદ્ધ થશે. **ઉત્તર** : નહિ થાય. કારણકે અપૌરુષેય વચન હોઈ શકે જ નહિ. તે આ પ્રમાણેઃ- બોલવું તે વચન છે. વચન પુરુષના પ્રયત્નથી થાય. તાલવું, હોઠ વગેરેના વ્યાપારરૂપ પુરુષની ક્રિયા વિના વચન કેવી રીતે ઉત્પન્ન થાય? વળી, પુરુષના પ્રયત્ન વિના ક્યાંય બોલાતું હોય તેવું જોવામાં આવતું નથી. કદાચ કોઈ સ્થળે પુરુષ ન હોય અને વચન *સંભળાતું હોય તો પણ ત્યાં પિશાચ વગેરે અદૃષ્ટ વક્તાની શંકા દૂર થતી નથી.* પિશાચ આદિએ તો નહિ કહ્યું હોય ને? આવી શંકા રહે છે. તેથી આવા શંકાવાળા વચનથી પણ વિચારપૂર્વક કાર્ય કરનારા પુરુષોની નિશ્ચયપૂર્વક પ્રવૃત્તિ કેવી રીતે થાય? અર્થાત્ ન થાય.

**યથોક્ત** : અવિરુદ્ધ આગમમાં અમુક અનુષ્ઠાન અમુક સમયે અમુક રીતે કરવું ઈત્યાદિ જે રીતે અનુષ્ઠાન કરવાનું કહ્યું હોય તે રીતે અનુષ્ઠાન કરવા તે યથોક્ત અનુષ્ઠાન. આગમમાં જે પ્રમાણે કરવાનું કહ્યું હોય તેનાથી બીજી રીતે અુનષ્ઠાન કરવામાં અનુષ્ઠાન પ્રત્યે દ્વેષ પ્રાપ્ત થાય છે, પણ ધર્મ થતો નથી. (યોગબિંદુ ગાથા ૨૪૦ માં) કહ્યું છે કે- **"જે જડ પુરુષ આગમવિહિત ચૈત્યવંદનાદિ**

---

• ઘુણ નામનો કીડો લાકડાને એવી રીતે કોતરે કે જેથી તેમાં અક્ષરો કોતરાઈ જાય. અહીં કીડાનો અક્ષરો કોતરવાનો આશય હોતો નથી, અનાયાસે જ અક્ષરો કોતરાઈ જાય છે. તેવી રીતે કોઈ કામ કરવાનો આશય ન હોય, કોઈ કામ કરવાનો પ્રયત્ન ન હોય અને એ કામ થઈ જાય ત્યાં ઘુણાક્ષર ન્યાયનો પ્રયોગ થાય છે. પ્રસ્તુતમાં અન્યદર્શનીઓનો અવિરુદ્ધ જ વચન કહેવું એવો આશય હોતો નથી, આમ છતાં તેમનાં કેટલાંક વચનો અવિરુદ્ધ પણ જોવામાં આવે છે. આથી અહીં ઘુણાક્ષર ન્યાય ચરિતાર્થ બને છે.

★ અપૌરુષેય એટલે કોઈ પુરુષે ન કહેલાં વચનો. અજ્ઞાન લોકો ચાર વેદોને અપૌરુષેય માને છે, એટલે કે વેદોને કોઈએ બનાવ્યા નથી, વેદો અનાદિકાળથી રહેલા છે. વેદોને કોઈ પુરુષે બનાવ્યા નથી, માટે વેદો અપૌરુષેય છે, એમ માને છે.

**અનુષ્ઠાનોમાં આગમથી જ પ્રવૃત્તિ કરે છે એટલે કે આગમના આધારે જ પ્રવૃત્તિ કરે છે, પણ આગમને ઉલ્લંઘીને પ્રવૃત્તિ કરે છે, એટલે કે આગમમાં બતાવેલી વિધિથી નિરપેક્ષ કરે છે, તે પુરુષ નિયમા આગમોક્ત અનુષ્ઠાનનો કરનારો છે, અને આગમોક્ત અનુષ્ઠાનનો દ્વેષી પણ છે. આવો પુરુષ આગમોક્ત અનુષ્ઠાન કરતો હોવા છતાં કરાતા અનુષ્ઠાનનો ભક્ત નથી, કિંતુ દ્વેષી જ છે. કારણ કે દ્વેષ વિના આગમનું ઉલ્લંઘન ન થાય.''**

**મૈત્રી વગેરે ભાવોથી યુક્ત :** મૈત્રી, પ્રમોદ, કરુણા અને માધ્યસ્થ્ય એ ચાર ભાવનાઓ છે. આ ભાવનાઓ અંતઃકરણના પરિણામ સ્વરૂપ છે અને અંતઃકરણના પરિણામ પૂર્વક બાહ્ય ચેષ્ટાવિશેષ છે. મૈત્રીનો વિષય બધા જીવો છે, એટલે કે સર્વ જીવો પ્રત્યે મૈત્રીભાવ રાખવો. પ્રમોદનો વિષય ગુણાધિક જીવો છે. કરુણાનો વિષય દુઃખી થતા જીવો છે. માધ્યસ્થ્યનો વિષય અવિનીત જીવો છે. આગમના આધારે કરાતું અનુષ્ઠાન જેમ આગમમાં કહ્યા પ્રમાણે થવું જોઈએ તેમ મૈત્રી વગેરે ભાવોથી યુક્ત પણ હોવું જોઈએ, અર્થાત્ અનુષ્ઠાન કરનારા જીવો મૈત્રી આદિ ભાવોથી યુક્ત હોવા જોઈએ. કારણ કે અન્ય શાસ્ત્રોમાં મૈત્રી આદિ ભાવોને મોક્ષ અને અભ્યુદય રૂપ ફળવાળા ધર્મ રૂપી કલ્પવૃક્ષનું મૂલ કહેલ છે.

**અનુષ્ઠાન :** અનુષ્ઠાન એટલે આ લોક અને પરલોકની અપેક્ષાએ જે વસ્તુ હેય હોય તેનો ત્યાગ કરવાની અને જે વસ્તુ ઉપાદેય હોય તેનો સ્વીકાર કરવાની પ્રવૃત્તિ. હેય અને ઉપાદેય વસ્તુનું સ્વરૂપ આ જ શાસ્ત્રમાં આગળ કહેવામાં આવશે.

**ધર્મ :** સર્વ સત્ય પદાર્થસમૂહને જાણવામાં કુશળ એવા બુદ્ધિશાળી પુરુષો આવા પ્રકારના (= ત્રીજી ગાથામાં કહેલા) અનુષ્ઠાનને ધર્મ કહે છે. ધર્મશબ્દની વ્યુત્પત્તિથી થતો ધર્મનો અર્થ આ પ્રમાણે છે :- **''દુર્ગતિમાં પડતા જીવસમૂહને ધારી રાખે એટલે કે દુર્ગતિમાં પડતો બચાવે અને સ્વર્ગ વગેરે સુગતિમાં સ્થાપન કરે તે ધર્મ.''**

શુદ્ધ અનુષ્ઠાનથી કર્મમલ દૂર થવા રૂપ આત્મશુદ્ધિ થાય છે. આત્મશુદ્ધિ થતાં મોક્ષનું બીજ એવા સમ્યગ્દર્શનાદિ ગુણોની પ્રાપ્તિ થાય છે. એટલે પરમાર્થથી તો આત્મશુદ્ધિ જ ધર્મ છે.

**પ્રશ્ન :** જો આત્મશુદ્ધિ જ ધર્મ છે તો અહીં અવિરુદ્ધ વચનથી થતા અનુષ્ઠાનને એટલે કે ક્રિયાને ધર્મ કેમ કહેવામાં આવેલ છે? **ઉત્તર :** અહીં અવિરુદ્ધ વચનથી થતા અનુષ્ઠાનને ઉપચારથી ધર્મ કહેવામાં આવેલ છે. જેમ કે -

''નડઘાસવાળું પાણી પાદરોગ છે'' એમ લોકમાં કહેવામાં આવે છે. નડઘાસવાળા પાણીનો સ્પર્શ જેને થાય તેને પગમાં રોગ થાય. આનો અર્થ એ થયો કે નડઘાસવાળું પાણી પાદરોગનું કારણ છે, પણ પાદરોગ નથી. આમ છતાં કારણમાં કાર્યનો ઉપચાર કરીને નડઘાસવાળું પાણી પાદ રોગ છે એમ કહેવામાં આવે છે. એમ પ્રસ્તુતમાં અવિરુદ્ધ વચનથી થતા અનુષ્ઠાનથી કર્મમલ દૂર થવા રૂપ આત્મશુદ્ધિ થતી હોવાથી કારણમાં કાર્યનો ઉપચાર કરીને અવિરુદ્ધ વચનથી થતા અનુષ્ઠાનને ધર્મ કહેવામાં આવે છે. (૩)

अथामुमेव धर्मं भेदतः प्रभेदतश्च विभणिषुराह -

**सोऽयमनुष्ठातृभेदात् द्विविधः– गृहस्थधर्मो यतिधर्मश्च ॥१॥ इति ।**

**स** यः पूर्वं प्रवक्तुमिष्टः **अयं** साक्षादेव हृदि विवर्त्तमानतया प्रत्यक्षः **अनुष्ठातृभेदात्** धर्मानुष्ठायकपुरुषविशेषात् **द्विविधो**= द्विप्रकारो धर्मः, प्रकारावेव दर्शयति– **गृहस्थधर्मो यतिधर्मश्चेति** । गृहे तिष्ठतीति गृहस्थः, तस्य धर्मो नित्य - नैमित्तिकानुष्ठानरूपः। यः खलु देहमात्रारामः सम्यग्विद्यानौलाभेन तृष्णासरित्तरणाय योगाय सततमेव यतते स यतिः, तस्य धर्मः गुर्वन्तेवासिता तद्भक्तिबहुमानावित्यादिः वक्ष्यमाणलक्षणः ॥१॥

**હવે આ જ ધર્મને ભેદ અને અવાંતર ભેદથી કહેવાની ઈચ્છાવાળા ગ્રંથકાર** કહે છેઃ-

**તે આ ધર્મ અનુષ્ઠાન કરનારા જીવોના ભેદથી ગૃહસ્થધર્મ અને યતિધર્મ એમ બે પ્રકારે છે.** અહીં 'તે' એટલે જે પૂર્વે કહેવાને ઈચ્છેલો હતો તે. 'આ' શબ્દથી પ્રત્યક્ષપણું બતાવે છે, અર્થાત્ સાક્ષાત્ કર્તાના હૃદયમાં પ્રત્યક્ષ રીતે વર્તમાન એવો ધર્મ.

**ગૃહસ્થધર્મ :-** જે ગૃહમાં (=ઘરમાં) રહે તે ગૃહસ્થ. તેનો જે ધર્મ તે ગૃહસ્થ-ધર્મ. ગૃહસ્થધર્મના નિત્ય અને નૈમિત્તિક એવા ભેદ છે. જે નિત્ય = દરરોજ કરવામાં આવે તે નિત્યધર્મ. જે પર્વ વગેરે નિમિત્તને પામીને કરવામાં આવે તે નૈમિત્તિક ધર્મ.

**યતિધર્મ :-** જે માત્ર દેહમાં આરામ કરે અને સમ્યગ્વિદ્યારૂપી નૌકા મેળવીને તૃષ્ણારૂપી નદીને તરવાના યોગ માટે સતત યત્ન કરે તે યતિ કહેવાય. તેનો જે ધર્મ તે યતિધર્મ. જીવન પર્યંત શિષ્યભાવે ગુરુની પાસે રહેવું,ગુરુને વિષે ભક્તિ અને બહુમાન કરવું, ઈત્યાદિ યતિધર્મ છે. યતિધર્મનું સ્વરૂપ આગળ (પાંચમા

અધ્યાયમાં) કહેવામાં આવશે. (૧)

तत्र च- **गृहस्थधर्मोऽपि द्विविधः— सामान्यतो विशेषतश्च ॥२॥** इति ।

**गृहस्थधर्मोऽपि** उक्तलक्षणः, किं पुनः सामान्यतो धर्म इत्यपिशब्दार्थः, **द्विविधो** =द्विभेदः, द्वैविध्यमेव दर्शयति- **सामान्यतो** नाम सर्वशिष्टसाधारणानुष्ठानरूपः, **विशेषतो** सम्यग्दर्शना -ऽणुव्रतादिप्रतिपत्तिरूपः, **च**कार उक्तसमुच्चये इति ॥२॥

**તેમાં જે ગૃહસ્થ ધર્મ છે તે પણ સામાન્ય અને વિશેષ એમ બે પ્રકારે છે.** સર્વ શિષ્ટપુરુષોનો સાધારણ ધર્મ તે સામાન્ય ધર્મ. (અર્થાત્ માર્ગાનુસારી જીવોનો નીતિપાલન આદિ જે ધર્મ તે સામાન્ય ધર્મ.) સમ્યગ્દર્શન અને અણુવ્રતો આદિનો સ્વીકાર તે વિશેષ ધર્મ. (૨)

तत्राद्यं भेदं शास्त्रकृत् स्वयमेवाध्यायपरिसमाप्तिं यावद् भावयन्नाह—

**तत्र सामान्यतो गृहस्थधर्मः**

**कुलक्रमागतमनिन्द्यं विभवाद्यपेक्षया न्यायतोऽनुष्ठानम् ॥३॥**

**तत्र** तयोः सामान्य-विशेषरूपयोः गृहस्थधर्मयोः वक्तुमुपक्रान्तयोर्मध्ये **सामान्यतः गृहस्थधर्मो**ऽयम्, यथा **कुलक्रमागतं** पितृ-पितामहादिपूर्वपुरुषपरम्परासेवनाद्वारेण स्वकालं यावदायातम्, **अनुष्ठानमि**त्युत्तरेण योगः, पुनः कीदृशं तदित्याह— **अनिन्द्यम्**, निन्द्यं तथाविधपरलोकप्रधानसाधुजनानामत्यन्तमनादरणीयतया गर्हणीयं यथा सुरासंधानादि, तन्निषेधादनिन्द्यम्, तथा **विभवाद्यपेक्षया** विभवं स्वकीयमूलधनरूप**मादि**शब्दात् सहाय-काल-क्षेत्रादिबलं चापेक्ष्य **न्यायतो** न्यायेन शुद्धमान-तुलोचितकलाव्यवहारादिरूपेण आसवेनीयावसरचित्ताराधनादिरूपेण च **अनुष्ठानं** वाणिज्य - राजसेवादिरूपम्, इदमुक्तं भवति— सर्वसाधुसंमतन्यायप्रधानस्य स्वविभवतृतीयभागादिना व्यवहारमारभमाणस्य राजसेवादौ च तदुचितक्रमानुवर्त्तिनः कुलक्रमायातानिन्द्यानुष्ठानस्य अत्यन्तनिपुणबुद्धेः अत एव सर्वापायस्थानपरिहारवतो गृहस्थस्य धर्म एव स्यात्, दीनानाथाद्युपयोगयोग्यतया धर्मसाधनस्य विभवस्योपार्जनं प्रति प्रतिबद्धचित्तत्वादिति। यच्चाऽदावेवानिन्द्यानुष्ठानस्य गृहस्थसंबन्धिनो धर्मतया शास्त्रकारेण निदर्शनमकारि तत् ज्ञापयति निरनुष्ठानस्य निर्वाहविच्छेदेन गृहस्थस्य सर्वशुभक्रियोपरमप्रसङ्गादधर्म एव स्यादिति, पठ्यते च —

वित्तीवोच्छेयंमी गिहिणो सीयंति सव्वकिरियाओ ।

निरवेक्खस्स उ जुत्तो संपुण्णो संजमो चेव ॥२॥ (पञ्चा. ४/७) ॥३॥

**ધર્મના બે ભેદમાં પ્રથમભેદને આ અધ્યાયના અંત સુધી સ્વયમેવ વિચારતા ગ્રંથકાર કહે છેઃ-**

**સામાન્ય અને વિશેષ એ બે પ્રકારના ગૃહસ્થધર્મમાં સામાન્ય ગૃહસ્થધર્મ આ પ્રમાણે છેઃ– કુલપરંપરાથી આવેલ, અનિંદ્ય, વૈભવ આદિની અપેક્ષાએ અને ન્યાય પૂર્વક ધનપ્રાપ્તિ માટે વ્યવહાર કરવો.**

**કુલપરંપરાથી આવેલ** = પિતા, દાદા વગેરે પૂર્વપુરુષની પરંપરાથી કરાતો પોતાના કાલ સુધી આવેલ. **અનિંદ્ય** = નિંદ્ય એટલે પરલોકને પ્રધાન માનનારા તેવા પ્રકારના સજ્જનોને અત્યંત કરવા યોગ્ય ન હોવાથી જે નિંદનીય હોય, જેમ કે દારૂ બનાવવો વગેરે, તેવું નિંદ્ય ન હોય તે અનિંદ્ય.

**વૈભવ આદિની અપેક્ષાએ** = વૈભવ એટલે પોતાનું મૂળ ધન - મૂડી, તેની અપેક્ષાએ આચરણ કરવું, અર્થાત્ પોતાની પાસે મૂડી હોય તે પ્રમાણે વેપાર વગેરે કરવું. અહીં આદિ શબ્દથી સહાય, કાલ અને ક્ષેત્ર વગેરેનું બળ સમજવું, અર્થાત્ સહાય, કાલ અને ક્ષેત્ર વગેરેનું બળ જે પ્રમાણે હોય તે પ્રમાણે વેપાર વગેરે કરવું.

**ન્યાયપૂર્વક** : માપ અને તોલ બરાબર કરવા, વ્યાજ ઉચિત લેવું વગેરે પ્રામાણિકતા પૂર્વક, અથવા સેવવા યોગ્ય પુરુષની અવસરોચિત સેવા કરવી વગેરે પ્રામાણિકતા પૂર્વક.

**વ્યવહાર** : વેપાર, રાજસેવા વગેરે વ્યવહાર.

**ભાવાર્થ** : ગૃહસ્થ જો વેપાર કરતો હોય તો સર્વ સજ્જનોને સંમત એવા ન્યાયને પ્રધાન રાખીને પોતાના મૂળ ધનના (= મૂડીના) ત્રીજા ભાગના ધનથી વેપાર કરનારો હોય, અને જો રાજસેવા વગેરે કરતો હોય તો તેને ઉચિત આચરણ કરનારો હોય, કુલપરંપરાથી આવેલ અનિંદ્ય વ્યવહાર કરનારો હોય, અત્યંત નિપુણ બુદ્ધિવાળો હોય અને એથી જ ઉપદ્રવવાળા સર્વ સ્થાનોનો ત્યાગ કરનારો હોય, આવા ગૃહસ્થને ધર્મ જ થાય. કારણ કે તેનું ચિત્ત દીન - અનાથ આદિના ઉપયોગમાં આવવાને યોગ્ય હોવાના કારણે ધર્મનું સાધન બને તેવા ધનને મેળવવામાં પ્રતિબદ્ધ હોય છે. વળી, ગ્રંથકારે ગૃહસ્થધર્મના વર્ણનના પ્રારંભમાં જ અનિંદ્ય વ્યવહારનો ગૃહસ્થધર્મ તરીકે જે નિર્દેશ કર્યો તેનાથી ગ્રંથકાર એ જણાવે છે કે- ધન મેળવવાના વ્યવહારથી રહિત ગૃહસ્થને નિર્વાહનો અભાવ થવાથી તેની

સર્વ શુભ ક્રિયાઓ અટકી જવાનો પ્રસંગ થાય, અને તેથી તેને અધર્મ જ થાય. આ વિષે (પંચા. ૩-૭) કહ્યું છે કે - **"આજીવિકાનો વિચ્છેદ થતાં ગૃહસ્થની ધર્મની અને વ્યવહારની બધી ક્રિયાઓ સીદાય. (= કેટલીક બિલકુલ બંધ થાય, કેટલીક જે રીતે થવી જોઈએ તે રીતે ન થાય.) સર્વથા નિઃસ્પૃહને તો સર્વ વિરતિ રૂપ સંયમ જ યોગ્ય છે."** (૩)

अथ कस्मात् **न्यायत** इत्युक्तमिति, उच्यते –

**न्यायोपात्तं हि वित्तमुभयलोकहिताय ॥४॥** इति ।

**न्यायोपात्तं** शुद्धव्यवहारोपार्जितं **हिर्यस्मात् वित्तं** द्रव्यं निर्वाहहेतुः, किमित्याह– **उभयलोकहिताय**, उभयोः इहलोक - परलोकरूपयोः लोकयो**र्हिताय** कल्याणाय संपद्यते ॥४॥

**હવે 'ન્યાયપૂર્વક' એમ શા માટે કહ્યું તે જણાવે છે :–**

**કારણ કે ન્યાયથી મેળવેલું ધન ઉભયલોકના હિત માટે થાય છે.**

ન્યાય એટલે શુદ્ધ વ્યવહાર. ધન એટલે નિર્વાહનું કારણ દ્રવ્ય. ઉભય લોક એટલે આ લોક અને પરલોક. હિત એટલે કલ્યાણ. (૪)

एतदपि कुतः? इत्याह–

**अनभिशङ्कनीयतया परिभोगाद् विधिना तीर्थगमनाच्च ॥५॥**

इहान्यायप्रवृत्तौ पुरुषस्य द्विविधा अभिशङ्कनीयता– भोक्तुः भोग्यस्य च विभवस्य, तत्र भोक्तुः 'परद्रव्यद्रोहकार्ययम्' इत्येवं दोषसंभावनलक्षणा, भोग्यस्य पुनः 'परद्रव्यमिदमित्थमनेन भुज्यते' इत्येवंरूपा, ततस्तत्प्रतिषेधेन या **अनभिशङ्कनीयता**, तया उपलक्षितेन भोक्त्रा **परिभोगात्** स्नान - पाना - ऽऽच्छादना - ऽनुलेपनादिभिः भोगप्रकारैः आत्मना मित्र - स्वजनादिभिश्च सह विभवस्योपजीवनात्, अयमत्र भावः– न्यायेनोपार्जितं विभवं भुञ्जानो न केनापि कदाचित् किञ्चिदभिशङ्क्यते, एवं चाव्याकुलचेतसः प्रशस्तपरिणतेरिहलोकेऽपि महान् सुखलाभ इति, परलोकहितत्वं च **विधिना** सत्कारादिरूपेण, तीर्यते व्यसनसलिलनिधिः अस्मादिति **तीर्थं** पवित्रगुणपात्रपुरुषवर्गः दीनानाथादिवर्गश्च, तत्र **गमनं** प्रवेशः उपष्टम्भकतया प्रवृत्तिर्वित्तस्य तीर्थगमनम्, तस्मात्, **चकारः** समुच्चये, पठ्यते च धार्मिकजनस्य शास्त्रान्तरे दानस्थानं यथा–

पात्रे दीनादिवर्गे च दानं विधिवदिष्यते ।
पोष्यवर्गाविरोधेन न विरुद्धं स्वतश्च यत् ॥३॥ (योगबिन्दौ १२१) ॥५॥

**ન્યાયથી મેળવેલું ધન ઉભયલોકના હિત માટે કેમ થાય છે તે કહે છે :-**

**કારણ કે ન્યાયથી મેળવેલા ધનનો નિઃશંકપણે પરિભોગ કરી શકાય અને વિધિપૂર્વક તીર્થગમન કરી શકાય.** આ લોકમાં અન્યાયવાળી પ્રવૃત્તિ કરવામાં એટલે કે અનીતિથી ધન મેળવવામાં લોકોને ભોક્તા (= ઉપભોગ કરનાર) ઉપર અને ભોગ્ય (= ભોગવવા યોગ્ય વૈભવ) સંબંધી એમ બે રીતે શંકા થાય. તેમાં ભોક્તા ઉપર ''આ પરદ્રવ્યનો દ્રોહ કરનાર છે'' એવા દોષની સંભાવના રૂપ શંકા થાય. અને ભોગ્ય સંબંધી ''આ પુરુષ આ રીતે પરદ્રવ્યનો ઉપભોગ કરે છે'' એવી શંકા થાય. ન્યાયથી મેળવેલા ધનમાં આવી શંકા ન થવાથી તેનો નિઃશંકપણે પરિભોગ કરી શકાય છે. પરિભોગ એટલે સ્નાન, પાન, આચ્છાદન, વિલેપન વગેરે ભોગના પ્રકારો વડે પોતે એકલા કે મિત્રો અને સ્વજનોની સાથે વૈભવનો ઉપભોગ કરવો. અહીં આ ભાવ છે કે- ન્યાયથી મેળવેલા ધનને ભોગવનાર ઉપર કોઈને પણ ક્યારેય જરા પણ શંકા થતી નથી, અને એ પ્રમાણે વ્યાકુલતાથી રહિત ચિત્તવાળા અને શુભ પરિણામવાળા તેને આ લોકમાં પણ મહાન સુખનો લાભ થાય છે.

વિધિપૂર્વક તીર્થગમનથી પરલોકમાં હિત થાય છે. સત્કાર કરવો વગેરે વિધિ છે. દુઃખરૂપી સમુદ્ર જેનાથી તરાય તે તીર્થ. અહીં પવિત્ર ગુણોનું પાત્ર એવો પુરુષસમૂહ અને દીન અનાથ વગેરેનો સમૂહ તીર્થ તરીકે વિવક્ષિત છે. તેમાં ધનનું ગમન થવું એટલે કે સહાય રૂપે ધનનો ઉપયોગ થવો એ તીર્થગમન છે. બીજાં શાસ્ત્રોમાં પણ ધાર્મિક જન માટે દાનનું સ્થાન જણાવતાં કહ્યું છે કે – **"જે દાન આપનાર અને લેનાર એ બેના ધર્મનો હળ, ખાંડણિયું આદિ (અધિકરણ) ની જેમ સ્વરૂપથી બાધક ન હોય તેવું દાન માતા વગેરે લોકની વૃત્તિનો ઉચ્છેદ ન થાય તે રીતે પાત્રને અને દીન વગેરેને વિધિપૂર્વક આપવાનું બુદ્ધિમાન પુરુષોને ઈષ્ટ છે." (યો. બિં. ૧૨૧)** (૫)

अत्रैव विपक्षे बाधामाह–

## अहितायैवान्यत् ॥६॥

**अहितायैव** अहितनिमित्तमेव उभयोरपि लोकयोः, न पुनः काकतालीयन्यायेनापि

हितहेतुरिति **एवकारार्थः**, **अन्यत्** न्यायोपात्तवित्ताद् विभिन्नम्, अन्यायोपात्तवित्तमित्यर्थः ।।६।।

**અહીં અન્યાયથી મેળવેલા ધનથી અનર્થ થાય એમ કહે છે :-**

**અન્યાયથી મેળવેલું ધન ઉભયલોકના અહિત માટે જ થાય છે,** • કાકતાલીય ન્યાયથી પણ હિતનું કારણ થતું નથી. (૬)

कुत एतदित्याह–

**तदनपायित्वेऽपि मत्स्यादिगलादिवद्विपाकदारुणत्वात् ।।७।।** इति ।

**तस्य** अन्यायोपात्तवित्तस्य **अनपायित्वम्** अविनाशित्वमिति योऽर्थः तस्मिन्नपि, अन्यायोपार्जितो हि विभवः अस्थ्यादिशल्योपहतगृहमिवाचिरात् विनाशमनासाद्य नास्ते, अथ कदाचिद् बलवतः पापानुबन्धिनः पुण्यस्यानुभावात् स विभवो यावज्जीवमपि न विनश्येत् तथापि **मत्स्यादीनां** मत्स्य-कुरङ्ग-पतङ्गादीनां ये **गलादयः** गल-गोरिगान-प्रदीपालोकादयो रसनादीन्द्रियलौल्यातिरेककारिणः विषयविशेषाः तद्वद् **विपाके** = परिणामे **दारुण**मत्यन्तव्यसनहेतुः, तस्य भावस्तत्त्वम् तस्मात्, अन्यत्राप्यवाचि–

पापेनैवार्थरागान्धः फलमाप्नोति यत् क्वचित्।
बडिशामिषवत् तत् तमविनाश्य न जीर्यति ।।४।। इति ।।७।।

**અન્યાયથી મેળવેલું ધન ઉભય લોકના અહિત માટે કેમ થાય છે તે જણાવે છે:-**

**કારણ કે અન્યાયથી મેળવેલું ધન વિનાશ ન પામે તો પણ મત્સ્યગલ આદિની જેમ પરિણામે ભયંકર બને છે.**

અન્યાયથી મેળવેલું ધન હાડકાં વગેરે શલ્યથી (= દોષથી) હણાયેલા ઘરની ★ જેમ જલદી નાશ પામ્યા વિના રહેતું નથી. આમ છતાં કદાચ પ્રબળ

• કાગડાનું બેસવું અને તાડનું પડવું તે કાકતાલીય ન્યાય છે. અહીં કાગડાના બેશવાના કારણે તાડ પડ્યું નથી. તાડ પડવાનું જ હતું પણ જોનારને એમ લાગે કે કાગડો બેઠો તેથી તાડ પડી ગયું. તે પ્રમાણે જે કાર્ય વાસ્તવિક નહિ પણ માત્ર બહારથી દેખાતા નિમિત્તથી થાય તેમાં કાકતાલીય ન્યાય લાગુ પડે. પ્રસ્તુતમાં અન્યાયથી મેળવેલું ધન તે રીતે પણ (= બહારથી દેખાતા નિમિત્તથી પણ) હિતનું કારણ બનતું નથી.

★ જે ઠેકાણે ઘર બાંધવાનું હોય ત્યાં પ્રથમ શલ્યશુદ્ધિ કરવામાં આવે છે. શલ્યશુદ્ધિ એટલે જ્યાં ઘર બાંધવાનું હોય ત્યાં હાડકાં વગેરે અશુચિ પદાર્થો હોય તો દૂર કરવા. જો શલ્યવાળી ભૂમિ ઉપર ઘર બાંધે તો તે ઘર ટકતું નથી, એમ શિલ્પશાસ્ત્રમાં કહ્યું છે.

પા પાનુબંધિપુન્યના પ્રભાવથી તે ધન જીંદગી પર્યંત નાશ ન પામે તો પણ મત્સ્યગલ આદિની જેમ પરિણામે ભયંકર બને છે. **મત્સ્યગલ :** મત્સ્ય એટલે માછલું. ગલ એટલે માંસની ગોળી. માછી-મારો માછલાને પકડવા માટે લોઢાના કાંટામાં માંસની ગોળી રાખે છે. એ કાંટાને માછીમારો પાણીમાં નાખે એટલે રસના ઈંદ્રિયની અતિશય લોલુપતાના કારણે તેમાં રહેલા માંસને ખાવા માટે માછલાં આવે છે. જેટલામાં માછલું માંસની ગોળી ખાવા જાય છે તેટલામાં તે કાંટામાં વીંધાઈ જાય છે. પછી માછીમાર તેને બહાર કાઢી લે છે. આ રીતે જેમ કાંટામાં રહેલ માંસની ગોળી ખાવાથી જરાક સ્વાદ મળી જાય છે, પણ પછી મોત થાય છે, તેમ અન્યાયથી મેળવેલ ધનથી થોડો સમય થોડું તુચ્છ સુખ મળી જાય, પણ પરિણામે તેનાથી દુર્ગતિમાં દુઃખો ભોગવવા પડે છે. અહીં આદિ શબ્દથી કુરંગગૌરીગાન અને પતંગપ્રદીપાલોક આદિ દૃષ્ટાંતો સમજવા. **કુરંગગૌરીગાન :** કુરંગ એટલે હરણ, ગૌરી એટલે વિશિષ્ટ રાગ-રાગણી. ગાન એટલે ગાયન. કર્ણ ઈંદ્રિયની અતિશય લોલુપતાના કારણે હરણ વિશિષ્ટ રાગથી થતા ગાયનમાં લીન બનીને પ્રાણ ગુમાવે છે. **પતંગપ્રદીપાલોક :** રાત્રે ઉડતા પતંગીયા ચક્ષુ ઈંદ્રિયની આસક્તિના કારણે બળી રહેલા દીપકની જ્યોતમાં ઝંપલાવે છે, અને પરિણામે મૃત્યુ પામે છે.

એ પ્રમાણે અન્યાયથી મેળવેલા ધનથી પરિણામે અહિત થાય છે. આ વિષે બીજા સ્થાને પણ કહ્યું છે કે - **"ધનના રાગથી અંધ બનેલ પુરુષ અન્યાયરૂપ પાપથી ક્યાંક જે (ધનપ્રાપ્તિ રૂપ) ફળ મેળવે છે તે ફલ માછલાને મારવાના કાંટામાં રહેલા માંસની જેમ તેનો નાશ કર્યા વિના નાશ પામતું નથી."** (૭)

નન્વેવમન્યાયેન વ્યવહારપ્રતિષેધે ગૃહસ્થસ્ય વિત્તપ્રાપ્તિરેવ ન ભવિષ્યતિ, તત્ કથં નિર્વાહવ્યવચ્છેદે ધર્મહેતુશ્ચિત્તસમાધિલાભઃ સ્યાદિત્યાશઙ્ક્યાહ-

**न्याय एव ह्यर्थाप्त्युपनिषत् परेति समयविदः ॥८॥** इति ।

**न्याय एव** न पुनरन्यायोऽपि, **अर्थस्य** विभवस्य **आप्तिः** लाभः अर्थाप्तिः, तस्या **उपनिषद्** अत्यन्तरहस्यभूत उपायः, युक्तायुक्तार्थसार्थविभागकलनकौशलविकलैः स्थूलमतिभिः स्वप्नायमानावस्थायामप्यनुपलब्ध इति योऽर्थः, **परा** प्रकृष्टा, इत्येवं **समयविदः** सदाचाराभिधायिशास्त्रज्ञा ब्रुवते, तथा हि ते पठन्ति –

निपानमिव मण्डूकाः सरः पूर्णमिवाण्डजाः ।

शुभकर्माणमायान्ति विवशाः सर्वसम्पदः ।।५।। तथा -
नोदन्वानर्थितामेति, न चाम्भोभिर्न पूर्यते ।
आत्मा तु पात्रतां नेयः, पात्रमायान्ति सम्पदः ।।६।।

**આ પ્રમાણે અન્યાયથી વ્યવહાર કરવાનો પ્રતિષેધ કરવામાં આવે તો ગૃહસ્થને ધનપ્રાપ્તિ જ નહિ થાય, એથી એનો જીવનનિર્વાહ નહિ થાય અને એથી ધર્મનું કારણ એવી ચિત્તસમાધિ તેને નહિ રહે, આવી આશંકા કરીને ગ્રંથકાર તેનો જવાબ આપે છે :-**

**ન્યાય જ ધનપ્રાપ્તિનો ઉત્કૃષ્ટ અત્યંત રહસ્યભૂત ઉપાય છે એમ જાણકારો કહે છે.** અહીં ''અત્યંત રહસ્યભૂત ઉપાય છે'' એનો અર્થ એ છે કે- યોગ્યાયોગ્ય પદાર્થસમૂહના વિભાગને જાણવાની કુશળતાથી રહિત એવા સ્થૂલ મતિવાળા પુરુષોને આ ઉપાય સ્વપ્નમાં પણ જાણવામાં આવ્યો નથી. શાસ્ત્રના જાણકારો એટલે સદાચારને કહેનારા શાસ્ત્રોને જાણનારા. તેઓ આ પ્રમાણે કહે છે :-**"જેવી રીતે દેડકાઓ જલાશયોમાં આવે છે અને પક્ષીઓ પાણીના સ્થાનો પાસે આવે છે તે રીતે બધી સંપત્તિઓ શુભકાર્ય કરનારને આધીન બનીને તેની પાસે આવે છે. (૧) તથા સમુદ્ર પાણીને પ્રાર્થના ન કરતો હોવા છતાં પાણીથી પૂરાય છે. તે પ્રમાણે પોતાના આત્માને પાત્ર બનાવવો જોઈએ. કારણકે સંપત્તિઓ પાત્રની પાસે આવે છે."** (૨) (૮)

कुत एतदेवमित्याह–

***ततो हि नियमतः प्रतिबन्धककर्मविगमः ।।९।। इति ।***

**ततो** न्यायात् सकाशात् **हिर्यस्मात् नियमतः** अवश्यभावेन **प्रतिबन्धकस्य** परलाभोपघातजननद्वारेण भवान्तरे उपात्तस्य लाभविघ्नहेतोः **कर्मणो** लाभान्तरायलक्षणस्य **विगमो** विनाशः संपद्यते, यथा सम्यक्प्रयुक्तायाः लङ्घनादिक्रियायाः सकाशात् रोगस्य ज्वरा–ऽतिसारादेरिति ।।९।।

**''ન્યાય જ ધનપ્રાપ્તિનો ઉત્કૃષ્ટ અત્યંત રહસ્યભૂત ઉપાય છે'' એનું કારણ જણાવે છેઃ-**

**કારણકે નીતિથી નિયમા પ્રતિબંધક કર્મનો વિનાશ થાય છે.** પ્રતિબંધક કર્મ એટલે જેનાથી ધન ન મળે તેવા ભવાંતરમાં બાંધેલા લાભાંતરાય કર્મ. બીજાના

ધનલાભમાં હાનિ કરવાથી લાભાંતરાય કર્મ બંધાય છે. જેવી રીતે સારી રીતે કરેલી લાંઘણ આદિ ઉપચારથી જ્વરાતિસાર (=તાવની સાથે ઝાડાનો રોગ) વગેરે રોગનો નાશ થાય છે તે રીતે ન્યાયથી નિયમા લાભાંતરાય કર્મનો નાશ થાય છે. (૯)

ततोऽपि किं सिद्धमित्याह–

**सत्यस्मिन्नायत्यामर्थसिद्धिः ॥१०॥ इति ।**

**सति** विद्यमाने **अस्मिन्** आन्तरे प्रतिबन्धककर्मविगमे **आयत्याम्** आगामिनि काले **अर्थसिद्धिः** अभिलषितविभवनिष्पत्तिः आविर्भवतीति ॥१०॥

**પ્રતિબંધક કર્મનો નાશ થવાથી શું સિદ્ધ થયું તે કહે છેઃ-**

લાભાંતરાય કર્મનો નાશ થતાં ભવિષ્યમાં ઇષ્ટ ધનની પ્રાપ્તિ થાય છે. (૧૦)

एतद्विपर्यये दोषमाह–

**अतोऽन्यथाऽपि प्रवृत्तौ पाक्षिकोऽर्थलाभो निःसंशयस्त्वनर्थ इति ॥११॥**

**अत** उक्तलक्षणात् न्यायात् **अन्यथाऽपि** अन्यायलक्षणेन प्रकारेण **प्रवृत्तौ** व्यवहारलक्षणायां **पाक्षिको** वैकल्पिकः **अर्थलाभः**, कदाचित् स्यात् कदाचिन्नेत्यर्थः, **निःसंशयो** निःसन्देहः **तुः** पुनरर्थः **अनर्थः** उपघातः आयत्यामेव। इदमुक्तं भवति– अन्यायप्रवृत्तिरेव तावदसंभविनी, राजदण्डभयादिभिर्हेतुभिः प्रतिहतत्वात्, पठ्यते च -

राजदण्डभयात् पापं नाचरत्यधमो जनः ।
परलोकभयान्मध्यः, स्वभावादेव चोत्तमः ॥७॥

अथ कश्चिदधमाधमतामवलम्ब्य अन्यायेन प्रवर्तते तथाप्यर्थसिद्धिरनैकान्तिकी, तथाविधाशुद्धसामग्रीसव्यपेक्षपाकस्य कस्यचिदशुभानुबन्धिनः पुण्यविशेषस्य उदयवशात् स्यादन्यथा पुनर्नेति, यश्चानर्थः सोऽवश्यंभावी, अन्यायप्रवृत्तिवशोपात्तस्य अशुद्धकर्मणः नियमेन स्वफलमसंपाद्योपरमाभावात्। पठ्यते च -

अवश्यमेव भोक्तव्यं कृतं कर्म शुभाशुभम्।
नाभुक्तं क्षीयते कर्म कल्पकोटिशतैरपि ॥८॥ ॥११॥

**અનીતિ કરવામાં દોષ કહે છેઃ-**

**અનીતિથી વેપાર વગેરે વ્યવહાર કરવામાં ધનનો લાભ થાય કે ન પણ થાય, પણ ભવિષ્યમાં ધનહાનિ તો અવશ્ય થાય.**

અહીં સારાંશ એ છે કે- પહેલાં તો રાજદંડનો ભય વગેરે કારણોથી અનીતિવાળી પ્રવૃત્તિ જ અસંભવિત છે. આ વિષે કહ્યું છે કે **"અધમ માણસ રાજદંડના ભયથી પાપ કરતો નથી, મધ્યમ માણસ પરલોકના ભયથી પાપ કરતો નથી અને ઉત્તમ માણસ સ્વભાવથી જ પાપ આચરતો નથી."** આમ છતાં કોઈ અધમાધમ બનીને અન્યાયવાળી પ્રવૃત્તિ કરે તો પણ ધનનો લાભ અનિશ્ચિત છે= થાય કે ન પણ થાય. જે કર્મનો ઉદય તેવી અશુદ્ધ સામગ્રીથીજ થવાનો હોય તેવા કોઈ પાપાનુ-બંધી પુણ્યના ઉદયથી ધનની પ્રાપ્તિ થાય, અન્યથા ન થાય, અને ભવિષ્યમાં ધનહાનિ તો અવશ્ય થવાની. કારણકે અન્યાયવાળી પ્રવૃત્તિથી ઉપાર્જન કરેલ લાભાંતરાય રૂપ અશુભ કર્મો પોતાનું ફળ આપ્યા વિના નાશ પામતા જ નથી. આ વિષે કહ્યું છે કે **" કરેલું શુભ કે અશુભ કર્મ અવશ્ય ભોગવવું પડે છે, અબજો • કલ્પ સુધી પણ ભોગવ્યા વિના ક્ષય પામતું નથી."** (૧૧)

तथा–

**(२) समानकुल-शीलादिभिरगोत्रजैर्वैवाह्यमन्यत्र बहुविरुद्धेभ्यः ॥१२॥ इति।**

**समानं** तुल्यं **कुलं** पितृ-पितामहादिपूर्वपुरुषवंशः **शीलं** मद्य-मांस-निशाभोजनादिपरिहाररूपो व्यवहारः, **आदिशब्दात्** विभव-वेष-भाषादि च येषां ते तथा, तैः कुटुम्बिभिः लोकैः सह, **अगोत्रजैः**, गोत्रं नाम तथाविधैकपुरुषप्रभवो वंशः, ततो गोत्रे जाताः गोत्रजाः, तत्प्रतिषेधात् अगोत्रजाः, तैरतिचिरकालव्यवधानवशेन त्रुटितगोत्रसंबन्धैश्चेति, किमित्याह-**वैवाह्यं** विवाह एव तत्कर्म वा वैवाह्यम्, **सामान्यतो गृहस्थधर्म** इति प्रकृतम्, किमविशेषेण?, नेत्याह– **अन्यत्र** विना **बहुविरुद्धेभ्यः** कुतोऽपि महतोऽनौचित्यात् **बहुभिः** तज्ज्ञातिवर्त्तिभिस्तत्स्थान-तद्देशवासिभिर्वा जनैः सह **विरुद्धा** घटनामनागता बहुविरुद्धाः, तैः, बहुविरुद्धान् लोकान् वर्जयित्वेत्यर्थः। असमानकुलशीलादित्वे हि परस्परं वैसदृश्यात् तथाविधनिर्व्रणसंबन्धाभावेन असंतोषादिसंभवः।

किञ्च, विभववैषम्ये सति कन्या महतः स्वपितुरैश्वर्यादल्पविभवं भर्त्तारमवगणयति,

• બ્રહ્મા જગતની સૃષ્ટિ કરે છે અને જગતનો વિનાશ પણ કરે છે એમ અજ્ઞાન લોકો માને છે. અહીં જગતની સૃષ્ટિથી માંડીને જગતનો પ્રલય થાય ત્યાં સુધી જેટલો કાળ થાય તેટલા કાળને કલ્પ કહેવામાં આવે છે. આવા અબજો કલ્પ સુધી પણ ભોગવ્યા વિના કર્મ ક્ષય પામતું નથી.

इतरोऽपि प्रचुरस्वपितृविभववशोत्पन्नाहङ्कारः तत्पितुर्विभवविकलत्वेन दुर्बलपृष्ठोपष्टम्भां कन्यामवजानाति। तथा गोत्रजैर्वैवाह्ये स्वगोत्राचरितज्येष्ठताव्यवहारविलोपः स्यात्, तथाहि– ज्येष्ठोऽपि वयोविभवादिभिः कन्यापिता कनिष्ठस्यापि जामातृकपितुः नीचैर्वृत्तिर्भवति, न च गोत्रजानां रूढं ज्येष्ठकनिष्ठव्यवहारम् अतिलङ्घ्य अन्यो वैवाह्यव्यवहारो गुणं लभते, अपि तु तद्व्यवहारस्य प्रवृत्तौ गोत्रजेषु पूर्वप्रवृत्तविनयभङ्गात् महान् अनर्थ एव संपद्यते। तथा बहुविरुद्धैः सह संबन्धघटनायां स्वयमनपराद्धानामपि तत्संबन्धद्वारा आयातस्य महतो विरोधस्य भाजनभवनेन इहलोक-परलोकार्थयोः क्षतिः प्रसजति, जनानुरागप्रभवत्वात् संपत्तीनामिति पर्यालोच्य उक्तं **'समानकुलशीलादिभिः अगोत्रजैः वैवाह्यमन्यत्र बहुविरुद्धेभ्यः'** इति।

अत्र च लौकिकनीतिशास्त्रमिदम्– द्वादशवर्षा स्त्री, षोडशवर्षः पुमान्, तौ विवाहयोग्यौ, विवाहपूर्वो व्यवहारः कुटुम्बोत्पादनपरिपालनारूपश्चतुरो वर्णान् कुलीनान् करोति, युक्तितो वरणविधानम्, अग्निदेवादिसाक्षिकं च पाणिग्रहणं विवाहः, स च ब्राह्मादिभेदादष्टधा।

तथाहि– ब्राह्मो विवाहो यत्र वरायालङ्कृत्य कन्या प्रदीयते १, त्वं भवास्य महाभागस्य सधर्मचारिणीति विनियोगेन विभवस्य कन्याप्रदानात् प्राजापत्यः २, गोमिथुनपुरस्सरकन्याप्रदानादार्षः ३, स दैवो विवाहो यत्र यज्ञार्थमृत्विजः कन्याप्रदानमेव दक्षिणा ४, एते धर्म्या विवाहाश्चत्वारोऽपि गृहस्थोचितदेवपूजनादिव्यवहाराणामेतदन्तरङ्गकारणत्वान्मातुः पितुर्बन्धूनां च प्रामाण्यात्। परस्परानुरागेण मिथः समवायात् गान्धर्वः ५, पणबन्धेन कन्याप्रदानमासुरः ६, प्रसह्य कन्याऽऽदानात् राक्षसः ७, सुप्त-प्रमत्तकन्याऽऽदानात् पैशाचः ८, एते चत्वारोऽधर्म्या अपि नाधर्म्याः, यद्यस्ति वधूवरयोरनपवादं परस्परुचितत्वमिति। शुद्धकलत्रलाभफलो विवाहः। तत्फलं च सुजातसुतसन्ततिः, अनुपहता चित्तनिर्वृतिः, गृहकृत्यसुविहितत्वम्, आभिजात्याचारविशुद्धत्वम्, देवातिथिबान्धवसत्कारानवद्यत्वं चेति ।

कुलवधूरक्षणोपायाश्चैते- गृहकर्मविनियोगः, परिमितोऽर्थसंयोगः, अस्वातन्त्र्यम्, सदा च मातृतुल्यस्त्रीलोकावरोधनमिति ।

रजकशिला-कुर्कुरकर्परसमा हि वेश्याः, कस्तासु कुलीनो रज्येत?, यतो दाने दौर्भाग्यम्, सत्कृतौ परोपभोग्यत्वम्, आसक्तौ परिभवो मरणं वा, महोपकारेऽप्यनात्मीयत्वम्, बहुकालसंबन्धेऽपि त्यक्तानां तदैव पुरुषान्तरगमनमिति वेश्यानां कुलाऽऽगतो धर्म इति ॥१२॥

**હવે ગૃહસ્થધર્મમાં વિવાહના પ્રકારો કહે છે :-**

**જે કુલ અને શીલ આદિથી સમાન હોય અને ભિન્નગોત્રવાળા હોય તેવાઓની સાથે વિવાહનો સંબંધ કરવો અને બહુ વિરોધવાળા લોકોની સાથે વિવાહનો સંબંધ ન કરવો.**

કુલ = પિતા, દાદા વગેરે પૂર્વપુરુષોનો વંશ. શીલ = મધ, માંસ, રાત્રિભોજન વગેરેનો ત્યાગરૂપ વ્યવહાર. 'કુલ અને શીલ આદિથી સમાન' એ સ્થળે આદિ શબ્દથી વૈભવ, વેષ અને ભાષા વગેરેથી પણ સમાન હોય એમ સમજવું. ગોત્ર = તેવા કોઇ એક પુરુષથી શરૂ થયેલો વંશ. ઘણો લાંબો કાળ પસાર થઇ જવાથી જેમની સાથે ગોત્રનો સંબંધ તૂટી ગયો હોય તે ભિન્ન ગોત્રવાળા કહેવાય. બહુ વિરોધવાળા એટલે કોઇ કારણથી મહાન અનુચિત પ્રવૃત્તિ કરવાથી તેની જાતિના કે સ્થાનમાં રહેલા, અથવા તો તે દેશમાં રહેનારા ઘણા લોકોની સાથે વિરોધવાળા બન્યા હોય તેવા લોકો. કુલ અને શીલ સમાન ન હોય તો પરસ્પર અસમાનતાના કારણે નિર્દોષ સંબંધ ન થાય, અને એથી અસંતોષ આદિ થવાનો સંભવ રહે. વળી- વૈભવની અસમાનતા હોય તો કન્યા પોતાના પિતાના અધિક વૈભવની અપેક્ષાએ અલ્પ વૈભવવાળા પતિની અવગણના કરે. પતિ પણ પોતાના પિતાના વૈભવથી અહંકારી બનીને કન્યાનો પિતા વૈભવ રહિત હોવાના કારણે દુર્બલ પીઠબલવાળી કન્યાની અવજ્ઞા કરે. એક ગોત્રવાળા સાથે વિવાહનો સંબંધ કરવામાં આવે તો સ્વગોત્રમાં પ્રવર્તેલા નાના- મોટાના વ્યવહારનો લોપ થાય. તે આ પ્રમાણે:- વય અને વૈભવ આદિથી મોટો પણ કન્યાનો પિતા નાના પણ જમાઈના પિતાથી નાનો બને. એક ગોત્રવાળા લોકોના રૂઢ થયેલા નાના -મોટાના વ્યવહારનું ઉલ્લંઘન કરીને વિવાહના સંબંધથી થયેલ અન્ય (નાના - મોટાનો) વ્યવહાર ગુણને (= લાભને) પામતો નથી, બલ્કે વિવાહના સંબંધથી થયેલ વ્યવહાર પ્રવર્તતાં એકગોત્રવાળાઓમાં પૂર્વે પ્રવર્તેલ વિનયનો ભંગ થવાથી મહાન અનર્થજ થાય છે. તથા બહુ વિરોધવાળા લોકોની સાથે વિવાહનો સંબંધ બાંધવામાં આવે તો પોતે અપરાધ રહિત હોવા છતાં વિવાહના સંબંધના કારણે આવેલા મહાન વિરોધનું પાત્ર પોતાને બનવું પડે, અર્થાત્ પોતે નિર્દોષ હોવા છતાં વેવાઈના કારણે પોતાને પણ ઘણાની સાથે વિરોધવાળા બનવું પડે. આમ થવાથી આ લોક અને પરલોકનાં કાર્યોમાં ક્ષતિ આવે. કારણ કે "સંપત્તિઓ લોકોના અનુરાગથી ઉત્પન્ન થાય છે."

આ પ્રમાણે બધુંજ વિચારીને જ અહીં કહ્યું છે કે - " જે કુલ અને શીલ આદિથી સમાન હોય અને ભિન્નગોત્રવાળા હોય તેવાઓની સાથે વિવાહનો સંબંધ કરવો અને બહુ વિરોધવાળા લોકોની સાથે વિવાહનો સંબંધ ન કરવો."

અહીં લૌકિક નીતિશાસ્ત્ર આ પ્રમાણે છેઃ- બાર વર્ષની સ્ત્રી અને સોળ વર્ષનો પુરુષ વિવાહને યોગ્ય છે. વિવાહ પૂર્વક જ કરેલો કુટુંબનું ઉત્પાદન અને પરિપાલન રૂપ વ્યવહાર બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર એ ચારે વર્ણને કુલીન કરે છે. માટે પસંદગી યુક્તિથી જ કરવી. અગ્નિદેવ આદિની સાક્ષીએ કરેલું પાણીગ્રહણ વિવાહ કહેવાય છે. વિવાહના બ્રાહ્મ વગેરે આઠ પ્રકારો છે. તે આ પ્રમાણે :-

(૧) **બ્રાહ્મઃ-** કન્યાને"તું આ મહાભાગ્યવંતની સમાનધર્મચારિણી થા"એમ કહીને અલંકારો વગેરેથી શણગારીને કન્યા વરને આપવામાં આવે તે બ્રાહ્મ વિવાહ છે.

(૨) **પ્રાજાપત્યઃ-** કન્યાનો પિતા ધન આપવા પૂર્વક કન્યાને આપે તે પ્રાજાપત્ય વિવાહ કહેવાય છે.

(૩) **આર્ષઃ-** ગાયનું જોડલું આપવા પૂર્વક કન્યાને આપે તે આર્ષ વિવાહ કહેવાય છે.

(૪) **દૈવઃ-** યજ્ઞ કરાવવા માટે યજ્ઞ કરનાર બ્રાહ્મણને દક્ષિણાના બદલે કન્યાજ આપવામાં આવે તે દૈવ વિવાહ કહેવાય છે.

આ ચાર વિવાહ ધાર્મિક (=ધર્મથી યુક્ત) છે. કારણકે આ વિવાહ ગૃહસ્થને ઉચિત દેવપૂજા વગેરે વ્યવહારોનું મુખ્ય કારણ છે, તથા માતા-પિતા અને બંધુએ માન્ય કરેલું હોય છે.

(૫) **ગાન્ધર્વઃ-** વર અને કન્યાને પરસ્પર અનુરાગ હોય આથી તે બંને પોતાની મેળે વિવાહ કરી લે તે ગાન્ધર્વ વિવાહ કહેવાય છે.

(૬) **આસુરઃ-** તમે આમ કરશો તો હું તમને કન્યા આપીશ ઈત્યાદિ કોઈ શરત કરીને કન્યા આપવી તે આસુર વિવાહ કહેવાય છે.

(૭) **રાક્ષસઃ-** બલાત્કારથી કન્યા લેવી તે રાક્ષસ વિવાહ કહેવાય છે.

(૮) **પૈશાચઃ-** સૂતેલી કે ગફલતમાં રહેલી કન્યાને ઉઠાવી જવી તે પૈશાચ વિવાહ કહેવાય છે.

આ ચાર વિવાહ અધાર્મિક છે. આમ છતાં જો પતિ - પત્નીને કોઇ જાતના અપવાદ વિના પરસ્પર પ્રેમ હોય તો અધાર્મિક નથી.

શુદ્ધ સ્ત્રીની પ્રાપ્તિ થાય એ વિવાહનું ફલ છે. શુદ્ધ સ્ત્રીની પ્રાપ્તિનું ફલ આ પ્રમાણે છે:- શુદ્ધ સ્ત્રીથી સારા પુત્રપરિવારની પ્રાપ્તિ થાય, ચિત્તની શાંતિ ન હણાય, ગૃહકાર્યો સારી રીતે થાય, વિશુદ્ધપણે સારા આચારોનું પાલન થાય, નિર્દોષપણે (= દૂષણ ન લાગે તે રીતે) દેવ, અતિથિ અને બંધુઓનો સત્કાર થાય.

કૂલવધૂનું રક્ષણ કરવાના ઉપાયો આ છે:- તેને ઘરના કામમાં જોડવી, તેને ધન પરિમિત આપવું, તેને સ્વતંત્ર ન બનાવવી અને સદા માતાસમાન સ્ત્રીઓની સાથે રાખવી, વેશ્યાઓ ધોબીની શીલા આગળ રહેલ કૂતરા માટે રાખેલ • ઠીબા જેવી છે. આવી વેશ્યાઓમાં કુલીન ક્યો પુરુષ રાગવાળો થાય? કારણકે જો વેશ્યાને કાંઈ પણ આપવામાં આવે તો દૌર્ભાગ્ય ( = અશુભ કર્મબંધ) થાય, એનો સત્કાર કરવામાં આવે તો પણ તે બીજાના ઉપભોગમાં આવે છે, એનામાં આસક્તિ કરવામાં આવે તો પરાભવ કે મરણ થાય, એના ઉપર ઘણો ઉપકાર કરવામાં આવે તો પણ તે પોતાની થતી નથી. તેમની સાથે ઘણા કાળ સુધી સંબંધ રાખ્યો હોય તો પણ જો તેનો ત્યાગ કરવામાં આવે તો તે તરત જ બીજા પુરુષની પાસે જાય છે. આ પ્રમાણે વેશ્યાઓનો કુલપરંપરાથી આવેલો રિવાંજ છે. (૧૨)

तथा– **(३) दृष्टादृष्टबाधाभीतता ॥१३॥ इति ।**

**दृष्टा**श्च प्रत्यक्षत एव अवलोकिताः, **अदृष्टा**श्च अनुमानागमगम्याः, ताश्च ता **बाधा**श्च उपद्रवाः, दृष्टादृष्टबाधास्ताभ्यो **भीतता** भयं **सामान्यतो गृहस्थधर्म** इति, तदा च तद् भयं चेतसि व्यवस्थापितं भवति यदि यथाशक्ति दूरत एव तत्कारणपरिहारः कृतो भवति, न पुनरन्यथा, तत्र दृष्टबाधाकारणानि अन्यायव्यवहरण-द्यूतरमण-परदाराभिगमनादीनि इहलोकेऽपि सकललोकसमुपलभ्यमाननानाविधविडम्बस्थानानि, अदृष्टबाधाकारणानि पुनर्मद्य-मांससेवनादीनि शास्त्रनिरूपितनरकादियातनाफलानि भवन्ति, किं भणितं भवति? दृष्टादृष्टबाधाहेतुभ्यो दूरमात्मा व्यावर्त्तनीय इति ॥१३॥

**હવે ગૃહસ્થ ધર્મમાં કેવી રીતે વર્તવું તે કહે છે:-**

**દૃષ્ટ અને અદૃષ્ટ ઉપદ્રવોનો ભય રાખવો.** દૃષ્ટ એટલે પ્રત્યક્ષ જોવાયેલા.

• પૂર્વે ધોબી લોકો બપોરના જમવાનું સાથે લઈ જતા હતા. બપોરે જમી રહ્યા પછી વધેલું ભોજન પોતાના પાળેલા કૂતરાને ખવડાવવા માટે ઠીબામાં નાખતા હતા. જેમ આ ઠીબું એંઠા ભોજનવાળું હોય છે તેમ વેશ્યા એંઠા ભોજન જેવી છે. કારણ કે તેને અનેક લોકોએ ભોગવેલી હોય છે.

અદૃષ્ટ એટલે અનુમાન અને આગમથી જણાયેલા. દૃષ્ટ અને અદૃષ્ટ ઉપદ્રવોનો ભય રાખવો એ સામાન્ય ગૃહસ્થધર્મ છે. ઉપદ્રવોનો ભય ચિત્તમાં રાખેલો તો જ થાય કે જો યથાશક્તિ તેનાં કારણોનો દૂરથી જ ત્યાગ કરવામાં આવ્યો હોય, તે સિવાય નહિ. અન્યાયથી વ્યવહાર કરવો, જુગાર રમવો, પરસ્ત્રીગમન કરવું વગેરે દૃષ્ટ ઉપદ્રવનાં કારણો છે. આ કારણો આ લોકમાં પણ જેને સર્વ લોકો જાણે છે એવી વિવિધ પ્રકારની વિડંબનાનાં સ્થાનો છે. મદિરાપાન અને માંસભક્ષણ વગેરે અદૃષ્ટ ઉપદ્રવોનાં કારણો છે. આ કારણોથી નરક વગેરેમાં દુઃખ ભોગવવા રૂપ ફલની પ્રાપ્તિ થાય છે એમ શાસ્ત્રમાં જણાવ્યું છે. આનો સારાંશ એ છે કે- આત્માને દૃષ્ટ અને અદૃષ્ટ ઉપદ્રવોનાં કારણોથી દૂર રાખવો. (૧૩)

तथा– **(४) शिष्टचरितप्रशंसनम् ॥१४॥ इति ।**

शिष्यन्ते स्म **शिष्टाः** वृत्तस्थ-ज्ञानवृद्धपुरुषविशेषसंनिधानोपलब्धविशुद्धशिक्षा मनुजविशेषाः, तेषां **चरितम्** आचरणं शिष्टचरितम्, यथा –

लोकापवादभीरुत्वं, दीनाभ्युद्धरणादरः ।
कृतज्ञता सुदाक्षिण्यं, सदाचारः प्रकीर्त्तितः ॥९॥
सर्वत्र निन्दासंत्यागो, वर्णवादश्च साधुषु।
आपद्यदैन्यमत्यन्तं, तद्वत् संपदि नम्रता ॥१०॥
प्रस्तावे मितभाषित्वमविसंवादनं तथा।
प्रतिपन्नक्रिया चेति, कुलधर्मानुपालनम् ॥११॥
असद्व्ययपरित्यागः, स्थाने चैव क्रिया सदा ।
प्रधानकार्ये निर्बन्धः, प्रमादस्य विवर्जनम् ॥१२॥
लोकाचारानुवृत्तिश्च, सर्वत्रौचित्यपालनम्।
प्रवृत्तिर्गर्हिते नेति, प्राणैः कण्ठगतैरपि ॥१३॥ (योगबिन्दौ १२६-१३०) इत्यादि ।

तस्य **प्रशंसनं** प्रशंसा, पुरस्कार इत्यर्थः, यथा–

गुणेषु यत्नः क्रियतां, किमाटोपैः प्रयोजनम्? ।
विक्रीयन्ते न घण्टाभिर्गावः क्षीरविवर्जिताः ॥१४॥ ( ) तथा
शुद्धाः प्रसिद्धिमायान्ति, लघवोऽपीह नेतरे।
तमस्यपि विलोक्यन्ते, दन्तिदन्ता न दन्तिनः ॥१५॥ ( ) इत्यादि ।

**શિષ્ટોના આચારોની પ્રશંસા કરવી.** જે શિક્ષણ પામેલા હોય તે શિષ્ટ, અર્થાત્ સદાચારી અને જ્ઞાનવૃદ્ધ એવા વિશિષ્ટ પુરુષની પાસે જેમણે વિશુદ્ધ શિક્ષા મેળવી છે તે વિશિષ્ટ પુરુષો શિષ્ટ કહેવાય છે. તેમના આચારો આ પ્રમાણે છેઃ- (૧) લોકાપવાદથી ભય (૨) દીન (વગેરે) માણસોનો ઉદ્ધાર કરવામાં આદર (૩) કૃતજ્ઞતા (૪) સુદાક્ષિણ્ય (૫) સર્વ સ્થળે નિંદાનો ત્યાગ (૬) સજ્જન પુરુષોની પ્રશંસા (૭) આપત્તિમાં દીનતાનો અભાવ (૮) સંપત્તિમાં નમ્રતા (૯) અવસરે અલ્પ બોલવું (૧૦) વિસંવાદી વચનનો ત્યાગ (૧૧) સ્વીકારેલા વ્રત-નિયમાદિનું પાલન (૧૨) અવિરુદ્ધ એવા કુલાચારનું પાલન (૧૩) બિનજરૂરી ધનવ્યયનો ત્યાગ (૧૪) સદા ધર્મકાર્યમાં ધનનો વ્યય (૧૫) જેમા વિશિષ્ટ ફળ મળે તેવા કાર્યમાં આગ્રહ (૧૬) મદ્યપાન વગેરે પ્રમાદનો ત્યાગ (૧૭) બહુ જનમાં રૂઢ બનેલા અને અવિરોધિ એવા લોકવ્યવહારનું પાલન (૧૮) બધા સ્થળે ઔચિત્યનું પાલન (૧૯) કંઠે પ્રાણ આવ્યા હોય તો પણ નિંદિત કાર્યમાં પ્રવૃત્તિ ન કરવી, આ શિષ્ટપુરુષોના સદાચારો છે. તેમની પ્રશંસા કરવી. જેમ કે **"ગુણો મેળવવામાં પ્રયત્ન કરો, બાહ્ય આડંબરનું શું કામ છે? ઘંટ બાંધવા છતાં દૂધ રહિત ગાયો વેચાતી નથી."** તથા **"આ જગતમાં નાના હોય તો પણ શુદ્ધ માણસો પ્રસિદ્ધિને પામે છે, મોટા હોય તો પણ અશુદ્ધ માણસો પ્રસિદ્ધિને પામતા નથી. અંધારામાં પણ હાથીના દાંતો દેખાય છે, પણ હાથીઓ દેખાતા નથી."** (૧૪)

तथा–

## (५) अरिषड्वर्गत्यागेनाविरुद्धार्थप्रतिपत्त्येन्द्रियजयः ॥१५॥ इति ।

अयुक्तितः प्रयुक्ताः काम-क्रोध-लोभ-मान-मद-हर्षाः शिष्टगृहस्थानामन्तरङ्गो**ऽरिषड्वर्गः**, तत्र परपरिगृहीतास्वनूढासु वा स्त्रीषु दुरभिसन्धिः कामः, अविचार्य परस्यात्मनो वाऽपायहेतुः क्रोधः, दानार्हेषु स्वधनाप्रदानमकारणपरधनग्रहणं वा लोभः, दुरभिनिवेशामोक्षो युक्तोक्ताग्रहणं वा मानः, कुल-बलैश्वर्य-रूप-विद्याभिरात्माहङ्कारकरणं परप्रधर्षनिबन्धनं वा मदः, निर्निमित्तमन्यस्य दुःखोत्पादनेन स्वस्य द्यूत-पापर्द्ध्याद्यनर्थसंश्रयेण वा मनःप्रीतिजननो हर्षः, ततोऽस्य अरिषड्वर्गस्य **त्यागः** प्रोज्झनम्, तेन, **अविरुद्धानां** गृहस्थावस्थोचितधर्मार्थाभ्यां विरोधमनागताना**मर्थानां** शब्दादीनां श्रोत्रादीन्द्रियविषयभावापन्नानां **प्रतिपत्तिः** अङ्गीकरणम् अविरुद्धार्थप्रतिपत्तिः, तया, **इन्द्रियजयः**

अत्यन्तासक्तिपरिहोरण श्रोत्रादीन्द्रियविकारनिरोधः, सर्वेन्द्रियार्थनिरोधेन पुनर्यो धर्मः स यतीनामेवाधिकरिष्यते, इह तु सामान्यरूपगृहस्थधर्म एवाधिकृतस्तेनैवमुक्तमिति ॥१५॥

**છ શત્રુવર્ગનો ત્યાગ કરીને અવિરુદ્ધ અર્થના સ્વીકારથી ઈંદ્રિયજય કરવો.**

**છ શત્રુવર્ગનો ત્યાગ :** અયોગ્ય રીતે યોજેલા કામ, ક્રોધ, લોભ, માન, મદ અને હર્ષ એ છ શિષ્ટ ગૃહસ્થોનો આંતરિક શત્રુવર્ગ છે. બીજાએ સ્વીકારેલી કે પરણેલી સ્ત્રીઓ ઉપર દુષ્ટ અધ્યવસાય કરવો એ કામ કહેવાય છે. જે વિચાર્યા વિના કરવામાં આવે અને બીજાના કે પોતાના અનર્થનું કારણ બને તે ક્રોધ કહેવાય છે. દાન આપવાને યોગ્ય જીવોને દાન ન આપવું અથવા નિષ્કારણ પરધન લેવું તે લોભ કહેવાય છે. દુરાગ્રહને ન મૂકવો અથવા અન્યના યુક્ત વચનને ન સ્વીકારવું તે માન કહેવાય છે. કુલ, બલ, ઐશ્વર્ય, રૂપ અને વિદ્યાથી આત્મામાં અહંકાર કરવો તે, અથવા બીજાના અપમાનનું કારણ બને તે, મદ કહેવાય છે. કારણ વિના જ બીજાને દુઃખ ઉત્પન્ન કરીને અથવા જુગાર અને શિકાર વગેરે અનર્થનો આશ્રય લઈને મનમાં પ્રીતિ ઉત્પન્ન થાય તે હર્ષ કહેવાય છે. આ છ શત્રુવર્ગનો ત્યાગ કરવો જોઈએ.

**અવિરુદ્ધ અર્થનો સ્વીકાર :** અવિરુદ્ધ એટલે ગૃહસ્થાવસ્થાને ઉચિત જે ધર્મ પુરુષાર્થ અને અર્થ પુરુષાર્થ એ બે પુરુષાર્થોની સાથે વિરોધી ન બનેલા. અર્થ એટલે શ્રોત્ર (કાન) વગેરે ઈંદ્રિયોના શબ્દ વગેરે વિષયો. સ્વીકાર એટલે ઉપભોગ. આનો ભાવાર્થ એ થયો કે- ધર્મ પુરુષાર્થ અને ધનપુરુષાર્થને બાધ ન પહોંચે તે રીતે વિષયોનો ઉપભોગ કરવો તે અવિરુદ્ધ અર્થનો સ્વીકાર કહેવાય.

**ઈંદ્રિયજયઃ** વિષયોમાં અત્યંત આસક્તિનો ત્યાગ કરીને શ્રોત્ર વગેરે ઈંદ્રિયોના વિકારનો નિરોધ કરવો (= કાબુમાં લેવો) તે ઈંદ્રિયજય છે.

**ભાવાર્થઃ** અહીં સામાન્ય ગૃહસ્થધર્મને ઉચિત ઈંદ્રિયજયનું સ્વરૂપ બતાવવામાં આવ્યું છે. તેમાં મુખ્ય બે મુદ્દા છે. એક મુદ્દો એ છે કે ધર્મપુરુષાર્થ અને ધન પુરુષાર્થને બાધ ન પહોંચે તે રીતે વિષયોનો ઉપભોગ કરવો. બીજો મુદ્દો એ છે કે વિષયોમાં અત્યંત આસક્તિ ન કરવી. *અહીં જણાવેલા ઈંદ્રિયજયના સ્વરૂપમાં સર્વ વિષયોના* ઉપભોગનો સર્વથા નિષેધ કરવામાં આવ્યો નથી. કારણ કે સર્વ વિષયોના ઉપભોગનો સર્વથા નિષેધ રૂપ ધર્મનો અધિકાર યતિઓને જ હોય છે, અને તે આગળ કહેવામાં આવશે. અહીં તો સામાન્ય ગૃહસ્થ ધર્મનો જ અધિકાર ચાલી

રહ્યો છે. (૧૫)

તથા– **(६) उपप्लुतस्थानत्यागः ॥१६॥ इति ।**

**उपप्लुतं** स्वचक्र-परचक्रविक्षोभात् दुर्भिक्ष-मारीति-जनविरोधादेश्चास्वस्थीभूतं यत् **स्थानं** निवासभूमिलक्षणं ग्राम-नगरादि तस्य **त्यागः**, अत्यज्यमाने हि तस्मिन् धर्मार्थकामानां तत्र प्रवृत्तोपप्लववशेन पूर्वलब्धानां विनाशसंभवेन नवानां चानुपार्जनेनोभयोरपि लोकयोरनर्थ एवोपपद्यते इति ॥१६॥

**ઉપદ્રવવાળા સ્થાનનો ત્યાગ કરવો.** પોતાના નિવાસ સ્થાન રૂપ ગામ - નગર વગેરે જે સ્થાન સ્વરાજ્ય કે પરરાજ્યના સંઘર્ષથી અથવા તો દુકાળ, ★ મારિ, ઈતિ,• લોકવિરોધ આદિથી અસ્વસ્થ થયેલું હોય = અશાંતિવાળું થયેલું હોય તે સ્થાનનો ત્યાગ કરવો. કારણકે તે સ્થાન છોડવામાં ન આવે તો ત્યાં થયેલ ઉપદ્રવના કારણે ધર્મ, અર્થ (= ધન) અને કામ (= વિષયસુખો) જે પૂર્વે મેળવેલા હોય તેનો વિનાશ થાય અને નવા ઉપાર્જન કરી શકાય નહિ. આથી આ લોક અને પરલોક એમ બંને લોકમાં અનર્થ જ થાય. (૧૬)

તથા– **(७) स्वयोग्यस्याऽऽश्रयणम् ॥१७॥ इति ।**

**स्वस्य** आत्मनो **योग्यस्य** उचितस्य रक्षाकरस्य राजादेरपूर्वलाभसंपादन-लब्धरक्षणक्षमस्य **आश्रयणं** 'रक्षणीयोऽहं भवताम्' इत्यात्मसमर्पणम्, यत उक्तम्– स्वामिमूलाः सर्वाः प्रकृतयः, अमूलेषु तरुषु किं कुर्यात् पुरुषप्रयत्नः (नीतिवाक्या ०) इति। स्वामी च धार्मिकः कुलाचाराभिजनविशुद्धः प्रतापवान् न्यायानुगतश्च कार्य इति ॥१७॥

**પોતાને યોગ્ય હોય તેવા પુરુષનો આશ્રય કરવો.** પોતાને યોગ્ય એટલે જે પોતાનું રક્ષણ કરી શકે તેવા, અર્થાત્ નવો લાભ મેળવી આપવામાં અને મેળવેલાનું રક્ષણ કરવામાં સમર્થ હોય તેવા રાજા વગેરે યોગ્ય પુરુષ છે. તેમનો આશ્રય કરવો એટલે ''હું તમારાથી રક્ષા કરવા યોગ્ય છું'' એ રીતે આત્મસમર્પણ કરવું. રક્ષણ

★ મારિ એટલે મરકી - કોલેરા વગેરેનો ઉપદ્રવ.

• અતિવૃષ્ટિ, અનાવૃષ્ટિ, ઉંદર, તીડ, શુડા અને સ્વરાજ્ય અને પરરાજ્ય એ છ ઈતિ (ઉપદ્રવો) છે.

કરી શકે તેવા રાજા વગેરેનો આશ્રય કરવો જોઈએ. આ વિષે કહ્યું છે કે - **"સર્વ પ્રજાઓનું મૂલ (બલવાન) સ્વામી છે. મૂલ રહિત વૃક્ષોમાં પુરુષનો પ્રયત્ન શું કરે"?** અર્થાત્ જેમ મજબૂત મૂળિયા વિનાનાં વૃક્ષોમાં પુરુષનો પ્રયત્ન નિષ્ફળ બને તેમ સ્વામી સમર્થ ન હોય તો તેના આશ્રયથી લાભ ન થાય. આથી જે પુરુષ ધાર્મિક હોય, કુલાચાર અને ઉત્તમ કુલથી વિશુદ્ધ હોય, પ્રતાપી હોય અને ન્યાયસંપન્ન હોય તેને સ્વામી કરવો. (૧૭)

तथा– **(८) प्रधानसाधुपरिग्रहः ॥१८॥ इति ।**

**प्रधानानाम्** अन्वयगुणेन सौजन्य - दाक्षिण्य - कृतज्ञतादिभिश्च गुणैरुत्तमानां **साधूनां** सदाचाराभिनिवेशवतां **परिग्रहः** स्वीकरणम्, क्षुद्रपरिवारो हि पुरुषः सर्पवानाश्रय इव न कस्यापि सेव्यः स्यात्, तथा उत्तमपरिग्रहेणैव 'गुणवान्' इति पुरुषस्य प्रसिद्धिरुत्पद्यते, यथोक्तम् –

गुणवानिति प्रसिद्धिः संनिहितैरेव भवति गुणवद्भिः।
ख्यातो मधुर्जगत्यपि सुमनोभिः सुरभिभिः सुरभिः ॥१६ ॥ (          ) इति ॥१८॥

**પ્રધાન અને શ્રેષ્ઠ પુરુષોનો સ્વીકાર કરવો.** પ્રધાન એટલે વંશના ગુણથી તથા સૌજન્ય, દાક્ષિણ્ય અને કૃતજ્ઞતા વગેરે ગુણોથી ઉત્તમ. શ્રેષ્ઠ એટલે સદાચારના આગ્રહવાળા. આવા પુરુષોને સ્વીકારવા, એટલે કે પોતાના પરિવાર તરીકે રાખવા. કારણ કે ક્ષુદ્ર પરિવારવાળો પુરુષ સર્પવાળા સ્થાનની જેમ કોઈને પણ સેવવા યોગ્ય ન થાય. તથા ઉત્તમ પુરુષોને સ્વીકારવાથી જ પુરુષની ''આ ગુણવાન છે'' એવી પ્રસિદ્ધિ થાય છે. આ વિષે કહ્યું છે કે - **"નજીકમાં રહેલા ગુણવાન પુરુષોથી જ " આ ગુણવાન છે" એવી પ્રસિદ્ધિ થાય છે. જગતમાં પણ સુગંધી પુષ્પોથી જ વસંતઋતુની 'સુરભિ' તરીકે પ્રસિદ્ધિ થઈ છે."** (૧૮)

तथा– **(९) स्थाने गृहकरणम् ॥१९॥ इति ।**

**स्थाने** वक्ष्यमाणलक्षणास्थानविलक्षणे ग्राम-नगरादिभागे **गृहस्य** स्वनिवासस्य **करणं** विधानमिति ॥१९॥

**ઉચિત સ્થાને ઘર કરવું.** અનુચિત સ્થાનનું લક્ષણ હવે કહેવામાં આવશે, એવા અનુચિત સ્થાનથી વિપરીત સ્થાનમાં ગ્રામ, નગર આદિમાં પોતાનું ઘર (=

નિવાસ) કરવું. (૧૯)

अस्थानमेव व्यनक्ति–

**अतिप्रकटातिगुप्तमस्थानमनुचितप्रातिवेश्यं च ॥२०॥ इति ।**

तत्राऽ**तिप्रकटम्** असन्निहितगृहान्तरतयाऽतिप्रकाशम्, अतिगुप्तं गृहान्तरैरेव सर्वतोऽतिसन्निहितैरनुपलक्ष्यमाणद्वारादिविभागतयाऽतीव प्रच्छन्नम्, ततः अतिप्रकटं चातिगुप्तं चेत्यतिप्रकटातिगुप्तम्, किमित्याह– **अस्थानम्** अनुचितं गृहकरणस्य, तथा **अनुचितप्रातिवेश्यं च,** प्रतिवेशिनः सन्निहितद्वितीयादिगृहवासिनः कर्म भावो वा प्रातिवेश्यम्, **अनुचितं** द्यूतादिव्यसनोपहततया धार्मिकाणामयोग्यं प्रातिवेश्यं यत्र त**दनुचितप्रातिवेश्यम्, चः** समुच्चये, किं पुनः कारणमतिप्रकटादि अस्थानमिति ? उच्यते- अतिप्रकटे प्रदेशे गृहं क्रियमाणं परिपार्श्वतो निरावरणतया चौरादयो निःशङ्कमनसोऽभिभवितुमुत्सहन्ते, अतिगुप्तं पुनः सर्वतो गृहान्तरैरतिनिरुद्धत्वान्न स्वशोभां लभते, प्रदीपनकाद्युपद्रवेषु च दुःखनिर्गम-प्रवेशं भवति, अनुचितप्रातिवेश्यत्वे पुनः "संसर्गजा दोष-गुणा भवन्ति" ( ) इति वचनात् कुशीलप्रातिवेशिकलोकालाप-दर्शन-सहवासदोषवशात् स्वतः सगुणस्यापि जीवस्य निश्चितं गुणहानिरुत्पद्यते इति तन्निषेधः ॥२०॥

**અનુચિત સ્થાનને સ્પષ્ટ કરે છે:-**

**અતિપ્રગટ અને અતિગુપ્ત તથા અયોગ્ય પાડોશીવાળું સ્થાન અનુચિત સ્થાન છે. અતિપ્રગટ** = નજીકમાં બીજાં ઘરો ન હોવાના કારણે અતિ ખુલ્લું. **અતિગુપ્ત** = ચારે બાજુ અતિ નજીકમાં બીજાં ઘરો હોવાના કારણે બારણાં વગેરેનો વિભાગ ન દેખાવાથી અતિશય ગુપ્ત. જ્યાં પાડોશીઓ જુગાર વગેરે વ્યસનવાળા હોય તેવું સ્થાન ધાર્મિક પુરુષોને માટે અયોગ્ય છે.

**પ્રશ્ન** : અતિપ્રગટ વગેરે પ્રકારનું સ્થાન અનુચિત કેમ છે? **ઉત્તર** : અતિ પ્રગટ સ્થાનમાં ઘર કરવામાં આવે તો ચારે બાજુ ખુલ્લું હોવાથી ચોર વગેરે નિઃશંક-પણે પરાભવ કરવા ઉત્સાહિત થાય. તથા અતિગુપ્ત ઘર ચારે બાજુથી બીજા ઘરોથી અત્યંત ઘેરાયેલું હોવાના કારણે શોભા પામતું નથી, અને આગ વગેરે ઉપદ્રવ પ્રસંગે નીકળવામાં અને પ્રવેશવામાં મુશ્કેલી થાય. અયોગ્ય પડોશીવાળા સ્થાનમાં તો "સંગથી દોષો અને ગુણો થાય છે" એ વચન પ્રમાણે કુશીલ પડોશી લોકોની સાથે બોલવું, તેમને જોવા અને તેમનો સહવાસ કરવારૂપ દોષથી જે પોતાની મેળે

ગુણવાન બન્યા હોય તેવા જીવોને પણ નિયમા ગુણોની હાનિ થાય. આથી આવા સ્થાનમાં નિવાસ કરવાનો નિષેધ કર્યો છે. (૨૦)

स्थानेऽपि गृहकरणे विशेषविधिमाह–

**लक्षणोपेतगृहवासः ॥२१॥ इति ।**

**लक्षणैः** प्रशस्तवास्तुस्वरूपसूचकैर्बहलदूर्वा-प्रवाल-कुशस्तम्ब-प्रशस्तवर्णगन्धमृत्तिका-सुस्वादजलोद्गम-निधानादियुक्तक्षितिप्रतिष्ठितत्व-वेधविरहादिभिः **उपेतं** समन्वितम्, तच्च तद् **गृहं च, तत्र वासः** अवस्थानम्, निर्लक्षणे हि गृहे वसतां सतां विभवविनाशादयो नानाविधा जनप्रसिद्धा एव दोषाः संपद्यन्ते, गृहलक्षणानामेव समीहितसिद्धौ प्रधानसाधनत्वात् ॥२१॥

**ઉચિત સ્થાનમાં પણ ઘર કરવામાં વિશેષ વિધિ કહે છેઃ-**

**લક્ષણોથી યુક્ત ઘરમાં રહેવું.** જે ભૂમિમાં ધ્રોખડનાં ઘણાં અંકુરા ફૂટતા હોય, દર્ભ નામના ઘાસનાં ભોથાં હોય, માટી ઉત્તમ વર્ણ અને ગંધથી યુક્ત હોય, સ્વાદિષ્ટ પાણી નીકળતું હોય, નિધાન રહેલું હોય તેવી ભૂમિ ઉપર ઘર બાંધ્યું હોય અને શિલ્પશાસ્ત્રની દૃષ્ટિએ વેધ નામનો દોષ ન હોય ઈત્યાદિ લક્ષણો વસવા લાયક ઉત્તમ ભૂમિના સ્વરૂપને સૂચવનારાં છે. આ લક્ષણોથી યુક્ત ઘરમાં વાસ કરવો. કારણ કે લક્ષણરહિત ઘરમાં રહેનારાઓને વૈભવનો નાશ વગેરે અનેક પ્રકારના દોષો થાય છે. આ દોષો લોકમાં પ્રસિદ્ધ જ છે. ઘરનાં (શુભ) લક્ષણો જ ઈષ્ટસિદ્ધિનું મુખ્ય સાધન છે. (૨૧)

ननु कथं गृहलक्षणानामेव निःसंशयोऽवगमः? इत्याह–

**निमित्तपरीक्षा ॥२२॥ इति ।**

**निमित्तैः** शकुन-स्वप्नोपश्रुतिप्रभृतिभिः अतीन्द्रियार्थपरिज्ञानहेतुभिः **परीक्षा, परी**ति सर्वतः सन्देह-विपर्यया-ऽनध्यवसायविज्ञानदोषपरिहारेण ***ईक्षणम्*** *अवलोकनं गृहलक्षणानां* कार्यमिति ॥२२॥

**ઘરનાં લક્ષણોનું સંશય રહિત જ્ઞાન કેવી રીતે થાય એ શંકાને દૂર કરવા કહે છેઃ-**

**નિમિત્તોથી ઘરનાં લક્ષણોની પરીક્ષા કરવી,** અર્થાત્ ઈંદ્રિયોથી ન જાણી શકાય

તેવી વસ્તુઓનું સૂક્ષ્મજ્ઞાન કરવામાં હેતુ એવા શુકન, સ્વપ્ન, શબ્દશ્રવણ વગેરે જે નિમિત્તો, તે નિમિત્તોથી ઘરનાં લક્ષણોની પરીક્ષા કરવી. પરીક્ષા કરવી એટલે યથાર્થ જ્ઞાન થવામાં બાધક એવા • સંદેહ, વિપર્યય અને અનધ્યવસાય દોષનો ત્યાગ કરીને બરોબર નિરીક્ષણ કરવું. (૨૨)

तथा– **अनेकनिर्गमादिवर्जनम् ॥२३॥ इति ।**

**अनेके** बहवः ये **निर्गमाः** निर्गमद्वाराणि, **आदि**शब्दात् प्रवेशद्वाराणि च, तेषां **वर्जनम्** अकरणम्, अनेकेषु हि निर्गमादिषु अनुपलक्ष्यमाणनिर्गम–प्रवेशानां तथाविधलोकानामापाते सम्यग्गृहरक्षाऽभावेन स्त्र्यादिजनस्य विभवस्य च विप्लव एव स्यात्, निबिडतरगृहद्वाररक्षयैव तेऽनवकाशा भवन्ति, परिमितप्रवेश-निर्गमं च गृहं सुखरक्षं भवतीति ॥२३॥

**ઘરમાં નિર્ગમદ્વાર આદિ અનેક ન રાખવાં.** નિર્ગમદ્વારો એટલે ઘરમાંથી નીકળવાનાં બારણાં. આદિ શબ્દથી પ્રવેશદ્વારો પણ અનેક ન રાખવાં. જો નિર્ગમદ્વારો અને પ્રવેશદ્વારો અનેક હોય તો તેવા અવસરે તેવા દુષ્ટ માણસો ઘરમાંથી નીકળે અને ઘરમાં પ્રવેશે તેની ખબર ન પડે. આથી આવા માણસો આવે ત્યારે ઘરની રક્ષા બરોબર ન થવાથી સ્ત્રીજન આદિ ઉપર બલાત્કાર થાય, ધન ચોરાય વગેરે ઉપદ્રવ થાય. ગૃહદ્વારની અતિશય દૃઢ રક્ષા કરવાથી જ દુષ્ટ માણસોને અંદર પ્રવેશવાનો અવકાશ ન મળે. જે ઘરમાં પ્રવેશદ્વારો અને નિર્ગમદ્વારો પરિમિત હોય તે ઘરની રક્ષા સુખપૂર્વક કરી શકાય. (૨૩)

तथा– **१०) विभवाद्यनुरूपो वेषो विरुद्धत्यागेन ॥२४॥ इति ।**

**विभवादीनां** वित्त-वयो-ऽवस्था-निवासस्थानादीना**मनुरूपः** लोकपरिहासाद्यनास्पदतया योग्यः **वेषः** वस्त्रादिनेपथ्यलक्षणः **विरुद्धस्य** जङ्घार्द्धोद्घाटन-शिरोवेष्टनाञ्चलदेशोर्ध्वमुखन्यसना-ऽत्यन्तगाढाङ्गिकालक्षणस्य विटचेष्टास्पष्टतानिमित्तस्य वेषस्यैव **त्यागेन** अनासेवनेन, प्रसन्ननेपथ्यो हि पुमान् मङ्गलमूर्त्तिर्भवति, मङ्गलाच्च

• પરસ્પર બે વિરુદ્ધ વસ્તુનું જ્ઞાન તે સંદેહ. જેમકે - આ દોરડું છે કે સાપ? યથાર્થ વસ્તુના સ્વરૂપથી વિરુદ્ધ હોય તેવું ''આ આમ જ છે'' એવું એક પ્રકારનું જ્ઞાન તે વિપર્યય. જેમકે - દોરડામાં આ સર્પ છે એવું જ્ઞાન. નિશ્ચયરહિત ''આ કાંઈક છે'' એવું જ્ઞાન તે અનધ્યવસાય. જેમકે અંધારામાં ''અહીં કાંઈક છે'' એવું જ્ઞાન.

श्रीसमुत्पत्तिः, यथोक्तम् –

श्रीर्मङ्गलात् प्रभवति, प्रागल्भ्याच्च प्रवर्द्धते ।
दाक्ष्यात् तु कुरुते मूलं, संयमात् प्रतितिष्ठति ॥१७॥
(महाभारते उद्योगपर्वणि ५/३५/४४)

मूलमित्यनुबन्धम्, प्रतितिष्ठतीति प्रतिष्ठां लभते ॥२४॥

**વૈભવ આદિને અનુરૂપ વેષ પહેરવો અને વિરુદ્ધ વેષનો ત્યાગ કરવો.** ધન, ઉંમર, દરજ્જો અને નિવાસસ્થાન આદિને અનુરૂપ એટલે કે લોકપરિહાસનું સ્થાન ન બને તેવો યોગ્ય વસ્ત્ર વગેરેનો પોષાક પહેરવો. જેમાં જાર કે હલકા પુરુષની ચેષ્ટા સ્પષ્ટ જણાતી હોય તેવો વેષ વિરુદ્ધ વેષ છે. જેમકે– પગની જંઘાનો અર્ધો ભાગ ખુલ્લો રહે, પાઘડીના છેડાનો ભાગ તેનું મુખ ઉપર રહે તેમ મૂકવો, બંડી કે કાંચળી અત્યંત ચૂસ્ત પહેરવી, આવા વિરુદ્ધ વેષનો ત્યાગ કરવો. સ્વચ્છ પોષાકવાળો પુરુષ મંગલમૂર્તિ થાય છે, અને મંગલથી લક્ષ્મીની ઉત્પત્તિ થાય છે. કહ્યું છે કે **"લક્ષ્મી મંગલથી ઉત્પન્ન થાય છે, સાહસથી વધે છે, ચતુરાઈથી અનુબંધ કરે છે (= પરંપરા ચાલે છે.), અને સંયમથી સ્થિર થાય છે."** (૨૪)

तथा– **(११) आयोचितो व्ययः ॥२५॥ इति ।**

**आयस्य** वृद्ध्यादिप्रयुक्तधन-धान्याद्युपचयरूपस्य **उचितः** चतुर्भागादितया योग्यः वित्तस्य **व्ययः** भर्तव्यभरण-स्वभोग-देवा-ऽतिथिपूजनादिप्रयोजनेषु विनियोजनम्, तथा च नीतिशास्त्रम्–

पादमायान्निधिं कुर्यात् पादं वित्ताय घट्टयेत्।
धर्मोपभोगयोः पादं, पादं भर्तव्यपोषणे ॥१८॥ तथा
आयादर्द्धं नियुञ्जीत, धर्मे समधिकं ततः।
शेषेण शेषं कुर्वीत, यत्नतस्तुच्छमैहिकम् ॥१९॥ ( )

आयानुचितो हि व्ययो रोग इव शरीरं कृशीकृत्य विभवसारमखिलव्यवहारासमर्थं पुरुषं करोति, पठ्यते च–

आयव्ययमनालोच्य, यस्तु वैश्रवणायते।
अचिरेणैव कालेन, सोऽत्र वै •श्रवणायते ॥२०॥२५॥ ( )

• અહીં "શ્રમણાયતે" એવો પાઠ પણ છે. એ પાઠ પ્રમાણે "સાધુના જેવું આચરણ કરે છે" એવો અર્થ થાય.

**આય પ્રમાણે વ્યય કરવો.** વ્યાજ આદિમાં યોજેલા ધન અને ધાન્ય આદિની વૃદ્ધિ એ આય છે. (આય, આવક, કમાણી વગેરે શબ્દોનો એક જ અર્થ છે.) પોષણ કરવા યોગ્ય માણસોનું પોષણ કરવું, પોતે સુખો ભોગવવા, દેવપૂજા અને અતિથિપૂજા વગેરે કાર્યોમાં ધનનો ખર્ચ કરવો તે વ્યય છે. આય પ્રમાણે વ્યય કરવો એટલે આવકનો ચોથો ભાગ ઈત્યાદિ ખર્ચ કરવો. આ વિષે નીતિશાસ્ત્રમાં આ પ્રમાણે કહ્યું છેઃ - **"(મધ્યમ આવકવાળો ગૃહસ્થ) પોતાની આવકનો ચોથો ભાગ નિધાન રૂપે રાખી મૂકે, ચોથો ભાગ નવી કમાણી કરવામાં રોકે, ચોથો ભાગ ધર્મમાં અને પોતાના ઉપભોગમાં વાપરે અને ચોથો ભાગ પોષણ કરવા લાયક કુટુંબના પોષણમાં ખર્ચે. તથા (બહુ સુખી ગૃહસ્થ) આવકનો અર્ધાથી પણ કંઈક અધિક ભાગ ધર્મમાં વાપરે, બાકી રહેલા ધનથી બાકીના આ લોકના નિઃસાર કાર્યો પ્રયત્ન પૂર્વક કરે."** આવકને અનુચિત ( = આવકથી વધારે) વ્યય વૈભવવાળા પણ પુરુષને સર્વ વ્યવહાર કરવામાં અસમર્થ કરે છે. આ વિષે કહ્યું છે કે - **"આય-વ્યયનો વિચાર કર્યા વિના જે પુરુષ કુબેરની જેમ વર્તે છે, અર્થાત્ ગમે તેમ ખર્ચ કરે છે, તે થોડા જ કાળમાં આ જગતમાં માત્ર સાંભળે છે, અર્થાત્ 'આ ધનાઢ્ય હતો' એમ માત્ર સાંભળે છે. પણ ધનાઢ્ય તરીકે રહેતો નથી."** (૨૫)

तथा– **(१२) प्रसिद्धदेशाचारपालनम् ॥२६॥ इति ।**

**प्रसिद्धस्य** तथाविधापरशिष्टसंमततया दूरं रूढिमागतस्य **देशाचारस्य** सकलमण्डलव्यवहाररूपस्य भोजना-ऽऽच्छादनादिविचित्रक्रियात्मकस्य **पालनम्** अनुवर्त्तनम्, अन्यथा तदाचारातिलङ्घने तद्देशवासिजनतया सह विरोधसंभवेनाकल्याणलाभः स्यादिति। पठन्ति चात्र लौकिकाः–

यद्यपि सकलां योगी, छिद्रां पश्यति मेदिनीम्।
तथाऽपि लौकिकाचारं, मनसाऽपि न लङ्घयेत् ॥२६॥ (           ) इति।

**પ્રસિદ્ધ દેશાચારોનું પાલન કરવું.** તેવા પ્રકારના બીજા શિષ્ટ પુરુષોને સંમત હોવાના કારણે લાંબા કાળથીરૂઢ બની ગયેલા દેશના આચારો એટલે કે ભોજન અને વસ્ત્ર આદિની વિવિધ ક્રિયા રૂપ જે વ્યવહારો તેનું પાલન કરવું જોઈએ. પ્રસિદ્ધ દેશાચારોનું ઉલ્લંઘન કરવામાં તે દેશમાં રહેનારા લોકોની સાથે વિરોધ થવાનો સંભવ રહે અને એનાથી અહિત થાય. આ વિષે લૌકિક વિદ્વાનો કહે છે કે-**"જો**

**કે યોગી સઘળી પૃથ્વીને છિદ્રવાળી (=દોષોવાળી) જુએ છે, તો પણ તે યોગીએ મનથી પણ લૌકિક આચારોને ન ઉલ્લંઘવા જોઈએ."** (૨૬)

तथा- **(१३) गर्हितेषु गाढमप्रवृत्तिः ॥२७॥ इति ।**

**गर्हितेषु** लोक-लोकोत्तरयोरनादरणीयतया निन्दनीयेषु मद्य-मांससेवन-पररामाभिगमनादिषु पापस्थानेषु **गाढम्** अत्यर्थम् **अप्रवृत्तिः** मनोवाक्कायानामनवतारः। आचारशुद्धौ हि सामान्यायामपि कुलाद्युत्पत्तौ पुरुषस्य महन्माहात्म्यमुत्पद्यते, यथोक्तम्-न कुलं वृत्तहीनस्य, प्रमाणमिति मे मतिः। अन्त्येष्वपि हि जातानां, वृत्तमेव विशिष्यते ॥२२॥ *(महाभारते उद्योगपर्वणि ५.३४.३९)*, यतः -

निपानमिव मण्डूकाः, सरः पूर्णमिवाण्डजाः।
शुभकर्माणमायान्ति, विवशाः सर्वसम्पदः ॥२३ (          ) २७॥

**નિંદ્ય કાર્યોમાં બિલકુલ પ્રવૃત્તિ ન કરવી.** લોક - લોકોત્તરમાં અનાદરણીય અને નિંદનીય એવા મદ્યપાન, માંસ ભક્ષણ અને પરસ્ત્રીગમન આદિ કાર્યોમાં મન, વચન અને કાયાથી બિલકુલ પ્રવૃત્તિ ન કરવી. સામાન્ય કુળમાં પણ ઉત્પન્ન થયેલ પુરુષમાં જો આચારશુદ્ધિ હોય તો તેનું ઘણું માહાત્મ્ય થાય છે. આ વિષે કહ્યું છે કે - **"સદાચારહીન માણસનું કુલ પ્રમાણ રૂપ નથી એમ મારું માનવું છે. હલકા કુલમાં પણ ઉત્પન્ન થયેલાઓનો સદાચાર જ વિશેષ કરાય છે. અર્થાત્ હલકા કુલમાં પણ ઉત્પન્ન થયેલા માણસોમાં જો સદાચાર હોય તો લોકો તેમને મહત્ત્વ આપે છે."** કારણ કે - **"જેવી રીતે દેડકાઓ જલાશયોમાં આવે છે, અને પક્ષીઓ પાણીનાં સ્થાનો પાસે આવે છે, તે રીતે બધી સંપત્તિઓ શુભ કાર્યો કરનારને આધીન બનીને તેની પાસે આવે છે."** (૨૭)

तथा- **(१४) सर्वेष्ववर्णवादत्यागो विशेषतो राजादिषु ॥२८॥ इति ।**

**सर्वेषु** जघन्योत्तममध्यमभेदभिन्नेषु, प्राणिषु **अवर्णवादस्य** अप्रसिद्धिख्यापनरूपस्य **त्यागः** परिहारः कार्यः, **विशेषतः** अतिशयेन **राजादिषु** राजाऽमात्य - पुरोहितादिषु बहुजनमान्येषु, सामान्यजनापवादे हि स्वस्य द्वेष्यभावो भूयानाविर्भावितो भवति, यत उच्यते- "न परपरिवादादन्यद् विद्वेषणे परं भैषजमस्ति *(नीतिवाक्या० १६/१२) । राजादिषु तु वित्त-प्राणनाशादिरपि दोषः स्यादिति ॥२८॥*

**સર્વની નિંદાનો ત્યાગ કરવો, રાજા વગેરેની નિંદાનો વિશેષથી ત્યાગ કરવો.** જઘન્ય, મધ્યમ અને ઉત્તમ એમ ત્રણ પ્રકારના જીવોમાંથી કોઈની પણ નિંદા ન કરવી, તેમાં પણ ઘણા લોકોને માન્ય હોય તેવા રાજા, મંત્રી અને પુરોહિત વગેરેની તો ખાસ નિંદા ન કરવી. સામાન્ય લોકોની નિંદા કરવાથી લોકોને પોતાના ઉપર ઘણો દ્વેષ ભાવ થાય છે. કારણ કે કહ્યું છે કે - **"દ્વેષભાવ ઉત્પન્ન કરવામાં બીજાની નિંદાથી અન્ય કોઈ ઉત્તમ ઔષધ (= ઉપાય) નથી."** રાજા વગેરેની નિંદા કરવાથી તો ધન અને પ્રાણનો નાશ વગેરે દોષ પણ થાય. (૨૮)

तथा– **(१५) असदाचारैरसंसर्गः ॥२९॥ इति।**

**असदाचारैः** इहलोक-परलोकयोः अहितत्वेन **असन्** असुन्दरः **आचारः** प्रवृत्तिर्येषां ते तथा, ते च द्यूतकारादयः, तैः **असंसर्गः** असंबन्धः, प्रदीपनका-ऽशिव-दुर्भिक्षोपहतदेशादीनामिव तेषां दूरतो वर्जनमित्यर्थः ॥२९॥

**દુરાચારી લોકોની સાથે સંબંધ ન રાખવો.** જે પ્રવૃત્તિ આ લોક અને પરલોકમાં અહિત કરે તે દુરાચાર. જેમ આગનો તથા અશિવ અને દુકાળ વગેરેથી ઘેરાયેલા દેશનો દૂરથી ત્યાગ કરવામાં આવે છે, તેમ જુગારી વગેરે દુરાચારી માણસોનો દૂરથી ત્યાગ કરવો. (૨૯)

एतदेव व्यतिरेकत आह–

**संसर्गः सदाचारैः ॥३०॥ इति।**

प्रतीतार्थमेव, असदाचारसंसर्गवर्जनेऽपि यदि सदाचारसंसर्गो न स्यात् तदा न तथाविधा गुणवृद्धिः संपद्यते इत्येतत् सूत्रमुपन्यस्तम्, उक्तं चैतदर्थानुवादि–

यदि सत्सङ्गनिरतो भविष्यसि भविष्यसि।

अथासज्जनगोष्ठीषु पतिष्यसि पतिष्यसि ॥२४॥ ( ) इति ॥३०॥

**આ જ વિષયને ઉલટી રીતે કહે છેઃ-**

**સદાચારી લોકોની સાથે સંબંધ રાખવો.** અસદાચારી માણસોના સંગને છોડવા છતાં જો સદાચારી માણસોનો સંગ ન થાય તો તેવા પ્રકારની ગુણવૃદ્ધિ ન થાય, માટે સદાચારી માણસોનો સંગ કરવો એવું સૂત્ર મૂક્યું. આ જ અર્થને અનુસરતું શાસ્ત્રવચન આ પ્રમાણે છેઃ- **"જો તું સત્સંગમાં તત્પર થઈશ તો (મહાન) થઈશ,**

**અને જો દુર્જનોની મંડળીમાં પડીશ તો (નીચે) પડીશ.''** (૩૦)

तथा- **(१६) मातापितृपूजा ॥३१॥ इति ।**

**मातापित्रोः** जननी-जनकयोः **पूजा** त्रिसन्ध्यं प्रणामकरणादि, यथोक्तम्–
पूजनं चास्य विज्ञेयं, त्रिसन्ध्यं नमनक्रिया।
तस्यानवसरेऽप्युच्चैश्चेतस्यारोपितस्य तु ॥२५॥ (योगबि० १११) **अस्येति**
माता पिता कलाचार्य, एतेषां ज्ञातयस्तथा।
वृद्धा धर्मोपदेष्टारो, गुरुवर्गः सतां मतः ॥२६॥
(योगबि० ११०) इति श्लोकोक्तस्य गुरुवर्गस्य।
अभ्युत्थानादियोगश्च, तदन्ते निभृतासनम्।
नामग्रहश्च नास्थाने, नावर्णश्रवणं क्वचित् ॥२७॥ (योगबि० ११२) ॥३१॥

**માતા-પિતાની પૂજા કરવી.** ત્રણ સન્ધ્યાએ (સવાર - બપોર - સાંજ) પ્રણામ કરવા વગેરે રીતે માતા - પિતાની પૂજા કરવી. આ વિષે કહ્યું છે કે **''ત્રણ સન્ધ્યાએ પ્રણામ કરવા એ ગુરુવર્ગનું પૂજન જાણવું. જો તેવા પ્રસંગના કારણે સાક્ષાત્ નમસ્કાર કરવાનું ન બને તો ગુરુવર્ગને મનમાં ધારીને પ્રણામ કરવા.''** (યો. બિં. ૧૧૧) **અહીં ગુરુવર્ગ આ પ્રમાણે છેઃ- ''માતા - પિતા, કલાચાર્ય ( = લિપી વગેરે કળાનું શિક્ષણ આપનાર ઉપાધ્યાય), માતા વગેરેના ભાઈ - બહેન વગેરે સંબંધીઓ અને ધર્મોપદેશ આપનાર વૃદ્ધ પુરુષો- આ બધા શિષ્ટપુરુષોને ગુરુવર્ગ તરીકે ઈષ્ટ છે.''** (યો. બિં. ૧૧૦) તથા **''માતા - પિતા વગેરે ગુરુવર્ગ આવે ત્યારે ઊભા થવું, તેમને બેશવા માટે આસન આપવું, બેઠેલા ગુરુવર્ગની (પગ દબાવવા વગેરે) સેવા કરવી, ઈત્યાદિ તેમનો વિનય કરવો, તેમની પાસે બેશવાનું હોય ત્યારે ઉદ્ધતાઈ છોડીને બેશવું, ઝાડો - પેશાબ કરવાના સ્થાન વગેરે અપવિત્ર સ્થાનોમાં તેમનું નામ ન ઉચ્ચારવું, ક્યાંય પણ તેમનો અવર્ણવાદ ન સાંભળવો.** (યોગબિંદુ ૧૧૨) (૩૧)

अथ मातापितृविषयमेवान्यं विनयविशेषमाह–

**आमुष्मिकयोगकारणम्, तदनुज्ञया प्रवृत्तिः, प्रधानाभिनवोपनयनम्, तद्भोगे भोगोऽन्यत्र तदनुचितात् ॥३२॥ इति ।**

**आमुष्मिकाः** परलोकप्रयोजना **योगा** देवतापूजनादयो धर्मव्यापारा

आमुष्मिकयोगास्तेषां **कारणं** स्वयमेवामुष्मिकयोगान् मातापित्रोः कुर्वतोर्हेतुकर्तृभावेन • नियोजनम्, यथा नातः परं भवद्भ्यां कुटुम्बकार्येषु किञ्चिदुत्सहनीयम्, केवलं धर्मकर्मप्रतिबद्धमानसाभ्यामनवरतं भाव्यमिति। तथा **तदनुज्ञया** माता - पितृजनानुमत्या **प्रवृत्तिः** सकलैहिका-ऽऽमुष्मिकव्यापारकरणम्। तथा **प्रधानस्य** वर्ण-गन्धादिभिः सारस्य **अभिनवस्य** च तत्कालसंपन्नस्य पुष्प-फल-वस्त्रादेर्वस्तुनः **उपनयनं** ढौकनं मातापित्रोरेव। तथा **तद्भोगे** मातापितृभोगे अन्नादीनां **भोगः** स्वयमासेवनम्, अत्रापवादमाह- **अन्यत्र** अन्तरेण **तदनुचितात्** तयोः प्रकृतयोरेव मातापित्रोरनुचितात् कुतोऽपि व्रतादिविशेषादिति ॥३२॥

**હવે માતા-પિતા સંબંધી જ બીજા વિનય વિશેષને કહે છેઃ-**

**માતા - પિતાને પરલોકનાં કાર્યો કરાવવા, તેમની સંમતિથી પ્રવૃત્તિ કરવી, ઉત્તમ અને નવી વસ્તુઓ તેમને આપવી, ભોજન વગેરે તેમને કરવાનું હોય તો તેમના કર્યા પછી કરવું.**

માતા - પિતાને પ્રેરણા કરીને પરલોકના હિત માટે દેવપૂજા વગેરે ધર્મનાં કાર્યોમાં જોડવા. જેમકે- તેમને કહેવું કે હવે પછી આપે કુટુંબનાં કાર્યોમાં જરા પણ ઉત્સાહ ન રાખવો, કેવલ ધર્મકાર્યોમાં સતત પ્રતિબદ્ધ ચિત્તવાળા બનવું. આ લોક અને પરલોકનાં સઘળાં કાર્યો માતા-પિતાની સંમતિથી કરવા. માતા-પિતાને પુષ્પ, ફલ, વસ્ત્ર વગેરે વસ્તુઓ વર્ણ અને ગંધ આદિથી સારભૂત હોય એવી ઉત્તમ અને તત્કાલ બની હોય તેવી નવી આપવી. ભોજન વગેરે માતા-પિતાના કર્યા પછી પોતે કરવું. વ્રત વગેરે વિશેષ કારણથી માતા-પિતાને ભોજન વગેરે ન કરવું હોય તો જુદી વાત છે. તે સિવાય તો ભોજન વગેરે તેમના કર્યા પછી જ કરવું. (૩૨)

तथा— **(१७) अनुद्वेजनीया प्रवृत्तिः ॥३३॥ इति ।**

स्वपक्ष-परपक्षयोः **अनुद्वेजनीया** अनुद्वेगहेतुः **प्रवृत्तिः** काय-वाङ्-मनश्चेष्टारूपा, परोद्वेगहेतोर्हि पुरुषस्य न क्वापि समाधिलाभोऽस्ति, अनुरूपफलप्रदत्वात् सर्वप्रवृत्तीनामिति ॥३३॥

**ઉદ્વેગનું કારણ ન બને તેવી પ્રવૃત્તિ કરવી.** સ્વપક્ષ અને પરપક્ષમાં કોઈને

• "तत्प्रयोजको हेतुश्च ।१।४।५५। कर्तुः प्रयोजको हेतुसंज्ञः कर्तृसंज्ञश्च स्यात्" इति पाणिनीयव्याकरणस्य सिद्धान्तकौमुद्याम् ।

પણ ઉદ્વેગનું કારણ ન બને તેવી મન -વચન-કાયાની પ્રવૃત્તિ કરવી. બીજાના ઉદ્વેગમાં કારણ બનનાર પુરુષને ક્યાંય સમાધિની પ્રાપ્તિ થતી નથી. કારણ કે સર્વ પ્રવૃત્તિઓ અનુરૂપ ફલ આપે છે, અર્થાત્ જેવી પ્રવૃત્તિ હોય તેવું ફળ મળે. (૩૩)

तथा– **(१८) भर्तव्यभरणम् ॥३४॥ इति ।**

**भर्तव्यानां** भर्तुं शक्यानां मातापितृ-समाश्रितस्वजनलोक-तथाविधभृत्यप्रभृतीनां **भरणं** पोषणं भर्तव्यभरणम्। तत्र त्रीणि अवश्यं भर्तव्यानि- मातापितरौ सती भार्या अलब्धबलानि चापत्यानि, यत उक्तम्–

वृद्धौ च मातापितरौ सतीं भार्यां सुतान् शिशून्।
अप्यकर्मशतं कृत्वा भर्तव्यान् मनुरब्रवीत् ॥२८॥ (मनुस्मृतौ ११/११)
विभवसंपत्तौ चान्यान्यपि, अत्राप्युक्तम् -
चत्वारि ते तात! गृहे वसन्तु श्रियाभिजुष्टस्य गृहस्थधर्मे।
सखा दरिद्रो भगिनी व्यपत्या ज्ञातिश्च वृद्धो विधनः कुलीनः ॥२९॥
(महाभारते उद्योगपर्वणि ५/३३/५९) इति ॥३४॥

**પોષ્યનું પોષણ કરવું.** પોષ્ય એટલે પોષણ કરવા યોગ્ય. માતા - પિતા, આશ્રિત સ્વજનો અને તેવા નોકર વગેરે પોષણ કરવા લાયકનું પોષણ કરવું. તેમાં પણ માતા-પિતા, સતી પત્ની અને બલહીન (નાના) પુત્રો એ ત્રણનું તો અવશ્ય પોષણ કરવું. કારણ કે આ પ્રમાણે કહ્યું છે- **"વૃદ્ધ માતા - પિતા, સતી પત્ની અને નાના પુત્રો એ ત્રણ સો અકાર્ય કરીને પણ પોષવા લાયક છે એમ મનુએ કહ્યું છે."** વૈભવની પ્રાપ્તિ થાય તો બીજાઓનું પણ પોષણ કરવું. આ વિષે પણ કહ્યું છે કે - **" હે પિતા! દરિદ્ર એવો મિત્ર, પુત્રરહિત બહેન, પોતાની જ્ઞાતિનો વૃદ્ધ અને ધનરહિત કુલીન માણસ આ ચાર ગૃહસ્થધર્મમાં લક્ષ્મીથી યુક્ત તમારા ઘરમાં નિવાસ કરો."** (૩૪)

तथा– **यथोचितं विनियोगः ॥३५॥ इति ।**

तस्य भर्तव्यस्य भृतस्य सतः **यथोचितं** यो यत्र धर्मे कर्मणि वा समुचितः तस्य तत्र **विनियोगः** व्यापारणम्। अव्यापारितो हि परिवारः समुचितानुष्ठानेषु निर्विनोदतया

द्यूतादिव्यसनमप्यभ्यस्येत् निष्फलशक्तिक्षयाच्चाकिञ्चित्करत्वेनावस्त्वपि स्यात्, एवं चासौ नानुगृहीतः स्यादपि तु विनाशित इति ।।३५।।

**પોષ્ય પરિવારને યથાયોગ્ય કાર્યમાં જોડવો.** જે પોષ્ય પરિવારનું પોષણ કર્યું છે તેને યથાયોગ્ય એટલે કે જે જ્યાં ધર્મમાં કે કાર્યમાં જોડાવાને યોગ્ય હોય તેને ત્યાં જોડવો. યોગ્ય કાર્યોમાં નહિ જોડેલો પરિવાર સંતોષ ન થવાથી (= બેચેન રહેવાથી) જુગાર વગેરે વ્યસનનો પણ અભ્યાસ કરે. કામ ન કરવાથી એની શક્તિનો ફલ આપ્યા વિના ક્ષય થાય છે. એથી કંઈ પણ ન કરવાના કારણે તે અવસ્તુ પણ થાય, અર્થાત્ તે જાણે નથી એવું બને. આ પ્રમાણે એના ઉપર અનુગ્રહ કરાતો નથી, કિંતુ એનો વિનાશ કરાય છે. (૩૫)

तथा– **तत्प्रयोजनेषु बद्धलक्ष्यता ।।३६।। इति।**

**तस्य** भर्तव्यस्य **प्रयोजनेषु** धर्मार्थकामगोचरेषु चित्ररूपेषु **बद्धलक्ष्यता** नित्योपयुक्तचित्तता, ते हि तस्मिंश्चिन्ताकरे नित्यं निक्षिप्तात्मानः तेनाचिन्त्यमानप्रयोजनाः सीदन्तः सन्तोऽप्रसन्नमनस्कतया न स्वनिरूपितकार्यकरणक्षमाः संपद्यन्ते इति ।।३६।।

**પોષ્ય પરિવારના કાર્યોની સદા ચિંતા કરવી.** પરિવારના ધર્મ, અર્થ અને કામ સંબંધી વિવિધ કાર્યોની સદા ચિંતા કરવી. આશ્રિત પરિવારે પોતાના આત્માને (= જીવનને) ચિંતા કરનાર વડીલને સદા સમર્પી દીધો હોય છે. તેથી જો વડીલ આશ્રિતોનાં કાર્યોની (કોને શું કરવાનું છે? કોને શાની જરૂરિયાત છે? કોણ બિમાર છે? એનો રોગ કેવી રીતે દૂર થાય? ઈત્યાદિ) ચિંતા ન કરે તો આશ્રિતો સીદાય, એથી અપ્રસન્નમનવાળા બનીને પોતાને સોંપેલું કાર્ય કરવા સમર્થ ન બને. (૩૬)

तथा– **अपायपरिरक्षोद्योगः ।।३७।। इति ।**

तस्यैव भर्तव्यस्य **अपायेभ्यः** अनर्थेभ्यः ऐहिकामुष्मिकेभ्यः **परिरक्षा** सर्वतस्त्राणम्, तत्र **उद्योगो** महानुद्यमः, एवं हि भर्तव्यान् प्रति तस्य नाथत्वं स्याद् यदि सोऽलब्धलाभलक्षणं योगं लब्धरक्षारूपं च क्षेमं कर्तुं क्षमः स्यात्, योग-क्षेमकरस्यैव नाथत्वादिति ।।३७।।

**પોષ્ય પરિવારનું અનર્થોથી રક્ષણ કરવામાં ઉદ્યમ કરવો.** પોષ્ય પરિવારનું આ લોક સંબંધી અને પરલોક સંબંધી અનર્થોથી બધી રીતે રક્ષણ કરવામાં અતિશય પ્રયત્ન કરવો. જો વડિલ યોગ અને ક્ષેમ કરવામાં સમર્થ હોય તો જ પોષ્ય પરિવાર

પ્રત્યે વડિલનું નાથપણું ઘટે. કારણકે જે યોગ અને ક્ષેમ કરે તે જ નાથ કહેવાય. (જરૂરી) જે ન મળ્યું હોય તેને મેળવી આપવું તે યોગ કહેવાય. જે મળ્યું હોય તેનું રક્ષણ કરવું તે ક્ષેમ કહેવાય. (૩૭)

तथा– **(१९) गर्ह्ये ज्ञान-स्वगौरवरक्षे ॥३८॥ इति ।**

**गर्ह्ये** गर्हणीये कुतोऽपि लोकविरुद्धाद्यनाचारासेवनान्निन्दनीयतां प्राप्ते भर्तव्ये सामान्यतो वा सर्वस्मिन् जने किं विधेयमित्याह– **ज्ञानं** संशय-विपर्यया-ऽनध्यवसायपरिहारेण यथावत् स्वरूपनिश्चयः, **स्वगौरवरक्षा, स्वेन** आत्मना **गौरवं** पुरस्करणं स्वगौरवं तस्य **रक्षा** निवारणम्, ततो ज्ञानं च स्वगौरवरक्षा च **ज्ञान-स्वगौरवरक्षे** कर्त्तव्ये, गर्ह्यो ह्यर्थः सम्यग् ज्ञातव्यः प्रथमतः, ततोऽनुमतिदोषपरिहाराय सर्वप्रकारैर्न पुरस्कारस्तस्य कर्त्तव्य इति ॥३८॥

**કોઇ નિંદનીય બને તો જ્ઞાન અને સ્વગૌરવની રક્ષા કરવી.** પોષ્ય પરિવારમાંથી કોઇ એક પુરુષ અથવા સઘળો પરિવાર લોકવિરુદ્ધ અનાચારનું સેવન કરવાના કારણે નિંદનીય બન્યો હોય તો તેનું જ્ઞાન કરવું, અર્થાત્ તેની વિગતો બરોબર જાણવી. **ભાવાર્થ :-** પહેલાં એ ચોકસ કરવું જોઈએ કે જે નિંદનીય બન્યો છે તેણે ગુનો કર્યો છે કે નહિં ? હવે જો તેણે ગુનો કર્યો છે એવો ચોક્કસ નિર્ણય થાય તો પછી સ્વગૌરવ રક્ષા કરવી. સ્વથી = પોતાનાથી ગૌરવની = સત્કારની રક્ષા = નિવારણ, અર્થાત્ પોતાના નિમિત્તે ગુનેગારનો સત્કાર થાય (= મહત્તા વધે) તેવી કોઇ પ્રવૃત્તિ ન કરવી. જેથી ગુનેગારના દોષની અનુમોદના રૂપ દોષ પોતાને ન લાગે. અહીં જ્ઞાનની વ્યાખ્યા આ પ્રમાણે છે :- સંશય, વિપર્યય અને અનધ્યવસાયનો ત્યાગ કરીને યથાર્થ સ્વરૂપનો નિર્ણય તે જ્ઞાન. (સંશય આદિનો અર્થ આ પ્રમાણે છેઃ- આ આમ છે કે આ આમ નથી? એમ પરસ્પર બે વિરુદ્ધ અર્થનું જ્ઞાન તે સંશય. જેમ કે ''હું આત્મા છું કે શરીર છું?'' ઈત્યાદિ. યથાર્થ વસ્તુના સ્વરૂપથી વિરુદ્ધ હોય તેવું ''આ આમ જ છે'' એવું એક પ્રકારનું જ્ઞાન તે વિપર્યય. જેમ કે - ''હું શરીર જ છું'' ઈત્યાદિ. *''આ કંઈક છે'' એવી નિશ્ચયથી* રહિત વિચારણા તે અનધ્યવસાય. જેમ કે ''હું કોઈક છું'' ઈત્યાદિ.) (૩૮)

तथा– **(२०) देवा-ऽतिथि-दीनप्रतिपत्तिः ॥३९॥ इति ।**

दीव्यते स्तूयते भक्तिभरनिर्भरामरप्रभुप्रभृतिभिर्भव्यैरनवरतमिति **देवः**, स च

क्लेशकर्मविपाकाशयैरपरामृष्टः पुरुषविशेषः, तस्यैवैतानि नामानि- अर्हन्नजोऽनन्तः शम्भुर्बुद्धस्तमोऽन्तक इति । न विद्यते सततप्रवृत्तातिविशदैकाकारानुष्ठानतया तिथ्यादिदिनविभागो येषां ते **अतिथयः**, यथोक्तम्–

तिथिपर्वोत्सवाः सर्वे, त्यक्ता येन महात्मना।
अतिथिं तं विजानीयाच्छेषमभ्यागतं विदुः ॥३०॥ (           )

**दीनाः** पुनः दीङ् क्षये (पा. धा. ११५९) इति वचनात् क्षीणसकलधर्मा-ऽर्थ-कामाराधनशक्तयः, ततः देवातिथिदीनानां प्रतिपत्तिः उपचारः पूजा-ऽन्नपानदानादिरूपः **देवा-ऽतिथि-दीनप्रतिपत्तिः** ॥३९॥

**દેવ, અતિથિ અને દીનની સેવા કરવી.** ભક્તિસમૂહથી પૂર્ણ એવા ઈંદ્રો વગેરે ભવ્ય જીવોથી જે સદા સ્તુતિ કરાય તે દેવ. તે દેવ ક્લેશ અને કર્મના સેંકડો વિપાકોથી રહિત કોઈ પુરુષવિશેષ છે. તેનાં નામો આ પ્રમાણે છેઃ- અર્હત્, અજ, અનંત, શંભુ, બુદ્ધ અને તમોઽન્તક. અતિવિશુદ્ધ અનુષ્ઠાનોમાં એકાગ્રતાથી સતત પ્રવૃત્ત રહેતા હોવાથી તિથિ આદિ દિવસવિભાગ જેમને નથી તે અતિથિ છે. આ વિષે કહ્યું છે કે- **"સર્વ તિથિ અને પર્વના ઉત્સવો જે મહાત્માએ છોડી દીધા છે તેમને અતિથિ જાણવા, બાકીનાને અભ્યાગત જાણવા."** દીન શબ્દ 'દી' ધાતુથી બન્યો છે. દી ધાતુનો અર્થ 'ક્ષીણ થવું' એવો છે. આથી દીન એટલે ક્ષીણ થયેલ, અર્થાત્ ધર્મ, અર્થ અને કામને સાધવાની સઘળી શક્તિ જેની ક્ષીણ થઈ ગઈ છે તે દીન. દેવ વગેરેની પૂજા - અન્નપાનદાન વગેરે સેવા કરવી. (દેવ અને અતિથિની ભક્તિથી સેવા કરવી અને દીનની દયાથી સેવા કરવી.) (૩૯)

तथा– **तदौचित्याबाधनमुत्तमनिदर्शनेन ॥४०॥ इति ।**

**तेषां** देवादीना**मौचित्यं** योग्यत्वं यस्य देवादेरुत्तम-मध्यम-जघन्यरूपा या प्रतिपत्तिरित्यर्थः तस्य **अबाधनम्** अनुल्लङ्घनम्, तदुल्लङ्घने शेषाः सन्तोऽपि गुणा असन्त इव भवन्ति, यत उक्तम्–

औचित्यमेकमेकत्र, गुणानां राशिरेकतः।
विषायते गुणग्राम, औचित्यपरिवर्जितः ॥३१॥ (           ) इति ।

कथं तदौचित्याबाधनमित्याह– **उत्तमनिदर्शनेन,** अतिशयेन शेषलोकादूर्ध्वं वर्त्तन्त इत्युत्तमाः, ते च प्रकृत्यैव परोपकरण - प्रियभाषणादिगुणमणिमकराकरोपमाना मानवाः,

तेषां **निदर्शनम्** उदाहरणं तेन, उत्तमनिदर्शनानुसारिणो हि पुरुषा उदात्तात्मतया न स्वप्नेऽपि विकृतप्रकृतयः संभवन्ति। इयं च देवादिप्रतिपत्तिर्नित्यमेवोचिता, विशेषतश्च भोजनावसर इति ॥४०॥

**ઉત્તમ મનુષ્યોના દૃષ્ટાંતથી દેવ વગેરેના ઔચિત્યનું ઉલ્લંઘન ન કરવું.** જે દેવ વગેરેની જઘન્ય, મધ્યમ કે ઉત્કૃષ્ટ સેવામાંથી જે સેવા કરવા યોગ્ય હોય તે દેવ વગેરેની તે સેવા કરવી તે ઔચિત્ય છે. આવા ઔચિત્યનું ઉલ્લંઘન ન કરવું. ઔચિત્યનું ઉલ્લંઘન કરવાથી બાકીના ગુણો હોવા છતાં નથી જેવા બને છે. આથી કહ્યું છે કે - **"એક તરફ ઔચિત્ય ગુણ હોય અને એક તરફ અન્ય ગુણોનો સમૂહ હોય તો ઔચિત્ય ગુણ વધી જાય. કારણ કે ઔચિત્યથી રહિત ગુણસમૂહ વિષ સમાન બની જાય છે."** દેવાદિના ઔચિત્યનું ઉલ્લંઘન કેવી રીતે ન કરવું? તેના જવાબમાં કહે છે કે ઉત્તમ મનુષ્યોના દૃષ્ટાંતથી, અર્થાત્ ઉત્તમ પુરુષોના દૃષ્ટાંતનું આલંબન લઈને દેવાદિના ઔચિત્યનું ઉલ્લંઘન ન કરવું. શેષલોકથી (= સામાન્ય લોકથી) અત્યંત ઊંચે રહે તે ઉત્તમ. ઉત્તમ મનુષ્યો સ્વભાવથી જ પરોપકાર અને પ્રિય ભાષણ આદિ ગુણો રૂપ મણિઓના સાગર તુલ્ય હોય છે. ઉત્તમ માનવોના દૃષ્ટાંતને અનુસરનારા પુરુષો ઉત્તમઆત્મા હોવાના કારણે સ્વપ્નમાં પણ વિકૃત પ્રકૃતિવાળા બનતા નથી. દેવાદિની આ ઉચિત સેવા હંમેશા કરવી જોઈએ, અને ભોજનના અવસરે તો વિશેષ રૂપે કરવી જોઈએ. (૪૦)

तथा— **(२१) सात्म्यतः कालभोजनम् ॥४१॥ इति ।**

पानाहारादयो यस्य विरुद्धाः प्रकृतेरपि।
सुखित्वायावकल्पन्ते तत् सात्म्यमिति गीयते ॥३२॥ (          ) इति

एवंलक्षणात् **सात्म्यात् काले** बुभुक्षोदयावसरलक्षणे **भोजनम्** अन्नोपजीवनं कालभोजनम्, अयमभिप्रायः-. आजन्म सात्म्येन भुक्तं विषमपि पथ्यं भवति, परमसात्म्यमपि पथ्यं सेवेत, न पुनः सात्म्यप्राप्तमप्यपथ्यम्, सर्वं बलवतः पथ्यमिति मत्वा न कालकूटं खादेत्, सुशिक्षितो हि विषतन्त्रज्ञो म्रियते एव कदाचिद्विषात्, तथा अक्षुधितेनामृतमप्युपभुक्तं भवति विषम्, तथा क्षुत्कालातिक्रमादन्नद्वेषो देहसादश्च भवति, विध्यातेऽग्नौ किं नामेन्धनं कुर्यादिति ॥४१॥

**સાત્મ્ય અને કાળે ભોજન કરવું. "જેને પ્રકૃતિથી પણ વિરુદ્ધ આહાર - પાણી**

**વગેરે સુખ માટે થતા જોવાય છે, તેના માટે તે સાત્મ્ય કહેવાય છે."** કાળે એટલે ભૂખ લાગે ત્યારે. ભૂખ લાગે ત્યારે સાત્મ્ય ભોજન કરવું. અહીં આ અભિપ્રાય છે:- જન્મથી સાત્મ્યપણે ખાધેલું વિષ પણ પથ્ય થાય છે. આમ છતાં અસાત્મ્ય હોય તો પણ જો પથ્ય (= તંદુરસ્તીને હિતકર) હોય તો તેનું સેવન કરવું, અને સાત્મ્ય હોય તો પણ અપથ્યનું સેવન ન કરવું. "બલવાનને સઘળું પથ્ય છે" એમ માનીને ઝેર ન ખાવું. કારણ કે સુશિક્ષિત એવો વિષશાસ્ત્રનો જાણકાર પણ ક્યારેક વિષથી મરે જ છે. તથા ભૂખ વિનાના માણસે ખાધેલું અમૃત પણ ઝેર થાય છે. તથા ક્ષુધાનો કાળ વીતી ગયા પછી અન્ન પ્રત્યે અરુચિ થાય અને શરીર કૃશ બને. અગ્નિ બુઝાઈ ગયા પછી લાકડાં શું કરે ? (૪૧)

तथा– **(२२) लौल्यत्यागः ॥४२॥ इति ।**

सात्म्यतः कालभोजनेऽपि **लौल्यस्य** आकाङ्क्षातिरेकादधिकभोजनलक्षणस्य **त्यागः**, यतः यो मितं भुङ्क्ते स बहु भुङ्क्ते, अतिरिक्तभुक्तं हि उद्वामन-हादन-मारणानामन्यतमदसंपाद्य नोपरमं प्रतिपद्यते, तथा भुञ्जीत यथा सायमन्येद्युश्च न विपद्यते वह्निः, न भुक्तेः परिमाणे सिद्धान्तोऽस्ति, वह्न्यभिलाषायत्तं हि भोजनम्, अतिमात्रभोजी देहमग्निं च विधुरयति, तथा दीप्तोऽग्निर्लघुभोजनाद् देहबलं क्षपयति, अत्यशितुर्दुःखेन परिणामः, श्रमार्त्तस्य पानं भोजनं वा नियमात् ज्वराय छर्दिषे वा स्यात् ॥४२॥

**લોલુપતાનો ત્યાગ કરવો.** લોલુપતા એટલે અતિશય આકાંક્ષાના કારણે અધિક ભોજન કરવું. સાત્મ્ય અને કાળે ભોજન કરવા છતાં લોલુપતાનો ત્યાગ કરવો. કારણ કે જે થોડું ખાય છે તે બહુ ખાય છે. વધારે કરેલું ભોજન ઉલટી, ઝાડા અને મરણ એ ત્રણમાંથી કોઈ એક કર્યા વિના રહેતું નથી. તથા ભોજન તે રીતે (= તેટલું) કરવું જોઈએ કે જેથી સાંજે અને બીજા દિવસે (જઠરનો) અગ્નિ નાશ ન પામે. ભોજનના પરિમાણમાં (= કેટલું ભોજન કરવું એ વિષે) કોઈ સિદ્ધાંત નથી. ભોજન અગ્નિની અભિલાષાને આધીન છે, અર્થાત્ જઠરાગ્નિના બળ પ્રમાણે ભોજન કરવું. વધારે ભોજન કરનાર પોતાના શરીર અને અગ્નિને દુર્બળ બનાવે છે. તથા પ્રદીપ્ત બનેલો અગ્નિ લઘુ (= હલકું) ભોજન કરવાથી દેહબલનો નાશ કરે છે. વધારે • ભોજન કરનારનું ભોજન દુ:ખથી પચે છે. શ્રમથી થાકેલાને ભોજન કે પાણી નિયમા તાવ માટે કે ઉલટી માટે થાય છે. (૪૨)

• અથવા વધારે ભોજન કરનારને પરિણામે દુ:ખ આવે છે.

तथा– **(२३) अजीर्णे अभोजनम् ॥४३॥ इति ।**

प्रागुपभुक्तस्य आहारस्य **अजीर्णे** अजरणेजीर्णे वा तत्र परिपाकमनागते **अभोजनं** सर्वथा भोजनपरिहारः, अजीर्णे भोजने हि अजीर्णस्य सर्वरोगमूलस्य वृद्धिरेव कृता भवति, पठ्यते च –

अजीर्णप्रभवा रोगास्तत्राजीर्णं चतुर्विधम्।
आमं विदग्धं विष्टब्धं रसशेषं तथापरम् ॥३३॥
आमे तु द्रवगन्धित्वं विदग्धे धूमगन्धिता।
विष्टब्धे गात्रभङ्गोऽत्र रसशेषे तु जाड्यता ॥३४॥ (        )

**द्रवगन्धित्व**मिति द्रवस्य श्लथस्य कुथिततक्रादेरिव गन्धो यस्यास्ति तत् तथा, तद्भावस्तत्त्वमिति।

मलवातयोर्विगन्धो,विड्भेदो गात्रगौरवमरुच्यम्।
अविशुद्धश्चोद्गारः षडजीर्णव्यक्तिलिङ्गानि ॥३५॥
मूर्च्छा प्रलापो वमथुः, प्रसेकः सदनं भ्रमः।
उपद्रवा भवन्त्येते, मरणं चाऽप्यजीर्णतः ॥३६॥ (सुश्रुतसंहिता १/४६/५०४)

**प्रसेक** इति अधिकनिष्ठीवनप्रवृत्तिः, **सदन**मिति अङ्गग्लानिः इति ॥४३॥

**અજીર્ણમાં ભોજન ન કરવું.** પહેલાં ખાધેલા આહારનું પાચન ન થયું હોય અથવા પાચન થયું હોય પણ (રસનો) બરોબર પરિપાક ન થયો હોય તો ભોજન ન કરવું. અજીર્ણમાં ભોજન કરવાથી સર્વ રોગોનું મૂળ એવા અજીર્ણની વૃદ્ધિ જ થાય છે. આ વિષે કહ્યું છે કે - **"બધા રોગો અજીર્ણથી થાય છે. તેમાં અજીર્ણના આમ, વિદગ્ધ, વિષ્ટબ્ધ અને રસશેષ એમ ચાર પ્રકાર છે. (૧) આમ અજીર્ણમાં મળ ઢીલો થાય અને કોહાયેલી છાશ આદિના જેવી દુર્ગંધવાળો હોય. વિદગ્ધ અજીર્ણમાં મળમાં ધૂમાડા જેવી દુર્ગંધ હોય. વિષ્ટબ્ધ અજીર્ણમાં શરીર તૂટે. રસશેષ અજીર્ણમાં શરીરમાં જડતા આવે. (૨) મળ અને વાયુમાં દુર્ગંધ આવે, ઢીલો મળ, શરીર ભારે બને, અરુચિ અને અશુદ્ધ ઓડકાર આ છ અજીર્ણનાં સ્પષ્ટ ચિહ્નો છે. (૩) અજીર્ણથી મૂર્છા થાય, પ્રલાપ ( = ગમે તેમ બોલવું) થાય, થુંક બહુ આવે, અંગોમાં ગ્લાનિ થાય, ચક્કર આવે, આ બધા ઉપદ્રવો થાય, અથવા મરણ પણ થાય. (૪) (૪૩)**

तथा– **बलापाये प्रतिक्रिया ॥४४॥ इति ।**

**बलस्य** शरीरसामर्थ्यलक्षणस्य **अपाये** कथञ्चिद् ह्रासे सति **प्रतिक्रिया** तथाविधात्यन्तपरिश्रमपरिहारेण स्निग्धाल्पभोजनादिना च प्रकारेण प्रतिविधानं बलापायस्यैव, बलमूलं हि जीवितम् ( ) इति वचनात्, बलमुचितमपातयता सता सर्वकार्येषु यतितव्यम्, अथ कथञ्चित् कदाचिद्बलपातोऽपि कश्चिद् भवेत् तदा विषं व्याधिरुपेक्षितः ( ) इति वचनात् सद्य एवासौ प्रति विधेयो न पुनरुपेक्षितव्य इति ॥४४॥

**બળ ઘટે તો તેનો ઉપાય કરવો.** શરીરની શક્તિ કોઈ પણ રીતે ઘટે તો તેવો અતિશય પરિશ્રમ ન કરવો, સ્નિગ્ધ અને અલ્પ ભોજન કરવું ઈત્યાદિ રીતે તેનો ઉપાય કરવો. કારણ કે ''જીવનનું મૂલ બલ છે'' એવું વચન છે. ઉચિત બળની હાનિ ન થાય તે રીતે સર્વ કાર્યોમાં પ્રયત્ન કરવો. આમ છતાં કોઈ પણ રીતે ક્યારેક બલ ઘટી જાય તો ''ઉપેક્ષા કરાયેલો વ્યાધિ વિષ છે'' એ વચનથી જલદીજ તેનો ઉપાય કરવો, પણ ઉપેક્ષા ન કરવી. (૪૪)

तथा– **अदेशकालचर्यापरिहारः ॥४५॥ इति ।**

**देशकालः** प्रस्तावः, तत्र चर्या देशकालचर्या, तत्प्रतिषेधात् **अदेशकालचर्या**, तस्याः **परिहारः**, अदेशकालचर्यापरो हि नरः तथाविधचौराद्युपद्रवव्रातविषयतया इहलोक-परलोकानर्थयोर्नियमादास्पदीभवति ॥४५॥

**અદેશ - કાલ ચર્યાનો ત્યાગ કરવો.** અદેશ - કાલચર્યા એટલે પોતે જે દેશમાં અને જે કાળમાં હોય તે દેશ અને તે કાળથી વિરુદ્ધ આચરણ. અદેશ - કાલચર્યામાં તત્પર રહેનાર માણસને તેવા પ્રકારના ચોર આદિ સંબંધી અનેક ઉપદ્રવો થાય છે, અને એથી તે નિયમા આ લોક અને પરલોક સંબંધી અનર્થોનું સ્થાન બને છે. (૪૫)

तथा– **(२५) यथोचितं लोकयात्रा ॥४६॥ इति।**

**यथोचितं** या यस्योचिता **लोकयात्रा** लोकचित्तानुवृत्तिरूपो व्यवहारः सा विधेया, यथोचितलोकयात्रातिक्रमे हि लोकचित्तविराधनेन तेषामात्मन्यनादेयतापरिणामापादनेन स्वलाघवमेवोत्पादितं भवति, एवं चान्यस्यापि सम्यगाचारस्य स्वगतस्य लघुत्वमेवोपनीतं स्यादिति, उक्तं च -

लोकः खल्वाधारः, सर्वेषां धर्मचारिणां यस्मात्।

तस्माल्लोकविरुद्धं धर्मविरुद्धं च संत्याज्यम् ॥३७॥ (प्रशम. १३१) ॥४६॥

**યથોચિત લોકયાત્રા કરવી.** યથોચિત એટલે જેને જે લોકયાત્રા ઉચિત હોય તે. લોકયાત્રા એટલે લોકના ચિત્તનું અનુસરણરૂપ વ્યવહાર. (આનો ભાવાર્થ એ થયો કે જેને જે સમયે જેટલું લોકચિત્તનું અનુસરણ કરવાની જરૂર પડે તે તે સમયે તેટલું લોકચિત્તનું અનુસરણ કરે તો તેના માટે તે અનુસરણ યથોચિત લોકયાત્રા કહેવાય.) યથોચિત લોકયાત્રાનું ઉલ્લંઘન કરવાથી લોકચિત્તની વિરાધના થાય, અર્થાત્ લોકો યથોચિત લોકયાત્રા ન કરનાર ઉપર નારાજ બની જાય, કે વિરોધી બની જાય. એથી તેમના આત્મામાં અનાદેયતાના પરિણામ • ઉત્પન્ન કરીને પોતાની લઘુતા જ ઉત્પન્ન કરેલી થાય છે. એ પ્રમાણે પોતાનામાં રહેલા બીજા પણ સદાચારોની લઘુતાજ સ્થાપિત કરેલી થાય છે. (પ્ર. ર. ગા. ૧૩૧ માં) કહ્યું છે કે - **"સર્વ સાધુઓનો લોક આધાર છે, કારણ કે લોકમાં રહીને અને લોકની મદદથી સંયમની સાધના થાય છે. માટે સાધુઓએ લોકવિરુદ્ધ (સૂતકવાળા કે લોકનિંદ્ય ઘરોમાંથી ગોચરી લાવવી વગેરે) અને ધર્મવિરુદ્ધ (મદ્યપાન આદિ) કાર્યનો ત્યાગ કરવો જોઈએ."** (૪૬)

तथा– **हीनेषु हीनक्रमः ॥४७॥ इति ।**

**हीनेषु** जाति - विद्यादिभिः गुणैः स्वकर्मदोषान्नीचतां गतेषु लोकेषु **हीनक्रमः** लोकयात्राया एव तुच्छताकरणरूपः, हीना अपि लोकाः किञ्चिदनुवर्तनीया इत्यर्थः, ते हि हीनगुणतयाऽऽत्मानं तथाविधप्रतिपत्तेरयोग्यं संभावयन्तो यया कयाचिदपि उत्तमलोकानुवृत्त्या कृतार्थं मन्यमानाः प्रमुदितचेतसो भवन्तीति ॥४७॥

**હીન માણસોમાં હીનક્રમ રાખવો.** સ્વકર્મના દોષથી જાતિ અને વિદ્યા આદિ ગુણો વડે હીનતાને પામેલા લોકોમાં હીન ક્રમ રાખવો, એટલે કે લોકયાત્રાથી જ તેમના પ્રત્યે તુચ્છતા ન કરવી = તેમના પ્રત્યે તોછડાઈ ભર્યું વર્તન ન કરવું. હીન પણ લોકોનું કંઈક અનુસરણ કરવું. હીન લોકો ગુણથી હીન હોવાના કારણે પોતાને

• અનાદેયતાના પરિણામ એટલે યથોચિત લોકયાત્રાનું ઉલ્લંઘન કરનારનું વચન આદેય નથી = *સ્વીકારવા યોગ્ય નથી એવા પરિણામ. આવા પરિણામ થવાના કારણે અવસરે તે સાચી વાત* કહે તો પણ લોકો તેની વાતને માને નહિ અને તેને કોઈ કાર્યમાં સાથ - સહકાર ન આપે.

તેવા ઉત્તમ માણસોના સ્વીકારને અયોગ્ય માને છે, અર્થાત્ ઉત્તમ માણસો અમારો સ્વીકાર ન કરે, અમારી ગણતરી ન કરે, એમ માનતા હોય છે. આથી જો કોઈક રીતે (= તેમનું કહેલું કંઈક માનવું, તેમના પ્રત્યે સદ્ભાવ બતાવવો ઈત્યાદિથી) તેમનું અનુસરણ કરવામાં આવે તો તેનાથી પોતાને કૃતાર્થ માનતા તેઓ પ્રસન્ન મનવાળા બને છે. (૪૭)

तथा– **(२६) अतिसङ्गवर्जनम् ॥४८॥ इति ।**

**अतिसङ्गस्य** अतिपरिचयलक्षणस्य सर्वैरेव सार्द्धं **वर्जनं** परिहरणम्, यतः अतिपरिचयाद् भवति गुणवत्यप्यनादरः, पठ्यते च –

अतिपरिचयादवज्ञा, भवति विशिष्टेऽपि वस्तुनि प्रायः।
लोकः प्रयागवासी, कूपे स्नानं सदा कुरुते ॥३८॥ (        ) ॥४८॥

**અતિસંગનો ત્યાગ કરવો.** અતિ સંગ એટલે અતિ પરિચય. બધાની જ સાથે અતિ પરિચય ન કરવો. કારણ કે અતિ પરિચયથી ગુણવાન પ્રત્યે પણ અનાદર થાય. કહ્યું છે કે - **"વિશિષ્ટ વસ્તુમાં પણ અતિપરિચયથી પ્રાયઃ અવજ્ઞા થાય છે. પ્રયાગમાં રહેનારા લોકો સદા કૂવામાં સ્નાન કરે છે."** (૪૮)

तथा– **(२७) वृत्तस्थज्ञानवृद्धसेवा ॥४९॥ इति ।**

**वृत्तम्** असदाचारनिवृत्तिः सदाचारप्रवृत्तिश्च, **ज्ञानं** पुनः हेयोपादेयवस्तुविभागविनिश्चयः, ततः वृत्ते तिष्ठन्तीति वृत्तस्था, ज्ञानेन वृद्धा महान्तः ज्ञानवृद्धाः, वृत्तस्थाश्च ते ज्ञानवृद्धाश्च **वृत्तस्थज्ञानवृद्धाः**, तेषां **सेवा** दरिद्रेश्वरसेवाज्ञातसिद्धाऽऽराधना, सम्यग्ज्ञान - क्रियागुणभाजो हि पुरुषाः सम्यक् सेव्यमाना नियमात् सदुपदेशादिफलैः फलन्ति, यथोक्तम्–

उपदेशः शुभो नित्यं, दर्शनं धर्मचारिणाम्।
स्थाने विनय इत्येतत्, साधुसेवाफलं महत् ॥३९॥ (शास्त्रवार्त्ता० ७) ॥४९॥

**વૃત્તસ્થ અને જ્ઞાનવૃદ્ધોની સેવા કરવી.** વૃત્ત એટલે અસદાચારથી નિવૃત્તિ અને સદાચારમાં પ્રવૃત્તિ. વૃત્તમાં રહે તે વૃત્તસ્થ, અર્થાત્ વૃત્તસ્થ એટલે ચારિત્ર સંપન્ન પુરુષ. જ્ઞાન એટલે આ વસ્તુ હેય છે, આ વસ્તુ ઉપાદેય છે, એ પ્રમાણે હેય - ઉપાદેય વસ્તુના વિભાગનો નિર્ણય. જ્ઞાનથી વૃદ્ધ = મહાન તે જ્ઞાનવૃદ્ધ. સેવા એટલે દરિદ્ર

- શ્રીમંતની સેવાના દૃષ્ટાંતથી પ્રસિદ્ધ બનેલી આરાધના, અર્થાત્ દરિદ્ર માણસ ધનની આશાથી શ્રીમંતની જેવી રીતે સેવા કરે તે રીતે વૃત્તસ્થ અને જ્ઞાનવૃદ્ધની સેવા કરવી. સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ક્રિયા રૂપ ગુણને ભજનારા પુરુષોની જો સારી રીતે સેવા કરવામાં આવે તો તેઓ સદુપદેશ આદિ ફલોથી અવશ્ય ફળે છે. (શાસ્ત્રવાર્તા સમુચ્ચયમાં) કહ્યું છે કે **"સદા શુભ ઉપદેશ સાંભળવા મળે, ધર્મચારી (= સાધુ) ઓનાં દર્શન થાય, સ્થાને વિનય થાય- આ સાધુસેવાનું મોટું ફળ છે."** (૪૯)

तथा–(२८) **परस्परानुपघातेनान्योन्यानुबद्धत्रिवर्गप्रतिपत्तिः ॥५०॥ इति ।**

इह धर्मार्थकामास्त्रिवर्गः, तत्र यतोऽभ्युदयनिःश्रेयससिद्धिः स धर्मः, यतः सर्वप्रयोजनसिद्धिः सोऽर्थः, आभिमानिकरसानुविद्धा यतः सर्वेन्द्रियप्रीतिः स कामः, ततः **परस्परस्य** अन्योन्यस्य **अनुपघातेन** अपीडनेन, अत एव **अन्योन्यानुबद्धस्य** परस्परानुबन्धप्रधानस्य **त्रिवर्गस्य प्रतिपत्तिः** आसेवनम्, तत्र धर्मार्थयोरुपघातेन तादात्विकविषयसुखलुब्धो वनगज इव को नाम न भवत्यास्पदमापदाम्? धर्मातिक्रमाद्धनमुपार्जितं परेऽनुभवन्ति, स्वयं तु परं पापस्य भाजनं सिंह इव सिन्धुरवधात्, बीजभोजिनः कुटुम्बिन इव नास्त्यधार्मिकस्यायत्यां किमपि कल्याणम्, स खलु सुखी योऽमुत्रसुखाविरोधेनेहलोकसुखमनुभवति, तस्माद् धर्माबाधनेन कामाऽर्थयोर्मतिमता यतितव्यम्, यस्त्वर्थ-कामावुपहत्य धर्ममेवोपास्ते तस्य यतित्वमेव श्रेयो न तु गृहवासः, इति तस्यार्थ-कामयोरप्याराधनं श्रेय इति। तथा तादात्विक-मूलहर-कदर्याणां नासुलभः प्रत्यवायः, तत्र यः किमप्यसंचिन्त्योत्पन्नमर्थमपव्येति स तादात्विकः, यः पितृपैतामहमर्थमन्यायेन भक्षयति स मूलहरः, यो भृत्यात्मपीडाभ्यामर्थं संचिनोति न तु क्वचिदपि व्ययते स कदर्यः, तादात्विक-मूलहरयोरायत्यां नास्ति कल्याणम्, किन्त्वर्थभ्रंशेन धर्म-कामयोर्विनाश एव, कदर्यस्य त्वर्थसंग्रहो राज-दायाद-तस्कराणामन्यतमस्य निधिः, न तु धर्म-कामयोर्हेतुः, अत एतत्पुरुषत्रयप्रकृतिपरिहारेण मतिमता अर्थोऽनुशीलनीयः, तथा नाजितेन्द्रियस्य कापि कार्यसिद्धिरस्ति, न कामासक्तस्य समस्ति चिकित्सितम्, न तस्य धनं धर्मः शरीरं वा यस्य स्त्रीष्वत्यन्तासक्तिः, विरुद्धकामवृत्तिर्न चिरं नन्दति, अतो धर्मार्थाबाधनेन कामे प्रवर्त्तितव्यमिति पर्यालोच्य *परस्पराविरोधेन धर्मार्थकामासेवनमुपदिष्टमिति ॥५०॥*

**પરસ્પરના• સંબંધની મુખ્યતાવાળા ત્રિવર્ગનું એક - બીજાને બાધા ન થાય તે રીતે સેવન કરવું.**

ધર્મ, અર્થ અને કામ એ ત્રણ પુરુષાર્થ ત્રિવર્ગ કહેવાય છે. તેમાં જેનાથી ✪ અભ્યુદય અને મોક્ષની સિદ્ધિ થાય તે ધર્મ. જેનાથી સર્વ કાર્યોની સિદ્ધિ થાય તે અર્થ (= ધન). જેનાથી ✧ અભિમાનના રસથી વ્યાપ્ત એવી સર્વ ઈંદ્રિયોની પ્રીતિ થાય તે કામ. આ ત્રણેને એક - બીજાને બાધ ન પહોંચે તે રીતે સેવવા. ધર્મ અને અર્થને બાધ પહોંચાડીને તત્કાલ મળતા વિષય સુખમાં લુબ્ધ બનેલો કયો પુરુષ વનના ❑ હાથીની જેમ આપત્તિઓનું સ્થાન બનતો નથી? ધર્મનું ઉલ્લંઘન કરીને ઉપાર્જન કરેલા ધનને બીજાઓ ભોગવે છે, પણ પોતે તો હાથીના વધથી ✤ સિંહની જેમ પાપનું ભાજન બને છે. ધર્મરહિત માનવનું બીજ ખાઈ જનાર ⁘ ખેડૂતની જેમ ભવિષ્યમાં કાંઈ પણ કલ્યાણ થતું નથી. ખરેખર! તે જ સુખી છે કે જે પરલોકના સુખને વિરોધ ન આવે તે રીતે આ લોકના સુખને ભોગવે છે. માટે બુદ્ધિમાન પુરુષે ધર્મને બાધ ન આવે તે રીતે કામ અને અર્થમાં યત્ન કરવો જોઈએ. જે અર્થ અને કામને બાધ પહોંચાડીને કેવલ ધર્મને જ સેવે છે તેના માટે તો સાધુપણું જ શ્રેયસ્કર છે, ગૃહવાસ નહિ. ગૃહસ્થ માટે અર્થ - કામનું સેવન પણ શ્રેયસ્કર છે. તથા તાદાત્વિક, મૂલહર અને કદર્ય એ ત્રણને આપત્તિઓ સુલભ છે. તેમાં જે કાંઈ પણ વિચાર્યા વિના ઉત્પન્ન થયેલા ધનનો દુર્વ્યય કરે તે તાદાત્વિક કહેવાય છે. જે પિતાના અને દાદાના ધનનું અન્યાયથી ભક્ષણ કરે છે, તે મૂલહર કહેવાય છે. જે

• अन्योऽन्यानुबद्धस्य - परस्परानुबन्धप्रधानस्य, અહીં अनुबन्ध એટલે સંબંધ. પરસ્પરનો સંબંધ પ્રધાન છે જેમાં તે परस्परानुबन्धप्रधान, અર્થાત્ પરસ્પરના સંબંધની મુખ્યતાવાળા. અહીં પરસ્પરના સંબંધની મુખ્યતા એટલા માટે છે કે ત્રણે એક બીજાની સાથે સંકળાયેલા છે. જેમ કે- અર્થ વિના કામનું સેવન ન થઈ શકે, ધર્મ વિના અર્થ અને કામ ન મળે.

✪ અભ્યુદય એટલે આ લોક અને પરલોકનાં સુખ.

✧ આનો અર્થ એ થયો કે માનહાનિ થાય તે રીતે ઈંદ્રિયસુખો ભોગવવા તે વાસ્તવિક કામ નથી.

❑ વનનો હાથી કૃત્રિમ ગોઠવેલી હાથણીને જોઈને કામાસક્ત બનીને હાથણી તરફ દોડે છે. પણ ગુપ્ત રાખેલા મોટા ખાડામાં પડીને પરાધીન બને છે.

✤ સિંહ હાથીને મારે છે, પણ તેનું માંસ પોતે તો થોડુંક જ ખાય છે. બાકીનું બધું માંસ બીજા પશુઓ ખાય છે.

⁘ આ ખેડૂતની કથા પરિશિષ્ટપર્વમાં જંબૂસ્વામીના ચરિત્રમાં છે.

નોકરોને અને પોતાને પીડા પમાડીને ધનને એકઠું કરે છે, પણ ક્યાંય ખર્ચ કરતો નથી તે કદર્ય કહેવાય છે. આમાં તાદાત્વિક અને મૂલહરનું ભવિષ્યમાં કલ્યાણ થતું નથી, કિંતુ ધનનો નાશ થવાથી ધર્મ અને કામનો વિનાશ જ થાય છે. કદર્યનો તો ધનસંગ્રહ રાજા, વારસદાર અને ચોર આ ત્રણમાંથી કોઈ એકનો નિધિ થાય છે, પણ ધર્મ-કામનો હેતુ બનતો નથી. આથી બુદ્ધિમાન પુરુષે આ ત્રણ પુરુષોની પ્રકૃતિનો ત્યાગ કરીને ફળનું = પરિણામનું પરિશીલન કરવું જોઈએ. તથા ઈંદ્રિયો જેના કાબૂમાં નથી તેની કોઈ પણ કાર્યસિદ્ધિ થતી નથી. કામમાં આસક્તની કોઈ ચિકિત્સા ( = ઉપાય) નથી. આથી ધર્મ અને અર્થને બાધ ન પહોંચે તે રીતે કામમાં પ્રવૃત્તિ કરવી જોઈએ. આ પ્રમાણે બરોબર વિચાર કરીને એક - બીજાનો વિરોધ ન આવે તે રીતે ધર્મ, અર્થ અને કામને સેવવાનો અહીં ઉપદેશ આપ્યો છે. (૫૦)

तथा– **अन्यतरबाधासंभवे मूलाबाधा ॥५१॥ इति ।**

अमीषां धर्मार्थकामानां मध्ये **अन्यतरस्य** उत्तरोत्तरलक्षणस्य पुरुषार्थस्य **बाधासंभवे** कुतोऽपि विषमप्रघट्टकवशाद् विरोधे संपद्यमाने सति, किं कर्त्तव्यमित्याह- **मूलाबाधा,** यो यस्य पुरुषार्थस्य 'धर्मार्थकामाः त्रिवर्गः' इति क्रममपेक्ष्य **मूलम्** आदिमस्तस्य **अबाधा** अपीडनम्, तत्र कामलक्षणपुरुषार्थबाधायां धर्मार्थयोर्बाधा रक्षणीया, तयोः सतोः कामस्य सुकरोत्पादत्वात्, कामार्थयोस्तु बाधायां धर्म एव रक्षणीयः, धर्ममूलत्वादर्थकामयोः, अत एवोक्तम्–

धर्मश्चेन्नावसीदेत, कपालेनापि जीवतः।
आढ्योऽस्मीत्यवगन्तव्यं, धर्मवित्ता हि साधवः ॥४०॥ (  ) ॥५१॥

**કોઈ પુરુષાર્થને બાધા પહોંચે તો મૂલને બાધા ન થવા દેવી.** ધર્મ, અર્થ અને કામ એ ત્રણ પુરુષાર્થમાં પછી પછીના કોઈ પુરુષાર્થને વિષમ પરિસ્થિતિના કારણે બાધા થાય ત્યારે મૂલ પુરુષાર્થને બાધા ન થવા દેવી. ધર્મ, અર્થ અને કામ એ ત્રણને ત્રિવર્ગ કહેવાય છે. અહીં પહેલાં ધર્મ પછી અર્થ અને પછી કામ એ પ્રમાણે જે ક્રમ છે તે ક્રમની અપેક્ષાએ જે પહેલો હોય તે મૂલ કહેવાય. (જેમકે કામની અપેક્ષાએ ધર્મ અને અર્થ મૂલ છે. કામ અને અર્થની અપેક્ષાએ ધર્મ મૂલ છે). મૂલને બાધા ન થવા દેવી. તેમાં કામ પુરુષાર્થને બાધા થાય તો ધર્મ અને અર્થને બાધા ન થવા દેવી. (જેમ કે કામનું સેવન કરે ત્યારે જો ધર્મ અને અર્થને હાનિ થતી હોય તો

કામનું સેવન છોડીને ધર્મ અને અર્થનું રક્ષણ કરવું.) કારણકે તે બે હશે તો કામ સહેલાઈથી ઉત્પન્ન કરી શકાય = મેળવી શકાય. કામ અને અર્થને બાધા થાય તો ધર્મની જ રક્ષા કરવી. (કામ અને અર્થનું સેવન કરે તો ધર્મ ન થઈ શકે અને ધર્મ કરે તો અર્થ અને કામનું સેવન ન થઈ શકે એવી પરિસ્થિતિ સર્જાય ત્યારે કામ અને અર્થને છોડીને ધર્મ જ કરવો જોઈએ.) કારણકે અર્થ અને કામનું મૂળ ધર્મ છે. આથી જ કહ્યું છે કે - **"જો ધર્મ રહેતો હોય તો ભિક્ષાથી જીવવા છતાં 'હું ધનવાન છું' એમ જાણવું. કારણકે સત્પુરુષો ધર્મને જ ધન માનનારા હોય છે."** (૫૧)

तथा– **(२९) बलाबलापेक्षणम् ॥२८॥५२॥ इति ।**

इह बुद्धिमता मनुजेन सर्वेष्वपि कार्येषु प्रवृत्तिमादधता सता **बलस्य** द्रव्य-क्षेत्र-काल-भावकृतस्य आत्मसामर्थ्यस्य अबलस्य च तद्विलक्षणस्य **अपेक्षणम्** आलोचनम् अङ्गीकर्तव्यम्, अयथाबलमारम्भस्य क्षयसंपदेकनिमित्तत्वात्, अत एव पठ्यते च–

कः कालः कानि मित्राणि को देशः कौ व्ययागमौ?
कश्चाहं का च मे शक्तिरिति चिन्त्यं मुहुर्मुहुः ॥४१॥ ( ) ॥५२॥

**બલની અને અબલની વિચારણા કરવી જોઈએ.** બલ એટલે દ્રવ્ય, ક્ષેત્ર, કાલ અને ભાવથી કરાયેલ આત્મસામર્થ્ય. બલથી વિલક્ષણ તે અબલ, અર્થાત્ બલનો અભાવ તે અબલ. બુદ્ધિમાન પુરુષે સઘળાંય કાર્યોમાં પ્રવૃત્તિ કરતાં પહેલાં બલની અને અબલની વિચારણા કરવી જોઈએ. (આ વિચારીને બલ પ્રમાણે કાર્યનો પ્રારંભ કરવો જોઈએ.) કારણ કે બલનો વિચાર કર્યા વિના કરેલો કાર્યનો પ્રારંભ કેવલ • વિનાશવૃદ્ધિનું કારણ બને છે. આથી જ કહ્યું છે કે - **"કયો કાળ છે? કયા મિત્રો છે? કયો દેશ છે? આય - વ્યય કેટલા પ્રમાણમાં છે? હું કોણ છું? મારી શક્તિ કેટલી છે? એ પ્રમાણે વારંવાર વિચારવું જોઈએ."** (૫૨)

तथा– **(३०) अनुबन्धे प्रयत्नः ॥५३॥ इति ।**

**अनुबन्धे** उत्तरोत्तरवृद्धिरूपे धर्मार्थकामानां **प्रयत्नः** यत्नातिरेकः कार्यः, अनुबन्धशून्यानि हि प्रयोजनानि वन्ध्याः स्त्रिय इव न किञ्चिद् गौरवं लभन्ते, अपि तु

• सं + पद् ધાતુના અનેક અર્થો છે. તેમાં ''વૃદ્ધિ પામવું'' એવો અર્થ પણ છે.

हीलामेवेति ।।५३।।

**અનુબંધમાં પ્રયત્ન કરવો.** અનુબંધ એટલે ઉત્તરોત્તર વૃદ્ધિ. ધર્મ, અર્થ અને કામની ઉત્તરોત્તર વૃદ્ધિ થાય તેમાં અતિશય યત્ન કરવો જોઈએ. કારણ કે અનુબંધથી રહિત કાર્યો વન્ધ્યા સ્ત્રીની જેમ જરા પણ ગૌરવને પામતા નથી, બલ્કે હીલનાને = લઘુતાને જ પામે છે. (૫૩)

तथा– **(३१) कालोचितापेक्षा ।।५४।। इति ।**

यद्यत्र **काले** वस्तु हातुमुपादातुं **वोचितं** भवति तस्यात्यन्तनिपुणबुद्ध्या पर्यालोच्य **अपेक्षा** अङ्गीकारः कर्त्तव्या, दक्षलक्षणत्वेनास्याः सकलश्रीसमधिगमहेतुत्वात्, अत एव पठ्यते–

यः काकिणीमप्यपथप्रपन्नामन्वेषते निष्कसहस्रतुल्याम्।
कालेन कोटीष्वपि मुक्तहस्तस्तस्यानुबन्धं न जहाति लक्ष्मीः ।।४२।। (                    )

**मुक्तहस्त** इति मुत्कलहस्तः ।।५४।।

**કાલે ઉચિતનો સ્વીકાર કરવો.** જે કાલમાં જે વસ્તુ છોડવા માટે કે સ્વીકારવા માટે ઉચિત હોય તેનો અત્યંત નિપુણ બુદ્ધિથી વિચાર કરીને સ્વીકાર કરવો, અર્થાત્ જે કાળમાં જે વસ્તુ છોડવા માટે ઉચિત હોય તેને છોડી દેવી અને સ્વીકારવા માટે ઉચિત હોય તેનો સ્વીકાર કરવો. કારણ કે કાળે ઉચિતનો સ્વીકાર એ નિપુણ પુરુષનું લક્ષણ હોવાથી સર્વ લક્ષ્મીની પ્રાપ્તિનો હેતુ છે. આથી જ કહ્યું છે કે - **"જે ગેરમાર્ગે ગયેલી કાકિણીને પણ હજાર સોનામહોર તુલ્ય માનીને શોધે છે, અને અવસરે ક્રોડો સોનામહોર ખર્ચવામાં છૂટો હાથ રાખે છે, તેના અનુબંધને ( = ઉત્તરોત્તર વૃદ્ધિને) લક્ષ્મી છોડતી નથી."** (૫૪)

तथा– **(३२) प्रत्यहं धर्मश्रवणम् ।।५५।। इति ।**

**प्रत्यहं** प्रतिदिवसं **धर्मस्य** इहैव शास्त्रे वक्तुं प्रस्तावितस्य कान्तकान्तासमेतयुवजनकिन्नरारब्धगीताकर्णनोदाहरणेन **श्रवणम्** आकर्णनम्, धर्मशास्त्रश्रवणस्यात्यन्तगुणहेतुत्वात्, पठ्यते च–

क्लान्तमुपोज्झति खेदं तप्तं निर्वाति बुध्यते मूढम् ।
स्थिरतामेति व्याकुलमुपयुक्तसुभाषितं चेतः ।।४३।। (                    ) इति ।।५५।।

**દરરોજ ધર્મશ્રવણ કરવું.** આ જ શાસ્ત્રમાં જેનું વર્ણન કરવાનું શરૂ કરેલું છે તે ધર્મને દરરોજ યુવાન પત્નીથી યુક્ત યુવાન માણસ કિન્નર દેવે શરૂ કરેલા ગીતને જેવી રીતે ( = જેવા પ્રેમથી અને જેવી એકાગ્રતાથી) સાંભળે તે રીતે સાંભળવો જોઈએ. કારણકે ધર્મશાસ્ત્રોનું શ્રવણ ઘણા ગુણોનું કારણ છે. આ વિષે કહ્યું છે કે - **"સુભાષિતોનો ઉપયોગ ( = ચિંતન - મનન) કરનાર ચિત્ત થાકેલું હોય તો થાકને દૂર કરે છે, તપેલું હોય તો શાંત થાય છે, મૂર્ખ હોય તો બોધ પામે છે, વ્યાકુળ હોય તો સ્થિર થાય છે."** (૫૫)

तथा– **(३३) सर्वत्रानभिनिवेशः ॥५६॥ इति ।**

**सर्वत्र** कार्ये प्रवर्त्तमानेन बुद्धिमता **अनभिनिवेशः** अभिनिवेशपरिहारः कार्यः, नीतिमार्गमनागतस्यापि पराभिभवपरिणामेन कार्यस्यारम्भोऽभिनिवेशः, नीचलक्षणं चेदम्, यन्नीतिमतीतस्यापि कार्यस्य चिकीर्षणम्, पठन्ति च–

दर्पः श्रमयति नीचान्निष्फलनयविगुणदुष्कारारम्भैः ॥
स्रोतोविलोमतरणैर्व्यसनिभिरायस्यते मत्स्यैः ॥४४॥ (          ) ॥५६॥

**સર્વ કાર્યમાં અભિનિવેશનો ત્યાગ કરવો.** સર્વ કાર્યમાં પ્રવૃત્તિ કરતાં બુદ્ધિમાન પુરુષે અભિનિવેશનો ત્યાગ કરવો. બીજાનો પરાભવ કરવાના ઈરાદાથી ન્યાયમાર્ગથી રહિત પણ કાર્યનો આરંભ કરવો તે અભિનિવેશ છે. ન્યાયથી રહિત કાર્ય કરવાની ઈચ્છા એ નીચ પુરુષનું લક્ષણ છે. આ વિષે વિદ્વાનો કહે છે કે - **"જેમ પ્રવાહની સામે તરવાથી નિષ્ફળ ઉદ્યમવાળા માછલાં કષ્ટને પામે છે, તેમ દર્પ ( = અભિનિવેશ) નિષ્ફળ અને નીતિરહિત એવા દુષ્કર કાર્યોના પ્રારંભો વડે નીચ માણસોને થકવી નાખે છે."** (૫૬)

तथा– **(३४) गुणपक्षपातिता ॥५७॥ इति ।**

**गुणेषु** दाक्षिण्य-सौजन्यौदार्य-स्थैर्य-प्रियपूर्वाभाषणादिषु स्वपरयोरुपकार-कारणेष्वात्मधर्मेषु पक्षपातिता बहुमान-तत्प्रशंसा-साहाय्य-कारणादिनाऽनुकूला प्रवृत्तिः, गुणपक्षपातिनो हि जीवा बहुमानद्वारोपजातावन्ध्यपुण्यप्रबन्धसामर्थ्यान्नियमादिहामुत्र च शरच्छशधरकरनिकरगौरं गुणग्राममवश्यमवाप्नुवन्ति, तद्बहुमानाशयस्य चिन्तारत्नादप्यधिकशक्तियुक्तत्वात् ॥५७॥

**ગુણોમાં પક્ષપાત કરવો.** ગુણો એટલે સ્વ-પરના ઉપકારના કારણ એવા દાક્ષિણ્ય, ઉદારતા, સ્થિરતા, પ્રિયવચન અને પૂર્વાભાષણ વગેરે આત્મધર્મો. ગુણોમાં પક્ષપાત એટલે ગુણી જીવો ઉપર બહુમાનભાવ રાખવો, તેમની પ્રશંસા કરવી તેમને સહાય કરવી ઈત્યાદિ રીતે ગુણી આત્માઓને અનુકૂલ પ્રવૃત્તિ કરવી. ગુણપક્ષપાતવાળા જીવોને બહુમાનદ્વારા અવશ્ય ફલ આપે એવા પુણ્યનું નિર્માણ થાય છે. આ પુણ્યનિર્માણના સામર્થ્યથી તે જીવો નિયમા આ લોક અને પરલોકમાં શરદ ઋતુનાં ચંદ્રકિરણોના સમૂહસમાન ઉજ્જ્વળ ગુણસમૂહને પામે છે. કારણ કે ગુણોમાં બહુમાનનો આશય ચિંતામણિ રત્નથી પણ અધિક શક્તિથી યુક્ત છે. (૫૭)

તથા– **(૩૫) ऊहापोहादियोग इति ॥५८॥ इति ।**

**ऊहश्चापोहश्च, आदि**शब्दात् तत्त्वाभिनिवेशलक्षणो बुद्धिगुणः शुश्रूषा-श्रवण-ग्रहण-धारणा-विज्ञानानि च गृह्यन्ते, इत्यष्टौ बुद्धिगुणाः, तत ऊहापोहादिभि**र्योगः** समागमोऽनुष्ठेय इति, तत्र प्रथमतस्तावच्छ्रोतुमिच्छा शुश्रूषा, श्रवणमाकर्णनम्, ग्रहणं शास्त्रार्थोपादानम्, धारणा अविस्मरणम्, मोह-सन्देह-विपर्यासव्युदासेन ज्ञानं विज्ञानम्, विज्ञातमर्थमवलम्ब्यान्येषु व्याप्त्या तथाविधेषु वितर्कणमूहः, उक्ति-युक्तिभ्यां विरुद्धादर्थाद् हिंसादिकात् प्रत्यपायसंभावनया व्यावर्तनमपोहः, अथवा सामान्यज्ञानमूहः, विशेषज्ञानमपोहः, विज्ञानोहापोहविशुद्धम् 'इदमित्थमेव' इति निश्चयः तत्त्वाभिनिवेशः, एवं हि शुश्रूषादिभिर्बुद्धिगुणैरुपहितप्रज्ञाप्रकर्षः पुमान्न कदाचिदकल्याणमाप्नोति, यदुच्यते-
जीवन्ति शतशः प्राज्ञाः, प्रज्ञया वित्तसंक्षये । न हि प्रज्ञाक्षये कश्चिद्, वित्ते सत्यपि जीवति ॥४५॥ ( ) इति ॥

इतिशब्दः प्रस्तुतस्य सामान्यतो गृहस्थधर्मस्य परिसमाप्त्यर्थ इति ॥५८॥

**ઊહ-અપોહ આદિ બુદ્ધિના આઠ ગુણોનો યોગ કરવો.** આદિ શબ્દથી તત્ત્વાભિનિવેશ, શુશ્રૂષા, શ્રવણ, ગ્રહણ, ધારણા અને વિજ્ઞાન એ છ બુદ્ધિગુણો સમજવા. તેમાં શુશ્રૂષા એટલે સાંભળવાની ઈચ્છા. શ્રવણ એટલે સાંભળવું. ગ્રહણ એટલે શાસ્ત્રના અર્થને સ્વીકારવો (=સમજવો). ધારણા એટલે યાદ રાખવું. મોહ (= અનધ્યવસાય), સંશય અને ❖ વિપર્યાસથી રહિત જ્ઞાન તે વિજ્ઞાન. જાણેલા

❖ અનધ્યયવસાય - સંશય - વિપર્યાસનો અર્થ પહેલા અધ્યાયના બાવીસમા સૂત્રમાં ટીપ્પણમાં જણાવ્યો છે.

કોઈ અર્થને આશ્રયીને વ્યાપ્તિ થવાથી તેવા પ્રકારના અન્ય પદાર્થમાં વિતર્ક ( = કલ્પના) કરવો તે ઊહ. ✧ આગમ અને યુક્તિથી વિરુદ્ધ એવા હિંસાદિ કાર્યો કરીશ તો મને અનર્થ થશે એવી સંભાવના કરીને તે કાર્યોથી પાછા હઠવું તે અપોહ.

અથવા સામાન્યજ્ઞાન તે ઊહ અને વિશેષ જ્ઞાન તે અપોહ. વિજ્ઞાન, ઊહ અને અપોહથી વિશુદ્ધ ''આ આ પ્રમાણે જ છે'' એવો નિર્ણય તે તત્ત્વાભિનિવેશ. આ પ્રમાણે શુશ્રૂષા વગેરે બુદ્ધિના આઠ ગુણોથી બુદ્ધિની વૃદ્ધિ કરનાર પુરુષ ક્યારેય અકલ્યાણને પામતો નથી. આ વિષે કહ્યું છે કે - **''સેંકડો બુદ્ધિશાળીઓ ધનનો ક્ષય થવા છતાં બુદ્ધિથી જીવે છે, પણ બુદ્ધિનો ક્ષય થતાં ધન હોવા છતાં કોઈ માનવ જીવતો નથી.''** સૂત્રમાં ઈતિ શબ્દ પ્રસ્તુત સામાન્ય ગૃહસ્થ ધર્મની સમાપ્તિ માટે છે, અર્થાત્ પ્રસ્તુત સામાન્ય ગૃહસ્થધર્મ અહીં પૂર્ણ થાય છે એ સૂચવવા માટે છે. (૫૮)

इत्थं सामान्यतो गृहस्थधर्म उक्तः, अथास्यैव फलमाह–

**एवं स्वधर्मसंयुक्तं सद् गार्हस्थ्यं करोति यः।**

**लोकद्वयेऽप्यसौ धीमान् सुखमाप्नोत्यनिन्दितम्** ॥४॥ **इति ।**

**एवम्** उक्तन्यायेन यः **स्वधर्मः** गृहस्थानां संबन्धी धर्मः तेन **संयुक्तं** समन्वितम् अत एव **सत्** सुन्दरं **गार्हस्थ्यं** गृहस्थभावं **करोति** विदधाति **यः** कश्चित् पुण्यसंपन्नो जीवः **लोकद्वयेऽपि** इहलोक-परलोकरूपे, किं पुनरिहलोक एवेत्य**पि**शब्दार्थः, **असौ** सद्गार्हस्थ्यकर्त्ता **धीमान्** प्रशस्तबुद्धिः **सुखं** शर्म **आप्नोति** लभते **अनिन्दितं** शुभानुबन्धितया सुधियामगर्हणीयमिति ॥४॥

**આ પ્રમાણે સામાન્ય ગૃહસ્થધર્મ કહ્યો. હવે તેનું જ ફળ કહે છે :-**

આ પ્રમાણે જે પુણ્યશાળી જીવ ગૃહસ્થધર્મથી યુક્ત અને એથી જ સુંદર એવું ગૃહસ્થપણું કરે છે, પ્રશસ્તબુદ્ધિવાળો તે આ લોક અને પરલોક એ બંને લોકમાં શુભાનુબંધી હોવાના કારણે પ્રશસ્ત બુદ્ધિવાળાઓથી અનિંદ્ય એવા સુખને પામે છે. (૪)

यत एवं ततोऽत्रैव यत्नो विधेय इति श्लोकद्वयेन दर्शयन्नाह–

**दुर्लभं प्राप्य मानुष्यं विधेयं हितमात्मनः ।**

✧ ઘરમાં અનેકવાર ધૂમાડો દેખીને 'અગ્નિ' છે એમ પ્રત્યક્ષ નિશ્ચય થયા પછી પર્વત ઉપર ધૂમાડો દેખી 'અગ્નિ છે' એવો વિતર્ક થાય તે ઊહ કહેવાય.

**करोत्यकाण्ड एवेह मृत्युः सर्वं न किञ्चन ॥५॥**

**सत्येतस्मिन्नसारासु संपत्स्वविहिताग्रहः।**

**पर्यन्तदारुणासूच्चैर्धर्मः कार्यो महात्मभिः ॥६॥ इति ।**

**दुर्लभं** दुरापं **प्राप्य** समासाद्य मानुष्यं मनुष्यजन्म, किमित्याह– **विधेयम्** अनुष्ठेयं सर्वावस्थासु **हितम्** अनुकूलं कल्याणमित्रयोगादि **आत्मनः** स्वस्य, यतः **करोति अकाण्डे एव** मरणानवसरे एव बाल्य-यौवन-मध्यमवयोऽवस्थारूपे **इह** मर्त्यलोके **सर्वं** पुत्र-कलत्र-विभवादि **मृत्युः** यमः, **न किञ्चन** मरणत्राणाकारणत्वेनावस्तुरूपमिति ॥५॥

**सति** विद्यमाने जगत्त्रितयवर्तिजन्तुजनितोपरमे **एतस्मिन्** मृत्यावेव **असारासु** मृत्युनिवारणं प्रति अक्षमासु **संपत्सु** धन-धान्यादिसंपत्तिलक्षणासु **अविहिताग्रहः** अकृतमूर्च्छः, कीदृशीषु संपत्स्वित्याह– **पर्यन्तदारुणासु** विरामसमयसमर्पितानेकव्यसनशतासु, **उच्चैः** अत्यर्थं **धर्म** उक्तलक्षणः **कार्यो** विधेयः, कैरित्याह– **महात्मभिः**, महान् प्रशस्य आत्मा येषां ते तथा तैरिति ॥६॥

**આ પ્રમાણે હોવાથી ધર્મમાં જ યત્ન કરવો જોઈએ એમ બે શ્લોકોથી જણાવે છેઃ-**

દુર્લભ એવા મનુષ્ય જન્મને પામીને સર્વ અવસ્થામાં "કલ્યાણ મિત્રોની સાથે સંબંધ" વગેરે આત્મહિત કરવું જોઈએ. કારણ કે મૃત્યુ મરણના અવસર વિના જ એટલે કે બાલ્યાવસ્થા, યૌવનાવસ્થા કે મધ્યમાવસ્થા રૂપ અકાળે જ પુત્ર, સ્ત્રી, વૈભવ વગેરે બધી વસ્તુને અવસ્તુ કરી નાખે છે, અર્થાત્ કોઈ વસ્તુ નથી એવું કરી નાખે છે. કારણ કે પુત્ર વગેરે કોઈ વસ્તુ મરણથી બચાવી શક્તી નથી. (૫)

ત્રણે જગતમાં રહેલા જીવોને વિરામ પમાડનાર ( = જીવોની પ્રવૃત્તિને અટકાવી દેનાર) મૃત્યુની વિદ્યમાનતા હોવાના કારણે મહાત્માઓએ અસાર અને *પર્યંત દારુણ એવી ધન - ધાન્યાદિ સંપત્તિમાં મૂર્છા કર્યા વિના અતિશય ધર્મ કરવો* જોઈએ. જેનો આત્મા મહાન = શ્રેષ્ઠ છે તે મહાત્મા. અસાર એટલે મૃત્યુને રોકવામાં અસમર્થ. પર્યંત દારુણ એટલે અંત સમયે સેંકડો દુઃખોને આપનારી. (૬)

इति श्री**मुनिचन्द्रसूरि**विरचितायां **धर्मबिन्दुप्रकरणविवृतौ सामान्यतो गृहस्थधर्मविधिः** प्रथमोऽध्यायः समाप्तः ॥१॥

આ પ્રમાણે ધર્મબિંદુ પ્રકરણની શ્રીમુનિચંદ્રસૂરિ વિરચિત ટીકામાં સામાન્ય ગૃહસ્થ ધર્મ નામનો પ્રથમ અધ્યાય પૂર્ણ થયો ॥૧॥

## । अथ द्वितीयोऽध्यायः ।

व्याख्यातः प्रथमोऽध्यायः, साम्प्रतं द्वितीयो व्याख्यायते, विशेषसंबन्धश्चास्य स्वयमेव शास्त्रकृता भणिष्यत इति नेह दर्श्यते, एवमन्येष्वप्यध्यायेष्विति, तस्य चेदमादिसूत्रम् -

**પહેલા અધ્યાયનું વ્યાખ્યાન કર્યું. હવે બીજા અધ્યાયનું વ્યાખ્યાન કરવામાં આવે છે. આનો સંબંધ (= પહેલા અધ્યાયની સાથે બીજા અધ્યાયનો સંબંધ) ગ્રંથકાર પોતે જ કહેવાના હોવાથી અહીં બતાવવામાં આવતો નથી. બીજા અધ્યાયોમાં પણ આ પ્રમાણે સમજી લેવું. બીજા અધ્યાયનું પહેલું સૂત્ર આ પ્રમાણે છેઃ-**

**प्रायः सद्धर्मबीजानि गृहिष्वेवंविधेष्वलम् ।**
**रोहन्ति विधिनोप्तानि यथा बीजानि सत्क्षितौ ॥१॥ इति ।**

**प्रायो** बाहुल्येन **सद्धर्मबीजानि सद्धर्मस्य** सम्यग्ज्ञान - दर्शन - चारित्ररूपस्य **बीजानि** कारणानि, तानि चामूनि -

दुःखितेषु दयाऽत्यन्तमद्वेषो गुणवत्सु च ।
औचित्यासेवनं चैव सर्वत्रैवाविशेषतः ॥४६॥ (योगदृष्टि० ३२) इति ॥

**गृहिषु** गृहस्थेषु **एवंविधेषु** कुलक्रमागतानिन्द्यन्यायानुष्ठानादिगुणभाजनेषु **अलं** स्वफलावन्ध्यकारणत्वेन अत्यर्थं **रोहन्ति** धर्मचिन्तादिलक्षणाङ्कुरादिमन्ति जायन्ते, उक्तं च - .

वपनं धर्मबीजस्य सत्प्रशंसादि तद्गतम् ।
तच्चिन्ताद्यङ्कुरादि स्यात् फलसिद्धिस्तु निर्वृतिः ॥४७॥ ( )
चिन्ता - सच्छ्रुत्यनुष्ठान - देवमानुषसंपदः ।
क्रमेणाङ्कुर - सत्काण्ड - नाल - पुष्पसमा मताः ॥४८॥ ( )

कीदृशानि सन्ति रोहन्तीत्याह– **विधिना** देशनार्हबालादिपुरुषौचित्यलक्षणेन **उप्तानि** निक्षिप्तानि, **यथेति** दृष्टान्तार्थः, **बीजानि** शालि - गोधूमादीनि **सत्क्षितौ** अनुपहतभूमौ विधिनोप्तानि सन्ति, **प्रायोग्रहणादकस्मादेव** पक्वतथाभव्यत्वे **क्वचिन्मरुदेव्यादौ** अन्यथाभावेऽपि न विरोध इति ॥१॥

જેવી રીતે સારી ભૂમિમાં વિધિથી વાવેલાં ચોખા અને ઘઉં વગેરે બીજો ઊગી નીકળે છે, તેવી રીતે પ્રાયઃ આવા પ્રકારના ગૃહસ્થોમાં વિધિથી વાવેલાં સદ્ધર્મનાં બીજો અતિશય ઊગી નીકળે છે. સારી ભૂમિમાં એટલે દૂષિત નહીં થયેલી ભૂમિમાં. આવા પ્રકારના એટલે પ્રથમ અધ્યાયમાં બતાવેલા કુલપરંપરાથી આવેલ અનિંદ્ય અને ન્યાયપૂર્વક ધનપ્રાપ્તિ માટે વ્યવહાર કરવો ઇત્યાદિ ગુણોનું ભાજન. વિધિથી એટલે દેશનાને યોગ્ય • બાલ વગેરે પુરુષને ઉચિત દેશના આપવી વગેરે વિધિથી. સદ્ધર્મનાં બીજો એટલે સમ્યગ્જ્ઞાન - દર્શન - ચારિત્ર રૂપ સદ્ધર્મનાં કારણો. તે બીજો આ પ્રમાણે છેઃ- **"શરીરના દુઃખથી દુઃખી જીવો ઉપર અત્યંત દયા, ગુણી જીવો ઉપર દ્વેષનો અભાવ, અવિશેષથી (= ભેદભાવ વિના) દીન આદિ બધા જીવો વિષે શાસ્ત્રાનુસાર ઔચિત્ય જાળવવું આ ત્રણ ચરમપુદ્ગલ પરાવર્તનાં લક્ષણો છે."** (યો. સ. ગા. ૩૨) અતિશય ઊગી નીકળે એ સ્થળે 'અતિશય' એટલા માટે કહ્યું છે કે વિધિપૂર્વક વાવેલાં ધર્મબીજો પોતાના ફળનું અવંધ્ય કારણ છે. ઊગી નીકળે છે એટલે ધર્મચિંતારૂપ અંકુર આદિથી યુક્ત થાય છે. આ વિષે (લ. વિ. નમોત્થુણં એ પદની વ્યાખ્યામાં) કહ્યું છે કે **" ધર્મની શુદ્ધ પ્રશંસા વગેરે ધર્મબીજનું વાવેતર છે. ધર્મની અભિલાષા વગેરે અંકુર વગેરે છે, મોક્ષ એ ફળ (= પાક) છે. (૧) ધર્મની અભિલાષા, સમ્યક્ધર્મશ્રવણ, ધર્મનું આચરણ અને દેવ - મનુષ્યની સંપત્તિઓ એ ક્રમશઃ અંકુર, કાંડ,નાળ અને પુષ્પ સમાન માનેલા છે."** (૨) સૂત્રમાં પ્રાયઃ શબ્દનો ઉલ્લેખ કર્યો હોવાથી મરુદેવી માતા વગેરેમાં સદ્ધર્મના બીજોની વાવણી વિના અકસ્માત્ જ તથાભવ્યત્વના પરિપાકથી સદ્ધર્મની પ્રાપ્તિ થવા છતાં વિરોધ નથી. (૧)

• શ્રોતાના બાલ, મધ્યમ અને પંડિત એમ ત્રણ પ્રકાર છે. તેમાં જે જીવ ઉપદેશકનો વેષ વગેરે બાહ્ય દેખાવ જોઇને આકર્ષાય તે બાલ, ઉપદેશકના સારા આચારો જોઇને આકર્ષાય તે મધ્યમ અને આગમતત્ત્વની બરોબર પરીક્ષા કરીને શુદ્ધ આગમતત્ત્વનો સ્વીકાર કરે તે પંડિત. ઉપદેશકે બાલ શ્રોતા સમક્ષ લોચ કરવો, પગે પગરખાં વગેરે કાંઇ પહેરવું નહીં, વિવિધ તપ કરવાં, ઉપધિ અલ્પ રાખવી, નિર્દોષ આહાર - પાણીથી નિર્વાહ કરવો ઇત્યાદિ સાધુના બાહ્ય આચારોનું વર્ણન કરવું, *મધ્યમ શ્રોતા સમક્ષ પાંચ સમિતિ, ત્રણ ગુપ્તિ વગેરે સાધુના આચારો કહેવા. પંડિત શ્રોતાને* આગમતત્ત્વ સમજાવવું, અર્થાત્ કષ, છેદ અને તાપથી શુદ્ધ હોય તે જ શુદ્ધ આગમશાસ્ત્ર છે, ઇત્યાદિ સમજાવવું. આ રીતે બાલ વગેરેને જાણીને તેને યોગ્ય દેશના આપવી વગેરે વિધિથી વાવેલાં સદ્ધર્મનાં બીજો અતિશય ઊગી નીકળે છે.

अमुमेवार्थं व्यतिरेकत आह–

**बीजनाशो यथाऽभूमौ प्ररोहो वेह निष्फलः ।**

**तथा सद्धर्मबीजानामपात्रेषु विदुर्बुधाः ॥२॥ इति ॥**

**बीजनाशो** बीजोच्छेदो **यथा अभूमौ** ऊषरादिरूपायाम्, **प्ररोहः** अङ्कुराद्युद्भेदः बीजस्यैव, **वा** इति पक्षान्तरसूचकः, **इह** जगति **निष्फलो** धान्यादिनिष्पत्तिफलविकलः, **तथा सद्धर्मबीजानां** उक्तलक्षणानां गुरुणा अनाभोगादिभिर्निक्षिप्यमाणानाम् **अपात्रेषु** अनीतिकारिषु लोकेषु **विदुः** जानते **बुधाः** नाशं निष्फलं वा प्ररोहमिति ॥२॥

**આ જ અર્થને વિપરીત રીતે કહે છેઃ-**

જેવી રીતે ઊખર વગેરે અસદ્ભૂમિમાં વાવેલા બીજનો નાશ થાય, અથવા અંકુરા આદિની ઉત્પત્તિ થાય તો પણ ધાન્યાદિની ઉત્પત્તિરૂપ ફલથી રહિત બને, તેવી રીતે ગુરુ વડે અનુપયોગ આદિથી અપાત્રમાં = અનીતિ (આદિ) કરનારા લોકોમાં વવાતા ધર્મબીજો નાશ પામે છે, અથવા ધર્મચિંતા આદિરૂપ અંકુરા વગેરેની ઉત્પત્તિ થાય તો પણ મોક્ષરૂપ ફલથી રહિત બને છે, એમ વિદ્વાનો જાણે છે. (૨)

आह– किमित्यपात्रेषु धर्मबीजनाशो निष्फलो वा प्ररोहः संपद्यते इत्याह -

***न साधयति यः सम्यगज्ञः स्वल्पं चिकीर्षितम् ।***

**अयोग्यत्वात् कथं मूढः स महत् साधयिष्यति ? ॥३॥ इति ।**

**न** नैव **साधयति** निर्वर्त्तयति **यो** जीवः **सम्यग्** यथावत् **अज्ञः** हिताहितविभागाकुशलः **स्वल्पं** तुच्छं **चिकीर्षितं** कर्तुमिष्टं निर्वाहाद्यनुष्ठानाद्यपि, कस्मान्न साधयतीत्याह- **अयोग्यत्वात्** अज्ञत्वेनानधिकारित्वात्, यथोक्तम्– मूर्खस्य क्वचिदर्थे नाधिकारः (     ) इति, **कथं** केन प्रकारेण **मूढो** विगता चिन्ता (=हिताहितविचारणा) यस्यासौ विचिन्तः, विचिन्तस्य भावः वैचिन्त्यम् । वैचिन्त्यमागतः **सः** पूर्वोक्तो जीवः **महत्** परमपुरुषार्थहेतुतया बृहद् धर्मबीजरोहणादि **साधयिष्यति?**, सर्षपमात्रधरणासमर्थस्य मेरुगिरिधरणासमर्थत्वादिति ॥३॥

**અપાત્રમાં ધર્મબીજનો નાશ કેમ થાય ? અથવા અંકુરા વગેરે ફલથી રહિત કેમ બને ? તે કહે છે :-**

જે અજ્ઞાની જીવ અધિકારી ન હોવાથી કરવા ઈચ્છેલા નિર્વાહ આદિ તુચ્છ કાર્યોને પણ શાસ્ત્રોક્ત વિધિ પ્રમાણે સાધી શકતો નથી તે મૂઢ જીવ ધર્મબીજનું

ઊગવું વગેરે મહાન કાર્યને કેવી રીતે સાધી શકશે ? અર્થાત્ નહીં સાધી શકે. કારણકે જે માત્ર સરસવને ધારણ ન કરી શકે તે જીવ મેરુ પર્વતને ધારણ કરવા અસમર્થ જ હોય.

**પ્રશ્ન** :- '' અજ્ઞાની જીવ અધિકારી ન હોવાથી'' એમ અહીં કહ્યું છે. તો અજ્ઞાની જીવ કેમ અધિકારી નથી ? **ઉત્તર** :- અજ્ઞાની જીવ અજ્ઞાન હોવાથી અધિકારી નથી. આ વિષે કહ્યું છે કે '' **મૂર્ખ માણસને કોઇ પણ કાર્યમાં અધિકાર નથી.**'' અજ્ઞાની એટલે હિતાહિતનો વિભાગ કરવામાં અકુશલ. મૂઢ એટલે હિતાહિતની વિચારણાથી રહિત. **પ્રશ્ન** :- ધર્મબીજનું ઊગવું વગેરે કાર્યો મહાન કેમ છે ? **ઉત્તર**:- એ કાર્યો ઉત્તમ પુરુષાર્થરૂપ હોવાથી મહાન છે.(૩)

**इति सद्धर्मदेशनार्ह उक्तः,**

**इदानीं तद्विधिमनुवर्णयिष्यामः • ॥१॥५९॥ इति ।**

**इति** एवं पूर्वोक्तगृहस्थधर्मनिरूपणेन **सद्धर्मदेशनार्हो** लोकोत्तरधर्मप्रज्ञापनायोग्यः **उक्तः** भणितः, **इदानीं** सम्प्रति **तद्विधिं** सद्धर्मदेशनाक्रमं **वर्णयिष्यामः** निरूपयिष्यामो वयमिति ॥१॥

**આ પ્રમાણે સદ્ધર્મની દેશનાને યોગ્ય જીવ કહ્યો, હવે સદ્ધર્મની દેશનાના ક્રમનું અમે નિરૂપણ કરીશું.** આ પ્રમાણે એટલે પૂર્વોક્ત ગૃહસ્થધર્મના નિરૂપણ વડે. સદ્ધર્મની દેશનાને યોગ્ય એટલે લોકોત્તર ધર્મનો બોધ આપવાને યોગ્ય. (૧)

तद्यथा–

**तत्प्रकृति - देवताधिमुक्तिज्ञानम् ॥२॥६०॥ इति ।**

**तस्य** सद्धर्मदेशनार्हस्य जन्तोः **प्रकृतिः** स्वरूपं गुणवल्लोकसङ्गप्रियत्वादिका, **देवताधिमुक्तिश्च** बुद्ध - कपिलादिदेवताविशेषभक्तिः, तयोर्ज्ञानं प्रथमतो देशकेन कार्यम्, ज्ञातप्रकृतिको हि पुमान् रक्तो द्विष्टो मूढः पूर्वव्युद्ग्राहितश्च चेन्न भवति तदा कुशलैस्तथा तथाऽनुवर्त्य लोकोत्तरगुणपात्रतामानीयते, विदितदेवताविशेषाधिमुक्तिश्च तत्तद्देवताप्रणीतमार्गानुसारिवचनोपदर्शनेन तद्दूषणेन च सुखमेव मार्गेऽवतारयितुं शक्यते इति ॥२॥

• પ્રથમ અંક પ્રસ્તુત અધ્યાયનો અંક છે. પછીનો અંક પહેલા અધ્યાયથી સળંગ અંક છે.

**તે ક્રમ આ પ્રમાણે છે:-**

**સદ્ધર્મની દેશનાને યોગ્ય જીવની પ્રકૃતિને અને તેના દેવની મુક્તિને જાણવી.** ધર્મોપદેશકે પહેલાં સદ્ધર્મની દેશનાને યોગ્ય જીવની 'ગુણિજનનો સંગ ગમે' ઈત્યાદિ પ્રકૃતિને જાણવી, તથા તે બુદ્ધ અને કપિલ વગેરે જે દેવને માનતો હોય તે દેવે મુક્તિનું સ્વરૂપ કેવું કહ્યું છે તે જાણવું. પછી જેની પ્રકૃતિ જાણી લીધી છે તે પુરુષ જો રાગી, દ્વેષી, મૂઢ અને પૂર્વવ્યુદ્ગ્રાહિત ન હોય તો કુશલ ધર્મોપદેશકો તે તે રીતે અનુકુલ વર્તન કરીને તેને લોકોત્તરગુણને પાત્ર બનાવી શકે. તેના દેવની મુક્તિનું સ્વરૂપ જાણી લીધું હોય તો તે તે દેવે રચેલાં માર્ગાનુસારી વચનો બતાવીને અને તેમાં રહેલા દૂષણો બતાવીને (તે રીતે સત્ય સમજાવીને) તેને સુખપૂર્વક માર્ગમાં લાવી શકાય. (૨)

तथा- **साधारणगुणप्रशंसा ॥३॥६१॥ इति ।**

**साधारणानां** लोक-लोकोत्तरयोः सामान्यानां **गुणानां प्रशंसा** पुरस्कारः देशनार्हस्य अग्रतः विधेया, यथा -

प्रदानं प्रच्छन्नं गृहमुपगते संभ्रमविधिः, प्रियं कृत्वा मौनं सदसि कथनं चाप्युपकृतेः ।
अनुत्सेको लक्ष्म्या निरभिभवसाराः परकथाः, श्रुते चासंतोषः कथमनभिजाते निवसति?
॥४१॥ (नीतिश० ५७?) ॥३॥

**સદ્ધર્મની દેશનાને યોગ્ય જીવ આગળ લોક અને લોકોત્તર એ બન્નેમાં હોય તેવા સામાન્ય ગુણોની પ્રસંશા કરવી. જેમ કે - "દાન ગુપ્ત આપવું, ઘરે આવેલાનું તુરત ઊભા થઈ સામે જવું ઈત્યાદિ સંભ્રમપૂર્વક આદર સત્કાર કરવો, કોઈનું સારું કરીને બીજાને ન કહેવું, બીજાએ પોતાના ઉપર કરેલા ઉપકારને ઘણા માણસો વચ્ચે કહેવો, ધનનું અભિમાન ન કરવું, બીજાની હલકાઈ થાય તેવી વાતો ન કહેવી, શાસ્ત્રજ્ઞાન મેળવવામાં સંતોષ ન કરવો, આ ગુણો કુલીન પુરુષ વિના બીજામાં ન રહે."** (૩)

तथा- **सम्यक् तदधिकाख्यनम् ॥४॥६२॥ इति ।**

**सम्यग्** अविपरीतरूपतया **तेभ्यः** साधारणगुणेभ्यः **अधिका** विशेषवन्तः ये गुणाः तेषा**माख्यानं** कथनम्, यथा-

पञ्चैतानि पवित्राणि सर्वेषां धर्मचारिणाम्।
अहिंसा सत्यमस्तेयं त्यागो मैथुनवर्जनम् ॥५०॥ (हा ० अष्टके १३।२) इति ॥४॥

**સાધારણ ગુણોથી અધિક ગુણો સારી રીતે કહેવા.** અધિક ગુણો એટલે (ઉપર કહ્યા તેવા) સામાન્ય ગુણોથી વિશિષ્ટ ગુણો. જેમકે - **"અહિંસા, સત્ય, ચોરીનો ત્યાગ,બ્રહ્મચર્ય અને પરિગ્રહનો ત્યાગ, આ પાંચ સઘળાય ધર્માવલંબીઓ માટે પવિત્ર છે."**(હારિ. અ. ૧૩-૨) સારી રીતે એટલે ગુણોના સ્વરૂપમાં વિરોધ ન આવે તે રીતે. (૪)

तथा– **अबोधेऽप्यनिन्दा ॥५॥६३॥ इति ।**

**अबोधेऽपि** अनवगमेऽपि सामान्यगुणानां विशेषगुणानां वा व्याख्यातानामप्य**निन्दा** 'अहो मन्दबुद्धिर्भवान् य इत्थमाचक्षाणेष्वपि अस्मासु न बुध्यते वस्तुतत्त्वम्' इत्येवं श्रोतुस्तिरस्कारपरिहाररूपा, निन्दितो हि श्रोता किञ्चिद् बुभुत्सुः अपि सन् दूरं विरज्यत इति ॥५॥

**બોધ ન પામે તો પણ નિંદા ન કરવી.** શ્રોતાને સારી રીતે કહેવા (= સમજાવવા) છતાં સામાન્ય ગુણોનો કે વિશેષગુણોનો બોધ ન થાય તો ''અહો! તમે મંદબુદ્ધિવાળા છો,જેથી આ પ્રમાણે અમારા કહેવા (= સમજાવવા) છતાં વસ્તુતત્ત્વને સમજતા નથી.'' એ પ્રમાણે તિરસ્કારરૂપ નિંદા ન કરવી.નિંદા કરાયેલો શ્રોતા કંઈક બોધ પામવાની ઈચ્છાવાળો થયો હોય તો પણ સ્નેહરહિત બનીને દૂર ભાગે છે.
(૫)

तर्हि किं कर्तव्यमित्याह–

**शुश्रूषाभावकरणम् ॥६॥६४॥ इति ।**

धर्मशास्त्रं प्रति श्रोतुमिच्छा **शुश्रूषा** तल्लक्षणो **भावः** परिणामः तस्य **करणं** निर्वर्तनं श्रोतुस्तैस्तैर्वचनैरिति, शुश्रूषामनुत्पाद्य धर्मकथने प्रत्युत अनर्थसंभवः, पठ्यते च– स खलु पिशाचकी वातकी वा यः परेऽनर्थिनि वाचमुदीरयति (नीतिवाक्या० १०/१५९) ॥६॥

**બોધ ન થાય તો નિંદા ન કરવી તો શું કરવું તે કહે છેઃ-**

**શુશ્રૂષા ભાવ ઉત્પન્ન કરવો.** શુશ્રૂષા એટલે ધર્મશાસ્ત્ર સાંભળવાની ઇચ્છા. ભાવ એટલે પરિણામ. ધર્મોપદેશકે તે તે વચનોથી શ્રોતામાં શુશ્રૂષારૂપ પરિણામ ઉત્પન્ન કરવો. શુશ્રૂષાને ઉત્પન્ન કર્યા વિના ધર્મ કહેવામાં લાભ જરાય ન થાય,બલ્કે અનર્થ થવાનો સંભવ છે. આ વિષે કહ્યું છે કે- **"સાંભળવાની ઇચ્છાથી રહિત જીવને જે કહે છે તે ખરેખર! પિશાચગ્રસ્ત અથવા વાયડો છે."** (૬)

तथा– **भूयो भूय उपदेशः ॥७॥६५॥ इति ।**

**भूयो भूयः** पुनः पुनः उपदिश्यते इति **उपदेशः** उपदेष्टुमिष्टवस्तुविषयः कथञ्चिदनवगमे सति कार्यः, किं न क्रियन्ते दृढसंनिपातरोगिणां पुनः पुनः क्रिया तिक्तादिक्वाथपानोपचारा इति ॥७॥

**વારંવાર ઉપદેશ આપવો.** જે વિષયનો ઉપદેશ આપવામાં આવે તે વિષયને શ્રોતા કોઇ કારણથી ન સમજે તો વારંવાર ઉપદેશ આપવો. દૃઢ સંનિપાત રોગવાળાને કડવા વગેરે ઉકાળા પીવા રૂપ ઉપચારો શું વારંવાર કરવામાં આવતા નથી? (૭)

तथा– **बोधे प्रज्ञोपवर्णनम् ॥८॥६६॥ इति।**

**बोधे** सकृदुपदेशेन भूयो भूय उपदेशेन वा उपदिष्टवस्तुनः परिज्ञाने तस्य श्रोतुः **प्रज्ञोपवर्णनं** बुद्धिप्रशंसनम्, यथा नालघुकर्माणः प्राणिन एवंविधसूक्ष्मार्थबोद्धारो भवन्तीति ॥८॥

**શ્રોતાને બોધ થાય ત્યારે તેની બુદ્ધિની પ્રશંસા કરવી.** જે વિષયનો ઉપદેશ આપવામાં આવે તે વિષય શ્રોતાને એકવાર ઉપદેશ આપવાથી કે વારંવાર ઉપદેશ આપવાથી સમજાઈ જાય ત્યારે તેની બુદ્ધિની પ્રશંસા કરવી. જેમકે- ભારે કર્મી જીવો આવા પ્રકારના સૂક્ષ્મ અર્થને સમજી શકતા નથી.(તમે સમજી શક્યા છો માટે લઘુકર્મી છો ઇત્યાદિ પ્રશંસા કરવી.) (૮)

तथा–

**तन्त्रावतारः ॥९॥६७॥ इति।**

**तन्त्रे** आगमे **अवतारः** प्रवेशः आगमबहुमानोत्पादनद्वारेण तस्य विधेयः,

आगमबहुमानश्चैवमुत्पादनीयः–

परलोकविधौ शास्त्रात् प्रायो नान्यदपेक्षते।
आसन्नभव्यो मतिमान् श्रद्धाधनसमन्वितः ॥५१॥
उपदेशं विनाऽप्यर्थकामौ प्रति पटुर्जनः।
धर्मस्तु न विना शास्त्रादिति तत्रादरो हितः ॥५२॥
अर्थादावविधानेऽपि तदभावः परं नृणाम्।
धर्मेऽविधानतोऽनर्थः क्रियोदाहरणात् परः ॥५३॥
तस्मात् सदैव धर्मार्थी शास्त्रयत्नः प्रशस्यते।
लोके मोहान्धकारेऽस्मिन् शास्त्रालोकः प्रवर्तकः ॥५४॥
**शास्त्रयत्न** इति शास्त्रे यत्नो यस्येति समासः,
पापामयौषधं शास्त्रं शास्त्रं पुण्यनिबन्धनम्।
चक्षुः सर्वत्रगं शास्त्रं शास्त्रं सर्वार्थसाधनम् ॥५५॥
न यस्य भक्तिरेतस्मिंस्तस्य धर्मक्रियाऽपि हि।
अन्धप्रेक्षाक्रियातुल्या कर्मदोषादसत्फला ॥५६॥
यः श्राद्धो मन्यते मान्यान् अहङ्कारविवर्जितः।
गुणरागी महाभागस्तस्य धर्मक्रिया परा ॥५७॥
यस्य त्वनादरः शास्त्रे तस्य श्रद्धादयो गुणाः।
उन्मत्तगुणतुल्यत्वान्न प्रशंसास्पदं सताम् ॥५८॥
मलिनस्य यथाऽत्यन्तं जलं वस्त्रस्य शोधनम्।
अन्तःकरणरत्नस्य तथा शास्त्रं विदुर्बुधाः ॥५९॥
शास्त्रे भक्तिर्जगद्वन्द्यैर्मुक्तिदूती परोदिता ।
अत्रैवेयमतो न्याय्या तत्प्राप्त्यासन्नभावतः ॥६०॥ (योगबिन्दौ २२१-३०)

**अत्रैव** इति मुक्तौ एव, **इयमिति** शास्त्रभक्तिः, **तत्प्राप्त्यासन्नभावत** इति मुक्तिप्राप्तिसमीपभावात् इति ॥९॥

**શ્રોતાને આગમમાં પ્રવેશ કરાવવો.**

શ્રોતાને આગમો (= શાસ્ત્રો) પ્રત્યે બહુમાન ઉત્પન્ન કરાવીને આગમમાં પ્રવેશ કરાવવો. આગમો પ્રત્યે બહુમાન આ પ્રમાણે ઉત્પન્ન કરાવવોઃ-

**"અલ્પસંસારી, માર્ગાનુસારી, બુદ્ધિમાન અને • શ્રદ્ધારૂપી ધનથી યુક્ત જીવ**

• અહીં શ્રદ્ધા એટલે અનુષ્ઠાનની અભિલાષા.

પરલોકના ફળવાળાં કાર્યો કરવામાં મોટા ભાગે શાસ્ત્ર સિવાય બીજા લોકરૂઢિ આદિ કોઈનું આલંબન લેતો નથી. (૨૨૧) અર્થ અને કામમાં તો ઉપદેશ વિના પણ લોકો હોશિયાર હોય છે. ધર્મ માટે તો શાસ્ત્ર સિવાય બીજો કોઈ આધાર નથી, માટે શાસ્ત્રમાં આદર કરવો એ જ હિતકર છે. (૨૨૨) અર્થ કામમાં અવિધિ કરવામાં આવે તો અર્થ - કામ ન મળે એટલું જ નુકશાન છે, પણ બીજો કોઈ અનર્થ નથી, જ્યારે ધર્મમાં અવિધિ કરવામાં આવે તો ચિકિત્સાના દૃષ્ટાંતથી અતિશય અનર્થ (=અકલ્યાણ) થાય છે. ચિકિત્સાનું દૃષ્ટાંત આ પ્રમાણે છે :- જે દર્દી રોગના નિવારણ માટે ઔષધ લે છે,પણ વિરુદ્ધ અપથ્ય સેવન કરે છે તે ઔષધ નહિ લેનારથી અધિક અને જલદી વિનાશને પામે છે.(૨૨૩) માટે સદા શાસ્ત્રના આદરમાં તત્પર એવો ધર્માર્થી જીવ પ્રશંસાને પાત્ર છે. કારણ કે મોહરૂપી અંધકારવાળા આ જગતમાં શાસ્ત્રરૂપી પ્રકાશ પરલોકની ક્રિયામાં પ્રવર્તાવે છે. (૨૨૪) શાસ્ત્ર પાપરૂપી રોગનું ઔષધ છે. શાસ્ત્ર પવિત્ર કાર્યોનું નિમિત્ત છે. શાસ્ત્ર સૂક્ષ્મ - બાદર વગેરે સર્વ વસ્તુમાં જનારી (= સર્વ વસ્તુઓને જોનારી) આંખ છે.શાસ્ત્ર સર્વ કાર્યોની સિદ્ધિનું કારણ છે. (૨૨૫) તેથી જે ધર્માર્થીને શાસ્ત્રમાં બહુમાનરૂપ ભક્તિ નથી તેની દેવવંદનાદિ ધર્મક્રિયા અંધપુરુષની જોવાની ક્રિયા તુલ્ય છે, અને (कर्मदोषात्) તેવા પ્રકારના મોહના ઉદયથી અભિપ્રેત ફલવાળી થતી નથી. (૨૨૬) આથી સન્માર્ગમાં શ્રદ્ધાળુ, અહંકારથી રહિત, ગુણાનુરાગી અને (महाभागः=) શ્રેષ્ઠ પ્રશંસનીય અચિંત્યશક્તિવાળો જે જીવ બહુમાન યોગ્ય દેવ આદિ ઉપર બહુમાન કરે છે, તેની ધર્મક્રિયા ઉત્તમ છે. (૨૨૭) જેને શાસ્ત્ર પ્રત્યે અનાદર છે તેના શ્રદ્ધા, સંવેગ અને નિર્વેદ વગેરે ગુણો તેવા પ્રકારના ગ્રહના આવેશથી ઉન્મત્ત બનેલા પુરુષના શૂરતા અને ઉદારતા આદિ ગુણસમાન હોવાથી વિવેકીઓનું પ્રશંસાસ્થાન બનતા નથી, અર્થાત્ વિવેકીઓ તેના ગુણોની પ્રશંસા કરતા નથી. (૨૨૮) જેવી રીતે પાણી મલિન વસ્ત્રને અત્યંત શુદ્ધ કરે છે તેવી રીતે શાસ્ત્ર અંતઃકરણરૂપ રત્નને અત્યંત શુદ્ધ કરે છે એમ બુદ્ધિમાન પુરુષો જાણે છે. (૨૨૯) શાસ્ત્રમાં બહુમાનરૂપી ભક્તિ મુક્તિની ઉત્તમ દૂતી છે, એમ જગત્પૂજ્ય તીર્થંકરોએ કહ્યું છે. આથી શાસ્ત્રમાં જ ભક્તિ રાખવી એ યોગ્ય છે. કારણકે શાસ્ત્રમાં જ ભકિત રાખવાથી મુકિત નજીક બને છે. જેની મુક્તિ દૂર છે તે જીવ શાસ્ત્રમાં ભક્તિવાળો થતો નથી. (૨૩૦) • (૯)

• આ બધી ગાથાઓ યોગબિંદુમાં ૨૨૧ થી ૨૩૦ સુધી છે.

तथा- **प्रयोग आक्षेपण्याः ॥१०॥६८॥ इति ।**

**प्रयोगो** व्यापारणं धर्मकथाकाले **आक्षिप्यन्ते** आकृष्यन्ते मोहात् तत्त्वं प्रति भव्यप्रणिनः **अनयेत्याक्षेपणी**, तस्याः **कथायाः**, सा च आचार - व्यवहार - प्रज्ञप्ति - दृष्टिवादभेदाच्चतुर्धा, तत्राचारो लोचा - ऽस्नानादिसाधुक्रियारूपः, व्यवहारः कथञ्चिदापन्नदोषव्यपोहाय प्रायश्चित्तलक्षणः, प्रज्ञप्तिः संशयापन्नस्य मधुरवचनैः प्रज्ञापनम्, दृष्टिवादश्च श्रोत्रपेक्षया सूक्ष्मजीवादिभावकथनमिति ॥१०॥

**ધર્મકથાના અવસરે આક્ષેપણી કથા કહેવી.** જે કથાથી ભવ્ય જીવો મોહમાંથી છૂટી તત્ત્વ (=સત્ય) તરફ આકર્ષાય તે આક્ષેપણી કથા. આક્ષેપણી કથાના આચાર, વ્યવહાર, પ્રજ્ઞપ્તિ અને દૃષ્ટિવાદ એમ ચાર ભેદ છે. લોચ કરવો, સ્નાન ન કરવું વગેરે સાધુઓના આચારોનું વર્ણન જેમાં મુખ્ય હોય તે આચાર આક્ષેપણી કથા. કોઇ પણ રીતે થઇ ગયેલા દોષોને દૂર કરવા માટે (= દોષોની શુદ્ધિ માટે) પ્રાયશ્ચિત્તનું વર્ણન જેમાં મુખ્ય હોય તે વ્યવહાર આક્ષેપણી. સંશયને પામેલા જીવને મધુર વચનોથી સમજાવવા (= તેના સંશયને દૂર કરવા) જે કહેવામાં આવે તે પ્રજ્ઞપ્તિ આક્ષેપણી. શ્રોતા પ્રમાણે (= શ્રોતાની બુદ્ધિ અને પ્રકૃતિ વગેરે પ્રમાણે) સૂક્ષ્મ જીવાદિ ભાવો કહેવા તે દૃષ્ટિવાદ આક્ષેપણી. (૧૦)

तथा- **ज्ञानाद्याचारकथनम् ॥११॥६९॥ इति ।**

**ज्ञानस्य** श्रुतलक्षणस्य **आचारः** ज्ञानाचारः, **आदिशब्दात्** दर्शनाचारश्चारित्राचारस्तपआचारो वीर्याचारश्चेति। ततो ज्ञानाद्याचाराणां **कथनं** प्रज्ञापनमिति समासः। तत्र ज्ञानाचारोऽष्टधा काल - विनय - बहुमानोपधाना - ऽनिह्नव - व्यञ्जना - ऽर्थ - तदुभयभेदलक्षणः, तत्र काल इति यो यस्य अङ्गप्रविष्टादेः श्रुतस्य काल उक्तः तस्मिन्नेव तस्य स्वाध्यायः कर्त्तव्यो नान्यदा तीर्थकरवचनात्, दृष्टं च कृष्यादेः कालकरणे फलम्, विपर्यये तु विपर्यय इति १ । तथा श्रुतग्रहणं कुर्वता गुरोर्विनयः कार्यः, विनयो ह्यभ्युत्थान - पादधावनादिः, अविनयगृहीतं हि तदफलं भवति २। तथा श्रुतग्रहणोद्यतेन गुरोर्बहुमानः कार्यः, बहुमानो नामाऽऽन्तरो भावप्रतिबन्धः ३, एतस्मिन् सति अक्षेपेणाविकलं श्रुतं भवति, अत्र च विनयबहुमानयोश्चतुर्भङ्गी भवति- एकस्य विनयो न बहुमानः १, अपरस्य बहुमानो न विनयः २, अन्यस्य विनयोऽपि बहुमानोऽपि ३, अन्यतरस्य न विनयो नापि बहुमान ४ इति ३। तथा श्रुतग्रहणमभीप्सतोपधानं कार्यम्,

उपदधाति पुष्णाति श्रुतमित्युपधानं तपः, तद्धि यद्यत्राध्ययने आगाढादियोगलक्षणमुक्तं तत् तत्र कार्यम्, तत्पूर्वकश्रुतग्रहणस्यैव सफलत्वात् ४। 'अनिह्नवः' इति गृहीतश्रुतेनानिह्नवः कार्यः, यद् यत्सकाशेऽधीतं तत्र स एव कथनीयो नान्यः, चित्तकालुष्यापत्तेरिति ५ । तथा श्रुतग्रहणप्रवृत्तेन तत्फलमभीप्सता व्यञ्जनभेदोऽर्थभेद उभयभेदश्च न कार्यः, तत्र व्यञ्जनभेदो यथा- 'धम्मो मंगलमुक्किट्ठं' (दशवै. १/१) इति वक्तव्ये 'पुन्नो कल्लाणमुक्कोसं' इत्याह, अर्थभेदस्तु यथा– 'आवंती केयावंती लोगंसि विप्परामसंति' (आचा. १/५/१४७) इत्यत्राऽऽ**चारसूत्रे** 'यावन्तः केचन **लोके** अस्मिन् पाषण्डिलोके विपरामृशन्ति' इत्यर्थाभिधाने '**आवन्तीज**नपदे **केया** रज्जूः **वन्ता लोकः परामृशति** कूपे' इत्याह, उभयभेदस्तु द्वयोरपि याथात्म्योपमर्दे, यथा– 'धर्मो मङ्गलमुत्कृष्टः अहिंसा पर्वतमस्तके' इत्यादि, दोषश्चात्र व्यञ्जनभेदेऽर्थभेदः, तद्भेदे क्रियायाः, क्रियाभेदे च मोक्षाभावः, तदभावे च निरर्थिका दीक्षेति ।

दर्शनाचारोऽपि निःशङ्कित - निःकाङ्क्षित - निर्विचिकित्सा - ऽमूढदृष्टि- उपबृंहा-स्थिरीकरण-वात्सल्य - तीर्थप्रभावनाभेदादष्टधैव, तत्र निःशङ्कित इति शङ्कनं शङ्कितम्, निर्गतं शङ्कितं यतोऽसौ निःशङ्कितः, देश - सर्वशङ्कारहित इत्यर्थः, तत्र देशे शङ्का 'समाने जीवत्वे कथमेको भव्यः, अपरस्तु अभव्यः' इति शङ्कते, सर्वशङ्का तु 'प्राकृतनिबद्धत्वात् सकलमेवेदं परिकल्पितं भविष्यति' इति, न पुनरालोचयति यथा - भावा हेतुग्राह्या अहेतुग्राह्याश्च, तत्र हेतुग्राह्या जीवास्तित्वादयः, अहेतुग्राह्या भव्यत्वादयः, अस्मदाद्यपेक्षया प्रकृष्टज्ञानगोचरत्वात् तद्धेतूनामिति प्राकृतनिबन्धोऽपि बालादिसाधारण इति, उक्तं च -

बाल-स्त्री-मूढ-मूर्खाणां नृणां चारित्रकाङ्क्षिणाम्।
अनुग्रहार्थं तत्त्वज्ञैः, सिद्धान्तः प्राकृतः स्मृतः ॥६१ ॥ (            )

दृष्टेष्टाविरुद्धत्वाच्च नायं परिकल्पनागोचरः, ततश्च निःशङ्कितो जीव एवार्हच्छासनप्रतिपन्नो दर्शनाचार इत्युच्यते, अनेन दर्शनदर्शनिनोरभेदोपचारमाह, तदेकान्तभेदे त्वदर्शनिन इव फलाभावान्मोक्षाभाव इति, एवं शेषपदेष्वपि भावना कार्या १। तथा निःकाङ्क्षितो देशसर्वकाङ्क्षारहितः, तत्र देशकाङ्क्षा एकं दर्शनं काङ्क्षते दिगम्बरदर्शनादि, सर्वकाङ्क्षा तु सर्वाण्येवेति, नालोकयति षड्जीवनिकायपीडामसत्प्ररूपणां चेति २। विचिकित्सा मतिविभ्रमः, निर्गता विचिकित्सा यस्मादसौ निर्विचिकित्सः, 'साध्वेव जिनदर्शनम्, किन्तु प्रवृत्तस्यापि सतो ममास्मात् फलं भविष्यति वा न वा, कृषीवलादिक्रियासूभयथाऽप्युपलब्धेः' इति कुविकल्परहितः, न ह्यविकल उपाय

उपेयवस्तुपरिप्रापको न भवतीति सञ्जातनिश्चय इत्यर्थः, यद्वा निर्विज्जुगुप्सः साधुजुगुप्सारहितः ३, तथा अमूढदृष्टिः, बालतपस्वितपोविद्याद्यतिशयैर्न मूढा स्वभावान्न चलिता दृष्टिः सम्यग्दर्शनरूपा यस्यासौ अमूढदृष्टिः ४, एतावान् गुणिप्रधानो दर्शनाचारनिर्देशः। अधुना गुणप्रधानः- उपबृंहणं नाम समानधार्मिकाणां सद्गुणप्रशंसनेन तद्वृद्धिकरणं ५, स्थिरीकरणं धर्माद्विषीदतां तत्रैव स्थापनम् ६, वात्सल्यं समानधार्मिकजनोपकारकरणम् ७, प्रभावना धर्मकथादिभिस्तीर्थख्यापनेति ८, गुणप्रधानश्चायं निर्देशो गुणगुणिनोः कथञ्चिद् भेदख्यापनार्थम्, एकान्ताभेदे गुणनिवृत्तौ गुणिनोऽपि निवृत्तेः शून्यतापत्तिरिति।

चारित्राचारोऽप्यष्टधा पञ्चसमिति-त्रिगुप्तिभेदात्, समिति-गुप्तिस्वरूपं च प्रतीतमेव। तपआचारस्तु द्वादशविधः बाह्याभ्यन्तरतपःषट्कद्वयभेदात्, तत्र

अनशनमूनोदरता वृत्तेः संक्षेपणं रसत्यागः।
कायक्लेशः संलीनतेति बाह्यं तपः प्रोक्तम् ॥६२॥
प्रायश्चित्तध्याने वैयावृत्त्यविनयावथोत्सर्गः ।
स्वाध्याय इति तपः षट्प्रकारमाभ्यन्तरं भवति ॥६३॥ (प्रशम. १७५-१७६)

वीर्याचारः पुनः अनिह्नुतबाह्याभ्यन्तरसामर्थ्यस्य सतः अनन्तरोक्तषट्त्रिंशद्विधे ज्ञान-दर्शनाद्याचारे यथाशक्ति प्रतिपत्तिलक्षणं पराक्रमणं प्रतिपत्तौ च यथाबलं पालनेति ॥११॥

**જ્ઞાનાદિના આચારો કહેવા.** શ્રુતરૂપ જ્ઞાનના આચારો તે જ્ઞાનાચાર. આદિ શબ્દથી દર્શનાચાર, ચારિત્રાચાર, તપાચાર અને વીર્યાચાર સમજવા. તેમાં જ્ઞાનાચારના કાલ, વિનય, બહુમાન ઉપધાન, અનિહ્નવ, વ્યંજન,અર્થ અને તદુભય એમ આઠ પ્રકાર છે.

**કાલાચાર:-** તીર્થંકરના વચન પ્રમાણે અંગપ્રવિષ્ટ વગેરે જે શ્રુતને ભણવાનો જે કાલ કહ્યો છે તે કાલે જ તે શ્રુતનો અભ્યાસ કરવો, બીજા સમયે નહીં. ખેતી વગેરે કાળે કરવામાં આવે તો ફળ મળે છે, અકાળે કરવામાં ફળ મળતું નથી એમ જોવામાં આવે છે. **વિનયાચાર :-** શ્રુત ગ્રહણ કરનારે ગુરુનો વિનય કરવો જોઇએ. ગુરુ બહારથી આવે ત્યારે ઊભા થવું, તેમના ચરણોનું પ્રક્ષાલન કરવું વગેરે વિનય છે. અવિનયથી ગ્રહણ કરેલું શ્રુત ફળવાળું બનતું નથી. **બહુમાનાચાર:-** શ્રુતગ્રહણમાં ઉદ્યત શિષ્યે ગુરુનું બહુમાન કરવું જોઇએ. બહુમાન એટલે આંતરિક ભાવરાગ. બહુમાન હોયતો શ્રુત જલદી પૂર્ણ થાય છે. અહીં બહુમાન અને વિનય

એ બેથી ચતુર્ભંગી થાય છે. તે આ પ્રમાણેઃ- એકને વિનય હોય બહુમાન ન હોય, બીજાને બહુમાન હોય વિનય ન હોય, બીજાને વિનય પણ હોય બહુમાન પણ હોય, બીજા કોઈને વિનય ન હોય, અને બહુમાન પણ ન હોય. **ઉપધાનાચાર :-** શ્રુત ગ્રહણ કરવા ઈચ્છતા પુરુષે ઉપધાન કરવું જોઈએ. શ્રુતને જે પુષ્ટ કરે તે ઉપધાન. (તપ શ્રુતને પુષ્ટ કરે છે માટે) ઉપધાન એટલે તપ. જે અધ્યયનમાં આગાઢ આદિ યોગરૂપ જે તપ કહ્યો હોય તેમાં તે તપ કરવો જોઈએ. તપપૂર્વક જ ગ્રહણ કરેલું શ્રુત સફળ થાય છે. **અનિહ્નવાચાર :-** ગ્રહણ કરેલા શ્રુતવડે નિહ્નવ = અપલાપ ન કરવો જોઈએ. આનો અર્થ એ છે કે જે શ્રુત જેની પાસે ભણ્યું હોય તે શ્રુતના દાતા તેને જ કહેવા જોઈએ, બીજાને નહીં. અન્યથા ચિત્તમાં મલિનતા થાય. **વ્યંજન - અર્થ - તદુભય આચાર :-** શ્રુતને ગ્રહણ કરવામાં પ્રવૃત્ત થયેલાએ વ્યંજનભેદ, અર્થભેદ અને ઉભયભેદ ન કરવો જોઈએ. તેમાં વ્યંજનભેદ (= અક્ષરભેદ) આ પ્રમાણે છેઃ- धम्मो मंगलमुक्किट्ठं એમ કહેવું જોઈએ, તેના બદલે पुन्नो कल्लाणमुक्कोसं એમ કહે. અર્થભેદ આ પ્રમાણે છે :- આચારાંગસૂત્રમાં आवंती केआवंति लोगंसि विप्परामुसंति એવું વાક્ય છે. તેનો '' લોકમાં કેટલાક પાખંડી લોકો છે, તેઓ (અસંયમી હોવાથી) છકાય જીવોને ઉપતાપ કરે છે'' એવો અર્થ છે, આમ છતાં કોઈ ''અવંતિદેશમાં દોરડું કૂવામાં પડવાથી લોકો ઉપતાપ પામે છે'' એવો અર્થ કરે તો અર્થભેદ થાય. વ્યંજન અને અર્થ એ બંનેના સ્વરૂપમાં ફેરફાર કરવાથી ઉભયભેદ થાય. જેમકે - धर्मो मङ्गलमुत्कृष्टं अहिंसा पर्वतकमस्तके અહીં વ્યંજન અને અર્થ એ બંનેનો ભેદ છે. અહીં દોષ આ પ્રમાણે છેઃ- વ્યંજનભેદથી અર્થભેદ થાય, અર્થના ભેદથી ક્રિયાનો ભેદ થાય, ક્રિયાના ભેદથી મોક્ષનો અભાવ થાય. મોક્ષના અભાવથી દીક્ષા નિરર્થક બને.

દર્શનાચારના પણ નિઃશંકિત, નિષ્કાંક્ષિત, નિર્વિચિકિત્સ, અમૂઢદૃષ્ટિ,ઉપબૃંહણા, સ્થિરીકરણ, વાત્સલ્ય અને તીર્થપ્રભાવના એમ આઠ ભેદો છે. **નિઃશંકિત :-** નિઃશંકિત એટલે શંકાથી રહિત, અર્થાત્ દેશશંકા અને સર્વશંકા કરવી નહીં તે નિઃશંકિત આચાર. જીવત્વ સમાન હોવા છતાં એક જીવ ભવ્ય અને બીજો જીવ અભવ્ય કેમ ? એવી શંકા કરવી તે દેશશંકા. પ્રાકૃત (સામાન્ય - ચાલુ) ભાષામાં રચેલું હોવાથી બધું જ (= બધાં શાસ્ત્રો) કલ્પિત હશે એવી શંકા કરવી તે સર્વશંકા. આવી શંકા કરવાનું કારણ એ છે કે જીવ એ વિચારતો નથી કે- પદાર્થો હેતુગ્રાહ્ય અને અહેતુગ્રાહ્ય એમ બે પ્રકારના છે. (હેતુગ્રાહ્ય એટલે યુક્તિથી સિદ્ધ

કરી શકાય તેવા અને અહેતુગ્રાહ્ય એટલે હેતુથી સિદ્ધ ન કરી શકાય, કેવલ જિનવચનથી માન્ય કરી શકાય તેવા.) તેમાં જીવનું અસ્તિત્વ (= શરીરથી ભિન્ન આત્મા છે.) વગેરે પદાર્થો હેતુગ્રાહ્ય છે. ભવ્યત્વ વગેરે અહેતુગ્રાહ્ય છે. કારણકે તેના હેતુઓ આપણા જેવા છદ્મસ્થ જીવોની અપેક્ષાએ ઉત્કૃષ્ટ જ્ઞાનના વિષય છે, અર્થાત્ ઉત્કૃષ્ટજ્ઞાનવાળાઓથી જાણી શકાય છે. બાલ વગેરે સામાન્ય જીવો ઉપર પણ ઉપકાર થઇ શકે તે માટે શાસ્ત્રો પ્રાકૃત ભાષામાં રચવામાં આવ્યા છે. આ વિષે કહ્યું છે કે **"ચારિત્રના અર્થી એવા બાલ, સ્ત્રી, અલ્પબુદ્ધિવાળા અને મૂર્ખ મનુષ્યો ઉપર ઉપકાર કરવા માટે તત્ત્વજ્ઞોએ શાસ્ત્રો પ્રાકૃત ભાષામાં રચેલાં છે".**

પ્રત્યક્ષ, અનુમાન અને આગમપ્રમાણથી વિરુદ્ધ ન હોવાથી કલ્પિત નથી એમ વિચારીને નિઃશંકિત બનેલો અને જિનશાસનને પામેલો જીવ જ દર્શનાચાર કહેવાય છે. દર્શનાચાર જીવ નથી, કિંતુ જીવનો ગુણ છે, આમ છતાં અહીં જીવને જ દર્શનાચાર કહીને દર્શન અને દર્શની એ બેમાં અભેદનો ઉપચાર કર્યો છે. જો દર્શન અને દર્શનીનો એકાંતભેદ હોય તો દર્શની જીવ અદર્શની જેવો બની જાય, એથી એને અદર્શનીની જેમ ફલ ન મળવાથી મોક્ષનો અભાવ થાય. નિષ્કાંક્ષિત વગેરે પદોમાં પણ આ પ્રમાણે ભાવના કરવી.

**નિષ્કાંક્ષિત** :- કાંક્ષા એટલે ઇચ્છા. દેશકાંક્ષા અને સર્વકાંક્ષાથી રહિત તે નિષ્કાંક્ષિત. દિગંબરદર્શન વગેરે કોઇ એક મિથ્યાદર્શનને ઇચ્છે તે દેશકાંક્ષા. સર્વ મિથ્યાદર્શનોને ઇચ્છે તે સર્વકાંક્ષા. આકાંક્ષા કરનાર જીવ મિથ્યાદર્શનોમાં રહેલી ષડ્જીવનિકાયની પીડાને અને ખોટી પ્રરૂપણાને જોતો નથી માટે આકાંક્ષા કરે છે.

**નિર્વિચિકિત્સ** :- વિચિકિત્સા એટલે મતિનો ભ્રમ. જેમાં મતિનો ભ્રમ નથી તે નિર્વિચિકિત્સ. જૈનદર્શન શ્રેષ્ઠ જ છે તો પણ જૈનદર્શનમાં પ્રવૃત્ત થયેલા મને જૈનદર્શનથી (= જૈનદર્શનની ક્રિયાઓથી) ફળ મળશે કે નહીં ? કારણકે ખેડૂત વગેરેની ખેતી આદિની ક્રિયામાં ક્યારેક ફળ દેખાય છે અને ક્યારેક દેખાતું નથી, આવા કુવિકલ્પોથી રહિત, અર્થાત્ જે ઉપાય પૂર્ણ છે તે ઉપાય પ્રાપ્ત કરવા માટે યોગ્ય વસ્તુઓને પ્રાપ્ત ન કરાવે એમ બનતું નથી એવા નિશ્ચયવાળો, જીવ નિર્વિચિકિત્સ દર્શનાચાર છે. અથવા નિર્વિચિકિત્સ શબ્દના સ્થાને નિર્વિજ્જુગુપ્સ એવો શબ્દ છે. જુગુપ્સા એટલે ઘૃણા. જેમાં ઘૃણા નથી તે નિર્વિજ્જુગુપ્સ. સાધુઓનાં મલિન વસ્ત્રો અને શરીર વગેરે દેખીને સાધુઓની જુગુપ્સા (ઘૃણા) ન કરે તે નિર્વિજ્જુગુપ્સ દર્શનાચાર છે. **અમૂઢદૃષ્ટિ** :- બાલ (અજ્ઞાન) તપસ્વીઓના તપ અને

વિદ્યા વગેરે અતિશયો જોઈને જેનું સમ્યગ્દર્શન ચલિત ન થાય તે અમૂઢદૃષ્ટિ છે. અહીં સુધી ગુણીની પ્રધાનતા રહે તે રીતે દર્શનાચારનો નિર્દેશ કર્યો. હવે ગુણની પ્રધાનતા રહે તે રીતે દર્શનાચારનો નિર્દેશ કરવામાં આવે છે.

**ઉપબૃંહણાઃ-** સમાન ધાર્મિકોના સદ્ગુણોની પ્રશંસા કરીને તેમનામાં સદ્ગુણોની વૃદ્ધિ કરવી તે ઉપબૃંહણા દર્શનાચાર છે. **સ્થિરીકરણ :-** ધર્મમાં સીદાતા ( = ઢીલા પડતા) સાધર્મિકોને ઉપદેશ કે પ્રેરણા વગેરે કરીને ધર્મમાં સ્થિર કરવા તે સ્થિરીકરણ દર્શનાચાર છે. **વાત્સલ્ય :-** સાધર્મિક લોકો ઉપર ઉપકાર કરવો તે વાત્સલ્ય દર્શનાચાર છે. **તીર્થ પ્રભાવના :-** ધર્મકથા વગેરેથી તીર્થની = જૈનશાસનની પ્રસિદ્ધિ કરવી તે તીર્થપ્રભાવના દર્શનાચાર છે.

ગુણ અને ગુણીમાં કથંચિત્ ભેદ છે એ જણાવવા માટે અહીં ગુણની પ્રધાનતાવાળો નિર્દેશ કર્યો છે. જો ગુણ અને ગુણીનો એકાંત અભેદ હોય તો ગુણની નિવૃત્તિ થતાં ગુણીની પણ નિવૃત્તિ થવાથી શૂન્યતા થાય.

**ચારિત્રાચારઃ-** પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિ એ આઠ ભેદથી ચારિત્રાચાર આઠ પ્રકારે છે. સમિતિ અને ગુપ્તિનું સ્વરૂપ પ્રસિદ્ધ જ છે. **તપાચારના** છ બાહ્ય અને છ અભ્યંતર એમ બાર ભેદો છે. અનશન, ઊણોદરી, વૃત્તિસંક્ષેપ, રસત્યાગ, કાયક્લેશ અને સંલીનતા એ છ પ્રકારો બાહ્યતપના છે. પ્રાયશ્ચિત્ત, વિનય, વૈયાવચ્ચ, સ્વાધ્યાય, કાયોત્સર્ગ અને ધ્યાન એ છ પ્રકારો અભ્યંતરતપના છે.

**વીર્યાચાર :-** હમણાં જ કહેલા છત્રીશ પ્રકારના જ્ઞાનાચાર - દર્શનાચાર - ચારિત્રાચાર - તપાચારમાં બાહ્ય અને અભ્યંતર શક્તિને છુપાવવી નહીં, અર્થાત્ યથાશક્તિ જ્ઞાનાચાર આદિમાં સ્વીકાર રૂપ પરાક્રમ કરવો અને સ્વીકાર્યા પછી યથાશક્તિ તેનું પાલન કરવું એ વીર્યાચાર છે. (૧૧)

तथा- **निरीहशक्यपालना ॥१२॥७०॥ इति ।**

**निरीहेण** ऐहिक-पारलौकिकफलेषु राज्य-देवत्वादिलक्षणेषु व्यावृत्ताभिलाषेण **शक्यस्य** ज्ञानाचारादेः 'विहितमिदम्' इति बुद्ध्या पालना कार्येति च कथ्यते इति ॥१२॥

**સ્પૃહા વિના શક્યનું પાલન કરવું.** આ લોક સંબંધી રાજ્યાદિ ફલની અને પરલોક સંબંધી દેવભવ આદિ ફલની સ્પૃહાથી રહિત બનીને ''તીર્થંકરોએ આ કરવાનું કહ્યું છે'' એવી બુદ્ધિથી થઈ શકે તેવા જ્ઞાનાચાર આદિનું પાલન કરવું.

આ પ્રમાણે શ્રોતાને કહેવું. (૧૨)

तथा– **अशक्ये भावप्रतिपत्तिः ।।१३।।७१।। इति ।**

**अशक्ये** ज्ञानाचारादिविशेष एव कर्तुमपार्यमाणे कुतोऽपि धृति-संहनन-काल-बलादिवैकल्याद् **भावप्रतिपत्तिः, भावेन** अन्तःकरणेन **प्रतिपत्तिः** अनुबन्धः, न पुनस्तत्र प्रवृत्तिरपि, अकालौत्सुक्यस्य तत्त्वत आर्त्तध्यानत्वादिति ।।१३।।

**અશક્યમાં ભાવથી સ્વીકાર કરવો.** ધીરજ, સંઘયણ, કાલ, બલ વગેરેની ખામીથી જે જ્ઞાનાચાર આદિ થઇ શકે નહીં તેમાં અંતઃકરણથી સ્વીકાર કરવો, અર્થાત્ અંતઃકરણથી રાગ કરવો, પણ તેમાં પ્રવૃત્તિ ન કરવી. કારણ કે અકાળે ઉત્સુકતા કરવી એ પરમાર્થથી આર્તધ્યાન છે. (૧૩)

तथा– **पालनोपायोपदेशः ।।१४।।७२।। इति ।**

एतस्मिन् ज्ञानाद्याचारे प्रतिपन्ने सति **पालनाय उपायस्य** अधिकगुण-तुल्यगुणलोकमध्यसंवासलक्षणस्य निजगुणस्थानकोचितक्रियापरिपालनानुस्मरणस्वभावस्य **चोपदेशो** दातव्य इति ।।१४।।

**પાલન કરવાના ઉપાયનો ઉપદેશ આપવો.** જ્ઞાનાચાર આદિનો સ્વીકાર કર્યા પછી તેનું પાલન કરવાના ઉપાયનો ઉપદેશ આપવો. તે આ પ્રમાણેઃ- અધિક ગુણવાળા કે સમાન ગુણવાળાની સાથે રહેવું, પોતાના ગુણસ્થાનકને ઉચિત ધર્મક્રિયાઓ કરવી અને બરોબર યાદ રાખવી, અર્થાત્ મારે કઇ કઇ ધર્મક્રિયાઓ કરવાની છે ? મેં કઇ કઇ ધર્મક્રિયાઓ કરી ? અને કઇ કઇ ધર્મક્રિયાઓ મારે કરવાની બાકી છે? ઇત્યાદિ ધ્યાનમાં રાખવું. (૧૪)

**फलप्ररूपणा ।।१५।।७३।। इति ।**

अस्याचारस्य सम्यक्परिपालितस्य सतः **फलम्** तावदुपप्लवह्रासो भावैश्वर्यवृद्धिर्जनप्रियत्वं च परत्र च सुगतिजन्मोत्तमस्थानलाभः परम्परया निर्वाणावाप्तिश्चेति यत् कार्यं तस्य **प्ररूपणा** प्रज्ञापना विधेयेति ।।१५।।

**ફલની પ્રરૂપણા કરવી,** અર્થાત્ સારી રીતે પાળેલા જ્ઞાનાચાર આદિનાં ફળો જણાવવા. તે આ પ્રમાણેઃ- સારી રીતે પાળેલા આચારોથી આ ભવમાં જ રાગાદિ

દોષોની હાનિ થાય છે. ઉદારતા આદિ ગુણોની વૃદ્ધિ થાય છે. જનપ્રેમની પ્રાપ્તિ થાય છે, પરલોકમાં સદ્ગતિમાં જન્મ , ઉત્તમ સ્થાનની પ્રાપ્તિ અને પરંપરાએ મોક્ષની પ્રાપ્તિ થાય છે. (૧૫)

अत्रैव विशेषमाह–

**देवर्द्धिवर्णनम् ॥१६॥७४॥ इति ।**

**देवानां** वैमानिकानाम् **ऋद्धेः** विभूतेः रूपादिलक्षणाया **वर्णनं** प्रकाशनम्, यथा **"तत्रोत्तमा रूपसंपत् सत्स्थिति-प्रभाव-सुख-द्युति-लेश्यायोगः विशुद्धेन्द्रियावधित्वं प्रकृष्टानि भोगसाधनानि दिव्यो विमाननिवह"** इत्यादि वक्ष्यमाणमेव ॥१६॥

**અહીં જ (= આચારપાલનથી થનારા ફળમાં જ) વિશેષ કહે છેઃ-**

**દેવોની વિભૂતિનું વર્ણન કરવું.** વૈમાનિક દેવોની રૂપ વગેરે વિભૂતિનું વર્ણન કરવું. જેમકે- ત્યાં રૂપ સંપત્તિ પ્રકૃષ્ટ હોય, રૂપસંપત્તિ એટલે આકૃતિ, (સ્થિતિ) પલ્યોપમ અને સાગરોપમોનું મોટું આયુષ્ય હોય, (પ્રભાવ) નિગ્રહ કરવાનું અને અનુગ્રહ કરવાનું સુંદર સામર્થ્ય હોય, ચિત્તની સમાધિરૂપ ઉત્તમ સુખ હોય, શરીર અને આભૂષણની પ્રભા સુંદર હોય, તેજોલેશ્યા વગેરે લેશ્યાઓ શુભ હોય, ઈંદ્રિયો અને અવધિજ્ઞાન નિર્મલ હોય, ભોગનાં સાધનો પ્રકૃષ્ટ હોય, દિવ્ય અનેક વિમાનો હોય. આ ઋદ્ધિનું વિશેષ વર્ણન સાતમા અધ્યાયના આઠમા સૂત્રમાં કરવામાં આવશે. (૧૬)

तथा– **सुकुलागमनोक्तिः ॥१७॥७५॥ इति ।**

**'देवस्थानाच्च्युतावपि विशिष्टे देशे विशिष्टे काले निष्कलङ्के अन्वये उदग्रे सदाचारेणाख्यायिकापुरुषयुक्ते अनेकमनोरथापूरकम् अत्यन्तनिरवद्यं जन्म'** इत्यादिर्वक्ष्यमाणलक्षणैव ॥१७॥

**સુકુલમાં આગમનનું વર્ણન કરવુ.** દેવલોકમાંથી ચ્યવન થયા પછી પણ વિશિષ્ટ દેશમાં જન્મ થાય, વિશિષ્ટકુલમાં જન્મ થાય, અર્થાત્ પિતા, દાદા વગેરેની પરંપરાથી નિષ્કલંક હોય (= અસદાચાર રૂપ કાદવથી મલિન થયેલું ન હોય), (વર્તમાનમાં) સદાચારથી ઉત્કૃષ્ટ હોય, જેમાં પૂર્વપુરુષોએ અસાધારણ આચરણ

કર્યું હોય તેથી તેનાં દૃષ્ટાંતો અપાતા હોય, તેવા ઉત્તમકુલમાં જન્મ થાય, એ જન્મ પણ અનેક મનોરથોને પૂર્ણ કરનારો હોય અને (જ્યોતિષની દૃષ્ટિએ) શુભલગ્ન, શુભગ્રહો આદિ વિશિષ્ટ ગુણોથી યુક્ત હોવાથી એકાંતે સર્વદોષોથી રહિત હોય. આનું વિશેષ વર્ણન સાતમા અધ્યાયના નવમા સૂત્રમાં કરવામાં આવશે. (૧૭)

तथा– **कल्याणपरम्पाराख्यानम् ॥१८॥७६॥ इति ।**

ततः सुकुलागमानादुत्तरं **कल्याणपरम्परायाः 'तत्र सुन्दरं रूपम्, आलयो लक्षणानाम्, रहितम् आमयेन'** इत्यादिरूपायाः अत्रैव धर्मफलाध्याये वक्ष्यमाणायाः **आख्यानं** निवेदनं कार्यमिति ॥१८॥

**કલ્યાણની પરંપરાનુ વર્ણન કરવું.** સુકુલમાં આવ્યા પછી કલ્યાણની પરંપરા થાય. તે આ પ્રમાણેઃ- તેનો આકાર સુંદર હોય, તેના શરીરમાં ચક્ર વગેરે સુંદર લક્ષણો હોય, તેનું શરીર રોગોથી રહિત હોય ઇત્યાદિ. આનું વિશેષ વર્ણન સાતમા અધ્યાયના દશમા વગેરે સૂત્રોમાં કરવામાં આવશે. (૧૮)

तथा– **असदाचारगर्हा ॥१९॥७७॥ इति ।**

असदाचारः सदाचारविलक्षणो हिंसानृतादिर्दशविधः पापहेतुभेदरूपः, यथोक्तम्-

हिंसानृतादयः पञ्च तत्त्वाश्रद्धानमेव च।
क्रोधादयश्च चत्वार इति पापस्य हेतवः ॥६४॥ (शास्त्रवार्ता. ४)

तस्य गर्हा असदाचारगर्हा, यथा -

न मिथ्यात्वसमः शत्रुर्न मिथ्यात्वसमं विषम्।
न मिथ्यात्वसमो रोगो न मिथ्यात्वसमं तमः ॥६५॥
द्विषद्-विष-तमो-रोगैर्दुःखमेकत्र दीयते।
मिथ्यात्वेन दुरन्तेन जन्तोर्जन्मनि जन्मनि ॥६६॥
वरं ज्वालाऽऽकुले क्षिप्तो देहिनाऽऽत्मा हुताशने।
न तु मिथ्यात्वसंयुक्तं जीवितव्यं कदाचन ॥६७॥ (                )

इति तत्त्वाश्रद्धानगर्हा। एवं हिंसादिष्वपि गर्हायोजना कार्या ॥१९॥

**અસદાચારની નિંદા કરવી.** સદાચારથી વિપરીત તે અસદાચાર. અસદાચારના હિંસા, અસત્ય વગેરે દશ પ્રકારો છે. આ દશ પ્રકારો પાપના હેતુઓ છે. આ વિશે

(શાસ્ત્ર. સમુ. માં) કહ્યું છે કે **" હિંસા, અસત્ય, ચોરી, અબ્રહ્મ અને પરિગ્રહ એ પાંચ, મિથ્યાત્વ અને ક્રોધ, માન, માયા અને લોભ એ ચાર, એમ કુલ દશ પાપના હેતુઓ છે."** આ અસદાચારની નિંદા કરવી. જેમકે **" મિથ્યાત્વ સમાન બીજો કોઈ શત્રુ નથી, મિથ્યાત્વ સમાન બીજું કોઈ ઝેર નથી , મિથ્યાત્વ સમાન બીજો કોઈ રોગ નથી, મિથ્યાત્વ સમાન બીજો કોઈ અંધકાર નથી. (૧) કારણકે શત્રુ, ઝેર, અંધકાર અને રોગ માત્ર એક જન્મમાં દુઃખ આપે છે, દુરંત મિથ્યાત્વ તો જીવને દરેક જન્મમાં દુઃખ આપે છે. (૨) આથી જીવ પોતાને જ્વાલાઓથી વ્યાપ્ત અગ્નિમાં નાખી દે એ શ્રેષ્ઠ છે, પણ મિથ્યાત્વ યુક્ત જીવન જીવવું એ ક્યારે પણ સારું નથી."** આ પ્રમાણે મિથ્યાત્વની નિંદા કરવી. એ પ્રમાણે હિંસાદિમાં પણ નિંદાની યોજના કરવી. (૧૯)

तथा– **तत्स्वरूपकथनम् ॥२०॥७८॥ इति।**

**तस्य** असदाचारस्य हिंसादेः **स्वरूपकथनम्,** यथा प्रमत्तयोगात् प्राणिव्यपरोपणं हिंसा, असदभिधानं मृषा, अदत्तादानं स्तेयम्, मैथुनमब्रह्म, मूर्च्छा परिग्रहः (तत्त्वार्थसू. ७. / ८-९-१०-११-१२) इत्यादि ॥२०॥

**અસદાચારનું સ્વરૂપ કહેવું.** હિંસા વગેરે અસદાચારનું સ્વરૂપ કહેવું. જેમકે પ્રમાદના કારણે જીવનો વિનાશ એ હિંસા છે. પ્રમાદથી અસદ્ (અયથાર્થ) બોલવું એ અસત્ય છે. પ્રમાદથી અન્યની નહિ આપેલી વસ્તુ લેવી તે ચોરી છે. મૈથુન એ અબ્રહ્મ છે. જડ કે ચેતન વસ્તુ ઉપર મૂર્ચ્છા કરવી એ પરિગ્રહ છે. એ પ્રમાણે મિથ્યાત્વ વગેરેનું પણ સ્વરૂપ કહેવું. (૨૦)

तथा– **स्वयं परिहारः ॥२१॥७९॥ इति ।**

**स्वयम्** आचारकथकेन **परिहारः** असदाचारस्य संपादनीयः, यतः स्वयमसदाचारमपरिहरतो धर्मकथनं नटवैराग्यकथनमिवानादेयमेव स्यात्, न तु साध्यसिद्धिकरमिति ॥२१॥

**જાતે અસદાચારનો ત્યાગ કરવો.** આચારનો ઉપદેશ આપનારે જાતે અસદાચારનો ત્યાગ કરવો. કારણકે જાતે અસદાચારનો ત્યાગ ન કરનારનો ધર્મોપદેશ નટે આપેલા વૈરાગ્યના ઉપદેશની જેમ અનાદેય બને છે, પણ સાધ્યની

સિદ્ધિ કરનારું બનતું નથી. (૨૧)

तथा- **ऋजुभावाऽऽसेवनम् ॥२२॥८०॥ इति ।**

**ऋजुभावस्य** कौटिल्यत्यागरूपस्य **आसेवनम्** अनुष्ठानं देशकेनैव कार्यम्, एवं हि तस्मिन्नविप्रतारणकारिणि संभाविते सति शिष्यस्तदुपदेशान्न कुतोऽपि दूरवर्ती स्यादिति ॥२२॥

**ઉપદેશકે સરળ બનવું.** ઉપદેશક જો સરળ હોય તો શિષ્યને થાય કે આ ગુરુ છેતરે તેવા નથી. એથી તે શિષ્ય ગુરુના ઉપદેશથી કોઇ પણ રીતે દૂર ન થાય. (૨૨)

तथा- **अपायहेतुत्वदेशना ॥२३॥८१॥ इति ।**

**अपायानाम्** अनर्थानाम् इहलोक-परलोकगोचराणां **हेतुत्वं** प्रस्तावादसदाचारस्य यो हेतुभावः तस्य देशना विधेया, यथा-

यन्न प्रयान्ति पुरुषाः स्वर्गं यच्च प्रयान्ति विनिपातम्।
तत्र निमित्तमनार्यः प्रमाद इति निश्चितमिदं मे ॥६८॥ (          )

**प्रमाद**श्चासदाचार इति ॥२३॥

**અસદાચાર અનર્થોનો હેતુ છે એવો ઉપદેશ આપવો.** અસદાચાર આ લોક અને પરલોકના અનર્થોનો હેતુ છે.આ વિષે કહ્યું છે કે **"પુરુષો સ્વર્ગમાં જતા નથી અને દુઃખને પામે છે એમ જે બની રહ્યું છે, તેમાં દુષ્ટ પ્રમાદ કારણ છે એમ મારો નિર્ણય છે."** અસદાચાર પ્રમાદ છે. (૨૩)

अपायानेव व्यक्तीकुर्वन्नाह-

**नारकदुःखोपवर्णनम् ॥२४॥८२॥ इति।**

नरके भवा **नारकाः**, तेषाम्, उपलक्षणत्वात् तिर्यगादीनां च, **दुःखानि** अशर्माणि, तेषामु**पवर्णनं** विधेयम्, यथा-

तीक्ष्णैरसिभिर्दीप्तैः कुन्तैर्विषमैः परश्वधैश्चक्रैः।
परशु-त्रिशूल-मुद्गर-तोमर-वासी-मुषण्ढीभिः ॥६९॥ (          )
संभिन्नतालुशिरसश्छिन्नभुजाश्छिन्नकर्णनासौष्ठाः।
भिन्नहृदयोदरान्त्रा भिन्नाक्षिपुटाः सुदुःखार्त्ताः ॥७०॥

निपतन्त उत्पतन्तो विचेष्टमाना महीतले दीनाः ।
नेक्षन्ते त्रातारं नैरयिकाः कर्मपटलान्धाः ।।७१।।
क्षुत्-तृड्-हिमात्युष्ण-भयार्दितानां पराभियोगव्यसनातुराणाम्।
अहो तिरश्चामतिदुःखितानां सुखानुषङ्गः किल वार्त्तमेतत् ।।७२।।
मानुष्यकेऽपि दारिद्र्य-रोग-दौर्भाग्य-शोक-मौर्ख्याणि।
जाति - कुला-ऽवयवादिन्यूनत्वं चाश्नुते प्राणी ।।७३।।
देवेषु च्यवन-वियोगदुःखितेषु क्रोधेर्ष्या-मद-मदनातितापितेषु।
आर्या ! नस्तदिह विचार्य सङ्गिरन्तु यत् सौख्यं किमपि निवेदनीयमस्ति? ।।७४।।
इति।।२४।।

**અનર્થોને વ્યક્ત કરતા ગ્રંથકાર કહે છે :-**

**નારકનાં દુઃખોનું વિસ્તારથી વર્ણન કરવું.** નરકમાં ઉત્પન્ન થયેલા જીવો નારક કહેવાય છે. નારકોના અને ઉપલક્ષણથી તિર્યંચ વગેરેના દુઃખોનું વિસ્તારથી વર્ણન કરવું. જેમ કે "**તીક્ષ્ણ તલવારો, તીક્ષ્ણ ભાલાઓ, તીક્ષ્ણ કુહાડાઓ, ચક્રો, ફરસી, ત્રિશૂલ, પરોણા, મુદ્દગર, વાંસલા અને પથ્થર ફેંકવાના ચામડાના ગોફણોથી જેમના તાલુ તથા મસ્તકો ભેદાય છે, ભુજાઓ છેદાય છે, કાન, નાક અને હોઠ કપાય છે, છાતી, પેટ તથા આંતરડા ભેદાય છે, આંખના પડલ ફોડાય છે, તે નારકો દુઃખથી અત્યંત પીડાય છે. (૧) નીચે જમીન ઉપર પછડાતા, ઉપર આકાશમાં ઉછળતા, પૃથ્વી ઉપર આળોટતા, દીન બનેલા અને કર્મના પટલથી અંધ થયેલા નારકો રક્ષણ કરનાર કોઈને જોતા નથી. (૨) અહો ! ક્ષુધા, તૃષા, ઠંડી, અતિગરમી અને ભયથી દુઃખી થયેલા, પરાધીનતાના કષ્ટથી પીડાયેલા અને અતિશય દુઃખી એવા તિર્યંચોને સુખનો સંબંધ છે એ તો માત્ર વાત જ કરવાની છે. (૩) મનુષ્યભવમાં પણ જીવ દરિદ્રતા, રોગ, દૌર્ભાગ્ય, શોક અને મૂર્ખતાને પામે છે, તથા જાતિ, કુલ અને શરીરનાં અંગો વગેરેની ન્યૂનતાને પામે છે. (૪) દેવો ચ્યવન અને વિયોગથી દુઃખી છે, ક્રોધ, ઈર્ષ્યા, મદ અને કામથી (= વિષય વાસનાથી) સંતાપ પમાડાયેલા છે, આથી હે આર્યો ! તમે અહીં વિચારીને કહો કે આ સંસારમાં કોઈ પણ સુખ કહેવા જેવું છે ? એટલે કે " આ સુખ છે" એમ કહી શકાય એમ છે ? અર્થાત્ કહી શકાય એમ નથી. (૨૪)**

---

તથા– **दुष्कुलजन्मप्रशास्तिः ।।२५।।८३।। इति ।**

**दुष्कुलेषु** शक-यवन-शबर-बर्बरादिसंबन्धिषु यज्**जन्म** असदाचाराणां प्राणिनां प्रादुर्भावः तस्य **प्रशास्तिः** प्रज्ञापना कार्या ॥२५॥

**દુષ્ટકુલોમાં જન્મ થાય એમ સમજાવવું.** અસદાચારી પ્રાણીઓ શક, યવન વગેરે દુષ્ટ (= અનાર્ય) કુળોમાં જન્મે છે એમ ધર્મોપદેશકે શ્રોતાને સમજાવવું. (૨૫)

तत्र चोत्पन्नानां किमित्याह–

**दुःखपरम्परानिवेदनम् ॥२६॥८४॥ इति ।**

**दुःखानां** शारीर-मानसाशर्मलक्षणानां या **परम्परा** प्रवाहः तस्या **निवेदनं** प्ररूपणम्, यथा– असदाचारपारवश्याज्जीवा दुष्कुलेषूत्पद्यन्ते, तत्र चासुन्दरवर्ण-रस-गन्ध-स्पर्श-शरीरभाजां तेषां दुःखनिराकरणनिबन्धनस्य धर्मस्य स्वप्नेऽप्यनुपलम्भात् हिंसा-ऽनृत-स्तेयाद्यशुद्धकर्मकरणप्रवणानां नरकादिफलः पापकर्मोपचय एव संपद्यते, तदभिभूतानामिह परत्र चाव्यवच्छिन्नानुबन्धा दुःखपरम्परा प्रसूयते, यदौच्यत–

तैः कर्मभिः स जीवो विवशः संसारचक्रमुपयाति।
द्रव्य-क्षेत्रा-ऽद्धा-भावभिन्नमावर्तते बहुशः ॥७५॥ (            ) ॥२६॥

**દુષ્ટકુલોમાં જન્મેલાઓનું શું થાય છે તે કહે છે:-**

**દુ:ખની પરંપરાનું વર્ણન કરવું.** દુષ્ટકુળોમાં જન્મેલા જીવોને શારીરિક અને માનસિક દુ:ખોની પરંપરા ભોગવવી પડે છે, એમ ધર્મોપદેશકે શ્રોતાને કહેવું. જેમકે - અસદાચારના કારણે જીવો દુષ્ટ (= અનાર્ય) કુળોમાં જન્મે છે, ત્યાં તેમને અશુભ વર્ણ-ગંધ-રસ-સ્પર્શવાળું શરીર મળે છે. દુ:ખને દૂર કરવાનું સાધન એવા ધર્મની સ્વપ્નમાં પણ પ્રાપ્તિ થતી નથી, હિંસા, અસત્ય અને ચોરી રૂપ અશુદ્ધ કામો કરવામાં તત્પર એવા તેમને નરકાદિના ફલવાળા પાપકર્મની વૃદ્ધિ જ થાય છે, પાપકર્મોથી પરાભવ પામેલા તેમને આ લોકમાં અને પરલોકમાં નહિ છેદાયેલા અનુબંધવાળી દુ:ખની પરંપરા ઉત્પન્ન થાય છે.આ વિષે કહ્યું છે કે **"તે કર્મોથી પરાધીન બનેલો જીવ દ્રવ્ય - ક્ષેત્ર - કાલ - ભાવથી ચાર પ્રકારના અનંતા પુદ્ગલ પરાવર્તો સુધી સંસારચક્રમાં પરિભ્રમણ કરે છે."**(૨૬)

तथा– **उपायतो मोहनिन्दा ॥२७॥८५॥ इति ।**

**उपायतः** उपायेन अनर्थप्रधानानां मूढपुरुषलक्षणानां प्रपञ्चनरूपेण **मोहस्य** मूढताया **निन्दा** अनादरणीयताख्यापनेति, यथा–

अमित्रं कुरुते मित्रं मित्रं द्वेष्टि हिनस्ति च ।
कर्म चारभते दुष्टं तमाहुर्मूढचेतसम् ॥७६॥ (महाभारते उद्योगपर्वणि ५/३३/३३)
अर्थवन्त्युपपन्नानि वाक्यानि गुणवन्ति च ।
नैव मूढो विजानाति मुमूर्षुरिव भैषजम् ॥७७॥ (महाभारते उद्योगपर्वणि ५/१३२/३)
संप्राप्तः पण्डितः कृच्छ्रं प्रज्ञया प्रतिबुध्यते ।
मूढस्तु कृच्छ्रमासाद्य शिलेवाम्भसि मज्जति ॥७८॥ ( )

अथवो**पायतो** मोहफलोपदर्शनद्वारलक्षणात् मोहनिन्दा कार्येति,

जन्म -मृत्यु-जरा-व्याधि-रोग-शोकाद्युपद्रुतम्।
वीक्षमाणा अपि भवं नोद्विजन्त्यतिमोहतः ॥७९॥ (योगदृष्टि० ७९)
धर्मबीजं परं प्राप्य मानुष्यं कर्मभूमिषु ।
न सत्कर्मकृषावस्य प्रयतन्तेऽल्पमेधसः ॥८०॥ (योगदृष्टि० ८३)

अस्येति धर्मबीजस्य ।

बडिशामिषवत् तुच्छे कुसुखे दारुणोदये ।
सक्तास्त्यजन्ति सच्चेष्टां धिगहो दारुणं तमः ॥८१॥ (योगदृष्टि० ८४) ॥२७॥ इति

**ઉપાયથી મોહની નિંદા કરવી.** ઉપાયથી એટલે મૂઢપુરુષોનાં અનર્થોની પ્રધાનતાવાળા લક્ષણોનું વિસ્તારથી વર્ણન કરવા વડે, અર્થાત્ મૂઢપુરુષો કેવા કેવા હોય છે અને મૂઢતાના કારણે તેઓ કેવા કેવા અનર્થોને પામે છે તેનું વિસ્તાથી વર્ણન કરવા વડે, મોહની એટલે મૂઢતાની, નિંદા કરવી એટલે મૂઢતા આદરણીય નથી = રાખવા જેવી નથી એમ શ્રોતાને જણાવવું. જેમકે - " **જે પુરુષ દુષ્ટ મિત્રને મિત્ર કરે છે, સાચા મિત્ર પર દ્વેષ રાખે છે, અને તેને હણે છે, તથા ખોટાં કામો શરૂ કરે છે, તેને વિદ્વાનો મૂઢચિત્તવાળો કહે છે. (૧) જેવી રીતે મરવાની ઇચ્છાવાળો મનુષ્ય ઔષધને જાણતો નથી, તેવી રીતે મૂઢ માણસ સુંદર અર્થવાળા, યુક્તિથી સંગત અને લાભવાળા વચનોને જાણતો નથી, અર્થાત્ જેમ મરવાની તૈયારીવાળો માણસ ઔષધનો અનાદર કરે તેમ મૂઢ માણસ આવા વચનોનો અનાદર કરે છે. (૨) બુદ્ધિશાળી માણસ કષ્ટને પામીને બુદ્ધિથી પ્રતિબોધ પામે છે, અર્થાત્ બુદ્ધિથી કષ્ટના કારણને વિચારીને નવું કષ્ટ ન આવે તેમ વર્તે છે. જ્યારે મૂઢ માણસ કષ્ટ પામીને શિલા જેમ પાણીમાં ડૂબી જાય તેમ કષ્ટમાં ડૂબી જાય છે, અર્થાત્ નવું કષ્ટ**

**આવે તેવી પ્રવૃત્તિ કરે છે."** (૩) અથવા ઉપાયથી એટલે મોહનાં (ભયંકર) ફળો બતાવવા દ્વારા મોહની નિંદા કરવી. જેમ કે - **"સંસાર મૃત્યુ - વૃદ્ધાવસ્થા - વ્યાધિ - રોગ - શોક આદિથી કદર્થના પમાડાયેલો છે, એમ જીવો જોતા હોવા છતાં અતિ મોહના કારણે સંસારથી ઉદ્વેગ (= કંટાળો) પામતા નથી.** (યો. સ. ૭૯) **કર્મભૂમિમાં પરમ ધર્મબીજ (= ધર્મહેતુ) એવા મનુષ્યભવને પામીને એની (= ધર્મબીજની) સત્કર્મરૂપ ખેતી કરવામાં અલ્પમતિવાળા જીવો પ્રયત્ન કરતા નથી.** (યો. સ. ૮૩) **માછલાના ગળામાં રહેલા માંસની જેમ ભયંકર વિપાકવાળા અને અલ્પ કુસુખમાં આસક્ત બનેલા જીવો સદ્વર્તનનો ત્યાગ કરે છે. અહો ! ધિક્કાર છે આવા ભયંકર અજ્ઞાનને ! "** (યો. સ. ૮૪) (૨૭)

तथा– **सज्ज्ञानप्रशंसनम् ॥२८॥८६॥ इति ।**

**सद्** अविपर्यस्तं **ज्ञानं** यस्य स **सज्ज्ञानः** पण्डितो जनः तस्य, सतो वा **ज्ञानस्य** विवेचनलक्षणस्य **प्रशंसनं** पुरस्कार इति, यथा–

तन्नेत्रैस्त्रिभिरीक्षते न गिरिशो नो पद्मजन्माऽष्टभिः
स्कन्दो द्वादशभिर्न वा न मघवांश्चक्षुःसहस्रेण च ।
सम्भूयापि जगत्त्रयस्य नयनैस्तद्वस्तु नो वीक्ष्यते
प्रत्याहृत्य दृशः समाहितधियः पश्यन्ति यत् पण्डिताः ॥८२॥ इति॥

तथा–

नाप्राप्यमभिवाञ्छन्ति नष्टं नेच्छन्ति शोचितुम्।
आपत्सु च न मुह्यन्ति नराः पण्डितबुद्धयः ॥८३॥
(महाभारते उद्योगपर्वणि ५/३३/२३)
न हृष्यत्यात्मनो माने नापमाने च रुष्यति ।
गाङ्गो ह्रद इवाक्षोभ्यो यः स पण्डित उच्यते ॥८४॥
(महाभारते उद्योगपर्वणि ५/३३/२६) ॥२८॥

**સમ્યગ્જ્ઞાનીની કે સમ્યગ્જ્ઞાનની પ્રશંસા કરવી.** સમ્યગ્જ્ઞાની એટલે સાચા જ્ઞાનવાળા પંડિતો. સમ્યગ્જ્ઞાન એટલે વસ્તુસ્વરૂપનો યથાર્થ રીતે નિશ્ચય, અર્થાત્ વસ્તુ જેવા સ્વરૂપે છે તેવા જ સ્વરૂપે વસ્તુને જાણવી તે સમ્યગ્જ્ઞાન. આવા સમ્યગ્જ્ઞાનીની કે સમ્યગ્જ્ઞાનની પ્રશંસા કરવી. જેમ કે - **"સ્થિરબુદ્ધિવાળા પંડિતો**

આંખો બંધ કરીને જે (સત્ય) જુએ છે તે (સત્ય) ત્રણ નેત્રોથી મહાદેવ જોઈ શકતો નથી, આઠ નેત્રોથી બ્રહ્મા જોઈ શકતો નથી, કાર્તિકસ્વામી બાર નેત્રોથી જોઈ શકતો નથી, ઈંદ્ર હજાર નેત્રોથી જોઈ શકતો નથી, અરે! ત્રણ જગતની બધી આંખો ભેગી થઈને પણ તે વસ્તુને (= સત્યને) જોઈ શક્તી નથી. (૧) પંડિત પુરુષો જે વસ્તુ મેળવી ન શકાય તેની ઈચ્છા કરતા નથી, નાશ પામેલી (કે ગયેલી) વસ્તુનો શોક કરતા નથી અને આપત્તિમાં મુંઝાતા નથી. (૨) જે પુરુષ પોતાનું માન થાય ત્યારે હર્ષ પામતો નથી, અપમાન થાય ત્યારે રોષ કરતો નથી, ગંગા નદીના હ્રદની જેમ ક્ષોભ પામતો નથી, તે પંડિત કહેવાય છે." (૨૮)

तथा- **पुरुषकारसत्कथा ॥२९॥८७॥ इति ।**

पुरुषकारस्य उत्साहलक्षणस्य **सत्कथा** माहात्म्यप्रशंसनम्, यथा-

दुर्गा तावदियं समुद्रपरिखा तावन्निरालम्बनं ।
व्योमैतन्ननु तावदेव विषमः पातालयात्रागमः ॥
दत्त्वा मूर्द्धनि पादमुद्यमभिदो दैवस्य कीर्तिप्रियैः ।
वीरैर्यावदहो न साहसतुलामारोप्यते जीवितम् ॥८५॥ (  ) तथा-
विहाय पोरुषं कर्म यो दैवमनुवर्त्तते ।
तद्धि शाम्यति तं प्राप्य क्लीबं पतिमिवाङ्गना ॥८६॥ (  ) ॥२९॥इति ।

**પુરુષાર્થના માહાત્મ્યની પ્રશંસા કરવી.**

ઉત્સાહ રૂપ પુરુષાર્થના માહાત્મ્યની પ્રશંસા કરવી. જેમ કે "કીર્તિના પ્રેમવાળા વીર પુરુષો જ્યાં સુધી ઉદ્યમને ભાંગી નાખનારા ભાગ્યના મસ્તકે પગ મૂકીને પોતાના જીવનને સાહસ (= હિંમત) રૂપી ત્રાજવા ઉપર મૂક્તા નથી ત્યાં સુધી જ આ સમુદ્રની ખાઈ દુર્ગમ છે, ત્યાં સુધી જ આ આકાશ આલંબન રહિત છે, ત્યાં સુધીજ પાતાલની યાત્રા માટે જવું મુશ્કેલ છે, અર્થાત્ સાહસ કરનારાઓ સમુદ્રમાં, આકાશમાં અને પાતાલમાં પણ સુખપૂર્વક જઈ શકે છે." (૧) "જે પુરુષ પુરુષાર્થને છોડીને ભાગ્યને અનુસરે છે, તે પુરુષને પામીને ભાગ્ય જેવી રીતે સ્ત્રી નપુંસક પતિને પામીને ઠંડી પડી જાય છે તેમ ઠંડું પડી જાય છે." (૨) (૨૯)

तथा- **वीर्यर्द्धिवर्णनम् ॥३०॥८८॥ इति ।**

**वीर्यर्द्धेः** वीर्यप्रकर्षरूपायाः शुद्धाचारबलभ्यायाः तीर्थकरवीर्यपर्यवसानायाः **वर्णन**मिति, यथा-

मेरुं दण्डं धरां छत्रं यत् केचित् कर्तुमीशते।
तत् सदाचारकल्पद्रुफलमाहुर्महर्षयः ॥८७॥ ( ) ॥३०॥

**બળની ઋદ્ધિનું વર્ણન કરવું.** શુદ્ધાચારના બળથી બળની પ્રકૃષ્ટ સમૃદ્ધિ પ્રાપ્ત થાય છે, વધતાં વધતાં તીર્થંકરના બળ સુધીની સમૃદ્ધિ પણ પ્રાપ્ત થાય છે. જેમ કે **"કેટલાકો મેરુપર્વતને દંડ અને પૃથ્વીને છત્ર કરવા સમર્થ બને છે, તે સદાચાર રૂપ કલ્પવૃક્ષનું ફળ છે, એમ મહર્ષિઓ કહે છે."** (૩૦)

तथा- **परिणते गम्भीरदेशनायोगः ॥३१॥८९॥ इति ।**

अस्मिन् पूर्वमुद्दिष्टे उपदेशजाले श्रद्धान-ज्ञाना-ऽनुष्ठानवत्तया **परिणते** सात्मीभावमुपगते सति उपदेशार्हस्य जन्तोः **गम्भीरायाः** पूर्वदेशनापेक्षया अत्यन्तसूक्ष्माया आत्मास्तित्व-**तद्बन्ध**-मोक्षादिकाया **देशनायाः योगः** व्यापारः कार्यः, इदमुक्तं भवति- यः पूर्वं साधारणगुणप्रशंसादिः अनेकधोपदेशः प्रोक्त आस्ते स यदा तदावारककर्मह्रासातिशयादङ्गाङ्गीभावलक्षणं परिणाममुपगतो भवति तदा जीर्णे भोजनमिव गम्भीरदेशनायामसौ देशनार्होऽवतार्यते इति ॥३१॥

**શ્રોતામાં પૂર્વોક્ત ઉપદેશ પરિણમી જાય એટલે ગંભીર ઉપદેશ આપવો.** શ્રોતામાં જ્યારે પૂર્વોક્ત ઉપદેશસમૂહ શ્રદ્ધા - જ્ઞાન - આચરણરૂપે પરિણમી જાય = આત્મસાત્ થઇ જાય ત્યારે ઉપદેશને યોગ્ય તે જીવને પૂર્વે કહેલા ઉપદેશની અપેક્ષાએ અત્યંત સૂક્ષ્મ ઉપદેશ આપવો. જેમ કે– આત્માનું અસ્તિત્વ, આત્માનો બંધ, આત્માનો મોક્ષ ઇત્યાદિ વિષયોનો ઉપદેશ આપવો. અહીં ભાવાર્થ આ પ્રમાણે છે :- પૂર્વે ''સાધારણ ગુણોની પ્રશંસા કરવી'' (આ અધ્યાયનું ત્રીજું સૂત્ર) ઇત્યાદિ અનેક રીતે ઉપદેશ કર્યો છે. ઉપદેશને પરિણમવામાં રુકાવટ કરનારાં કર્મોનો અતિશય હ્રાસ થતાં એ ઉપદેશ પરિણમી જાય એટલે કે આત્મા સાથે એકમેક થઇ જાય ત્યારે જેમ એકવાર કરેલું ભોજન પચી ગયા પછી બીજીવાર ભોજન કરવામાં આવે તેમ દેશનાને યોગ્ય જીવને સૂક્ષ્મ વિષયોના ઉપદેશમાં પ્રવેશ કરાવવો. (૩૧)

अयं च गम्भीरदेशनायोगो न श्रुतधर्मकथनमन्तरेणोपपद्यते इत्याह–

## श्रुतधर्मकथनम् ॥३२॥९०॥ इति ।

**श्रुतधर्मस्य** वाचना-प्रच्छना-परावर्तना-ऽनुप्रेक्षा-धर्मकथनलक्षणस्य सकलकुशलकलापकल्पद्रुमविपुलालवालकल्पस्य **कथनं** कार्यम्; यथा-

चक्षुष्मन्तस्त एवेह ये श्रुतज्ञानचक्षुषा ।
सम्यक् सदैव पश्यन्ति भावान् हेयेतरान्नराः ॥८८॥ (          ) ॥३२॥

**શ્રુતધર્મને કહ્યા વિના આ ગંભીર ઉપદેશ સંગત ન થાય, અર્થાત્ શ્રુતધર્મનું બરોબર જ્ઞાન થયા વિના ગંભીર ઉપદેશ પણ તેને યથાર્થ ન સમજાય, આથી અહીં કહે છે :-**

**શ્રુતધર્મ કહેવો.** વાચના, પૃચ્છના, પરાવર્તના, અનુપ્રેક્ષા અને ધર્મકથન એ પાંચ પ્રકારનો શ્રુતધર્મ કહેવો. આ શ્રુતધર્મ સર્વ શુભસમૂહરૂપ કલ્પવૃક્ષ માટે મોટા ક્યારા સમાન છે. તથા **"અહીં (= પરમાર્થની વિચારણામાં) તે જ જીવો આંખોવાળા છે કે જે જીવો હમેશાં જ હેય - ઉપાદેય ભાવોને શ્રુતજ્ઞાનરૂપી આંખોથી બરોબર જુએ છે."** (૩૨)

अयं च श्रुतधर्मः प्रतिदर्शनमन्यथाऽन्यथा प्रवृत्त इति नासावद्यापि तत्सम्यग्भावं विवेचयितुमलमित्याह–

## बहुत्वात् परीक्षावतारः ॥३३॥९१॥ इति ।

तस्य हि **बहुत्वाच्छ्रुतधर्माणां** 'श्रुतधर्मः' इति शब्दसमानतया विप्रलब्धबुद्धेः **परीक्षायां** त्रिकोटिपरिशुद्धिलक्षणायां श्रुतधर्मसम्बन्धिन्या**मवतारः** कार्यः, अन्यत्राप्यवाचि -

तं शब्दमात्रेण वदन्ति धर्मं विश्वेऽपि लोका न विचारयन्ते।
स शब्दसाम्येऽपि विचित्रभेदैर्विभिद्यते क्षीरमिवार्चनीयः ॥८९॥
लक्ष्मीं विधातुं सकलां समर्थं सुदुर्लभं विश्वजनीनमेनम् ।
परीक्ष्य गृह्णन्ति विचारदक्षाः सुवर्णवद् वञ्चनभीतचित्ताः ॥९०॥
(          ) इति ॥३३॥

**• આ શ્રુતધર્મ દરેક દર્શનમાં જુદી જુદી રીતે પ્રવર્તે છે, દેશનાને યોગ્ય આ જીવ હજી પણ કયો શ્રુતધર્મ સમ્યગ્ = સત્ય છે તેનો વિવેક કરવા માટે સમર્થ નથી, આથી અહીં કહે છે :-**

• અહીં શ્રુતધર્મ એટલે શાસ્ત્રો સમજવા.

**શ્રુતધર્મ ઘણા હોવાથી તેને શ્રુતધર્મની પરીક્ષામાં પ્રવેશ કરાવવો.** શ્રુતધર્મો અનેક છે. આથી શ્રુતધર્મ શ્રુતધર્મ એ પ્રમાણે શબ્દની સમાનતાથી છેતરાયેલી બુદ્ધિવાળા ઉપદેશ યોગ્ય જીવને શ્રુતધર્મની ત્રિકોટિ પરિશુદ્ધ પરીક્ષામાં (= પરીક્ષા કરવામાં) પ્રવેશ કરાવવો. બીજા સ્થળે પણ કહ્યું છે કે **"વિશ્વમાં લોકો તે ધર્મને શબ્દમાત્રથી કહે છે, પણ (આ ધર્મ સત્ય છે કે અસત્ય છે એમ) વિચારતા નથી. પૂજ્ય તે ધર્મ દૂધની જેમ વિચિત્રભેદોથી વિભિન્ન કરાય છે."** (પાણીના ભેળસેળવાળું દૂધ, પાણીના ભેળસેળવિનાનું દૂધ, બકરી અને ગાય આદિ પ્રાણીઓનું ભેગુ કરેલું દૂધ, શિંગોડાનો લોટ વગેરેના મિશ્રણવાળું દૂધ, એમ દૂધના અનેક ભેદો છે, તેમ શ્રુતધર્મના પણ અનેક ભેદો છે.) **"જેમ છેતરામણીના ભયવાળા જીવો સુવર્ણને પરીક્ષા કરીને લે છે, તેમ વિચાર કરવામાં કુશળ જીવો સર્વપ્રકારની સંપત્તિ કરવા માટે સમર્થ, અતિશય દુર્લભ અને વિશ્વહિતકર એવા ધર્મને પરીક્ષા કરીને સ્વીકારે છે."** (૩૩)

परीक्षोपायमेवाह—

**कषादिप्ररूपणा ॥३४॥९२॥ इति ।**

यथा सुवर्णमात्रसाम्येन तथाविधलोकेष्वविचारेणैव शुद्धाशुद्धरूपस्य सुवर्णस्य प्रवृत्तौ कष - च्छेद - तापाः परीक्षणाय विचक्षणैराद्रियन्ते तथाऽत्रापि श्रुतधर्मे परीक्षणीये **कषादीनां प्ररूपणेति** ॥३४॥

**પરીક્ષાના ઉપાયને જ કહે છે:-**

**કષ આદિની પ્રરૂપણા કરવી.** જેવી રીતે સુવર્ણમાત્રની સમાનતાના કારણે શુદ્ધાશુદ્ધની વિચારણા નહીં કરવાથી તેવા પ્રકારના મુગ્ધલોકોમાં શુદ્ધ અને અશુદ્ધ એમ બંને પ્રકારના સુવર્ણની પ્રવૃત્તિ થઇ, આથી વિચક્ષણ પુરુષો સુવર્ણની પરીક્ષા માટે કષ - છેદ - તાપ કરે છે, તેમ પ્રસ્તુતમાં પણ શ્રુતધર્મની પરીક્ષા માટે કષ - છેદ - તાપની પ્રરૂપણા કરવી. (૩૪)

कषादीनेवाह—

**विधि-प्रतिषेधौ कषः ॥३५॥९३॥ इति ।**

**विधिः** अविरुद्धकर्तव्यार्थोपदेशकं वाक्यम्, यथा 'स्वर्ग-केवलार्थिना तपो-ध्यानादि कर्तव्यम्, समितिगुप्तिशुद्धा क्रिया' इत्यादि, **प्रतिषेधः** पुनः 'न हिंस्यात्

सर्वभूतानि, नानृतं वदेत्' इत्यादि, ततो विधिश्च प्रतिषेधश्च **विधि-प्रतिषेधौ,** किमित्याह- **कषः** सुवर्णपरीक्षायामिव कषपट्टके रेखा, इदमुक्तं भवति– यत्र धर्मे उक्तलक्षणो विधिः प्रतिषेधश्च पदे पदे सुपुष्कल उपलभ्यते स धर्मः कषशुद्धः, न पुनः
अन्यधर्मस्थिताः सत्त्वा असुरा इव विष्णुना।
उच्छेदनीयास्तेषां हि वधे दोषो न विद्यते ॥९१॥ ( ) इत्यादिवाक्यगर्भ इति ॥३५॥

**હવે કષ આદિને જ કહે છે:-**

**વિધિ અને પ્રતિષેધ કષ છે.** વિધિ એટલે વિરુદ્ધ ન હોય એવા કરવા યોગ્ય કાર્યનો ઉપદેશ આપનારાં વાક્યો. જેમકે - સ્વર્ગ અને કેવલજ્ઞાનના અર્થીએ તપ - ધ્યાન વગેરે કરવું જોઇએ, સમિતિ - ગુપ્તિથી શુદ્ધ હોય એવી ક્રિયા કરવી જોઇએ. પ્રતિષેધ એટલે કોઇપણ જીવની હિંસા ન કરવી, અસત્ય ન બોલવું વગેરે નિષેધ કરનારાં વાક્યો. આવા વિધિ વાક્યો અને નિષેધ વાક્યો કષ છે. આ કષ સુવર્ણની પરીક્ષા માટે કસોટીના પથ્થરમાં કરેલી રેખા સમાન છે. આનો ભાવાર્થ આ પ્રમાણે છે :- જે શ્રુતધર્મમાં (શાસ્ત્રમાં) આવા વિધિ અને નિષેધો અતિશય જોવા મળે તે શ્રુતધર્મ કષથી શુદ્ધ છે. પણ "જેમ વિષ્ણુએ અસુરોનો ઉચ્છેદ કર્યો તેમ અન્યધર્મમાં રહેલા જીવોનો ઉચ્છેદ કરવો જોઇએ, તેમનો વધ કરવામાં દોષ નથી." ઇત્યાદિ વાક્યો જેમાં હોય તે કષથી શુદ્ધ નથી. (૩૫)

छेदमाह–

## तत्सम्भव - पालनाचेष्टोक्तिश्छेदः ॥३६॥९४॥ इति ।

**तयोः** विधि-प्रतिषेधयोः अनाविर्भूतयोः **सम्भवः** प्रादुर्भावः, प्रादुर्भूतयोश्च **पालना** च रक्षारूपा, ततः तत्सम्भव - पालनार्थं या **चेष्टा** भिक्षाटनादिबाह्यक्रियारूपा तस्या **उक्तिः छेदः,** यथा कषशुद्धावप्यान्तरामशुद्धिमाशङ्कमानाः सौवर्णिकाः सुवर्णगोलिकादेश्छेदमाद्रियन्ते, तथा कषशुद्धावपि धर्मस्य छेदमपेक्षन्ते, स च छेदो विशुद्धबाह्यचेष्टारूपः, विशुद्धा च चेष्टा सा यत्रासन्तावपि विधिप्रतिषेधावबाधितरूपौ स्वात्मानं लभेते, लब्धात्मानौ चातीचारलक्षणापचारविरहितौ उत्तरोत्तरां वृद्धिमनुभवतः, सा यत्र धर्मे चेष्टा सप्रपञ्चा प्रोच्यते स धर्मश्छेदशुद्ध इति ॥३६॥

**છેદને કહે છે :-**

**વિધિ - પ્રતિષેધનો સંભવ અને પાલન થાય તેવી ક્રિયાનું કથન એ છેદ છે.** સાક્ષાત્ ન જણાવેલા પણ વિધિ - પ્રતિષેધ જણાઈ આવે તે સંભવ. જણાવેલા વિધિ

- પ્રતિષેધનું રક્ષણ એ પાલન. જે ધર્મમાં ભિક્ષાટન આદિ બાહ્ય ક્રિયાઓ એવી જણાવી હોય કે જે ક્રિયાથી (સંભવ થાય=) શાસ્ત્રમાં સાક્ષાત્ ન જણાવેલા પણ વિધિ - નિષેધો જણાઇ આવે, અને ( પાલન થાય =) જે વિધિ - નિષેધો જણાવ્યા હોય તે વિધિ - નિષેધોનું બરોબર પાલન થાય, તે ધર્મ છેદથી શુદ્ધ છે. જેમ કષશુદ્ધિ થવા છતાં કદાચ અંદરથી અશુદ્ધ હશે એવી શંકા કરનારા સોનીઓ સોનામહોર આદિનો છેદ કરે છે, તેમ પ્રસ્તુતમાં કષશુદ્ધિ થવા છતાં વિચક્ષણ પુરુષો ધર્મના છેદની અપેક્ષા રાખે છે. તે છેદ વિશુદ્ધ બાહ્યક્રિયારૂપ છે. ક્રિયા વિશુદ્ધ તે છે કે જે ક્રિયામાં (= જે ક્રિયા કરવામાં) નહીં કહેલા પણ વિધિ - પ્રતિષેધ બાધિત થયા વિના પોતાના સ્વરૂપને પામે છે, અને પોતાના સ્વરૂપને પામેલા તે બંને અતિચાર રહિત બનીને ઉત્તરોત્તર વૃદ્ધિ પામે છે. આવી વિશુદ્ધ ક્રિયા જે ધર્મમાં વિસ્તારથી કહેવામાં આવી હોય તે ધર્મ છેદથી શુદ્ધ છે. (૩૬)

यथा कष-च्छेदशुद्धमपि सुवर्णं तापमसहमानं कालिकोन्मीलनदोषान्न सुवर्णभावमश्नुते, एवं धर्मोऽपि सत्यामपि कष-च्छेदशुद्धौ तापपरीक्षामनिर्वहमाणो न स्वभावमासादयत्यतः तापं प्रज्ञापयन्नाह–

**उभयनिबन्धनभाववादस्तापः ॥३७॥९५॥ इति ।**

उभयोः कष-च्छेदयोः अनन्तरमेवोक्तरूपयोः **निबन्धनं** परिणामिरूपं कारणं यो **भावो** जीवादिलक्षणः तस्य **वादः** प्ररूपणा, किमित्याह - **तापो**ऽत्र श्रुतधर्मपरीक्षाधिकारे, इदमुक्तं भवति– यत्र शास्त्रे द्रव्यरूपतया अप्रच्युतानुत्पन्नः पर्यायात्मकतया च प्रतिक्षणमपरापरस्वभावास्कन्दनेन अनित्यस्वभावो जीवादिरवस्थाप्यते स्यात् तत्र तापशुद्धिः, यतः परिणामिन्येवात्मादौ तथाविधाशुद्धपर्यायनिरोधेन ध्यानाध्ययनाद्यपरशुद्धपर्यायप्रादुर्भावादुक्तलक्षणः कषो बाह्यचेष्टाशुद्धिलक्षणश्च छेद उपपद्यते, न पुनरन्यथेति ॥३७॥

**જેમ કષ અને છેદથી શુદ્ધ પણ સુવર્ણ તાપને સહન ન કરે તો તેમાં કાળાશ પ્રગટ થાય છે, એ દોષથી તે સુવર્ણભાવને પામતું નથી = સાચું સોનું કહેવાતું નથી, એમ ધર્મ પણ કષ અને છેદથી શુદ્ધ હોવા છતાં જો તાપ પરીક્ષામાં પસાર ન થઇ શકે તો સ્વભાવને પ્રાપ્ત કરતું નથી, અર્થાત્ શુદ્ધધર્મ ગણાતો નથી, આથી તાપને જણાવતા ગ્રંથકાર કહે છે :-**

**કષ અને છેદ એ બંને ઘટી શકે તેવા જીવાદિ પદાર્થોની પ્રરૂપણા એ • તાપ** છે. હમણાં જ જેનું સ્વરૂપ કહેવામાં આવ્યું છે તે કષ (= વિધિ - નિષેધ) અને છેદ (= ક્રિયા)ના પરિણામી કારણ એવા જીવાદિ પદાર્થોનું નિરૂપણ એ અહીં શ્રુતધર્મની પરીક્ષાના અધિકારમાં તાપ કહેવાય છે. ભાવાર્થ આ પ્રમાણે છે:- જે શાસ્ત્રમાં દ્રવ્યરૂપે નાશ ન પામે અને ઉત્પન્ન ન થાય (એથી નિત્ય સ્વભાવવાળા) તથા પર્યાયરૂપે પ્રત્યેક ક્ષણે અન્ય અન્ય સ્વભાવને (= સ્વરૂપને) પામવાના કારણે અનિત્ય સ્વભાવવાળા જીવાદિ પદાર્થો સ્થાપિત કર્યા હોય= નિશ્ચિત કર્યા હોય ત્યાં તાપશુદ્ધિ હોય. કારણકે પરિણામી જ આત્મા (વગેરે)માં તેવા પ્રકારના અશુદ્ધ પર્યાયનો નિરોધ થવાથી અને ધ્યાન - અધ્યયન આદિ અન્ય શુદ્ધ પર્યાય પ્રગટ થવાથી જેનું સ્વરૂપ હમણાં જ કહેવામાં આવ્યું છે તે કષ અને બાહ્ય ચેષ્ટાની શુદ્ધિરૂપ છેદ ઘટી શકે છે, પણ બીજા કોઇ પ્રકારે ઘટી શકે નહીં. (૩૭)

एतेषां मध्यात् को बलीयान् इतरो वा इति प्रश्ने यत् कर्तव्यं तदाह–

**अमीषामन्तरदर्शनम् ॥३८॥१६॥ इति ।**

**अमीषां** त्रयाणां परीक्षाप्रकाराणां परस्पर**मन्तरस्य** विशेषस्य समर्थासमर्थत्वरूपस्य **दर्शनं** कार्यमुपदेशकेन ॥३८॥

**આ ત્રણમાંથી કોણ બલવાન છે ? અને કોણ નિર્બળ છે ? એવા પ્રશ્નમાં જે કરવું જોઇએ તે કહે છે:-**

**આ ત્રણમાં રહેલું અંતર બતાવવું.** પરીક્ષાના ત્રણ પ્રકારોમાં પરસ્પર જે અંતર રહેલું છે, એટલે કે સામર્થ્ય - અસામર્થ્યરૂપ જે વિશેષતા રહેલી છે તે અંતર (= ભેદ) ઉપદેશકે બતાવવું. (૩૮)

तदेव दर्शयति–

**कष-च्छेदयोरयत्नः ॥३९॥१७॥ इति ।**

• ટીકામાં निबन्धनं = परिणामिरूपकारणं એમ છે. નિબંધન શબ્દનો અર્થ કારણ (= હેતુ) થાય છે. પણ અહીં કારણનું પરિણામિરૂપ એવું વિશેષણ છે. વિધિ - નિષેધ અને ક્રિયા એ બંનેનું પરિણામી કારણ બને એવા જીવાદિ પદાર્થોનું નિરૂપણ એ તાપ છે. આનો ભાવાર્થ એ છે કે વિધિ - નિષેધ અને ક્રિયા એ બંનેનું પરિણામી કારણ બને એટલે કે એ બંને થઇ શકે = ઘટી શકે એવા જીવાદિ પદાર્થોનું નિરૂપણ એ તાપ છે.

**कष-च्छेदयोः** परीक्षाऽक्षमत्वेन आदरणीयतायाम् **अयत्नः** अतात्पर्यं मतिमतामिति ॥३९॥

**તે જ બતાવે છે :-**

**કષ અને છેદમાં યત્ન ન કરવો.** કષ અને છેદ અમુક વસ્તુ શુદ્ધ છે કે અશુદ્ધ એની પરીક્ષા સહન કરી શકે તેમ ન હોવાથી તે બેમાં યત્ન ન કરવો, અર્થાત્ બુદ્ધિમાન પુરુષોએ એ બેનો આદર કરવામાં તત્પર ન બનવું. (૩૯)

कुत इत्याह–

**तद्भावेऽपि तापाभावेऽभावः ॥४०॥९८॥ इति ।**

**तयोः** कषच्छेदयोः **भावः** सत्ता **तद्भावः**, तस्मिन्, किं पुनरतद्भाव इत्यपिशब्दार्थः, किमित्याह- **तापाभावे** उक्तलक्षणतापविरहे **अभावः** परमार्थतः असत्तैव परीक्षणीयस्य, न हि तापे विघटमानं हेम कष-च्छेदयोः सतोरपि स्वं स्वरूपं प्रतिपत्तुमलम्, जातिसुवर्णत्वात् तस्य ॥४०॥

**કષ અને છેદમાં યત્ન શા માટે ન કરવો તે કહે છે :-**

**કષ અને છેદ હોય તો પણ જો તાપ ન હોય તો પરીક્ષા કરવા યોગ્ય વસ્તુનો અભાવ છે.** તાપ ન હોય તો કષ-છેદ હોય તો પણ જો પરીક્ષણીય વસ્તુનો અભાવ છે તો પછી કષ-છેદ ન હોય તો પરીક્ષણીય વસ્તુનો અભાવ હોય એમાં તો શું કહેવું ? એમ 'પણ' શબ્દનો અર્થ છે. કષ અને છેદ હોવા છતાં જેનું લક્ષણ પૂર્વે કહ્યું છે તે તાપ ન હોય તો પરમાર્થથી પરીક્ષા કરવા યોગ્ય વસ્તુની સત્તા નથી. તાપમાં પસાર ન થતું સોનું કષ - છેદ હોવા છતાં (= કષ - છેદની પરીક્ષામાં પસાર થવા છતાં) પોતાના સ્વરૂપને સ્વીકારવા સમર્થ થતું નથી. કારણકે તે માત્ર સુવર્ણની જાતિથી સુવર્ણ છે. (સુવર્ણના ધર્મથી સુવર્ણ નથી.) અર્થાત્ નકલી સુવર્ણ છે.

ભાવાર્થ :- જેમ સોનું કષ અને છેદની પરીક્ષામાં પસાર થઇ જાય તો પણ તાપ પરીક્ષામાં પસાર ન થાય તો તે સોનું અશુદ્ધ છે, તેમ કોઇ શાસ્ત્ર કષ અને છેદની પરીક્ષામાં પસાર થઇ જાય તો પણ જો તાપ પરીક્ષામાં પસાર ન થાય તો તે શાસ્ત્ર શુદ્ધ શાસ્ત્ર નથી. માટે બુદ્ધિમાન પુરુષોએ કષ અને છેદની પરીક્ષા કરી હોય તો પણ તાપની પરીક્ષા અવશ્ય કરવી જોઇએ. (૪૦)

एतदपि कथमित्याह–

**तच्छुद्धौ हि तत्साफल्यम् ॥४१॥९९॥ इति ।**

**तच्छुद्धौ** तापशुद्धौ **हिः** यस्मात् **तत्साफल्यं** तयोः कषच्छेदयोः सफलभावः, तथाहि-ध्यानाध्ययनादिकोऽर्थो विधीयमानः प्रागुपात्तकर्मनिर्जरणफलः, हिंसादिकश्च प्रतिषिध्यमानो नवकर्मोपादाननिरोधफलः, बाह्यचेष्टाशुद्धिश्चानयोरेवानाविर्भूतयोः आविर्भवनेनाविर्भूतयोश्च परिपालनेन फलवती स्यात्, न चापरिणामिन्यात्मन्युक्तलक्षणौ कषच्छेदौ स्वकार्यं कर्तुं प्रभविष्णू स्यातामिति तयोः तापशुद्धावेव सफलत्वमुपपद्यते न पुनरन्यथेति ॥४१॥

**કષ અને છેદ હોવા છતાં તાપ ન હોય તો પરીક્ષા કરવા યોગ્ય વસ્તુનો અભાવ કેમ છે ? તે કહે છે :-**

**કારણકે તાપની શુદ્ધિમાં કષશુદ્ધિ અને છેદશુદ્ધિની સફલતા છે.** તે આ પ્રમાણે છેઃ- વિધાન કરાતા ધ્યાન - અધ્યયન આદિ અનુષ્ઠાનોનું ફળ પૂર્વે ઉપાર્જન કરેલાં કર્મોની નિર્જરા છે. નિષેધ કરાતા હિંસાદિનું ફળ નવા કર્મના આશ્રવનો નિરોધ છે. બાહ્યક્રિયાની શુદ્ધિ અપ્રગટ વિધિ - નિષેધ પ્રગટ થવાથી અને પ્રગટ થયેલા વિધિ - નિષેધના પાલન વડે ફળવાળી થાય. પણ અપરિણામી (= રૂપાંતરને ન પામે, કિંતુ સદા એક સરખો રહે તેવા) આત્મામાં જેનાં લક્ષણો પૂર્વે કહ્યાં છે તે કષ અને છેદ પોતાનું કાર્ય કરવા સમર્થ ન બને. (કારણકે જુનાં કર્મોનો નાશ અને નવાં કર્મોના આશ્રવનો નિરોધ એ આત્માનું રૂપાંતર છે. અપરિણામી આત્મા રૂપાંતરને પામે નહીં. આથી કષ અને છેદ રૂપાંતર પમાડવાનું પોતાનું કાર્ય કરી શકે નહીં. હા, જો આત્મા પરિણામી હોય તો રૂપાંતરને પામે, એથી કષ અને છેદ રૂપાંતર પમાડવાનું પોતાનું કાર્ય કરી શકે છે. પરિણામી આત્મા (વગેરે) નું નિરૂપણ એ તાપ છે) આથી એ બેની સફલતા તાપશુદ્ધિમાં જ ઘટી શકે છે, પણ બીજા કોઇ પ્રકારે ઘટી શકતી નથી. (૪૧)

ननु फलविकलावपि तौ भविष्यत इत्याह–

**फलवन्तौ च तौ तौ ॥४२॥१००॥ इति ।**

उक्तलक्षणभाजौ सन्तौ पुनः **तौ** कषच्छेदौ **तौ** वास्तवौ कषच्छेदौ भवतः, स्वसाध्यक्रियाकारिणो हि वस्तुनो वस्तुत्वमुशन्ति सन्तः ॥४२॥

**અહીં શિષ્ય પ્રશ્ન કરે છે કે ફલથી રહિત પણ કષ અને છેદ કષ - છેદ તરીકે**

***તો રહેશે ને ? અર્થાત્ તેમની કષ - છેદ તરીકે ગણના તો થશે ને ? આ પ્રશ્નનો ઉત્તર આપે છે :-***

**ફલવાળા જ કષ - છેદ વાસ્તવિક કષ - છેદ છે.** કષ અને છેદનું જે ફળ પૂર્વે કહ્યું છે તે ફળવાળા કષ - છેદ બને તો તે વાસ્તવિક છે, તે ફળ વિના તે બંને અવાસ્તવિક છે. કારણકે સત્પુરુષો પોતાના સાધ્યને કરનારી જ વસ્તુના વસ્તુપણાને ઈચ્છે છે, અર્થાત્ જે વસ્તુ પોતાનું સાધ્ય સાધે તેને જ વસ્તુ તરીકે સ્વીકારે છે. (આનો અર્થ એ થયો કે તાપની શુદ્ધિ વિના કષ - છેદ પોતાનું સાધ્ય સાધી શકતા ન હોવાથી પરમાર્થથી એ બેને કષ - છેદ કહેવાય જ નહીં. એ બેની કષ - છેદ તરીકે ગણના થાય જ નહીં. (૪૨)

विपक्षे बाधामाह–

**अन्यथा याचितकमण्डनम् ॥४३॥१०१॥ इति ।**

**अन्यथा** फलविकलौ सन्तौ वस्तुपरीक्षाधिकारे समवतारितावपि तौ **याचितकमण्डनं** वर्तेते इति, परकीयत्वसम्भावनोपहतत्वात् कुत्सितं याचितं याचितकम्, तच्च तन्मण्डनं च कटक - कुण्डलादिराभरणविशेषो याचितकमण्डनम्, द्विविधं ह्यलङ्कारफलम्– निर्वाहे सति परिशुद्धाभिमानिकसुखजनिका स्वशरीरशोभा, कथञ्चिन्निर्वहणाभावे च तेनैव निर्वाहः। न च याचितकमण्डने एतद् द्वितयमप्यस्ति परकीयत्वात् तस्य, ततो याचितकमण्डनमिव याचितकमण्डनम्, इदमुक्तं भवति– द्रव्यपर्यायोभयस्वभावे जीवे कषच्छेदौ निरुपचरिततया स्थाप्यमानौ स्वफलं प्रत्यवन्ध्यसामर्थ्यावेव स्याताम्, नित्याद्येकान्तवादे तु स्ववादशोभार्थं तद्वादिभिः कल्प्यमानावप्येतौ याचितकमण्डनाकारौ प्रतिभासेते न पुनः स्वकार्यकराविति॥४३॥

**ફલરહિત પણ કષ- છેદને વાસ્તવિક માનવામાં આવે તો ઉત્પન્ન થતા દોષને કહે છે.:-**

**ફલરહિત કષ - છેદ •માગી લાવેલા આભૂષણ સમાન છે.** ફલરહિત એવા કષ - છેદને વસ્તુની પરીક્ષાના અધિકારમાં ઉતારવામાં આવે, અર્થાત્ તે બેથી પરીક્ષા કરવામાં આવે, તો પણ તે બે માગી લાવેલા આભૂષણ સમાન છે.

• ટીકાના परकीयत्वसम्भावनोपहतत्वाद् (= પારકાપણાની સંભાવનાથી દૂષિત થયેલ હોવાથી) એ વાક્યનો સંબંધ याचितकं પદની સાથે છે. कुत्सितं याचितं याचितकं, યાચિતકં એટલે કુત્સિત માગેલું. માગેલું કુત્સિત કેમ છે તે જણાવવા परकीयसम्भावनोपहतत्वाद् એ વાક્ય છે. પારકાપણાની સંભાવનાથી દૂષિત થયેલ હોવાથી માગેલું કુત્સિત છે. (આ સ્પષ્ટતા ભાવાનુવાદમાં કરવાથી ભાવાનુવાદ ક્લિષ્ટ બની જાય, માટે ટિપ્પણમાં સ્પષ્ટતા કરી છે.)

આભૂષણના ફલ બે છે. (૧) આભૂષણને વેચ્યા વિના જીવનનો નિર્વાહ થઇ શકતો હોય તો આભૂષણો પહેરીને વિશુદ્ધ • અભિમાનનું સુખ ઉત્પન્ન કરનારી સ્વશરીરની શોભા કરવી એ અલંકારનું પહેલું ફળ છે. કોઇ પણ રીતે આભૂષણ વેચ્યા વિના નિર્વાહ ન થાય તો એ આભૂષણો વેચીને (કે ગીરવે મૂકીને) એ આભૂષણોથી જીવનનો નિર્વાહ કરવો એ અલંકારનું બીજું ફળ છે. માગી લાવેલા આભૂષણોમાં આ બંને ફળ નથી. કારણકે એ આભૂષણો પારકા છે. ફલરહિત કષ - છેદ માગી લાવેલા આભૂષણ સમાન છે. અહીં ભાવાર્થ આ પ્રમાણે છે :- દ્રવ્ય અને પર્યાય એ ઉભય સ્વભાવવાળા આત્મામાં ઉપચાર વિના સ્થાપિત કરવામાં આવતા કષ - છેદ પોતાના ફલ પ્રત્યે અવંધ્ય સામર્થ્યવાળા જ બને છે, અર્થાત્ પોતાનું ફળ અવશ્ય સાધે છે. પણ "આત્મા નિત્ય જ છે" ઇત્યાદિ એકાંતવાદમાં તો એકાંતવાદીઓ પોતાના વાદની શોભા માટે કષ અને છેદની કલ્પના કરે તો પણ એ માંગી લાવેલા આભૂષણ સમાન જણાય છે, આથી તે બે પોતાનું કાર્ય કરી શકતા નથી. (૪૩)

आह– अवगतं यथा कषच्छेदतापशुद्धः श्रुतधर्मो ग्राह्यः, परं किम्प्रणेतृकोऽसौ प्रमाणमिति व्यतिरेकतः साधयन्नाह -

**नातत्त्ववेदिवादः सम्यग्वादः ॥४४॥१०२॥ इति ।**

**न** नैव **अतत्त्ववेदिनः** साक्षादेव वस्तुतत्त्वमज्ञातुं शीलस्य पुरुषविशेषस्य अर्वाग्दर्शिन इत्यर्थः **वादः** वस्तुप्रणयनम् अतत्त्ववेदिवादः, किमित्याह– **सम्यग्वादो** यथावस्थितार्थवादः, साक्षादवीक्षमाणेन हि प्रमात्रा प्रोक्तं जात्यन्धचित्रकरनरालिखितचित्रकर्मवद्यथावस्थितरूपविसंवादेन असमञ्जसमेव शास्त्रं स्यादिति कथं तद्भाषितं वस्तु अविपरीतरूपतां प्रतिपत्तुमुत्सहते? इति ॥४४॥

**અહીં શિષ્ય કહે છે કે કષ - છેદ - તાપથી શુદ્ધ હોય એવા શ્રુતધર્મ (= શાસ્ત્ર)નો સ્વીકાર કરવો જોઇએ એ જાણવામાં આવ્યું. પણ કોનો રચેલો શ્રુતધર્મ**

• આ આભૂષણોથી હું કેવો સુંદર દેખાઉં છું એવું વિચારીને મનુષ્ય સુખ અનુભવે છે. આ સુખ અભિમાનના કારણે થતું હોવાથી અભિમાનનું સુખ છે. તથા આભૂષણો પોતાના હોવાથી એ સુખ વિશુદ્ધ છે. જે પારકા આભૂષણો પહેરીને આવા સુખને અનુભવે છે તેનું એ સુખ વિશુદ્ધ નથી, કારણકે આભૂષણો પારકા છે.

**પ્રમાણ છે ? આ પ્રશ્નના ઉત્તરમાં નિષેધ દ્વારા શ્રુતધર્મની પ્રામાણિકતા સાધતા ગ્રંથકાર કહે છે :-**

**તત્ત્વને નહીં જાણનારાએ રચેલાં શાસ્ત્રો પ્રામાણિક ન હોય.** વસ્તુના સ્વરૂપને પ્રત્યક્ષ જ ન જાણી શકે, અર્થાત્ દૂરનું ન જોઇ શકે, નજીકનું જ જોઇ શકે, તેવા પુરુષે કરેલી • શાસ્ત્રરચના સાચી = પ્રામાણિક ન હોય. સાક્ષાત્ ન જોઇ શકે, એટલે કે ઇંદ્રિયો વગેરેની સહાય વિના કેવળ આત્માથી જ ન જોઇ શકે, તેવા જ્ઞાનીએ કહેલું શાસ્ત્ર જન્મથી અંધ એવા ચિત્રકાર માણસે ચિતરેલા ચિત્રની જેમ સત્ય સ્વરૂપની સાથે વિરોધવાળું હોવાથી અયુક્ત જ હોય. તેથી તેની કહેલી વસ્તુ અવિપરીત વસ્તુને સ્વીકારવા માટે કેવી રીતે યોગ્ય બને ? અર્થાત્ તેની કહેલી વસ્તુ વિપરીત સ્વરૂપવાળી હોય. (૪૪)

सम्यग्वादताया एवोपायमाह–

**बन्धमोक्षोपपत्तितस्तच्छुद्धिः ॥४५॥१०३॥ इति ।**

**बन्धो** मिथ्यात्वादिहेतुभ्यो जीवस्य कर्मपुद्गलानां च वह्न्यःपिण्डयोरिव क्षीर-नीरयोरिव वा परस्परमविभागपरिणामेनावस्थानम्, **मोक्षः** पुनः सम्यग्दर्शन-ज्ञान-चारित्रेभ्यः कर्मणामत्यन्तोच्छेदः, ततो **बन्धश्च मोक्षश्च बन्धमोक्षौ,** तयोः **उपपत्तिः** घटना, तस्याः सकाशात् **तच्छुद्धिः** वस्तुवादनिर्मलता चिन्तनीया, इदमुक्तं भवति– यस्मिन् सिद्धान्ते बन्धमोक्षयोग्य आत्मा तैस्तैर्विशेषैर्निरूप्यते स सर्ववेदिपुरुषप्रतिपादित इति कोविदैर्निश्चीयते इति ॥४५॥

**પ્રામાણિક શાસ્ત્રોને જાણવાનો જ ઉપાય કહે છે :-**

**બંધ - મોક્ષની ઘટનાથી શાસ્ત્રોની પ્રામાણિકતા વિચારવી.** કર્મબંધના મિથ્યાત્વ વગેરે હેતુઓથી જીવ અને કર્મપુદ્ગલોનું અગ્નિ - લોહપીંડની જેમ અથવા દૂધ - પાણીની જેમ એક બીજાને જુદા ન પાડી શકાય તે રીતે રહેવું તે બંધ. સમ્યગ્દર્શન - સમ્યક્જ્ઞાન - સમ્યક્ચારિત્રથી સર્વ કર્મોનો અત્યંત ક્ષય એ મોક્ષ. આ બેની ઘટનાથી શાસ્ત્રોની પ્રામાણિકતા વિચારવી, અર્થાત્ એ બે જે શાસ્ત્રથી

• અહીં ટીકામા वादः वस्तुप्रणयनं એમ કહીને વાદનો વસ્તુની રચના એવો અર્થ કર્યો છે. પણ *અહીં શાસ્ત્રવાદ ચાલી રહ્યો છે, એટલે વસ્તુથી શાસ્ત્રરૂપ વસ્તુ સમજવી જોઇએ. આથી* ભાવાનુવાદમાં वस्तुप्रणयनं એ શબ્દનો શાસ્ત્રરચના અર્થ કર્યો છે.

ઘટે તે શાસ્ત્ર પ્રામાણિક છે એમ જાણવું. અહીં ભાવાર્થ આ પ્રમાણે છે :- જે શાસ્ત્રમાં તે તે વિશેષોથી (= દ્રવ્યથી નિત્ય છે, પર્યાયથી અનિત્ય છે ઈત્યાદિ વિશેષોથી) બંધ-મોક્ષને યોગ્ય આત્માનું નિરૂપણ કરવામાં આવ્યું હોય તે શાસ્ત્ર સર્વજ્ઞપુરુષોએ કહેલું છે એમ વિદ્વાનો નિશ્ચય કરે છે. (અને સર્વજ્ઞે કહેલું શાસ્ત્ર પ્રામાણિક જ હોય.) (૪૫)

इयमपि बन्धमोक्षोपपत्तिर्यथा युज्यते तथाऽऽह–

**इयं बध्यमान - बन्धनभावे ॥४६॥१०४॥ इति**

**इयं** बन्धमोक्षोपपत्तिः **बध्यमानस्य बन्धनस्य** च वक्ष्यमाणस्य **भावे** सद्भावे सति भवति ॥४६॥

**આ બંધ - મોક્ષની ઘટના પણ જે પ્રમાણે થઈ શકે તે પ્રમાણે કહે છે :-**

**બંધ-મોક્ષની ઘટના બંધાનાર અને બંધન (= બાંધવાનું સાધન) હોય તો થાય.** બંધાનાર કોણ છે અને બંધન શું છે તે આગળ કહેશે. (૪૬)

कुत इत्याह–

**कल्पनामात्रमन्यथा ॥४७॥१०५॥ इति ।**

यस्मात् कारणादियं कल्पनैव केवला वितथार्थप्रतिभासरूपा, न पुनस्तत्र प्रतिभासमानोऽर्थोपीति **कल्पनामात्रम् अन्यथा** मुख्यबध्यमान-बन्धनयोरभावे वर्त्तते इति ॥४७॥

**બંધ - મોક્ષની ઘટના બંધાનાર અને બંધન હોય તો જ થઈ શકે એનું શું કારણ છે તે કહે છે :-**

**અન્યથા કલ્પના માત્ર છે.** (બંધ - મોક્ષની વિચારણામાં) બંધાનાર અને બંધન એ બે મુખ્ય છે. હવે જો એ બે ન હોય તો (બંધ - મોક્ષની) કેવળ કલ્પના જ રહે. કલ્પના એટલે પદાર્થની અસત્ય પ્રતીતિ (= જ્ઞાન). કેવળ કલ્પના જ છે, એટલે કે (तत्र =) કલ્પનામાં ( प्रतिभासमान =) જ્ઞાનમાં જણાતો પદાર્થ પણ છે એવું નથી, કેવળ કલ્પના જ છે. આથી બંધાનાર અને બંધન હોય તો જ બંધ - મોક્ષ ઘટી શકે. (૪૭)

बध्यमान-बन्धने एव व्याचष्टे–

**बध्यमान आत्मा, बन्धनं वस्तुसत् कर्म ॥४८॥१०६॥ इति ।**

तत्र **बध्यमानः** स्वसामर्थ्यतिरोधानेन पारवश्यमानीयमानः, क इत्याह– **आत्मा** चतुर्दशभूतग्रामभेदभिन्नो जीवः प्रतिपाद्यते, तथा बध्यते मिथ्यात्वादिभिर्हेतुभिरात्मा अनेनेति **बन्धनम्,** किमित्याह- **वस्तुसत्** परमार्थतो विद्यमानं **कर्म** ज्ञानावरणादि अनन्तानन्तपरमाणुप्रचयस्वभावमत एव मूर्त्तप्रकृतीति। अत्राऽऽ**त्म**ग्रहणेन **सांख्य**मतनिरसमाह, यतस्तत्रोच्यते -

आत्मा न बध्यते नापि मुच्यते नापि संसरति कश्चित् ।
संसरति बध्यते मुच्यते च नानाश्रया प्रकृतिः ॥९२॥ (सांख्यकारिका ६२)

**वस्तुसद्**ग्रहणेन तु **सौगत**मतस्य, यतस्तत्रापि पठ्यते -

चित्तमेव हि संसारो रागादिक्लेशवासितम्।
तदेव तैर्विनिर्मुक्तं भवान्त इति कथ्यते ॥९३॥ (शास्त्रवार्त्ता० ४०४)

**रागादिक्लेशवासित**मिति रागादिक्लेशैः सर्वथा चित्तादव्यतिरिक्तै**र्वासितं** संस्कृतम्। एवं हि बध्यमानान्न भिन्नं वस्तुसत्कर्मेत्यभ्युपगतं भवति। तत्र प्रकृतेरेव बन्ध-मोक्षाभ्युपगमे आत्मनः संसारा-ऽपवर्गावस्थयोरभिन्नैकस्वभावत्वेन योगिनां यम-नियमाद्यनुष्ठानं मुक्तिफलतयोक्तं यद् योगशास्त्रेषु तद् व्यर्थमेव स्यात्। **बौद्ध**स्यापि चित्तादव्यतिरिक्तकर्मवादिनोऽवस्तुसत्त्वमेव कर्मणः स्यात्, यतो यद्यतोऽव्यतिरिक्तस्वरूपं तत् तदेव भवति, न च लोके तदेव तेनैव बध्यते इति प्रतीतिरस्ति, बध्यमान-बन्धनयोः पुरुष-निगडादिरूपयोः भिन्नस्वभावयोरेव लोके व्यवह्रियमाणत्वात्। किंच, चित्तमात्रत्वे कर्मणोऽभ्युपगम्यमाने संसारा-ऽपवर्गयोर्भेदो न प्राप्नोति, चित्तमात्रस्योभयत्राप्यविशेषात् ॥४८॥

**બંધાનાર અને બંધનને વિશેષ રૂપે કહે છે :-**

**બંધાનાર આત્મા છે અને બંધન પરમાર્થથી વિદ્યમાન એવું કર્મ છે.** પોતાનું સામર્થ્ય ઢંકાઈ જવાના કારણે પરાધીન કરાતો આત્મા બંધાનાર છે. (= બંધાય છે.) બંધાનાર આત્મા ચૌદ ભેદોથી ભિન્ન ભિન્ન છે. આત્માના આ ચૌદ ભેદોની શાસ્ત્રમાં • ''ભૂતગ્રામ'' સંજ્ઞા છે. મિથ્યાત્વ વગેરે હેતુઓથી આત્મા જેના વડે

• ચૌદ ભૂતગ્રામ આ પ્રમાણે છે :- સૂક્ષ્મ અને બાદર એકેંદ્રિય, ત્રણ વિકલેંદ્રિય, સંજ્ઞી અને અસંજ્ઞી પંચેંદ્રિય એમ સાત પ્રકાર થયા. એ સાતેના પર્યાપ્ત અને અપર્યાપ્ત એમ ભેદો હોવાથી (૭×૨=) ૧૪ થાય.

બંધાય તે બંધન. પરમાર્થથી વિદ્યમાન એવું જ્ઞાનાવરણીયાદિ કર્મ બંધન છે. તે કર્મ અનંતાનંત પરમાણુના સમૂહ સ્વરૂપ છે, અને એથી જ મૂર્ત સ્વરૂપ છે, અર્થાત્ રૂપી છે.

અહીં સૂત્રમાં આત્મા શબ્દના ઉલ્લેખથી સાંખ્યમતનું ખંડન કર્યું છે. કારણકે સાંખ્યમતમાં કહ્યું છે કે "**આત્મા બંધાતો નથી, મુક્ત પણ થતો નથી અને સંસારમાં પરિભ્રમણ પણ કરતો નથી. જુદા જુદા પ્રકારના આશ્રયવાળી પ્રકૃતિ સંસારમાં પરિભ્રમણ કરે છે, બંધાય છે અને મુક્ત થાય છે**" "પરમાર્થથી વિદ્યમાન" એવા ઉલ્લેખથી બૌદ્ધમતનું ખંડન કર્યું છે. કારણકે બૌદ્ધમતમાં પણ કહ્યું છે કે "**ચિત્તથી સર્વથા અભિન્ન (= ચિત્ત સ્વરૂપ) એવા રાગાદિ ક્લેશોના સંસ્કારવાળું ચિત્ત જ સંસાર કહેવાય છે, અને તે રાગાદિ ક્લેશોથી અત્યંત મુક્ત થયેલું ચિત્ત જ સંસારનો અંત (મોક્ષ) કહેવાય છે.**" આ પ્રમાણે બૌદ્ધમતમાં બંધાનારા આત્માથી ભિન્ન અને પરમાર્થથી વિદ્યમાન એવું કર્મ સ્વીકારાયું નથી. જો સાંખ્ય મત પ્રમાણે પ્રકૃતિના જ બંધ - મોક્ષ થાય છે એમ સ્વીકારવામાં આવે તો આત્મા સંસારાવસ્થા અને મોક્ષાવસ્થા એ બંનેમાં સમાન એક જ સ્વરૂપવાળો રહે અને એથી યોગના શાસ્ત્રોમાં મુક્તિરૂપ ફલ મેળવવા માટે યોગીઓના યમ - નિયમ વગેરે જે અનુષ્ઠાનો કહ્યાં છે તે વ્યર્થ જ બને. (કારણકે મોક્ષ મેળવવા છતાં આત્માનું સ્વરૂપ જેવું હતું તેવું જ રહેવાનું છે એટલે યમ - નિયમ વગેરે અનુષ્ઠાનો કરવા છતાં આત્માને કશો લાભ ન થાય.)

કર્મને ચિત્તથી અભિન્ન માનનારા બૌદ્ધના મતે કર્મ પરમાર્થથી અસત્ જ સિદ્ધ થાય. કારણકે જે જેનાથી અભિન્ન સ્વરૂપવાળું હોય તે તે જ હોય, અર્થાત્ પોતે પોતાનાથી જ બંધાય. લોકમાં તે જ તેનાથી બંધાય એવી પ્રતીતિ થતી નથી. કારણકે બંધાનાર પુરુષ અને બંધન બેડી એ બંને ભિન્ન સ્વરૂપવાળા જ છે, એમ લોકમાં વ્યવહાર થાય છે. વળી કર્મને માત્ર ચિત્ત સ્વરૂપ જ માનવામાં આવે તો સંસાર અને મોક્ષનો ભેદ ન રહે. કારણકે સંસાર અને મોક્ષ એ બંનેમાં માત્ર ચિત્ત (= આત્મા) તો સમાન (= એક જ રૂપે) હોય છે. (માટે બંધાનાર આત્મા અને બંધન કર્મ એ બંને ભિન્ન છે.) (૪૮)

बन्ध-मोक्षहेतूनेवाह–

**हिंसादयस्तद्योगहेतवः, तदितरे तदितरस्य ॥४९॥१०७॥ इति ।**

**हिंसादय** इति हिंसानृतादयो जीवप्रिणामविशेषाः, किमित्याह– **तद्योगहेतवः, तस्य** बन्धस्य संसारफलत्वेन परमार्थचिन्तायां पापात्मकस्यैव **हेतवः** आत्मना सह संबन्धकारणभावमापन्ना वर्तन्ते, यदवाचि–

हिंसानृतादयः पञ्च तत्त्वाश्रद्धानमेव च ।
क्रोधादयश्च चत्वार इति पापस्य हेतवः ॥९४॥ (शास्त्रवार्ता. ४)

तथा **तदितरे** तेभ्यो हिंसादिभ्य इतरेऽहिंसादय एव तदितरस्य तस्मात् बन्धादितरो मोक्षः तस्य, अनुरूपकारणप्रभवत्वात् सर्वकार्याणामिति ॥४९॥

**બંધ - મોક્ષના હેતુઓને કહે છે :-**

**હિંસા વગેરે બંધના હેતુઓ છે અને અહિંસા વગેરે મોક્ષના હેતુઓ છે.** હિંસા, અસત્ય વગેરે જીવના પરિણામવિશેષ છે. પરમાર્થથી વિચારવામાં આવે તો બંધનું ફલ સંસાર હોવાથી બંધ પાપ સ્વરૂપ જ છે. હેતુ એટલે આત્માની સાથે કર્મોનો સંબંધ થવાનાં કારણો. હિંસાદિ બંધના હેતુઓ છે એ વિષે કહ્યું છે કે **"હિંસા, અસત્ય, ચોરી, અબ્રહ્મ અને પરિગ્રહ એ પાંચ, જીવાદિ તત્ત્વોની અશ્રદ્ધા (= મિથ્યાત્વ), ક્રોધ, માન, માયા અને લોભ એ ચાર (એમ કુલ દશ) પાપના (= અશુભ કર્મબંધના) હેતુઓ છે.** (શાસ્ત્ર. સ. ૪) હિંસા વગેરેથી વિપરીત અહિંસા વગેરે મોક્ષના હેતુઓ છે. કારણકે સર્વ કાર્યો કારણને અનુરૂપ થાય છે, અર્થાત્ જેવું કારણ હોય તેવું કાર્ય થાય. કારણ શુદ્ધ હોય તો કાર્ય શુદ્ધ થાય , કારણ અશુદ્ધ હોય તો કાર્ય અશુદ્ધ થાય. (અહીં બંધ અને મોક્ષ એ બંને વિપરીત છે. એથી જો હિંસાદિ અશુદ્ધ કારણોથી બંધ થાય છે, તો તેનાથી વિપરીત અહિંસા વગેરે શુદ્ધ કારણોથી મોક્ષ થાય.) (૪૯)

बन्धस्यैव स्वरूपमाह–

## प्रवाहतोऽनादिमान् ॥५०॥१०८॥ इति ।

**प्रवाहतः** परम्परातः **अनादिमान्** आदिभूतबन्धकालविकलः॥५०॥

**હવે બંધનુ જ સ્વરૂપ કહે છે :-**

**બંધ પ્રવાહથી અનાદિ છે.** બંધ પરંપરાથી અનાદિ છે = આદિ હોય તેવા બંધકાલથી રહિત છે, એટલે કે બંધનો અમુક સમયે પ્રારંભ થયો એમ પ્રારંભના સમયથી રહિત છે.( બંધ અમુક સમયે શરૂ થયો એમ કહી જ ન શકાય. બંધ અનાદિકાળથી થયા કરે છે એમ જ કહેવું પડે.) (૫૦)

अत्रैवार्थे उपचयार्थमाह–

**कृतकत्वेऽप्यतीतकालवदुपपत्तिः ॥५१॥१०९॥ इति ।**

**कृतकत्वेऽपि** स्वहेतुभिर्निष्पादितत्वेऽपि बन्धस्या**तीतकालस्येवोपपत्तिः** घटना अनादिमत्त्वस्य वक्तव्या, किमुक्तं भवति? प्रतिक्षणं क्रियमाणोऽपि बन्धः प्रवाहापेक्षयाऽतीतकालवदनादिमानेव ॥५१॥

**આ જ વિષયમાં વિશેષ જણાવવા કહે છે :-**

**બંધ ઉત્પન્ન કરાયો હોવા છતાં ભૂતકાળની જેમ તેનું અનાદિપણું ઘટી શકે છે.** બંધ પોતાના હેતુઓથી ઉત્પન્ન કરાયો હોવા છતાં ભૂતકાળની જેમ બંધના અનાદિપણાની ઘટના કહેવી. **ભાવાર્થ આ પ્રમાણે છે :-** બંધ પ્રતિક્ષણ ( પ્રત્યેક સમયે) કરાતો હોવા છતાં ભૂતકાળની જેમ પ્રવાહની અપેક્ષાએ અનાદિ જ છે. (જે વસ્તુ બીજા વડે ઉત્પન્ન થાય તેની આદિ હોય. જેમ કે ઘટ બીજાથી ઉત્પન્ન થાય છે, તો અમુક સમયે ઘટ ઉત્પન્ન થયો એમ ઘટની ઉત્પત્તિનો આદિકાળ છે, તેમ બંધ પણ બીજાથી ઉત્પન્ન થાય છે માટે બંધનો પણ અમુક સમયે બંધની શરૂઆત થઈ એમ બંધની ઉત્પત્તિનો આદિકાળ હોવો જોઈએ. આવી દલીલનો અહીં જવાબ આપ્યો છે કે બંધ ઉત્પન્ન થતો હોવા છતાં અમુક કાળે બંધની શરૂઆત થઈ = આદિ થઈ એમ કહી શકાય તેમ નથી. બંધ અનાદિથી છે. આ વિષયને સમજાવવા ભૂતકાળનું દૃષ્ટાંત આપ્યું છે. ભૂતકાળમાં તે તે કાળે વર્તમાનપણું હતું અને તેથી તેની ઉત્પત્તિ પણ હતી, છતાં તે ભૂતકાળ અનાદિ છે. કોઈ પૂછે કે આ ભૂતકાળ ક્યારથી શરૂ થયો? તો કહેવું પડે કે અનાદિથી છે, ભૂતકાળની કોઈ આદિ નથી. તે પ્રમાણે બંધ પ્રતિક્ષણ ઉત્પન્ન થતો હોવા છતાં આદિથી રહિત છે = અનાદિ છે.) (૫૧)

अथ यतोऽशादनयोर्दृष्टान्त-दार्ष्टान्तिकभावोऽभूत् तं साक्षादेव दर्शयन्नाह–

**वर्तमानताकल्पं कृतकत्वम् ॥५२॥११०॥ इति ।**

यादृशी अतीतकालसमयानां **वर्तमानता** साम्प्रतरूपता तादृशं बन्धस्य **कृतकत्वं** क्रियमाणत्वं, क्रियाकाल-निष्ठाकालयोश्च निश्चयनयाभिप्रायेणाभेदादेवमुपन्यस्तम्, अन्यथा **वर्तमानताकल्पं** क्रियमाणत्वमित्युपन्यसितुं युक्तं स्यात् ॥५२॥

**હવે જે અંશથી કાળ અને બંધનો દૃષ્ટાંત • દાર્ષ્ટાન્તિક ભાવ થયો તે અંશને સાક્ષાત્ જ બતાવતા ગ્રંથકાર કહે છે :-**

**બંધનું ક્રિયમાણત્વ ભૂતકાળના વર્તમાનપણા સમાન છે.** જેવું ભૂતકાળના સમયોનું વર્તમાનપણું છે તેવું બંધનું ક્રિયમાણપણું છે. (અહીં ભાવાર્થ આ પ્રમાણે છે:- ભૂતકાળના સમયો પહેલાં વર્તમાનકાળના હતા, પછી ભૂતકાળના થયા. ભૂતકાળના સમયો જ્યારે તે તે કાળે વર્તમાનકાળના હતા ત્યારે તે પણ ઉત્પન્ન થયા હતા. આમ ભૂતકાળની ઉત્પત્તિ હોવા છતાં આદિ નથી. તેમ પ્રત્યેક ક્ષણે કરાઈ રહેલા બંધની ઉત્પત્તિ હોવા છતાં બંધની આદિ નથી. આ રીતે ભૂતકાળ અને બંધમાં ઉત્પત્તિ અને અનાદિપણાની સમાનતા છે. આથી તે બેનો દૃષ્ટાંત - દાર્ષ્ટાન્તિક ભાવ થયો છે. કાળ દૃષ્ટાંત છે અને બંધ દાર્ષ્ટાન્તિક છે.)

પ્રશ્ન :- જે ક્રિયા કરાઈ રહી હોય તે ક્રિયમાણ કહેવાય, અને તેમાં ક્રિયમાણત્વ હોય. જે ક્રિયા પૂર્ણ કરી દીધી હોય = સમાપ્ત થઈ ગઈ હોય તે કૃતક કહેવાય, અને તેમાં કૃતકત્વ રહે. અહીં કરાઈ રહેલા બંધની ભૂતકાળના વર્તમાનપણા સાથે સમાનતા બતાવી છે. તેથી મૂળસૂત્રમાં क्रियमाणत्व એવો વર્તમાનકાળનો પ્રયોગ કરવો જોઈએ તેના બદલે कृतकत्व એવો ભૂતકાળનો પ્રયોગ કેમ કર્યો?

ઉત્તર :- નિશ્ચયનયના અભિપ્રાયથી ક્રિયાકાલ (જે વખતે ક્રિયા કરાઈ રહી હોય તે કાળ) અને સમાપ્તિ કાળનો (= ક્રિયા પૂર્ણ થઈ ગઈ હોય તે કાળનો) અભેદ છે. નિશ્ચયનય कडेमाणे कडे = કરાતું કાર્ય કરેલું ગણાય એમ માને છે. આથી નિશ્ચયનયના મતે જે क्रियमाण કરાતું હોય તેને कृतक (= કરેલું) કહેવાય. નિશ્ચયનયના આ અભિપ્રાયથી મૂળસૂત્રમાં क्रियमाणत्व ના બદલે कृतकत्व એવો પ્રયોગ કર્યો છે. એ સિવાય તો वर्तमानताकल्पं क्रियमाणत्वं એવો ઉલ્લેખ યુક્ત ગણાય. (૫૨)

यादृशि चात्मनि प्रागुपन्यस्ता बन्धहेतवः उपपद्यन्ते तमन्वय-व्यतिरेकाभ्यामाह -

**परिणामिन्यात्मनि हिंसादयः, भिन्नाभिन्ने च देहात् ॥५३॥१११॥ इति।**

परिणमनं **परिणामः** द्रव्यरूपतयाऽवस्थितस्यैव वस्तुनः पर्यायान्तरप्रतिपत्तिः, यथोक्तम्–

• દાર્ષ્ટાન્તિક એટલે જેને દૃષ્ટાંત લાગુ પડતું હોય તે.

परिणामो ह्यर्थान्तरगमनं न च सर्वथा व्यवस्थानम् ।
न च सर्वथा विनाशः परिणामस्तद्विदामिष्टः ॥९५॥ (          )

परिणामो नित्यमस्यास्तीति **परिणामी**, तत्र **आत्मनि** जीवे **हिंसादयः** प्राग् निरूपिता उपपद्यन्ते, तथा **भिन्ने** पृथगूरूपे **अभिन्ने** च तद्विपरीते, **च**कारो विशेषणसमुच्चये, कस्मादित्याह- **देहात्** शरीरात् ॥५३॥

**પૂર્વે કહેલા બંધહેતુઓ જેવા આત્મામાં ઘટી શકે તેવા આત્માને વિધિ –નિષેધથી કહે છે :-**

**પરિણામી અને દેહથી ભિન્નાભિન્ન આત્મામાં હિંસા વગેરે ઘટી શકે.** પરિણમવું તે પરિણામ. દ્રવ્યરૂપે રહેલી જ વસ્તુ અન્ય પર્યાયને પામે તે પરિણામ. કહ્યું છે કે - **મૂળવસ્તુ રૂપાંતરને પામે તે પરિણામ. પરિણામના જ્ઞાતાઓને મૂળવસ્તુ તેવી ને તેવી જ ન રહે = રૂપાંતરને પામે અને સર્વથા નાશ ન પામે તે પરિણામ ઈષ્ટ છે.** આ પરિણામને જે સદા પામે તે પરિણામી કહેવાય. (જેમકે સોનાના હારને ભાંગીને કુંડલ બનાવવામાં આવે તો મૂળવસ્તુ જે સોનું તે રૂપાંતરને પામે = અન્યપર્યાયને પામે. હાર રૂપે રહેલું સોનું કુંડલ રૂપે બને. આમાં સોનું દ્રવ્યરૂપે કાયમ રહીને રૂપાંતરને પામે છે. અહીં મૂળવસ્તુ તેવી ને તેવી જ રહેતી નથી = રૂપાંતરને પામે છે, અને સર્વથા નાશ પણ પામતી નથી. એ રીતે મનુષ્ય મરીને દેવ બને તો આત્મા દ્રવ્યરૂપે કાયમ રહીને રૂપાંતરને પામે છે = મનુષ્યના પર્યાયરૂપે મટીને દેવના પર્યાય રૂપે ઉત્પન્ન થાય છે.) દેહથી ભિન્નાભિન્ન એટલે દેહથી કથંચિત્ ભિન્ન = અલગ અને કથંચિત્ અભિન્ન = અલગ નહિ. પરિણામી અને દેહથી ભિન્નાભિન્ન આત્મામાં પૂર્વે કહેલી હિંસા ઘટી શકે. (૫૩)

अत्रैवार्थे विपक्षे बाधकमाह–

## अन्यथा तदयोगः ॥५४॥११२॥ इति ।

यदि हि परिणामी आत्मा भिन्नाभिन्नश्च देहान्नेष्यते तदा **तेषां** हिंसादीनां बन्धहेतुतयोपन्यस्तानाम**योगः** अघटना ॥५४॥

**આ જ વિષયમાં "જો આત્મા હમણાં કહ્યો તેવો ન માનવામાં આવે તો " દોષ આવે એમ કહે છેઃ-**

**અન્યથા હિંસાદિ ઘટી શકે નહિ.** જો આત્માને પરિણામી અને દેહથી

ભિન્નાભિન્ન ન માનવામાં આવે તો બંધહેતુ તરીકે બતાવેલા હિંસા વગેરે ઘટી શકે નહિ. (૫૪)

कथमित्याह–

**नित्य एवाविकारतोऽसंभवात् ॥५५॥११३॥ इति ।**

**नित्य एव** अप्रच्युतानुत्पन्नस्थिरैकस्वभावे आत्मनि, न तु पर्यायनयावलम्बनेनानित्यरूपेऽपीत्येवकारार्थः, अभ्युपगम्यमाने द्रव्यास्तिकनयावष्टम्भतः **अविकारतः** तिलतुषत्रिभागमात्रमपि पूर्वस्वरूपादप्रच्यवमानत्वेन **असंभवाद्** अघटनात् हिंसायाः, यतो हिंसा विवक्षितपर्यायविनाशादिस्वभावा शास्त्रेषु गीयते, यथोक्तम् -

तत्पर्यायविनाशो दुःखोत्पादस्तथा च संक्लेशः ।
एष वधो जिनभणितो वर्जयितव्यः प्रयत्नेन ॥९६॥ (        ) ॥५५॥

**કેમ ન ઘટી શકે તે જ કહે છે :-**

**એકાંતે નિત્ય આત્મામાં વિકાર ન થવાથી હિંસા ન ઘટી શકે.** એકાંતે નિત્ય એટલે કોઈ પણ રીતે નાશ ન પામે અને કોઈ પણ રીતે ઉત્પન્ન ન થાય તેવો સ્થિર એક જ સ્વભાવવાળો. પર્યાયનયના આલંબનથી આત્મા અનિત્ય પણ છે, એમ ન માનતાં કેવલ દ્રવ્યાસ્તિક નયના આલંબનથી એકાંતે નિત્ય માનવામાં આવે તો આત્મામાં તલના ફોતરાના ત્રીજા ભાગ જેટલો પણ વિકાર નહિ થાય. કારણ કે એકાંતે નિત્ય આત્મા પોતાના પૂર્વ સ્વરૂપથી નાશ પામતો નથી. વિકાર ન થવાથી હિંસા પણ ન ઘટે. કારણ કે વિવક્ષિત હિંસા વિવક્ષિત પર્યાયનો નાશ કરવાના સ્વભાવવાળી છે, એમ શાસ્ત્રમાં કહેવાય છે. આ વિષે કહ્યું છે કે - **જીવના પર્યાયનો નાશ કરવો, અથવા જીવને દુઃખ આપવું, અથવા (બીજાને મારવાના વિચાર રૂપ) સંક્લેશ કરવો એને જિનેશ્વરોએ હિંસા કહી છે. આ હિંસાનો પ્રયત્નથી ત્યાગ કરવો જોઈએ.** (૫૫)

तथा– **अनित्ये चापराहिंसनेन ॥५६॥११४॥ इति ।**

**अनित्ये च** सर्वथा प्रतिक्षणभङ्गुरे पुनरात्मनि अभ्युपगम्यमाने सति **अपरेण** केनचित् लुब्धकादिना **अहिंसनेन** अव्यापादनेन कस्यचिच्छूकरादेर्हिंसाऽसंभवः, प्रतिक्षणभङ्गुरत्वाभ्युपगमे हि सर्वेष्वात्मसु स्वत एव स्वजन्मलाभक्षणानन्तरं सर्वथा

निवर्तमानेषु कः कस्य हिंसकः? को वा कस्य हिंसनीयः? इति ॥५६॥

**એકાંતે અનિત્ય માનવામાં બીજાએ વધ ન કર્યો હોવાથી હિંસા ન ઘટી શકે.** આત્માને એકાંતે પ્રતિક્ષણ વિનાશશીલ (મૂળ સ્વરૂપે સર્વથા નાશ પામે અને તદ્દન નવા સ્વરૂપે ઉત્પન્ન થાય તેવો) માનવામાં આવે તો શિકારી વગેરે બીજા કોઇએ ભૂંડ વગેરેનો વધ ન કર્યો હોવાથી હિંસા ન ઘટી શકે. જો આત્માને પ્રતિક્ષણ વિનાશશીલ માનવામાં આવે તો બધા જ આત્માઓ જન્મ પામ્યા પછી ક્ષણવારમાં પોતાની મેળે જ મૃત્યુ પામતા હોવાથી કોણ કોનો વધ કરનારો બને ? અને કોણ કોનાથી વધ કરવા યોગ્ય બને ? અર્થાત્ કોઇ કોઇનો વધ કરનારો ન બને, અને કોઇ કોઇનાથી વધ કરવા યોગ્ય ન બને. (આથી એકાંતે અનિત્ય આત્મામાં હિંસા ઘટી શકે નહીં.) (૫૬)

तथा– **भिन्न एव देहान्न स्पृष्टवेदनम् ॥५७॥११५॥ इति ।**

यदि हि **भिन्न एव** विलक्षण एव सर्वथा **देहादा**त्मा तदा **न** नैव स्पृष्टस्य योषिच्छरीर - शयना-ऽऽसनादेः कण्टक-ज्वलनज्वालादेश्च इष्टानिष्टरूपस्य स्पर्शनेन्द्रियविषयस्य देहेन स्पृश्यमानस्य **वेदनम्** अनुभवनं प्राप्नोति भोगिनः पुरुषस्य, न हि देवदत्ते शयनादीनि भोगाङ्गानि स्पृशति सति विष्णुमित्रस्यानुभवप्रतीतिरस्तीति ॥५७॥

**આત્મા દેહથી એકાંતે ભિન્ન હોય તો દેહને સ્પર્શેલા વિષયનો આત્માને અનુભવ ન થાય.** આત્મા દેહથી એકાંતે જુદો જ હોય તો દેહ વડે સ્પર્શ કરાતા સ્ત્રીશરીર, શયન, આસન વગેરે ઇષ્ટવિષયનો તથા કાંટો અને અગ્નિની જ્વાળા વગેરે અનિષ્ટ વિષયનો ભોગ કરનાર પુરુષને અનુભવ ન થાય. દેવદત્ત શયન વગેરે ભોગનાં સાધનોનો સ્પર્શ કરતો હોય તો વિષ્ણુમિત્રને તેના અનુભવની પ્રતીતિ થતી નથી. (૫૭)

तथा– **निरर्थकश्चानुग्रहः ॥५८॥११६॥ इति ।**

**निरर्थकः** पुरुषसंतोषलक्षणफलविकलः, **चः** समुच्चये, **अनुग्रहः** स्रक्-चन्दना-ऽङ्गना-वसनादिभिर्भोगाङ्गैरुपष्टम्भो भवेत् देहस्य, देहादात्मनोऽत्यन्तभिन्नत्वात्, निग्रहस्याप्युपलक्षणमेतत् ॥५८॥

**આત્મા દેહથી એકાંતે ભિન્ન હોય તો અનુગ્રહ નિરર્થક બને.** માળા, ચંદન,

સ્ત્રી અને વસ્ત્ર વગેરે ભોગનાં સાધનોથી શરીર ઉપર અનુગ્રહ (=ઉપકાર) થાય, પણ પુરુષ (આત્મા) ઉપર અનુગ્રહ ન થાય, અર્થાત્ પુરુષને સંતોષરૂપ ફલ ન મળે. કારણકે આત્મા દેહથી અત્યંત ભિન્ન છે. અહીં અનુગ્રહના ઉપલક્ષણથી નિગ્રહ (= અપકાર) પણ ન થાય એમ સમજી લેવું, અર્થાત્ કાંટો અને અગ્નિ વગેરેથી શરીરને નિગ્રહ (= અપકાર) થાય, પણ પુરુષને ન થાય. (આત્મા દેહથી એકાંતે ભિન્ન હોય તો દેહને સ્પર્શેલા વિષયોનો આત્માને અનુભવ ન થાય, તથા ઈષ્ટ અને અનિષ્ટ વિષયોથી અનુગ્રહ - નિગ્રહ પણ ન થાય.) (૫૮)

एवं भेदपक्षं निराकृत्याभेदपक्षनिराकरणायाह–

## अभिन्न एवामरणं वैकल्यायोगात् ॥५९॥११७॥ इति ।

**अभिन्न एव** देहात् सर्वथा नानात्वमनालम्बमाने आत्मनि सति "चैतन्यविशिष्टः कायः पुरुषः" (      ) इति मतावलम्बिनां **सुरगुरुशिष्याणा**मभ्युपगमेन, किमित्याह- **अमरणं** मृत्योरभावः आपद्यत आत्मनः, कुत इत्याह- वैकल्यस्यायोगाद् अघटनात्, यतो मृतेऽपि देहे न किञ्चित् पृथिव्यादिभूतानां देहारम्भकाणां वैकल्यमुपलभ्यते। वायोस्तत्र वैकल्यमिति चेन्न, वायुमन्तरेण उच्छूनभावायोगात्। तर्हि तेजसः तत्र वैकल्यमस्तीति चेन्न, तेजसो व्यतिरेकेण कुथितभावाप्रतिपत्तेरिति कथं देहाभिन्नात्मवादिनां मरणमुपपन्नं भवेदिति ॥५९॥

**આ પ્રમાણે ભેદપક્ષનું ખંડન કરીને અભેદપક્ષનું ખંડન કરવા માટે કહે છે:-**

**આત્મા દેહથી એકાંતે અભિન્ન હોય તો મરણ ન થાય. કારણકે મૃત શરીરમાં કોઈ ભૂતની ન્યૂનતા દેખાતી નથી.** "ચૈતન્યવિશિષ્ટ શરીર જ આત્મા છે" એવા મતને માનનારા બૃહસ્પતિના શિષ્યોના (=નાસ્તિકોના) મત પ્રમાણે જો આત્મા દેહથી એકાંતે અભિન્ન (દેહસ્વરૂપ જ) હોય તો આત્માનું મરણ ન થાય. કારણકે મરેલા પણ શરીરમાં દેહનો પ્રારંભ કરનારા (=દેહને બનાવનારા) પૃથ્વી આદિ ભૂતોમાંથી કોઈ પણ ભૂતની ન્યૂનતા દેખાતી નથી. કદાચ કોઈ કહે કે તેમાં વાયુ નથી તો તે બરોબર નથી. કારણકે વાયુ વિના શરીર ફૂલે નહીં. (મૃત શરીર ફૂલે છે.) મૃત શરીરમાં તેજ નથી એમ પણ નહિ કહી શકાય. કારણકે તેજ વિના મૃતશરીરમાં કોહવાટ ન થાય. (મૃત શરીર કોહવાઈ જાય છે.) આમ આત્માને શરીરથી એકાંતે અભિન્ન માનનારાઓના મતે મરણ કેવી રીતે ઘટે ? (૫૯)

प्राक्तनावस्थयोर्वायु-तेजसोस्तत्राभावात् मरणमुपपद्यते इति चेदुच्यते-

**मरणे परलोकाभावः ॥६०॥११८॥ इति ।**

**मरणे** अभ्युपगम्यमाने **परलोकस्याभावः** प्रसज्यते, न हि देहादभिन्न एवात्मन्यभ्युपगम्यमाने कश्चित् परलोकयायी सिद्ध्यति, देहस्यात्रैव तावत् पातदर्शनात् तद्व्यतिरिक्तस्य चात्मनोऽनभ्युपगमात्, न च वक्तव्यम्– परलोक एव तर्हि नास्ति, तस्य सर्वशिष्टैः प्रमाणोपष्टम्भोपपन्नत्वेनाभीष्टत्वात्, प्रमाणं चेदम्– यो योऽभिलाषः स सोऽभिलाषान्तरपूर्वको दृष्टः, यथा यौवनकालाभिलाषो बालकालीनाभिलाषपूर्वकः, अभिलाषश्च बालस्य तदहर्जातस्य प्रसारितलोचनस्य मातुः स्तनौ निभालयतः स्तन्यस्पृहारूपः, यच्च तदभिलाषान्तरं तन्नियमाद् भवान्तरभावीति ॥६०॥

**મૃતશરીરમાં પૂર્વાવસ્થાના વાયુ અને તેજ ન હોવાથી મરણ ઘટી શકે છે એમ કહેનારને ઉત્તર આપે છે :-**

**મરણને સ્વીકારવામાં આવે તો પણ પરલોક ન રહે.** મરણને સ્વીકારવામાં આવે તો પણ પરલોકનો અભાવ થાય. આત્માને દેહથી એકાંતે અભિન્ન માનવામાં આવે તો પરલોકમાં જનાર કોઇ સિદ્ધ થતો નથી. કારણકે શરીરનો અહીં જ વિનાશ થતો જોવામાં આવે છે અને શરીરથી ભિન્ન આત્માને માનવામાં આવ્યો નથી. તો પછી પરલોક જ નથી એમ ન કહેવું. કારણકે પરલોક પ્રમાણની મદદથી સિદ્ધ થતો હોવાથી સર્વ શિષ્ટોને ઇષ્ટ છે. આમાં પ્રમાણ આ છે :- જે જે ઇચ્છા થાય તે તે અન્ય ઇચ્છાપૂર્વક જ થયેલી જોવામાં આવે છે. જેમ કે - યૌવનકાલમાં થયેલી ઇચ્છા બાલ્યકાળની ઇચ્છાપૂર્વકની જ હોય છે. તે જ દિવસે જન્મેલા અને આંખો ખોલીને માતાના સ્તનોને જોતા એવા બાળકને સ્તનપાન કરવાની ઇચ્છા થાય છે. આ ઇચ્છા પણ અન્ય ઇચ્છાપૂર્વકની છે. આ જે અન્ય ઇચ્છા તે અવશ્ય ભવાંતરમાં થયેલી છે. (કારણકે આ ભવમાં સૌથી પહેલી ઇચ્છા સ્તનપાનની થઇ છે, એટલે આ ભવમાં બીજી કોઇ ઇચ્છા થઇ નથી. એટલે આ સ્તનપાનની ઇચ્છા ભવાંતરમાં થયેલી ઇચ્છા પૂર્વકની છે એમ જ માનવું પડે. આ રીતે અનુમાન પ્રમાણથી પરલોક સિદ્ધ થાય છે.) (૬૦)

तथा– **देहकृतस्यात्मनाऽनुपभोगः ॥६१॥११९॥ इति ।**

एकान्तभेदे देहात्मनोरभ्युपगते सांख्येन **देहेन कृतस्य** परेषां ताडन - तर्जन-

हिंसनादिना देवतानमन-स्तवनादिना चोपायेनोपात्तस्य शुभाशुभरूपस्य कर्मणः **आत्मना अनुपभोगः** सुखदुःखानुभवद्वारेणावेदनमापद्यते, न हि कश्चिदन्यकृतं शुभमशुभं वा वेदयितुमर्हति, कृतनाशा-ऽकृताभ्यागमदोषप्रसङ्गादिति ॥६१॥

**આત્માને શરીરથી એકાંતે ભિન્ન માનવામાં આવે તો દેહે ઉપાર્જન કરેલા કર્મને આત્મા ભોગવે નહિ.** સાંખ્ય વડે સ્વીકારાયેલા શરીર અને આત્માના એકાંતભેદમાં બીજાઓને માર મારવો, બીજાઓનો તિરસ્કાર અને વધ કરવો ઇત્યાદિ ઉપાયોથી અને દેવને નમવું, દેવની સ્તુતિ કરવી ઇત્યાદિ ઉપાયોથી શરીરે ઉપાર્જન કરેલા શુભાશુભ કર્મને આત્મા સુખ - દુઃખના અનુભવ દ્વારા ભોગવી શકે નહીં. બીજાએ ઉપાર્જન કરેલા શુભાશુભ કર્મને કોઇ ભોગવવાને યોગ્ય (=સમર્થ) થતો નથી. કારણકે બીજાએ ઉપાર્જન કરેલા કર્મને ભોગવવામાં કૃતનાશ અને અકૃત અભ્યાગમનો દોષ લાગે. (કૃતનાશ એટલે કરેલાં કર્મોનો ભોગવ્યા વિના જ નાશ. અકૃત આગમ એટલે નહીં કરેલાં કર્મોનું આગમન, અર્થાત્ નહિ કરેલાં કર્મો ભોગવવા પડે તે અકૃત આગમ. જેમકે - ચંદ્રકાંતે અમુક કર્મો કર્યા = બાંધ્યા. હવે એ કર્મોને જો સૂર્યકાંત ભોગવે તો ચંદ્રકાંતને તો ભોગવ્યા વિના જ એ કર્મોનો નાશ થયો . કારણકે ચંદ્રકાતે એ કર્મોને ભોગવ્યા નથી. આથી કૃતનાશ દોષ થયો. હવે સૂર્યકાંતે એ કર્મો કર્યા નથી છતાં ભોગવ્યા, એથી અકૃત અભ્યાગમ દોષ થયો.) (૬૧)

तथा– **आत्मकृतस्य देहेन ॥६२॥१२०॥ इति ।**

यदि च देहाद् भिन्न एव आत्मेत्यभ्युपगमः तदा **आत्मकृतस्य** कुशलादकुशलद्वाऽनुष्ठानादात्मसमुपार्जितस्य शुभस्याशुभस्य च कर्मण इहामुत्र च **देहेन** कर्त्राऽ**नुपभोगः** अवेदनं प्रसज्यते, अन्यकृतत्वात् ॥६२॥

**આત્માને શરીરથી એકાંતે ભિન્ન માનવામાં આવે તો આત્માએ ઉપાર્જન કરેલા કર્મને દેહ ભોગવે નહીં.** જો આત્માને દેહથી એકાંતે ભિન્ન માનવામાં આવે તો શુભ કે અશુભ અનુષ્ઠાન દ્વારા આત્માએ ઉપાર્જન કરેલા શુભ કે અશુભ કર્મને આ ભવમાં કે ભવાંતરમાં શરીર ભોગવી શકે નહીં. કારણકે બીજાએ કરેલું છે. (૬૨)

यदि नामैवमापद्यते तथापि को दोष इत्याह–

**दृष्टेष्टबाधा ॥६३॥१२१॥ इति ।**

**दृष्टस्य** सर्वलोकप्रतीतस्य देहकृतस्यात्मना आत्मकृतस्य च देहेन यः सुखदुःखानुभवः तस्य **इष्टस्य** च शास्त्रसिद्धस्य **बाधा** अपह्नवः प्राप्नोति, तथाहि– दृश्यत एवात्मा देहकृताचौर्य - पारदार्याद्यनार्यकार्याच्चारकादौ चिरं शोक - विषादादीनि दुःखानि समुपलभमानः, शरीरं च तथाविधमनःसंक्षोभादापन्नज्वरादिजनितव्यथामनुभवदिति, न च दृष्टेष्टापलापिता युक्ता सताम्, नास्तिकलक्षणत्वात् तस्याः ॥६३॥

**જો આ પ્રમાણે (= શરીરે કરેલું કર્મ આત્મા ન ભોગવે અને આત્માએ કરેલું શરીર ન ભોગવે એમ) થાય તો પણ શો દોષ થાય તે કહે છે :-**

**દૃષ્ટ અને ઈષ્ટનો અપલાપ થાય.** દૃષ્ટ એટલે લોકમાં પ્રસિદ્ધ. ઈષ્ટ એટલે શાસ્ત્રથી સિદ્ધ. દેહે કરેલાં કર્મને આત્મા ભોગવે છે = સુખ - દુઃખ અનુભવે છે, અને આત્માએ કરેલા કર્મને શરીર ભોગવે છે એ બીજા સર્વલોકમાં પ્રતીત હોવાથી દૃષ્ટ છે, તથા એ બીના શાસ્ત્રથી સિદ્ધ હોવાથી ઈષ્ટ પણ છે. શરીરે કરલું કર્મ આત્મા ન ભોગવે અને આત્માએ કરેલું કર્મ શરીર ન ભોગવે એમ માનવાથી આ દૃષ્ટ અને ઈષ્ટનો અપલાપ થાય. આત્મા શરીરે કરેલા ચોરી, પરદારાગમન આદિ પાપ કાર્યોથી કેદખાના વગેરેમાં લાંબા કાળ સુધી શોક - વિષાદ વગેરે દુઃખોને પ્રાપ્ત કરતો દેખાય જ છે. તથા શરીર તેવા પ્રકારના મનના સંક્ષોભથી થયેલા તાવ વગેરેથી ઉત્પન્ન થયેલી પીડાને અનુભવે છે. દૃષ્ટ - ઈષ્ટનો અપલાપ કરવો એ સજ્જન માટે યોગ્ય નથી. દૃષ્ટ - ઈષ્ટનો અપલાપ કરવો એ નાસ્તિકનું લક્ષણ છે. (૬૩)

इत्थं सर्वथा नित्यमनित्यं च तथा देहाद् भिन्नमभिन्नं चात्मानमङ्गीकृत्य हिंसादीनामसम्भवमापाद्योपसंहरन्नाह–

**अतोऽन्यथैतत्सिद्धिरिति तत्त्ववादः ॥६४॥१२२। इति ।**

**अतः** एकान्तवादाद् **अन्यथा** नित्यानित्यादिस्वरूपे आत्मनि समभ्युपगम्यमाने एतत्सिद्धिः हिंसादिसिद्धिः, तत्सिद्धौ च तन्निबन्धना बन्धमोक्षसिद्धिः, **इति** एष **तत्त्ववादः** प्रतिज्ञायते, योऽतत्त्ववेदिना पुरुषेन वेदितुं न पार्यते इति ॥६४॥

**આ પ્રમાણે એકાંતે નિત્ય અને એકાંતે અનિત્ય,તથા એકાંતે દેહથી**

**ભિન્ન અને એકાંતે દેહથી અભિન્ન આત્માને માનવામાં હિંસાદિનો અસંભવ જણાવીને ઉપસંહાર કરતા ગ્રંથકાર કહે છે :-**

**એકાંતવાદથી બીજી રીતે હિંસાદિની સિદ્ધિ થાય એ તત્ત્વવાદ છે.** એકાંતવાદથી બીજી રીતે એટલે (અનેકાંતવાદથી) આત્માને નિત્યાનિત્યાદિ સ્વરૂપવાળો માનવામાં હિંસાદિની સિદ્ધિ થાય છે. હિંસાદિની સિદ્ધિ થતાં હિંસાદિના કારણે થનારા બંધ–મોક્ષની પણ સિદ્ધિ થાય છે. આ તાત્ત્વિક સિદ્ધાંત છે, એવી પ્રતિજ્ઞા કરવામાં આવે છે. આ તાત્ત્વિકસિદ્ધાંતને જાણવા માટે તત્ત્વને નહિ જાણનાર પુરુષ સમર્થ નથી. (૬૪)

एवं तत्त्ववादे निरूपिते किं कार्यमित्याह–

**परिणामपरीक्षा ॥६५॥१२३॥ इति ।**

**परिणामस्य** तत्त्ववादविषयज्ञान-श्रद्धानलक्षणस्य परीक्षा एकान्तवादारुचिसूचनवचनसंभाषणादिनोपायेन निर्णयनं विधेयम् ॥६५॥

**તાત્ત્વિકસિદ્ધાંતનું નિરૂપણ કર્યા પછી શું કરવું તે કહે છે :-**

**પરિણામની પરીક્ષા કરવી.** શ્રોતાને આ તાત્ત્વિક સિદ્ધાંત પરિણમ્યો છે કે નહીં તેની પરીક્ષા કરવી. તાત્ત્વિક સિદ્ધાંત પરિણમવો એટલે એની જ્ઞાનપૂર્વક શ્રદ્ધા થવી. પરીક્ષા કરવી એટલે એકાંતવાદ પ્રત્યે અરુચિના સૂચક વચન બોલવા ઇત્યાદિ ઉપાયોથી નિર્ણય કરવો, અર્થાત્ શ્રોતા એકાંતવાદ પ્રત્યે પોતાને અરુચિ હોય તેવા વચનો બોલતો હોય ઇત્યાદિથી તેને તાત્ત્વિક સિદ્ધાંત પરિણમી ગયો છે = તાત્ત્વિક સિદ્ધાંતની જ્ઞાનપૂર્વક શ્રદ્ધા થઇ ગઇ છે એવો નિર્ણય કરવો. (૬૫)

ततोऽपि किं कार्यमित्याह–

**शुद्धे बन्धभेदकथनम् ॥६६॥१२४॥ इति ।**

**शुद्धे** परमां शुद्धिमागते परिणामे **बन्धभेदकथनं बन्धभेदस्य** मूलप्रकृतिबन्धरूपस्याष्टविधस्य उत्तरप्रकृतिबन्धस्वभावस्य च सप्तनवतिप्रमाणस्य (५+९+२+२८+४२+४+२+५=९७) **कथनं** प्रज्ञापनं कार्यम्, बन्धशतकादिग्रन्थानुसारेणेति ॥६६॥

**પરિણામની પરીક્ષા કર્યા પછી પણ શું કરવું તે કહે છે :-**

**પરિણામ શુદ્ધ થઇ જાય ત્યારે બંધના ભેદો કહેવા.** (જ્ઞાનપૂર્વકની શ્રદ્ધારૂપ) પરિણામ અત્યંત શુદ્ધ થઇ જાય ત્યારે બંધશતક આદિ ગ્રંથના આધારે મૂલપ્રકૃતિબંધના આઠ ભેદો અને ઉત્તરપ્રકૃતિના સતાણું (૯૭) ભેદો જણાવવા. (૬૬)

तथा– **वरबोधिलाभप्ररूपणा ॥६७॥१२५॥ इति ।**

**वरस्य** तीर्थकरलक्षणफलकारणतया शेषबोधिलाभेभ्योऽतिशायिनो **बोधिलाभस्य प्ररूपणा** प्रज्ञापना, अथवा वरस्य द्रव्यबोधिलाभव्यतिरेकिणः पारमार्थिकस्य बोधिलाभस्य प्ररूपणा हेतुतः स्वरूपतः फलतश्चेति ॥६७॥

**વરબોધિલાભની પ્રરૂપણા કરવી.** વર એટલે શ્રેષ્ઠ. બોધિલાભ એટલે સમ્યક્ત્વની પ્રાપ્તિ. જે બોધિલાભ તીર્થંકર પદ રૂપ ફલનું કારણ બને તે બોધિલાભ તીર્થંકરપદ રૂપ ફલનું કારણ નહીં બનનારા અન્ય બોધિલાભોથી વિશેષતાવાળો હોવાથી શ્રેષ્ઠ બોધિલાભ છે. અથવા દ્રવ્યબોધિલાભ સિવાયનો પારમાર્થિક બોધિલાભ શ્રેષ્ઠ બોધિલાભ છે. આવા શ્રેષ્ઠ બોધિલાભની હેતુથી, સ્વરૂપથી અને ફલથી પ્રરૂપણા કરવી, અર્થાત્ કયા કારણોથી શ્રેષ્ઠબોધિલાભની પ્રાપ્તિ થાય, શ્રેષ્ઠબોધિલાભનું સ્વરૂપ શું છે, શ્રેષ્ઠબોધિલાભનું ફળ શું છે તે શ્રોતાને જણાવવું. (૬૭)

तत्र हेतुतस्तावदाह–

**तथाभव्यत्वादितोऽसौ ॥६८॥१२६॥ इति ।**

भव्यत्वं नाम सिद्धिगमनयोग्यत्वमनादिपारिणामिको भावः आत्मस्वतत्त्वमेव, **तथाभव्यत्वं** तु भव्यत्वमेव कालादिभेदेनात्मनां बीजसिद्धिभावात् नानारूपतामापन्नम्, आदिशब्दात् काल-नियति-कर्म-पुरुषपरिग्रहः, तत्र कालो विशिष्टपुद्गलपरावर्त्तोत्सर्पिण्यादिः तथाभव्यत्वस्य फलदानाभिमुख्यकारी, वसन्तादिवद् वनस्पतिविशेषस्य, कालसद्भावेऽपि न्यूनाधिकव्यपोहेन नियतकार्यकारिणी नियतिः, अपचीयमानसंक्लेशं नानाशुभाशयसंवेदनहेतुः कुशलानुबन्धि कर्म, समुचितपुण्यसंभारो महाकल्याणाशयः प्रधानपरिज्ञानवान् प्ररूप्यमाणार्थपरिज्ञानकुशलः पुरुषः, ततस्तथाभव्यत्वमादौ येषां ते तथा तेभ्यः, **असौ** वरबोधिलाभः प्रादुरस्ति, स्वरूपं च जीवादिपदार्थश्रद्धानमस्य ॥६८॥

**તેમાં પ્રથમ હેતુથી વરબોધિલાભની પ્રરૂપણા કરે છેઃ-**

**તથાભવ્યત્વ આદિથી વરબોધિનો લાભ થાય છે.** અહીં આદિ શબ્દથી કાળ, નિયતિ, કર્મ અને પુરુષ એ ચાર કારણો લેવા.

(૧) **તથાભવ્યત્વ :-** ભવ્યત્વ એટલે સિદ્ધિમાં જવાની યોગ્યતા. આ ભવ્યત્વ આત્માનો પારિણામિક ભાવ છે અને આત્માનું મૂળ સ્વરૂપ છે. ભિન્ન ભિન્ન સ્વરૂપવાળું ભવ્યત્વ જ તથાભવ્યત્વ છે. જીવનો જ્યારે વિકાસ શરૂ થાય છે ત્યારે પહેલાં ધર્મબીજોની પ્રાપ્તિ થાય છે, પછી સમ્યક્ત્વ અને ચારિત્રની પ્રાપ્તિ દ્વારા ક્રમે કરીને મુક્તિ થાય છે. અહીં મહત્ત્વની વાત એ છે કે- દરેક ભવ્યજીવમાં ભવ્યત્વ હોવા છતાં સર્વ જીવોને એકી સાથે ધર્મબીજોની પ્રાપ્તિ થતી નથી. ધર્મબીજોની પ્રાપ્તિમાં ભવ્યત્વ ઉપરાંત કાલ વગેરે સહકારી કારણોની હાજરી પણ જરૂરી છે. બધા જીવોને સહકારી કારણો એકી સાથે પ્રાપ્ત થતા નથી. બધા જીવોને સહકારી કારણો ભિન્ન ભિન્ન સમયે અને ભિન્ન ભિન્ન રીતે મળે છે. માટે દરેક જીવને કાલ વગેરેના ભેદથી ધર્મબીજોની પ્રાપ્તિ થાય છે. આથી દરેક જીવનું ભવ્યત્વ ભિન્ન ભિન્ન છે. દરેક જીવનું ભિન્ન ભિન્ન ભવ્યત્વ એ જ તથાભવ્યત્વ.

(૨) **કાળ :-** અહીં કાળ શબ્દથી પુદ્ગલ પરાવર્ત, ઉત્સર્પિણી આદિ વિશિષ્ટ કાળ સમજવો. આ કાળ તથાભવ્યત્વને ફલપ્રદાનની સન્મુખ કરે છે. જેમ કે વસંત વગેરે ઋતુઓ તે તે વનસ્પતિને ફલપ્રદાનની સન્મુખ કરે છે, અર્થાત્ તે તે વનસ્પતિ તે તે કાળમાં ફળવાળી બને છે, તે તે કાળ વિના ફળવાળી બનતી નથી, તેમ તે તે જીવનું તથાભવ્યત્વ તે તે કાળે ફળે છે. (કોઇ પણ જીવ ચરમાવર્તમાં જ સમ્યક્ત્વ પામે છે. એટલે ચરમાવર્ત સિવાયનો કાળ સમ્યક્ત્વમાં બાધક છે અને ચરમાવર્તકાળ સમ્યક્ત્વનું કારણ છે. એમ કાળ વરબોધિલાભનું કારણ છે.)

(૩) **નિયતિ :-** કાળ હોવા છતાં ન્યૂન - અધિકને દૂર કરીને નિયતિ નિયત રીતે જ કાર્ય કરે છે. ( જે કાર્ય જ્યારે અને જે રીતે થવાનું હોય તે કાર્ય ત્યારે અને તે જ રીતે થાય તે નિયતિ. આને ભવિતવ્યતા પણ કહેવામાં આવે છે. જે થવાનું હોય તે અવશ્ય થાય તે ભવિતવ્યતા. બીજા શબ્દોમાં કહીએ તો ભવિતવ્યતા એટલે ભાવીભાવ. જ્યાં કર્મ વગેરે કારણો અત્યંત ગૌણ હોય અને ચોક્કસ પ્રકારની પરિસ્થિતિ સર્જાય ત્યાં ભવિતવ્યતા મુખ્ય ભાગ ભજવે છે. જેમ કે નયસારને જંગલમાં સમ્યક્ત્વની પ્રાપ્તિ થઇ. અહીં એ પ્રશ્ન થાય કે કોઇ ગામમાં કે શહેરમાં

ઉપદેશ સાંભળતાં સમ્યક્ત્વની પ્રાપ્તિ ન થતાં જંગલમાં જ ઉપદેશ સાંભળતાં સમ્યક્ત્વની પ્રાપ્તિ કેમ થઇ ? આના ઉત્તરમાં કહેવું પડે કે નયસારની તેવી ભવિતવ્યતા હતી કે જંગલમાં જ ઉપદેશ સાંભળતાં સમ્યક્ત્વની પ્રાપ્તિ થાય.)

(૪) **કર્મ:-** જેમાં સંક્લેશનો હ્રાસ થતો હોય, જેનાથી વિવિધ શુભ પરિણામનું સંવેદન (= અનુભવ) થતું હોય, તેવું પુણ્યાનુબંધી પુણ્ય કર્મ સમ્યક્ત્વનું કારણ છે.

(૫) **પુરુષ :-** જેણે પુણ્યસમૂહ એકઠો કર્યો છે, જે મહાકલ્યાણ કરવાની તીવ્ર આકાંક્ષાવાળો છે, જે જીવાદિ મુખ્ય પદાર્થોના જ્ઞાનવાળો છે, જે વર્ણન કરાતા પદાર્થોને જાણવામાં કુશલ છે, એવો પુરુષ સમ્યક્ત્વનું કારણ છે.

(પ્રશ્ન :- અન્ય ગ્રંથોમાં પુરુષ શબ્દના સ્થાને પુરુષાર્થ આવે છે. પુરુષાર્થ એટલે પ્રયત્ન. તો અહીં પુરુષાર્થના બદલે પુરુષ કેમ કહ્યો ? ઉત્તર :- અહીં જેવા પ્રકારના પુરુષને જણાવ્યો છે તેવો જ પુરુષ સમ્યક્ત્વને પામવાનો પુરુષાર્થ કરે છે. એથી અહીં પુરુષાર્થના બદલે પુરુષનો ઉલ્લેખ કર્યો છે.)

**સ્વરૂપ :-** જીવાદિ પદાર્થોની શ્રદ્ધા એ વરબોધિનું સ્વરૂપ છે. (૬૮)

अथ फलत एनमेवाह–

**ग्रन्थिभेदे नात्यन्तसंक्लेशः ॥६९॥१२७॥ इति ।**

इह ग्रन्थिरिव ग्रन्थिः दृढो राग-द्वेषपरिणामः, तस्य **ग्रन्थेः भेदे** अपूर्वकरणवज्रसूच्या भेदे विदारणे सति लब्धशुद्धतत्त्वश्रद्धानसामर्थ्या**न्नात्यन्तं** न प्रागिवातिनिबिडतया **संक्लेशो** रागद्वेषपरिणामः प्रवर्तते, न हि लब्धवेधपरिणामो मणिः कथञ्चिन्मलापूरितरन्ध्रोऽपि प्रागवस्थां प्रतिपद्यत इति ॥६९॥

**હવે ફળથી વરબોધિલાભને જ કહે છે :-**

**ગ્રંથિભેદ થતાં અતિસંક્લેશ થતો નથી.** ગ્રંથિભેદનો માત્ર શબ્દાર્થ વિચારવામાં આવે તો ગ્રંથિ એટલે દોરી વગેરેની ગાંઠ. પણ અહીં ગ્રંથિ એટલે રાગ - દ્વેષનો તીવ્ર પરિણામ. રાગ - દ્વેષનો તીવ્ર પરિણામ ગૂઢ ગાંઠ જેવો છે. જેમ ગૂઢ ગાંઠ છોડવી મુશ્કેલ છે, તેમ આ રાગ - દ્વેષનો પરિણામ ભેદવો મુશ્કેલ છે. આમ રાગ - દ્વેષનો તીવ્ર પરિણામ ગ્રંથિ (= ગાંઠ) જેવો હોવાથી શાસ્ત્રમાં એ પરિણામ ગ્રંથિ તરીકે ઓળખાય છે. અપૂર્વકરણરૂપ વજ્રની સોયથી એ ગ્રંથિ ભેદાઇ જતાં

જીવને તત્ત્વશ્રદ્ધા રૂપ શુદ્ધ સમ્યક્ત્વનો લાભ થાય છે. એ શુદ્ધ સમ્યક્ત્વના સામર્થ્યથી જીવને પૂર્વના જેવો (= ગ્રંથિભેદ થયા પહેલાં જેવો હતો તેવો) અતિગાઢ સંક્લેશ (= રાગ - દ્વેષ) થતો નથી.

પ્રશ્ન :- સમ્યક્ત્વની હાજરીમાં અતિગાઢ સંક્લેશ ન થાય, પણ સમ્યક્ત્વ ચાલ્યું જાય = સમ્યક્ત્વની હાજરી ન હોય ત્યારે તો પૂર્વના જેવો અતિગાઢ સંક્લેશ થાય ને ? ઉત્તર :- ના. સમ્યક્ત્વ ચાલ્યું જાય તો પણ ગ્રંથિભેદ થયા પછી ક્યારેય પૂર્વના જેવો અતિગાઢ સંક્લેશ થતો નથી. મણિમાં એકવાર વેધ (= છિદ્ર) થઇ જાય પછી કોઇ કારણસર મેલથી સંપૂર્ણ છિદ્ર પૂરાઇ જાય તો પણ તે મણિની વેધ થયા પહેલાં જેવી અવસ્થા હતી તેવી અવસ્થા થતી નથી. તે પ્રમાણે ગ્રંથિભેદ થયા પછી જીવને ક્યારેય અતિગાઢ સંક્લેશ થતો જ નથી. (૬૯)

एतदपि कुत इत्याह–

## न भूयस्तद्बन्धनम् ॥७०॥१२८॥ इति ।

यतो **न भूयः** पुनरपि **तस्य ग्रन्थेर्बन्धनं** निष्पादनं भेदे सति संपद्यते इति, किमुक्तं भवति? यावती ग्रन्थिभेदकाले सर्वकर्मणामायुर्वर्जानां स्थितिरन्तः-सागरोपमकोटीकोटिलक्षणाऽवशिष्यते तावत्प्रमाणामेवासौ समुपलब्धसम्यग्दर्शनो जीवः कथञ्चित् सम्यक्त्वापगमात् तीव्रायामपि तथाविधसंक्लेशप्राप्तौ बध्नाति, न पुनस्तं बन्धेनातिक्रामतीति ॥७०॥

**ગ્રંથિભેદ થયા પછી અતિસંક્લેશ ન થવાનું શું કારણ છે તે જણાવે છે :-**

**ફરી તે ગ્રંથિ બંધાતી નથી.** ગ્રંથિભેદ થયા પછી અતિસંક્લેશ ન થવાનું કારણ એ છે કે ફરી તે ગ્રંથિ બંધાતી નથી. અહીં ભાવાર્થ આ પ્રમાણે છે :- ગ્રંથિભેદ થાય ત્યારે આયુષ્ય સિવાય સર્વ (સાત) કર્મની સ્થિતિ અંતકોડાકોડિ જેટલી બાકી રહે છે. સમ્યક્ત્વને પામ્યા પછી કોઇ પણ કારણથી કોઇ જીવનું સમ્યક્ત્વ ચાલ્યું જાય અને તેથી તે જીવને તેવા પ્રકારનો તીવ્ર સંક્લેશ થાય તો પણ તે જીવ કર્મસ્થિતિ તેટલી જ (= અંતઃકોડાકોડિ સાગરોપમ જેટલી જ) બાંધે છે, પણ તેનાથી અધિક બાંધતો નથી. (જીવે એકવાર રાગ - દ્વેષના તીવ્ર પરિણામરૂપ ગ્રંથિને ભેદી અર્થાત્ છોડી, એટલે પછી ક્યારેય તેવો તીવ્ર રાગ - દ્વેષ પરિણામ થતો નથી. આનો અર્થ એ થયો કે ફરી તે ગ્રંથિ બંધાતી નથી. એના કારણે અંતકોડાકોડિ સાગરોપમ

પ્રમાણથી અધિક કર્મસ્થિતિ ક્યારેય બંધાતી નથી. દીર્ઘ કર્મસ્થિતિનું કારણ તીવ્ર સંક્લેશ છે. એટલે એકવાર સમ્યક્ત્વની પ્રાપ્તિ થયા પછી સમ્યક્ત્વ ચાલ્યું જાય તો પણ કર્મસ્થિતિ દીર્ઘ બંધાતી નથી, એ જ સૂચવે છે કે તીવ્ર સંક્લેશ થતો નથી.) (૭૦)

तथा– **असत्यपाये न दुर्गतिः ॥७१॥१२९॥ इति ।**

**असति** अविद्यमाने **अपाये** विनाशे सम्यग्दर्शनस्य परिशुद्धभव्यत्व-परिपाकसामर्थ्यान्मतिभेदादिकारणानवाप्तौ **न** नैव दुर्गतिः कुदेवत्व-कुमानुषत्व-तिर्यक्त्व-नारकत्वप्राप्तिः संपद्यते, किन्तु सुदेवत्व-सुमानुषत्वे एव स्याताम्, अन्यत्र पूर्वबद्धायुष्केभ्य इति ॥७१॥

**સમ્યગ્દર્શનનો નાશ ન થાય તો દુર્ગતિ ન થાય.** ભવ્યત્વના પરિશુદ્ધ પરિપાકના સામર્થ્યથી સમ્યક્ત્વનાશના મતિભેદ આદિ કારણો પ્રાપ્ત ન થવાના કારણે એ સમ્યગ્દર્શનનો નાશ ન થાય તો જીવને કુદેવભવ, કુમનુષ્યભવ, તિર્યંચભવ અને નારકભવની પ્રાપ્તિ રૂપ દુર્ગતિ થતી જ નથી. કિંતુ સુદેવભવ અને સુમનુષ્યભવરૂપ સદ્ગતિની જ પ્રાપ્તિ થાય છે. અહીં એક અપવાદ છે. તે આ પ્રમાણે :- સમ્યક્ત્વપ્રાપ્તિની પૂર્વે આયુષ્ય ન બાંધ્યુ હોય તેવા જીવો સિવાય આ નિયમ છે. (સમ્યક્ત્વપ્રાપ્તિની પૂર્વે દુર્ગતિનું આયુષ્ય બાંધી દીધું હોય તો સમ્યક્ત્વની હાજરીમાં પણ જીવ દુર્ગતિમાં જાય એવું બને. આનો સાર એ આવ્યો કે જો જીવ સમ્યક્ત્વની હાજરીમાં આયુષ્ય બાંધે તો નિયમા સુદેવગતિનું કે સુમનુષ્યગતિનું જ આયુષ્ય બાંધે.) (૭૧)

तथा– **विशुद्धेश्चारित्रम् ॥७२॥१३०॥ इति ।**

**विशुद्धेः** परिशुद्धनिःशङ्कितत्त्वादिदर्शनाचारवारिपूरप्रक्षालित-शङ्कादिपङ्ककलङ्कतया प्रकर्षप्राप्तिलक्षणायाः सम्यग्दर्शनसत्कायाः सकाशात्, किमित्याह- **चारित्रं** सर्वसावद्ययोगपरिहार-निरवद्ययोगसमाचाररूपं संपद्यते, शुद्धसम्यक्त्वस्यैव चारित्ररूपत्वात्, यथा **चाचारसूत्रम्** -

जं मोणं ति पासहा तं सम्मं ति पासहा।

जं सम्मं ति पासहा तं मोणं ति पासह •॥९७॥
( आचा० १/५/३ सू० १६१) त्ति ॥७२॥

**સમ્યગ્દર્શનની વિશુદ્ધિથી ચારિત્ર પ્રાપ્ત થાય છે.** શંકાનો અભાવ વગેરે વિશુદ્ધ દર્શનાચારરૂપી પાણીના પૂરથી શંકા આદિ (અતિચાર)રૂપ કાદવ ધોવાઇ જવાથી થયેલી સમ્યગ્દર્શનની અતિશય વિશુદ્ધિથી સર્વસાવદ્યયોગનો ત્યાગ અને નિરવદ્યયોગનું સમ્યગ્ આચરણરૂપ ચારિત્ર પ્રાપ્ત થાય છે. કારણકે શુદ્ધ સમ્યક્ત્વ જ ચારિત્રરૂપ છે. આચારાંગ સૂત્રમાં કહ્યું છે કે - "તમે જે મુનિપણાને જુઓ છો તે જ સમ્યક્ત્વ છે એમ જુઓ, તથા જે સમ્યક્ત્વને જુઓ છો તે જ મુનિપણું છે એમ જુઓ." (આચા. ૧/૫/૩/૧૬૧) (૭૨)

तथा– **भावनातो रागादिक्षयः ॥७३॥१३१॥ इति ।**

भाव्यन्ते मुमुक्षुभिरभ्यस्यन्ते निरन्तरमेता इति भावनाः, ताश्चानित्यत्वाऽशरणत्वादयो द्वादश, यथोक्तम्–

भावयितव्यमनित्यत्वमशरणत्वं तथैकतान्यत्वे ।
अशुचित्वं संसारः कर्माश्रवसंवरविधिश्च ॥९८॥
निर्जरण-लोकविस्तर-धर्मस्वाख्यात-तत्त्वचिन्ताश्च ।
बोधेः सुदुर्लभत्वं च भावना द्वादश विशुद्धाः ॥९९॥ (प्रशम. १४९ - १५०)

ताभ्यो **रागादिक्षयः** राग-द्वेष-मोहमलप्रलयः संजायते, सम्यक्चिकित्साया इव वात-पित्तादिरोगापगमः प्रचण्डपवनाद्वा यथा मेघमण्डलविघटनम्, रागादिप्रतिपक्षभूतत्वाद् भावनानामिति ॥७३॥

**ભાવનાથી રાગાદિ દોષોનો ક્ષય થાય છે.** જે ભાવવામાં આવે એટલે કે મુમુક્ષુઓ વડે જેનો નિરંતર અભ્યાસ કરાય તે ભાવના. તે ભાવનાઓ અનિત્યતા,

• जं मोणं ति पासहा तं सम्मं ति पासहा। जं सम्मं ति पासहा तं मोणं ति पासहा" इति आचाराङ्गसूत्रे प्रथमे श्रुतस्कन्धे पञ्चमेऽध्ययने तृतीय उद्देशके पाठः सू० १६१॥ "जं सम्मं ति पासह इत्यादि, सम्यगिति सम्यग्ज्ञानं सम्यक्त्वं वा तत्सहचरितम्, अनयोः सहभावादेकग्रहणे द्वितीयग्रहणं न्याय्यम्, यदिदं सम्यग्ज्ञानं सम्यक्त्वं वेत्येतत् पश्यत तद् मुनेर्भावो मौनं संयमानुष्ठानमित्येतत् पश्यत, यच्च मौनमित्येतत् पश्यत तत् सम्यग्ज्ञानं नैश्चयिकसम्यक्त्वं वा पश्यत, ज्ञानस्य विरतिफलत्वात् सम्यक्त्वस्य चाभिव्यक्तिकारणत्वात् सम्यक्त्व-ज्ञान-चरणानामेकताऽध्यवसेयेति भावार्थः" इति शीलाङ्काचार्यविरचितायाम् आचाराङ्गसूत्रवृत्तौ ॥

અશરણતા વગેરે બાર છે. કહ્યું છે કે (પ્ર. ૨. ગા. ૧૪૯ -૧૫૦) ''અનિત્ય, અશરણ, એકત્વ, અન્યત્વ, અશુચિ, સંસાર, આશ્રવ, સંવર, નિર્જરા, લોક, ધર્મસ્વાખ્યાત, બોધિદુર્લભ એ બાર શુભ ભાવનાઓનું ચિંતન કરવું જોઈએ.'' આ ભાવનાઓથી રાગ - દ્વેષ - મોહરૂપ મળનો નાશ થાય છે. જેવી રીતે સારી રીતે કરેલી ચિકિત્સાથી વાત - પિત્ત વગેરે રોગો દૂર થાય છે, અથવા પ્રચંડ પવનથી વાદળાઓનો સમૂહ વિખરાઈ જાય છે, તેવી રીતે ભાવનાઓથી રાગ વગેરે દોષોનો ક્ષય થાય છે. કારણકે ભાવનાઓ રાગાદિદોષોની સાથે વિરોધવાળી છે. (૭૩)

ततोऽपि किमित्याह–

**तद्भावेऽपवर्गः ॥७४॥१३२॥ इति ।**

**तस्य** रागादिक्षयस्य **भावे** सकललोकालोकविलोकनशालिनोः केवलज्ञान-दर्शनयोः लब्धौ सत्यां निस्तीर्णभवार्णवस्य सतो जन्तोः **अपवर्ग** उक्तनिरुक्त उद्भवतीति ॥७४॥

**રાગાદિનો ક્ષય થયા પછી શું થાય છે તે કહે છે :-**

**રાગાદિનો ક્ષય થતાં અપવર્ગ થાય છે.** રાગાદિ દોષોનો ક્ષય થતાં સંપૂર્ણ લોક અને અલોકને જોવાના સ્વભાવવાળા કેવલજ્ઞાન અને કેવલદર્શનની પ્રાપ્તિ થાય છે. એ બેની પ્રાપ્તિ થતાં જીવ સંસારરૂપ સમુદ્રના પારને પામીને અપવર્ગને (=મોક્ષને) પામે છે. અપવર્ગ શબ્દનો શબ્દની વ્યુત્પત્તિથી થતો અર્થ પૂર્વે (પહેલા અધ્યાયની બીજી ગાથામાં) કહી દીધો છે. (૭૪)

किंलक्षण इत्याह–

**स आत्यन्तिको दुःखविगम इति ॥७५॥१३३॥ इति ।**

**सः** अपवर्गः **अत्यन्तं** सकलदुःखशक्तिनिर्मूलनेन भवतीति आत्यन्तिको **दुःखविगमः** सर्वशारीर-मानसाशर्मविरहः सर्वजीवलोकासाधारणानन्दानुभवश्चेति ॥७५॥

**અપવર્ગનું (=મોક્ષનું) સ્વરૂપ કેવું છે તે કહે છે :-**

**અપવર્ગ આત્યંતિક દુઃખવિરહ સ્વરૂપ છે.** અપવર્ગમાં સકલ શારીરિક - માનસિક દુઃખોની શક્તિનો નિર્મૂલ નાશ થાય છે, માટે અપવર્ગમાં થતો દુઃખવિરહ આત્યંતિક કહેવાય છે. અપવર્ગમાં આત્યંતિક દુઃખવિરહની સાથે સંસારમાં રહેલા જીવો ન અનુભવી શકે તેવા અસાધારણ આનંદની અનુભૂતિ પણ થાય છે.

(આનાથી એ સૂચવ્યું કે મોક્ષ કેવળ દુઃખાભાવ સ્વરૂપ નથી, પણ સુખસ્વરૂપ પણ છે.) (૭૫)

इत्थं देशनाविधिं प्रपञ्च्योपसंहरन्नाह–

**एवं संवेगकृद्धर्म आख्येयो मुनिना परः।**
**यथाबोधं हि शुश्रूषोर्भावितेन महात्मना ॥४॥ इति ।**

**एवम्** उक्तन्यायेन **संवेगकृत्** संवेगकारी देशनार्हप्राणिनः, संवेगलक्षणं चेदम् -
तथ्ये धर्मे ध्वस्तहिंसाप्रबन्धे देवे राग-द्वेष-मोहादिमुक्ते।
साधौ सर्वग्रन्थसंदर्भहीने संवेगोऽसौ निश्चलो योऽनुरागः ॥१००॥ (        ) इति।
**धर्म** उक्तलक्षणः **आख्येयः** प्रज्ञापनीयो **मुनिना** गीतार्थेन साधुना, अन्यस्य धर्ममुपदेष्टुमनधिकारित्वात्, यथोक्तं **निशीथे** -
संसारदुक्खमहणो विबोहओ भवियपुंडरीयाणं।
धम्मो जिणपन्नत्तो पकप्पजइणा कहेयव्वो ॥१०१॥ (बृहत्कल्पभाष्ये गा० ११३५)
**प्रकल्पयतिना** इति अधीत**निशीथाध्ययनेनेति** । **परः** शेषतीर्थान्तरीयधर्मातिशायितया प्रकृष्टः, कथमाख्येय इत्याह– **यथाबोधं हीति** यथावबोधमेव, अनवबोधे धर्माख्यानस्योन्मार्गदेशनारूपत्वेन प्रत्युतानर्थसंभवात्, पठन्ति च– न ह्यन्धेनान्धः समाकृष्यमाणः सम्यगध्वानं प्रतिपाद्यते (       ) इति। कीदृशस्य सत इत्याह - **शुश्रूषोः** श्रोतुमुपस्थितस्य, कीदृशेन मुनिनेत्याह– **भावितेन** आख्यायमानधर्मप्रतिबद्धवासनावासितेन, भावाद् भावप्रसूतिः (                    ) इति वचनात्, भाविताख्यानस्य श्रोतुः तथाविधश्रद्धानादिनिबन्धनत्वात्, पुनरपि कीदृशेनेत्याह– **महात्मना**, तदनुग्रहैकपरायणतया **महान्** प्रशस्य आत्मा यस्य स तथा तेनेति ॥४॥

**આ પ્રમાણે દેશનાવિધિનો વિસ્તારથી વર્ણન કરીને હવે ઉપસંહાર કરતા ગ્રંથકાર કહે છેઃ-**

આ પ્રમાણે ભાવિત અને મહાત્મા એવા મુનિએ સાંભળવાની ઈચ્છાવાળા શ્રોતાને સંવેગકારી અને પ્રકૃષ્ટ ધર્મ પોતાના બોધ પ્રમાણે જ કહેવો જોઈએ. આ પ્રમાણે એટલે આ અધ્યાયમાં અહીં સુધી કહ્યું એ પ્રમાણે. ભાવિત એટલે જે ધર્મનું વ્યાખ્યાન થઈ રહ્યું છે તે ધર્મની વાસનાથી (= સંસ્કારથી) વાસિત. અર્થાત્ વક્તા જે ધર્મનું વ્યાખ્યાન કરતો હોય તે ધર્મથી પોતે ભાવિત હોવો જોઈએ. આનું કારણ

એ છે કે વક્તા ભાવિત ન હોય તો શ્રોતા ઉપર તેની અસર ન થાય. કારણ કે ''ભાવથી ભાવ પ્રગટે'' એ વચનથી ભાવિતધર્મોપદેશવાળો વક્તા શ્રોતામાં તેવા પ્રકારની શ્રદ્ધા વગેરે ગુણોની ઉત્પત્તિ થવામાં કારણ બને.

અહીં મુનિનું મહાત્મા એવું બીજું વિશેષણ છે. જેનો આત્મા મહાન - શ્રેષ્ઠ હોય તે મહાત્મા કહેવાય. આત્મા મહાન અનેક રીતે હોઈ શકે છે. પણ અહીં ''કેવલ શ્રોતાના અનુગ્રહમાં જ તત્પર હોવાના કારણે'' મહાત્મા એવું વિશેષણ છે. તથા અહીં મુનિ શબ્દથી સામાન્ય મુનિ નહિ, કિંતુ ગીતાર્થ મુનિ સમજવા. કારણ કે અગીતાર્થ મુનિને ધર્મનો ઉપદેશ આપવાનો અધિકાર નથી. આ વિષે નિશીથસૂત્રમાં કહ્યું છે કે - **''જિનેશ્વરોએ કહેલો ધર્મ સંસારના દુ:ખોનો નાશ કરે છે, અને ભવ્યજીવોરૂપી કમલોનો સમ્યગ્દર્શનાદિ રૂપ વિકાશ કરે છે. આવા ધર્મનો ઉપદેશ ''પ્રકલ્પયતિએ'' આપવો જોઈએ''**. (બૃ.ક.ભા.ગા.૧૧૩૫) અહીં પ્રકલ્પયતિ એટલે નિશીથસૂત્રનું અધ્યયન જેમણે કરી લીધું છે એવા મુનિ. (જેમણે નિશીથસૂત્રનું અધ્યયન કરી લીધું હોય તે મુનિ ગીતાર્થ કહેવાય.)

અહીં કોને ઉપદેશ આપવો? એ પ્રશ્નના જવાબમાં કહ્યું છે કે સાંભળવાની ઈચ્છાવાળા શ્રોતાને, એટલે કે જે શ્રોતા સાંભળવાની ઈચ્છાથી સાંભળવા માટે ઉપસ્થિત થયો હોય તેને.

અહીં ધર્મના સંવેગકારી અને અને પ્રકૃષ્ટ એવા બે વિશેષણો છે. તેમાં સંવેગકારી ધર્મ એટલે સંવેગને ઉત્પન્ન કરે તેવો ધર્મ. સંવેગનું લક્ષણ આ પ્રમાણે છે : - **''હિંસાનાં કાર્યોથી રહિત હોય તેવા સત્ય ધર્મમાં, રાગ-દ્વેષ-મોહ વગેરે દોષોથી રહિત દેવમાં અને સર્વ પ્રકારના પરિગ્રહના સંગથી રહિત સાધુમાં સ્થિર અનુરાગ તે સંવેગ.''** ધર્મોપદેશકે એવી રીતે ઉપદેશ આપવો જોઈએ કે જેથી ઉપદેશને યોગ્ય જીવને આવો સંવેગ ઉત્પન્ન થાય. ધર્મનું બીજું વિશેષણ ''પ્રકૃષ્ટ છે. અહીં પ્રકૃષ્ટ ધર્મ એટલે અન્ય દર્શનોના ધર્મથી ચઢિયાતો ધર્મ. ધર્મનું લક્ષણ પૂર્વે (પહેલા અધ્યાયના ત્રીજા શ્લોકની ટીકામાં) કહી દીધું છે. ધર્મ કેવી રીતે કહેવો જોઈએ એ પ્રશ્નના ઉત્તરમાં અહીં જણાવ્યું કે પોતાના બોધ પ્રમાણે જ ધર્મ કહેવો જોઈએ. કારણ કે બોધ વિના કરેલો ધર્મોપદેશ ઉન્માર્ગના ઉપદેશ સ્વરૂપ હોવાથી તેવા ઉપદેશથી લાભના બદલે ઉલટું નુકશાન થાય. આ વિષે કહ્યું છે કે - **''અંધ વડે દોરાતા અંધને સાચો રસ્તો મળતો નથી.''** (૪)

आह- धर्माख्यानेऽपि यदि तथाविधकर्मदोषान्नावबोधः श्रोतुरुत्पद्यते तदा किंफलं धर्माख्यानमित्याह–

**अबोधेऽपि फलं प्रोक्तं श्रोतृणां मुनिसत्तमैः।**
**कथकस्य विधानेन नियमाच्छुद्धचेतसः ॥५॥ इति ।**

**अबोधेऽपि** अनवगमेऽपि सम्यग्धर्मस्य **फलं** क्लिष्टकर्मनिर्जरालक्षणं **प्रोक्तम्,** केषामनवबोधे इत्याह- **श्रोतृणां** श्रावकाणाम्, कैरुक्तमित्याह– **मुनिसत्तमै**र्भगवद्भिरर्हद्भिः, **कथकस्य** धर्मदेशकस्य साधो**र्विधानेन** बाल - मध्यमबुद्धि - बुधरूपश्रोतृजनापेक्षालक्षणेन **नियमाद्** अवश्यंतया, कीदृशस्य कथकस्येत्याह– **शुद्धचेतसः** परानुग्रहप्रवृत्तिपरिणामस्येति ॥५॥

**ધર્મોપદેશ આપવા છતાં જો તેવા પ્રકારના કર્મના દોષથી શ્રોતાને બોધ ન થાય તો ધર્મોપદેશનું ફળ શું? તે જણાવે છે :-**

સાંભળનારાઓને સુધર્મનો બોધ ન થાય તો પણ (शुद्धचेतसः=) પરોપકાર વાળી પ્રવૃત્તિ કરવાના પરિણામવાળા અને (विधानेन कथकस्य =) વિધિથી ઉપદેશ આપનારા, અર્થાત્ બાલ, મધ્યમબુદ્ધિ અને બુધ એમ ત્રણ પ્રકારના શ્રોતા પુરુષોમાં જેને જેવો ઉપદેશ આપવો યોગ્ય હોય તેને તેવો ઉપદેશ આપનારા, સાધુને ક્લિષ્ટકર્મોની નિર્જરારૂપ ફલ અવશ્ય મળે છે એમ અરિહંત ભગવંતોએ કહ્યું છે. (૫)

आह- प्रकारान्तरेणापि देशनाफलस्य संभाव्यमानत्वादलमिहैव यत्नेनेत्याशङ्क्याह-

**नोपकारो जगत्यस्मिंस्तादृशो विद्यते क्वचित् ।**
**यादृशी दुःखविच्छेदाद् देहिनां धर्मदेशना ॥६॥**

**नैव उपकारः** अनुग्रहो **जगति** भुवने **अस्मिन्** उपलभ्यमाने **तादृशो विद्यते** समस्ति **क्वचित्** काले क्षेत्रे वा यादृशी यादृग्रूपा **दुःखविच्छेदात्** शारीर - मानसदुःखापनयनात् **देहिनां** देशनार्हाणां **धर्मदेशनेति** धर्मदेशनाजनितो मार्गश्रद्धानादिर्गुणः, तस्य निःशेषक्लेशलेशाकलङ्कमोक्षाक्षेपं प्रत्यवन्ध्यकारणत्वादिति ॥६॥

**દેશનાનું (ક્લિષ્ટ કમોની નિર્જરારૂપ) ફલ બીજી રીતે પણ મળી શકે તેમ હોવાથી કેવળ ધર્મદેશનામાં જ પ્રયત્ન કરવાથી સર્યું, અર્થાત્ કેવલ ધર્મ - દેશનામાં**

**જ પ્રયત્ન શા માટે કરવો? આવી આશંકા કરીને ગ્રંથકાર તેનો ઉત્તર કહે છેઃ**- દેખાતા આ જગતમાં કોઈ કાળે કે કોઈ ક્ષેત્રમાં દેશનાને યોગ્ય જીવો ઉપર ધર્મદેશના જેવો બીજો કોઈ ઉપકાર કરી શકાતો નથી. કારણ કે તેનાથી જીવોના શારીરિક અને માનસિક દુઃખો દૂર થાય છે. અહીં ધર્મદેશના • શબ્દથી ધર્મદેશનાથી ઉત્પન્ન કરાયેલા મોક્ષમાર્ગની શ્રદ્ધા વગેરે ગુણો સમજવા. કારણ કે એ ગુણો સઘળા ક્લેશોના લેશથી પણ અકલંકિત એવા મોક્ષને ખેંચી લાવવાનું અવંધ્ય કારણ છે. (૬)

इति श्री**मुनिचन्द्रसूरि**विरचितायां **धर्मबिन्दुवृत्तौ देशनाविधि**र्नाम द्वितीयोऽध्यायः समाप्तः ॥२॥

આ પ્રમાણે ધર્મબિંદુની શ્રીમુનિચંદ્રસૂરિવિરચિત ટીકામાં **"દેશના વિધિ"** નામનો બીજો અધ્યાય પૂર્ણ થયો.

— ■ —

• શ્રદ્ધા વગેરે ગુણો ઉત્પન્ન કરવા એ જ મુખ્ય ઉપકાર છે. પણ એ ગુણો ધર્મદેશનાથી ઉત્પન્ન કરી શકાય છે. આથી ધર્મદેશના ઉપકારનું કારણ છે. માટે કારણમાં કાર્યના ઉપચારથી ધર્મદેશના પણ ઉપકાર છે. આ સ્પષ્ટતા કરવા માટે અહીં કહ્યું કે - ''ધર્મદેશનાશબ્દથી ધર્મદેશનાથી ઉત્પન્ન કરાયેલા મોક્ષમાર્ગની શ્રદ્ધા વગેરે ગુણો સમજવા.''

# अथ तृतीयोऽध्यायः ।

व्याख्यातो द्वितीयोऽध्यायः, अथ तृतीय आरभ्यते, तस्य चेदमादिसूत्रम्-

**सद्धर्मश्रवणादेवं नरो विगतकल्मषः।**

**ज्ञाततत्त्वो महासत्त्वः परं संवेगमागतः ॥१॥ इति ।**

**सद्धर्मश्रवणात्** पारमार्थिकधर्माकर्णनात् **एवम्** उक्तनीत्या **नरः** श्रोता पुमान् **विगतकल्मषः** व्यावृत्ततत्त्वप्रतिपत्तिबाधकमिथ्यात्वमोहादिमालिन्यः सन्, अत एव **ज्ञाततत्त्वः** करकमलतलकलितनिस्तलस्थूलामलमुक्ताफलवच्छास्त्रलोचनबलेनालोकितसकलजीवादिवस्तुवादः, तथा **महत्** शुद्धश्रद्धानोन्मीलनेन प्रशस्यं **सत्त्वं** पराक्रमो यस्य स तथा, **परं** प्रकृष्टं **संवेगम्** उक्तलक्षण**मागतः** अवतीर्णः सन् किं करोतीत्याह-

**બીજા અધ્યાયનું વ્યાખ્યાન કર્યું. હવે ત્રીજો અધ્યાય શરૂ કરવામાં આવે છે. તેનું પહેલું સૂત્ર આ છે :-**

કહેલી વિધિ પ્રમાણે પારમાર્થિક ધર્મના શ્રવણથી શ્રોતા પુરુષ તત્ત્વના બોધમાં બાધક મિથ્યાત્વમોહ આદિ મલિનતાથી રહિત બને છે. એથી જ એણે સકલ જીવાદિ વસ્તુનું સ્વરૂપ શાસ્ત્ર રૂપી ચક્ષુના બળથી હાથરૂપી કમળના તળિયામાં રહેલ ગોળ, નિર્મલ અને મોટા મોતીની જેમ જોઈ લીધું છે. તેનું પરાક્રમ શુદ્ધ શ્રદ્ધા પ્રગટવાના કારણે (महत्) પ્રશંસનીય બને છે, અને તે • સંવેગને પામે છે. (૧)

**धर्मोपादेयतां ज्ञात्वा संजातेच्छोऽत्र भावतः।**

**दृढं स्वशक्तिमालोच्य ग्रहणे संप्रवर्त्तते ॥२॥ इति ।**

**धर्मोपादेयताम्** एक एव सुहृद् धर्मो मृतमप्यनुयाति यः।
शरीरेण समं नाशं सर्वमन्यत् तु गच्छति ॥१०२॥ (यो. स. ५९) इत्यादिवचनात् धर्मोपादेयभावं **ज्ञात्वा** अवगम्य **संजातेच्छः** लब्धचिकीर्षापरिणामः **अत्र** धर्मे **दृढम्** अतिसूक्ष्माभोगेन **स्वशक्तिं** स्वसामर्थ्य**मालोच्य** विमृश्य **ग्रहणे** वक्ष्यमाण-योगवन्दनादिशुद्धिविधिना प्रतिपत्तावस्यैव धर्मस्य **संप्रवर्त्तते** सम्यक्प्रवृत्तिमाधत्ते, अदृढालोचने हि अयथाशक्ति धर्मग्रहणप्रवृत्तौ भङ्गसंभवेन प्रत्युतानर्थभाव इति दृढग्रहणं कृतमिति॥२॥

**આવો તે જીવ શું કરે છે તે કહે છે :-**

• સંવેગનું લક્ષણ બીજા અધ્યાયની ચોથી ગાથામાં કહેલ છે.

આવો તે જીવ ધર્મ જ ઉપાદેય છે એમ જાણીને ભાવથી ધર્મને કરવાની ઈચ્છાના પરિણામવાળો બને છે. એથી અતિસૂક્ષ્મ ઉપયોગથી પોતાની શક્તિને વિચારીને હવે કહેવાશે તે વંદનાદિની શુદ્ધિ રૂપ વિધિથી ધર્મને જ સ્વીકારવામાં સમ્યક્ પ્રવૃત્તિ કરે છે.

જો અતિસૂક્ષ્મ ઉપયોગથી પોતાની શક્તિને વિચારવામાં ન આવે તો જેટલી શક્તિ હોય તેનાથી અધિક ધર્મને સ્વીકારવાની પ્રવૃત્તિ કરે એવું બને અને એથી ધર્મનો ભંગ થાય એવું પણ બને. આમ થાય તો લાભ થવાના બદલે નુકશાન થાય. માટે અહીં અતિસૂક્ષ્મ ઉપયોગથી શક્તિને વિચારવાનું કહ્યું.

પ્રશ્ન : તે જીવ ''ધર્મ જ ઉપાદેય છે'' એમ કેવી રીતે જાણે? ઉત્તર :- ''એક ધર્મ જ એવો મિત્ર છે કે જે મરેલા પણ જીવની પાછળ પાછળ જાય છે. બાકી બધું ય શરીરની સાથે નાશ પામે છે.'' ( યો. સ. ૫૯) ઈત્યાદિ વચનથી તે જીવ ધર્મ જ ઉપાદેય છે એમ જાણે છે. (૨)

ननु किमर्थमस्यैव धर्मग्रहणसंप्रवृत्तिर्भण्यते इत्याह–

**योग्यो ह्येवंविधः प्रोक्तो जिनैः परहितोद्यतैः।**

**फलसाधनभावेन नातोऽन्यः परमार्थतः ॥३॥ इति ।**

**योग्यो** अर्हो भव्य इति योऽर्थः हिर्यस्माद् **एवंविधः 'सद्धर्मश्रवणात्'** इत्यादिग्रन्थोक्तविशेषणयुक्तः पुमान् धर्मप्रतिपत्तेः **प्रोक्तः**, कैरित्याह- **जिनैः** अर्हद्भिः **परहितोद्यतैः** सकलजीवलोककुशलाधानधनैः, केन कारणेनेत्याह **फलसाधनभावेन** योग्यस्यैव धर्मग्रहणफलं प्रति साधकभावोपपत्तेः, व्यतिरेकमाह- **न** नैव **अतः** धर्मग्रहीतुः **अन्यः** पूर्वश्लोकद्वयोक्तविशेषणविकलः **परमार्थतः** तत्त्ववृत्त्या योग्य इति॥३॥

**"આવો જ જીવ ધર્મનો સ્વીકાર કરવામાં સમ્યક્ પ્રવૃત્તિને કરે છે" એમ કહેવામાં શું કારણ છે તે કહે છે :-**

કારણ કે (परहितोद्यतै :) સકલ જીવલોકમાં કુશલની સ્થાપના કરવી એજ જેમનું ધન છે એવા તીર્થંકરોએ આવા જ ( = આ અધ્યાયની પહેલી - બીજી ગાથામાં જેનું વર્ણન કર્યું છે તેવા જ) પુરુષને ધર્મનો સ્વીકાર કરવા માટે યોગ્ય કહ્યો છે. આવા પુરુષથી અન્ય (= આ અધ્યાયની પહેલી બીજી ગાથામાં જણાવેલ વિશેષણોથી રહિત) પુરુષ પરમાર્થથી ધર્મ સ્વીકારવાને માટે યોગ્ય નથી. પ્રશ્નઃ

ધર્મનો સ્વીકાર કોઈપણ જીવ કરી શકે એમ ન કહેતાં યોગ્ય જીવે જ ધર્મનો સ્વીકાર કરવો જોઈએ એમ કેમ કહ્યું ? ઉત્તરઃ (फलसाधनभावेन =) યોગ્ય જ જીવ ધર્મ સ્વીકારના ફલને સાધી શકે છે, અર્થાત્ યોગ્ય જ જીવ ધર્મથી લાભ મેળવી શકે છે, અયોગ્ય નહિ. (૩)

**इति सद्धर्मग्रहणार्ह उक्तः,**

**साम्प्रतं तत्प्रदानविधिमनुवर्णयिष्यामः ॥१॥१३४॥ इति ।**

एतत् सुगममेव ॥१॥

**આ પ્રમાણે સદ્ધર્મનો સ્વીકાર કરવાને યોગ્ય પુરુષ કહ્યો, હવે સદ્ધર્મ આપવાની વિધિનું વર્ણન કરીશું. (૧)**

ननु धर्मः स्वचित्तपरिशुद्ध्यधीनः, तत्किमस्यैवं ग्रहणेनेत्याशङ्क्याह-

**धर्मग्रहणं हि सत्प्रतिपत्तिमद्विमलभावकरणम् ॥२॥१३५॥ इति ।**

**धर्मग्रहणम्** उक्तलक्षणं **हिः** यस्मात् **सत्प्रतिपत्तिमत्** दृढशक्तिपर्यालोचादिना शुद्धाभ्युपगमवत्, किमित्याह– **विमलभावकरणं** स्वफलप्रसाधनावन्ध्यपरिणामनिमित्तं संपद्यते इत्येवमस्य ग्रहणविधिर्वक्तुमुपक्रम्यते इति ॥२॥

**ધર્મ સ્વચિત્તની શુદ્ધિને આધીન છે, અર્થાત્ જેટલા અંશે સ્વચિત્તની શુદ્ધિ થાય તેટલા અંશે ધર્મ થાય, આથી સ્વચિત્તની શુદ્ધિ કરવાનો પ્રયત્ન કરવો જોઈએ, આ રીતે (= વિધિથી) ધર્મને સ્વીકારવાની શી જરૂર છે? આ પ્રશ્નનો ઉત્તર આપતા ગ્રંથકાર કહે છે :-**

**ધર્મનો શુદ્ધ સ્વીકાર નિર્મલ ભાવનું કારણ હોવાથી (વિધિપૂર્વક) ધર્મ સ્વીકારવાની જરૂર છે.** અત્યંત સૂક્ષ્મ ઉપયોગથી પોતાની શક્તિનો વિચાર કરવો ઈત્યાદિ (વિધિ) થી કરેલો ધર્મનો સ્વીકાર શુદ્ધ સ્વીકાર છે, અને શુદ્ધ સ્વીકાર નિર્મલ ભાવનું કારણ છે = પોતાના ફલના પ્રકૃષ્ટ સાધનનું અવંધ્ય કારણ એવા પરિણામનું નિમિત્ત છે. માટે ધર્મને સ્વીકારવાની વિધિ કહેવાનો પ્રારંભ કરવામાં આવે છે. અહીં તાત્પર્ય આ પ્રમાણે છેઃ- ધર્મનું ફલ ચિત્તશુદ્ધિ છે. અથવા તો સમ્યગ્દર્શન આદિની પ્રાપ્તિ છે. ચિત્તશુદ્ધિ અથવા તો સમ્યગ્દર્શનની પ્રાપ્તિ રૂપ ફલનું પ્રકૃષ્ટ સાધન શુભ પરિણામ છે, અર્થાત્ શુભ પરિણામ ચિત્તશુદ્ધિ અથવા

સમ્યગ્દર્શન આદિની પ્રાપ્તિનું અવંધ્ય ( = નિષ્ફલ ન જાય તેવું) પ્રકૃષ્ટ સાધન છે, એટલે કે શુભ પરિણામથી ચિત્તશુદ્ધિ અથવા સમ્યગ્દર્શન આદિની પ્રાપ્તિ અવશ્ય થાય છે. આવા શુભ પરિણામનું કારણ ધર્મનો શુદ્ધ સ્વીકાર છે. આનાથી ઉલટા ક્રમે વિચારણા આ પ્રમાણે છેઃ - ધર્મનો વિધિપૂર્વક સ્વીકાર કરવાથી શુભ પરિણામ ઉત્પન્ન થાય છે. આ શુભ પરિણામથી અવશ્ય ચિત્તશુદ્ધિ અથવા સમ્યગ્દર્શનાદિની પ્રાપ્તિ થાય છે. આ ચિત્તશુદ્ધિ અથવા સમ્યગ્દર્શનાદિની પ્રાપ્તિ એ ધર્મનું ફળ છે. આથી ધર્મનો વિધિપૂર્વક સ્વીકાર કરવો જોઈએ. માટે જ અહીં ધર્મને સ્વીકારવાની વિધિ કહેવાનો આરંભ કરવામાં આવે છે. (૨)

तदेव कथं संपद्यते इत्याह–

**तच्च प्रायो जिनवचनतो विधिना ॥३॥१३६॥ इति।**

**तच्च** तत् पुनः सत्प्रतिपत्तिमद्धर्मग्रहणं **प्रायो** बाहुल्येन, **मरुदेव्यादौ** क्वचिदन्यथापि संभवात्, **जिनवचनतो** वीतरागराद्धान्तात् यो **विधिः** वक्ष्यमाणः तेन संपद्यते इति ॥३॥

**ધર્મનો શુદ્ધ સ્વીકાર કેવી રીતે થાય તે કહે છે :-**

**ધર્મનો શુદ્ધ સ્વીકાર પ્રાયઃ જિનવચન પ્રમાણે વિધિથી સ્વીકારવાથી થાય.** જિનોક્ત શાસ્ત્રમાં ધર્મને સ્વીકારવાનો જે વિધિ બતાવવામાં આવ્યો છે, તે વિધિ પ્રમાણે ધર્મનો સ્વીકાર કરવાથી ધર્મનો શુદ્ધ સ્વીકાર થાય છે. આ વિધિ હવે કહેવામાં આવશે.

પ્રશ્નઃ- અહીં પ્રાયઃ શા માટે કહ્યું? ઉત્તરઃ મરુદેવી માતા વગેરે જીવોને જિનવચન પ્રમાણે વિધિથી ધર્મનો સ્વીકાર કર્યા વિના પણ ધર્મનો શુદ્ધ સ્વીકાર થયો હતો, અને નિર્મલ ભાવો પણ થયા હતા. આથી અહીં પ્રાયઃ કહ્યું છે. (૩)

एवं सति यत् संजायते तदाह–

**इति प्रदानफलवत्ता ॥४॥१३७॥ इति ।**

**इति** एवं सत्प्रतिपत्तिमतो विधिना धर्मग्रहणस्य विमलभावनिबन्धनतायां सत्यां **प्रदानस्य** वितरणस्य धर्मगोचरस्य गुरुणा क्रियमाणस्य शिष्याय **फलवत्ता** शिष्यानुग्रहरूपफलयुक्तत्वमुपपद्यते, अन्यथोषरवसुन्धराबीजवपनमिव निष्फलमेव स्यादिति ॥४॥

**આ પ્રમાણે થતાં જે થાય છે તે કહે છે:-**

**આ પ્રમાણે ધર્મનું પ્રદાન સફલ બને છે.** વિધિથી કરેલો ધર્મનો શુદ્ધ સ્વીકાર નિર્મલ ભાવનું કારણ હોવાથી ગુરુ શિષ્યને ધર્મનું વિધિથી જે પ્રદાન કરે છે તે પ્રદાન સફલ બને છે, અર્થાત્ તે પ્રદાન શિષ્ય ઉપર અનુગ્રહ કરવા રૂપ ફલવાળું બને છે. અન્યથા ( = વિધિથી કરેલો ધર્મનો શુદ્ધ સ્વીકાર નિર્મલ ભાવનું કારણ ન હોય તો) ઉખર ભૂમિમાં બીજ વાવવાની જેમ ગુરુએ કરેલું ધર્મનું પ્રદાન નિષ્ફલ જ બને. (૪)

प्रागविशेषतो धर्मो ग्राह्यतयोक्तः, तत्र च प्रायोऽभ्यस्तश्रावकधर्मो यतिधर्मयोग्यो भवतीति गृहस्थधर्मग्रहणमेवादौ बिभणिषुरिदमाह--

**सति सम्यग्दर्शने न्याय्यमणुव्रतादीनां ग्रहणम्, नान्यथा ॥५॥१३८॥ इति।**

**सति** विद्यमाने **सम्यग्दर्शने** सम्यक्त्वलक्षणे **न्याय्यम्** उपपन्नम् **अणुव्रतादीनां** अणुव्रत-गुणव्रत-शिक्षाव्रतानां **ग्रहणम्** अभ्युपगमः, **न** नैव **अन्यथा** सम्यग्दर्शने असति, निष्फलप्रसङ्गात्, यथोक्तम्-

सस्यानीवोषरे क्षेत्रे निक्षिप्तानि कदाचन ।
न व्रतानि प्ररोहन्ति जीवे मिथ्यात्ववासिते ॥१०३॥
संयमा नियमाः सर्वे नाश्यन्तेऽनेन पावनाः।
क्षयकालानलेनेव पादपाः फलशालिनः ॥१०४॥ ( ) इति।

**અમુક ધર્મનો સ્વીકાર કરવો એમ વિશેષ જણાવ્યા વિના સામાન્યથી જ ધર્મનો સ્વીકાર કરવો એમ પૂર્વે કહ્યું હતું, તેમાં પ્રાયઃ જેણે શ્રાવકધર્મનો અભ્યાસ કર્યો છે તે પુરુષ સાધુધર્મને યોગ્ય બને છે. આથી પહેલાં ગૃહસ્થધર્મના સ્વીકારને જ કહેવાની ઇચ્છાવાળા ગ્રંથકાર આ કહે છે :-**

**સમ્યગ્દર્શન વિદ્યમાન હોયતો અણુવ્રત વગેરેનો સ્વીકાર યુક્ત છે, અન્યથા નહિ.** સમ્યગ્દર્શન વિદ્યમાન હોય તો અણુવ્રત - ગુણવ્રત - શિક્ષાવ્રતોનો સ્વીકાર યુક્ત છે. સમ્યગ્દર્શન ન હોય તો યુક્ત નથી જ. કારણકે સમ્યગ્દર્શન વિના અણુવ્રત વગેરેનો સ્વીકાર નિષ્ફલ બને. આ વિષે કહ્યું છે કે **"જેવી રીતે ઉખરભૂમિમાં વાવેલાં બીજો ક્યારેય ઉગતાં નથી, તેવી રીતે મિથ્યાત્વ વાસિત જીવમાં વ્રતો ઉગતાં નથી = સફલ બનતા નથી, (૧)" જે પ્રમાણે પ્રલયકાળનો પવન ફલથી શોભતાં વૃક્ષોનો નાશ કરે છે તે રીતે મિથ્યાત્વ પવિત્ર એવા સર્વ સંયમ અને નિયમોનો નાશ**

કરે છે.'' (૨) (૫)

सम्यग्दर्शनमेव यथा स्यात् तथाऽऽह–

**जिनवचनश्रवणादेः कर्मक्षयोपशमादितः सम्यग्दर्शनम् ॥६॥१३९॥ इति।**

**जिनवचनश्रवणं** प्रतीतरूपमेव, **आदि**शब्दात् तथाभव्यत्वपरिपाकापादितजीववीर्यविशेषलक्षणो निसर्गो गृह्यते, ततो जिनवचनश्रवणादेः सकाशात् यः **कर्मक्षयोपशमादिः** कर्मणः ज्ञानावरण-दर्शनावरण-मिथ्यात्वमोहादेः क्षयोपशमोपशमक्षयलक्षणो गुणः तस्मात् **सम्यग्दर्शनं** तत्त्वश्रद्धानलक्षणं विपर्ययव्यावृत्तिकारि असदभिनिवेशशून्यं शुद्धवस्तुप्रज्ञापनानुगतं निवृत्ततीव्रसंक्लेशं उत्कृष्टबन्धाभावकृत् शुभात्मपरिणामरूपं समुज्जृम्भते, कर्मक्षयादिरूपं चेत्थमवसेयम्–

खीणा निव्वायहुयासणो व्व छारपिहियव्व उवसंता।

दरविज्झायविहाडियजलणोवम्मा खओवसमा ॥१०५॥ (विशेषा० १२५६)

विघाटित इति इतस्ततो विप्रकीर्ण इति ॥६॥

**સમ્યગ્દર્શન જ કેવી રીતે ઉત્પન્ન થાય છે તે કહે છે:-**

**જિનવચનનું શ્રવણ આદિ ઉપાયોથી કર્મનો ક્ષયોપશમ આદિ થવાથી સમ્યગ્દર્શન પ્રગટે છે.** જિનવચનનું શ્રવણ આદિ ઉપાયોથી જ્ઞાનાવરણ - દર્શનાવરણ - મિથ્યાત્વમોહ આદિ કર્મનો ક્ષયોપશમ વગેરે થાય છે. એ ક્ષયોપશમ વગેરેથી સમ્યગ્દર્શન પ્રગટે છે. 'જિનવચનનું શ્રવણ આદિ ઉપાયોથી' એ સ્થળે 'આદિ' શબ્દથી તથાભવ્યત્વના પરિપાકથી પ્રગટ થયેલ જીવનો વીર્યવિશેષરૂપ નિસર્ગ લેવામાં આવે છે. તથા ''ક્ષયોપશમ આદિ થવાથી'' એ સ્થળે આદિ શબ્દથી ઉપશમ અને ક્ષય લેવામાં આવે છે. (સમ્યક્ત્વ અધિગમથી અને નિસર્ગથી એમ બે રીતે થાય છે. તેમાં અધિગમ એટલે નિમિત્ત. નિસર્ગ એટલે તથાભવ્યત્વના પરિપાકથી પ્રગટ થતું જીવનું તેવા પ્રકારનું વીર્ય. જેમ જિનવચનશ્રવણ આદિ નિમિત્તથી સમ્યગ્દર્શન પ્રગટે છે, તેમ નિસર્ગથી, એટલે કે જિનવચનશ્રવણ આદિ નિમિત્ત વિના માત્ર તથાભવ્યત્વના પરિપાકથી થતા વીર્યોલ્લાસથી, પણ સમ્યગ્દર્શન પ્રગટે છે. અહીં જિનવચનનું શ્રવણ એમ કહીને અધિગમથી ઉત્પન્ન થતા સમ્યક્ત્વનો નિર્દેશ કર્યો છે, અને 'આદિથી' એમ કહીને નિસર્ગથી થતા સમ્યક્ત્વનો નિર્દેશ કર્યો છે. તથા અહીં જિનવચન શ્રવણના ઉપલક્ષણથી જિનપૂજા, સુપાત્રદાન વગેરે ધર્મક્રિયાઓ પણ સમજી લેવી.)

સમ્યગ્દર્શન એટલે જીવાદિ તત્ત્વોની શ્રદ્ધા, એટલે કે જીવાદિ તત્ત્વો જેવા

સ્વરૂપે છે તેવા સ્વરૂપે માનવા એ સમ્યગ્દર્શન છે. સમ્યગ્દર્શન વિપરીત (= મિથ્યા) જ્ઞાનને અટકાવે છે. (આત્મા નથી, પરલોક નથી, મોક્ષ નથી ઇત્યાદિ જ્ઞાન વિપરીત જ્ઞાન છે. સમ્યગ્દર્શન પ્રગટતાં આવું વિપરીત જ્ઞાન રહેતું નથી.) સમ્યગ્દર્શનવાળા આત્મામાં કદાગ્રહ ન હોય. સમ્યગદૃષ્ટિ જીવ કોઇ પણ પદાર્થની પ્રરૂપણા શુદ્ધ કરે, એટલે કે આત્મા વગેરે જે વસ્તુ જેવી હોય તેવી જણાવે. સમ્યગ્દૃષ્ટિ જીવમાં રાગાદિ દોષો રૂપ સંક્લેશ તીવ્ર ન હોય = મંદ હોય. સમ્યગ્દર્શનવાળાને (સ્થિતિ અને રસનો) બંધ ઉત્કૃષ્ટ ન થાય. સમ્યગ્દર્શન આત્માના શુભ પરિણામ સ્વરૂપ છે. કર્મનો ક્ષય વગેરેનું સ્વરૂપ આ પ્રમાણે જાણવું:- **"કર્મનો ક્ષય તદ્દન બુઝાઇ ગયેલા અગ્નિ જેવો છે, ઉપશમ રાખથી ઢાંકેલા અગ્નિ જેવો છે, ક્ષયોપશમ કંઇક બુઝાયેલા અને વિખરાયેલા અગ્નિ જેવો છે."** (૧) (૬)

कीदृशमित्याह–

**प्रशम-संवेग-निर्वेदा-ऽनुकम्पा-ऽऽस्तक्याभिव्यक्तिलक्षणं तत् ॥७॥१४०॥ इति।**

**प्रशमः** स्वभावत एव क्रोधादिक्रूरकषायविषविकारकटुफलावलोकनेन वा तन्निरोधः, **संवेगो** निर्वाणाभिलाषः, **निर्वेदो** भवादुद्वेजनम्, **अनुकम्पा** दुःखितसत्त्वविषया कृपा, **आस्तिक्यं** 'तदेव सत्यं निःशङ्कं यज्जिनैः प्रवेदितम्' इति प्रतिपत्तिलक्षणम्, ततः प्रशम-संवेग-निर्वेदा-ऽनुकम्पा-ऽऽस्तिक्यानाम**भिव्यक्तिः** उन्मीलनं **लक्षणं** स्वरूपसत्ताख्यापकं यस्य तत् तथा तदिति सम्यग्दर्शनम् ॥७॥

**સમ્યક્ત્વ કેવું છે તે કહે છે :-**

**સમ્યગ્દર્શન પ્રશમ-સંવેગ-નિર્વેદ-અનુકંપા-આસ્તિક્યની અભિવ્યક્તિરૂપ લક્ષણવાળું છે.** પ્રશમ, સંવેગ, નિર્વેદ, અનુકંપા, અને આસ્તિક્ય એ પાંચ ગુણોની અભિવ્યક્તિ એટલે કે એ પાંચ ગુણો આત્મામાં પ્રગટ થવા એ સમ્યક્ત્વનું લક્ષણ છે. સ્વરૂપની (= લક્ષ્યની) સત્તા જણાવે તે લક્ષણ. (જેમ કે ધૂમાડો અગ્નિનું લક્ષણ છે, એનો અર્થ એ થયો કે ધૂમાડો અગ્નિની સત્તાને = વિદ્યમાનતાને જણાવે છે. આથી જ આપણે અગ્નિને જોતા ન હોવા છતાં ધૂમાડાને જોઇને અગ્નિ છે એવો નિર્ણય કરીએ છીએ, અને એ નિર્ણય સાચો જ હોય છે. તે પ્રમાણે અહીં જણાવેલા પ્રશમ વગેરે પાંચ ગુણો સમ્યક્ત્વનાં લક્ષણો છે. એ પાંચ જે જીવમાં દેખાય તે જીવમાં સમ્યક્ત્વ છે એ નક્કી થાય છે. સમ્યક્ત્વ આત્માના શુભપરિણામ રૂપ છે. આત્માના

શુભપરિણામને આપણે જોઇ શકતા નથી. પ્રશમ વગેરે પાંચ ગુણોને આપણે જોઇ શકીએ છીએ. જો આપણા આત્મામાં શમ વગેરે ગુણો જણાતા હોય તો આપણામાં સમ્યગ્દર્શન છે એમ આપણે નક્કી કરી શકીએ. એ જ રીતે બીજા કોઇ જીવમાં પ્રશમ વગેરે ગુણો છે એમ જણાય તો એનામાં સમ્યગ્દર્શન છે એમ નક્કી કરી શકાય.)

સ્વભાવથી જ થયેલો અથવા ક્રોધાદિ ક્રૂર કષાયો રૂપ વિષના વિકારોના કટુફલો જોવાથી થયેલો કષાયોનો નિરોધ એ પ્રશમ છે. સંવેગ એટલે મોક્ષની અભિલાષા. નિર્વેદ એટલે ભવથી ઉદ્‌વેગ = કંટાળો. અનુકંપા એટલે દુઃખી જીવો ઉપર કરુણા. આસ્તિક્ય એટલે '' જિનેશ્વરોએ જે કહ્યું છે તે જ નિઃશંકપણે સાચું છે'' એવી હાર્દિક શ્રદ્ધા. (૭)

एवं सम्यग्दर्शनसिद्धौ यद् गुरुणा विधेयं तदाह–

**उत्तमधर्मप्रतिपत्त्यसहिष्णोस्तत्कथनपूर्वमुपस्थितस्य विधिनाऽणुव्रतादिदानम् ॥८॥१४१॥ इति।**

इह भव्यस्य भवभीरोर्धर्मग्रहणोद्यममवलम्बमानस्य गुरुणा प्रथमं क्षमा-मार्दवादिर्यतिधर्मः सप्रपञ्चमुपवर्ण्य प्रदातुमुपस्थापनीयः, तस्यैव सर्वकर्मरोगविरेचकत्वात्। यदा चासावद्यापि विषयसुखपिपासादिभि**रुत्तमस्य** क्षमा-मार्दवादेर्यति**धर्मस्य प्रतिपत्तिः** अभ्युपगमः तस्या**मसहिष्णुः** अक्षमः तदा तस्य **तत्कथनपूर्वं** स्वरूप-भेदादिभि**स्तेषाम्** अणुव्रतादीनां **कथनं** प्रकाशनं **पूर्वं** प्रथमं यत्र तत् तथा, क्रियाविशेषणमेतत्, **उपस्थितस्य** ग्रहीतुमभ्युद्यतस्य, किमित्याह- **विधिना** वक्ष्यमाणे**नाणुव्रतादिदानं** कर्त्तव्यमिति ॥८॥

**આત્મામાં આ પ્રમાણે સમ્યગ્દર્શનનો નિર્ણય થઇ જતાં ગુરુએ જે કરવું જોઇએ તે કહે છે :-**

**ધર્મ સ્વીકારવા માટે તત્પર બનેલો જીવ જો યતિધર્મ સ્વીકારવા માટે અસમર્થ હોય તો તેને અણુવ્રતો વગેરેની સમજ આપીને વિધિપૂર્વક અણુવ્રતો વગેરેનું દાન કરવું.** અહીં ધર્મનો સ્વીકાર કરવાનો ઉદ્યમ કરનારા ભવભીરુ એવા ભવ્યજીવ સમક્ષ ગુરુએ પહેલાં ક્ષમા, માર્દવ વગેરે યતિધર્મનું વિસ્તારથી વર્ણન કરીને તેને સાધુધર્મ આપવાને લાયક બનાવવો. કારણકે સાધુધર્મ જ સર્વ કર્મરૂપ રોગોનો નાશ કરે છે. પણ જો ભવ્યજીવ હજી પણ વિષયતૃષ્ણા આદિના કારણે ક્ષમા-માર્દવ આદિ

સાધુધર્મને સ્વીકારવા અસમર્થ હોય તો, તેને સ્વરૂપ અને ભેદ આદિથી અણુવ્રતો સમજાવીને હવે કહેવાશે તે વિધિથી અણુવ્રત વગેરે વ્રતો આપવા. (૮)

अन्यथा प्रदाने दोषमाह–

## सहिष्णोः प्रयोगेऽन्तरायः ॥९॥१४२॥ इति ।

**सहिष्णोः** उत्तमधर्मप्रतिपत्तिसमर्थस्य **प्रयोगे** अणुव्रतादिप्रदानव्यापारणे **अन्तरायः** चारित्रप्रतिपत्तेः कृतो गुरुणा भवति, स च भवान्तरे आत्मनश्चारित्रदुर्लभत्वनिमित्तमिति ॥९॥

**જે સાધુધર્મનો સ્વીકાર કરવા સમર્થ હોય તેને અણુવ્રતો આપવામાં દોષ જણાવે છે :-**

**સાધુધર્મનો સ્વીકાર કરવા સમર્થ હોય તેને અણુવ્રતો આપવાનો પ્રયત્ન કરવામાં ગુરુએ એ ભવ્યજીવને ચારિત્ર સ્વીકારવાનો અંતરાય કર્યો ગણાય.** એ અંતરાય ભવાંતરમાં પોતાને ચારિત્રની દુર્લભતાનું નિમિત્ત બને છે, અર્થાત્ અંતરાય કરવાના કારણે ગુરુને ભવાંતરમાં ચારિત્ર દુર્લભ બને છે. (૯)

अत्रैवोपचयमाह–

## अनुमतिश्चेतरत्र ॥१०॥१४३॥ इति ।

**अनुमतिः** अनुज्ञादोषः, **चकारो** दूषणान्तरसमुच्चये, **इतरत्र** अणुव्रतादिप्रतिपत्तौ प्रत्याख्यातसावद्यांशात् योऽन्यः अप्रत्याख्यातः सावद्यांशः तत्रापद्यते, तथा च गुरोर्यावज्जीवं सर्वथा सावद्यपरिहारप्रतिज्ञाया मनाग् मालिन्यं स्यादिति **तत्कथनपूर्वक**मित्युक्तम् ॥१०॥

**અહીં જ વિશેષ કહે છે :-**

**તથા સાવદ્ય અંશમાં અનુમતિનો દોષ લાગે.** જો અણુવ્રતો વગેરેને સમજાવ્યા વિના અણુવ્રતો વગેરે આપવામાં આવે તો ભવ્યજીવે કરેલા અણુવ્રતાદિના સ્વીકારમાં જે સાવદ્ય અંશનું પ્રત્યાખ્યાન કર્યું નથી તે અંશમાં ગુરુને અનુમતિ (=અનુમોદના) રૂપ દોષ લાગે. તેથી ગુરુએ જાવજ્જીવ સુધી અને સર્વ પ્રકારે કરેલી સાવદ્ય ત્યાગની પ્રતિજ્ઞામાં કંઈક મલિનતા થાય. માટે અહીં " અણુવ્રતો વગેરે સમજાવીને આપે" એમ કહ્યું. (સમજાવીને અણુવ્રતો વગેરે આપવામાં લેનાર મારે આટલા સાવદ્યનું પચ્ચક્ખાણ થતું નથી એમ સમજ પૂર્વક લેતો હોવાથી ગુરુને તેની

અનુમતિ લાગે નહિ.) (૧૦)

अथैतद्व्यतिरेके दोषमाह–

**अकथने उभयाफल आज्ञाभङ्गः ॥११॥१४४॥ इति ।**

यदि उत्तमधर्मप्रतिपत्त्यसहिष्णोः अणुव्रतादिलक्षणं धर्मं न कथयति गुरुः तदा **अकथने उभयं** यति-श्राद्धधर्मलक्षणं न फलं यस्यासौ उभयाफलः **आज्ञाभङ्गः** भगवच्छासनविनाशनमत्यन्तदुरन्तं जायत इति। भगवदाज्ञा चेयम्-

श्रममविचिन्त्यात्मगतं तस्माच्छ्रेयः सदोपदेष्टव्यम्।

आत्मानं च परं च हि हितोपदेष्टाऽनुगृह्णाति ॥१०६॥ (तत्त्वार्थकारिका ३०) इति।

**હવે સાધુધર્મને સ્વીકારવામાં અસમર્થને વ્રતો ન સમજાવવામાં દોષ કહે છેઃ-**

**જો સાધુધર્મ સ્વીકારવાને અસમર્થ ભવ્યજીવને ગુરુ અણુવ્રત વગેરે ધર્મ ન કહે તો ભવ્યજીવ સાધુધર્મ અને ગૃહસ્થધર્મ એ બંનેથી વંચિત રહે, અને ગુરુને ભગવાનની આજ્ઞાના ભંગરૂપ દોષ લાગે.** ભગવાનની આજ્ઞાના ભંગનું પરિણામ અત્યંત અશુભ છે. ભગવાનની આજ્ઞા આ પ્રમાણે છેઃ-"**આથી પોતાના શ્રમનો વિચાર કર્યા વિના સદા કલ્યાણકારી (મોક્ષમાર્ગનો) ઉપદેશ આપવો જોઈએ. કલ્યાણકારી ઉપદેશ આપનાર સ્વ- પર ઉભય ઉપર અનુગ્રહ કરે છે.**" (તત્ત્વાર્થ કારિકા - ૩૦) (૧૧)

ननु सर्वसावद्ययोगप्रत्याख्यानाक्षमस्याणुव्रतादिप्रतिपत्तौ सावद्यांशप्रत्याख्यानप्रदाने कथमितरत्रांशे नानुमतिदोषप्रसङ्गो गुरोः इत्याशङ्क्याह–

**भगवद्वचनप्रामाण्यादुपस्थितदाने दोषाभावः ॥१२॥१४५॥ इति ।**

**उपासकदशादौ** हि भगवता स्वयमेव **आनन्दादिश्रमणोपासका-**नामणुव्रतादिप्रदानमनुष्ठितमिति श्रूयते, न च भगवतोऽपि तत्रानुमतिप्रसङ्ग इति प्रेर्यम्, भगवदनुष्ठानस्य सर्वाङ्गसुन्दरत्वेनैकान्ततो दोषविकलत्वात् इति **भगवतो वचनस्य प्रामाण्यादुपस्थितस्य** ग्रहीतुमुद्यतस्य जन्तोरणुव्रतादिप्रदाने साक्षिमात्रभावमवलम्बमानस्य सावद्यांशानिरोधेऽपि नानुमतिप्रसङ्गो गुरोः, प्रागेव तस्य स्वयमेव तत्र प्रवृत्तत्वादिति ॥१२॥

**સર્વસાવદ્યયોગનું પ્રત્યાખ્યાન કરવા માટે અસમર્થ ભવ્યજીવ અણુવ્રત વગેરે**

**સ્વીકારે ત્યારે સાવદ્ય અંશનું પ્રત્યાખ્યાન આપવામાં જે સાવદ્ય અંશનું પ્રત્યાખ્યાન કર્યું નથી તે અંશમાં ગુરુને અનુમતિરૂપ દોષનો પ્રસંગ કેમ ન આવે? એવી શંકા કરીને તેનો ઉત્તર આપે છે.:-**

**ભગવાનનું વચન પ્રામાણિક હોવાથી અણુવ્રતો આદિના સ્વીકાર માટે તત્પર બનેલા ભવ્યજીવને અણુવ્રતો આદિ આપવામાં દોષ નથી.** ભગવાને જાતે જ આનંદ વગેરે શ્રાવકોને અણુવ્રતો વગેરે વ્રતો આપ્યા હતા, એમ ઉપાસકદશા વગેરે શાસ્ત્રમાં સંભળાય છે. ભગવાનને પણ ત્યાં અનુમતિરૂપ દોષનો પ્રસંગ આવે એમ કહેવું યોગ્ય નથી. કારણકે ભગવાનની પ્રવૃત્તિ બધી રીતે સુંદર હોવાથી એકાંતે દોષરહિત હોય છે. આ પ્રમાણે ભગવાનનું વચન (ઉપાસકદશા વગેરેમાં કહેલું) પ્રામાણિક હોવાથી અણુવ્રતો આદિના સ્વીકાર માટે તત્પર બનેલ ભવ્યજીવને માત્ર સાક્ષિભાવે રહીને અણુવ્રતો વગેરે આપનાર ગુરુને અણુવ્રતો વગેરે આપવામાં સાવદ્ય અંશનું પ્રત્યાખ્યાન ન થવા છતાં અનુમતિરૂપ દોષનો પ્રસંગ આવતો નથી. કારણકે ગુરુ વ્રતો આપે તે પહેલાં જ તે જીવ સ્વયમેવ તે વ્રતો લેવામાં પ્રવૃત્ત થયેલો છે. (૧૨)

कुत एतदिति चेदुच्यते–

**गृहपतिपुत्रमोक्षज्ञातात् ॥१३॥१४६॥ इति ।**

**गृहपतेः** वक्ष्यमाणकथानकाभिधास्यमाननामधेयस्य श्रेष्ठिनः राजगृहाद् यः **पुत्राणां मोक्षो** विमोचनं तदेव **ज्ञातं** दृष्टान्तः तस्मात्, भावार्थश्च कथानकगम्यः, तच्चेदम्-समस्ति सकलसुरसुन्दरीमनोहरविलासोपहासप्रदानप्रवणसीमन्तिनीजन-कटाक्ष-च्छटाक्षेपोपलक्ष्यमाणनिखिलरामणीयकप्रदेशो देशो **मगधा**भिधानः, तत्र च तुषारगिरिशिखरधवलप्रासादमालाविमलकूटकोटिभिरकालेऽपि शरदभ्रलीलां कुर्वाणमिव बभूव **वसन्तपुरं** नाम नगरम्, तस्य च पालयिता सेवावसरसरभसप्रणतनिखिल-भूपालविमलमौलिमुकुटकोटीविलग्नमाणिक्यमयूखव्राताभिरञ्जित-क्रमकमलयुगलः चण्डदोर्दण्डव्यापारितमण्डलाग्रखण्डितारातिमत्तमातङ्गकुम्भस्थल-गलितमुक्ताफल-प्रकरप्रसारिताशेषसंग्राममहीमण्डलः समजायत **जितशत्रु**नामा नृपतिः, तस्य च सकलजननयनमनोहारिणी पूर्वभवपरम्परोपार्जितपुण्य- प्राग्भारनिर्मापितफल-संबन्धानुकारिणी विबुधवधूविलासावलेपापहारिणी बभूव प्रेयसी **धारिणी**, तया च सार्द्धमसौ महीपतिः प्रणताशेषक्षितिपतिः दूरतो निराकृतनिकृतिर्मनोहरपञ्चप्रकारभोगान्

भुञ्जानो महान्तमनेहसमनैषीत्। इतश्च तत्रैव पुरे प्रचुरतर द्विपद-चतुष्पदा-ऽपद-हिरण्य-सुवर्ण-धन-धान्य-शंख-शिला-मुक्ता-प्रवाल-पद्मराग-वैडूर्य-चन्द्रकान्तेन्द्रनील-महानील-राजपट्टप्रभृतिप्रवरपदार्थ-सार्थपरिपूर्णसमृद्धिसमुपहसितश्रीकण्ठसखदर्पोद्रेको दीना-ऽनाथा-ऽन्ध-पङ्गुप्रमुखप्राणिप्रणाशिताशेषशोकः समजनि **समुद्रदत्ता**भिधानो निखिलवणिग्वर्गप्रधानो गुणगणगरिष्ठः श्रेष्ठी, तस्य चाश्रय इव लावण्यगुणानाम्, उदाहरणमिव सर्वश्रेयोवस्तुनाम्, महानिधानमिव पुण्यरत्नानाम्, भूषणमिव स्वकुलसन्ततेः, पादप इव सौकुमार्यवनलतायाः, समभवत् **सुमङ्गला**भिधाना सधर्मचारिणी, तस्यामसौ निबिडबद्धानुरागो जीवलोकोद्भवप्राज्यवैषयिकशर्मसागरोदरमध्यमग्नोऽनल्पं कालमतिवाहयाञ्चकार, प्रस्तावे च समजनिषत तयोर्विशदसमाचारसमाचरणपवित्राः पुत्राः क्रमेण **प्रियङ्कर-क्षेमङ्कर-धनदेव-सोमदेव-पूर्णभद्र-मणिभद्र**नामानः षट्, ते च निसर्गतः एव गुरुजनविनयपरायणाः परमकल्याणप्रदानप्रवणपरिशुद्धत्रिवर्गबद्धानुरागाः अनुरागभरसमाकृष्यमाणकीर्तिकामिनी -बाढोपगूढाः सकलसज्जनमनः-संतोषकातुच्छसमुच्छलद्दया–दाक्षिण्यप्रायप्राज्य-गुणालङ्कृतशरीराः शरीरसौन्दर्योत्कर्षतिरस्कृत-करकेतनलावण्यदर्पातिरेकाः वणिग्जनोचितव्यवहारसारतया पितरमतिदूरमतिक्रान्तकुटुम्बचिन्ताभारमकार्षुः ।

अन्यदा च **धारिणी** देवी अन्तःपुरान्तः नरपतौ पटुपटहप्रवादनप्रवृत्ते अनेककरणभङ्गसंसङ्गसुन्दरं राजहृदयानन्दातिरेकदायकं नृत्यविधिं व्यधात्, ततः संतोषभरतरलितमनाः महीपतिः प्रियायै वरं प्रायच्छत्, सा चोवाच यथा- देव ! अद्यापि तवान्तिक एव वरस्तिष्ठतु, प्रस्तावे याचिष्ये इति, एवं च गच्छति काले समाययौ अन्यदा कामुकलोकविलासोल्लाससाहाय्यकारी कौमुदीदिवसः, विज्ञप्तश्च देव्या वसुन्धराधिपतिः देव ! क्रियतां वरेण प्रसादः यथाऽद्य कर्पूरपूरप्रतिभशशधरकरनिकरपरिपूरितनिखिलाशायां निशायामिमां नगरीं गरीयसा स्वपरिवारेण शेषान्तःपुरेण च परिकरिता सती त्रिकचतुष्कादिरमणीयप्रदेशसौन्दर्यावलोकनकुतूहलेनास्खलितप्रसरा परिभ्रमामीति, तदन्वेव राजा सर्वत्र नगरे पटहप्रदानपूर्वकं सकलपुरुषव्यक्तीनां रजनिनगरनिर्वासनाज्ञामुद्घोषयामास, ततः प्रातःक्षणादारभ्य यथासंवाहं सर्वेष्वपि पुरुषेषु नगराद् बहिर्गन्तुं प्रवृत्तेषु समुचितसमये स्वयमेव महीपतिर्मन्त्रिप्रमुखनगरप्रधाननरपरिकरपरिकरितो नगराद् बहिरैशानदिग्भागवर्त्तिनि **मनोरमोद्याने** जगाम, ते च षडपि श्रेष्ठिसूनवो लेख्यककरणव्यग्रा 'एते व्रजाम एते व्रजामः' इति निबिडनिबद्धाभिसन्धयोऽपि–सन्ध्यासमयं यावदापण एव तस्थुः । इतश्चास्ताचलचूडामलञ्चकार सहस्रकरः, ते च त्वरापरिगता यावदायान्ति गोपुरसमीपे

तावत् तज्जीविताशयेव सहोभयकपाटपुटसङ्घटनेन निरुद्धानि प्रतोलीद्वाराणि, तदनु चकितचकिताः केनाप्यलक्ष्यमाणास्ते प्रत्यावृत्य हट्टान्तर्गतगुप्तभूमीगृहैकदेशे निलिल्यिरे, धारिण्यपि रात्रौ कृतोदारशृङ्गाराऽन्तःपुरेण सह निर्गतनरे नगरे यथाभिप्रायमभिरेमे, संजाते च प्रातःसमये, समुत्थिते कमलखण्डप्रबोधप्रदानप्रवणे किंशुककुसुमसमच्छायातुच्छोच्छलद्रागरञ्जितदिग्मण्डले जगदेकनेत्रे मित्रे, नगराभ्यन्तरमप्रविष्टेष्वेव पुरुषेषु महीपालो नगरारक्षकानादिदेश यथा- निभालयत नगरम्, मा न कश्चिदस्मदाज्ञाभङ्गकारी मानवः समजनीति। सम्यग् गवेषयद्भिश्च तैः कृतान्तदूतैरिव प्रापिरे श्रेष्ठिनन्दनाः निवेदिताश्च तत्समयमेव राज्ञः, ततोऽसौ कुपितकृतान्त–भीषणभृकुटिभङ्गसङ्गिललाटपट्टमाधाय तच्छ्रेष्ठिपुत्रवधाय तान् व्यापारयाञ्चकार, अत्रान्तरे समाकर्ण्याकाण्डे एव मुद्गराघातपातसदृशमेतं वृत्तान्तं श्रेष्ठी श्रान्त इव भ्रान्त इव पीडित इव करिमकरनिकरकरास्फालनसमुच्छलद्बहलजलकल्लोलाकुलितमहाजलनिधिमध्यसंभिन्नयानपात्रान्तर्लीयमानमानव इव किंकर्त्तव्यतामूढः क्षणं कामप्यवस्थां दारुणामन्वभूत्, तदनु निराकृत्य कातरनरविलसितम्, अपास्य स्त्रीजनोचितं शोकावेगम्, समालम्ब्य धीरनरोचितं धैर्यम्, अवगणय्य दीनभावम्, नगरप्रधानान्यलोकसहायः प्रवररत्नभृतभाजनव्यग्रपाणिः सहसैव राज्ञो विज्ञापनायोपतस्थौ, विज्ञप्तवांश्च यथा- देव! न कुतोऽपि चित्तदोषादमी मत्पुत्रा नगरादनिर्गमभाजो बभूवुः, किन्तु तथाविधलेख्यकव्यग्रतया निर्गन्तुपारयतामादित्यास्तमयसमयागमे च प्रचलितानामप्यमीषां प्रतोलीद्वारपिधानवशेन निर्गमो नाभूत्, अतः क्षम्यतामेकोऽपराधः, क्रियतां प्रियपुत्रजीवितव्यप्रदानेन प्रसादः, एवं च पुनः पुनः भण्यमानोऽपि राजा अवन्ध्यकोपमात्मानं मन्यमानो यदा न मोक्तुमुत्सहते तदा तत्कोपनिर्यापणायैकपुत्रोपेक्षणेन पञ्च मोचयितुमारब्धाः, यदा तानपि न मुञ्चति तदा द्वयोरुपेक्षणेनैव चत्वारः, एवं तदमोचनेऽपि त्रयो द्वौ यावच्छेषोपेक्षणेन एको ज्येष्ठ इति, ततः संनिहितामात्यपुरोहिताद्यत्यन्ताभ्यर्थनेन निर्मूलकुलोच्छेदो महते पापायेति पर्यालोचेन च मनाग् मन्दीभूतकोपोद्रेको महीपतिर्ज्येष्ठं पुत्रमेकं मुमोचेति ।

अयमत्रार्थोपनयः- यथा **तद्वसन्तपुरं** नगरं तथा संसारः, यथा राजा तथा श्रावकः, यथा स श्रेष्ठी तथा गुरुः, यथा च षट् पुत्रास्तथाऽमी षट् जीवनिकायाः, यथा च तस्य पितुः शेषपुत्रोपेक्षणेनैकं पुत्रं मोचयतोऽपि न शेषपुत्रवधानुमतिः एवं गुरुर्निजपुत्रप्रायान् षडपि जीवनिकायांस्तैस्तैः प्रव्रज्योत्साहनोपायैर्गृहस्थतया तद्वधप्रवृत्तात् श्रावकात् मोचयति, यदा चासौ नाद्यापि तान् मोक्तुमुत्सहते तदा ज्येष्ठपुत्रप्रायं त्रसकायं

शेषोपेक्षणेन मोचयतोऽपि गुरोर्न शेषकायवधानुमतिदोष इति ।।१३।।

**અણુવ્રતો વગેરે આપવામાં ગુરુને અનુમતિદોષનો પ્રસંગ શાથી ન આવે એ પ્રશ્નનો ઉત્તર આપે છે :-**

**શેઠના પુત્રોને છોડાવવાના દૃષ્ટાંતથી અણુવ્રતો વગેરે આપવામાં ગુરુને અનુમતિદોષનો પ્રસંગ ન આવે.** પુત્રોને છોડાવવા વિષે શેઠનું દૃષ્ટાંત આ પ્રમાણે છેઃ- મગધ નામનો દેશ હતો. એ દેશનો મનોહર એવો સર્વ પ્રદેશ સર્વસુંદરીઓના મનોહર વિલાસોને હસી નાખવામાં (= ઝાંખા પાડવામાં) તત્પર એવી સ્ત્રીઓના કટાક્ષોને ફેંકવાની પરંપરાથી ઓળખાઇ રહ્યો હતો, અર્થાત્ તે દેશની સ્ત્રીઓ સુરસુંદરીઓથી પણ અધિક સારા મનોહર વિલાસો કરતી હતી, અને વારંવાર કટાક્ષો ફેંકતી હતી.તે દેશમાં હિમાલય પર્વતના શિખરો જેવા સફેદ મહેલોની શ્રેણિઓ ઉપર રહેલા નિર્મલ ક્રોડો શિખરોના (= અગ્રભાગોના) કારણે અકાળે પણ શરદઋતુના વાદળાઓના વિલાસને કરતું હોય તેવું વસંતપુર નામનું નગર હતું. જિતશત્રુ નામનો રાજા તે નગરનું રક્ષણ કરતો હતો. સેવાના અવસરે રાજાઓ તેમના ચરણોમાં હર્ષસહિત નમતા હતા. તેના ચરણે નમેલા સર્વ રાજાઓના મસ્તકે પહેરેલા નિર્મલ મુકુટના અગ્રભાગે જડેલા માણિક્યરત્નનાં કિરણોથી તેના બે ચરણરૂપી કમલો રંગાયેલા હતા. યુદ્ધમાં તેની પ્રચંડ ભુજાઓથી ચલાવાયેલી તલવારની ધારથી શત્રુઓના ઉન્મત્ત હાથીઓના કુંભસ્થલ ખંડિત થઇ જતા હતા. ખંડિત થયેલા એ કુંભસ્થલોમાંથી મોતીઓનો સમૂહ નીચે પડી જતો હતો. યુદ્ધભૂમિનો સંપૂર્ણ ઘેરાવો નીચે પડેલા એ મોતીઓથી વ્યાપ્ત બની જતો હતો. તે રાજાને ધારિણી નામની પત્ની હતી. એ ધારિણી સર્વ લોકોના નેત્ર અને મનનું આકર્ષણ કરતી હતી, પૂર્વભવોની પરંપરામાં ઉપાર્જન કરેલા પુણ્યસમૂહ વડે નિર્માણ કરેલા ફલસંબંધને અનુસરનારી હતી, અર્થાત્ પૂર્વભવમાં બાંધેલાં પુણ્યકર્મોનાં ફલોને (= સુખને) ભોગવતી હતી. દેવીઓના વિલાસના ગર્વને પણ દૂર કરનારી હતી, અર્થાત્ દેવીઓથી પણ અધિક વિલાસ કરનારી હતી. જેને સર્વ રાજાઓ નમેલા છે અને જેણે દૂરથી દીનતાનો ત્યાગ કર્યો છે એવા તે રાજાએ તે રાણીની સાથે પાંચ પ્રકારના વિષયસુખોને ભોગવતાં ઘણો કાળ પસાર કર્યો.

આ તરફ તે જ નગરમાં સમુદ્રદત્ત નામનો શેઠ હતો. તેની પાસે નોકરો, પશુઓ, ભૂમિ, ચાંદી, સોનું, ધન, ધાન્ય, શંખ, પથ્થર, મોતી, પરવાળા, પદ્મરાગમણિ, વૈડૂર્યમણિ, ચંદ્રકાંતમણિ, ઈંદ્રનીલમણિ, મહાનીલમણિ, રાજપટ્ટમણિ

વગેરે ઉત્તમ વસ્તુઓનો સમૂહ ઘણો હતો. આવી પરિપૂર્ણ સમૃદ્ધિથી તેણે કૂબેરના પણ અતિશય ગર્વનો તિરસ્કાર કર્યો હતો. તેણે ગરીબ, અનાથ, અંધ અને લુલા-પાંગળા વગેરે પ્રાણીઓના સર્વ પ્રકારના શોકને દૂર કર્યો હતો. તે સર્વ વેપારી વર્ગમાં મુખ્ય હતો, અને ગુણસમૂહથી અત્યંત શ્રેષ્ઠ હતો. તેની સુમંગલા નામની પત્ની હતી. તે સુમંગલા જાણે સુંદર ગુણોનું ભાજન હોય તેવી હતી, જાણે સર્વ કલ્યાણકારી વસ્તુઓનું દૃષ્ટાંત હોય તેવી હતી, જાણે પુણ્યરૂપી રત્નોનું મહાનિધાન હોય તેવી હતી, જાણે સ્વકુલની સંતતિનું આભૂષણ હોય તેવી હતી, અને જાણે કોમલતારૂપી વનલતાનું (= કોમલતારૂપી વનલતાને ચઢવા માટે) વૃક્ષ હોય તેવી હતી. તે શેઠને તે પત્નીમાં ગાઢ રાગ બંધાયો હતો. જીવલોકમાં ઉત્પન્ન થયેલા શ્રેષ્ઠ વિષયસુખરૂપી સાગરના મધ્યભાગમાં મગ્ન બનેલા તે શેઠે ઘણો કાળ પસાર કર્યો. અવસરે તે બેને ક્રમે કરીને પ્રિયંકર, ક્ષેમંકર, ધનદેવ, સોમદેવ, પૂર્ણભદ્ર અને મણિભદ્ર નામના છ પુત્રો થયા. તે પુત્રો નિર્મલ આચારોના પાલનથી પવિત્ર હતા, સ્વભાવથી જ ગુરુજનનો વિનય કરવામાં તત્પર હતા, પરમકલ્યાણને આપવામાં તત્પર અને વિશુદ્ધ એવા ત્રિવર્ગમાં (= ધર્મ, અર્થ અને કામમાં) અનુરાગવાળા હતા, ઘણા અનુરાગથી આકર્ષાતી કીર્તિરૂપી કામિનીનું અત્યંત આલિંગન કરનારા હતા, સર્વ સજ્જનોના મનને સંતોષ પમાડનારા અતિશય ઉછળતી દયા અને દાક્ષિણ્યતા જેવા શ્રેષ્ઠ ગુણોથી સુશોભિત શરીરવાળા હતા, કામદેવને લાવણ્યના કારણે થયેલા અતિશય ગર્વનો તેમણે પોતાના અતિશય શરીરસૌંદર્યથી તિરસ્કાર કર્યો હતો, તેઓ વેપારી લોકને ઉચિત વ્યવહાર કરવામાં યોગ્ય હતા, આથી તેમણે પિતાને કુટુંબચિંતાના બોજાથી અતિશય મુક્ત કર્યા હતા.

એકવાર રાજા અંતઃપુરની અંદર સુંદર વાજીંત્ર વગાડી રહ્યો હતો ત્યારે ધારિણી રાણીએ • કરણના અનેક પ્રકારોની સાથે સુમેળ થવાથી સુંદર અને રાજાના હૃદયને અતિશય આનંદ આપનારું નૃત્ય કર્યું. તેથી અતિશય પ્રસન્ન મનવાળા રાજાએ રાણીને વરદાન માંગવાનું કહ્યું. રાણીએ કહ્યું કે હે દેવ! હમણાં આ વરદાન આપની પાસે જ રહો, અવસરે એ વરદાન હું માંગી લઇશ. આ રીતે સમય

• કરણ એટલે સંગીતશાસ્ત્ર પ્રસિદ્ધ તાલની વ્યવસ્થા કરનારું એક પ્રકારનું તાડન. આનો ભાવાર્થ એ છે કે રાજા જે પ્રમાણે વાજિંત્ર વગાડતો હતો તે જ પ્રમાણે રાણી નૃત્ય કરતી હતી. નૃત્ય શાસ્ત્રનો નિયમ છે કે જે રીતે વાજિંત્ર વાગે તે રીતે જ નૃત્ય થવું જોઇએ. આથી વાજિંત્રોની સાથે નૃત્યનો સુમેળ થાય તે રીતે રાણી નૃત્ય કરતી હતી.

પસાર થઇ રહ્યો હતો ત્યારે એકવાર કામીજનોને વિલાસ કરવાના ઉલ્લાસમાં સહાય કરનાર કૌમુદીપર્વનો દિવસ આવ્યો. આ અવસરે રાણીએ રાજાને વિનંતિ કરી કે હે દેવ ! વરદાન આપીને મારા પર કૃપા કરો. વરદાનની માગણી આ પ્રમાણે કરીઃ આજે કપુરના પુંજ જેવા ચંદ્રકિરણોના સમૂહથી જેમાં બધી દિશાઓ પરિપૂર્ણ બનેલી છે એવી રાત્રિમાં પોતાના મોટા પરિવારથી અને બાકીના અંતઃપુરથી પરિવરેલી હું ત્રિક અને ચતુષ્ક વગેરે રમણીય પ્રદેશોનાં સૌંદર્યોને જોવાના કુતૂહલથી આ નગરીમાં પરિભ્રમણ કરું અને આ પ્રમાણે પરિભ્રમણ કરતી મને કોઇ રોકે નહીં. ત્યાર બાદ તરત જ આખા રાજ્યમાં પટહ વગડાવીને બધી જ જાતના પુરુષોને રાત્રે નગરમાંથી બહાર નીકળી જવાની આજ્ઞાની ઘોષણા કરાવી. તેથી પ્રાતઃકાલથી આરંભી પોતપોતાની અનુકૂળતા પ્રમાણે બધાય લોકો નગરની બહાર જવા લાગ્યા. તે વખતે મંત્રી વગેરે નગરના મુખ્ય માનવોથી પરિવરેલો રાજા જાતે જ નગરની બહાર ઇશાનખૂણામાં રહેલા મનોરમ નામના ઉદ્યાનમાં આવ્યો.

એ છએ શ્રેષ્ઠિપુત્રો નામુ લખવામાં વ્યસ્ત હતા. એથી ''હમણાં જઇએ છીએ, હમણાં જઇએ છીએ'' એ પ્રમાણે જવાના પાકા વિચારવાળા હોવા છતાં સાંજના સમય સુધી દુકાનમાં જ રહ્યા. આ તરફ સૂર્યે અસ્તાચલ પર્વતના શિખરને શોભાવ્યું, અર્થાત્ સૂર્યાસ્ત થઇ ગયો. ઉતાવળા થયેલા તે છ શ્રેષ્ઠિપુત્રો જેટલામાં નગરના દરવાજાની પાસે આવે છે, તેટલામાં જાણે તેમની જીવવાની આશાની સાથે હોય તેમ બંને કમાડ ભેગા થવાથી પોળના દરવાજા બંધ થઇ ગયા, અર્થાત્ જેમ પોળના દરવાજા બંધ થઇ ગયા તેમ તેમની જીવવાની આશા પણ બંધ થઇ ગઇ. ત્યાર પછી ભય પામેલા તે શ્રેષ્ઠિપુત્રો કોઇથી પણ ઓળખી ન શકાય તે રીતે પાછા ફરીને દુકાનમાં રહેલા ગુપ્ત ભોંયરામાં એક સ્થાનમાં સંતાઇ ગયા. ધારિણી રાણી પણ રાતે શ્રેષ્ઠ શૃંગારવાળી અંતઃપુરની સ્ત્રીઓ સાથે પુરુષોથી રહિત નગરીમાં પોતાની ઇચ્છા પ્રમાણે ક્રીડા કરવા લાગી. પ્રાતઃકાલ થતાં કમલવનને વિકસિત કરવામાં તત્પર, કેશુડાના કાંતિવાળા અતિશય ઉછળતા એવા રંગથી દિશાઓના મંડલને રંગી નાખનાર અને જગતના એક નેત્ર સ્વરૂપ એવા સૂર્યનો ઉદય થયો. પુરુષો નગરમાં પ્રવેશ કરે એ પહેલાં જ રાજાએ નગરરક્ષકોને આજ્ઞા કરી. તે આ પ્રમાણેઃ- નગરમાં જાુઓ કે અમારી આજ્ઞાનો ભંગ કરનાર કોઇ પુરુષ છે કે નહિ ? જાણે યમદૂતો હોય એવા તેમણે સારી રીતે તપાસ કરતા છ શ્રેષ્ઠિપુત્રોને પકડયા. તેમણે તે જ સમયે રાજાને આ બીના જણાવી. તેથી રાજાએ કોપ પામેલા યમરાજની

ભયંકર ભૂકુટિ જેવું લલાટપટ્ટ કરીને તે છ શ્રેષ્ઠિપુત્રોનો વધ કરવા નગરરક્ષકોને આજ્ઞા કરી.

આ દરમિયાન મુદ્દ્ગરનો પ્રહાર થવા સમાન આ વૃત્તાંતને અચાનક સાંભળીને શ્રેષ્ઠી જાણે થાકી ગયો હોય, જાણે ભમી રહ્યો હોય, જાણે પીડાવાળો થયો હોય તેવો થઇ ગયો. તથા સમુદ્રમાં હાથી જેવા મોટા ઘણા મગરમચ્છો પુછડાને પછાડે, એથી સમુદ્રમાં પાણીના ઘણા તરંગો ઉછળવા માંડે, મહાસમુદ્રના મધ્યભાગમાં રહેલ વહાણ એ તરંગોથી ઘેરાઇ જાય અને એથી ભાંગી જાય, તેમાં રહેલ મનુષ્ય ડૂબવા લાગે ત્યારે જેમ હવે શું કરવું ? એમ મૂઢ બની જાય તેમ તે શ્રેષ્ઠી હવે શું કરવું ? એમ મૂઢ બનીને કોઈક ભયંકર અવસ્થાને પામ્યો. ત્યાર બાદ તેણે કાયર મનુષ્યને યોગ્ય ચેષ્ટાનો ત્યાગ કર્યો, સ્ત્રીજનને યોગ્ય શોકના વેગને દૂર કર્યો, ધીર પુરુષને યોગ્ય ધીરતાનું આલંબન લીધું, દીનતાની અવગણના કરી. પછી જલદી નગરના મુખ્ય અન્ય માણસોની સહાય લઈને અને શ્રેષ્ઠ રત્નોથી ભરેલું પાત્ર હાથમાં લઇને રાજાને વિનંતિ કરવા માટે રાજાની પાસે આવ્યો. પછી તેણે આ પ્રમાણે વિનંતિ કરીઃ- હે દેવ ! મારા આ પુત્રો કોઇ પણ માનસિક દોષથી નગરની બહાર નીકળ્યા નથી એવું નથી. કિંતુ તેવા પ્રકારનો હિસાબ લખવામાં વ્યગ્ર હોવાથી (વહેલા) નીકળી શક્યા નહિ. સૂર્યાસ્ત થવાનો સમય આવ્યો ત્યારે નગરની બહાર નીકળવા માટે તેઓ ચાલ્યા, પણ પોળના દરવાજા બંધ થઇ જવાના કારણે તેઓ નીકળી શક્યા નહિ. આથી આ એક અપરાધને માફ કરો. મારા પ્રિય પુત્રોને જીવન આપવા વડે કૃપા કરો. આ પ્રમાણે વારંવાર કહેવા છતાં પોતાને સફલ કોપવાળો (= મારો કોપ ક્યારેય પણ નિષ્ફળ ન જાય એમ) માનતો રાજા જ્યારે પુત્રોને છોડવા ઉત્સાહિત ન થયો ત્યારે શ્રેષ્ઠીએ રાજાના કોપની શાંતિ માટે એક પુત્રની ઉપેક્ષા કરીને પાંચ પુત્રોને છોડાવવાનો પ્રારંભ કર્યો. જ્યારે પાંચ પુત્રોને પણ છોડતો નથી ત્યારે બે પુત્રોની ઉપેક્ષા કરીને ચાર પુત્રોને છોડાવવાનો પ્રારંભ કર્યો. આ પ્રમાણે ચારને પણ ન છોડ્યા એટલે ત્રણ, બે અને છેવટે પાંચની ઉપેક્ષા કરીને એક મોટા પુત્રને છોડવાની વિનંતિ કરી. તેથી નજીકમાં રહેલા મંત્રી અને પુરોહિત વગેરેની અતિશય પ્રાર્થનાથી અને '' મૂળમાંથી કુળનો ઉચ્છેદ કરવો એ મોટા પાપ માટે થાય છે'' એમ વિચારીને જેના ક્રોધની તીવ્રતા કંઇક ઓછી થઇ છે એવા રાજાએ એક મોટા પુત્રને છોડ્યો.

અહીં અર્થનો ઉપનય આ પ્રમાણે છેઃ- જે પ્રમાણે તે વસંતપુર નગર છે તે

પ્રમાણે આ સંસાર છે, જે પ્રમાણે તે રાજા છે એ પ્રમાણે આ શ્રાવક છે, જે પ્રમાણે તે શ્રેષ્ઠી છે તે પ્રમાણે આ ગુરુ છે, જે પ્રમાણે પુત્રો છે તે પ્રમાણે આ છ જીવનિકાય છે. જે પ્રમાણે પાંચ પુત્રોની ઉપેક્ષા કરીને એક પુત્રને છોડાવવા છતાં તેના પિતાને પાંચ પુત્રોના વધની અનુમતિ રૂપ દોષ લાગતો નથી, તે પ્રમાણે ગુરુ પોતાના પુત્ર સમાન છ જીવનિકાયોને પ્રવ્રજ્યા સ્વીકારવાનો ઉત્સાહ થાય તેવા તે તે ઉપાયોથી ગૃહસ્થ હોવાના કારણે છ જીવનિકાયના વધમાં પ્રવૃત્ત થયેલા શ્રાવકથી છોડાવે છે, પણ એ શ્રાવક જ્યારે હજી પણ તે છ જીવનિકાયોને છોડવા ઉત્સાહિત બનતો નથી ત્યારે પાંચ જીવનિકાયોની ઉપેક્ષા કરીને મોટા પુત્ર સમાન ત્રસકાયને છોડાવવા છતાં ગુરુને પાંચ જીવનિકાયના વધની અનુમતિરૂપ દોષ લાગતો નથી. (૧૩)

**विधिनाऽणुव्रतादिप्रदान**मित्युक्तं प्रागतस्तमेव दर्शयति–

**योग-वन्दन-निमित्त-दिगाकारशुद्धिर्विधिः ॥१४॥१४७॥ इति ।**

इह **शुद्धि**शब्दः प्रत्येकमभिसंबाध्यते, ततो योगशुद्धिर्वन्दन-शुद्धिर्निमित्तशुद्धिर्दिक्शुद्धिराकारशुद्धिश्च **विधिः** अणुव्रतादिप्रतिपत्तौ भवति, तत्र **योगाः** काय-वाङ्-मनोव्यापारलक्षणाः, तेषां शुद्धिः सोपयोगात्वरगमन-निरवद्यभाषण-शुभचिन्तनादिरूपा, **वन्दन**शुद्धिः अस्खलितामिलितप्रणिपातादि-दण्डक-समुच्चारणाऽसंभ्रान्तकायोत्सर्गकरणलक्षणा, **निमित्त**शुद्धि : तत्कालोच्छलितशङ्ख-पणवादिनिनादश्रवण-पूर्णकुम्भ-भृङ्गार-च्छत्र-ध्वज-चामराद्यवलोकन-शुभगन्धाघ्राणादिस्वभावा, **दिक्**शुद्धिः प्राच्युदीची-जिन-जिनचैत्याद्यधिष्ठिताशासमाश्रयणस्वरूपा, **आकार**शुद्धिस्तु राजाद्यभियोगादिप्रत्याख्यानापवादमुक्तीकरणात्मिकेति ॥१४॥

**પૂર્વે (ત્રીજા અધ્યાયના આઠમા સૂત્રમાં) અણુવ્રત આદિ વ્રતો વિધિથી આપવા એમ કહ્યું છે, આથી વિધિને જ બતાવે છે. :-**

**અણુવ્રત આદિનો સ્વીકાર કરવામાં યોગશુદ્ધિ, વંદનશુદ્ધિ, નિમિત્તશુદ્ધિ, દિશાશુદ્ધિ અને આગારશુદ્ધિ એ વિધિ છે.**

**યોગશુદ્ધિઃ**- કાયા, વચન અને મનનો વ્યાપાર (=પ્રવૃત્તિ) એ યોગો છે. કાયાનો વ્યાપાર તે કાયયોગ, વચનનો વ્યાપાર તે વચનયોગ, મનનો વ્યાપાર તે મનોયોગ એમ ત્રણ યોગો છે. તેમાં ઉપયોગપૂર્વક અને ઉતાવળ વિના જવું ઇત્યાદિ કાયયોગની શુદ્ધિ છે. પાપરહિત વચન બોલવું ઇત્યાદિ વચનયોગની શુદ્ધિ છે.

શુભચિંતન કરવું ઇત્યાદિ મનોયોગની શુદ્ધિ છે.

**વંદનશુદ્ધિ :** 'પ્રણિપાત' વગેરે દંડક સૂત્રોનું અસ્ખલિત અને અમિલિત આદિ ગુણોથી યુક્ત ઉચ્ચારણ કરવું અને ભ્રાન્તિ વિના કાયોત્સર્ગ કરવો એ વંદનશુદ્ધિ છે. અસ્ખલિત આદિ ગુણો આ પ્રમાણે છેઃ- **અસ્ખલિતઃ** અચકાયા વિના બોલવું, અર્થાત્ જેમ ખેડૂત હળ ખેડે છે ત્યારે પથ્થર વગેરેના અવરોધથી હળ ખચકાય છે, તેમ સૂત્રો બોલતાં ખચકાવું ન જોઈએ. **અમીલિતઃ** ઉતાવળથી પદો એકી સાથે ન બોલી જતાં દરેક પદ છૂટું છૂટું બોલવું. **અવ્યત્યામ્રેડિતઃ** જ્યાં અટકવાનું હોય ત્યાં જ અટકવું, ન અટકવાનું હોય ત્યાં ન અટકવું, અર્થાત્ સંપદા પ્રમાણે બોલવું. **પ્રતિપૂર્ણઃ** અનુસ્વાર, માત્રા વગેરે દબાઈ ન જાય તેમ શુદ્ધ બોલવું. **પ્રતિપૂર્ણ ઘોસઃ** ઉદાત્ત, અનુદાત્ત (ઊંચેથી, ધીમેથી, લંબાવીને કે ટુંકાવીને) વગેરે જેવા ઉચ્ચારથી બોલવાનું હોય તેવા ઉચ્ચારથી બોલવું. **કંઠોષ્ઠવિપ્રમુક્તઃ** સૂત્રો બાલકની જેમ અસ્પષ્ટ ન બોલતાં સ્પષ્ટ બોલવાં. **ગુરુવચનોપગતઃ** સૂત્રો ગુરુ પાસેથી શિખેલાં હોવાં જોઈએ.

નમુત્થુણં સૂત્રને પ્રણિપાત (= નમસ્કાર) સૂત્ર કહેવામાં આવે છે. નમુત્થુણં, અરિહંત ચેઈઆણં, લોગસ્સ, પુક્ખરવરદીવડ્ઢે અને સિદ્ધાણં બુદ્ધાણં એ પાંચ સૂત્રોની 'દંડક' સંજ્ઞા છે.

**નિમિત્તશુદ્ધિ :-** શંખ અને નગારા વગેરે (વાજિંત્રો) ના ધ્વનિનું શ્રવણ, પૂર્ણકુંભ, ઝારી, છત્ર, ધ્વજ અને ચામર આદિનાં દર્શન, શુભ ગંધ આવવી વગેરે નિમિત્તશુદ્ધિ છે. **દિશાશુદ્ધિ :-** પૂર્વ કે ઉત્તરદિશા તરફ, અથવા જિન કે જિનમંદિર વગેરે જે દિશામાં હોય તે દિશા તરફ મુખ રહે તે રીતે વ્રતોનો સ્વીકાર કરવો તે દિશાશુદ્ધિ છે. **આગારશુદ્ધિ :-** પ્રત્યાખ્યાનના રાજાભિયોગ વગેરે છ આગારોની છૂટી રાખવી તે આગારશુદ્ધિ છે. (૧૪)

तथा— **उचितोपचारश्च ॥१५॥१४८॥ इति ।**

**उचितो** देव-गुरु-साधर्मिक-स्वजन-दीना-ऽनाथादीनामुपचारार्हाणां यो यस्य योग्य **उपचारो** धूप -पुष्प-वस्त्र-विलेपना-ऽऽसनदानादिगौरवात्मकः, स **च, विधि**रित्यनुवर्त्तत इति ॥१५॥

**તથા આ પણ વિધિ છેઃ-**

**યોગ્ય ઉપચાર કરવો એ વિધિ છે.** ઉપચારને યોગ્ય એવા દેવ-ગુરુ-સાધર્મિક-સ્વજન-દીન-અનાથ આદિનો ઉપચાર કરવો એ પણ વિધિ છે. અહીં ઉપચાર એટલે ધૂપ, પુષ્પ, વસ્ત્ર, વિલેપન અને આસન આપવું વગેરેથી ગૌરવ કરવો. (૧૫)

अथाणुव्रतादीन्येव क्रमेण दर्शयन्नाह–

**स्थूलप्राणातिपातादिभ्यो विरतिरणुव्रतानि पञ्च ॥१६॥१४९॥ इति ।**

इह प्राणातिपातः प्रमत्तयोगात् प्राणिव्यपरोपणरूपः, स च स्थूलः सूक्ष्मश्च, तत्र सूक्ष्मः पृथिव्यादिविषयः, स्थूलश्च द्वीन्द्रियादित्रसगोचरः, स्थूलश्चासौ प्राणातिपातश्चेति स्थूलप्राणातिपातः, **आदि**शब्दात् स्थूलमृषावादा-ऽदत्तादाना-ऽब्रह्म-परिग्रहाः परिगृह्यन्ते, ते च प्रायः प्रतीतरूपा एव, ततस्तेभ्यः **स्थूलप्राणातिपातादिभ्यः** पञ्चभ्यो महापातकेभ्यो **विरतिः** विरमणम्, किमित्याह- साधुव्रतेभ्यः सकाशात् **अणूनि** लघूनि **व्रतानि** नियमरूपाणि अणुव्रतानि, कियन्तीत्याह- **पञ्चेति** पञ्चसंख्यानि पञ्चाणुव्रतानीति, बहुवचननिर्देशेऽपि यद् विरतिरित्येकवचननिर्देशः स सर्वत्र **विरति**सामान्यापेक्षयेति ॥१६॥

**હવે અણુવ્રતો વગેરેને જ ક્રમશઃ બતાવતા ગ્રંથકાર કહે છે :-**

**સ્થૂલપ્રાણાતિપાત આદિથી વિરમવું (= અટકવું) એ પાંચ અણુવ્રતો છે.** પ્રમાદના કારણે જીવનો નાશ કરવો એ પ્રાણાતિપાત (=હિંસા) છે. પ્રાણાતિપાતના સ્થૂલ અને સૂક્ષ્મ એમ બે પ્રકાર છે. પૃથ્વીકાય આદિ પ્રાણીઓનો નાશ કરવો એ સૂક્ષ્મ પ્રાણાતિપાત છે. બેઇંદ્રિય આદિ ત્રસજીવોનો નાશ કરવો એ સ્થૂલ પ્રાણાતિપાત છે. અહીં આદિશબ્દથી સ્થૂલમૃષાવાદ, સ્થૂલ અદત્તાદાન, સ્થૂલ અબ્રહ્મ અને સ્થૂલ પરિગ્રહ એ ચાર અણુવ્રતો જાણવા. તે અણુવ્રતોનું સ્વરૂપ લગભગ પ્રસિદ્ધ જ છે. સ્થૂલ પ્રાણાતિપાત વગેરે પાંચ મોટાં પાપોથી વિરમવું એ પાંચ અણુવ્રતો છે. સાધુના વ્રતોની અપેક્ષાએ આ વ્રતો = નિયમો નાના હોવાથી અણુવ્રતો છે. અણુવ્રતો એટલે નાનાં વ્રતો. સૂત્રમાં अणुव्रतानि એ પ્રમાણે બહુવચનમાં નિર્દેશ કર્યો હોવા છતાં विरतिः એ પ્રમાણે એકવચનમાં જે નિર્દેશ કર્યો તે બધા સ્થળે વિરતિની સમાનતાની અપેક્ષાએ છે, અર્થાત્ પાંચે અણુવ્રતોમાં વિરતિ સમાન છે એ અપેક્ષાએ એકવચનમાં નિર્દેશ કર્યો છે. (૧૬)

तथा– **दिग्व्रत - भोगोपभोगमाना - ऽनर्थदण्डविरतयस्त्रीणि गुणव्रतानि ॥१७॥१५०॥ इति ।**

दिशो ह्यनेकप्रकाराः शास्त्रे वर्णिताः, तत्र सूर्योपलक्षिता पूर्वा, शेषाश्च पूर्वदक्षिणादिकाः सप्त, तथा ऊर्ध्वमधश्च द्वे, एवं दशसु दिक्षु विषये गमनपरिमाणकरणलक्षणं **व्रतं** नियमो **दिग्व्रतम्,** भुज्यते सकृदेवासेव्यते यदशनादि तद् भोगः, पुनः पुनर्भुज्यते वसन-विलयादि यत् तदुपभोगः, ततो भोगश्चोपभोगश्च भोगोपभोगौ तयोर्मानं परिमाणं **भोगोपभोगमानम्, अर्थः** प्रयोजनं धर्म-स्वजनेन्द्रियगतशुद्धोपकारस्वरूपम्, तस्मै अर्थाय दण्डः सावद्यानुष्ठानरूपः, तत्प्रतिषेधादनर्थदण्डः, स च चतुर्द्धा - अपध्यानाचरित - प्रमादाचरित - हिंस्रप्रदान - पापकर्मोपदेशभेदात्, तस्य विरति**रनर्थदण्डविरतिः**, ततः दिग्व्रतं च भोगोपभोगमानं चानर्थदण्डविरतिश्चेति समासः, किमित्याह- **त्रीणि** त्रिसंख्यानि **गुणव्रतानि** गुणाय उपकाराय व्रतानि भवन्ति, गुणव्रतप्रतिपत्तिमन्तरेणाणुव्रतानां तथाविधशुद्ध्यभावादिति ॥१७॥

**દિગ્વ્રત, ભોગોપભોગમાન અને અનર્થ દંડ એ ત્રણ ગુણવ્રતો છે.** શાસ્ત્રમાં અનેક પ્રકારની દિશાઓ વર્ણવી છે. તેમાં સૂર્યથી જણાયેલી દિશા પૂર્વ દિશા છે, અર્થાત્ જે તરફ સૂર્ય ઉગે છે તે તરફની દિશા પૂર્વ દિશા છે. બાકીની અગ્નિકોણ વગેરે સાત દિશાઓ છે. તથા ઊર્ધ્વ દિશા અને અધોદિશા એ બે દિશાઓ છે. આ પ્રમાણે દશ દિશાઓમાં જવાનું પરિમાણ કરવારૂપ વ્રત એ દિગ્વ્રત છે. અશન વગેરે જે વસ્તુ એક જ વાર ભોગવી શકાય (= ઉપયોગમાં લઈ શકાય) તે ભોગ છે. વસ્ત્ર અને સ્ત્રી વગેરે જે વસ્તુ વારંવાર ભોગવી શકાય તે ઉપભોગ છે. ભોગ અને ઉપભોગનું માન = પરિમાણ કરવું તે ભોગોપભોગમાન. અર્થ એટલે પ્રયોજન. ધર્મ, સ્વજન અને ઈંદ્રિયોને ● શુદ્ધ ઉપકાર થાય એ પ્રયોજન છે. દંડ એટલે પાપનું સેવન. અર્થ માટે પાપનું સેવન એ અર્થ દંડ. જે દંડ અર્થ માટે ન હોય તે અનર્થ દંડ, અર્થાત્ જે પાપસેવનથી ધર્મ, સ્વજન અને ઈંદ્રિયોને શુદ્ધ ઉપકાર ન થાય તે પાપસેવન અનર્થ દંડ છે. અનર્થ દંડના અપધ્યાનાચરણ, પ્રમાદાચરણ, હિંસકપ્રદાન અને પાપકર્મોપદેશ એમ ચાર પ્રકાર છે. અનર્થ દંડની વિરતિ તે અનર્થ દંડવિરતિ. આ ત્રણ વ્રતો ગુણ માટે = ઉપકાર માટે થાય છે માટે ગુણવ્રતો છે. કારણ કે આ

● ધર્મ, સ્વજન અને ઈંદ્રિયો માટે અનિવાર્ય હોય તેવો ઉપકાર શુદ્ધ છે, અર્થાત્ ધર્મ આદિ માટે જે પાપસેવન અનિવાર્ય હોય તે પાપસેવન શુદ્ધ ઉપકાર છે. અન્ય અશુદ્ધ ઉપકાર છે.

પ્રતોના સ્વીકાર વિના અણુવ્રતોની તેવા પ્રકારની શુદ્ધિ થતી નથી. (૧૭)

तथा - **सामायिक-देशावकाश-पोषधोपवास-ऽतिथि-संविभागश्चत्वारि शिक्षापदानि ॥१८॥१५१॥ इति ॥**

**समानां** मोक्षसाधनं प्रति सदृशसामर्थ्यानां सम्यग्दर्श-ज्ञान-चारित्राणा**मायो** लाभः **समस्य** वा रागद्वेषान्तरालवर्त्तितया मध्यस्थस्य सतः **आयः** सम्यग्दर्शनादिलक्षणः समायः, **साम्नो** वा सर्वजीवमैत्रीभावलक्षणस्य **आयः** सामायः, सर्वत्र स्वार्थिकेकण्प्रत्ययोपादानात् सामायिकं सावद्ययोगपरिहार - निरवद्ययोगानुष्ठानरूपो जीवपरिणामः। **देशे** विभागे प्राक्प्रतिपन्नदिग्व्रतस्य योजनशतादिपरिमाणरूपस्य **अवकाशो** गोचरो यस्य प्रतिदिनं प्रत्याख्येयतया तत् तथा, पोषं धत्ते **पोषधः** अष्टमी - चतुर्दश्यादिः पर्वदिवसः, **उपे**ति सह अपवृत्तदोषस्य सतो गुणैराहारपरिहारादिरूपै**र्वासः** उपवासः, यथोक्तम् -

अपवृत्तस्य दोषेभ्यः सम्यग्वासो गुणैः सह।
उपवासः स विज्ञेयो न शरीरविशोषणम् ॥१०७॥ (ब्रह्मप्रकरणे २४१) इति ।

ततः पोषधेषूपवासः **पोषधोपवासः। अतिथयो** वीतरागधर्मस्थाः साधवः साध्व्यः श्रावकाः श्राविकाश्च, तेषां न्यायागतकल्पनीयादिविशेषणानामन्नपानादीनां संगतवृत्त्या **विभजनं** वितरणं **अतिथिसंविभागः,** तथा च उमास्वातिवाचकविरचितश्रावकप्रज्ञप्तिसूत्रं यथा- अतिथिसंविभागो नाम अतिथयः साधवः साध्व्यः श्रावकाः श्राविकाश्च, एतेषु गृहमुपागतेषु भक्त्याऽभ्युत्थाना-ऽऽसनदान-पादप्रमार्जन-नमस्कारादिभिरर्चयित्वा यथाविभवशक्ति अन्न-पान-वस्त्रौषधा-ऽऽलयादिप्रदानेन संविभागः कार्यः ( ) इति, **ततः** सामायिकं च देशावकाशं च पोषधोपवासश्चातिथिसंविभागश्चेति समासः, **चत्वारीति** चतुःसंख्यानि, किमित्याह- **शिक्षापदानि,** शिक्षा साधुधर्माभ्यासः, तस्य **पदानि** स्थानानि भवन्ति ॥१८॥

**સામાયિક, દેશાવકાશ, પૌષધોપવાસ અને અતિથિસંવિભાગ એ ચાર શિક્ષાપદો છે.**

સમનો આય=લાભ તે સમાય. અહીં સમ એટલે મોક્ષને સાધવામાં સમાન • સામર્થ્યવાળા જ્ઞાન, દર્શન અને ચારિત્ર. સમનો એટલે કે જ્ઞાન-દર્શન-ચારિત્રનો

• જ્ઞાન- દર્શન અને ચારિત્ર એ ત્રણે મળીને જ મોક્ષનું સાધન બને છે. માટે જ્ઞાન - દર્શન - ચારિત્ર મોક્ષને સાધવામાં સમાન સામર્થ્યવાળા છે.

લાભ તે સમાય. અથવા સમ એટલે રાગ અને દ્વેષની વચ્ચે રહેવાના કારણે મધ્યસ્થ એવો જીવ, સમને = મધ્યસ્થ રહેનારને સમ્યગ્દર્શન આદિનો જે લાભ તે સમાય. અથવા સમ શબ્દના સ્થાને सामन् શબ્દ સમજવો. સામન્ એટલે સર્વજીવો પ્રત્યે મૈત્રીભાવ. સામન્‌નો એટલે કે સર્વ જીવો પ્રત્યે મૈત્રીભાવનો લાભ તે સમાય. અહીં જણાવેલી ત્રણે વ્યુત્પત્તિમાં સ્વાર્થમાં इकण् પ્રત્યય લેવાથી સામાયિક શબ્દ બને. સામાયિક એ જીવનો સાવદ્ય યોગના પરિહાર રૂપ અને નિરવદ્યયોગના આચરણ રૂપ પરિણામ છે, અર્થાત્ સામાયિક એટલે સાવદ્યયોગને તજવાનો અને નિરવદ્યયોગને આચરવાનો જીવનો પરિણામ.

પૂર્વે સ્વીકારેલા દિગ્વ્રતમાં સો યોજન વગેરે જે પરિમાણ કર્યું હોય તે પરિમાણના દેશમાં = વિભાગમાં જેનો અવકાશ = સ્થાન છે તે દેશાવગાશ.

**પ્રશ્નઃ** દિગ્વ્રતમાં કરેલા પરિમાણના દેશમાં આ વ્રતનું સ્થાન કેવી રીતે છે?

**ઉત્તરઃ** દિગ્વ્રતમાં એકી સાથે અમુક કાળ સુધી સો યોજન વગેરે પરિમાણ કર્યું હોય છે. એ પરિમાણનો આ વ્રતમાં દરરોજ સંક્ષેપ કરવામાં આવે છે. સંક્ષેપ કરીને દરરોજ તેનું પચ્ચક્ખાણ કરવામાં આવે છે. માટે આ દિગ્વ્રતમાં કરેલા પરિમાણના દેશમાં આ વ્રતનું સ્થાન છે.

(ટીકામાં આવેલા શબ્દોનો આ ભાવાર્થ લખ્યો છે. તેનો સાર આ પ્રમાણે છે:- દિગ્વ્રતમાં દશ દિશાઓમાં જવાની જે હદ નક્કી કરી હોય તેમાં પણ દરરોજ યથાયોગ્ય અમુક દેશનો (= ભાગનો) સંક્ષેપ કરવો તે દેશાવગાસિક. દા. ત. દરેક દિશામાં હજાર કિલોમીટરથી દૂર ન જવું એમ દિગ્વ્રતમાં પરિમાણ કર્યું છે. તો આ વ્રતમાં દરરોજ જ્યાં જ્યાં જવાની સંભાવના હોય તેટલો જ દેશ છૂટો રાખી બાકીના દેશનો નિયમ કરવો. આ વ્રત દરરોજ લેવામાં આવે છે. દિગ્વ્રત બારવ્રતો સ્વીકારતી વખતે એકજ વાર લેવામાં આવે છે.)

પુષ્ટિને કરે તે પૌષધ. આઠમ અને ચૌદશ વગેરે પર્વદિવસ પૌષધ છે. (કારણ કે પર્વદિવસ આત્માની પુષ્ટિ કરે છે.) જેના દોષો દૂર થયા છે એવા આત્માનો આહારત્યાગ વગેરે ગુણોની સાથે વાસ તે ઉપવાસ. કહ્યું છે કે **"દોષોથી દૂર થયેલા આત્માનો ગુણોની સાથે સારી રીતે વાસ થાય તે ઉપવાસ જાણવો, પણ શરીરને શુકવી નાખવું એ ઉપવાસ નથી."** પૌષધમાં ઉપવાસ કરવો તે પૌષધોપવાસ વ્રત, અર્થાત્ પર્વદિવસે ઉપવાસ કરવો તે પૌષધોપવાસ વ્રત.

વીતરાગના ધર્મમાં રહેલા સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકા અતિથિ છે.

સ્નેહભાવથી વિભાગ કરવો = આપવું તે સંવિભાગ. સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકાને ન્યાયથી પ્રાપ્ત થયેલ અને કલ્પનીય વગેરે પ્રકારના અન્ન - પાન વગેરેનું સ્નેહભાવથી દાન કરવું તે અતિથિ સંવિભાગ વ્રત. આ વિષે વાચક શ્રી ઉમાસ્વાતિમહારાજાએ રચેલા શ્રાવક પ્રજ્ઞપ્તિ સૂત્રમાં આ પ્રમાણે કહ્યું છે :- **"સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકા અતિથિ છે. તેઓ ઘરે આવે ત્યારે ભક્તિથી ઊભા થવું, બેશવા માટે આસન આપવું, ચરણોનું પ્રમાર્જન કરવું, નમસ્કાર કરવા ઈત્યાદિથી તેમની પૂજા કરીને પોતાની વૈભવશક્તિ પ્રમાણે અન્ન, પાણી, વસ્ત્ર, ઔષધ અને વસતિ વગેરે આપવા વડે સંવિભાગ કરવો જોઈએ."**

સામાયિક, દેશાવકાશ, પૌષધોપવાસ અને અતિથિ સંવિભાગ એ ચાર વ્રતોને શિક્ષાપદો કહેવામાં આવે છે. શિક્ષા એટલે સાધુધર્મનો અભ્યાસ. પદો એટલે સ્થાનો. આ ચાર વ્રતો સાધુધર્મનો અભ્યાસ કરવાનાં સ્થાનો છે. (૧૮)

ततश्च

**एतदारोपणं दानं यथाऽर्हं, साकल्य-वैकल्याभ्याम् ॥१९॥१५२॥ इति ।**

इह **तेषामणुव्रतादीनां** प्रागुक्तलक्षणे धर्मार्हे प्राणिनि **यदारोपणं** उक्तविधिनैव निक्षेपणम्, तत् किमित्याह- **दानं** प्रागुपन्यस्तमभिधीयते, कथमित्याह-**यथार्हं** यथायोग्यम्, काभ्यामित्याह- **साकल्य-वैकल्याभ्याम्,** साकल्येन समस्ताणुव्रत-गुणव्रत-शिक्षापदाध्यारोपलक्षणेन वैकल्येन वा अणुव्रतादीनामन्यतमारोपणेनेति ॥१९॥

**યથાયોગ્ય સંપૂર્ણપણે કે ન્યૂનપણે અણુવ્રત વગેરેનું આરોપણ કરવું તે દાન છે.** પહેલાં (અ ૦ ૩ સૂ૦ ૮ માં) જેનું લક્ષણ જણાવ્યું છે તેવા ધર્મયોગ્ય જીવમાં પૂર્વે ( = અ૦ ૩ સૂ ૦ ૧૩ - ૧૪ માં) કહેલી વિધિથી જ અણુવ્રત વગેરેનું જે આરોપણ કરવું તે દાન કહેવાય છે. (પૂર્વે અ૦ ૩ સૂ૦ ૮ માં અણુવ્રત આદિનું દાન કરવું એમ કહ્યું છે. આથી દાન કરવું એટલે શું એ આ સૂત્રમાં જણાવ્યું. અણુવ્રત આદિનું દાન કરવું એટલે અણુવ્રત આદિનું જીવમાં આરોપણ કરવું.) આ આરોપણ સંપૂર્ણપણે અને ન્યૂનપણે એમ બે રીતે કરવામાં આવે છે. સમસ્ત અણુવ્રતો, ગુણવ્રતો અને શિક્ષાપદોનું આરોપણ કરવું તે સંપૂર્ણપણે આરોપણ છે. કોઈ એક વગેરે અમુક જ વ્રતોનું આરોપણ કરવું તે ન્યૂનપણે આરોપણ છે. (૧૯)

एवं सम्यक्त्वमूलकेष्वणुव्रतादिषु समारोपितेषु यत् करणीयं तदाह–

**गृहीतेष्वनतिचारपालनम् ॥२०॥१५३॥ इति ।**

**गृहीतेषु** प्रतिपन्नेषु सम्यग्दर्शनादिषु गुणेषु, किमित्याह- **निरतिचारपालन**मिति, अतिचारो विराधना देशभङ्ग इत्येकोऽर्थः, अविद्यमानोऽतिचारो येषु तानि **अनतिचाराणि,** तेषाम् **अनुपालनं** धरणं कार्यम्, अतिचारदोषोपघातेन हि कुवातोपहतसस्यानामिव स्वफलप्रसाधनं प्रत्यसमर्थत्वादमीषामिति॥२०॥

**આ પ્રમાણે સમ્યક્ત્વ જેનું મૂલ છે એવાં અણુવ્રત વગેરે વ્રતોનું આરોપણ થયા પછી જે કરવું જોઈએ તે કહે છે :-**

**સમ્યગ્દર્શન વગેરે ગુણોનો સ્વીકાર કર્યા પછી તેમનું અતિચાર રહિત પાલન કરવું જોઈએ.** અતિચાર, વિરાધના અને દેશભંગ એ ત્રણે શબ્દોનો એક અર્થ છે. અતિચાર દોષથી હણાયેલા (=મલિન બનેલા) સમ્યગ્દર્શન વગેરે ગુણો દુષ્ટવાયુથી હણાયેલા ધાન્યની જેમ પોતાનું ફળ સાધવા સમર્થ બનતા નથી. (૨૦)

**अनतिचारपालन**मित्युक्तम्, अथातिचारानेवाह–

**शङ्का-काङ्क्षा-विचिकित्सा-ऽन्यदृष्टिप्रशंसा-संस्तवाः सम्यग्दृष्टेरतीचाराः ॥२१॥१५४॥ इति ।**

इह **शङ्का काङ्क्षा विचिकित्सा** च **ज्ञानाद्याचारकथन**मिति सूत्रव्याख्योक्तलक्षणा एव, **अन्यदृष्टीनां** सर्वज्ञप्रणीतदर्शनव्यतिरिक्तानां शाक्य-कपिल-कणादा-ऽक्षपादादिप्रणीतमतवर्त्तिनां पाषण्डिनां प्रशंसा-संस्तवौ **अन्यदृष्टिप्रशंसा-संस्तवौ,** तत्र 'पुण्यभाज एते' 'सुलब्धमेषां जन्म' 'दयालव एते' इत्यादिका **प्रशंसा, संस्तव**श्चेह संवासजनितः परिचयः वसन-भोजनदाना-ऽऽलापादिलक्षणः परिगृह्यते, न स्तवरूपः, तथा च लोके प्रतीत एव संपूर्वः स्तौतिः परिचये, 'असंस्तुतेषु प्रसभं भयेषु' (          ) इत्यादाविवेति, ततः शङ्का च काङ्क्षा च विचिकित्सा च अन्यदृष्टिप्रशंसा-संस्तवौ चेति समासः, किमित्याह– **सम्यग्दृष्टेः** सम्यग्दर्शनस्य **अतीचारा** विराधनाप्रकाराः संपद्यन्ते, शुद्धतत्त्वश्रद्धानबाधाविधायित्वादिति ॥२१॥

**અતિચાર રહિત પાલન કરવું જોઈએ એમ કહ્યું. આથી હવે અતિચારોને જ કહે છે:-**

**શંકા, કાંક્ષા, વિચિકિત્સા, અન્યદૃષ્ટિપ્રશંસા અને અન્યદૃષ્ટિ સંસ્તવ**

**સમ્યગ્દર્શનના અતિચારો છે.**

શંકા, કાંક્ષા, અને વિચિકિત્સા શબ્દની વ્યાખ્યા ज्ञानाद्याचारकथनम् (૨-૧૧) એ સૂત્રમાં જે પ્રમાણે કહી છે તે પ્રમાણે જ જાણવી. અન્યદૃષ્ટિપ્રશંસા અને અન્યદૃષ્ટિસંસ્તવની વ્યાખ્યા આ પ્રમાણે છેઃ- અન્યદૃષ્ટિ એટલે સર્વજ્ઞપ્રણીત દર્શનથી અન્ય શાક્ય, કપિલ, કણાદ અક્ષપાદ વગેરે પુરુષોએ રચેલા દર્શનમાં ( = મતમાં) રહેલા પાખંડીઓ. તેમની ''આ લોકો પુણ્યશાલી છે, એમનો જન્મ સફલ છે, એ લોકો દયાળુ છે'' ઈત્યાદિ પ્રશંસા કરવી તે અન્યદૃષ્ટિ પ્રશંસા. સંસ્તવ એટલે પરિચય. અન્યદૃષ્ટિઓની સાથે રહેવાથી તેમને વસ્ત્ર આપવું, નિવાસ આપવો, ભોજન આપવું, તેમની સાથે બોલવું વગેરે રીતે તેમનો પરિચય કરવો તે અન્યદૃષ્ટિસંસ્તવ.

**પ્રશ્ન :** સંસ્તવ શબ્દનો અર્થ સ્તુતિ કરવી એવો છે, તો અહીં 'પરિચય' અર્થ કેમ કર્યો? **ઉત્તર :** લોકમાં સંપૂર્વક સ્તુ ધાતુ પરિચય અર્થમાં પ્રસિદ્ધ છે. જેમકે असंस्तुतेषु प्रसभं भयेषु ( = બલાત્કારથી અપરિચિત ભયોમાં) ઈત્યાદિ સ્થળે સંપૂર્વક સ્તુ ધાતુ પરિચય અર્થમાં છે.

શંકા વગેરે પાંચ દોષો સમ્યગ્દર્શનના અતિચારો = વિરાધનાના પ્રકારો છે. કારણ કે શંકા વગેરે દોષો શુદ્ધ તત્ત્વશ્રદ્ધામાં બાધા કરનારા છે. (૨૧)

तथा– **व्रतशीलेषु पञ्च पञ्च यथाक्रमम्** ॥२२॥१५५॥ **इति ।**

**व्रतेषु** अणुव्रतेषु **शीलेषु** च गुणव्रत - शिक्षापदलक्षणेषु **पञ्च पञ्च यथाक्रमं** यथापरिपाटि **अतीचारा** भवन्तीति सर्वत्रानुवर्त्तते इति ॥२२॥

**વ્રતમાં અને શીલમાં ક્રમશઃ પાંચ પાંચ અતિચારો થાય છે.** વ્રત એટલે અણુવ્રતો. શીલ એટલે ગુણવ્રતો અને શિક્ષાવ્રતો . (૨૨)

तत्र प्रथमाणुव्रते–

**बन्ध-वध-च्छविच्छेदा-ऽतिभारारोपणा-ऽन्नपाननिरोधाः** ॥२३॥१५६॥ **इति।**

स्थूलप्राणातिपातविरतिलक्षणस्याणुव्रतस्य बन्धो वधः छविच्छेदोऽतिभारारोपणमन्नपाननिरोधश्चेत्यतीचाराः, तत्र **बन्धो** रज्जुदामकादिना संयमनम्, **वधः** कशादिभिर्हननम्, **छविः** त्वक्, तद्योगाच्छरीरमपि छविः, तस्य **छेदः** असिपुत्रिकादिभिः

पाटनम्, तथाऽतीव भारोऽ**तीभारः** प्रभूतस्य पूगफलादेर्गवादिपृष्ठादावा**रोपणम्**, तथा **अन्न-पानयोः** भोजनोदकयो**र्निरोधः** व्यवच्छेदः अन्नपाननिरोधः, एते च क्रोधलोभादिकषायमलकलङ्कितान्तःकरणस्य प्राणिप्राणप्रहाणनिरपेक्षस्य सतो जन्तोरतिचारा भवन्ति, सापेक्षस्य तु बन्धादिकरणेऽपि सापेक्षत्वान्नातिचारत्वमेषामिति । अत्र चाय**मावश्यकचूर्ण्या**द्युक्तो विधिः- बन्धो द्विपदानां चतुष्पदानां वा स्यात्, सोऽप्यर्थायानर्थाय वा, तत्रानर्थाय तावन्नासौ विधातुं युज्यते, अर्थाय पुनरसौ द्विविधः स्यात्, सापेक्षो निरपेक्षश्च, तत्र निरपेक्षो नाम यन्निश्चलमत्यर्थं बध्यते, सापेक्षः पुनर्यद् दामग्रन्थिना यश्च बद्धः सन् शक्यते प्रदीपनकादिषु विमोचयितुं वा छेत्तुं वा, एवं तावच्चतुष्पदानां बन्धः। द्विपदानां पुनरेवम्- दासो वा दासी वा चौरो वा पाठादिप्रमत्तपुत्रो वा यदि बध्यते तदा सविक्रमेणैव बन्धनीयो रक्षणीयश्च तथा यथाऽग्निभयादिषु न विनश्यति। तथा ते किल द्विपद-चतुष्पदाः श्रावकेण संग्रहीतव्याः ये अबद्धा एवासत इति १। वधोऽपि तथैव, नवरं निरपेक्षवधो निर्दयताडना, सापेक्षवधः पुनरेवम्- आदित एव भीतपर्षदा श्रावकेण भवितव्यम्, यदि पुनर्न करोति कोऽपि विनयं तदा तं मर्माणि मुक्त्वा लतया दवरकेण वा सकृद् द्विर्वा ताडयेदिति २। छविच्छेदोऽपि तथैव, नवरं निरपेक्षो हस्त-पाद-कर्ण-नासिका यन्निर्दयं छिनत्ति, सापेक्षः पुनर्यद् गण्डं वाऽरुर्वा छिन्द्याद्वा दहेद्वेति ३। तथाऽतिभारो नारोपयितव्यः, पूर्वमेव हि या च द्विपदादिवाहनेन जीविका सा श्राद्धेन मोक्तव्या, अथान्याऽसौ न भवेत् तदा द्विपदो यं भारं स्वयमुत्क्षिपत्यवतारयति च तं वाह्यते, चतुष्पदस्य तु यथोचितभारादसौ किञ्चिदूनः क्रियते, हल-शकटादिषु पुनरुचितवेलायामसौ मुच्यत इति ४। तथा भक्त-पानव्यवच्छेदो न कस्यापि कर्त्तव्यः, तीक्ष्णबुभुक्षो ह्यन्यथा म्रियते, सोऽप्यर्थानर्थादिभेदो बन्धवत् द्रष्टव्यः, नवरं सापेक्षो रोगचिकित्सार्थं स्यात्, अपराधकारिणि च वाचैव वदेत् 'अद्य ते न दास्यते भोजनादि', शान्तिनिमित्तं वोपवासं कारयेत् ५। किं बहुना?, यथा मूलगुणस्य प्राणातिपातविरमणस्यातिचारो न भवति तथा सर्वत्र यतनया यतितव्यमिति ।

ननु प्राणातिपात एव **व्रति**ना प्रत्याख्यातः, ततो बन्धादिकरणेऽपि न दोषो, विरतेरखण्डितत्वात्। अथ बन्धादयोऽपि प्रत्याख्यातास्तदा तत्करणे व्रतभङ्ग एव, विरतिखण्डनात्। किञ्च, बन्धादीनां प्रत्याख्येयत्वे विवक्षितव्रतेयत्ता विशीर्येत, प्रतिव्रतं **पञ्चा**नामतिचारव्रतानामाधिक्यादित्येवं न बन्धादीनामतिचारतेति, अत्रोच्यते, सत्यम्, प्राणातिपात एव प्रत्याख्यातो न बन्धादयः, केवलं तत्प्रत्याख्यानेऽर्थतस्तेऽपि प्रत्याख्याता इव द्रष्टव्याः, तदुपायत्वात् तेषाम्, न च बन्धादिकरणेऽपि व्रतभङ्ग, किं त्वतिचार एव,

कथम्?, इह द्विविधं व्रतम्– अन्तर्वृत्त्या बहिर्वृत्त्या च, तत्र मारयामीति विकल्पाभावेन यदा कोपाद्यावेशात् परप्राणप्रहाणमविगणयन् बन्धादौ प्रवर्त्तते न च प्राणघातो भवति तदा दयावर्जिततया विरत्यनपेक्षप्रवृत्तित्वेन अन्तर्वृत्त्या व्रतस्य भङ्ग, प्राणिघाताभावाच्च बहिर्वृत्त्या पालनमिति देशस्य भञ्जनात् देशस्यैव च पालनादतिचारव्यपदेशः प्रवर्तते, तदुक्तम् -

न मारयामीति कृतव्रतस्य विनैव मृत्युं क इहातिचारः?।
निगद्यते यः कुपितो वधादीन् करोत्यसौ स्यान्नियमेऽनपेक्षः ॥१०८॥
मृत्योरभावान्नियमोऽस्ति तस्य कोपाद् दयाहीनतया तु भङ्गः।
देशस्य भङ्गादनुपालनाच्च पूज्या अतीचारमुदाहरन्ति ॥१०९॥ ( ) इति।

यच्चोक्तं 'व्रतेयत्ता विशीर्यते' इति, तदयुक्तम्, विशुद्धहिंसादिविरति**सद्भावे** हि बन्धादीनामभाव एवेति, तदेवं बन्धादयोऽतिचारा एवेति, बन्धादिग्रहणस्य चोपलक्षणत्वान्मन्त्र-तन्त्रप्रयोगादयोऽन्येऽप्येवमत्रातिचारतया दृश्या इति ॥२३॥

**તેમાં પ્રથમ અણુવ્રતમાં પાંચ અતિચારો આ પ્રમાણે છેઃ-**

**બંધ, વધ, છવિચ્છેદ, અતિભારારોપણ અને અન્નપાનનિરોધ એ પાંચ પ્રથમ અણુવ્રતના અતિચારો છે.**

**બંધઃ** બંધ એટલે પશુ વગેરેને દોરી - દોરડા વગેરેથી બાંધવા. **વધઃ** વધ એટલે ચાબુક વગેરેથી મારવું. **છવિચ્છેદઃ** છવિ એટલે ચામડી. તેના યોગથી શરીર પણ છવિ કહેવાય. આથી છવિચ્છેદ એટલે છરી વગેરેથી શરીરને છેદવું. **અતિભારારોપણ** એટલે બળદ આદિની પીઠ ઉપર સોપારી વગેરેનો ઘણો ભાર મૂકવો. **અન્નપાનનિરોધ** એટલે ભોજન-પાણી ન આપવા.

ક્રોધ અને લોભ આદિ કષાયરૂપ મલથી મલિન અંતઃકરણવાળો જીવ જીવના પ્રાણના નાશની અપેક્ષા રાખ્યા વિના બંધ વગેરે કરે તે બંધ વગેરે અતિચાર છે, અર્થાત્ શ્રાવક કષાયને વશ બનીને પ્રાણનાશની દરકાર કર્યા વિના નિર્દયપણે બંધ વગેરે કરે તે અતિચાર છે. જીવનો પ્રાણ ન જાય એની કાળજી રાખીને (દયાર્દ્ર હૃદયથી) બંધ વગેરે કરે તો પણ બંધ વગેરે અતિચાર રૂપ બનતા નથી. કારણકે જીવના પ્રાણ ન જવા જોઈએ એવી અપેક્ષા રહેલી છે.

અહીં આવશ્યકચૂર્ણિ આદિમાં કહેલો વિધિ આ પ્રમાણે છેઃ- **બંધઃ** બેપગા કે ચારપગા પ્રાણીઓનો બંધ હોય. તે બંધ પણ સકારણ અને નિષ્કારણ એમ બે પ્રકારે છે. તેમાં નિષ્કારણ બંધ કરવો યોગ્ય નથી. સકારણ બંધ સાપેક્ષ અને નિરપેક્ષ

એમ બે પ્રકારે છે. (નિર્દય બનીને) અતિશય મજબૂત બાંધવામાં આવે તે નિરપેક્ષ બંધ. આગ વગેરેના પ્રસંગે છોડી શકાય કે છેદી શકાય તેવી રીતે દોરીની ગાંઠ આદિથી બાંધવું તે સાપેક્ષ બંધ. આ પ્રમાણે ચોપગા પ્રાણીના બંધ વિષે કહ્યું. બેપગા (મનુષ્ય) પ્રાણીના બંધની વિગત આ પ્રમાણે છેઃ- દાસ, દાસી, ચોર કે ભણવા વગેરેમાં પ્રમાદી પુત્ર વગેરેને જો બાંધવાની જરૂર પડે તો તે ચાલી શકે - ખસી શકે કે અવસરે છૂટી શકે તે રીતે (ઢીલા બંધનથી) બાંધવું અને તેનું રક્ષણ કરવું કે જેથી અગ્નિભય વગેરેમાં તેનું મૃત્યુ ન થાય. શ્રાવકે બાંધ્યા વિના જ રાખી શકાય તેવા જ બેપગા કે ચોપગા પ્રાણી રાખવા જોઇએ.

**વધઃ** વધમાં પણ બંધની જેમ જાણવું. તેમાં નિરપેક્ષ એટલે નિર્દયપણે મારવું. સાપેક્ષ વધ અંગે વિધિ આ પ્રમાણે છેઃ- શ્રાવકે પ્રથમથી જ ભીતપર્ષદ બનવું જોઇએ. (જેથી પુત્રાદિ અવિનય વગેરે ન કરે, એથી મારવાનો પ્રસંગ જ ન આવે. છતાં) કોઇક વિનય ન કરે (એથી મારવાનો પ્રસંગ આવે) તો મર્મસ્થાનોને છોડીને લાત કે દોરીથી એક બે વાર મારે.

**છવિછેદઃ** છવિછેદ અંગે પણ બંધની જેમ જાણવું. નિર્દયપણે હાથ, પગ, કાન અને નાક વગેરેનો છેદ કરવો તે નિરપેક્ષ છવિછેદ છે. શરીરમાં થયેલ ગુમડું, ઘા-ચાંદી વગેરેને કાપી નાખવું કે બાળી નાખવું વગેરે સાપેક્ષ છવિછેદ છે.

**અતિભારારોપણઃ** શ્રાવકે પશુ આદિ ઉપર તે ન ઉપાડી શકે તેટલો ભાર ન મૂકવો જોઇએ. શ્રાવકે પ્રાણી ઉપર ભાર ઉંચકાવીને આજીવિકા ચાલે તેવો ધંધો ન કરવો જોઇએ. હવે જો બીજો ધંધો ન હોય તો મનુષ્ય પાસે તે સ્વયં જ ઉંચકી શકે અને નીચે ઉતારી શકે તેટલો જ ભાર ઉંચકાવવો જોઇએ, પશુ પાસે ઉચિત ભારથી કંઇક ઓછો ભાર ઉપડાવવો જોઇએ. હળ, ગાડા વગેરેમાં જોડેલા પશુઓને સમયસર છોડી દેવા જોઇએ.

**અન્ન - પાનનિરોધઃ** અન્ન-પાણીનો વિચ્છેદ કોઇને પણ ન કરવો જોઇએ, અન્યથા અતિશય ભૂખથી મરી જાય. અન્ન-પાનનિરોધના પણ સકારણ-નિષ્કારણ વગેરે પ્રકારો બંધની જેમ જાણવા. રોગના નાશ માટે અન્ન - પાનનો નિરોધ સાપેક્ષ છે. અપરાધ કરનારને માત્ર વાણીથી જ ''આજે તને આહાર આદિ નહીં આપવામાં આવે'' એમ કહે. (પણ સમય થતાં આહાર-પાણી આપવા.) શાંતિનિમિત્તે ઉપવાસ કરાવે. વિશેષ શું કહેવું ? ટુંકમાં ભાવ એ છે કે પ્રાણાતિપાતવિરતિરૂપ મૂલગુણમાં અતિચાર ન લાગે તેમ બધા સ્થળે યતનાથી વર્તવું જોઇએ.

**પ્રશ્નઃ** વ્રતમાં પ્રાણનાશનું જ પ્રત્યાખ્યાન કર્યું છે, વધ આદિનું પ્રત્યાખ્યાન કર્યું નથી, આથી અતિચારમાં જણાવેલ બંધ આદિ કરવાથી દોષ ન લાગે. કારણકે તેનાથી પ્રત્યાખ્યાન અખંડ રહે છે. હવે જો એમ કહેવામાં આવે કે પ્રાણનાશના પ્રત્યાખ્યાનની સાથે બંધ વગેરેનું પણ પ્રત્યાખ્યાન થઇ જાય છે. તો બંધ આદિ કરવાથી વ્રતભંગ જ થાય. કારણ કે પ્રત્યાખ્યાન ખંડિત થાય છે. તથા વિવક્ષિતવ્રતોની ચોક્કસ સંખ્યા પણ ન રહે. કારણ કે દરેક વ્રતમાં પાંચ પાંચ અતિચારો વધી જાય. આથી બંધ વગેરે અતિચારરૂપ નથી.

**ઉત્તર :-** વ્રત લેનારે પ્રાણનાશનું જ પ્રત્યાખ્યાન કર્યું છે, બંધ આદિનું નહિ, એ વાત સત્ય છે. પણ પરમાર્થથી પ્રાણનાશનું પ્રત્યાખ્યાન કરવાથી બંધ આદિનું પ્રત્યાખ્યાન થઇ જાય છે. કારણ કે બંધ આદિ પ્રાણવિનાશનું કારણ છે. (કાર્યના પ્રત્યાખ્યાનમાં કારણનું પ્રત્યાખ્યાન આવી જાય છે.)

**પ્રશ્ન :-** તો પછી બંધ આદિથી વ્રતભંગ કેમ ન થાય ?

**ઉત્તર :-** વ્રત અંતર્વૃત્તિથી અને બહિર્વૃત્તિથી એમ બે પ્રકારે છે. તેમાં જયારે મારી નાખવાની બુદ્ધિ ન હોવા છતાં ક્રોધ આદિ આવેશથી મરી ન જાય તેની દરકાર રાખ્યા વિના બંધ આદિ કરે ત્યારે મૃત્યુ ન થવા છતાં દયાહીન બની જવાના કારણે વિરતિ નિરપેક્ષ પ્રવૃત્તિ કરવાથી અંતર્વૃત્તિથી વ્રતનો ભંગ છે, પણ મૃત્યુ ન થવાથી બહિર્વૃત્તિથી વ્રતનું પાલન છે. આમ આંશિક વ્રતપાલન અને આંશિક વ્રતભંગ થવાથી અતિચારનો વ્યવહાર થાય છે. કહ્યું છે કે -

**પ્રશ્ન :-** ''મારે પ્રાણનાશ ન કરવો એવો નિયમ લેનારને મૃત્યુ વિના જ (માત્ર બંધ, વધ આદિથી) અતિચાર કેવી રીતે લાગે ?(निगद्यते =)

**ઉત્તર :-** જે ગુસ્સે થઇને વધ વગેરે કરે તે વ્રતની અપેક્ષાથી રહિત છે. આવી રીતે વધાદિ કરવામાં મૃત્યુ ન થવાથી નિયમ રહે છે, પણ કોપથી દયાહીન બની જવાથી પરમાર્થથી નિયમનો ભંગ થાય છે. પૂજ્ય પુરુષો વ્રતના એક દેશના ભંગને અને એક દેશના પાલનને અતિચાર કહે છે.''

વ્રતોની ચોક્કસ સંખ્યા નહિ રહે એમ જે પૂર્વે કહ્યું હતું તે પણ યુક્ત નથી. કારણકે વિશુદ્ધ રીતે હિંસાદિની વિરતિ થાય, અર્થાત્ નિરતિચારપણે વ્રતોનું પાલન થાય ત્યારે બંધાદિ ન હોય.

બંધ આદિના નિર્દેશના ઉપલક્ષણથી મંત્ર - તંત્ર વગેરે બીજા પણ અતિચારો આ પ્રમાણે સમજી લેવા. આ પ્રમાણે બંધ વગેરે અતિચારો જ છે. (૨૩)

अथ द्वितीयस्य–

**मिथ्योपदेश-रहस्याभ्याख्यान-कूटलेखक्रिया-न्यासापहार-स्वदारमन्त्रभेदाः ॥२४॥ १५७॥ इति ।**

मिथ्योपदेशश्च रहस्याभ्याख्यानं च कूटलेखक्रिया च न्यासापहारश्च स्वदारमन्त्रश्चेति समासः। तत्र **मिथ्योपदेशो** नाम अलीकवादविषय उपदेशः 'इदमेवं चैवं च ब्रूहि' इत्यादिकमसत्याभिधानशिक्षणम् १। **रहस्याभ्याख्यानं** रहः एकान्तस्तत्र भवं **रहस्यं** रहोनिमित्तं तच्च **तदभ्याख्यानं** चेति समासः, एतदुक्तं भवति- रहसि मन्त्रयमाणानवलोक्याभिधत्ते 'एते हि इदं चेदं च राजादिविरुद्धं मन्त्रयन्ते' इति २। **कूटलेखस्य** असद्भूतार्थसूचकाक्षरलेखनस्य करणं **कूटलेखक्रिया** ३। **न्यासापहार** इति, **न्यासः** परगृहे रूपकादेर्निक्षेपः, तस्य **अपहारः** अपलापः ४। **स्वदारमन्त्रभेद** इति, **स्वदाराणाम्** उपलक्षणत्वान्मित्रादीनां च **मन्त्रस्य** गुप्तभाषितस्य **भेदो** बहिःप्रकाशनम् इति ५। अत्र च मिथ्योपदेशो यद्यपि 'मृषा न वादयामि' इत्यत्र, ' न वदामि न वादयामि' इत्यत्र वा व्रते भङ्ग एव, 'न वदामि' इति व्रतान्तरे तु न किञ्चन, तथापि सहसाकारा-ऽनाभोगाभ्यामतिक्रम-व्यतिक्रमा-ऽतिचारैर्वा मृषावादे परप्रवर्त्तनव्रतस्यातिचारोऽयम्, अथवा व्रतसंरक्षणबुद्ध्या परवृत्तान्तकथनद्वारेण मृषोपदेशं यच्छतोऽतिचारोऽयम्, व्रतसव्यपेक्षत्वान्मृषावादे परप्रवर्त्तनाच्च भग्नाभग्नरूपत्वाद् व्रतस्येति ।

ननु रहस्याभ्याख्यानमसद्दोषाभिधानरूपत्वेन प्रत्याख्याततत्वाद् भङ्ग एव, न त्वतिचार इति, सत्यम्, किन्तु यदा परोपघातकमनाभोगादिनाऽभिधत्ते तदा संक्लेशाभावेन व्रतानपेक्षत्वाभावान्न व्रतस्य भङ्गः, परोपघातहेतुत्वाच्च भङ्ग इति भङ्गाभङ्गरूपोऽतिचारः, यदा पुनस्तीव्रसंक्लेशादभ्याख्याति तदा भङ्गो व्रतनिरपेक्षत्वात्, आह च -

सहसाभक्खाणाई जाणंतो जइ करेइ तो भंगो।
जइ पुणऽणाभोगाईहिंतो तो होइ अइयारो ॥११०॥ (          )

कूटलेखकरणं तु यद्यपि 'कायेन मृषावादं न करोमि' इत्यस्य 'न करोमि न कारयामि' इत्यस्य वा व्रतस्य भङ्ग एव, व्रतान्तरे तु न किञ्चन, तथापि सहसाकारादिनाऽतिक्रमादिना वाऽतिचारः, अथवा मृषावाद इति मृषाभणनं मया प्रत्याख्यातमिदं पुनर्लेखनमिति भावनया मुग्धबुद्धेर्व्रतसव्यपेक्षस्यातिचार इति ।

न्यासापहारे पुनरदत्तादानं साक्षादेव भवति, मृषावादव्रतातिचारत्वं चास्य 'न त्वदीयं मम समीपे किञ्चिदपि' इत्यनाभोगादिनाऽपह्नुवानस्य स्यादिति।

स्वदारमन्त्रभेदः पुनरनुवादरूपत्वेन सत्यत्वात् यद्यपि नातिचारो घटते तथापि मन्त्रितार्थप्रकाशनजनितलज्जादितः स्वदारादेर्मरणादिसंभवेन परमार्थतस्तस्यासत्यत्वात् कथञ्चिद् भङ्गरूपत्वादतिचार एवेति ॥२४॥

**હવે બીજા અણુવ્રતના અતિચારો કહે છે :-**

**મિથ્યા ઉપદેશ, રહસ્ય અભ્યાખ્યાન,કૂટલેખક્રિયા, ન્યાસ અપહાર અને સ્વદારમંત્ર ભેદ એ પાંચ બીજા અણુવ્રતના અતિચારો છે.**

**મિથ્યા ઉપદેશ :** મિથ્યા એટલે જુઠું. બીજાને ''તું આ પ્રમાણે આ પ્રમાણે બોલ'' ઈત્યાદિ અસત્ય બોલવાની શીખામણ આપવી તે મિથ્યા ઉપદેશ. **રહસ્ય અભ્યાખ્યાન :** રહસ્ય એટલે એકાંતમાં થયેલ. અભ્યાખ્યાન એટલે કહેવું. એકાંતમાં બનેલું કહેવું તે રહસ્ય અભ્યાખ્યાન. કોઈને એકાંતમાં મસલત કરતા જોઈને (કે સાંભળીને) બીજાને કહે કે આ લોકો અમુક અમુક રાજા વગેરેથી વિરુદ્ધ મસલત કરે છે. **કૂટલેખ ક્રિયા :** ખોટું લખવું. **ન્યાસ - અપહાર :** બીજાના ઘરે રૂપિયા વગેરે મૂકવું તે ન્યાસ, અર્થાત્ થાપણ. અપહાર એટલે અપલાપ. બીજાએ મૂકેલા રૂપિયા વગેરેનો 'તેં રૂપિયા વગેરે મુકયું નથી' એમ અપલાપ કરવો તે ન્યાસ - અપહાર.

**સ્વદારમંત્ર ભેદ :** સ્વદાર એટલે પોતાની પત્ની. મંત્ર એટલે ગુપ્તવાત. ભેદ એટલે પ્રકાશન કરવું. પોતાની પત્નીએ મારી વાત બીજાની પાસે નહિ જાય એવા વિશ્વાસથી કરેલી ગુપ્ત વાત બીજાને કહેવી તે સ્વદારમંત્રભેદ છે. પત્નીના ઉપલક્ષણથી મિત્ર આદિ માટે પણ તેમ સમજવું. અર્થાત્ કોઈ પણ વ્યક્તિએ મારી વાત બીજા પાસે નહિ જાય એવા વિશ્વાસથી કરેલી ગુપ્ત વાત બીજાને કહેવી એ સ્વદારમંત્રભેદ છે.

મારે બીજાને જાુઠું ન બોલાવવું એમ વ્રત લેવામાં કે હું જાુઠું નહિ બોલું અને બીજાને જાુઠું નહિ બોલાવું એમ વ્રત લેવામાં અસત્ય ઉપદેશથી વ્રતનો ભંગ જ થાય. તથા હું જાુઠું નહિ બોલું એમ વ્રત લેવામાં અસત્ય ઉપદેશથી ન વ્રતભંગ થાય અને ન તો અતિચાર લાગે. આમ બંને રીતે વ્રત લેવામાં અસત્ય ઉપદેશ અતિચાર રૂપ નથી. છતાં મારે જાુઠું ન બોલાવવું એવું વ્રત લેનારને સહસા કે અનુપયોગથી, અથવા અતિક્રમ, વ્યતિક્રમ, અને અતિચારથી બીજાને જાુઠું બોલવાની સલાહ કે સૂચન આપવામાં અસત્ય ઉપદેશ રૂપ અતિચાર લાગે. અથવા વ્રતની રક્ષા કરવાની બુદ્ધિથી જાુઠું બોલવાની સલાહ સીધી રીતે ન આપે, પણ અમુક અમુક પ્રસંગે અમુક અમુક કહ્યું હતું વગેરે રીતે બીજાની વાત કહેવા દ્વારા આડકતરી રીતે જાુઠું

બોલવાની સલાહ આપે. આમાં વ્રતસાપેક્ષ હોવાથી અભંગ છે અને બીજાને અસત્યમાં પ્રવર્તાવવાથી વ્રતભંગ છે. આમ વ્રત ભંગાભંગ રૂપ હોવાથી અતિચાર થાય છે.

**પ્રશ્ન :** અભ્યાખ્યાન ખોટા દોષ બોલવા રૂપ હોવાથી મૃષાવાદ વિરમણ વ્રતથી તેનો ત્યાગ થઈ જાય છે. આથી અભ્યાખ્યાનથી વ્રતનો ભંગ જ થાય, અતિચાર નહિ.

**ઉત્તર :** અભ્યાખ્યાનથી પરને આઘાત થાય છે. પરને આઘાત પહોંચાડનારું (અભ્યાખ્યાનનું) વચન અનુપયોગ આદિથી કહે તો માનસિક સંક્લેશ ન હોવાથી વ્રતસાપેક્ષ હોવાથી વ્રતનો ભંગ ન થાય. પણ પરના આઘાતનું કારણ હોવાથી વ્રતભંગ થાય. આમ ભંગાભંગ રૂપ હોવાથી અતિચાર ગણાય. પણ જો તેવું વચન ઈરાદાપૂર્વક તીવ્રસંક્લેશથી કહે તો વ્રતભંગ જ થાય. કારણ કે તે વ્રતનિરપેક્ષ જ છે. કહ્યું છે કે "સહસા અભ્યાખ્યાન વગેરે જો જાણીને કરે તો વ્રતભંગ જ થાય, પણ જો અનુપયોગ આદિથી કરે તો અતિચાર લાગે." મારે કાયાથી અસત્ય બોલવું નહિ એવું વ્રત લેનારને કે મારે કાયાથી અસત્ય બોલવું નહિ અને બીજા પાસે બોલાવવું નહિ એવું વ્રત લેનારને કૂટ લેખથી વ્રતનો ભંગ જ થાય. મારે જુઠું બોલાવવું નહી એવું વ્રત લેનારને કૂટલેખથી ન વ્રતભંગ થાય, ન તો અતિચાર લાગે. આમ કૂટલેખ અતિચાર રૂપ ન હોવા છતાં સહસા આદિથી કે અતિક્રમ આદિથી કૂટલેખ કરવામાં અતિચાર લાગે. અથવા કોઈ મંદબુદ્ધિ જીવ મારે જાુઠું બોલવાનું પ્રત્યાખ્યાન છે, જ્યારે આ તો લખાણ છે એવું વિચારીને કૂટલેખ કરે તો વ્રતસાપેક્ષ હોવાથી અતિચાર ગણાય.

ન્યાસ-અપહારમાં તો પ્રત્યક્ષ જ અદત્તાદાન (= ચોરી) છે. આમ છતાં "મારી પાસે તારું કાંઈ પણ નથી." એમ જાુઠું બોલાતું હોવાથી અનાભોગ આદિથી અપલાપ કરનારને મૃષાવાદમાં અતિચાર થાય.

સ્વદારમંત્રભેદમાં બીજાએ જેવી વાત કહી છે તેવી જ વાત કહેવાથી સત્ય છે, એથી જો કે અતિચાર ઘટતો નથી, તો પણ ગુપ્ત વાત બહાર પડવાના કારણે થયેલ લજ્જા આદિથી સ્વપત્ની આદિનું મૃત્યુ વગેરે થવાનો સંભવ હોવાથી પરમાર્થથી તે અસત્ય છે, આમ કથંચિત્ ભંગ સ્વરૂપ હોવાથી અતિચાર જ છે. (૨૪)

अथ तृतीयस्य–

**स्तेनप्रयोग-तदाहृतादान-विरुद्धराज्यातिक्रम-हीनाधिकमानोन्मान-प्रतिरूपकव्यवहाराः ॥२५॥१५८॥ इति ।**

स्तेनप्रयोगश्च तदाहृतादानं च विरुद्धराज्यातिक्रमश्च हीनाधिकमानोन्मानानि च प्रतिरूपकव्यवहारश्चेति समासः। तत्र **स्तेनाः** चौरास्तेषां **प्रयोगो** व्यापारणं 'हरत यूयम्' इत्यनुज्ञाप्रदानम् १। तथा **तैराहृतस्य** कुङ्कुमादिद्रव्यस्याऽऽ**दानं** संग्रहः २। **विरुद्धः** स्वकीयस्य राज्ञः प्रतिपन्थी, तस्य राज्यं कटकं देशो वा, तत्रा**तिक्रमः** स्वराजभूमिसीमातिलङ्घनेन क्रमणं प्रवेशः **विरुद्धराज्यातिक्रमः** ३। **हीने** स्वभावापेक्षाया न्यूने **अधिके** वा **मानोन्माने** कुडवादितुलारूपे भवतो **हीनाधिकमानोन्माने** ४। शुद्धेन व्रीह्यादिना घृतादिना वा **प्रतिरूपकं** सदृशं पलञ्ज्यादि वसादि वा द्रव्यं तेन **व्यवहारो** विक्रयरूपः स **प्रतिरूपकव्यवहार** इति ५। इह स्तेनप्रयोगो यद्यपि 'चौर्यं न करोमि न कारयामि' इत्येवंप्रतिपन्नव्रतस्य भङ्ग एव तथापि 'किमधुना यूयं निर्व्यापारास्तिष्ठथ? यदि वो भक्तकादि नास्ति तदाऽहं ददामि, भवदानीतमोषस्य च यदि विक्रायको न विद्यते तदाऽहं विक्रेष्यामि' इत्येवंविधवचनैश्चौरान् व्यापारयतः स्वकल्पनया तद्व्यापारणं परिहरतो व्रतसापेक्षस्यासावतीचारः १। तथा स्तेनाहृतं काणकक्रयेण लोभदोषात् प्रच्छन्नं गृह्णंश्चौरो भवति, यदाह–

चौरश्चौरापको मन्त्री भेदज्ञः काणकक्रयी।
अन्नदः स्थानदश्चैव चौरः सप्तविधः स्मृतः ॥१११॥ (          )

ततश्चौर्यकरणाद् व्रतभङ्गः, 'वाणिज्यमेव मया विधीयते, न चौरिका' इत्यध्यवसायेन च व्रतानपेक्षत्वाभावाद् न भङ्ग इति भङ्गाभङ्गरूपोऽतिचारः २। विरुद्धराज्यातिक्रमस्तु यद्यपि स्वस्वामिनाऽननुज्ञातस्य परकटकादिप्रवेशस्य सामी-जीवादत्तं तित्थयरेणं तहेव य गुरूहिं (नवपदप्रक० ३८) इत्यदत्तादानलक्षणयोगेन विरुद्धराज्यातिक्रमकारिणां च चौर्यदण्डयोगेनादत्तादानरूपत्वाद् भङ्ग एव तथापि विरुद्धराज्यातिक्रमं कुर्वता 'मया वाणिज्यमेव कृतं न चौर्यम्' इति भावनया व्रतसापेक्षत्वात् लोके च चौरोऽयमिति व्यपदेशाभावादतिचारोऽयमिति ३। तथा हीनाधिकमानोन्मानव्यवहारः प्रतिरूपकव्यवहारश्च परव्यंसनेन परधनग्रहणरूपत्वाद् भङ्ग एव, केवलं 'क्षत्रखननादिकमेव चौर्यम्, कूटतुलादिव्यवहार-तत्प्रतिरूपव्यवहारौ तु वणिक्कलैव' इति स्वकीयकल्पनया व्रतरक्षणोद्यततयाऽतिचार इति ४-५। अथवा स्तेनप्रयोगादयः पञ्चाप्यमी व्यक्तचौर्यरूपा

एव, केवलं सहसाकारादिना अतिक्रमव्यतिक्रमादिना वा प्रकारेण विधीयमाना अतीचारतया व्यपदिश्यन्ते इति। न चैते राजसेवकादीनां न संभवन्ति, तथाहि- आद्ययोः स्पष्ट एव तेषां संभवः, विरूद्धराज्यतिक्रमस्तु यदा सामन्तादिः स्वस्वामिनो वृत्तिमुपजीवति तद्विरूद्धस्य च सहायीभवति तदा तस्यातिचारो भवति, कूटतुलादयस्तु यदा भाण्डागारद्रव्याणां विनिमयं कारयति तदा राज्ञोऽप्यतिचाराः स्युरिति ॥२५॥

**હવે ત્રીજા અણુવ્રતના અતિચારો કહે છે :-**

**સ્તેનપ્રયોગ, તદાહૃતાદાન, વિરુદ્ધરાજ્યાતિક્રમ, હીનાધિકમાનોન્માન અને પ્રતિરૂપક વ્યવહાર એ પાંચ ત્રીજા અણુવ્રતના અતિચારો છે.**

**સ્તેનપ્રયોગ :-** સ્તેન એટલે ચોર. પ્રયોગ એટલે પ્રેરણા કરવી. તમે ચોરી કરો એ પ્રમાણે ચોરને પ્રેરણા કરવી એ સ્તેનપ્રયોગ. **તદાહૃતાદાનઃ-** તદ્ એટલે ચોરો. આહૃત એટલે ચોરેલું. આદાન એટલે લેવું. ચારોએ ચોરેલ કેશર વગેરે દ્રવ્ય લેવું તે તદાહૃતાદાન. **વિરુદ્ધરાજ્યાતિક્રમ :-** વિરુદ્ધ એટલે પોતાના રાજાનો વિરોધી રાજા, તે રાજાનું રાજ્ય કે સૈન્ય. અતિક્રમ એટલે પ્રવેશ. પોતાના રાજાની ભૂમિની સરહદને ઓળંગીને પોતાના રાજાના વિરોધી રાજાના સૈન્યમાં કે દેશમાં પ્રવેશ કરવો તે વિરુદ્ધરાજ્યાતિક્રમ. **હીનાધિકમાનોન્માન :** હીન એટલે સ્વાભાવિકની અપેક્ષાએ ન્યૂન. અધિક એટલે સ્વાભાવિકની અપેક્ષાએ અધિક. કુડવ • વગેરે માપાં અને ત્રાજવાં હીન- અધિક રાખવા તે હીનાધિકમાનોન્માન. (જ્યારે વસ્તુ લેવાની હોય ત્યારે ભારે - મોટાં માપાં - તોલાં રાખવા અને જ્યારે વસ્તુ આપવાની હોય ત્યારે હલકાં - નાનાં માપાં - તોલાં રાખવા.) **પ્રતિરૂપક વ્યવહાર :-** પ્રતિરૂપક એટલે સમાન. વ્યવહાર એટલે વિક્રય કરવો - વેચવું. શુદ્ધ ડાંગર વગેરેના જેવા ફોતરા વગેરે વસ્તુને શુદ્ધ ડાંગર વગેરે તરીકે વેચવી. અથવા શુદ્ધ ઘી આદિના જેવી ચરબી વગેરે વસ્તુને શુદ્ધ ઘી આદિ તરીકે વેચવી તે પ્રતિરૂપક વ્યવહાર છે. (અર્થાત્ અસલી વસ્તુના જેવી નકલી વસ્તુને અસલી વસ્તુ તરીકે વેચવી. અથવા અસલી વસ્તુમાં નકલી વસ્તુ ભેળવીને અસલી તરીકે વેચવી તે પ્રતિરૂપક વ્યવહાર છે.

જો કે હું ચોરી ન કરું અને બીજાને ચોરી ન કરાવું એવું વ્રત લેનારને સ્તેન પ્રયોગથી વ્રતભંગ જ થાય, તો પણ કોઈ (મંદબુદ્ધિ) જીવ તમે હમણાં નવરા કેમ બેઠા છો? જો તમારી પાસે ભોજન વગેરે ન હોય તો હું આપું, તમારી ચોરી લાવેલી વસ્તુને કોઈ વેચનાર ન હોય તો હું વેચીશ, વગેરે વચનોથી ચોરોને ચોરીની પ્રેરણા

• કુડવ એ જુના જમાનાનું લગભગ સવાસો ગ્રામનું એક માપ છે.

કરે, પણ સ્વકલ્પનાથી ''હું પોતે ક્યાં ચોરી કરાવું છું!'' એમ માને. આ રીતે પોતાની કલ્પનાથી ચોરીની પ્રેરણાનો ત્યાગ કરનારને વ્રતસાપેક્ષ હોવાથી અતિચાર લાગે.

ચોરે ચોરી કરીને લાવેલી વસ્તુને લોભના કારણે વેચવા માટે ગુપ્તરીતે લેનાર ચોર બને છે. કહ્યું છે કે - **''ચોરી કરનાર, ચોરી કરાવનાર, ચોરીની મંત્રણા કરનાર, ચોરીનો ભેદ જાણનાર, (ચોરીનો ભેદ જાણીને મદદ કરનાર,) ચોરી લાવેલી વસ્તુ વેચાતી લેનાર, ચોરને ભોજન આપનાર અને ચોરને સ્થાન આપનાર એમ સાત પ્રકારના ચોર છે.''** આથી ચોરીની વસ્તુ લેનારે ચોરી કરી હોવાથી વ્રતભંગ થાય, પણ હું તો વેપાર જ કરું છું, ચોરી કરતો નથી આવી બુદ્ધિથી વ્રતસાપેક્ષ હોવાથી વ્રતભંગ થતો નથી. આમ ચોરી લાવેલી વસ્તુ લેવામાં દેશથી ભંગ અને દેશથી અભંગરૂપ સ્તેનાહૃત અતિચાર લાગે.

જેને પોતાના સ્વામીએ રજા નથી આપી તે પુરુષ પર રાજાના સૈન્ય વગેરેમાં પ્રવેશ કરે તો તેને વિરુદ્ધ રાજ્યાતિક્રમ દોષ લાગે. વિરુદ્ધ રાજ્યાતિક્રમમાં • सामी - जीवादत्तं ઈત્યાદિ અદત્તાદાનનું લક્ષણ ઘટતું હોવાથી અને વિરુદ્ધરાજ્યાતિક્રમ કરનારાઓને ચોરીનો દંડ થતો હોવાના કારણે વિરુદ્ધરાજ્યાતિક્રમ અદત્તાદાન સ્વરૂપ હોવાથી વ્રતભંગ સ્વરૂપ જ છે, તો પણ મેં વેપાર જ કર્યો છે, ચોરી નહિ, એવી ભાવનાથી વિરુદ્ધરાજ્યાતિક્રમ કરનાર વ્રતસાપેક્ષ હોવાથી અને લોકમાં આ ચોર છે એવો વ્યવહાર ન થતો હોવાથી વિરુદ્ધરાજ્યાતિક્રમ અતિચાર છે.

હીનાધિકમાનોન્માન અને પ્રતિરૂપક વ્યવહારમાં બીજાને છેતરીને બીજાનું ધન લેવામાં આવતું હોવાથી વ્રતભંગ જ છે, આમ છતાં કેવળ ખાતર પાડવું વગેરે જ ચોરી છે, ખોટાં ત્રાજવાં વગેરે વ્યવહાર અને પ્રતિરૂપક વ્યવહાર તો વણિકકલા

• અદત્ત એટલે નહિ આપેલું. અદત્તના સ્વામી અદત્ત, જીવ અદત્ત, તીર્થંકર અદત્ત અને ગુરુ અદત્ત એમ ચાર પ્રકાર છે. વસ્તુના સ્વામીએ = માલીકે જે વસ્તુ લેવાની રજા ન આપી હોય તે વસ્તુ સ્વામી અદત્ત કહેવાય. જેમાં જીવ છે તેવી ફલ વગેરે સચિત્ત વસ્તુનો માલિક તેમાં રહેલ જીવ છે. તેમાં રહેલ જીવે તે વસ્તુનો ઉપયોગ કરવાની રજા નહિ આપી હોવાથી સર્વપ્રકારની સચિત્ત વસ્તુ જીવ અદત્ત કહેવાય. જિનેશ્વરદેવે જે વસ્તુ લેવાની અનુજ્ઞા ન આપી હોય તે વસ્તુ તીર્થંકર અદત્ત કહેવાય. જિનેશ્વરદેવે અનુજ્ઞા આપી હોય છતાં જે વસ્તુનો ઉપયોગ કરવા ગુરુની અનુજ્ઞા ન લીધી હોય, ગુરુએ રજા આપી ન હોય, તે વસ્તુ ગુરુ અદત્ત કહેવાય. આ ચાર અદત્તમાંથી ગૃહસ્થ સ્વામી અદત્ત સંબંધી ચોરીનો ત્યાગ કરી શકે છે, તે પણ સ્થૂલપણે, સૂક્ષ્મતાથી નહિ.

જ છે, આવી સ્વકલ્પનાથી વ્રતરક્ષણમાં ઉદ્યત હોવાના કારણે અતિચાર છે.

અથવા સ્તેનપ્રયોગ વગેરે પાંચે સ્પષ્ટપણે ચોરીરૂપ જ છે. પણ સહસા આદિથી કે અતિક્રમ આદિથી કરાય તો અતિચાર ગણાય. આ અતિચારો રાજસેવક આદિને હોઇ શકે છે. (અર્થાત્ આ અતિચારો વેપારીને જ હોય એવું નથી, રાજસેવક અને રાજાને પણ હોઇ શકે છે.) તે આ પ્રમાણેઃ- તેમને પ્રથમના બે અતિચારોનો સંભવ સ્પષ્ટ જ છે. જ્યારે સામંત વગેરે પોતાના સ્વામી રાજાના આધારે આજીવિકા ચલાવતા હોય અને તેનાથી વિરુદ્ધ રાજાને સહાય કરતા હોય ત્યારે તેમને વિરુદ્ધરાજ્યાતિક્રમ લાગે. કૂટતૂલ (= હીનાધિકમાનોન્માન) વગેરે અતિચારો તો જ્યારે રાજ્યભંડારની વસ્તુઓનો વિનિમય (=લેવડ - દેવડ) કરાવે ત્યારે રાજાને પણ સંભવે. (૨૫)

अथ चतुर्थाणुव्रतस्य स्वदारसंतोषलक्षणस्य परदारपरिहाररूपस्य चातीचाराः -

**परविवाहकरणेत्वरपरिगृहीता-ऽपरिगृहीतागमना-ऽनङ्गक्रीडा-तीव्रकामाभिलाषाः॥२६॥१५९॥ इति ।**

इत्वरपरिगृहीता चापरिगृहीता च इत्वरपरिगृहीतापरिगृहीते, तयोर्गमने इत्वरपरिगृहीता-ऽपरिगृहीतागमने, ततः परविवाहकरणं च इत्वपरिगृहीता-ऽपरिगृहीतागमने चानङ्गक्रीडा च तीव्रकामाभिलाषश्चेति समासः, इह **परेषां** स्वापत्यव्यतिरिक्तानां जनानां **वीवाहकरणं** कन्याफललिप्सया स्नेहसंबन्धादिना वा परिणयनविधानं **परविवाहकरणम्,** इह च स्वापत्येष्वपि संख्याभिग्रहो न्याय्यः, तथा **इत्वरी** अयनशीला भाटीप्रदानेन स्तोककालं परिगृहीता **इत्वरपरिगृहीता** वेश्या, तथा **अपरिगृहीता** वैश्यैवागृहीतान्यसत्कभाटिः कुलाङ्गना च अनाथेति, तयो**र्गमनम्** आसेवनम् **इत्वरपरिगृहीता-ऽपरिगृहीतागमनम्,** तथा **अङ्गं** देहावयवोऽपि मैथुनापेक्षया योनिर्मेहनं च, तद्व्यतिरिक्तानि **अनङ्गानि** कुच-कक्षोरु-वदनादीनि, तेषु **क्रीडा** रमणम् **अनङ्गक्रीडा,** अथवा अनङ्गः कामः, तस्य तेन वा क्रीडा अनङ्गक्रीडा स्वलिङ्गेन निष्पन्नप्रयोजनस्याहार्यैश्चर्मादि- घटितप्रजननै-र्योषिदवाच्यदेशासेवनमित्यर्थः, तथा **कामे** कामोदयजन्ये मैथुने अथवा 'सूचनात् सूत्रम्' इति न्यायात् **कामेषु** काम-भोगेषु, तत्र कामौ शब्द-रूपे, भोगा गन्ध-रस-स्पर्शाः, तेषु **तीव्राभिलाषः** अत्यन्ततदध्यवसायित्वं यतो वाजीकरणादिनाऽनवरतसुरतसुखार्थं मदनमुद्दीपयतीति, एतान् समाचरन्नतिचरति चतुर्थाणुव्रतमिति। इह च द्वितीय-

तृतीयातिचारौ स्वदारसंतोषिण एव नेतरस्य, शेषास्तु द्वयोरपीति, एतदेव च सूत्रानुपाति, यदाह- सदारसंतोसस्स इमे पंच अइयारा (उपासक०) इत्यादि। भावना चेयमत्र- भाटीप्रदानेनेत्वरकालस्वीकारेण स्वकलत्रीकृत्य वेश्यां भुञ्जानस्य स्वकीयकल्पनया स्वदारत्वेन व्रतसापेक्षचित्तत्वान्न भङ्ग अल्पकालपरिग्रहाच्च वस्तुतोऽस्वकलत्रत्वाद् भङ्ग इति भङ्गाभङ्गरूपोऽतिचारः, अपरिगृहीतागमनं त्वनाभोगादिनाऽतिक्रमादिना वाऽतीचारः। परदारवर्जिनो नैतावतीचारौ, इत्वरकालपरिगृहीता-ऽपरिगृहीतयोर्वेश्यात्वेनानाथकुलाङ्गनायास्त्वनाथतयैवापरदारत्वादिति।

अपरे त्वाहुः- इत्वरपरिगृहीतागमनं स्वदारसंतोषवतोऽतिचारः, अपरिगृहीतागमनं तु परदारवर्जिनः, तत्र प्रथमभावना पूर्ववत्, द्वितीयभावना त्वेवम्- अपरिगृहीता नाम वेश्या, तां यदा गृहीतान्यसत्कभाटिकामभिगच्छति तदा परदारगमनजन्यदोषसंभवात् कथञ्चित् परदारत्वाच्च भङ्गो वेश्यात्वाच्चाभङ्गो भङ्गाभङ्ग इत्यतिचारः ।

अन्ये पुनरन्यथा प्राहुः -

परदारवज्जिणो पंच होन्ति तिन्नि उ सदारसंतुट्ठे।
इत्थीए तिन्नि पंच व भंगविगप्पेहिं नायव्वं ॥११२॥ (सम्बोधप्रकरणे ७/४१)

इह भावना- परेण इत्वरकालं या परिगृहीता वेश्या तद्गमनमतिचारः परदारवर्जिनः, कथञ्चित् तस्याः परदारत्वात्, तथा अपरिगृहीतायाः अनाथकुलाङ्गनाया एव यद् गमनं तदपि तस्यैवातिचारः, लोके परदारत्वेन तस्या रूढत्वात्, तत्कामुककल्पनया च परस्य भर्त्रादिरभावेनापरदारत्वात्। शेषास्तूभयोरपि स्युः, तथाहि- स्वदारसंतोषिणः स्वकलत्रेऽपि तदितरस्य तु वेश्या-स्वकलत्रयोरपि यदनङ्गरतं तत् साक्षादप्रत्याख्यातमपि न विधेयम्, यतोऽसावत्यन्तपापभीरुतया ब्रह्मचर्यं चिकीर्षुरपि यदा वेदोदयासहिष्णुतया तद्विधातुं न शक्नोति तदा यापनामात्रार्थं स्वदारसंतोषादि प्रतिपद्यते, मैथुनमात्रेणैव च यापनायाः संभवादनङ्गरतमर्थतः प्रत्याख्यातमेव, एवं परविवाह-तीव्रकामाभिलाषावपीति, अतः कथञ्चित् प्रत्याख्यातेषु प्रवृत्तेरतीचारता तेषाम्।

अन्ये त्वनङ्गक्रीडामेवं भावयन्ति– स हि निधुवनमेव व्रतविषय इति स्वकीयकल्पनया तत् परिहरन् स्वदारसंतोषी वेश्यादौ परदारवर्जकस्तु परदारेष्वालिङ्गनादिरूपामनङ्गक्रीडां कुर्वन् कथञ्चिदेवातिचरति व्रतं व्रतसापेक्षत्वादिति। तथा स्वदारसंतोषवता स्वकलत्राद् इतरेण च स्वकलत्र-वेश्याभ्यामन्यत्र मनो-वाक्-कायैर्मैथुनं न कार्यं न च कारणीयमित्येवं यदा प्रतिपन्नं व्रतं भवति तदा परविवाहकरणतः तत्कारणमर्थतोऽनुष्ठितं भवति, तद्व्रती च मन्यते 'विवाह एवायं मया विधीयते, न मैथुनम्' इति ततो व्रतसापेक्षत्वादतिचार

इति।

ननु परविवाहकरणे कन्याफललिप्सा कारणमुक्तं तत्र किं सम्यग्दृष्टिरसौ व्रती मिथ्यादृष्टिर्वा?, यदि सम्यग्दृष्टिस्तदा तस्य न सा संभवति, सम्यग्दृष्टित्वादेव, अथ मिथ्यादृष्टिस्तदा मिथ्यादृष्टेरणुव्रतानि न भवन्त्येवेति कथं सा परविवाहकरणलक्षणातिचारकारणमिति, सत्यम्, केवलमव्युत्पन्नावस्थायां साऽपि संभवति, किं च यथाभद्रकस्य मिथ्यादृशोऽपि सन्मार्गप्रवेशनायाभिग्रहमात्रं ददत्यपि गीतार्थाः, यथा **आर्यसुहस्ती** रङ्कस्य सर्वविरतिं दत्तवान्, इदं च परविवाहवर्जनं स्वापत्यव्यतिरिक्तेष्वेव न्याय्यम्, अन्यथाऽपरिणीता कन्या स्वच्छन्दचारिणी स्यात्, ततः शासनोपघातः स्याद्, विहितविवाहा तु कृतव्रतबन्धत्वेन न तथा स्यादिति, यच्चोक्तं 'स्वापत्येष्वपि संख्याभिग्रहो न्याय्यः' तच्चिन्तकान्तरसद्भावे सुतसङ्ख्यापूर्तौ वाऽपत्यान्तरोत्पत्ति-परिहारोपायत इति।

अपरे त्वाहुः- **परः** अन्यो यो विवाहः, आत्मन एव विशिष्टसंतोषाभावात् योषिदन्तराणि प्रति विवाहान्तरकरणं तत् परविवाहकरणम्, अयं च स्वदारसंतोषिण इति। स्त्रियास्तु स्वपुरुषसंतोष-परपुरुषवर्जनयोर्न भेदः, स्वपुरुषव्यतिरेकेणान्येषां सर्वेषां परपुरुषत्वात्, ततः परविवाहकरणा-ऽनङ्गक्रीडा-तीव्रकामाभिलाषाः स्वदारसंतोषिण इव स्वपुरुषविषये स्युः। द्वितीयस्तु यदा स्वकीयपतिः सपत्न्या वारकदिने परिगृहीतो भवति तदा सपत्नीवारकमतिक्रम्य तं परिभुञ्जानाया अतिचारः। तृतीयस्त्वतिक्रमादिना परपुरुषमभिसरन्त्याः समवसेयः, ब्रह्मचारिणस्त्वतिक्रमादिनाऽतिचार इति।।२६।।

**હવે સ્વસ્ત્રી સંતોષ રૂપ અને પરસ્ત્રીત્યાગ રૂપ ચોથા અણુવ્રતના અતિચારો કહે છે :-**

**પરવિવાહકરણ, ઈત્વરપરિગૃહીતાગમન, અપરિગૃહીતાગમન, અનંગ ક્રીડા અને તીવ્ર કામાભિલાષ એ પાંચ ચોથા અણુવ્રતના અતિચારો છે.**

**પરવિવાહ કરણઃ-** પોતાના સંતાન સિવાય બીજા લોકોનો કન્યાફલ મેળવવાની ઈચ્છાથી કે સ્નેહસંબંધ આદિથી વિવાહ કરવો તે પરવિવાહ કરણ. અહીં શ્રાવકે પોતાના સંતાનોમાં પણ ( આટલાથી વધારે સંતાનોનો વિવાહ નહિ કરું એમ) સંખ્યાનો અભિગ્રહ કરવો જોઈએ. (તો પછી બીજાઓના સંતાનોનો વિવાહ શ્રાવકથી કેમ કરાય? અર્થાત્ ન કરાય.) **ઈત્વરપરિગૃહીતાગમન :-** ઈત્વરી એટલે જવાના સ્વભાવવાળી, અર્થાત્ થોડા સમય માટેની, પરિગૃહીતા એટલે મૂલ્ય આપીને સ્વીકારેલી, અર્થાત્ વેશ્યા. ઈત્વર પરિગૃહીતા એટલે મૂલ્ય આપીને થોડા

સમય માટે સ્વીકારેલી વેશ્યા. ગમન એટલે સેવન. ઈત્વર પરિગૃહીતાગમન એટલે વેશ્યાગમન. **અપરિગૃહીતાગમન :-** જેણે બીજા પાસે મૂલ્ય નથી લીધું તેવી વેશ્યા તથા નાથ વિનાની કુલાંગના અપરિગૃહીતા છે. અપરિગૃહીતાનું સેવન એ અપરિગૃહીતા ગમન. **અનંગક્રીડા :-** અંગનો અર્થ શરીરનો કોઈ પણ અવયવ થાય. પણ અહીં મૈથુનની અપેક્ષાએ સ્ત્રીયોનિ અને પુરુષચિહ્ન અંગ તરીકે વિવક્ષિત છે. તે સિવાયના સ્તન, બગલ, છાતી અને મુખ વગેરે અવયવો અનંગ છે. સ્તન આદિ અવયવોમાં તેવી ક્રીડા = વિષયચેષ્ટા કરવી તે અનંગ ક્રીડા. અથવા અનંગ એટલે કામ, અર્થાત્ વિષયવાસના. કામની ક્રીડા અથવા કામ માટે ક્રીડા તે કામ ક્રીડા. સ્વલિંગથી (=પુરુષચિહ્નથી) મૈથુનસેવન કરવા છતાં અસંતોષથી ચામડી, કાષ્ઠ, ફળ, માટી વગેરેથી બનાવેલા પુરુષલિંગ જેવા કૃત્રિમ સાધનોથી સ્ત્રીની યોનિનું સેવન કરે તે અનંગ ક્રીડા. **તીવ્રકામાભિલાષ :-** કામ એટલે કામના ઉદયથી સેવાતું મૈથુન. મૈથુનમાં તીવ્ર અભિલાષ રાખવો તે તીવ્ર કામાભિલાષ. અત્યંત મૈથુનના અધ્યવસાયવાળા બનીને સદા મૈથુન સુખ અનુભવી શકાય તે માટે વાજીકરણ ઔષધ આદિથી કામને પ્રદીપ્ત બનાવવો એ તીવ્રકામાભિલાષ છે. અથવા સૂત્ર માત્ર સૂચન કરે છે. (વિશેષ અર્થ વ્યાખ્યાનથી = ટીકાથી સમજી શકાય છે.) આથી કામ એટલે કામભોગ, અર્થાત્ તીવ્રકામાભિલાષ શબ્દના સ્થાને તીવ્ર કામભોગાભિલાષ શબ્દ સમજવો. તેમાં શબ્દ અને રૂપ કામ છે. ગંધ, રસ, અને સ્પર્શ ભોગ છે. કામ અને ભોગમાં (= પાંચ વિષયોમાં) તીવ્ર અભિલાષ રાખવો, અર્થાત્ તીવ્ર કામભોગના અધ્યવસાયવાળા બની જવું તે તીવ્રકામભોગાભિલાષ છે.

આ પાંચ અતિચારોમાં પહેલા બે અતિચારો સ્વસ્ત્રીસંતોષીને જ હોય, પરસ્ત્રીત્યાગીને નહિ. બાકીના ત્રણ અતિચારો બંનેને હોય. આ જ મત આગમાનુસારી છે.કહ્યું છે કે - **"સ્વસ્ત્રીસંતોષી જીવે આ પાંચ અતિચારો જાણવા જોઈએ, પણ આચરવા ન જોઈએ"** (ઉપાસકદશાંગ)

**અહીં અતિચારોની ઘટના આ પ્રમાણે છેઃ-** વેશ્યાને મૂલ્ય આપીને થોડો સમય પોતાની કરેલી હોવાથી "આ મારી સ્ત્રી છે" એવી બુદ્ધિના કારણે વ્રતસાપેક્ષ હોવાથી વ્રતભંગ ન થાય, પણ થોડા સમય માટે સ્વીકાર કર્યો હોવાથી પરમાર્થથી તો પોતાની સ્ત્રી ન હોવાથી વ્રતભંગ છે. આમ દેશથી ભંગ અને દેશથી અભંગ રૂપ હોવાથી ઈત્વરપરિગૃહીતાગમન અતિચાર છે. અનાભોગ આદિથી કે અતિક્રમ આદિથી અપરિગૃહીતા સાથે વિષય સેવનથી અપરિગૃહીતાગમન અતિચાર લાગે

છે.

આ બે અતિચારો પરસ્ત્રી ત્યાગ કરનારની અપેક્ષાએ નથી, કિંતુ સ્વસ્ત્રીમાં સંતોષ રાખનારની અપેક્ષાએ છે. કારણ કે ઈત્વરકાલપરિગૃહીતા અને અપરિગૃહીતા એ બંને વેશ્યા હોવાથી અને અનાથ એવી કુલાંગનાનો કોઈ પતિ ન હોવાથી જ પરસ્ત્રી ન કહેવાય.

બીજાઓ કહે છે કે- સ્વસ્ત્રીસંતોષીની અપેક્ષાએ ઈત્વરપરિગૃહીતાગમન અને પરસ્ત્રીત્યાગીની અપેક્ષાએ અપરિગૃહીતાગમન અતિચાર છે. તેમાં પ્રથમ અતિચારની ઘટના પૂર્વે કહ્યું તેમ સમજવી. બીજાની ઘટના આ પ્રમાણે છે : અપરિગૃહીતા એટલે વેશ્યા. બીજાનું મૂલ્ય લીધું હોય ત્યારે વેશ્યા સાથે વિષય સેવન કરે તો પરસ્ત્રીગમનથી જે દોષો લાગે છે તે દોષો લાગવાનો સંભવ હોવાથી તથા અપેક્ષાએ (તેટલા ટાઈમ માટે તે વેશ્યા બીજાની હોવાથી) પરસ્ત્રી હોવાથી વ્રતનો ભંગ થાય, પણ વેશ્યા હોવાથી કોઈની સ્ત્રી તરીકે પ્રસિદ્ધ ન હોવાથી વ્રતનો ભંગ ન થાય. આમ ભંગાભંગ રૂપ હોવાથી અતિચાર ગણાય.

અહીં બીજાઓ વળી બીજી રીતે કહે છે. તે આ પ્રમાણે :- ''પરસ્ત્રીનો ત્યાગ કરનારને પાંચ અને સ્વસ્ત્રીમાં સંતોષ રાખનારને • ત્રણ, સ્ત્રીને અપેક્ષાએ ત્રણ અને અપેક્ષાએ પાંચ અતિચારો હોય છે.'' (સંબોધ પ્ર. શ્રાવક વ્રતા. ૪૧)

આની ઘટના આ પ્રમાણે છે :- બીજાએ થોડા સમય માટે સ્વીકારેલી વેશ્યા સાથે વિષય સેવન કરવાથી પરસ્ત્રી ત્યાગીને અતિચાર લાગે. કારણકે અપેક્ષાએ તે પરની (જેણે થોડા સમય માટે સ્વીકાર કર્યો છે તેની) સ્ત્રી છે.

તથા અપરિગૃહીતા અને અનાથ કુલાંગના સાથે વિષયસેવનથી પણ પરસ્ત્રીત્યાગીને જ અતિચાર લાગે. કારણ કે લોકમાં તેની પરસ્ત્રી તરીકે પ્રસિદ્ધિ છે. પણ તેની સાથે મૈથુન સેવવાની ઈચ્છાવાળા પુરુષની કલ્પનાથી તેનો પતિ વગેરે ન હોવાથી તે પરની સ્ત્રી નથી. બાકીના ત્રણ અતિચારો તો પરસ્ત્રીત્યાગી અને સ્વસ્ત્રીસંતોષી એ બંનેને હોય. તે આ પ્રમાણે :- સ્વસ્ત્રીસંતોષીએ સ્વસ્ત્રીમાં પણ અને પરસ્ત્રીત્યાગીએ વેશ્યાદિ અને સ્વસ્ત્રી એ બંનેમાં અનંગક્રીડા નહિ કરવી જોઈએ. જોકે અનંગ ક્રીડાનું સાક્ષાત્ પ્રત્યાખ્યાન કર્યું નથી, છતાં શ્રાવકે તેનો ત્યાગ

• સ્વસ્ત્રી સંતોષીને ઈત્વર પરિગૃહીતાગમન અને અપરિગૃહીતાગમનથી વ્રતભંગજ થાય, આથી ત્રણ અતિચાર છે.

કરવો જોઈએ. કારણ કે શ્રાવક અતિશય પાપભીરુ હોવાથી સંપૂર્ણ બ્રહ્મચર્યની ભાવના હોવા છતાં વેદોદયને ( = કામપીડાને) સહન ન કરી શકવાથી સંપૂર્ણ બ્રહ્મચર્ય પાળી શકતો નથી. આથી જ્યારે વેદોદયને સહન ન કરી શકાય ત્યારે માત્ર વેદોદયને( = કામપીડાને) શમાવવા માટે સ્વસ્ત્રીસંતોષ કે પરસ્ત્રીત્યાગરૂપ વ્રત ગ્રહણ કરે છે. મૈથુનનાં અંગો (સ્ત્રીયોનિ - પુરુષચિહ્ન) થી વિષયસેવન કરવાથી વેદોદય શમી જતો હોવાથી પરમાર્થથી પરસ્ત્રીત્યાગની કે સ્વસ્ત્રી સંતોષના સ્વીકારની સાથે અનંગ ક્રીડાનું પ્રત્યાખ્યાન થઈ જાય છે. એ જ પ્રમાણે પરવિવાહ અને તીવ્રકામાભિલાષનું પણ પરમાર્થથી પ્રત્યાખ્યાન થઈ જાય છે. આમ અનંગક્રીડા આદિ ત્રણનો અપેક્ષાએ નિયમ હોવાથી એ ત્રણ આચરવાથી નિયમનો ભંગ થાય, અને અપેક્ષાએ નિયમ ન હોવાથી એ ત્રણ આચરવાથી નિયમભંગ ન થાય. આથી એ ત્રણ અતિચાર છે.

બીજાઓ અનંગક્રીડાની ઘટના આ પ્રમાણે કરે છેઃ- મારે મૈથુન સેવનનો નિયમ છે, અનંગક્રીડાનો નહિ, આવી પોતાની બુદ્ધિથી મૈથુનસેવનનો ત્યાગ કરે, પણ સ્વસ્ત્રીસંતોષી વેશ્યા આદિમાં અને પરસ્ત્રીત્યાગી પરસ્ત્રીમાં આલિંગનાદિ રૂપ અનંગ ક્રીડા કરે, તો તેને અપેક્ષાએ જ અતિચાર લાગે. કારણ કે વ્રતની અપેક્ષાવાળો છે.

પરવિવાહની ઘટના આ પ્રમાણે છેઃ- સ્વસ્ત્રીસંતોષી સ્વસ્ત્રી સિવાય બીજીકોઈ સ્ત્રી સાથે, પરસ્ત્રી ત્યાગી સ્વસ્ત્રી અને વેશ્યા સિવાય બીજી કોઈ સ્ત્રી સાથે, મન-વચન-કાયાથી મૈથુન ન કરવું અને ન કારવવું એવું વ્રત લે ત્યારે પરવિવાહ કરવાથી પરમાર્થથી પરને મૈથુન કરાવ્યું ગણાય. પણ વ્રત લેનાર એમ માને કે હું વિવાહ કરાવું છું, મૈથુન નહિ. આથી વ્રતસાપેક્ષ હોવાથી અતિચાર થાય છે.

**પ્રશ્ન :** પરવિવાહકરણ અતિચાર લાગવામાં કન્યાફલની ઈચ્છા કારણ જણાવેલ છે. પણ તે ઘટતું નથી. જો વ્રત લેનાર સમ્યગ્દૃષ્ટિ હોય તો તેને કન્યાફલની ઈચ્છા ન હોય. (કારણ કે કન્યાફલની ઈચ્છા મિથ્યાત્વ છે.) હવે જો તે મિથ્યાદૃષ્ટિ હોય તો તેને અણુવ્રતો જ ન હોઈ શકે. (કારણ કે સમ્યક્ત્વ વિના વાસ્તવિક વિરતિ ન હોય.) આથી કન્યાફલની ઈચ્છા પરવિવાહકરણનું કારણ શી રીતે બને?

**ઉત્તર :** જેની બુદ્ધિ વિકસિત બની નથી તેવા સમ્યગ્ દૃષ્ટિમાં કન્યાફલની

ઈચ્છા પણ હોઈ શકે. તથા ગીતાર્થો ભદ્રિક મિથ્યાદૃષ્ટિને પણ સત્યમાર્ગમાં પ્રવેશ કરાવવા માત્ર અભિગ્રહરૂપ વ્રતો આપે છે. જેમ કે આર્યસુહસ્તિ મહારાજે ભિખારીને સર્વવિરતિ આપી હતી.

પરવિવાહ કરવાનો ત્યાગ પોતાના સંતાનો સિવાય બીજાઓના વિવાહ અંગે યોગ્ય છે, પોતાના સંતાનો અંગે નહિ. કારણ કે પોતાના સંતાનોનો વિવાહ ન કરે તો પોતાની કન્યા વ્યભિચારિણી બને. તેમ થાય તો (ધર્મી માતા-પિતાના ધર્મની નિંદા દ્વારા) શાસનની હીલના થાય. લગ્ન થઈ ગયા હોય તો વ્રતનું બંધન કર્યું હોવાથી ( = પતિનું નિયંત્રણ હોવાથી) તેમ ન બને. પોતાનાં સંતાનોના વિવાહ માટે પણ અમુક સંખ્યાથી વધારે સંતાનોનો વિવાહ નહિ કરું એવો સંખ્યાનો અભિગ્રહ કરવો જોઈએ એમ જે પહેલાં કહ્યું છે તે પણ અન્ય કોઈ પોતાનાં સંતાનોના વિવાહની ચિંતા કરનાર હોય તો યોગ્ય છે, અથવા જેટલી સંખ્યા નક્કી કરી હોય તેટલી સંખ્યા થઈ ગયા પછી બીજાં નવાં સંતાનોને જન્મ ન આપે તો યોગ્ય છે.

કેટલાક કહે છે કે - (વ્રતસ્વીકાર સમયે એક કે બે વગેરે જેટલી સ્ત્રી હોય તેટલી) સ્ત્રી સાથે મૈથુન સેવનથી સંતોષ ન થવાથી કામવાસનાની પૂર્તિ માટે બીજી સ્ત્રી સાથે લગ્ન કરવું તે પરવિવાહ કરણ છે. આ અતિચાર સ્વસ્ત્રીમાં સંતોષ રાખનારને હોય છે.

સ્ત્રીઓ માટે સ્વપુરુષસંતોષ કે પરપુરુષ ત્યાગ એ બંનેનો એક જ અર્થ છે. કારણ કે સ્ત્રીઓને સ્વપતિ સિવાય અન્ય સર્વ પુરુષો પરપુરુષો છે. આથી પરવિવાહ કરણ અનંગક્રીડા અને તીવ્રકામાભિલાષ એ ત્રણ અતિચારો જેમ સ્વસ્ત્રી સંતોષી પુરુષને હોય એમ સ્ત્રીને પણ સ્વપુરુષમાં હોય.

(સ્ત્રીઓમાં બીજા-ત્રીજા અતિચારની ઘટના:-) શોક્યો હોય અને પતિએ વારા બાંધ્યા હોય તો શોક્યના વારાના દિવસે શોક્યનો વારો ટાળીને પતિ સાથે વિષયસેવન કરે ત્યારે ઈત્વરપરિગૃહીતગમનરૂપ બીજો અતિચાર લાગે. પરપુરુષની સાથે વિષયસેવનની ઈચ્છા થાય ત્યારે સાક્ષાત્ સંયોગ ન થાય ત્યાં સુધી અતિક્રમ આદિથી અપરિગૃહીતગમન રૂપ ત્રીજો અતિચાર લાગે. અથવા પતિ બ્રહ્મચારી હોય તો તેની સાથે વિષયસેવનની ઈચ્છા થાય ત્યારે અતિક્રમ આદિથી ત્રીજો અતિચાર લાગે. (૨૬)

अथ पञ्चमाणुव्रतस्य–

## क्षेत्रवास्तु-हिरण्यसुवर्ण-धनधान्य-दासीदास-कुप्यप्रमाणातिक्रमाः॥२७॥१६०॥ इति॥

क्षेत्र-वास्तुनोः हिरण्य-सुवर्णयोः धन-धान्ययोः दासी-दासयोः कुप्यस्य च प्रमाणातिक्रमा इति समासः, तत्र **क्षेत्रं** सस्योत्पत्तिभूमिः, तच्च सेतु-केतूभयभेदात् त्रिविधम्, तत्र सेतुक्षेत्रम् अरघट्टादिसेक्यम्, केतुक्षेत्रं तु आकाशोदकनिष्पाद्यम्, उभयक्षेत्रं तु तदुभयनिष्पाद्यम्। **वास्तु** पुनरगारं ग्राम-नगरादि च, तत्रागारं त्रिविधम्-खातमुच्छ्रितं खातोच्छ्रितं च, तत्र खातं भूमिगृहादि, उच्छ्रितम् उच्छ्रयेण कृतम्, उभयं भूमिगृहस्योपरि प्रासादः, एतयोश्च क्षेत्र-वास्तुनोः प्रमाणस्य क्षेत्रान्तरादिमीलनेन अतिक्रमोऽतिचारो भवति, तथाहि- किलैकमेव क्षेत्रं वास्तु वेत्यभिग्रहवतोऽधिकतरतदभिलाषे सति व्रतभङ्गभयात् प्राक्तनक्षेत्रादिप्रत्यासन्नं तद् गृहीत्वा पूर्वेण सह तस्यैकत्वकरणार्थं वृत्याद्यपनयनेन तत् तत्र योजयतो व्रतसापेक्षत्वात् कथञ्चिद्विरतिबाधनाच्चातिचार इति १। तथा **हिरण्यं** रजतम्, **सुवर्णं** हेम, एतत्परिमाणस्य अन्यवितरणेनातिक्रमोऽतिचारो भवति, यथा केनापि चतुर्मासाद्यवधिना हिरण्यादिपरिमाणं विहितम्, तत्र च तेन तुष्टराजादेः सकाशात् तदधिकं तल्लब्धम्, तच्चान्यस्मै व्रतभङ्गभयात् प्रददाति 'पूर्णेऽवधौ ग्रहीष्यामि' इति भावनयेति व्रतसापेक्षत्वादतिचार इति २।

तथा **धनं** गणिम - धरिम - मेय - परिच्छेद्यभेदाच्चतुर्विधम्, तत्र गणिमं पूगफलादि, धरिमं गुडादि, मेयं घृतादि, परिच्छेद्यं माणिक्यादि, **धान्यं** व्रीह्यादि, एतत्प्रमाणस्य बन्धनतोऽतिक्रमोऽतिचारो भवति, यथा हि किल कृतधनादिपरिमाणस्य कोऽपि लभ्यमन्यद्वा धनादि ददाति, तच्च व्रतभङ्गभयाच्चतुर्मास्यादिपरतो गृहगतधनादिविक्रये वा कृते ग्रहीष्यामीति भावनया बन्धनेन नियन्त्रणेन रज्ज्वादिसंयमनेन सत्यङ्कारदानादिरूपेण वा स्वीकृत्य तद्गेह एव स्थापयतीत्यतोऽतिचारः ३। तथा **दासीदास**प्रमाणातिक्रम इति, सर्वद्विपद - चतुष्पदोपलक्षणमेतत्, तत्र द्विपदं पुत्र - कलत्र - दासी - दास - कर्मकर - शुक - सारिकादि, चतुष्पदं गवोष्ट्रादि, तेषां यत् परिमाणं तस्य गर्भाधानविधापनेनातिक्रमोऽतिचारो भवति, यथा किल केनापि संवत्सराद्यवधिना द्विपद-चतुष्पदानां परिमाणं कृतम्, तेषां च संवत्सरमध्य एव प्रसवे अधिकद्विपदादिभावाद् व्रतभङ्गः स्यादिति तद्भयात् कियत्यपि काले गते गर्भग्रहणं कारयतो गर्भस्थद्विपदादिभावेन बहिर्गततदभावेन च कथञ्चिद् व्रतभङ्गादतिचारः ४। तथा **कुप्यम्** आसन - शयनादिगृहोपस्करः,

तस्य यन्मानं तस्य पर्यायान्तरारोपणेनातिक्रमोऽतिचारो भवति, यथा किल केनापि 'दश करोटकानि' इति कुप्यस्य परिमाणं कृतम्, ततस्तेषां कथञ्चिद् द्विगुणत्वे भूते सति व्रतभङ्गभयात् तेषां द्वयेन द्वयेन एकैकं महत्तरं कारयतः पर्यायान्तरकरणेन संख्यापूरणात् स्वाभाविकसंख्याबाधनाच्चातिचारः। अन्ये त्वाहुः- तदर्थित्वेन 'विवक्षितकालावधेः परतोऽहमेतत् करोटकादि कुप्यं ग्रहिष्याम्यतो नान्यस्मै देयम्' इति पराप्रदेयतया व्यवस्थापयत इति ५। यथाश्रुतत्वेन चैषामभ्युपगमे भङ्गातिचारयोर्न विशेषः स्यादिति तद्विशेषोपदर्शनार्थं मीलन- वितरणादिना भावना दर्शितेति। यच्च क्षेत्रादिपरिग्रहस्य नवविधत्वेन नवसङ्ख्यातिचारप्राप्तौ पञ्चसङ्ख्यत्वमुक्तं तत् सजातीयत्वेन शेषभेदानामत्रैवान्तर्भावात्, शिष्यहितत्वेन च प्रायः सर्वत्र मध्यमगतेर्विवक्षितत्वात् पञ्चकसङ्ख्ययैवातिचारपरिगणनम्, अतः क्षेत्रवास्त्वादिसङ्ख्यया-ऽतिचाराणामगणनमुपपन्नमिति ॥२७॥

**હવે પાંચમા અણુવ્રતના અતિચારો કહે છે:-**

**ક્ષેત્ર-વાસ્તુ, હિરણ્ય-સુવર્ણ, ધન-ધાન્ય, દાસી-દાસ, અને કુપ્ય એ પાંચના પ્રમાણનો અતિક્રમ કરવો એ પાંચમા અણુવ્રતના પાંચ અતિચારો છે.**

**ક્ષેત્ર - વાસ્તુ -પ્રમાણાતિક્રમ:-** જેમાં અનાજ વગેરે ઉત્પન્ન થાય છે તેવી ભૂમિ ક્ષેત્ર છે. ક્ષેત્રના સેતુ, કેતુ અને સેતુ - કેતુ એમ ત્રણ ભેદ છે. જેમાં વાવ આદિના પાણીથી ખેતી થાય તે કેતુ ભૂમિ છે. જેમાં આકાશના (વર્ષાદના) પાણીથી ખેતી થાય તે કેતુ ભૂમિ છે. જેમાં વાવ આદિ અને આકાશ એ બંનેના પાણીથી ખેતી થાય તે સેતુ - કેતુ ભૂમિ છે. વાસ્તુ એટલે ઘર, ગામ, નગર વગેરે (વસવા લાયક) પ્રદેશ. ઘરના ખાત, ઉચ્છ્રિત અને ખાતોચ્છ્રિત એમ ત્રણ ભેદ છે. જે જમીનની અંદર હોય તે ભોંયરું વગેરે ખાત છે. જે જમીનની ઉપર હોય તે ઘર-દુકાન-મહેલ વગેરે ઉચ્છ્રિત છે. ભોંયરા આદિસહિત ઘર વગેરે ખાતોચ્છ્રિત છે.

એક ક્ષેત્ર કે વાસ્તુને બીજા ક્ષેત્ર કે વાસ્તુ સાથે જોડીને તેના પરિમાણનું ઉલ્લંઘન કરવાથી અતિચાર લાગે છે. તે આ પ્રમાણે :- કોઈએ એક ક્ષેત્ર કે વાસ્તુ રાખવાનો અભિગ્રહ કર્યો,પછી બીજા ક્ષેત્ર કે વાસ્તુ રાખવાની ઈચ્છા થતાં વ્રતભંગના ભયથી પૂર્વના ક્ષેત્ર વગેરેની પાસે નવું ક્ષેત્ર વગેરે લે, પછી પૂર્વની સાથે તેને એક કરવા માટે વાડ વગેરે દૂર કરીને લીધેલા ક્ષેત્રને પૂર્વના ક્ષેત્ર સાથે જોડી દે. આમ કરનાર વ્રતની અપેક્ષાવાળો હોવાથી અને અપેક્ષાએ (બેનું એક કરવાની અપેક્ષાએ) વિરતિને બાધા કરવાથી ( = પરમાર્થથી પ્રમાણનું ઉલ્લંઘન કરવાથી)

અતિચાર લાગે.

**હિરણ્ય-સુવર્ણાતિક્રમ** :- હિરણ્ય એટલે ચાંદી, સુવર્ણ એટલે સોનું. પરિમાણથી અધિક ચાંદી-સુવર્ણ બીજાને આપી પરિમાણનું ઉલ્લંઘન કરવાથી અતિચાર લાગે છે. જેમ કે કોઈએ ચાર માસ વગેરે અવધિ સુધી ચાંદી વગેરેનું પરિમાણ કર્યું. તે દરમિયાન ખુશ થયેલા રાજા વગેરેની પાસેથી તેણે ચાંદી વગેરે પરિમાણથી અધિક મેળવ્યું. વ્રતભંગના ભયથી પરિમાણનો અવધિ પૂર્ણ થશે ત્યારે લઈ લઈશ એવી બુદ્ધિથી મેળવેલ ચાંદી વગેરે બીજાને આપે. આમ કરવામાં વ્રતની અપેક્ષા રહેલી હોવાથી (અને પરમાર્થથી પરિમાણ વધી ગયું હોવાથી) અતિચાર લાગે.

**ધન - ધાન્ય પ્રમાણાતિક્રમ**:- ધનના ગણિમ, ધરિમ, મેય અને પરિછેદ્ય એમ ચાર પ્રકાર છે. ગણીને લેવડ - દેવડ થાય તે સોપારી વગેરે ગણિમ છે. જોખીને લેવડ - દેવડ થાય તે ગોળ વગેરે ધરિમ છે. માપીને લેવડ - દેવડ થાય તે ઘી વગેરે મેય છે. પરીક્ષા કરીને લેવડ-દેવડ થાય તે રત્ન, વસ્ત્ર વગેરે પરિછેદ્ય છે. ચોખા વગેરે ધાન્ય છે. બાંધીને રાખી મૂકવા આદિ રૂપ બંધનથી ધન - ધાન્યના પરિમાણનું ઉલ્લંઘન કરવાથી અતિચાર લાગે છે. તે આ પ્રમાણેઃ- કોઈએ ધન આદિનું પરિમાણ કર્યું, પછી કોઈ લેણાનું કે બીજું ધન વગેરે આપવા આવ્યો. મારો નિયમ પૂરો થશે એટલે અથવા ઘરમાં રહેલું ધન વેચાઈ જશે એટલે લઈશ એમ વિચારીને આપનારને ત્યાંજ દોરી આદિથી બાંધીને રાખી મૂક્યું. અથવા અમુક સમય પછી હું આ લઈ જઈશ એવી ખાતરી આપીને આપનારને ત્યાં જ રાખી મૂક્યું. • અહીં વ્રતભંગના ભયથી આમ કરે છે. આથી વ્રતસાપેક્ષ હોવાથી વ્રતનો ભંગ નથી, પણ પરમાર્થથી પરિમાણથી અધિક થવાથી વ્રતભંગ છે.

**દાસી - દાસ પ્રમાણાતિક્રમ** :- દાસી - દાસ શબ્દ સર્વ દ્વિપદ (બે પગવાળા) અને ચતુષ્પદ ( = ચાર પગવાળા) પ્રાણીનું ઉપલક્ષણ છે. તેમાં પુત્ર, પત્ની, દાસી, દાસ, નોકર, પોપટ અને મેના વગેરે દ્વિપદ પ્રાણી છે, ગાય અને ઊંટ વગેરે ચતુષ્પદ પ્રાણી છે. પુત્ર વગેરે દ્વિપદ અને ગાય વગેરે ચતુષ્પદ પ્રાણીના પ્રમાણનું કારણથી = ગર્ભાધાનથી ઉલ્લંઘન કરવાથી અતિચાર લાગે છે. તે આ પ્રમાણેઃ- કોઈ ૧૨

• અહીં પ્રથમ વિકલ્પમાં જાતે જ બાંધીને આપનારને ત્યાં રહેવા દે છે. બીજા વિકલ્પમાં પોતે બાંધવું વગેરે કરતો નથી, માત્ર હું પછી લઈશ એવી ખાતરી આપે છે. આપનાર પોતાને ત્યાં બાંધીને રાખી મૂકે છે.

માસ વગેરે સમય સુધી દ્વિપદ–ચતુષ્પદનું પરિમાણ કરે. હવે ૧૨ માસ વગેરે કાળમાં કોઈનો જન્મ થાય તો પરિમાણથી સંખ્યા વધી જાય. આથી અમુક સમય ગયા બાદ ગાય વગેરેને ગર્ભ ધારણ કરાવે. જેથી ૧૨ માસ વગેરે પછી જન્મ થાય. અહીં ગર્ભમાં હોવાથી પરિમાણની સંખ્યા વધી જવાથી વ્રતભંગ છે, પણ બહાર જન્મ ન થયો હોવાથી વ્રતભંગ નથી. આથી આ રીતે ગર્ભધારણ કરાવવાથી અતિચાર લાગે.

**કુપ્યપ્રમાણાતિક્રમ :-** બેસવાનું આસન અને સુવાની પથારી વગેરે ઘરમાં ઉપયોગી સામગ્રી કુપ્ય છે. તેના પરિમાણનું ભાવથી = પર્યાયાન્તર કરીને ઉલ્લંઘન કરવાથી અતિચાર લાગે છે. તે આ પ્રમાણે :- કોઈએ દશ કથરોટ (પરાત) થી વધારે કથરોટ ન રાખવાનો નિયમ લીધો. કારણસર કથરોટો ડબલ થઈ ગઈ. આથી વ્રતભંગના ભયથી બધી કથરોટો ભંગાવીને બે બે કથરોટોની એક એક મોટી કથરોટ કરાવી નાખી. આમ કરવામાં સ્થૂલદૃષ્ટિએ સંખ્યા વધતી નથી, પણ પરમાર્થથી સંખ્યા વધે છે. કારણ કે એ સંખ્યા સ્વાભાવિક નથી, કિંતુ ફેરફાર કરીને કરેલી છે. આમ ભંગાભંગ રૂપ હોવાથી અતિચાર લાગે. કેટલાક કહે છે કે ભાવ એટલે તે વસ્તુનું અર્થીપણું = તે વસ્તુને લેવાની ઈચ્છા. નિયમ કર્યા પછી નિયમથી વધારે કથરોટ કોઈ આપે, અગર પોતાને જરૂર પડે તો બીજાને કહી દે કે, અમુક સમય પછી હું એ લઈશ, આથી તમારે એ વસ્તુ બીજાને આપવી નહિ. આમ બીજાને નહિ આપવાની શરતે રાખી મૂકે. આમ કરવામાં બાહ્યદૃષ્ટિએ સંખ્યામાં વધારો થયો નથી, પણ પરમાર્થથી નિયમથી વધારે લેવાના ભાવ = પરિણામ થયા હોવાથી સંખ્યાનો વધારો થયો છે. આથી અતિચાર લાગે.

અહીં પ્રમાણાતિક્રમ એ શબ્દનો માત્ર શબ્દાર્થ જ પકડવામાં આવે તો ભંગ અને અતિચારમાં ભેદ ન રહે. આથી ભંગ અને અતિચારમાં ભેદ જણાવવા માટે અહીં "એક ક્ષેત્ર સાથે બીજા ક્ષેત્રને જોડીને તેના પરિમાણનું ઉલ્લંઘન કરવાથી અતિચાર લાગે, ચાંદી વગેરે કરેલા પ્રમાણથી અધિક મળે ત્યારે થોડા સમય માટે બીજાને આપવાથી અતિચાર લાગે" ઈત્યાદિથી ભાવના (= અતિચારની ઘટના) બતાવી છે.

**પ્રશ્ન :** પરિગ્રહના નવ પ્રકાર હોવાથી અતિચાર નવ થાય, જ્યારે અહીં પાંચ જ કહ્યા છે તેનું શું કારણ ?

**ઉત્તર :** સમાન હોવાથી ચાર ભેદોનો પાંચ ભેદોમાં સમાવેશ થઈ ગયો છે.

તથા શિષ્યહિત માટે પ્રાયઃ બધા સ્થળે મધ્યમ પદ્ધતિથી જ વિવક્ષા કરી હોવાથી બધાં વ્રતોમાં અતિચારોની પાંચ સંખ્યા જ ગણી છે. આથી અતિચારોની ચાર કે છ સંખ્યા નહિ ગણવી જોઈએ. (૨૭)

अथ प्रथमगुणव्रतस्य–

**ऊर्ध्वाधस्तिर्यग्व्यतिक्रम - क्षेत्रवृद्धि -स्मृत्यन्तर्धानानि ॥२८॥१६१॥ इति।**

**ऊर्ध्वाधस्तिर्यग्व्यतिक्रमाश्च क्षेत्रवृद्धिश्च स्मृत्यन्तर्धानं** चेति समासः, तत्र ऊर्ध्वाधस्तिर्यक्क्षेत्रव्यतिक्रमलक्षणास्त्रयोऽतीचाराः, एते च आनयने विवक्षितक्षेत्रात् परतः स्थितस्य वस्तुनः परहस्तेन स्वक्षेत्रप्रापणे, प्रेषणे वा ततः परेण, उभये वा आनयनप्रेषणलक्षणे सति संपद्यन्ते, अयं चानयनादावतिक्रमो 'न कारयामि' इत्येवंविहितदिग्व्रतस्यैव संभवति, तदन्यस्य तु आनयनादावनतिक्रम एव, तथाविधप्रत्याख्यानाभावादिति १-२-३। तथा **क्षेत्रस्य** पूर्वादिदेशस्य दिग्व्रतविषयस्य ह्रस्वस्य सतो **वृद्धिः** वर्द्धनम्, पश्चिमादिक्षेत्रान्तरपरिमाणप्रक्षेपेण दीर्घीकरणं क्षेत्रवृद्धिः, किल केनापि पूर्वापरदिशोः प्रत्येकं योजनशतं गमनपरिमाणं कृतम्, स चोत्पन्नप्रयोजन एकस्यां दिशि नवतिं व्यवस्थाप्यान्यस्यां तु दशोत्तरं योजनशतं करोति, उभाभ्यामपि प्रकाराभ्यां योजनशतद्वयरूपस्य परिमाणस्याव्याहतत्वादित्येवमेकत्र क्षेत्रं वर्द्धयतो व्रतसापेक्षत्वादतिचारः ४। तथा कथञ्चिदतिव्याकुलत्व-प्रमादित्व-मत्यपाटवादिना **स्मृतेः** स्मरणस्य योजनशतादिरूपदिक्परिमाणविषयस्या**न्तर्धानं** भ्रंशः स्मृत्यन्तर्धानमिति ५। इह वृद्धसंप्रदायः- ऊर्ध्वं यत् प्रमाणं गृहीतं तस्योपरि पर्वतशिखरे वृक्षे वा मर्कटः पक्षी वा वस्त्रमाभरणं वा गृहीत्वा व्रजेत्, तत्र तस्य न कल्पते गन्तुम्, यदा तु तत् पतितमन्येन वाऽऽनीतं तदा कल्पते ग्रहीतुम्, एतत् पुन**रष्टापदोज्जयन्तादिषु** भवेत्, एवमधः कूपादिषु विभाषा, तथा यत् तिर्यक्प्रमाणं गृहीतं तत् त्रिविधेन करणेन नातिक्रमितव्यम्, क्षेत्रवृद्धिश्च न कर्त्तव्या, कथम्?, असौ पूर्वेण भाण्डं गृहीत्वा गतो यावत् तत् परिमाणम्, ततः परतो भाण्डमर्घं लभते इतिकृत्वा अपरेण यानि योजनानि तानि पूर्वदिग्परिमाणे क्षिपति, यदि च स्मृत्यन्तर्धानात् परिमाणमतिक्रान्तो भवेत् तदा ज्ञाते निवर्तितव्यं परतश्च न गन्तव्यम्, अन्योऽपि न विसर्जनीयः, अथानाज्ञया कोऽपि गतो भवेत् तदा यत् तेन लब्धं स्वयं विस्मृत्य गतेन वा तन्न गृह्यते इति ॥२८॥

**હવે પહેલા ગુણવ્રતના અતિચારો કહે છેઃ-**

**ઊર્ધ્વક્ષેત્ર વ્યતિક્રમ, અધઃક્ષેત્રવ્યતિક્રમ, તિર્યક્ ક્ષેત્ર વ્યતિક્રમ, ક્ષેત્રવૃદ્ધિ અને સ્મૃતિ અંતર્ધાન એ પાંચ પહેલા ગુણવ્રતના અતિચારો છે.**

**પહેલા ત્રણ અતિચારોની ઘટના આ પ્રમાણે છેઃ-**

પરિમાણ કરેલા ક્ષેત્રથી આગળ રહેલી વસ્તુને બીજા દ્વારા પોતાના ( = પરિમાણ કરી રાખેલા) ક્ષેત્રમાં મંગાવે ત્યારે, અથવા પરિમાણ કરેલા ક્ષેત્રમાં રહેલી વસ્તુને બીજા દ્વારા પરિમાણ કરેલા ક્ષેત્રથી આગળ મોકલે ત્યારે, અથવા વસ્તુ લાવવી અને મોકલવી એ બંને કરે ત્યારે, આ ત્રણ અતિચારો લાગે. જેણે ''બીજા પાસે નહિ કરાવું'' એ રીતે આ વ્રત લીધું હોય તેને જ મંગાવવા વગેરેમાં અતિચાર લાગે. જેણે ''હું નહિ કરું'' એ રીતે જ આ વ્રત લીધું હોય તેને મંગાવવા વગેરેમાં અતિચાર ન જ લાગે. કારણ કે તેવો નિયમ જ નથી.

**ક્ષેત્રવૃદ્ધિઃ-** દિશા પરિમાણ વ્રતમાં જવા આવવા માટે ધારેલા અલ્પ ક્ષેત્રમાં વધારો કરવો, અર્થાત્ પૂર્વ વગેરે દિશામાં ધારેલા ક્ષેત્રમાં પશ્ચિમ વગેરે દિશાના ક્ષેત્રનું પરિમાણ ઉમેરીને વૃદ્ધિ કરવી, તે ક્ષેત્રવૃદ્ધિ અતિચાર છે. જેમ કે- કોઈએ પૂર્વ - દિશામાં સો યોજનથી આગળ ન જવું, અને પશ્ચિમ દિશામાં પણ સો યોજનથી આગળ ન જવું એવો નિયમ લીધો. પછી કોઈ એક દિશામાં સો યોજનથી આગળ જવાની જરૂરિયાત ઊભી થતાં તે એક દિશામાં નેવું યોજન રાખીને બીજી દિશામાં એકસો દશ યોજન કરે. અહીં બંને દિશાના મળીને બસો યોજનનું પરિમાણ કાયમ રહેવાના કારણે વ્રત સાપેક્ષ હોવાથી આ પ્રમાણે ક્ષેત્રવૃદ્ધિ કરનારને અતિચાર લાગે.

**સ્મૃતિ - અંતર્ધાનઃ-** કરેલું દિશાનું સોયોજન વગેરે પરિમાણ અતિ વ્યાકુલતા, પ્રમાદ, વિસ્મરણસ્વભાવ વગેરેના કારણે ભૂલી જવું તે સ્મૃતિ-અંતર્ધાન.

**અહીં વૃદ્ધસંપ્રદાય આ પ્રમાણે છેઃ-** ઉપરની દિશામાં જે પરિમાણ લીધું હોય તેનાથી વધારે દૂર પર્વતના શિખર ઉપર કે વૃક્ષ ઉપર વાંદરો કે પક્ષી વસ્ત્ર કે આભૂષણ લઈને જાય તો તેનાથી ત્યાં ન જઈ શકાય. જો તે વસ્તુ (વસ્ત્ર કે આભૂષણ) પડી જાય કે બીજો કોઈ લઈ આવે તો લઈ શકાય. અષ્ટાપદ કે ગિરનાર વગેરે પર્વતોમાં આવું બને. એ જ પ્રમાણે નીચે કૂવા વગેરેમાં પણ સમજવું.

તથા તીર્છી દિશામાં જે પ્રમાણ લીધું હોય તેનું મન - વચન- કાયાથી ઉલ્લંઘન ન કરવું. તથા એક દિશામાંથી બીજી દિશામાં ઉમેરીને ક્ષેત્રવૃદ્ધિ ન કરવી જોઈએ. તે આ પ્રમાણેઃ- દિશા પરિમાણ કરનાર શ્રાવક કરિયાણું લઈને પૂર્વદિશામાં પરિમાણ

લીધું હોય ત્યાં સુધી ગયો. પણ કરિયાણાના ભાવ (=મૂલ્ય) ઉપજ્યા નહિ. આગળ જાય તો ભાવ ઉપજે. આથી પશ્ચિમદિશામાં જે યોજન છૂટા હોય તે યોજન પૂર્વ દિશાના પરિમાણમાં નાખે. (આમ કરવાથી અતિચાર લાગે.)

જો ભૂલી જવાથી પરિમાણનું ઉલ્લંઘન થઈ જાય તો ખ્યાલ આવતાં આગળ ન વધવું જોઈએ અને પાછા ફરવું જોઈએ. ધારેલા પરિમાણથી આગળ બીજાને પણ નહિ મોકલવા જોઈએ. મોકલ્યા વિના બીજો કોઈ ગયો હોય તો તે જે વસ્તુ લાવ્યો હોય તે વસ્તુ નહિ લેવી જોઈએ. અથવા ભૂલી જવાથી સ્વયં જાય તો ત્યાંથી કોઈ વસ્તુ નહિ લેવી જોઈએ . (૨૮)

अथ द्वितीयस्य-

**सचित्त-संबद्ध-संमिश्रा-ऽभिषव-दुष्पक्वाहाराः ॥२९॥१६२॥ इति ।**

सचित्तं च संबद्धं च संमिश्रं च अभिषवश्च दुष्पक्वाहारश्चेति समासः। इह च सचित्तादौ निवृत्तिविषयीकृतेऽपि प्रवृत्तावतिचाराभिधानं व्रतसापेक्षस्यानाभोगा-ऽतिक्रमादिनिबन्धनप्रवृत्त्या द्रष्टव्यम्, अन्यथा भङ्ग एव स्यात्। तत्र **सचित्तं** कन्द-मूल-फलादि, तथा **संबद्धं** प्रतिबद्धं सचित्तवृक्षेषु गुन्दादि पक्वफलादि वा, तद्भक्षणं हि सावद्याहारवर्जकस्य सावद्याहारप्रवृत्तिरूपत्वादनाभोगादिनाऽतिचारः, अथवाऽस्थिकं त्यक्ष्यामि तस्यैव सचेतनत्वात् कटाहं तु भक्षयिष्यामि तस्याचेतनत्वादिति, तथा **संमिश्रम्** अर्द्धपरिणतजलादि सद्यःपिष्टकणिक्कादि वा, **अभिषवः** सुरासन्धानादि, **दुष्पक्वाहारश्च** अर्द्धस्विन्नपृथुकादि, एतेऽपि अतीचारा अनाभोगादतिक्रमादिना वा सम्मिश्राद्युपजीवनप्रवृत्तस्य भवन्ति, अन्यथा पुनर्भङ्ग एवेति ।

इह भोगोपभोगमानलक्षणं गुणव्रतमन्यत्र भोजनतो गुणव्रतं यदुच्यते तदपेक्षयैवातिचारा उपन्यस्ताः, शेषव्रतपञ्चपञ्चातिचारसाधर्म्याद्, अन्यथाऽन्यत्रावश्यकनिर्युक्त्यादौ कर्मतोऽपीदमभिधीयते, तत्र कर्म जीविकार्थमारम्भस्तदाश्रित्य खरकर्मादीनां निस्त्रिंशजनोचितकठोरारम्भाणां कोट्टपाल-गुप्तिपालत्वादीनां वर्जनं परिमाणं वा कार्यमिति। अत्र चाङ्गारकर्मादयः पञ्चदशातिचारा भवन्ति, तदुक्तम् -

इंगाले वण - साडी - भाडी फोडीसु वज्जए कम्मं।
वाणिज्जं चेव य दंत-लक्ख-रस-केस-विसविसयं ॥११३॥

एवं खु जंतपीलणकम्मं नेलंछणं च दववदाणं ।
सर-दह-तलायसोसं असईपोसं च वज्जेज्जा ।।११४।।
(श्रावकप्रज्ञप्तौ २८७-२८८)

भावार्थस्तु वृद्धसंप्रदायादवसेयः, स चायम्- **अङ्गारकर्मेति** अङ्गारान् कृत्वा विक्रीणीते, तत्र षण्णां जीवनिकायानां वधः स्यात् ततस्तन्न कल्पते १। **वनकर्म** यद्वनं क्रीणाति ततस्तच्छित्त्वा विक्रीय मूल्येन जीवति, एवं पत्रादीन्यपि प्रतिषिद्धानि भवन्ति २। **शकटीकर्म** यच्छाकटिकत्वेन जीवति, तत्र गवादीनां वध-बन्धादयो दोषाः स्युः ३। **भाटीकर्म** यद् भाटकमादाय स्वकीयेन शकटादिना परभाण्डं वहत्यन्येषां वा शकट - बलीवर्दादीनर्पयतीति ४। **स्फोटीकर्म** ओड्डत्वम्, यद्वा हलेन भूमेः स्फोटनम् ५। **दन्तवाणिज्यं** यत् पूर्वमेव पुलिन्द्राणां मूल्यं ददाति 'दन्तान्मे यूयं दद्यात' इति, ततस्ते हस्तिनो घ्नन्ति 'अचिरादसौ वाणिजक एष्यति' इति कृत्वा, एवं कर्मकराणां शङ्खमूल्यं ददाति, पूर्वानीतांस्तु क्रीणाति ६। **लाक्षावाणिज्यम**प्येवमेव, दोषस्तु तत्र कृमयो भवन्ति ७। **रसवाणिज्यं** कल्पपालत्वम्, तत्र सुरादावनेके दोषाः मारणा-ऽऽक्रोश-वधादयः ८। **केशवाणिज्यं** यद् दास्यादीन् गृहीत्वाऽन्यत्र विक्रीणीते, अत्राप्यनेके दोषाः परवशित्वादयः ९। **विषवाणिज्यं** विषविक्रयः, स च न कल्पते, यतस्तेन बहूनां जीवानां विराधना स्यात् १०। **यन्त्रपीडनकर्म** तिलेक्षुयन्त्रादिना तिलादिपीडनम् ११। **निर्लाञ्छनकर्म** गवादीनां वर्द्धितककरणम् १२। **दवदानकर्म** यद्वनदवं ददाति क्षेत्ररक्षणनिमित्तं यथो**त्तरापथे,** दग्धे हि तत्र तरुणं तृणमुत्तिष्ठति, तत्र च सत्त्वशतसहस्राणां वधः स्यात् १३। **सरो-ह्रद-तडागपरिशोषणं** यत् सरःप्रभृतीनि शोषयति १४। **असतीपोषणं** यद् योनिपोषका दासीः पोषयन्ति तत्संबन्धिनीं च भाटीं गृह्णन्ति यथा **गोल्लविषय** इति १५। दिङ्मात्रदर्शनं चैतत् बहुसावद्यानां कर्मणामेवंजातीयानाम्, न पुनः परिगणनमिति। इह चैवं विंशतिसंख्यातिचाराभिधानमन्यत्रापि पञ्चातिचारसङ्ख्याया तज्जातीयानां व्रतपरिणामकालुष्यनिबन्धनविधीनामपरेषां संग्रहो द्रष्टव्य इति ज्ञापनार्थम्, तेन स्मृत्यन्तर्धानादयो यथासंभवं सर्वव्रतेष्वतिचारा दृश्या इति। नन्वङ्गारकर्मादयः कस्मिन् व्रतेऽतिचाराः? खरकर्मव्रत इति चेत्तर्हि व्रतविषयस्यातिचाराणां च कः परस्परं विशेषः? खरकर्मरूपत्वादङ्गारकर्मादीनाम्, अत्रोच्यते, खरकर्मादय एवैतेऽतः खरकर्मादिव्रतिना परिहार्याः, यदा पुनरेतेष्वेवानाभोगादिना प्रवर्त्तते तदा खरकर्मव्रतातिचारा भवन्ति, यदा त्वाकुट्या तदा भङ्गा एवेति ।।२९।।

**હવે બીજા ગુણવ્રતના અતિચારો કહે છે :-**

**સચિત્ત, સચિત્ત સંબદ્ધ, સંમિશ્ર, અભિષવ અને દુષ્પકૂવ આહાર એ પાંચ બીજા ગુણવ્રતના અતિચારો છે.**

**પ્રશ્ન :** અહીં સચિત્તનો ત્યાગ કર્યો હોવાથી સચિત્ત વગેરેના ભક્ષણથી નિયમ ભંગ જ થાય, તો અહીં તેને અતિચાર કેમ કહેવાય ? **ઉત્તર :** વ્રતસાપેક્ષ શ્રાવક અનુપયોગ કે અતિક્રમ આદિના કારણે સચિત્તભક્ષણ આદિમાં પ્રવૃત્તિ કરે એ અપેક્ષાએ અતિચાર કહેલ છે. અન્યથા (= જાણી જોઇને સચિત્ત વગેરે ભક્ષણ કરે) તો નિયમ ભંગ જ થાય.

**સચિત્ત :** (સચિત્ત એટલે જીવ સહિત.) કંદમૂળ, ફલ વગેરે સચિત્ત છે.

**સચિત્ત સંબદ્ધ :** સચિત્ત વસ્તુ સાથે જોડાયેલી અચિત્ત વસ્તુ સચિત્ત સંબદ્ધ છે. જેમ કે સચિત્તવૃક્ષોમાં રહેલ અચિત્ત ગુંદર કે પાકાં ફળો વગેરે. (પાકાં ફળોમાં બીજ સચિત્ત છે, અને ગર્ભ વગેરે અચિત્ત છે.) સચિત્ત આહારના ત્યાગી શ્રાવક માટે સચિત્ત સંબદ્ધ આહારનું ભક્ષણ સચિત્ત આહારના ભક્ષણની પ્રવૃત્તિ કરવા સ્વરૂપ છે. આથી સચિત્તાહારત્યાગી શ્રાવક માટે અનુપયોગ આદિથી સચિત્ત સંબદ્ધ આહારનું ભક્ષણ અતિચાર છે. અથવા (ખજુર વગેરેનો) ઠળીયો જ સચિત્ત હોવાથી ફેંકી દઇશ અને ગર્ભ તો અચિત્ત હોવાથી ખાઇ જઇશ એમ વિચારી સચિત્ત સંબદ્ધ આહાર કરવામાં અતિચાર લાગે.

**સંમિશ્ર :** અર્ધું પરિણત થયેલું પાણી વગેરે કે તત્કાલ પિષેલો લોટ વગેરે સંમિશ્ર છે. **અભિષવ :** દારૂ અને બોળ અથાણું વગેરે અભિષવ છે. **દુષ્પકૂવઃ** અર્ધા સિઝેલા પૌંઆ વગેરે દુષ્પકૂવ છે. સંમિશ્ર વગેરે અતિચારો પણ અનુપયોગથી કે અતિક્રમ આદિથી સંમિશ્ર આહાર આદિનું ભક્ષણ કરવામાં પ્રવૃત્ત થયેલાને હોય. અન્યથા (= જાણી જોઇને સંમિશ્ર વગેરે આહાર કરે) તો નિયમ ભંગ જ થાય.

(ભોગોપભોગમાન ગુણવ્રતના અન્ય ગ્રંથોમાં ભોજન સંબંધી અને કર્મ સંબંધી એમ બે ભેદ છે. ભોગ - ઉપભોગની વસ્તુઓનું પરિમાણ તે ભોજન સંબંધી ભોગ - ઉપભોગમાન વ્રત છે. ભોગ - ઉપભોગની વસ્તુઓને મેળવવાના ઉપાયનું= ધંધાનું પરિમાણ તે કર્મ સંબંધી ભોગ - ઉપભોગમાન વ્રત છે.) અન્ય ગ્રંથોમાં ભોજન સંબંધી જે ભોગ - ઉપભોગમાન ગુણવ્રત છે તેની અપેક્ષાએ જ અહીં અતિચારોનો ઉલ્લેખ કર્યો છે. અન્યવ્રતોમાં અને આ વ્રતમાં પાંચ પાંચ અતિચારોની સમાનતા રહે એ દૃષ્ટિએ અહીં ભોજન સંબંધી પાંચ અતિચરોનો ઉલ્લેખ કર્યો છે. અન્યથા આવશ્યક નિર્યુક્તિ આદિ અન્ય ગ્રંથોમાં આ વ્રત કર્મ સંબંધી પણ કહેલ

છે. તેમાં કર્મ એટલે આજીવિકા માટે કરાતો આરંભ. કર્મને આશ્રયીને નિર્દય લોકોને ઉચિત કઠોર આરંભવાળા કોટવાલપણું અને જેલરક્ષકપણું વગેરે કામોનો ત્યાગ કરવો જોઈએ, અથવા પરિમાણ કરવું જોઈએ. અહીં પંદર અતિચારો થાય છે. કહ્યું છે કે **"અંગાર કર્મ, વનકર્મ, શકટ કર્મ, ભાટક કર્મ, સ્ફોટક કર્મ, દંત વાણિજ્ય, લાક્ષાવાણિજ્ય, રસવાણિજ્ય, કેશ વાણિજ્ય, વિષ વાણિજ્ય, યંત્ર પિલણ, નિર્લાંછન, દવદાન, જલશોષણ અને અસતીપોષણ એ પંદરનો શ્રાવક ત્યાગ કરે."**

આનો ભાવાર્થ તો વૃદ્ધસંપ્રદાયથી જાણવો. તે આ પ્રમાણે છેઃ- **અંગાર કર્મ:-** અંગારા (કોલશા) બનાવીને વેચે. તેમાં છજીવનિકાયની હિંસા થાય, તેથી તે ન કલ્પે. **વન કર્મ :-** વનને ખરીદે, પછી તેને છેદીને વેચે, તેના મૂલ્યથી જીવે. એ જ પ્રમાણે પાંદડાં આદિને પણ છેદવાનો નિષેધ થઈ જાય છે. **શકટ કર્મ :** ગાડું ચલાવીને જીવનનિર્વાહ કરે. તેમાં બળદ આદિને બંધ - વધ વગેરે કરવાના દોષો લાગે. **ભાટક કર્મ :** ભાડું લઈને પોતાના ગાડા આદિથી અન્યનો માલ લઈ જાયકે લઈ આવે, અથવા બીજાઓને પોતાનું ગાડું વગેરે આપે. **સ્ફોટક કર્મ :** વાવ, તળાવ વગેરે બનાવવા માટે પૃથ્વીને ખોદવી - ફોડવી. અથવા હળથી ભૂમિ ખેડવી. **દંતવાણિજ્ય:** ભીલોને "તમે મને દાંત આપજો" એમ કહીને પહેલેથી જ મૂલ્ય આપે, તેથી ભીલો જલદી આ વાણીયો આવશે એમ વિચારીને હાથીઓને મારે. એ પ્રમાણે શંખનું કામ કરનારાઓને શંખનું મૂલ્ય પહેલેથી જ આપે અને લાવેલા શંખોને પહેલેથી જ ખરીદે. **લાક્ષાવાણિજ્ય :** લાખના વેપારથી પણ અતિચાર લાગે. લાખમાં કૃમિઓ ઉત્પન્ન થાય એ દોષ છે. **રસવાણિજ્ય:** દારૂ વગેરે વેચીને આજીવિકા ચલાવવી. તેમાં બીજાના પ્રાણોનો નાશ, આક્રોશ અને પોતાનું મૃત્યુ વગેરે દોષો છે. **કેશવાણિજ્ય :** અહીં કેશ શબ્દથી કેશવાળા જીવો સમજવા. દાસી વગેરેને લઈને (ખરીદીને) અન્ય સ્થળે વેચે. અહીં પણ તે તે જીવોને પરાધીનતા (માર, બંધન, તૃષા, ક્ષુધા) વગેરે અનેક દોષો છે. **વિષવાણિજ્ય :** વિષનો વેપાર કરવો ન કલ્પે. કારણકે તેના વેપારથી ઘણા જીવોની વિરાધના થાય. **યંત્રપીલણ કર્મ :** તલ, શેરડી વગેરેને પીલવાના યંત્રથી તલ વગેરેને પીલવું. • **નિર્લાંછનકર્મ:-** બળદ વગેરે પ્રાણીઓના અંગોને છેદવાનો ધંધો કરવો. ★ **દવદાન કર્મ :** વનને

• વર્ધિતક એટલે છેદવું .

★ દવદાન શબ્દમાં દવ એટલે વનનો અગ્નિ. વનદવ શબ્દમાં દવ એટલે અગ્નિ.

બાળવું તે દવદાન. જેમ કે ઉત્તરાપથમાં ખેતરની રક્ષા માટે ખેતરનું ઘાસ બાળવામાં આવે છે. ખેતરમાં રહેલું ઘાસ બળી જવાથી તેમાં નવું ઘાસ ઉગે. તેમાં લાખો જીવોનો સંહાર થાય. **જલશોષણ** : તળાવ વગેરેને શુકાવે. **અસતીપોષણ** : યોનિપોષકો • દુરાચારિણી દાસી વગેરેનું પોષણ કરે અને તેનું ભાડું લે તે અસતીપોષણ છે. ગોલ્લદેશમાં આવું બને છે.

કર્મસંબંધી અતિચારો પંદર જ છે એવું નથી. અહીં બતાવેલા પંદર અતિચારો દિશાસૂચન માત્ર છે, આથી બીજાં પણ આવાં બહુપાપવાળાં પાપ- કાર્યોની કોઇ ગણતરી નથી.

**પ્રશ્ન** : દરેક વ્રતમાં પાંચ પાંચ અતિચાર કહ્યા છે. જ્યારે આ વ્રતમાં વીસ અતિચાર કહ્યા છે, આનું શું કારણ ?

**ઉત્તર** : દરેક વ્રતમાં જણાવેલ અતિચારોની પાંચ સંખ્યાથી બીજા પણ વ્રતના પરિણામને મલિન બનાવનારા દોષો અતિચાર રૂપ છે એમ સમજી લેવું એ સૂચન કરવા અહીં વીશ અતિચારો જણાવ્યા છે. આથી દરેક વ્રતમાં સ્મૃતિ અંતર્ધાન (લીધેલું વ્રત ભૂલી જવું) વગેરે અતિચારો પણ યથાસંભવ જાણી લેવા.

**પ્રશ્ન** : અંગારકર્મ વગેરે અતિચારો કયા વ્રતમાં છે ? જો ખરકર્મ વ્રતમાં હોય તો વ્રત અને અતિચારમાં કશો ભેદ પડતો નથી. કારણકે આ અતિચારો ખરકર્મ રૂપ છે.

**ઉત્તર** : અંગાર કર્મ વગેરે ખરકર્મ રૂપ જ છે. આથી કર્મ સંબંધી વ્રત લેનારે અંગાર કર્મ આદિનો ત્યાગ કરવો જોઇએ. અનુપયોગ, અજ્ઞાનતા આદિથી થઇ જાય તો અતિચાર લાગે. પણ જો જાણીને કરે તો વ્રતભંગ જ થાય. (૨૯)

अथ तृतीयस्य-

**कन्दर्प-कौत्कुच्य-मौखर्या-**

**ऽसमीक्ष्याधिकरणोपभोगाधिकत्वानि ॥३०॥१६३॥ इति।**

कन्दर्पश्च कौत्कुच्यं च मौखर्यं चासमीक्ष्याधिकरणं चोपभोगाधिकत्वं चेति समासः, तत्र **कन्दर्पः** कामः, तद्धेतुर्विशिष्टो वाक्प्रयोगोऽपि कन्दर्प एव, मोहोद्दीपकं

• યોનિ એટલે સ્ત્રીની યોનિ. તેને પોષે તે યોનિ પોષક, અર્થાત્ દુરાચારિણી દાસી, વેશ્યા વગેરેને પોષે તે યોનિપોષક.

वाक्कर्मेति भावः, इह च सामाचारी- श्रावकस्याट्टहासो न कल्पते कर्त्तुम्, यदि नाम हसितव्यं तदेषदेवेति १। तथा **कुत्कुचः** कुत्सितसंकोचनादिक्रियायुक्तः, तद्भावः **कौत्कुच्यम्** अनेकप्रकारमुख-नयनादिविकारपूर्विका परिहासादिजनिता भण्डानामिव विडम्बनक्रियेत्यर्थः, अत्र सामाचारी- तादृशानि भणितुं न कल्पन्ते यादृशैर्लोकस्य हास उत्पद्यते, एवं गत्या गन्तुं स्थानेन वा स्थातुमिति। एतौ च कन्दर्पकौत्कुच्याख्यावतिचारौ प्रमादाचरितव्रतस्यावसेयौ, प्रमादरूपत्वात् तयोः २। तथा मुखमस्यास्तीति मुखरस्तद्भावः कर्म वेति **मौखर्यं** धार्ष्ट्यप्रायमसभ्यासत्यासंबद्धप्रलापित्वम्, अयं च पापोपदेशव्रतस्यातिचारो, मौखर्ये सति पापोपदेशसंभवात् ३। तथा **असमीक्ष्यैव** तथाविधकार्यमपर्यालोच्यैव प्रवणतया यद् व्यवस्थापितमधिकरणं वास्युदूखल-शिलापुत्रक-गोधूमयन्त्रकादि तद**समीक्ष्याधिकरणम्।** अत्र सामाचारी- श्रावकेण न संयुक्तानि शकटादीनि धारयितव्यानीति, अयं च हिंस्रप्रदानव्रतस्यातीचारः ४।

तथा **उपभोगस्य** उपलक्षणत्वाद् भोगस्य च उक्तनिर्वचनस्या**धिकत्वम्** अतिरिक्तता उपभोगाधिकत्वम्, इहापि सामाचारी- **उपभोगातिरिक्तानि** यदि बहूनि तैलामलकानि गृह्णाति तदा तल्लौल्येन बहवः स्नातुं तडागादौ व्रजन्ति, ततश्च पूतरकादिवधोऽधिकः स्याद्, एवं ताम्बूलादिष्वपि विभाषा, न चैवं कल्पते, ततः को विधिरुपभोगे? तत्र स्नाने तावद् गृहे एव स्नातव्यम्, नास्ति चेत्तत्र सामग्री तदा तैलामलकैः शिरो घर्षयित्वा तानि च सर्वाणि झाटयित्वा तडागादीनां तटे निविष्टोऽञ्जलिभिः स्नाति, तथा येषु पुष्पादिषु कुन्थ्वादयः सन्ति तानि परिहरतीति, अयं च प्रमादाचरितव्रत एव, विषयात्मकत्वादस्य ५। अपध्यानाचरितव्रते त्वनाभोगादिना अपध्याने प्रवृत्तिरतिचार इति स्वयमभ्यूह्यम्, कन्दर्पादय आकुट्ट्या क्रियमाणा भङ्गा एवावसेया इति ॥३०॥

**હવે ત્રીજા ગુણવ્રતના અતિચારો કહે છે :-**

**કંદર્પ, કૌત્કુચ્ય, મૌખર્ય, અસમીક્ષ્યાધિકરણ અને ઉપભોગાધિકત્વ એ પાંચ ત્રીજા ગુણવ્રતના અતિચારો છે.**

**કંદર્પ :** કંદર્પ એટલે કામ. કામનો હેતુ બને (=કામને ઉત્તેજે) એવો વિશિષ્ટ વચનપ્રયોગ પણ કંદર્પ જ છે, અર્થાત્ મોહને પ્રદીપ્ત કરે તેવી વાણી બોલવી તે કંદર્પ. અહીં સામાચારી આ પ્રમાણે છેઃ- શ્રાવકને અટ્ટહાસ કરવું ન કલ્પે, જો હસવું હોય તો જરાક (મોં મલકાય તેટલું) જ હશે. **કૌત્કુચ્ય :** કુત્કુચ એટલે અશિષ્ટ સંકોચન આદિ ક્રિયાથી યુક્ત, અર્થાત્ અશિષ્ટપણે શરીરનું સંકોચન વગેરે ક્રિયા કરે તે કુત્કુચ. કુત્કુચનો ભાવ તે કૌત્કુચ્ય. આનો ભાવાર્થ આ પ્રમાણે છેઃ- મુખ, આંખ વગેરે

શરીરનાં અંગોને અનેક રીતે વિકૃત કરીને ભાંડ લોકો કરે તેવી ચેષ્ટા કરવી, જેથી બીજાને હસવું આવે તે કૌત્કુચ્ય છે. • અહીં સામાચારી આ પ્રમાણે છેઃ- જેવાં વચનોથી લોકોને હસવું આવે તેવાં વચનો બોલવા ન કલ્પે. એ પ્રમાણે જેનાથી હસવું આવે એવી બેશવા - ઉઠવાની કે ચાલવાની ક્રિયા કરવી ન કલ્પે.

કંદર્પ અને કૌત્કુચ્ય બે દોષો પ્રમાદરૂપ હોવાથી પ્રમાદ આચરણવ્રતના અતિચારો છે.

**મૌખર્ય :** (મુખ જેને છે તે મુખર કહેવાય, મુખરનો ભાવ કે ક્રિયા તે મૌખર્ય) ધિઠ્ઠાઇ જેવું, અસભ્ય, અસત્ય અને સંબંધ વિનાનું બોલવું તે મૌખર્ય. આ અતિચાર પાપોપદેશના વ્રતનો છે. કારણકે મૌખર્યથી પાપોપદેશ થવાનો (બહુ) સંભવ છે.

**અસમીક્ષ્યાધિકરણ :** તેવા પ્રકારનો કાર્યનો વિચાર કર્યા વિના જ અર્થાત્ કામ ન હોવા છતાં કુહાડો, ખાંડણીયું, વાટવાનો પથ્થર, ઘંટી વગેરે અધિકરણો ગોઠવીને (જોડેલાં) તૈયાર રાખવા તે અસમીક્ષ્યાધિકરણ અતિચાર છે. અહીં સામાચારી આ પ્રમાણે છેઃ શ્રાવકે ગાડું વગેરે અધિકરણો જોડેલાં ન રાખવા જોઇએ. (જેમ કે ખાંડણીયા સાથે સાંબેલું, હળ સાથે ફાળિયું = કોશ, ગાડા સાથે ધોંસરી વગેરે અધિકરણો જોડીને ન રાખવા) આ અતિચાર હિંસ્રપ્રદાન વ્રતનો છે.

**ઉપભોગાધિકત્વ :** અહીં ઉપભોગના ઉપલક્ષણથી ભોગનું પણ ગ્રહણ કરવું. ભોગ - ઉપભોગનો અર્થ પૂર્વે જણાવેલો છે. ભોગ - ઉપભોગની સામગ્રી અધિક રાખવી તે ઉપભોગાધિકત્વ અતિચાર છે. અહીં સામાચારી આ પ્રમાણે છે : જો શ્રાવક તેલ - આમળાં ઘણાં લે તો તેના લોભથી ઘણા માણસો સ્નાન કરવા તળાવ આદિ સ્થળે જાય. તેથી પોરા વગેરે જીવોની હિંસા ઘણી થાય. એ પ્રમાણે તંબોલના પાન આદિ વિષે પણ જાણવું. આથી શ્રાવકને તેવી સામગ્રી જરૂરીયાત કરતાં વધારે રાખવી ન કલ્પે.

**પ્રશ્ન :** તો પછી ઉપભોગ અંગેનો શ્રાવક માટે શો વિધિ છે ?

**ઉત્તર :** ઉપભોગમાં સ્નાન-અંગે વિધિ આ પ્રમાણે છેઃ- શ્રાવકે ઘરે જ સ્નાન કરવું જોઇએ. હવે જો ઘરે સ્નાન કરવાની અનુકૂળતા ન હોય તો ઘરે તેલ - આમળાથી માથું ઘસીને માથા ઉપરથી તેલ - આમળા સંપૂર્ણ ખંખેરીને તળાવ વગેરે

• विडम्बनां એટલે અનુકરણ કરવું -- નકલ કરવી.

સ્થળે જાય. ત્યાં તળાવ આદિના કાંઠે બેસીને અંજલીથી (ખોબા ભરીને) સ્નાન કરે. તથા જેમાં કુંથુઆ વગેરે જીવો હોય તે પુષ્પો વગેરેનો ઉપભોગ ન કરે. આ અતિચાર ઈંદ્રિયોના વિષયસંબંધી હોવાથી પ્રમાદાચરિત વ્રતનો જ છે.

અપધ્યાન આચરણ વ્રતમાં તો અનુપયોગ આદિથી અશુભ ધ્યાન થઈ જાય તો અતિચાર લાગે એ સ્વયં વિચારી લેવું. કંદર્પ વગેરે ઈરાદાપૂર્વક કરવામાં આવે તો નિયમભંગ જ થાય. (૩૦)

अथ प्रथमशिक्षापदस्य–

**योगदुष्प्रणिधाना-ऽनादर-स्मृत्यनुपस्थापनानि ॥३१॥१६४॥ इति ।**

योगदुष्प्रणिधानानि च अनादरश्च स्मृत्यनुपस्थानं चेति समासः । तत्र **योगाः** मनो-वचन - कायाः, तेषां **दुष्प्रणिधानानि** सावद्ये प्रवर्त्तनलक्षणानि योगदुष्प्रणिधानानि, एते त्रयोऽतिचाराः, **अनादरः** पुनः प्रबलप्रमादादिदोषाद् तथाकथञ्चित् करणं कृत्वा वाऽकृतसामायिककार्यस्यैव तत्क्षणमेव पारणमिति, **स्मृत्यनुपस्थापनं** पुनः स्मृतेः सामायिककरणावसरविषयायाः, कृतस्य वा सामायिस्य प्रबलप्रमाददोषाद**नुपस्थापनम्** अनवतारणम्, एतदुक्तं भवति 'कदा मया सामायिकं कर्त्तव्यम्, कृतं मया सामायिकं न वा' इत्येवंरूपस्य स्मरणस्य भ्रंश इति। ननु मनोदुष्प्रणिधानादिषु सामायिकस्य निरर्थकत्वादभाव एव प्रतिपादितो भवति, अतिचारश्च मालिन्यरूपो भवतीति कथं सामायिकाभावे? अतो भङ्गा एवैते नातिचाराः, सत्यम्, किन्त्वनाभोगतोऽतिचारत्वमिति। ननु द्विविधं त्रिविधेन सावद्यप्रत्याख्यानं सामायिकम्, तत्र च मनोदुष्प्रणिधानादौ प्रत्याख्यानभङ्गात् सामायिकाभाव एव, तद्भङ्गजनितं प्रायश्चित्तं च स्यात्, मनोदुष्प्रणिधानं च दुष्परिहार्यम्, मनसोऽनवस्थितत्वाद्, अतः सामायिकप्रतिपत्तेः सकाशात् तदप्रतिपत्तिरेव श्रेयसीति, नैवम्, यतः सामायिकं द्विविधं त्रिविधेन प्रतिपन्नम्, तत्र मनसा सावद्यं न करोमीत्यादीनि षट् प्रत्याख्यानानि इत्यन्यतरभङ्गेऽपि शेषसद्भावान्न सामायिकस्यात्यन्ताभावः, मिथ्यादुष्कृतेन मनोदुष्प्रणिधानमात्रशुद्धेश्च, सर्वविरतिसामायिकेऽपि तथाऽभ्युपगतत्वात्, यतो गुप्तिभङ्गे मिथ्यादुष्कृतं प्रायश्चित्तमुक्तम्, यदाह- बीओ उ असमिओ मि त्ति कीस सहसा अगुत्तो वा (आव० नि० १४३९) द्वितीयोऽतिचारः समित्यादिभङ्गरूपोऽनुतापेन शुद्ध्यतीत्यर्थः, इति न प्रतिपत्तेरप्रतिपत्तिर्गरीयसीति। किञ्च, सातिचारानुष्ठानादप्यभ्यासतः कालेन

निरतिचारमनुष्ठानं भवतीति सूरयः। यदाह- अभ्यासोऽपि प्रायः प्रभूतजन्मानुगो भवति शुद्धः (षोडशक० १३/१३) ॥३१॥

**હવે પહેલા શિક્ષાપદ વ્રતના અતિચારોને કહે છે :-**

**યોગદુષ્પ્રણિધાન, અનાદર અને સ્મૃતિ અનુપસ્થાપન એ પાંચ પહેલા શિક્ષાપદ (સામાયિક) વ્રતના અતિચારો છે.**

**યોગદુષ્પ્રણિધાન :** મન, વચન અને કાયા એ ત્રણ યોગો છે. યોગોને પાપકાર્યમાં પ્રવર્તાવવા તે યોગદુષ્પ્રણિધાન. આ ત્રણ અતિચાર છે. **અનાદર:** પ્રબલ પ્રમાદ આદિ દોષથી જેમ તેમ સામયિક કરવું, અથવા સામાયિકનું કાર્ય કર્યા વિના જ તત્કાલ જ સામાયિક પારી નાખવું. **સ્મૃતિ અનુપસ્થાપન :** સામાયિક કરવાના સમયને યાદ ન રાખવો. અથવા સામાયિક કર્યા પછી પ્રબલ પ્રમાદ દોષના કારણે યાદ ન રાખવું. આનો ભાવાર્થ આ પ્રમાણે છેઃ મારે ક્યારે સામાયિક કરવાનું છે? મેં સામાયિક કર્યું કે નહિ એમ યાદ ન રાખવું એ સ્મૃતિ અનુપસ્થાપન અતિચાર છે.

**પ્રશ્ન:** મનો દુષ્પ્રણિધાન વગેરેથી સામાયિક નિરર્થક બને છે. આથી અહીં જણાવેલા મનોદુષ્પ્રણિધાન વગેરે દોષ હોય ત્યારે સામાયિકનો અભાવ થાય છે, અને અતિચાર મલિનતા રૂપ છે. આથી સામાયિકના અભાવમાં અતિચારો કેવી રીતે હોય? આથી મનોદુષ્પ્રણિધાન વગેરે વ્રતભંગ રૂપ જ છે, અતિચાર રૂપ નથી. **ઉત્તર :** તમારી વાત સાચી છે, પણ અનુપયોગથી થાય તો દુષ્પ્રણિધાન વગેરે અતિચાર છે.

**પ્રશ્ન:** દ્વિવિધ - ત્રિવિધે ( = મન, વચન અને કાયાથી ન કરવું અને ન કરાવવું એ રીતે) સાવદ્યનું પ્રત્યાખ્યાન એ સામાયિક છે. મનોદુષ્પ્રણિધાન વગેરેમાં એ પ્રત્યાખ્યાનનો ભંગ થતો હોવાથી સામાયિકનો અભાવ થાય, અને પ્રત્યાખ્યાન ભંગના કારણે પ્રાયશ્ચિત્ત આવે. મનોદુષ્પ્રણિધાન રોકવું દુષ્કર છે. કારણ કે મન સ્થિર રહેતું નથી. આથી સામાયિકના સ્વીકાર કરતાં સામાયિકનો અસ્વીકાર જ શ્રેયસ્કર છે. **ઉત્તર:** તમારું કહેવું બરોબર નથી. કારણ કે સામાયિક દ્વિવિધ - ત્રિવિધે સ્વીકારેલું હોય છે. તેમાં ''મનથી સાવદ્યકાર્ય ન કરું'' ઈત્યાદિ છ પ્રત્યાખ્યાનો છે. એથી એ છમાંથી કોઈ એકનો ભંગ થવા છતાં બાકીના પ્રત્યાખ્યાનોનો સદ્ભાવ હોવાથી સામાયિકનો તદ્દન અભાવ થતો નથી. તથા ભાવથી મિચ્છા મિ દુક્કડં આપવાથી સઘળા અશુભ વિચારોની શુદ્ધિ થઈ જાય છે. સર્વવિરતિ સામાયિકમાં

પણ મિચ્છા મિ દુક્કડંથી સઘળા અશુભ વિચારોની શુદ્ધિનો સ્વીકાર કર્યો છે. કહ્યું છે કે - **"સમિતિ - ગુપ્તિ આદિના ભંગ રૂપ બીજો અતિચાર 'મિચ્છા મિ દુક્કડં' રૂપ પ્રાયશ્ચિત્તથી શુદ્ધ થાય છે."** આથી સામાયિક લેવા કરતાં સામાયિક ન લેવું એ શ્રેષ્ઠ નથી. વળી- અતિચારવાળા અનુષ્ઠાનથી પણ અભ્યાસ કરવાથી કાળે કરીને નિરતિચાર અનુષ્ઠાન થાય છે, એમ પૂર્વાચાર્યો કહે છે. કહ્યું છે કે - **"(અનુષ્ઠાનોનો) અભ્યાસ પણ પ્રાયઃ ઘણા ભવો સુધી કરવાથી શુદ્ધ બને છે"** (૩૧)

अथ द्वितीयस्य-

**आनयन-प्रेष्यप्रयोग-शब्द-रूपानुपात-पुद्गलक्षेपाः ॥३२॥१६५॥ इति ।**

आनयनं च प्रेष्यश्च आनयनप्रेष्यौ, तयोः प्रयोगावानयन-प्रेष्यप्रयोगौ, तथा शब्द-रूपयोरनुपातौ शब्द-रूपानुपातौ, आनयन-प्रेष्यप्रयोगौ च शब्द-रूपानुपातौ च पुद्गलक्षेपश्चेति समासः, तत्रा**नयने** विवक्षितक्षेत्राद् बहिर्वर्त्तमानस्य सचेतनादिद्रव्यस्य विवक्षितक्षेत्रप्रापणे **प्रयोगः** स्वयं गमने व्रतभङ्गभयादन्यस्य स्वयमेवाऽगच्छतः संदेशादिना व्यापारण**मानयनप्रयोगः**, तथा **प्रेष्यस्य** आदेश्यस्य **प्रयोगो** विवक्षितक्षेत्राद् बहिः प्रयोजनाय स्वयं गमने व्रतभङ्गभयादन्यस्य व्यापारणं **प्रेष्यप्रयोगः**, तथा **शब्दस्य** कासितादे **रूपस्य** स्वशरीराकारस्य विवक्षितक्षेत्राद् बहिर्व्यवस्थितस्याह्वानीयस्याह्वानाय श्रोत्रे दृष्टौ **चानुपातः** अवतारणमिति योऽर्थः, अयमत्र भावः- विवक्षितक्षेत्राद् बहिर्वर्त्तमानं कञ्चन नरं व्रतभङ्गभयादाह्वातुमशक्नुवन् यदा काशितादिशब्दश्रावण-स्वकीयरूपसंदर्शनद्वारेण तमाकारयति तदा व्रतसापेक्षत्वाच्छब्दानुपात-रूपानुपातावतिचाराविति, तथा **पुद्गलस्य** शर्करादेर्नियमितक्षेत्राद् बहिर्वर्त्तिनो जनस्य बोधनाय तदभिमुखं **प्रक्षेपः पुद्गलप्रक्षेपः**, देशावकाशिव्रतं हि गृह्यते मा भूद् गमनागमनादिव्यापारजनितः प्राण्युपमर्द इत्यभिप्रायेण, स च स्वयं कृतोऽन्येन वा कारित इति न कश्चित् फले विशेषः, प्रत्युत गुणः स्वयं गमने ईर्यापथविशुद्धेः, परस्य पुनरनिपुणत्वात् तदशुद्धिरिति। इह चाद्यद्वयमव्युत्पन्नबुद्धित्वेन सहसाकारादिना वा अन्त्यत्रयं तु व्याजपरस्यातिचारतां यातीति ।

इहाहुर्वृद्धाः- दिग्व्रतसंक्षेपकरणमणुव्रतादिसंक्षेपकरणस्याप्युपलक्षणं द्रष्टव्यम्, तेषामपि संक्षेपस्यावश्यं कर्त्तव्यत्वात्, प्रतिव्रतं च संक्षेपकरणस्य भिन्नव्रतत्वेन द्वादश व्रतानीति सङ्ख्याविरोधः स्यादिति। अत्र केचिदाहुः- दिग्व्रतसंक्षेप एव देशावकाशिकम्,

तदतिचाराणां दिग्व्रतानुसारितयैवोपलम्भाद्, अत्रोच्यते, यथोपलक्षणतया शेषव्रतसंक्षेपकरणमपि देशावकाशिकमुच्यते तथोपलक्षणतयैव तदतिचारा अपि तदनुसारिणो द्रष्टव्याः, अथवा प्राणातिपातादिसंक्षेपकरणेषु बन्धादय एवातिचारा घटन्ते, दिग्व्रतसंक्षेपे तु संक्षिप्तत्वात् क्षेत्रस्य शब्दानुपातादयोऽपि स्युरिति भेदेन दर्शिताः, न च सर्वेषु व्रतभेदेषु विशेषतोऽतिचारा दर्शनीयाः, रात्रिभोजनादिव्रतभेदेषु तेषामदर्शितत्वादिति ॥३२॥

**હવે બીજા શિક્ષાપદના અતિચારોને કહે છે :-**

**આનયનપ્રયોગ, પ્રેષ્યપ્રયોગ, શબ્દાનુપાત, રૂપાનુપાત અને પુદ્‌ગલક્ષેપ એ પાંચ અતિચારો બીજા શિક્ષાપદ ( = દેશાવગાશિક) વ્રતના છે.**

• **આનયન પ્રયોગઃ** પરિમાણ કરેલા ક્ષેત્રની બહાર રહેલી સચિત્ત વગેરે વસ્તુને હું લેવા જઈશ તો વ્રતભંગ થશે એમ વિચારી વ્રતભંગના ભયથી સ્વયમેવ આવનાર બીજાની પાસેથી સંદેશા આદિ દ્વારા મંગાવે. **પ્રેષ્યપ્રયોગ :** પરિમાણ કરેલા ક્ષેત્રની બહાર કોઈ કામ પડતાં હું જઈશ તો વ્રતભંગ થશે એમ વિચારી વ્રતભંગના ભયથી તે કામ માટે બીજાને મોકલે. **શબ્દાનુપાત :** પરિમાણ કરેલા ક્ષેત્રની બહાર રહેલી કોઈ વ્યક્તિને પોતાની પાસે બોલાવવા માટે ખાંસી આદિથી શબ્દ કરવો = અવાજ કરવો. (જેમકે - ઘરની બહાર ન જવું એવો નિયમ કર્યા પછી ઘરની બહાર રહેલી કોઈ વ્યક્તિને મળવાની જરૂર પડતાં ખાંસી આદિથી અવાજ કરે જેથી તે વ્યક્તિ પોતાને ઘરમાં રહેલો જાણીને પોતાની પાસે આવે.) **રૂપાનુપાતઃ** પરિમાણ કરેલા ક્ષેત્રની બહાર કોઈ વ્યક્તિને બોલાવવા માટે તે વ્યક્તિને પોતાનું રૂપ ( = કાયા) બતાવે. (જેમકે ઘરની બહાર ન જવું એવો નિયમ કર્યા પછી ઘરની બહાર રહેલી વ્યક્તિને મળવાની જરૂર પડતાં ઘરની બારી આદિ પાસે તેવી રીતે ઊભો રહે, જેથી તે વ્યક્તિ પોતાને ઘરમાં રહેલો જોઈને પોતાની પાસે આવે.)

**પુદ્‌ગલક્ષેપ :** પરિમાણ કરેલા ક્ષેત્રની બહાર રહેલી કોઈ વ્યક્તિને 'હું અહીં

• આનયન પ્રયોગ વગેરે શબ્દોનો શબ્દાર્થ આ પ્રમાણે છે : આનયન એટલે લાવવું. પ્રયોગ એટલે જોડવો. બીજાને લાવવામાં જોડવો તે આનયન પ્રયોગ. પ્રેષ્ય એટલે આદેશ કરવા યોગ્ય માણસ. આદેશ કરવા યોગ્ય માણસને જોડવો તે પ્રેષ્યપ્રયોગ. શબ્દનું કાનમાં આવવું = પ્રવેશવું તે શબ્દાનુપાત. રૂપનું = શરીરનું આંખમાં આવવું - પ્રવેશવું તે રૂપાનુપાત. ખાંસી આદિથી અવાજ કરવાથી તે અવાજ જેને બોલાવવો છે તેના કાનમાં પ્રવેશે છે. એ રીતે પોતાની કાયાને તે એ રીતે રાખે જેથી તે કાયા તેની આંખમાં પ્રવેશે - તેને દેખાય. કાંકરા વગેરે પુદ્‌ગલોને ફેંકવા તે પુદ્‌ગલક્ષેપ.

છું' એમ જણાવવા તે વ્યક્તિ તરફ કાંકરો વગેરે ફેંકે.

જવા - આવવાથી જીવહિંસા ન થાય તે માટે દેશાવગાશિકવ્રત છે. જીવહિંસા પોતે કરે કે બીજા પાસે કરાવે તેમાં ફલમાં ફેર પડતો નથી. બલ્કે બીજાને મોકલે તેના કરતાં પોતે જાય તેમાં દોષ ઓછો લાગે. કારણ કે પોતે ઈર્યાસમિતિ પૂર્વક જાય, જ્યારે બીજો નિપુણ ન હોવાથી ઈર્યાસમિતિ વિના જાય. એટલે બીજાને મોકલવામાં પરમાર્થથી તો નિયમભંગ થાય છે, પણ વ્રતભંગના ભયના કારણે વ્રતસાપેક્ષ હોવાથી અતિચાર ગણાય.

આમાં પહેલા બે અતિચારો તેવી શુદ્ધ સમજણના અભાવથી કે સહસાત્કાર આદિથી થાય છે. છેલ્લા ત્રણ અતિચારો માયાથી થાય છે.

અહીં વૃદ્ધોનું કહેવું છે કે- બધા વ્રતોનો સંક્ષેપ અવશ્ય કરવાનો હોવાથી દિશાપરિમાણવ્રતના સંક્ષેપનું વિધાન બીજાં બધાં વ્રતોના સંક્ષેપનું ઉપલક્ષણ છે, અર્થાત્ આ દેશાવગાશિક વ્રતમાં દિશાપરિમાણની જેમ બધાં વ્રતોનો સંક્ષેપ કરવાનું સૂચન કર્યું છે.

**પ્રશ્ન :** બધા વ્રતોનો સંક્ષેપ કરવો જોઈએ તો તે તે વ્રતના સંક્ષેપનું જાુદું જાુદું વ્રત કેમ ન કહ્યું?

**ઉત્તર :** તે તે વ્રતના સંક્ષેપનું જાુદું જાુદું વ્રત કહે તો શાસ્ત્રમાં કહેલ વ્રતોની બાર સંખ્યાનો વિરોધ થાય. અહીં કેટલાક કહે છે કે દિશાપરિમાણ વ્રતનો જ સંક્ષેપ દેશાવગાશિક છે, અર્થાત્ દેશાવગાશિકમાં દિશાપરિમાણ વ્રતનો જ સંક્ષેપ થાય. કારણ કે દેશાવગાશિકના અતિચારો દિશાપરિમાણ વ્રતને અનુસરતા જોવામાં આવે છે. આનો જવાબ એ છે કે- જેમ દિશાપરિમાણ સંક્ષેપના ઉપલક્ષણથી બાકીના વ્રતોનો સંક્ષેપ પણ દેશાવગાશિક કહેવાય છે તેમ ઉપલક્ષણથી તે તે વ્રતના સંક્ષેપના અતિચારો પણ તે તે વ્રત પ્રમાણે સમજી લેવા જોઈએ. અથવા પ્રાણાતિપાત આદિનો સંક્ષેપ કરવા રૂપ દેશાવગાશિકમાં તે તે વ્રતમાં જણાવેલા બંધ વગેરે જ અતિચારો ઘટે છે. (અર્થાત્ જાુદા અતિચારો ઘટતા નથી.) દિશાપરિમાણના સંક્ષેપમાં ક્ષેત્ર નાનું હોવાથી શબ્દાનુપાત વગેરે પણ અતિચારો થાય છે. આથી તેના અતિચારો (મૂળ વ્રતથી) અલગ જણાવ્યા છે. વ્રતોના બધા જ ભેદોમાં અલગ અલગ અતિચારો કહેવા જ જોઈએ એવો નિયમ નથી. કારણ કે રાત્રિભોજન આદિ વ્રતભેદોમાં અલગ અતિચારો જણાવ્યા નથી. (૩૨)

अथ तृतीयस्य–

**अप्रत्युपेक्षिताप्रमार्जितोत्सर्गा-ऽऽदाननिक्षेप-संस्तारोपक्रमणा-ऽनादर-स्मृत्यनुस्थापनानि ॥३३॥१६६॥ इति ।**

इह पदेऽपि पदसमुदायोपचाराद् अप्रत्युपेक्षितपदेनाप्रत्युपेक्षितदुष्प्रत्युपेक्षितः स्थण्डिलादिभूमिदेशः परिगृह्यते, अप्रमार्जितपदेन तु स एवाप्रमार्जितदुष्प्रमार्जित इति, *तथा उत्सर्गश्चादान-निक्षेपौ चेति उत्सर्गादाननिक्षेपाः, ततोऽप्रत्युपेक्षिताप्रमार्जिते* स्थण्डिलादावुत्सर्गादाननिक्षेपाः अप्रत्युपेक्षिताप्रमार्जितोत्सर्गादाननिक्षेपाः, ततस्ते च संस्तारोपक्रमणं चानादरश्च स्मृत्यनुपस्थापनं चेति समासः, तत्रा**प्रत्युपेक्षिते** प्रथमत एव लोचनाभ्यामनिरीक्षिते **दुःप्रत्युपेक्षिते** तु प्रमादाद् भ्रान्तलोचनव्यापारेण न सम्यग् निरीक्षिते तथा **अप्रमार्जिते** मूलत एव वस्त्राञ्चलादिना अपरामृष्टे दुष्प्रमार्जिते त्वर्द्धप्रमार्जिते स्थण्डिलादौ यथार्ह**मुत्सर्गो** मूत्र-पुरीषादीनामुज्झनीयानाम्, **आदान-निक्षेपौ** च पौषधोपवासोपयोगिनो धर्मोपकरणस्य पीठ-फलकादेर्द्वावतीचारौ स्यातामेताविति १-२। इह **संस्तारोपक्रमणम्** इति संस्तारकशब्दः शय्योपलक्षणम्, तत्र शय्या शयनं सर्वाङ्गीणं वसतिर्वा, संस्तारकः अर्द्धतृतीयहस्तपरिमाणः, ततः संस्तारकस्य प्रस्तावादप्रत्युपेक्षितस्याप्रमार्जितस्य चोपक्रमः उपभोगः अतीचारोऽयं तृतीयः ३। **अनादरस्मृत्यनुपस्थाने** पुनर्द्वौ चतुर्थ-पञ्चमावतीचारौ ४-५ सामायिकातिचाराविव भावनीयाविति। इह संस्तारोपक्रमे इयं वृद्धसामाचारी- कृतपौषधोपवासो नाप्रत्युपेक्षितां *शय्यामारोहति, संस्तारकं वा पौषधशालां वा सेवते, दर्भवस्त्रं वा शुद्धवस्त्रं वा भूम्यां* संस्तृणाति, कायिकाभूमेश्चागतः पुनरपि संस्तारकं प्रत्युपेक्षतेऽन्यथाऽतिचारः स्यात्, एवं पीठादिष्वपि विभाषेति ॥३३॥

**હવે ત્રીજા શિક્ષાપદ (પૌષધ) વ્રતના અતિચારો કહે છેઃ-**

**અપ્રત્યુપેક્ષિત - અપ્રમાર્જિત ઉત્સર્ગ, અપ્રત્યુપેક્ષિત - અપ્રમાર્જિત આદાન - નિક્ષેપ, અપ્રત્યુપેક્ષિત - અપ્રમાર્જિત સંસ્તાર - ઉપક્રમણ, અનાદર અને સ્મૃતિ અનુપસ્થાપન એ પાંચ અતિચારો ત્રીજા શિક્ષાપદવ્રતના છે.**

**અપ્રત્યુપેક્ષિત-અપ્રમાર્જિત ઉત્સર્ગ :** અહીં અપ્રત્યુપેક્ષિત શબ્દના ઉપલક્ષણથી દુષ્પ્રત્યુપેક્ષિત પણ સમજવું. તેમાં અપ્રત્યુપેક્ષિત એટલે પહેલેથી જ આંખોથી બરોબર નહિ જોયેલું. દુષ્પ્રત્યુપેક્ષિત એટલે પ્રમાદથી આંખો આમ-તેમ ભટકતી હોવાના કારણે બરોબર નહિ જોયેલું. અપ્રમાર્જિત એટલે પહેલેથી જ વસ્ત્રના છેડા

વગેરેથી નહિ પૂંજેલું. દુષ્પ્રમાર્જિત એટલે બરોબર નહિ પ્રમાર્જેલું. ઉત્સર્ગ એટલે ત્યાગ કરવા યોગ્ય મલ- મૂત્ર આદિનો ત્યાગ કરવો. સ્થંડિલ વગેરે ભૂમિના પ્રદેશને દૃષ્ટિથી જોયા વિના કે બરોબર જોયા વિના અને વસ્ત્રના છેડા વગેરેથી પૂંજ્યા વિના કે બરોબર પૂંજ્યા વિના મલ - મૂત્ર આદિનો ત્યાગ કરવો તે અપ્રત્યુપેક્ષિત - અપ્રમાર્જિત ઉત્સર્ગ અતિચાર છે.

**અપ્રત્યુપેક્ષિત - અપ્રમાર્જિત આદાન-નિક્ષેપઃ** આદાન એટલે લેવું. નિક્ષેપ એટલે મૂકવું. પૌષધમાં ઉપયોગી ધર્મોપકરણને લેવા અને મૂકવા તે આદાન - નિક્ષેપ. દૃષ્ટિથી જોયા વિના કે બરોબર જોયા વિના (ચરવળા વગેરેથી) પૂંજ્યા વિના કે બરોબર પૂંજ્યા વિના બાજોઠ, પાટિયું વગેરે ધર્મોપકરણને લેવા-મૂકવા તે અપ્રત્યુપેક્ષિત અપ્રમાર્જિત આદાન-નિક્ષેપ અતિચાર છે.

**અપ્રત્યુપેક્ષિત - અપ્રમાર્જિત સંસ્તાર - ઉપક્રમણ :** અહીં સંસ્તાર શબ્દના ઉપલક્ષણથી શય્યા શબ્દ પણ સમજવો. તેમાં શય્યા એટલે સંપૂર્ણ શરીર આવી જાય તેવો સંથારો, અથવા શય્યા એટલે વસતિ (મકાન). સંસ્તારક એટલે અઢી હાથ પ્રમાણ સંથારો. ઉપક્રમ એટલે ઉપયોગ કરવો - પાથરવું. દૃષ્ટિથી જોયા વિના કે બરોબર જોયા વિના, પૂંજ્યા વિના કે બરોબર પૂંજ્યા વિના સંથારા વગેરેનો ઉપયોગ કરવો તે અપ્રત્યુપેક્ષિત અપ્રમાર્જિત સંસ્તાર ઉપક્રમણ અતિચાર છે.

**અનાદર :** પ્રબલ પ્રમાદ આદિ દોષથી જેમ તેમ પૌષધ કરવો અથવા પૌષધનું કાર્ય કર્યા વિના જ તત્કાલ જ પૌષધ પારી નાખવો.

**સ્મૃતિ - અનુપસ્થાપન :** પૌષધ કરવાના સમયને યાદ ન કરવો, અથવા પૌષધ લીધા પછી પ્રબલ પ્રમાદ દોષના કારણે યાદ ન રાખવું. સંસ્તાર ઉપક્રમણમાં વૃદ્ધ સામાચારી આ પ્રમાણે છે :- પૌષધવાળો શ્રાવક પડિલેહણ કર્યા વિના શય્યા, સંથારો અને પૌષધશાલાનો ઉપયોગ કરે નહિ, પડિલેહણ કર્યા વિના ડાભઘાસનું વસ્ત્ર કે શુદ્ધ વસ્ત્ર ભૂમિ ઉપર પાથરે નહિ, માત્રુ કરવાની ભૂમિથી આવીને ફરી સંથારાનું પડિલેહણ કરે, અન્યથા અતિચાર લાગે. એ પ્રમાણે બાજોઠ આદિ માટે પણ સમજવું. (૩૩)

अथ चतुर्थस्य-

**सचित्तनिक्षेप-पिधान-परव्यपदेश-मात्सर्य-कालातिक्रमाः॥३४॥१६७॥ इति।**

सचित्तनिक्षेपपिधाने च परव्यपदेशश्च मात्सर्यं च कालातिक्रमश्चेति समासः, तत्र **सचित्ते** सचेतने पृथिव्यादौ **निक्षेपः** साधुदेयभक्तादेः स्थापनं सचित्तनिक्षेपः, तथा **सचित्तेनैव** बीजपूरादिना **पिधानं** साधुदेयभक्तादेरेव स्थगनं सचित्तपिधानम्। तथा **परस्य** आत्मव्यतिरिक्तस्य **व्यपदेशः** परकीयमिदमन्नादिकमित्येवमदित्सावतः साधुसमक्षं भणनं **परव्यपदेशः**, तथा **मत्सरः** असहनं साधुभिर्याचितस्य कोपकरणम्, तेन रङ्केण याचितेन दत्तमहं तु किं ततोऽपि हीन इत्यादिविकल्पो वा, सोऽस्यास्तीति मत्सरी, तद्भावो **मात्सर्यम्**, तथा **कालस्य** साधूचितभिक्षासमयस्या**तिक्रमः** अदित्सयाऽनागतभोजन-पश्चाद्भोजनद्वारेणोल्लङ्घनं कालातिक्रमोऽतिचार इति। भावना पुनरेवम्- यदाऽनाभोगादिनाऽतिक्रमादिना वा एतानाचरति तदाऽतिचारोऽन्यदा तु भङ्ग इति ॥३४॥

**હવે ચોથા શિક્ષાપદ (અતિથિસંવિભાગ) વ્રતના અતિચારો કહે છે :-**

**સચિત્તનિક્ષેપ, સચિત્તપિધાન, પરવ્યપદેશ, માત્સર્ય અને કાલાતિક્રમ એ પાંચ ચોથા શિક્ષાપદવ્રતના અતિચારો છે.**

**સચિત્તનિક્ષેપ :** (નહિ આપવાની બુદ્ધિથી) સાધુને આપવા લાયક અન્ન વગેરે વસ્તુને પૃથ્વી આદિ સચિત્ત વસ્તુ ઉપર મૂકી દેવી. **સચિત્તપિધાન :** (નહિ આપવાની બુદ્ધિથી) સાધુને આપવા લાયક વસ્તુને બીજોરુ આદિ સચિત્ત વસ્તુથી જ ઢાંકી દેવી. **પરવ્યપદેશ :** વસ્તુ પોતાની હોવા છતાં નહિ આપવાની બુદ્ધિથી આ વસ્તુ બીજાની છે એમ સાધુ સમક્ષ બોલવું. **માત્સર્ય :** માત્સર્ય એટલે સહન ન કરવું. સાધુ કોઈ વસ્તુ માંગે તો ગુસ્સો કરવો, અથવા પેલા રંકે સાધુની માગણીથી આપ્યું તો શું હું તેનાથી ઉતરતો છું ? એમ ઈર્ષ્યાથી સાધુને વહોરાવવું. **કાલાતિક્રમઃ** સાધુને ઉચિત ભિક્ષાસમયનું ઉલ્લંઘન કરવું તે કાલાતિક્રમ. નહિ વહોરાવવાની ઈચ્છાથી ભિક્ષાનો સમય થયા પહેલાં કે વીતી ગયા પછી નિમંત્રણ કરવું.

અહીં ભાવના આ પ્રમાણે છે :- જો અનુપયોગ આદિથી કે અતિક્રમ આદિથી આ દોષોને આચરે તો અતિચાર લાગે, અન્યથા (જાણી જોઈને આ દોષો આચરે તો) વ્રતભંગ જ થાય. (૩૪)

एवमणुव्रत-गुणव्रत-शिक्षापदानि तदतिचारांश्चाभिधाय प्रस्तुते योजयन्नाह–

**एतद्रहिताणुव्रतादिपालनं विशेषतो गृहस्थधर्मः ॥३५॥१६८॥ इति।**

**एतैः** अतिचारै **रहितानामणुव्रतादीनामु**पलक्षणत्वात् सम्यक्त्वस्य च पालनम्, किमित्याह- **विशेषतो गृहस्थधर्मो** भवति यः शास्त्रादौ प्राक् सूचित आसीदिति ॥३५॥

**આ પ્રમાણે અણુવ્રત, ગુણવ્રત અને શિક્ષાપદ વ્રતોને અને તે વ્રતોના અતિચારોને કહીને પ્રસ્તુતમાં તેની યોજના કરતા ગ્રંથકાર કહે છે :-**

આ અતિચારોથી રહિત અણુવ્રત વગેરેનું પાલન વિશેષ ગૃહસ્થ ધર્મ છે.

અહીં સુધી જે અતિચારો કહ્યા તે અતિચારોથી રહિત અણુવ્રત - ગુણવ્રત- શિક્ષાપદવ્રતોનું અને સમ્યક્ત્વનું પાલન એ વિશેષ ગૃહસ્થધર્મ છે. આ વિશેષ ગૃહસ્થધર્મનું પૂર્વે આ શાસ્ત્રના પ્રારંભમાં (અ. ૧ સૂ. ૨માં) સૂચન કર્યું છે. (૩૫)

आह- उक्तविधिना प्रतिपन्नेषु सम्यक्त्वा-ऽणुव्रतादिष्वतिचाराणामसंभव एव, तत्कथमुक्त**मेतद्रहिताणुव्रतादिपालन**-मित्याशङ्क्याह–

**क्लिष्टकर्मोदयादतीचाराः ॥३६॥१६९॥ इति ।**

**क्लिष्टस्य** सम्यक्त्वादिप्रतिपत्तिकालोत्पन्नशुद्धिगुणादपि सर्वथाऽव्यवच्छिन्नानुबन्धस्य **कर्मणो** मिथ्यात्वादे**रुदयाद्** विपाकात् सकाशा**दतीचाराः** शङ्कादयो वध-बन्धादयश्च संपद्यन्ते, इदमुक्तं भवति- यदा तथाभव्यत्वपरिशुद्धिवशादत्यन्तमननुबन्धीभूतेषु मिथ्यात्वादिषु सम्यक्त्वादि प्रतिपद्यते तदाऽतिचाराणामसंभव एव, अन्यथा प्रतिपत्तौ तु स्युरप्यतिचारा इति ॥३६॥

**પ્રશ્ન : અહીં જણાવેલ વિધિથી સમ્યક્ત્વ અને અણુવ્રત આદિનો સ્વીકાર કરવાથી અતિચારોનો સંભવ જ નથી તો પછી અહીં અતિચારોથી રહિત અણુવ્રત આદિનું પાલન કરવું એમ કેમ કહ્યું ? ઉત્તર : આ પ્રશ્નનું સમાધાન આ પ્રમાણે છે:-**

**ક્લિષ્ટ કર્મોના ઉદયથી અતિચાર થાય છે.** સમ્યક્ત્વ આદિના સ્વીકાર વખતે ઉત્પન્ન થયેલ શુદ્ધિરૂપ ગુણથી જે કર્મોના અનુબંધનો સર્વથા વિચ્છેદ થયો નથી તે મિથ્યાત્વમોહનીય વગેરે કર્મો ક્લિષ્ટ છે. આવા ક્લિષ્ટ કર્મોનો ઉદય (= વિપાક) થવાના કારણે શંકા વગેરે અને વધ - બંધ વગેરે અતિચારો થાય છે. ભાવાર્થ આ પ્રમાણે છેઃ- જો તથાભવ્યત્વની વિશેષ શુદ્ધિના કારણે મિથ્યાત્વ વગેરે કર્મો અત્યંત અનુબંધ રહિત બની ગયા હોય ત્યારે સમ્યક્ત્વ આદિનો સ્વીકાર કરે તો અતિચારો ન જ થાય. અન્યથા (= કર્મો અત્યંત અનુબંધરહિત ન થયા હોય ત્યારે) સમ્યક્ત્વ

આદિનો સ્વીકાર કરવામાં તો અતિચારો થાય પણ. (૩૬)

तर्हि कथमेषां निवारणमित्याशङ्क्याह–

**विहितानुष्ठानवीर्यतस्तज्जयः ॥३७॥१७०॥ इति ।**

**विहितानुष्ठानं** प्रतिपन्नसम्यक्त्वादेर्नित्यानुस्मरणादिलक्षणं तदेव **वीर्यं** जीवसामर्थ्यं तस्मात्, किमित्याह- **तज्जयः, तेषाम्** अतिचाराणां **जयः** अभिभवः संपद्यते, यतो विहितानुष्ठानं सर्वापराधव्याधिविरेचनौषधं महदिति ॥३७॥

**તો પછી અતિચારોને કેવી રીતે દૂર કરવા એવી આશંકા કરીને તેનું સમાધાન કહે છે :-**

**વિહિત અનુષ્ઠાન રૂપી વીર્યથી અતિચારો ઉપર વિજય મેળવી શકાય છે.** સ્વીકારેલા સમ્યક્ત્વ આદિનું સ્મરણ કરવું વગેરે વિહિત અનુષ્ઠાન છે. વીર્ય એટલે જીવનું સામર્થ્ય. સ્વીકારેલા સમ્યક્ત્વાદિનું નિત્યસ્મરણ આદિ કરવું એ જ જીવ-સામર્થ્ય છે, અને એનાથી અતિચારોનો પરાજય થાય છે. અર્થાત્ સ્વીકારેલા સમ્યક્ત્વ આદિનું નિત્ય સ્મરણ કરવાથી અતિચારો દૂર થાય છે. કારણ કે સમ્યક્ત્વ આદિનું નિત્ય સ્મરણ વગેરે કરવું એ સર્વ અપરાધરૂપ વ્યાધિના વિરેચનનું (= નાશનું) મહાન ઔષધ છે. (૩૭)

एतद्विषयमेवोपदेशमाह–

**अत एव तस्मिन् यत्नः ॥३८॥१७१॥ इति ।**

**अत एव** विहितानुष्ठानवीर्यस्यातिचारजयहेतुत्वादेव **तस्मिन्** विहितानुष्ठाने **यत्नः** सर्वोपाधिशुद्ध उद्यमः कार्य इति ॥ अन्यत्राप्युक्तम्-

तम्हा निच्चसईए बहुमाणेणं च अहिगयगुणंमि।
पडिवक्खदुगुंछाए परिणइआलोयणेणं च ॥११५॥
तित्थंकरभत्तीए सुसाहुजणपज्जुवासणाए य।
उत्तरगुणसद्धाए य एत्थ सया होइ जइयव्वं ॥११६॥
एवमसंतो वि इमो जायइ जाओ य ण पडइ कया वि।
ता एत्थं बुद्धिमया अपमाओ होइ कायव्वो ॥११७॥
(पञ्चा. १/३६-३७-३८) त्ति ॥३८॥

**આ જ વિષયનો ઉપદેશ કહે છે :-**

**આથી જ (= વિહિત અનુષ્ઠાનરૂપ વીર્યથી અતિચારો ઉપર વિજય મેળવી શકાતો હોવાથી જ) વિહિત અનુષ્ઠાનમાં બધી રીતે શુદ્ધ એવો ઉદ્યમ કરવો જોઈએ.** બીજા સ્થળે પણ કહ્યું છે કેઃ- પ્રયત્નથી વિરતિના પરિણામ થતા હોવાથી અને પ્રયત્ન વિના વિરતિના પરિણામ નાશ પામતા હોવાથી સદા નીચે મુજબ પ્રયત્ન કરવો જોઈએ.

(૧) લીધેલાં વ્રતોનું સદા સ્મરણ કરવું જોઈએ. (૨) લીધેલાં વ્રતો ઉપર બહુમાન રાખવું જોઈએ. (૩) વ્રતોના પ્રતિપક્ષ મિથ્યાત્વ,પ્રાણીવધ, આદિ ઉપર જુગુપ્સાભાવ રાખવો જોઈએ. (૪) સમ્યક્ત્વાદિ ગુણોના અને તેના પ્રતિપક્ષ મિથ્યાત્વ આદિ દોષોના પરિણામની વિચારણા કરવી જોઈએ, અર્થાત્ સમ્યક્ત્વાદિ ગુણોથી થતા લાભની અને મિથ્યાત્વ આદિ દોષોથી થતા નુકશાનની વિચારણા કરવી જોઈએ. (૫) તીર્થંકરની ભક્તિ કરવી જોઈએ. (૬) સુસાધુઓની સેવા કરવી જોઈએ. (૭) જે ગુણોનો સ્વીકાર કર્યો હોય તેનાથી અધિકગુણની ઈચ્છા રાખવી જોઈએ. જેમ કે સમ્યક્ત્વનો સ્વીકાર કર્યો હોય તો દેશ વિરતિની ઈચ્છા રાખવી જોઈએ. દેશવિરતિનો સ્વીકાર કર્યો હોય તો સર્વવિરતિની ઈચ્છા રાખવી જોઈએ.

આ રીતે પ્રયત્ન કરવાથી નહિ થયેલા પણ સમ્યક્ત્વના અને વ્રતોના પરિણામ થાય છે, અને થયેલા પરિણામ ક્યારે પણ જતા નથી. આથી બુદ્ધિમાન પુરુષે લીધેલાં વ્રતોનું સદા સ્મરણ કરવા વગેરેમાં ઉદ્યમ કરવો જોઈએ. (૩૮)

साम्प्रतं सम्यक्त्वादिगुणेष्वलब्धलाभाय लब्धपरिपालनाय च विशेषतः शिक्षामाह–

**सामान्यचर्याऽस्य ॥३९॥१७२॥ इति ।**

**सामान्या** प्रतिपन्नसम्यक्त्वादिगुणानां सर्वेषां प्राणिनां साधारणा सा चासौ **चर्या** च चेष्टा **सामान्यचर्या, अस्य** प्रतिपन्नविशेषगृहस्थधर्मस्य जन्तोरिति ॥३९॥

**હવે સમ્યક્ત્વાદિ ગુણોમાં જે ગુણોની પ્રાપ્તિ ન થઈ હોય એ ગુણોની પ્રાપ્તિ થાય એ માટે અને પ્રાપ્ત થયેલા ગુણોના રક્ષણ માટે વિશેષથી હિતશિક્ષા કહે છેઃ-**

**જેણે વિશેષ ગૃહસ્થધર્મનો સ્વીકાર કર્યો છે, તે જીવની સામાન્યચર્યા આ પ્રમાણે (= હવે પછીના સૂત્રોથી જે પ્રમાણે કહેવામાં આવશે તે પ્રમાણે) છે.** સામાન્ય

ચર્યા એટલે સમ્યક્ત્વાદિ ગુણોને સ્વીકારનારા સર્વપ્રાણીઓની સાધારણચર્યા. (૩૯)

कीदृशीत्याह–

**समानधार्मिकमध्ये वासः ॥४०॥१७३॥ इति ।**

**समानाः** तुल्यसमाचारतया सदृशाः उपलक्षणत्वादधिकाश्च ते **धार्मिका**श्चेति समासः, तेषां **मध्ये वासः** अवस्थानम्, तत्र चायं गुणः- यदि कश्चित् तथाविधदर्शनमोहोदयाद्धर्माच्च्यवते ततस्तं स्थिरीकरोति, स्वयं वा प्रच्यवमानः तैः स्थिरीक्रियते, पठ्यते च-

यद्यपि निर्गतभावस्तथाप्यसौ रक्ष्यते सद्भिरन्यैः।
वेणुर्विलूनमूलोऽपि वंशगहने महीं नैति ॥११८॥ ( ) ॥४०॥

**સામાન્ય ચર્યા કેવી છે તે કહે છે :-**

**સમાન ધર્મવાળાઓની મધ્યમાં વાસ કરવો.** સમાનધર્મવાળા એટલે સમાન ધાર્મિક આચારવાળા. સમાનધર્મવાળા અને અધિકધર્મવાળાઓની મધ્યમાં (= સાથે) રહેવું જોઇએ. તેમ કરવામાં આ લાભ છેઃ- કોઇ જીવ તેવા પ્રકારના દર્શનમોહના ઉદયથી ધર્મથી પતિત બની રહ્યો હોય તો તેને સ્થિર કરી શકાય. અથવા પોતે ધર્મથી પડી રહ્યો હોય તો સમાન ધર્મવાળા કે અધિક ધર્મવાળા પોતાને સ્થિર કરી શકે. કહ્યું છે કે " **કોઇ જીવના સારા ભાવ ચાલ્યા ગયા હોય તો પણ અન્ય સત્પુરુષો તેની રક્ષા કરે છે. વાંશના વનમાં વાંશનાં મૂળિયાં ઉખડી જાયતો પણ વાંશ પૃથ્વી ઉપર પડતું નથી. (કારણકે તેને બીજા વાંશનો ટેકો - આધાર મળી જાય છે.)**" (૪૦)

तथा– **वात्सल्यमेतेषु ॥४१॥१७४॥ इति।**

**वात्सल्यम्** अन्न-पान-ताम्बूलादिप्रदान-ग्लानावस्थाप्रतिजागरणादिना सत्करणं **एतेषु** साधर्मिकेषु कार्यम्, तस्य प्रवचनसारत्वात्, उच्यते च–

जिनशासनस्य सारो जीवदया निग्रहः कषायाणाम्।
साधर्मिकवात्सल्यं भक्तिश्च तथा जिनेन्द्राणाम् ॥११९॥ ( ) ।४१।

**સાધર્મિકો ઉપર વાત્સલ્ય કરવું.** સાધર્મિકો ઉપર વાત્સલ્ય કરવું એટલે

સાધર્મિકોને અન્ન, પાણી અને તંબોલપાન વગેરે આપવું, સાધર્મિક બીમાર પડે ત્યારે તેની સેવા કરવી, ઇત્યાદિથી સાધર્મિકનો સત્કાર કરવો. સાધર્મિક વાત્સલ્ય પ્રવચનનો સાર છે. કહ્યું છે કે **"જીવદયા, કષાયોનો નિગ્રહ, સાધર્મિક વાત્સલ્ય અને જિનેન્દ્રભક્તિ એ જિનશાસનનો સાર છે."** (૪૧)

तथा– **धर्मचिन्तया स्वपनम् ॥४२॥१७५॥ इति ।**

**धर्मचिन्तया** "धन्यास्ते वन्दनीयास्ते तैस्त्रैलोक्यं पवित्रितम्। यैरेष भुवनक्लेशी काममल्लो विनिर्जितः" ॥१२०॥ (  ) इत्यादि शुभभावनारूपया **स्वपनं** निद्राङ्गीकारः, शुभभावनासुप्तो हि तावन्तं कालमवस्थितशुभपरिणाम एव लभ्यत इति ॥४२॥

**ધર્મચિંતા કરીને સૂવું.** ધર્મચિંતા એટલે શુભ ભાવના. **"જગતને ક્લેશ પમાડનાર આ કામરૂપી મલ્લને જેમણે જિત્યો છે તેઓ ધન્ય છે, તેઓ વંદનીય છે અને તેમણે ત્રણલોકને પવિત્ર કર્યો છે."** ઇત્યાદિ શુભભાવના પૂર્વક સૂવું. શુભભાવના પૂર્વક સૂતેલો જીવ એટલો કાળ સ્થિર શુભપરિણામવાળો જ રહે છે. (૪૨)

तथा– **नमस्कारेणावबोधः ॥४३॥१७६॥ इति**

**नमस्कारेण** सकलकल्याणपुरपरमश्रेष्ठिभिः परमेष्ठिभिरधिष्ठितेन नमो अरहंताणमित्यादिप्रतीतरूपेण **अवबोधो** निद्रापरिहारः, परमेष्ठिनमस्कारस्य महागुणत्वात्, पठ्यते च-

एष पञ्चनमस्कारः सर्वपापप्रणाशनः।
मङ्गलानां च सर्वेषां प्रथमं भवति मङ्गलम् ॥१२१॥ (  ) इति ॥४३॥

**નમસ્કારપૂર્વક જાગવું.** મોક્ષનગરમાં પહોંચવા માટે પરમપ્રધાન એવા પરમેષ્ઠિઓથી અધિષ્ઠિત અને 'નમો અરિહંતાણં' ઇત્યાદિથી પ્રસિદ્ધ નમસ્કાર મહામંત્રને ગણવાપૂર્વક જાગવું. પરમેષ્ઠીને કરેલા નમસ્કારથી મહાલાભ થાય છે. કહ્યું છે કે **"આ પાંચ પરમેષ્ઠીને કરેલો નમસ્કાર સર્વપાપોનો નાશ કરે છે, અને સર્વ મંગલોમાં પ્રધાન મંગલ છે."** (૪૩)

तथा-

**प्रयत्नकृतावश्यकस्य विधिना चैत्यादिवन्दनम् ॥४४॥१७७॥ इति।**

**प्रयत्नेन** प्रयत्नवता कृता**न्यावश्यकानि** मूत्रपुरीषोत्सर्गा - ऽङ्गप्रक्षालन - शुद्धवस्त्रग्रहणादीनि येन स तथा तस्य **विधिना** पुष्पादिपूजासंपादन-मुद्रान्यसनादिना प्रसिद्धेन **चैत्यवन्दनं** प्रसिद्धरूपमेव, **आदि**शब्दान्मातापित्रादिगुरुवन्दनं च यथोक्तम्-

चैत्यवन्दनतः सम्यक् शुभो भावः प्रजायते।
तस्मात् कर्मक्षयः सर्वं ततः कल्याणमश्नुते ॥१२२। (ललित विस्तरा) इत्यादीति ॥४४॥

**પ્રયત્નપૂર્વક આવશ્યક કાર્યો કરીને વિધિથી ચૈત્યવંદનાદિ કરવું.**

પ્રયત્નપૂર્વક મલ- મૂત્રનો ત્યાગ, સ્નાન, શુદ્ધવસ્ત્રપરિધાન વગેરે આવશ્યક કાર્યો કરીને પુષ્પપૂજા વગેરે પૂજા કરવી. મુદ્રાઓ કરવી વગેરે પ્રસિદ્ધ વિધિ પૂર્વક પ્રસિદ્ધ જ ચૈત્યવંદન કરવું, અને માતા - પિતા વગેરે ગુરુઓને વંદન કરવું. કહ્યું છે કે **"ચૈત્યવંદનથી સાચો શુભભાવ ઉત્પન્ન થાય છે. શુભભાવથી કર્મક્ષય થાય છે. કર્મક્ષયથી જીવ સર્વકલ્યાણને પામે છે."** (૪૪)

तथा— **सम्यक् प्रत्याख्यानक्रिया ॥४५॥१७८॥ इति ।**

**सम्यगि**ति क्रियाविशेषणम्, ततः **सम्यग्** यथा भवति तथा मान-क्रोधाऽनाभोगादिदोषपरिहारवशात् **प्रत्याख्यानस्य** मूलगुणगोचरस्योत्तरगुणगोचरस्य च **क्रिया** ग्रहणरूपा, परिमितसावद्यासेवनेऽपि अपरिमितपरिहारेण प्रत्याख्यानस्य महागुणत्वात्, यथोक्तम्-

परिमितमुपभुञ्जानो ह्यपरिमितमनन्तकं परिहरंश्च।
प्राप्नोति परलोके ह्यपरिमितमनन्तकं सौख्यम् ॥१२३॥ (          ) इति ॥४५॥

**સમ્યક્ પચ્ચખાણ કરવું.** માન, ક્રોધ અને અનુપયોગ આદિ દોષોથી રહિત પચ્ચક્ખાણ સમ્યક્ પચ્ચક્ખાણ છે. પચ્ચક્ખાણના • મૂલગુણ પચ્ચક્ખાણ અને ઉત્તર ગુણ પચ્ચક્ખાણ એવા બે ભેદ છે. પચ્ચક્ખાણમાં થોડા સાવદ્યનું સેવન થતું હોવા છતાં ઘણા સાવદ્યનો ત્યાગ થતો હોવાથી પચ્ચક્ખાણ મહાફળવાળું છે. કહ્યું

• શ્રાવકો માટે પાંચ અણુવ્રતો મૂલગુણ પચ્ચક્ખાણ છે, ત્રણ ગુણવ્રતો અને ચાર શિક્ષાવ્રતો ઉત્તરગુણ પચ્ચક્ખાણ છે. તથા અનાગત વગેરે દશ પ્રકારના તપ સંબંધી પચ્ચક્ખાણો પણ ઉત્તર ગુણ પચ્ચક્ખાણો છે.

છે કે **"થોડાનો ઉપયોગ કરતો અને ઘણું = અનંત છોડતો શ્રાવક પરલોકમાં ઘણા = અનંત સુખને પામે છે."** (૪૫)

तथा- **यथोचितं चैत्यगृहगमनम् ॥४६॥१७९॥ इति।**

**यथोचितं** यथायोग्यं **चैत्यगृहगमनं** चैत्यगृहे जिनभवनलक्षणे अर्हद्बिम्बवन्दनाय प्रत्याख्यानक्रियानन्तरमेव गमनमिति, इह द्विविधः श्रावको भवति- ऋद्धिमांस्तदितरश्च, तत्रर्द्धिमान् राजादिरूपः, स सर्वस्वपरिवारसमुदायेन व्रजति, एवं हि तेन प्रवचनप्रभावना कृता भवति, तदितरोऽपि स्वकुटुम्बसंयोगेनेति, समुदायकृतानां कर्मणां भवान्तरे समुदायेनैवोपभोगभावात् ॥४६॥

**ઉચિત રીતે જિનમંદિરમાં જવું.** પચ્ચક્ખાણ કર્યા પછી તરત જ જિન-બિંબોને વંદન કરવા માટે જિનમંદિરમાં જવું. અહીં શ્રાવકના ઋદ્ધિમાન અને ઋદ્ધિ-રહિત એમ બે ભેદ છે. તેમાં રાજા વગેરે ઋદ્ધિમાન છે. ઋદ્ધિમાન શ્રાવક પોતાના સર્વ પરિવારના સમુદાયની સાથે જાય. આ રીતે જિનમંદિરે જવાથી તે શાસનની મહાન પ્રભાવના કરે છે. ઋદ્ધિરહિત શ્રાવક પણ પોતાના કુટુંબની સાથે જિનમંદિરે જાય. કારણકે સમુદાયથી કરેલાં કર્મો ભવાંતરમાં સમુદાયથી જ ભોગવાય છે. (૪૬)

तथा- **विधिनाऽनुप्रवेशः ॥४७॥१८०॥ इति।**

**विधिना** विधानेन चैत्यगृहे प्रवेशः कार्यः, अनुप्रवेशविधिश्चायम्- सच्चित्ताणं दव्वाणं विउस्सरणयाए १, अचित्ताणं दव्वाणं अविउस्सरणयाए २, एगसाडिएणं उत्तरासंगेणं ३, चक्खुफासे अंजलिपग्गहेणं ४, मणसो एगत्तीकरणेणं ५ (भगवतीसूत्रे २/५, ज्ञाताधर्मकथाङ्गे प्रथमाध्ययने पृ. ४२, पं १७) ति ॥४७॥

**વિધિથી પ્રવેશ કરવો.** જિનમંદિરમાં વિધિથી પ્રવેશ કરવો. પ્રવેશનો વિધિ આ પ્રમાણે છે :- **" જિનમંદિરે પ્રવેશ કરતાં (૧) શરીરશોભા માટે કે શરીર સુખ માટે પહેરેલી પુષ્પમાળા વગેરે સચિત્ત દ્રવ્યનો ત્યાગ કરવો. (૨) મુગટ સિવાયના અલંકારો વગેરે અચિત્ત દ્રવ્યનો ત્યાગ ન કરવો. (૩) પહોળા ઉત્તમ વસ્ત્રનું ઉત્તરાસણ કરવું. (૪) જિનપ્રતિમાનું દર્શત થતાં જ 'નમો જિણાણં' બોલવાપૂર્વક મસ્તકે બે હાથ જોડીને અંજલિ કરવી. (૫) જિનદર્શનમાં મનની એકાગ્રતા કરવી."** (૪૭)

तत्र च- **उचितोपचारकरणम् ॥४८॥१८१॥ इति ।**

**उचितस्य** अर्हद्बिम्बानां योग्यस्य **उपचारस्य** पुष्प-धूपाद्यभ्यर्चनलक्षणस्य **करणं** विधानम् ॥४८॥

**યોગ્ય ઉપચાર કરવો.** જિનમંદિરમાં જિનબિંબોની પુષ્પ - ધૂપ આદિથી યોગ્ય પૂજારૂપ ઉપચાર કરવો. (૪૮)

ततः- **भावतः स्तवपाठः ॥४९॥१८२॥ इति।**

दरिद्रनिधिलाभादिसंतोषोपमानोपमेयाद् **भावतो** भावात् संतोषलक्षणात् **स्तवानां** गम्भीराभिधेयानां सद्भूतगुणोद्भावनाप्रधानानां नमस्कारस्तोत्रलक्षणानां **पाठः** समुचितेन ध्वनिना समुच्चारणम् ॥४९॥

**ભાવથી સ્તવપાઠ કરવો.** યોગ્ય પૂજા કર્યા પછી દરિદ્રપુરુષને નિધાનનો લાભ થતાં જેવો હર્ષ થાય તેવા હર્ષથી ગંભીર અર્થવાળા અને વાસ્તવિક ગુણોના વર્ણનની પ્રધાનતાવાળા નમસ્કારસ્તોત્રો ઉચિત અવાજથી બોલવા. (૪૯)

ततः- **चैत्य-साधुवन्दनम् ॥५०॥१८३॥ इति।**

चैत्यानाम् अर्हद्बिम्बानामन्येषामपि भावार्हत्प्रभृतीनां साधूनां च व्याख्यानाद्यर्थमागतानां वन्दनीयानां वन्दनम् अभिष्टवनं प्रणिपातदण्डकादिपाठक्रमेण द्वादशावर्त्तवन्दनादिना च प्रसिद्धरूपेणैवेति ॥५०॥

**જિનબિંબોને અને સાધુને વંદન કરવું.** નમસ્કાર સ્તોત્રો બોલ્યા પછી જિનબિંબોને અને અન્ય પણ ભાવ અરિહંત વગેરેને 'નમુત્થુ ણં' વગેરે સૂત્રપાઠના ક્રમથી વંદન કરવું = સ્તુતિ કરવી, અને વ્યાખ્યાન • આદિ માટે (જિનમંદિરની પાસેના સ્થાનમાં) આવેલા વંદનીય સાધુઓને દ્વાદશાવર્તવંદન આદિથી વંદન કરવું. નમુત્થુણં વગેરે સૂત્રપાઠનો ક્રમ અને દ્વાદશાવર્તવંદન વગેરે પ્રસિદ્ધ જ છે. (૫૦)

• પૂર્વે સાધુઓ મુખ્યતયા ગામની કે શહેરની બહાર ઉદ્યાન આદિમાં કે કોઈના મકાનમાં નિવાસ કરતા હતા અને લોકોની વિનંતિથી વ્યાખ્યાન માટે જિનમંદિરના પાસેના સ્થાનમાં આવીને વ્યાખ્યાન વાંચતા હતા. આથી અહીં વ્યાખ્યાન આદિ માટે આવેલા એમ લખ્યું છે.

ततः– **गुरुसमीपे प्रत्याख्यानाभिव्यक्तिः ॥५१॥१८४॥ इति ।**

तथाविधशुद्धसमाचारसाधुसमीपे प्रागेव गृहादौ गृहीतस्य **प्रत्याख्यानस्य अभिव्यक्तिः** गुरोः साक्षिभावसंपादनाय प्रत्युच्चारणम् ॥५१॥

**ગુરુની પાસે પચ્ચક્ખાણ લેવું.** જિનબિંબોને તથા સાધુઓને વંદન કર્યા બાદ પૂર્વે જ ઘર વગેરે સ્થળે લીધેલું પચ્ચક્ખાણ ગુરુનો સાક્ષિભાવ પ્રાપ્ત કરવા માટે ફરી ગુરુની પાસે લેવું જોઈએ. (૫૧)

ततः– **जिनवचनश्रवणे नियोगः ॥५२॥१८५॥ इति।**

'संप्राप्तसम्यग्दर्शनादिः प्रतिदिनं साधुजनात् सामाचारीं श्रृणोति' इति श्रावक इत्यन्वर्थसंपादनाय **जिनवचनश्रवणे नियोगो** नियमः कार्य इति ॥५२॥

**જિનવાણી શ્રવણ કરવાનો નિયમ કરવો.** ગુરુની પાસે પચ્ચક્ખાણ કર્યા બાદ જિનવાણીનું શ્રવણ કરવું જોઈએ. જેણે સમ્યગ્દર્શન વગેરે પ્રાપ્ત કર્યું છે તે જીવ દરરોજ સાધુની પાસે સાધુના અને શ્રાવકના આચારોને સાંભળે એથી શ્રાવક કહેવાય છે. શ્રાવક શબ્દના આ અર્થને સાર્થક કરવા માટે દરરોજ જિનવાણી અવશ્ય સાંભળવી જોઈએ. (૫૨)

ततः– **सम्यक् तदर्थालोचनम् ॥५३॥१८६॥ इति ।**

सम्यक् संदेह-विपर्यया-ऽनध्यवसायपरिहारेण तदर्थस्य वचनाभिधेयस्य पुनः पुनर्विमर्शनम्, अन्यथा वृथा श्रुतमचिन्तितम् (        ) इति वचनात् न कश्चिच्छ्रवणगुणः स्यादिति ॥५३॥

**જિનવાણીના અર્થનો વારંવાર સમ્યક્ વિચાર કરવો.** સમ્યક્ એટલે • સંદેહ, વિપર્યય અને અનધ્યવસાયથી રહિત. ''ચિંતન વિનાનું સાંભળેલું નકામું છે'' એવું વચન હોવાથી જો જિનવાણીના અર્થનો વારંવાર વિચાર ન કરે તો કેવળ સાંભળવાથી કોઈ લાભ ન થાય. આથી જિનવાણી સાંભળ્યા પછી તેના અર્થનો વારંવાર સમ્યક્ વિચાર કરવો જોઈએ. (૫૩)

• સંદેહ એટલે શંકા, વિપયર્ય એટલે વિપરીતજ્ઞાન, અનધ્યવસાય એટલે 'કંઈક છે' એવું અનિશ્ચિતજ્ઞાન.

ततः- **आगमैकपरता ॥५४॥१८७॥ इति।**

**आगमो** जिनसिद्धान्तः स एवै**को** न पुनरन्यः कश्चित् सर्वक्रियासु **परः** प्रधानो यस्य स तथा, तस्य भावः **आगमैकपरता,** सर्वक्रियास्वागममेवैकं पुरस्कृत्य प्रवृत्तिरिति भाव इति ॥५४॥

**આગમની જ પ્રધાનતાવાળા બનવું.** આગમ એટલે જિનસિદ્ધાંત. જિનવચનના અર્થનો સમ્યક્ વિચાર કર્યા પછી સર્વ ક્રિયાઓમાં એક જિનસિદ્ધાંતને જ આગળ કરીને પ્રવૃત્તિ કરવી જોઈએ. (૫૪)

ततः- **श्रुतशक्यपालनम् ॥५५।१८८॥ इति।**

**श्रुतस्य** आगमादुपलब्धस्य **शक्यस्य** अनुष्ठातुं पार्यमाणस्य **पालनम्** अनुशीलनं सामायिक - पौषधादेरिति ॥५५॥

**શ્રુતનું શક્ય પાલન કરવું.** જિનવાણી સાંભળીને આગમમાંથી જે જ્ઞાન મેળવ્યું હોય તેમાંથી જેનું પાલન શક્ય હોય તે સામાયિક અને પૌષધ આદિનું પાલન કરવું જોઈએ. (૫૫)

तथा- **अशक्ये भावप्रतिबन्धः ॥५६॥१८९॥ इति।**

**अशक्ये** पालयितुमपार्यमाणे तथाविधशक्ति-सामग्र्यभावात् साधुधर्माभ्यासादौ **भावेन** अन्तःकरणेन **प्रतिबन्धः** आत्मनि नियोजनम्, तस्यापि तदनुष्ठानफलत्वात्, यथोक्तम्-

नार्या यथाऽन्यसक्तायास्तत्र भावे सदा स्थिते ।
तद्योगः पापबन्धश्च तथा मोक्षेऽस्य दृश्यताम् ॥१२४॥ (योगबिन्दौ २०४)

तद्योग इति अन्यप्रसक्तनारीव्यापारः स्वकुटुम्बपरिपालनादिरूप इति ॥५६॥

**અશક્યમાં ભાવથી પ્રતિબંધ રાખવો.** તેવા પ્રકારની શક્તિ અને સામગ્રી ન હોવાના કારણે સાધુધર્મનો અભ્યાસ (પ્રેક્ટીસ) કરવો વગેરે જે અનુષ્ઠાન ન પાળી શકાય તેમાં ભાવથી = અંતઃકરણથી પ્રતિબંધ કરવો, એટલે કે તે અનુષ્ઠાન અંતઃકરણથી આત્મામાં જોડવું. અહીં ભાવાર્થ એ છે કે જે અનુષ્ઠાન શરીર આદિથી ન કરી શકાય તે અનુષ્ઠાન પ્રત્યે અંતઃકરણથી અનુરાગ રાખવો. કારણ કે અનુષ્ઠાનનો અનુરાગ પણ કરેલા અનુષ્ઠાનના ફળવાળું છે, અર્થાત્ અનુષ્ઠાન

કરવાથી જે ફળ મળે તે ફળ અનુષ્ઠાનના અનુરાગથી પણ મળે. કહ્યું છે કે - "જેવી રીતે પોતાના પતિથી અન્ય પુરુષની સાથે રમવાની ( = કામક્રીડા કરવાની) અતિશય ઈચ્છાથી અન્ય પુરુષમાં પ્રતિબદ્ધ ચિત્તવાળી તેવી કોઈ સ્ત્રીના મનનો પરિણામ સદા જેના ઉપર અનુરાગ છે તે પરપુરુષમાં હોય છે, આથી તે સ્ત્રી બહારથી પોતાના પતિની સેવા વગેરે કરતી હોવા છતાં અંતરથી તો પરપુરુષની સેવા વગેરે કરે છે, અને એથી તેને ભાવથી પરપુરુષના પરિભોગથી થનાર પાપબંધ થાય છે, તેવી રીતે સમ્યગ્દૃષ્ટિ જીવ મોક્ષમાં પ્રતિબદ્ધ ચિત્તવાળો હોય છે, એથી તે બહારથી કુટુંબની ચિંતા વગેરે સાંસારિક પ્રવૃત્તિ કરતો હોવા છતાં અંતરથી તો મોક્ષસંબંધી પ્રવૃત્તિ કરે છે, અને એથી કુટુંબચિંતા વગેરે પ્રવૃત્તિ નિર્જરાના ફળવાળી બને છે, આ પ્રમાણે તમે વિચારો." (૫૬)

तथा- **तत्कर्तृषु प्रशंसोपचारौ ॥५७॥१९०॥ इति।**

**तत्कर्तृषु** आत्मानमपेक्ष्याशक्यानुष्ठानविधायिषु पुरुषसिंहेषु **प्रशंसोपचारौ,** प्रशंसा मुहुर्मुहुर्गुणगणोत्कीर्त्तनरूपा, उपचारश्च तदुचितान्नपानवसनादिना साहाय्यकरणमिति ॥५७॥

**અશક્ય અનુષ્ઠાન કરનારાઓમાં પ્રશંસા અને ઉપચાર કરવા.** પોતાના માટે જે અનુષ્ઠાન અશક્ય છે તે અનુષ્ઠાન જે શ્રેષ્ઠપુરુષો કરતા હોય તેમની પ્રશંસા કરવી = વારંવાર તેમના ગુણસમૂહનું કીર્તન કરવું તથા તેમનો ઉપચાર કરવો = ઉચિત અન્ન, પાણી, વસ્ત્ર આદિથી તેમને સહાય કરવી. (૫૭)

तथा- **निपुणभावचिन्तनम् ॥५८॥१९१॥ इति।**

**निपुणानाम्** अतिसूक्ष्मबुद्धिगम्यानां **भावानां** पदार्थानामुत्पाद-व्यय-ध्रौव्यस्वभावानां बन्ध-मोक्षादीनां वाऽनुप्रेक्षणम्, यथा-

अनादिनिधने द्रव्ये स्वपर्यायाः प्रतिक्षणम्।
उन्मज्जन्ति निमज्जन्ति जलकल्लोलवज्जले ॥१२५॥ ( ) तथा-
*स्नेहाभ्यक्तशरीरस्य रेणुना श्लिष्यते यथा गात्रम्।*
रागद्वेषाक्लिन्नस्य कर्मबन्धो भवत्येवम् ॥१२६॥ (प्रशम. ५५) इत्यादीति ॥५८॥

**નિપુણ ભાવોનું ચિંતન કરવું.** નિપુણ એટલે અતિસૂક્ષ્મ બુદ્ધિથી જાણી શકાય

તેવા. ભાવો એટલે પદાર્થો. અતિસૂક્ષ્મ બુદ્ધિથી જાણી શકાય તેવા ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય સ્વભાવવાળા પદાર્થોનું અથવા બંધ-મોક્ષ વગેરે પદાર્થોનું ચિંતન કરવું. જેમ કે - **"જેવી રીતે પાણીમાં પાણીના તરંગો ઉત્પન્ન થાય છે અને વિલીન થાય છે તેવી રીતે અનાદિ અને અનંત એવા દ્રવ્યમાં સ્વપર્યાયો ( = દ્રવ્યના પોતાના પર્યાયો) ઉત્પન્ન થાય છે અને નાશ પામે છે."** તથા **"તેલ વગેરેની ચીકાશથી ખરડાયેલા શરીરમાં ધૂળની રજકણો ચોંટી જાય છે તે રીતે રાગ દ્વેષની ચીકાશથી ચિકણા બનેલા આત્મામાં કર્મબંધ થાય છે = કર્મની રજકણો ચોંટે છે."** ઈત્યાદિ ચિંતન કરવું. (૫૮)

तथा- **गुरुसमीपे प्रश्नः ॥५९॥१९२॥ इति ।**

यदा पुनर्निपुणं चिन्त्यमानोऽपि कश्चिद् भावोऽतिगम्भीरतया स्वयमेव निश्चेतुं न पार्यते तदा **गुरोः** संविग्नगीतार्थस्य वृत्तस्थस्य च **समीपे प्रश्नो** विशुद्धविनयविधिपूर्वकं पर्यनुयोगः कार्यः, यथा 'भगवन् ! नावबुद्धोऽयमर्थोऽस्माभिः कृतयत्नैरपि, ततोऽस्मान् बोधयितुमर्हन्ति भगवन्तः' इति ॥५९॥

**ગુરુની પાસે પ્રશ્ન કરવો.** સારી રીતે ચિંતન કરવા છતાં જો કોઈ પદાર્થ અતિશય ગંભીર હોવાના કારણે જાતે જ નિશ્ચિત ન કરી શકાય તો સંવિગ્ન, ગીતાર્થ અને આચારસંપન્ન ગુરુની પાસે વિશુદ્ધ વિનય પૂર્વક અને વિશુદ્ધ વિધિથી પ્રશ્ન કરવો જોઈએ. જેમકે - ''હે ભગવન્! પ્રયત્ન કરવા છતાં આ અર્થ અમારાથી જાણી શકાયો નથી, તેથી આપ પૂજ્ય અમને બોધ પમાડવાને યોગ્ય છો, અર્થાત્ આપ અમને આ અર્થ સમજાવો.'' (૫૯)

तथा- **निर्णयावधारणम् ॥६०॥१९३॥ इति।**

**निर्णयस्य** निश्चयकारिणो वचनस्य गुरुणा निरूपितस्य **अवधारणं** दत्तावधानतया ग्रहणम् । भणितं चान्यत्रापि-

सम्मं वियारियव्वं अट्ठपयं भावणापहाणेणं।
विसए य ठावियव्वं बहुसुयगुरुणो सयासाओ ॥१२७॥ (पञ्चव० ८६५) त्ति ।६०।

**નિર્ણયનું અવધારણ કરવું.** ગુરુએ કહેલા નિશ્ચયકારી ( = પદાર્થનો નિર્ણય કરાવનારા) વચનને એકાગ્રતાથી ગ્રહણ કરવું. બીજા સ્થળે પણ કહ્યું છે કે-

**"ભાવનાજ્ઞાનની પ્રધાનતાવાળા બનીને, અર્થાત્ ભાવના જ્ઞાનને પ્રધાન રાખીને, અર્થપદોની સૂક્ષ્મ બુદ્ધિથી વિચારણા કરવી જોઈએ અને બહુશ્રુતગુરુઓ પાસેથી જાણીને જે • અર્થપદનો જે અર્થ થતો હોય તે અર્થ કરવો જોઈએ. કોઈ પણ અર્થપદનો અર્થ સ્વબુદ્ધિથી ન કરવો જોઈએ."**

**પ્રશ્ન :** ભાવનાજ્ઞાનને પ્રધાન રાખવાનું શું કારણ? **ઉત્તર :** શ્રુતવગેરે ત્રણે જ્ઞાનમાં ભાવનાજ્ઞાન મુખ્ય છે. માટે ભાવના જ્ઞાનને પ્રધાન રાખવાનું કહ્યું છે. (૬૦)

तथा– **ग्लानादिकार्याभियोगः ॥६१॥१९४॥ इति।**

**ग्लानादीनां** ग्लान-बाल-वृद्धा-ऽऽगमग्रहणोद्यत-प्राघूर्णकादिलक्षणानां साधु-साधर्मिकाणां यानि **कर्माणि** प्रतिजागरणौषधा-ऽन्न-पान-वस्त्रप्रदान-पुस्तकादि-समर्पणोपाश्रयनिरूपणादिलक्षणानि, तेष्व**भियोगो** दत्तावधानता विधेयेति ॥६१॥

**ગ્લાન વગેરેનાં કાર્યોમાં ધ્યાન આપવું.** ગ્લાન, બાલ, વૃદ્ધ, આગમના અભ્યાસમાં ઉદ્યત, પ્રાઘૂર્ણક ( = વિહાર કરીને નવા આવેલા) વગેરે સાધુ અને સાધર્મિકોનાં કાર્યોમાં બરોબર ધ્યાન આપવું. જેમકે- બિમારી આદિના પ્રસંગે જાગવું, સેવા કરવી, ઔષધ, અન્ન, પાણી અને વસ્ત્રો આપવાં, પુસ્તક વગેરે આપવું, ઉપાશ્રય બતાવવો વગેરે. (૬૧)

तथा– **कृताकृतप्रत्युपेक्षा ॥६२॥१९५॥ इति ।**

**कृतानामकृतानां** च चैत्यकार्याणां ग्लानादिकार्याणां च **प्रत्युपेक्षा** निपुणाभोगविलोचनव्यापारेण गवेषणम्, तत्र कृतेषु करणाभावादकृतकरणायोद्यमो विधेयः, अन्यथा निष्फलशक्तिक्षयप्रसङ्गादिति ॥६२॥

**કયાં કાર્યો કર્યા અને કયાં કાર્યો નથી કર્યા તે જોવું.** જિનમંદિરના અને ગ્લાન વગેરેનાં કયાં કાર્યો મેં કર્યા છે અને કયાં નથી કર્યા તે સૂક્ષ્મ ઉપયોગ પૂર્વક નિરીક્ષણ કરીને તપાસવું. તેમાં કરેલાં કાર્યો કરવાના ન હોવાથી નહિ કરેલાં કાર્યો કરવા માટે ઉદ્યમ કરવો જોઈએ. અન્યથા મળેલી શક્તિનો નિરર્થક ક્ષય થઈ જાય. (૬૨)

• અર્થના બોધક પદો તે અર્થપદો.

ततश्च- **उचितवेलयाऽऽगमनम् ॥६३॥१९६॥ इति।**

**उचितवेलया** हट्टव्यवहार-राजसेवादिप्रस्तावलक्षणया **आगमनं** चैत्यभवनाद् गुरुसमीपाद् वा गृहादाविति ॥६३॥

**યોગ્ય સમયે ઘર વગેરે સ્થળે આવવું.** જિનમંદિરના અને ગ્લાન વગેરેના નહિ કરેલાં કાર્યો કર્યા પછી દુકાનમાં વેપાર કરવાનો કે રાજસેવા વગેરેનો અવસર થાય ત્યારે જિનમંદિરથી કે ગુરુની પાસેથી ઘર વગેરે સ્થળે આવવું. (૬૩)

ततः– **धर्मप्रधानो व्यवहारः ॥६४॥१९७॥ इति।**

**कुलक्रमागतमित्यादि**सूत्रोक्तानुष्ठानरूपो व्यवहारः कार्यः ॥६४॥

**ધર્મની પ્રધાનતા રહે તેમ વ્યવહાર કરવો.** અર્થાત્ कुलक्रमागतम् ઇત્યાદિ (અ. ૧ સૂ. ૩) સૂત્રમાં કહેલ આચરણ રૂપ વ્યવહાર ધર્મની પ્રધાનતા રહે તે રીતે કરવો. (૬૪)

तथा– **द्रव्ये सन्तोषपरता ॥६५॥१९८॥ इति ।**

**द्रव्ये** धन-धान्यादौ विषये **सन्तोषप्रधानता,** परिमितेनैव निर्वाहमात्रहेतुना द्रव्येण सन्तोषवता धार्मिकेण भवितव्यमित्यर्थः, असन्तोषस्यासुखहेतुत्वात्। यदुच्यते-

अत्युष्णात् सघृतादन्नादच्छिद्रात् सितवाससः।
अपरप्रेष्याभावाच्च शेषमिच्छन् पतत्यधः ॥१२८॥ (          ) इति। तथा-
सन्तोषामृततृप्तानां यत् सुखं शान्तचेतसाम्।
कुतस्तद्धनलुब्धानामितश्चेतश्च धावताम् ? ॥१२९॥ (          ) इति ॥६५॥

**ધન - ધાન્ય વગેરે દ્રવ્યમાં સંતોષની પ્રધાનતા રાખવી.** ધાર્મિક જીવે જેટલા ધનથી જીવનનો માત્ર નિર્વાહ થાય તેટલું પરિમિત જ ધન મળી જાય એટલે તેટલા પરિમિત ધનથી સંતોષવાળા બનવું જોઇએ. કારણકે અસંતોષ દુઃખનું કારણ છે. કહ્યું છે કે **"ઘીવાળું ગરમ અન્ન મળે, ફાટ્યા વિનાનું સફેદ વસ્ત્ર મળે અને બીજાની નોકરી ન કરવી પડે, આટલાથી અધિક ધનને ઈચ્છનાર જીવ નીચે પડે છે. સંતોષરૂપ અમૃતથી તૃપ્ત અને શાંતવિચારવાળા મનુષ્યોને જે સુખ હોય છે તે ધનના લોભી અને આમથી તેમ દોડતા મનુષ્યોને ક્યાંથી હોય ?"** (૬૫)

तथा- **धर्मे धनबुद्धिः ॥६६॥१९९॥ इति ।**

**धर्मे** श्रुत-चारित्रात्मके सकलाभिलषिताविकलसिद्धिमूले **धनबुद्धिः** 'मतिमतां धर्म एव धनम्' इति परिणामरूपा निरन्तरं निवेशनीयेति ॥६६॥

**ધર્મમાં ધનબુદ્ધિ રાખવી.** સકલ ઈષ્ટની સંપૂર્ણ સિદ્ધિનું મૂળ એવા શ્રુત - ચારિત્ર રૂપ ધર્મમાં ધનની બુદ્ધિ રાખવી, એટલે કે ''મતિમાન પુરુષોને ધર્મ એ જ ધન છે'' એવા પરિણામ નિરંતર રાખવા. (૬૬)

तथा- **शासनोन्नतिकरणम् ॥६७॥२००॥ इति।**

**शासनस्य** निखिलहेयोपादेयभावाविर्भावेन भास्करकल्पस्य जिननिरूपितवचनरूपस्य **उन्नतिः** उच्चैर्भावस्तस्याः **करणं** सम्यग्न्यायव्यवहरण-यथोचितजनविनयकरण-दीनानाथाभ्युद्धरण-सुविहितयतिपुरस्करण-परिशुद्धशीलपालन-जिनभवनविधापन-यात्रास्नात्रादिनानाविधोत्सवसम्पादनादिभिरुपायैः, तस्यातिमहागुणत्वादिति ।

पठ्यते च- कर्तव्या चोन्नतिः सत्यां शक्ताविह नियोगतः।
अवन्ध्यं कारणं ह्येषा तीर्थकृन्नामकर्मणः ॥१३०॥ (हा० अष्टके २३/८) इति ॥६७॥

**શાસનની પ્રભાવના કરવી.** સર્વ હેય અને ઉપાદેય ભાવોને પ્રગટ કરવાના કારણે સૂર્યસમાન અને જિને કહેલા વચનરૂપ એવા શાસનની ઉન્નતિ = પ્રભાવના કરવી.સારી રીતે ન્યાય પૂર્વક વ્યવહાર કરવો, જે લોકોને જેટલો વિનય ઉચિત હોય તે લોકોનો તેટલો વિનય કરવો, ગરીબ અને અનાથ મનુષ્યોનો ઉદ્ધાર કરવો, શાસ્ત્ર મુજબ ચારિત્રનું પાલન કરનારા સાધુઓનો સત્કાર કરવો, પરિશુદ્ધ રીતે વ્રતો - નિયમોનું પાલન કરવું, જિનમંદિર બંધાવવું, યાત્રા અને સ્નાત્ર વગેરે વિવિધ ઉત્સવો કરવા ઇત્યાદિ ઉપાયોથી શાસન પ્રભાવના કરવી. કારણ કે શાસનપ્રભાવનાથી મહાલાભ થાય છે. કહ્યું છે કે **''શક્તિ હોય તો અવશ્ય શાસનની પ્રભાવના કરવી જોઈએ. કારણકે જૈનશાસનની પ્રભાવના તીર્થંકરનામ કર્મનું સફલ કારણ છે.''** (૬૭)

तथा- **विभवोचितं विधिना क्षेत्रदानम् ॥६८॥२०१॥ इति।**

**विभवोचितं** स्वविभवानुसारेण **विधिना** अनन्तरमेव निर्देक्ष्यमाणेन **क्षेत्रेभ्यो** निर्देक्ष्यमाणेभ्य एव **दानम्** अन्न-पानौषध-वस्त्र-पात्राद्युचितवस्तुवितरणम् ॥६८॥

**વૈભવ પ્રમાણે વિધિથી ક્ષેત્રોમાં દાન કરવું.** અર્થાત્ પોતાના વૈભવ મુજબ વિધિથી ક્ષેત્રોને અન્ન, પાણી, ઔષધ, વસ્ત્ર, પાત્ર વગેરે ઉચિત વસ્તુઓ આપવી. વિધિ હવે પછી તરત જ કહેશે. ક્ષેત્રનો અર્થ પણ હવે પછી જ કહેશે. (૬૮)

विधिं क्षेत्रं च स्वयमेव निर्दिशन्नाह–

**सत्कारादिर्विधिर्निःसङ्गता च ॥६९॥२०२॥ इति ।**

सत्करणं **सत्कारः** अभ्युत्थाना-ऽऽसनप्रदान-वन्दनरूपो विनयः, स आदिर्यस्य देशकालाराधन-विशुद्धश्रद्धाविष्करण-दानक्रमानुवर्तनादेः कुशलानुष्ठानविशेषस्य स तथा, किमित्याह- **विधिर्वर्तते, निःसङ्गता** ऐहिक-पारलौकिकफलाभिलाषविकलतया सकलक्लेशलेशाकलङ्कित-मुक्तिमात्राभिसन्धिता, चकारः समुच्चये ॥६९॥

**વિધિનો અને ક્ષેત્રનો જાતે જ નિર્દેશ કરતા ગ્રંથકાર કહે છે:-**

**સત્કાર આદિ અને નિઃસંગતા વિધિ છે.** સત્કાર એટલે વિનય. ઊભા થવું, આસન આપવું અને વંદન કરવું એ વિનય છે. સૂત્રમાં કહેલા 'આદિ' શબ્દથી નીચે પ્રમાણે સમજવું :- દેશ-કાલનું આરાધન કરવું, અર્થાત્ દેશ-કાલ પ્રમાણે દાન કરવું, (જેમ કે - આ દેશમાં અમુક વસ્તુ સુલભ છે કે દુર્લભ ઇત્યાદિ વિચારીને જે કાળમાં જે વસ્તુ દુર્લભ હોય તે અધિક પ્રમાણમાં આપવી, હમણાં સુકાળ છે કે દુષ્કાળ ઇત્યાદિ વિચારીને જે કાળમાં જે વસ્તુ દુર્લભ હોય તે અધિક પ્રમાણમાં આપવી, ઈત્યાદિ રીતે દેશ-કાલનું આરાધન કરવું.) વિશુદ્ધ શ્રદ્ધાને પ્રગટ કરવી, અર્થાત્ વિશુદ્ધ શ્રદ્ધા પૂર્વક દાન કરવું. (જેમ કે આપવું પડે માટે આપો એમ નહિ, કિંતુ આપવું એ આપણી ફરજ છે, એમનો આપણા ઉપર મહાન ઉપકાર છે, તેમને આપવાથી આપણા અનેક પાપોનો નાશ થાય છે, ઇત્યાદિ વિશુદ્ધ ભાવનાઓથી આપવું). દાનના ક્રમને અનુસરવું. (જેમ કે શ્રેષ્ઠ વસ્તુ પ્રથમ આપવી, પછી સામાન્ય વસ્તુ આપવી, અથવા દુર્લભ વસ્તુનું કે તે કાળે જરૂરી વસ્તુનું પ્રથમ નિમંત્રણ કરવું. પછી બીજી વસ્તુઓનું નિમંત્રણ કરવું. અથવા જે દેશમાં જે ક્રમ હોય તે ક્રમે વહોરાવવું.) ઇત્યાદિ પ્રકારના કુશલ આચરણો દાનનો વિધિ છે. • તથા દાનમાં નિઃસંગતા રાખવી, અર્થાત્ આ લોકના અને પરલોકના ભૌતિક ફલની ઈચ્છા ન રાખવી, જે સકલ ક્લેશોના અંશથી પણ કલંકિત નથી તે મોક્ષનું જ લક્ષ્ય

• દેશ, કાળ, શ્રદ્ધા, સત્કાર અને ક્રમ વગેરે દાનનો મુખ્ય વિધિ છે. આ વિધિનો અહીં નિર્દેશ કર્યો છે.

રાખવું. (૬૯)

## वीतरागधर्मसाधवः क्षेत्रम् ॥७०॥२०३॥ इति।

**वीतरागस्य** जिनस्य **धर्मः** उक्तनिरुक्तः, तत्प्रधानाः **साधवो** वीतरागधर्मसाधवः **क्षेत्रं** दानार्हं पात्रमिति, तस्य च विशेषलक्षणमिदम्–

क्षान्तो दान्तो मुक्तो जितेन्द्रियः सत्यवागभयदाता।
प्रोक्तस्त्रिदण्डविरतो विधिग्रहीता भवति पात्रम् ॥१३१॥ (          ) ॥७०॥

**વીતરાગ ધર્મના સાધુઓ ક્ષેત્ર છે.** નિરુક્તિથી થતો ધર્મ શબ્દનો અર્થ પૂર્વે (પહેલા અધ્યાયના ત્રીજા શ્લોકની ટીકામાં) કહ્યો છે. વીતરાગે કહેલા ધર્મની પ્રધાનતાવાળા સાધુઓ ક્ષેત્ર છે = દાનને યોગ્ય પાત્ર છે. દાનને યોગ્ય પાત્રનું વિશેષ લક્ષણ આ પ્રમાણે છે :- **"ક્ષમાવાન, મનને અંકુશમાં રાખનાર, આસક્તિથી રહિત, પાંચ ઈંદ્રિયોને જીતનાર, સત્યવાણી બોલનાર, મનદંડ, વચનદંડ અને કાયદંડ એ ત્રણ દંડથી વિરત અને વિધિથી ગ્રહણ કરનારને પાત્ર કહ્યો છે."** (૭૦)

तथा–

## दुःखितेष्वनुकम्पा यथाशक्ति द्रव्यतो भावतश्च ॥७१॥२०४॥ इति।

**दुःखितेषु** भवान्तरोपात्तपापपाकोपहितातितीव्रक्लेशावेशेषु देहिष्व**नुकम्पा** कृपा कार्या **यथाशक्ति** स्वसामर्थ्यानुरूपम्, **द्रव्यतः** तथाविधग्रासादेः सकाशात्, **भावतो** भीषणभवभ्रमणवैराग्यसम्पादनादिरूपात्, **चः** समुच्चये, दुःखितानुकम्पा हि तदुपकारत्वेन धर्मैकहेतुः। यथोक्तम् -

अन्योपकारकरणं धर्माय महीयसे च भवतीति।
अधिगतपरमार्थानामविवादो वादिनामत्र ॥१३२॥ (          ) इति ॥७१॥

**દુઃખી જીવો ઉપર યથાશક્તિ દ્રવ્યથી અને ભાવથી દયા કરવી.** ભવાંતરમાં બાંધેલા પાપના વિપાકથી ( = ઉદયથી) પ્રાપ્ત થયેલા અતિશય • તીવ્ર દુઃખવાળા જીવો ઉપર પોતાની શક્તિ પ્રમાણે તેવા પ્રકારનું ભોજન ★ આદિ આપીને દ્રવ્યથી

• અહીં આવેશ એટલે પ્રવેશ. એથી શબ્દાર્થ આ પ્રમાણે છે:- भवान्तरोपात्तपापपाकोपहितातितीव्रक्लेशानाम् आवेशो येषु ते भवान्तरो०

★ ગ્રાસ એટલે અનાજનો કોળિયો. પણ ભાવાર્થ તો ભોજન થાય.

દયા કરવી, અને ભયંકર ભવના ભ્રમણ ઉપર વૈરાગ્ય ઉત્પન્ન કરાવીને ભાવથી દયા કરવી. દુઃખી જીવો ઉપર દયા કરવાથી તેમના ઉપર ઉપકાર થતો હોવાથી દુઃખી જીવો ઉપર કરેલી દયા ધર્મનું જ કારણ છે. કહ્યું છે કે - **"અન્ય ઉપર કરેલો ઉપકાર અતિશય મહાન ધર્મ માટે થાય છે. પરમાર્થને જાણનારા વાદીઓનો આ વિષયમાં કોઈ વિવાદ નથી."** (૭૧)

तथा- **लोकापवादभीरुता ॥७२॥२०५॥ इति ।**

**लोकापवादात्** सर्वजनापरागलक्षणात् **भीरुता** अत्यन्तभीतभावः, किमुक्तं भवति? निपुणमत्या विचिन्त्य तथा तथोचितवृत्तिप्रधानतया सततमेव प्रवर्तितव्यं यथा यथा सकलसमीहितसिद्धिविधायि जनप्रियत्वमुज्जृम्भते, न पुनः कथञ्चिदपि जनापवादः, तस्य मरणान्निर्विशिष्यमाणत्वात्, तथा चावाचि-

वचनीयमेव मरणं भवति कुलीनस्य लोकमध्येऽस्मिन्।
मरणं तु कालपरिणतिरियं च जगतोऽपि सामान्या ॥१३३॥ (          ) इति ॥७२॥

**લોકાપવાદથી અત્યંત ડરવું.** લોકાપવાદ એટલે સર્વ લોકોની અપ્રીતિ. લોકાપવાદથી અત્યંત ડરવું એનો ભાવાર્થ આ પ્રમાણે છેઃ- સૂક્ષ્મ બુદ્ધિથી વિચારીને જે જે રીતે સકલ અભિલષિતને સિદ્ધ કરનાર લોકપ્રિયતા ગુણ પ્રગટે અને કોઈ પણ રીતે લોકાપવાદ ન થાય તે તે રીતે ઉચિત વર્તનની પ્રધાનતા રાખીને હંમેશા જ પ્રવૃત્તિ કરવી. કારણ કે લોકાપવાદ મરણ સમાન છે. કહ્યું છે કે - **"આ લોકમાં કુલીન માનવને લોકાપવાદ જ મરણ છે. આ આયુષ્યસમાપ્તિ રૂપ મરણ તો જગતને પણ સામાન્ય છે."** (૭૨)

तथा- **गुरुलाघवापेक्षणम् ॥७३॥२०६॥ इति।**

सर्वप्रयोजनेषु धर्मार्थकामरूपेषु तत्तत्कालादिबलालोचनेन प्रारब्धुमिष्टेषु प्रथमत एव मतिमता **गुरोः** भूयसो गुणलाभपक्षस्य दोषलाभपक्षस्य च **लघोश्च** तदितररूपस्य भावो गुरुलाघवं तस्य निपुणतया **अपेक्षणम्** आलोचनं कार्यमिति॥७३॥

**ગુરુ - લાઘવની વિચારણા કરવી.** અમુક પ્રવૃત્તિ કરવામાં ઘણા ગુણોનો લાભ છે કે ઘણા દોષોનો લાભ છે? આ રીતે વધારે - ઓછા ગુણ - દોષના લાભની વિચારણા કરવી તે ગુરુ - લાઘવની વિચારણા કહેવાય. બુદ્ધિમાન પુરુષે તે તે કાળ

આદિનું બળ જોઈને પ્રારંભ કરવાને ઈચ્છેલા ધર્મ - અર્થ - કામના સર્વ કાર્યોમાં ગુરુ - લાઘવની વિચારણા કરવી જોઈએ. (૭૩)

ततः किमित्याह–

**बहुगुणे प्रवृत्तिः ।।७४।।२०७।। इति।**

प्रायेण हि प्रयोजनानि गुण-दोषलाभमिश्राणि, ततो **बहुगुणे** प्रयोजने **प्रवृत्तिः** व्यापारः, तथा चार्षम् -

अप्पेण बहुमेसेज्जा, एयं पंडियलक्खणं।
सव्वासु पडिसेवासु, एयं अट्ठपयं विऊ ।।१३४।। (          ) ।।७४।।

**ગુરુ - લાઘવની વિચારણા કર્યા પછી શું કરવું તે કહે છે :-**

**ઘણા ગુણવાળી પ્રવૃત્તિ કરવી.** પ્રાયઃ કરીને કાર્યો ગુણ અને દોષ એ બંનેના લાભવાળા હોય છે, અર્થાત્ કાર્યો કેવળ ગુણોનો જ લાભ થાય તેવા ન હોય, ગુણોના લાભની સાથે દોષોનો પણ લાભ થાય. આથી જે કાર્યમાં વધારે ગુણોનો લાભ થાય તે કાર્યમાં પ્રવૃત્તિ કરવી. ઋષિઓએ કહ્યું છે કે - **"અલ્પ નુકશાનથી ઘણા લાભને શોધે (= મેળવે) એ વિદ્વાનનું લક્ષણ છે. આથી સર્વ દોષોનું સેવન કરવામાં આ અપવાદપદ સાર્થક છે એમ પૂર્વ મહર્ષિઓ જાણે છે."** (૭૪)

तथा– **चैत्यादिपूजापुरःसरं भोजनम् ।।७५।।२०८।। इति।**

प्राप्ते भोजनकाले **चैत्यानाम्** अर्हद्बिम्बलक्षणानाम् **आदि**शब्दात् साधु-साधर्मिकाणां च **पूजा** पुष्प-धूपादिभिरन्न-पानप्रदानादिभिश्चोपचरणं सा पुरःसरा यत्र त**च्चैत्यादिपूजापुरःसरं भोजनम्** अन्नोपजीवनम्, यतोऽन्यत्रापि पठ्यते-

जिणपूओचियदाणं परियणसंभालणा उचियकिच्चं।
ठाणुववेसो य तहा पच्चक्खाणस्स संभरणं ।।१३५।। (          ) ।।७५।।

**જિનબિંબ આદિની પૂજા કરવા પૂર્વક ભોજન કરવું.** ભોજનનો સમય થતાં પુષ્પ - ધૂપ આદિથી જિનબિંબોની પૂજા કરીને અને અન્ન - પાણી વગેરે આપવા વડે સાધુની અને સાધર્મિકની ભક્તિ કરીને પછી ભોજન કરવું. આ વિષે બીજા સ્થળે પણ કહ્યું છે કે **"જિનપૂજા, ઉચિતદાન, પરિવારની સંભાળ તથા ભોજન સમયે કરવા યોગ્ય કાર્યો કરીને, ભોજનને યોગ્ય સ્થાને બેશીને, કરેલા પચ્ચક્ખાણને**

યાદ કરવા પૂર્વક ભોજન કરવું.” (૭૫)

તથા– **तदन्वेव प्रत्याख्यानक्रिया ॥७६॥२०९॥ इति।**

**तदन्वेव** भोजनानन्तरमेव **प्रत्याख्यानक्रिया** द्विविधाद्याहारसंवरणरूपा ॥७६॥

**ભોજન પછી તરત જ પચ્ચક્ખાણ કરવું.** ભોજન કર્યા પછી તરત જ બે પ્રકારના આહારના ત્યાગરૂપ • દુવિહાર વગેરે પચ્ચક્ખાણ કરવું. (૭૬)

તથા– **शरीरस्थितौ प्रयत्नः ॥७७॥२१०॥ इति ।**

**शरीरस्थितौ** उचिताभ्यङ्ग-संवाहन-स्नानादिलक्षणायां **यत्नः** आदरः, तथा च पठ्यते-

धर्मार्थकाममोक्षाणां शरीरं कारणं यतः।

यतो यत्नेन तद्रक्ष्यं यथोक्तैरनुवर्तनैः ॥१३६॥ (          ) इति ॥७७॥

**શરીરરક્ષામાં પ્રયત્ન કરવો.** શરીરે તેલ વગેરે ચોળવું, દબાવવું, સ્નાન કરવું ઈત્યાદિથી શરીરરક્ષાનો પ્રયત્ન કરવો. કહ્યું છે કે - **“શરીર ધર્મ - અર્થ - કામ - મોક્ષ એ ચાર પુરુષાર્થોનું કારણ છે. આથી શરીરની રક્ષા માટે જે ઉપાયો કહ્યા હોય તે ઉપાયોથી યત્ન પૂર્વક શરીરની રક્ષા કરવી.”** (૭૭)

તથા– **तदुत्तरकार्यचिन्ता ॥७८॥२११॥ इति ।**

**तस्याः** शरीरस्थितेरु**त्तराणि** उत्तरकालभावीनि यानि **कार्याणि** व्यवहारकरणादीनि तेषां **चिन्ता** तप्तिरूपा कार्या इति ॥७८॥

**ત્યારબાદનાં કાર્યોની વિચારણા કરવી.** શરીર રક્ષાનો પ્રયત્ન કર્યા પછીના કાળમાં વેપાર કરવો વગેરે જે જે કાર્યો કરવાના હોય તે તે કાર્યોને ધ્યાનમાં રાખવાં. (૭૮)

---

• શ્રાવકને દરરોજ એકાસણું કરવાનું વિધાન છે. એટલે એકાસણું કર્યા પછી ઊઠતાં દુવિહાર, તિવિહાર કે ચોવિહાર એ ત્રણમાંથી કોઈ એક પચ્ચક્ખાણ કરવાનું હોય છે. સામાન્યથી તો શ્રાવકે તિવિહાર કે ચોવિહાર એકાસણું કરવું જોઈએ. આમ છતાં બિમારી આદિના કારણે દુવિહાર એકાસણું પણ કરી શકાય.

तथा- **कुशलभावनायां प्रबन्धः ॥७९॥२१२॥ इति ।**

**कुशलभावनायाम्** सर्वेऽपि सन्तु सुखिनः, सर्वे सन्तु निरामयाः। सर्वे भद्राणि पश्यन्तु, मा कश्चित् पापमाचरेत् ॥१३७॥ (  ) इत्यादिशुभचिन्तारूपायां **प्रबन्धः** प्रकर्षवृत्तिः ॥७९॥

**શુભ ભાવનાઓમાં અત્યંત પ્રવૃત્તિ કરવી.** "સર્વ જીવો સુખી થાઓ, સર્વ જીવો નિરોગી બનો, સર્વ જીવો કલ્યાણને જુઓ, કોઈ જીવ પાપ ન આચરો" ઈત્યાદિ શુભ ચિંતન રૂપ શુભ ભાવનાઓમાં અત્યંત પ્રવૃત્તિ કરવી, અર્થાત્ શુભ ભાવનાઓ અવશ્ય ભાવવી. (૭૯)

तथा- **शिष्टचरितश्रवणम् ॥८०॥२१३॥ इति ।**

**शिष्टचरितानां** 'शिष्टचरितप्रशंसा' इति प्रथमाध्यायसूत्रोक्तलक्षणानां **श्रवणं** निरन्तरमाकर्णनम्, तच्छ्रवणे हि तद्गताभिलाषभावान्न कदाचिद् लब्धगुणहानिः सम्पद्यत इति॥८०॥

**શિષ્ટના આચારોનું શ્રવણ કરવું.** આ ગ્રંથમાં પ્રથમ અધ્યાયના ચૌદમા સૂત્રમાં કહેલા શિષ્ટાચારોનું નિરંતર શ્રવણ કરવું. શિષ્ટાચારોને સાંભળવાથી શિષ્ટાચારોની ઈચ્છા ( = મારામાં શિષ્ટાચારો આવે એવી ઈચ્છા) થાય છે. એના કારણે (કદાચ નવા ગુણો ન આવે તો પણ) મેળવેલા ગુણોની હાનિ થતી નથી. (૮૦)

तथा- **सान्ध्यविधिपालना ॥८१॥२१४॥ इति ।**

**सान्ध्यस्य** सन्ध्याकालभवस्य **विधेः** अनुष्ठानविशेषस्य दिनाष्टमभाग-भोजनव्यवहारसङ्कोचादिलक्षणस्य **पालना** अनुसेवनमिति ॥८१॥

**સાંજના સમયે કરવાના વિશેષ અનુષ્ઠાનો (= ધર્મકાર્યો) કરવા.** જેમ કે દિવસના આઠમા ભાગમાં ભોજન કરી લેવું, વેપાર બંધ કરી દેવો વગેરે. (૮૧)

एनामेव विशेषत आह-

**यथोचितं तत्प्रतिपत्तिः ॥८२॥२१५॥ इति ।**

**यथोचितं** यथासामर्थ्यं **तत्प्रतिपत्तिः** सान्ध्यविधिप्रतिपत्तिरिति ॥८२॥

**સાંજે કરવાના અનુષ્ઠાનોને વિશેષથી કહે છે. :-**

શક્તિ પ્રમાણે સાંજના અનુષ્ઠાનોનો સ્વીકાર કરવો. (૮૨)

कीदृशीत्याह—

**पूजापुरस्सरं चैत्यादिवन्दनम् ॥८३॥२१६॥ इति ।**

तत्कालोचितपूजापूर्वकं **चैत्यवन्दनं** गृहचैत्य-चैत्यभवनयोः, **आदिशब्दाद्** यतिवन्दनं माता-पितृवन्दनं च ॥८३॥

**કેવાં અનુષ્ઠાનોનો સ્વીકાર કરવો તે (ક્રમશઃ) કહે છે :-**

**પૂજાપૂર્વક ચૈત્યવંદન વગેરે કરવું.** સાંજના સમયે જે પૂજા કરવી ઉચિત હોય તે પૂજા કરવા પૂર્વક ગૃહમંદિરમાં અને સંઘમંદિરમાં ચૈત્યવંદન કરવું. સાધુઓને અને માતા - પિતાને વંદન કરવું. (૮૩)

तथा— **साधुविश्रामणक्रिया ॥८४॥२१७॥ इति ।**

**साधूनां** निर्वाणाराधनयोगसाधनप्रवृत्तानां पुरुषविशेषाणां स्वाध्याय-ध्यानाद्यनुष्ठाननिष्ठोपहितश्रमाणां तथाविधविश्रामकसाध्वभावे **विश्रामणक्रिया,** विश्राम्यतां विश्रामं लभमानानां करणं विश्रामणा, सा चासौ क्रिया चेति समासः ॥८४।

**સાધુઓની વિશ્રામણા કરવી.** મોક્ષની આરાધનાના યોગોને સાધવામાં પ્રવૃત્ત થયેલા અને સ્વાધ્યાય - ધ્યાન વગેરે અનુષ્ઠાનોમાં તત્પર બનવાના કારણે શ્રમિત બનેલા સાધુઓની વિશ્રામણા (= શરીર દબાવવું વગેરે શરીરસેવા) કરવી. આરામ કરતા સાધુઓની (શરીર દબાવવું વગેરે) શરીર સેવા કરવી તે વિશ્રામણા. (ઉત્સર્ગથી તો સાધુએ સેવા કરાવવાની નથી. હવે જો અપવાદે સેવા કરાવવી પડે તો સાધુ પાસે જ કરાવવી.) પણ જો વિશ્રામણા કરનાર તેવા કોઇ સાધુ ન હોય તો (અપવાદથી) શ્રાવક સાધુની વિશ્રામણા કરે. (૮૪)

तथा— **योगाभ्यासः ॥८५॥२१८। इति ।**

**योगस्य** सालम्बन-निरालम्बनभेदभिन्नस्य**ाभ्यासः** पुनः पुनरनुशीलनम्, उक्तं च-

सालम्बनो निरालम्बनश्च योगः परो द्विधा ज्ञेयः।

जिनरूपध्यानं खल्वाद्यस्तत्तत्त्वगस्त्वपरः ॥१३८॥ (षोड० १४/१)
**त(त्त) त्त्वग इति** निर्वृतजिनस्वरूपप्रतिबद्ध इति ॥८५॥

**યોગનો અભ્યાસ કરવો.** સાલંબન અને નિરાબંલન એમ બે પ્રકારના યોગનો અભ્યાસ કરવો. અભ્યાસ એટલે વારંવાર અનુશીલન. યોગ અંગે કહ્યું છે કે **"મુખ્ય યોગ સાલંબન અને નિરાલંબન એમ બે પ્રકારનો જાણવો. યોગ એટલે ધ્યાન. આલંબન સહિત તે સાલંબન. ચક્ષુ વગેરેથી જાણી શકાય તેવી પ્રતિમા વગેરે વસ્તુના આલંબન દ્વારા થતો યોગ (= ધ્યાન) સાલંબન યોગ છે. આલંબનથી રહિત તે નિરાલંબન. છદ્મસ્થ જીવ જેનું ધ્યાન કરે તે વસ્તુ આંખ વગેરેથી દેખી શકાય નહિ તો તે ધ્યાન નિરાલંબન યોગ છે. સમવસરણમાં બિરાજમાન જિનનું ધ્યાન સાલંબન યોગ છે. મુક્તિને પામેલા પરમાત્માના કેવલજ્ઞાનાદિ સ્વરૂપનું ધ્યાન નિરાલંબન યોગ છે."** (૮૫)

तथा– **नमस्कारादिचिन्तनम् ॥८६॥२१९॥ इति ।**

**नमस्कारस्य, आदिशब्दात्तदन्यस्वाध्यायस्य च चिन्तनं** भावनम् ॥८६॥

**નમસ્કાર આદિનું ચિંતન કરવું.** નમસ્કાર મહામંત્રનું કે અન્ય સ્વાધ્યાયનું ચિંતન કરવું. અર્થાત્ નમસ્કાર મહામંત્રનો જાપ કરવો કે સ્વાધ્યાય કરવો. (૮૬)

तथा– **प्रशस्तभावक्रिया ॥८७॥२२०॥ इति ।**

तथा तथा क्रोधादिदोषविपाकपर्यालोचनेन **प्रशस्तस्य** प्रशंसनीयस्य **भावस्य** अन्तःकरणरूपस्य **क्रिया** करणम्, अन्यथा महादोषभावात्, यदुच्यते-

चित्तरत्नमसंक्लिष्टमान्तरं धनमुच्यते।
यस्य तन्मुषितं दोषैस्तस्य शिष्टा विपत्तयः ॥१३९। (हा० अष्टके २४/७) इति ॥८७॥

**અંતઃકરણને પ્રશસ્ત બનાવવું.** ક્રોધાદિ દોષોના વિપાકની તે તે રીતે વિચારણા કરીને અંતઃકરણને પ્રશસ્ત (= શુભ) કરવું. કારણકે જો અંતઃકરણને શુભ ન કરવામાં આવે તો મોટો દોષ થાય. કહ્યું છે કે **"રાગાદિ સંક્લેશોથી રહિત ચિત્તરૂપરત્ન આંતરિક = આધ્યાત્મિક ધન કહેવાય છે. જેનું તે ચિત્તરત્ન રાગાદિ ચોરોથી ચોરાઇ ગયું તેને હર્ષ - વિષાદ આદિ અથવા દુર્ગતિમાં ગમનરૂપ વિપત્તિઓ**

જ બાકી રહે છે." (૮૭)

तथा- **भवस्थितिप्रेक्षणम् ॥८८॥२२१॥ इति ।**

**भवस्थितेः** संसाररूपस्य **प्रेक्षणम्** अवलोकनम्, यथा-

यौवनं नगनदीस्यदोपमं, शारदाम्बुदविलासि जीवितम्।
स्वप्नलब्धधनविभ्रमं धनं स्थावरं किमपि नास्ति तत्त्वतः ॥१४०॥
विग्रहा गदभुङ्गमालयाः, सङ्गमा विगमदोषदूषिताः।
सम्पदोऽपि विपदा कटाक्षिता, नास्ति किञ्चिदनुपद्रवं स्फुटम् ॥१४१॥
( श्रावका० १४/१-२) इत्यादीति ॥८८॥

**સંસારના (વાસ્તવિક) સ્વરૂપનું નિરીક્ષણ કરવું. જેમ કે"યૌવન પર્વતમાંથી નીકળેલી નદીના વેગ જેવું અનિત્ય છે. જીવન શરદઋતુના વાદળાના વિલાસ જેવું અસ્થિર છે. ધન સ્વપ્નમાં મેળવેલા ધનના વિલાસ જેવું ક્ષણિક છે. પરમાર્થથી કોઈ વસ્તુ નિત્ય નથી. (૧) શરીરો રોગરૂપી સર્પનાં ઘરો છે. સંયોગો વિયોગરૂપ દોષથી દૂષિત થયેલા છે. સંપત્તિઓ પણ વિપત્તિઓના કટાક્ષોથી ભરેલી છે. કંઈ પણ ઉપદ્રવથી રહિત નથી એ સ્પષ્ટ છે. (૨)" (૮૮)**

**तदनु तन्नैर्गुण्यभावना ॥८९॥२२२॥ इति ।**

**तस्या** भवस्थितेः **नैर्गुण्यभावना** निःसारत्वचिन्तनम्, यथा -

इतः क्रोधो गृध्रः प्रकटयति पक्षं निजमितः
श्रृगाली तृष्णेयं विवृतवदना धावति पुरः ।
इतः क्रूरः कामो विचरति पिशाचश्चिरमहो
श्मशानं संसारः क इह पतितः स्थास्यति सुखम्? ॥१४२॥
एतास्तावदसंशयं कुशदलप्रान्तोदबिन्दूपमा,
लक्ष्म्यो बन्धुसमागमोऽपि न चिरस्थायी खलप्रीतिवत् ।
यच्चान्यत् किल किञ्चिदस्ति निखिलं तच्छारदाम्भोधर-
च्छायावच्चलतां बिभर्ति यदतः स्वस्मै हितं चिन्त्यताम् ॥१४३॥
(          ) इति ॥८९॥

**સંસારના સ્વરૂપનું નિરીક્ષણ કર્યા પછી સંસારના સ્વરૂપની અસારતાનું**

ચિંતન કરવું. જેમ કે "અહો! આ સંસાર સ્મશાન તુલ્ય છે. તેમાં એક તરફ ક્રોધરૂપી ગીધપક્ષી પોતાની પાંખને ઉઘાડે (=ફફડાવે) છે, એક તરફ આ તૃષ્ણારૂપી શિયાલણી મુખ પહોળું કરીને આગળ આગળ દોડી રહી છે, એક તરફ ક્રૂર કામરૂપી પિશાચ ઘણા કાળથી ફરી રહ્યો છે, આવા આ સ્મશાન તુલ્ય સંસારમાં પડેલો કોણ સુખી રહેશે ? (૧) આ ધન ચોક્કસ ઘાસના પાંદડાના અંતભાગમાં રહેલા પાણીના બિંદુની જેવું ક્ષણિક છે. બંધુઓનો સમાગમ પણ દુર્જનની મૈત્રીની જેમ લાંબો કાળ ટકનારો નથી. બીજું પણ જે કંઇ છે તે બધું શરદઋતુના વાદળાની છાયાની જેમ ચંચલ છે. એથી (હે જીવો !) પોતાના હિતને વિચારો. (૨)" (૮૯)

तथा- **अपवर्गालोचनम् ॥९०॥२२३॥ इति ।**

**अपवर्गस्य** मुक्तेः **आलोचनं** सर्वगुणमयत्वेनोपादेयतया परिभावनम्, यथा-

प्राप्ताः श्रियः सकलकामदुघास्ततः किम्?
दत्तं पदं शिरसि विद्विषतां ततः किम् ? ।
सम्पूरिताः प्रणयिनो विभवैस्ततः किम्?
कल्पं स्थितं तनुभृतां तनुभिस्ततः किम्? ॥१४४॥ (वैराग्यश० ६७)
तस्मादनन्तमजरं परमं प्रकाशम्,
तच्चित्त ! चिन्तय किमेभिरसद्विकल्पैः ?
यस्यानुषङ्गिण इमे भुवनाधिपत्य-
भोगादयः कृपणजन्तुमतां भवन्ति ॥१४५॥ (वैराग्यश० ६९) ॥९०॥

**મોક્ષની વિચારણા કરવી.** મોક્ષ સર્વગુણમય હોવાથી (= મોક્ષમાં આત્માના સર્વગુણો પ્રગટ થતા હોવાથી) ઉપાદેય છે એમ વિચારવું. જેમ કે "સકલ ઇચ્છાને પૂરનારી લક્ષ્મી પ્રાપ્ત થઇ ગઇ તેથી શું ?શત્રુઓના માથા ઉપર પગ મૂક્યો તેથી શું? સ્નેહીઓને વૈભવથી પૂર્ણ કર્યા તેથી શું ? જીવો પ્રલયકાળ સુધી જીવ્યા તેથી શું? (આ બધું પ્રાપ્ત થવા છતાં આત્માના દુઃખો દૂર થતા નથી.) (૧) તેથી હે જીવ! અંતરહિત અને જરા રહિત એવા પરમમોક્ષનો વિચાર કર, આવી અશુભ વિવિધ કલ્પનાઓથી શું વળવાનું છે.? • રાંક જીવોને મળતા ભુવનનું અધિપતિપણું (=

• સંસારી જીવો અશુભ વિકલ્પો કરવાના કારણે રાંક છે.

**માલિકી) અને ભોગ વગેરે ★ આ સુખો મોક્ષનાં • આનુષંગિક સુખો છે." (૨)(૯૦)**

तथा– **श्रामण्यानुरागः ॥९१॥२२४॥ इति ।**

**श्रामण्ये** शुद्धसाधुभावे **अनुरागो** विधेयः, यथा -
जैनं मुनिव्रतमशेषभवात्तकर्मसन्ताननतानवकरं स्वयमभ्युपेतः।
कुर्यां तदुत्तरतरं च तपः कदाऽहम्, भोगेषु निःस्पृहतया परिमुक्तसङ्गः? ॥१४६॥
(          ) इति ॥९१॥

**શુદ્ધસાધુપણાનો અનુરાગ કરવો. જેમ કે "હું ક્યારે ભોગોમાં નિઃસ્પૃહ બનું? અને એથી સર્વસંગથી મુક્ત બનીને જિને કહેલાં સાધુનાં વ્રતોનો સ્વયં સ્વીકાર કરી લઉં અને પછી તપ કરું ? જિને કહેલાં સાધુનાં વ્રતો અનેક ભવોમાં ઉપાર્જન કરેલાં (= બાંધેલાં) કર્મોના વિસ્તારને ઘટાડી નાખે છે." (૯૧)**

तथा– **यथोचितं गुणवृद्धिः ॥९२॥२२५॥ इति ।**

**यथोचितं** यो यदा वर्द्धयितुमुचितस्तस्य सम्यग्दर्शनादेर्गुणस्य दर्शनप्रतिमा - व्रतप्रतिमाभ्यासद्वारेण **वृद्धिः** पुष्टीकरणं कार्या ॥९२॥

**ઉચિત રીતે ગુણોની વૃદ્ધિ કરવી.** જે ગુણ જ્યારે વધારવાને માટે યોગ્ય ગણાય ત્યારે તે સમ્યગ્દર્શન વગેરે ગુણની દર્શનપ્રતિમા અને વ્રતપ્રતિમાના અભ્યાસ દ્વારા વૃદ્ધિ - પુષ્ટિ કરવી. (૯૨)

तथा– **सत्त्वादिषु मैत्र्यादियोग इति ॥९३॥२२६॥ इति ।**

---

★ 'આ' સુખો એટલે સંસારમાં પ્રત્યક્ષ દેખાતાં સુખો.

•એક કાર્ય માટે પ્રવૃત્તિ કરતાં અનાયાસે બીજું કાર્ય થઈ જાય તો અનાયાસે થનાર બીજું કાર્ય આનુષંગિક કહેવાય. જેમ કે કોઈ દવા ખરીદે છે તો એની સાથે બાટલી પણ મળે છે. એને બાટલી ખરીદવી નથી, ખરીદવી તો દવા છે. પણ દવા સાથે બાટલી પણ મળી જાય છે. અહીં બાટલી આનુષંગિક છે. ખેડૂત અનાજ માટે ખેતી કરે છે. પણ તેમાં અનાયાસે ઘાસ મળી જાય છે. તેમ મોક્ષ માટે ધર્મ કરનાર જીવને મોક્ષ ન મળે ત્યાં સુધી મળતાં સાંસારિક ભોગસુખો મોક્ષના આનુષંગિક સુખો છે.

**सत्त्वेषु** सामान्यतः सर्वजन्तुषु **आदिशब्दाद्** दुःखित-सुखित-दोषदूषितेषु **मैत्र्यादीनाम्** आशयविशेषाणां **योगो** व्यापारः कार्यः, मैत्र्यादिलक्षणं चेदम्-
परहितचिन्ता मैत्री परदुःखविनाशिनी तथा करुणा।
परसुखतुष्टिर्मुदिता परदोषोपेक्षणमुपेक्षा ॥१४७॥ (षोड० ४/१५) इतिः परिसमाप्तौ ॥९३॥

**જીવો વિષે મૈત્રી આદિ ભાવના રાખવી.** સર્વ જીવો વિષે મૈત્રી, દુઃખી જીવો વિષે કરુણા, સુખી જીવો વિષે મુદિતા (= પ્રમોદ) અને દોષથી દૂષિત જીવો વિષે ઉપેક્ષા (= માધ્યસ્થ્ય) ભાવના રાખવી. મૈત્રી વગેરેનું લક્ષણ આ પ્રમાણે છે :- **"અન્ય જીવોના હિતનું ચિંતન કરવું તે મૈત્રી જાણવી. અન્યના દુઃખોનો વિનાશ કરનારી કરુણા જાણવી. સુખી જીવો ઉપર અપ્રીતિ ( = ઈર્ષ્યા) ન કરવી તે મુદિતા જાણવી. અને અન્યના દોષોની ઉપેક્ષા કરવી તે ઉપેક્ષા ભાવના જાણવી. જે જીવના અવિનય વગેરે દોષો દૂર કરી શકાય તેમ ન હોય તે જીવો વિષે ઉપેક્ષા ભાવના રાખવી. પણ જે જીવના દોષો દૂર કરી શકવાની સંભાવના હોય તે જીવ વિષે ઉપેક્ષા ન કરવી."**

સૂત્રમાં इति શબ્દ અધ્યાયની સમાપ્તિનો સૂચક છે. (૯૩)

सम्प्रत्युपसंहरन्नाह–

**विशेषतो गृहस्थस्य, धर्म उक्तो जिनोत्तमैः।**

**एवं सद्भावनासारः, परं चारित्रकारणम् ॥४॥ इति ।**

**विशेषतः** सामान्यगृहस्थधर्मवैलक्षण्येन **गृहस्थस्य** गृहमेधिनो **धर्मः उक्तो** निरूपितो **जिनोत्तमैः** अर्हद्भिः **एवम्** उक्तनीत्या **सद्भावनासारः** परमपुरुषार्थानुकूलभावनाप्रधानः भावश्रावकधर्म इत्यर्थः, कीदृशोऽसावित्याह- **परम्** अवन्ध्यमिह भवान्तरे वा **चारित्रकारणं** सर्वविरतिहेतुः ॥४॥

**હવે ઉપસંહાર કરતા ગ્રંથકાર કહે છે :-**

તીર્થંકરોએ આ પ્રમાણે સામાન્યધર્મથી જુદો એવો વિશેષ ગૃહસ્થધર્મ કહ્યો છે. આ વિશેષ ગૃહસ્થધર્મ મોક્ષને અનુકૂલ ભાવનાની પ્રધાનતાવાળો છે, અર્થાત્ ભાવ શ્રાવકનો ધર્મ છે, અને ચારિત્રનું સફલ કારણ છે. એનાથી આ ભવમાં કે ભવાંતરમાં ચોક્કસ સર્વવિરતિની પ્રાપ્તિ થાય છે. (૪)

ननु कथं परं चारित्रकारणमसावित्याशङ्क्याह–

**पदंपदेन मेधावी, यथारोहति पर्वतम् ।**
**सम्यक् तथैव नियमाद्धीरश्चारित्रपर्वतम् ॥५॥**

इह **पदं** पदिकोच्यते, ततः पदेन पदेन यदारोहणं तन्निपातनात् **पदंपदेने**त्युच्यते, ततः **पदंपदेन मेधावी** बुद्धिमान् **यथे**ति दृष्टान्तार्थः **आरोहति** आक्रामति **पर्वतम्** उज्जयन्तादिकं **सम्यक्** हस्त-पादादिशरीरावयवभङ्गाभावेन **तथैव** तेनैव प्रकारेण **नियमाद्** अवश्यन्तया **धीरो** निष्कलङ्कानुपालित-श्रमणोपासकसमाचारः **चारित्रपर्वतं** सर्वविरतिमहाशैलमिति ॥५॥

**આ વિશેષ ગૃહસ્થધર્મ ચારિત્રનું સફલ કારણ કેવી રીતે છે એવી આશંકા કરીને તેનો ઉત્તર આપતા ગ્રંથકાર કહે છે :-**

જેવી રીતે બુદ્ધિશાળી માનવ એક એક પગથિયું ચઢતાં ગિરનાર વગેરે પર્વત ઉપર સારી રીતે ચડી જાય છે, તે જ રીતે ધીર માનવ ચારિત્રરૂપી મહાપર્વત ઉપર અવશ્ય ચડે છે.

સારી રીતે ચડી જાય છે એટલે હાથ - પગ વગેરે શરીરનાં અંગો ભાંગે નહિ તે રીતે ચડી જાય છે. ધીર એટલે જેણે નિરતિચારપણે શ્રાવકના આચારોનું પાલન કર્યું છે એવો માનવ. (૫)

ननु एतदपि कथमित्थमित्याह–

**स्तोकान् गुणान् समाराध्य, बहूनामपि जायते।**
**यस्मादाराधनायोग्यस्तस्मादादावयं मतः ॥६॥ इति ॥**

**स्तोकान्** तुच्छान् **गुणान्** श्रमणोपासकावस्थोचितान् **समाराध्य** पालयित्वा **बहूनां** सुश्रमणोचितगुणानां 'स्तोकानामाराधनायोग्यो जात एव' इति **अपि**शब्दार्थः, **जायते** भवति **यस्मात्** कारणा**दाराधनायोग्यः** परिपालनोचितः अविकलाल्पगुणाराधना-बलप्रलीनबहुगुणलाभबाधककर्मकलङ्कत्वेन तद्गुणलाभसामर्थ्यभावात् **तस्मात्** कारणा**दादौ** प्रथमत एव **अयम्** अनन्तरप्रोक्तो गृहस्थधर्मो **मतः** सुधियां सम्मतः इति। पुरुषविशेषापेक्षोऽयं न्यायः, अन्यथा तथाविधाध्यवसायसामर्थ्यात्तदा एवाबलीभूतचारित्रमोहानां **स्थूलभद्रादी**नामेतत्क्रममन्तरेणापि परिशुद्धसर्वविरतिलाभस्य शास्त्रेषु श्रूयमाणत्वात् ॥६॥

इति श्री **मुनिचन्द्रसूरि**विरचितायां **धर्मबिन्दुवृत्तौ विशेषतो गृहस्थधर्मविधि**स्तृतीयोऽध्यायः समाप्तः

**નિરતિચારપણે શ્રાવકના આચારોનું પાલન કરનાર ચારિત્રપર્વત ઉપર ચડે છે એ નિયમ પણ • કેવી રીતે છે ? એના ઉત્તરમાં કહે છે કે એ નિયમ આ પ્રમાણે છે:-**

શ્રાવક અવસ્થાને ઉચિત ગુણોની આરાધના કરીને સાધુને ઉચિત ગુણોની પણ આરાધના કરવાને યોગ્ય બને છે. આથી વિદ્વાનોને હમણાં કહેલો વિશેષગૃહસ્થધર્મ સાધુધર્મની પહેલાં જ સંમત છે, અર્થાત્ પ્રથમ વિશેષગૃહસ્થધર્મનું પાલન કર્યા પછી સાધુધર્મનું પાલન થાય એ ક્રમ યોગ્ય છે એમ વિદ્વાનોને સંમત છે.

**પ્રશ્ન :** શ્રાવક અવસ્થાને ઉચિત ગુણોની આરાધના કર્યા પછી સુસાધુને ઉચિત ગુણોની આરાધના કરવાને યોગ્ય બને છે તેનું શું કારણ ? **ઉત્તર :** શ્રાવક અવસ્થાને ઉચિત ગુણોની નિરતિચાર આરાધનાના બળથી સુસાધુને ઉચિત ગુણોનો લાભ થવામાં બાધક બનનાર કર્મરૂપી કલંકનો નાશ થાય છે, એથી સુસાધુને ઉચિત ગુણોને મેળવવાનું સામર્થ્ય આવે છે.

આ ક્રમ પુરુષવિશેષની અપેક્ષાએ છે. કારણકે તેવા પ્રકારના અધ્યવસાયના સામર્થ્યથી તે જ સમયે જેમનું ચારિત્રમોહનીય કર્મ નિર્બળ બની ગયું છે તે સ્થૂલભદ્ર મહાત્મા વગેરેને આ ક્રમ વિના પણ વિશુદ્ધ સર્વવિરતિનો લાભ થયો છે એમ શાસ્ત્રમાં સંભળાય છે.

સુસાધુને ઉચિત ગુણોની પણ આરાધના કરવાને યોગ્ય બને છે એ સ્થળે 'પણ' શબ્દનો ''સુશ્રાવકને ઉચિત હોય તેવા ગુણોની આરાધના કરવા માટે તો યોગ્ય થઇ જ ગયો છે'' એવો અર્થ છે. (૬)

આ પ્રમાણે ધર્મબિંદુની શ્રીમુનિચંદ્રસૂરિવિરચિત વૃત્તિમાં **''વિશેષ ગૃહસ્થધર્મવિધિ''** નામનો ત્રીજો અધ્યાય પૂર્ણ થયો.

-- ■ --

• અહીં 'પણ' શબ્દનો સંબંધ પૂર્વના ૧૭મા શ્લોકના અવતરણની સાથે છે.

## । अथ चतुर्थोऽध्यायः ।

व्याख्यातस्तृतीयोऽध्यायः, साम्प्रतं चतुर्थ आरभ्यते, तस्य चेदमादिसूत्रम्–

**एवं विधिसमायुक्तः सेवमानो गृहाश्रमम् ।**

**चारित्रमोहनीयेन, मुच्यते पापकर्मणा ॥१॥ इति ।**

**एवम्** उक्तरूपेण **विधिना** सामान्यतो विशेषतश्च गृहस्थधर्मलक्षणेन **समायुक्तः** सम्पन्नः **सेवमानः** अनुशीलयन् **गृहाश्रमं** गृहवासम्, किमित्याह-**चारित्रमोहनीयेन** प्रतीतरूपेण **मुच्यते** परित्यज्यते **पापकर्मणा** पापकृत्यात्मकेन ॥१॥

**ત્રીજા અધ્યાયનું વ્યાખ્યાન કર્યું. હવે ચોથો અધ્યાય શરૂ કરવામાં આવે છે. તેનું પહેલું સૂત્ર આ પ્રમાણે છે :-**

આ રીતે સામાન્ય અને વિશેષ ગૃહસ્થધર્મથી સારી રીતે યુક્ત બનીને ગૃહવાસને સેવતો પુરુષ ચારિત્રમોહનીયરૂપ પાપકર્મથી મુક્ત થાય છે. (૧)

एतदपि कथमित्याह–

**सदाज्ञाराधनायोगाद् भावशुद्धेर्नियोगतः ।**

**उपायसम्प्रवृत्तेश्च सम्यक्चारित्ररागतः ॥२॥ इति।**

**सन्** अकलङ्कितो य **आज्ञाराधन (ना?) योगो** 'यतिधर्माभ्यासासहेनादौ श्रावकधर्मः अभ्यसनीयः' इत्येवंलक्षणो जिनोपदेशसम्बन्धः, तस्माद् यका **भावशुद्धिः** मनोनिर्मलता, तस्याः **नियोगतः** अवश्यन्तया, तथा **उपायसम्प्रवृत्तेश्च, उपायेन** शुद्धहेत्वङ्गीकरणरूपेण **प्रवृत्तेः** चेष्टनात्, चकारो हेत्वन्तरसमुच्चये, इयमपि कुत इत्याह– **सम्यक्चारित्ररागतः** निर्व्याजचारित्राभिलाषात्, इदमुक्तं भवति- सदाज्ञाराधनायोगात् यका भावशुद्धिः या च सम्यक्चारित्रानुरागतः उपायसम्प्रवृत्तिः अणुव्रतादिपालनरूपा ताभ्यामुभाभ्यामपि हेतुभ्यां चारित्रमोहनीयेन मुच्यते, न पुनरन्यथेति ॥२॥

**જીવની ચારિત્રમોહનીય કર્મથી મુક્તિ પણ કેવી રીતે થાય છે તે કહે છે :-**

"સાધુધર્મના પાલન માટે અસમર્થ પુરુષે પહેલાં શ્રાવકધર્મનું પાલન કરવું" એવી જિનાજ્ઞાના નિષ્કલંક સંબંધથી અવશ્ય થનારી ભાવશુદ્ધિ અને નિષ્કપટ ચારિત્રના અભિલાષના કારણે થનારી ઉપાયથી સત્પ્રવૃત્તિ એ બંનેય કારણોથી જીવ ચારિત્રમોહનીય કર્મથી મુક્ત બને છે, પણ બીજી કોઈ રીતે મુક્ત બનતો નથી.

અહીં ભાવાર્થ આ પ્રમાણે છેઃ- જીવ 'ભાવશુદ્ધિ' અને 'ઉપાયથી સત્પ્રવૃત્તિ'

એ બે કારણોથી અવશ્ય ચારિત્રમોહનીય કર્મથી મુક્ત બને છે. તેમાં ભાવશુદ્ધિ એટલે માનસિક નિર્મલતા. ભાવશુદ્ધિ નિષ્કલંક જિનાજ્ઞાના સંબંધથી થાય છે. નિષ્કલંક જિનાજ્ઞાના સંબંધથી અવશ્ય ભાવશુદ્ધિ થાય છે. નિષ્કલંક જિનાજ્ઞાનો સંબંધ એટલે નિરતિચારપણે જિનાજ્ઞા માનવી. જિનાજ્ઞા અનેક પ્રકારની છે. તેમાં અહીં ''સાધુધર્મના પાલન માટે અસમર્થ પુરુષે પહેલાં શ્રાવક ધર્મનું પાલન કરવું'' એવી જિનાજ્ઞા સમજવી. ઉપાયથી સત્પ્રવૃત્તિ એટલે ચારિત્રમોહનીયકર્મના નાશનો જે શુદ્ધ ઉપાય તે ઉપાયથી જે સત્પ્રવૃત્તિ થાય તે ઉપાયથી સત્પ્રવૃત્તિ છે. સત્પ્રવૃત્તિ એટલે સત્પાલન. અણુવ્રત વગેરેનું સત્પાલન એ ચારિત્રમોહનીયકર્મના નાશનો શુદ્ધ ઉપાય છે. આથી અણુવ્રત વગેરેનું સત્પાલન એ ઉપાયથી સત્પ્રવૃત્તિ છે. ઉપાયથી સત્પ્રવૃત્તિ કોણ કરે? જેનામાં નિષ્કપટ ચારિત્રનો અભિલાષ થયો હોય તે ઉપાયથી સત્પ્રવૃત્તિ કરે. માટે નિષ્કપટ ચારિત્રનો અભિલાષ ઉપાયથી સત્પ્રવૃત્તિનું કારણ છે. આમ અહીં ચારિત્રમોહનીયકર્મનો નાશ કરવાના બે મુખ્ય = અનંતર હેતુઓ છે. અને બે પરંપર હેતુઓ છે. ભાવશુદ્ધિ અને ઉપાયથી સત્પ્રવૃત્તિ એ બે અનંતર હેતુઓ છે, અને નિષ્કલંક જિનાજ્ઞાનો સંબંધ અને નિષ્કપટ ચારિત્રનો અભિલાષ એ બે પરંપર હેતુઓ છે. (૨)

आह- इदमपि कथं सिद्धं यथेत्थं चारित्रमोहनीयेन मुच्यते ततः परिपूर्णप्रत्याख्यानभाग् भवतीत्याशङ्क्याह -

**विशुद्धं सदनुष्टानं स्तोकमप्यर्हतां मतम् ।**
**तत्त्वेन तेन च प्रत्याख्यानं ज्ञात्वा सुबह्वपि ॥३॥ इति ।**

**विशुद्धं** निरतिचारं अत एव **सत्** सुन्दरं **अनुष्टानं** स्थूलप्राणातिपातविरमणादि **स्तोकमपि** अन्यतमैकभङ्गकप्रतिपत्त्या अल्पम्, बहु तावन्मतमेवे**त्यपि**शब्दार्थः, **अर्हतां** पारगतानां **मतम्** अभीष्टम्, कथमित्याह- **तत्त्वेन** तात्त्विकरूपतया, न पुनरतिचारकालुष्यदूषितं बह्वप्यनुष्टानं सुन्दरं मतम्, **तेन च** तेन पुनर्विशुद्धेनानुष्ठानेन करणभूतेन स्तोकेनापि कालेन **प्रत्याख्यानम्** आश्रवद्वारनिरोधलक्षणं **ज्ञात्वा** गुरुमूले श्रुतधर्मतया सम्यगवबुध्य प्रत्याख्यानस्य फलं हेतुं च **सुबह्वपि** सर्वपापस्थानविषयतया भूयिष्ठमपि करोतीति गम्यते, स्तोकं तावदनुष्ठानं सम्पन्नमेवे**त्यपि**शब्दार्थः, अयमभिप्रायः-
स्तोकादप्यनुष्ठानादत्यन्तविशुद्धात् सकाशात् कालेन प्रत्याख्यानस्वरूपादिज्ञातुर्भूयिष्ठमपि प्रत्याख्यानं सम्पद्यत इति ॥३॥

**આ રીતે જીવ ચારિત્રમોહનીયકર્મથી મુક્ત થાય છે, અને પછી સંપૂર્ણ પચ્ચક્ખાણ કરે છે એ વિગત પણ કેવી રીતે સિદ્ધ થાય છે ? આવી આશંકા કરીને તેનો ઉત્તર કહે છે :-**

જિનેશ્વરોને થોડું પણ સ્થૂલપ્રાણાતિપાતવિરમણવ્રત વગેરે અનુષ્ઠાન જો વિશુદ્ધ હોય તો તત્ત્વથી સદ્ (સુંદર) અનુષ્ઠાન તરીકે સંમત છે, પણ અતિચાર રૂપ મલિનતાથી મલિન બનેલું ઘણું પણ અનુષ્ઠાન સદ્ અનુષ્ઠાન તરીકે સંમત નથી. થોડા પણ વિશુદ્ધ અનુષ્ઠાનથી સમય જતાં ગુરુપાસેથી પ્રત્યાખ્યાનને સાંભળીને પ્રત્યાખ્યાનનું ફલ અને હેતુને સારી રીતે જાણીને સર્વ પાપસ્થાનોના ત્યાગ રૂપ ઘણું પણ પ્રત્યાખ્યાન કરે છે.

''થોડું પણ સ્થૂલપ્રાણાતિપાતવિરમણ વગેરે અનુષ્ઠાન'' એ સ્થળે ''વ્રત સ્વીકારવાના ઘણા ભાંગાઓમાંથી કોઈ પણ એક ભાંગાથી સ્વીકારે'' એ અપેક્ષાએ થોડું સમજવું. 'થોડું પણ' એ સ્થળે પણ શબ્દનો અર્થ આ પ્રમાણે છેઃ- બહુ વિશુદ્ધ અનુષ્ઠાન તો સદ્ અનુષ્ઠાન તરીકે સંમત છે જ, કિંતુ થોડું પણ વિશુદ્ધ અનુષ્ઠાન સદ્ અનુષ્ઠાન તરીકે સંમત છે. ''ઘણું પણ પ્રત્યાખ્યાન કરે છે'' એ સ્થળે પણ શબ્દનો અર્થ આ પ્રમાણે છેઃ- થોડું અનુષ્ઠાન તો પ્રાપ્ત થયું જ છે, સમય જતાં ઘણું પણ પ્રાપ્ત કરે છે.

આ શ્લોકનો ટુંકમાં તાત્પર્યાર્થ આ પ્રમાણે છેઃ- થોડા પણ અત્યંત વિશુદ્ધ અનુષ્ઠાનથી સમય જતાં પ્રત્યાખ્યાનનું સ્વરૂપ વગેરે જાણનારને ઘણું ( = સર્વવિરતિ) પણ પ્રત્યાખ્યાન પ્રાપ્ત થાય છે. (૩)

**इति विशेषतो गृहस्थधर्म उक्तः,**
**साम्प्रतं यतिधर्मावसर इति यतिमनुवर्णयिष्यामः ॥१॥ २२७॥ इति।**

प्रतीतार्थमेव ॥१॥

આ પ્રમાણે વિશેષ ગૃહસ્થધર્મ કહ્યો, હવે સાધુધર્મનો અવસર છે. આથી હવે સાધુનું વર્ણન કરીશું. (૧)

यत्यनुवर्णनमेवाह–

**अर्हः अर्हत्समीपे विधिप्रव्रजितो यतिः ॥२॥२२८॥ इति।**

**अर्हः** प्रवज्यार्हो वक्ष्यमाण एव **अर्हस्य** प्रव्रज्यादानयोग्यस्य वक्ष्यमाणगुणस्यैव गुरोः **समीपे** पार्श्वे **विधिना** वक्ष्यमाणेनैव **प्रव्रजितः** गृहीतदीक्षः **यतिः** मुनिरित्युच्यते इति ॥२॥

**હવે યતિનું જ વર્ણન કરે છેઃ-**

**જે પ્રવ્રજ્યાને યોગ્ય હોય અને પ્રવ્રજ્યા આપવાને યોગ્ય એવા ગુરુની પાસે વિધિથી દીક્ષા લીધી હોય તે સાધુ કહેવાય.** પ્રવ્રજ્યાને યોગ્ય કોણ છે? કેવા ગુરુ પ્રવ્રજ્યા આપવાને યોગ્ય છે? પ્રવ્રજ્યા આપવાનો વિધિ શો છે? એ બધું હવે પછી જ કહેવાશે. (૨)

'यथोद्देशं निर्देशः' इति न्यायात् प्रव्रज्यार्हमेवाभिधित्सुराह–

**अथ प्रव्रज्यार्हः- आर्यदेशोत्पन्नः १, विशिष्टजाति - कुलान्वितः २, क्षीणप्रायकर्ममलः ३, तत एव विमलबुद्धिः ४, 'दुर्लभं मानुष्यम्, जन्म मरणनिमित्तम्, सम्पदश्चलाः, विषया दुःखहेतवः, संयोगे वियोगः, प्रतिक्षणं मरणम्, दारुणो विपाकः' इत्यवगतसंसारनैर्गुण्यः ५, तत एव तद्विरक्तः ६, प्रतनुकषायः ७, अल्पहास्यादिः ८, कृतज्ञः ९, विनीतः १०, प्रागपि राजा-ऽमात्य-पौरजनबहुमतः ११, अद्रोहकारी १२, कल्याणाङ्गः १३, श्राद्धः १४, स्थिरः १५, समुपसम्पन्न १६ श्चेति ॥३॥२२९॥ इति ।**

एतत् सर्वं सुगमम्, परम् **अथे**त्यानन्तर्यार्थः, **प्रव्रजनं** पापेभ्यः प्रकर्षेण शुद्धचरणयोगेषु **व्रजनं** गमनं प्रव्रज्या, तस्या **अर्हः** योग्यः **प्रव्रज्यार्हो** जीवः, कीदृशः इत्याह- **आर्यदेशोत्पन्नः** मगधाद्यर्धषड्विंशतिमण्डलमध्यलब्धजन्मा, तथा **विशिष्टजाति - कुलान्वितः** विशुद्धवैवाह्य-चतुर्वर्णान्तर्गतमातृ-पितृपक्षरूपजाति-कुलसम्पन्नः, तथा **क्षीणप्रायकर्ममलः**, **क्षीणप्रायः** उत्सन्नप्रायः **कर्ममलो** ज्ञानावरण-मोहनीयादिरूपो यस्य स तथा, **तत एव विमलबुद्धिः** यत एव क्षीणप्रायकर्ममलः तत एव हेतो**र्विमलबुद्धिः** निर्मलीमसमतिः, **प्रतिक्षणं मरण**मिति समयप्रसिद्धावीचिमरणापेक्षयेति,

पठ्यते च–

यामेव रात्रिं प्रथमामुपैति गर्भे वसत्यै नरवीर! लोकः।
ततः प्रभृत्यस्खलितप्रयाणः स प्रत्यहं मृत्युसमीपमेति ।।१४८।।
(महाभारत शांति पर्व १६९ अध्याय)

**नरवीर** इति **व्यासेन युधिष्ठिरस्य** सम्बोधनमिति। **दारुणो विपाको** मरणस्यैवेति गम्यते, सर्वाभावकारित्वात्तस्येति । **प्रागपि** इति प्रव्रज्याप्रतिपत्तिपूर्वकाल एवेति। **स्थिर** इति प्रारब्धकार्यस्यापान्तराल एव न परित्यागकारी। **समुपसम्पन्न** इति **समिति** सम्यग्वृत्त्या सर्वथाऽऽत्मसमर्पणरूपया **उपसम्पन्नः** सामीप्यमागत इति।।३।।

**• ઉદ્દેશ પ્રમાણે નિર્દેશ થાય એવો ન્યાય હોવાથી હવે પ્રવ્રજ્યાને યોગ્ય જીવ કેવો હોય તે કહેવાની ઈચ્છાવાળા ગ્રંથકાર કહે છે.**

પ્રવ્રજ્યા શબ્દનો અર્થ આ પ્રમાણે છે :- વિશેષ રૂપે જવું તે પ્રવ્રજ્યા, અર્થાત્ પાપયોગોમાંથી શુદ્ધ ચરણયોગોમાં જવું તે પ્રવ્રજ્યા. નીચે જણાવેલા ગુણોથી યુક્ત જીવ પ્રવજ્યા માટે યોગ્ય છે.

(૧) **આર્યદેશમાં જન્મેલ:** મગધ વગેરે સાડા પચીસ પૈકી કોઈ આર્યદેશમાં જેનો જન્મ થયો હોય, (૨) **વિશિષ્ટ જાતિ - કુલથી યુક્તઃ** માતૃપક્ષ તે જાતિ, પિતૃપક્ષ તે કુલ, વિવાહથી સંબંધવાળા હોય અને ચારવર્ણની અંતર્ગત હોય એવા જે વિશુદ્ધ જાતિ અને કુલ તેનાથી યુક્ત હોય, (૩) **ક્ષીણપ્રાયકર્મમલઃ** જેનો જ્ઞાનાવરણીય અને મોહનીય વગેરે કર્મમલ લગભગ (= ઘણો) ક્ષીણ થઈ ગયો હોય, (૪) **વિમલબુદ્ધિઃ** કર્મમલ લગભગ (= ઘણો) ક્ષીણ થઈ ગયો હોવાથી જ જેની બુદ્ધિ નિર્મલ (= આત્મકલ્યાણના જ ધ્યેયવાળી) હોય, (૫) **સંસારની અસારતાને જાણનારઃ** મનુષ્યભવ દુર્લભ છે, જન્મ મરણનું કારણ છે, સંપત્તિઓ ચપલ = અનિત્ય છે, વિષયો (= વિષય સુખો) દુઃખનું કારણ છે, સંયોગમાં વિયોગ રહેલો છે, અર્થાત્ સંયોગ વિયોગનું કારણ છે, શાસ્ત્રમાં પ્રસિદ્ધ આવીચિમરણની અપેક્ષાએ પ્રતિક્ષણ મરણ થઈ રહ્યું છે, અર્થાત્ પ્રતિક્ષણ આયુષ્ય ઘટવા રૂપ મૃત્યુ

• અવતરણિકામાં જણાવેલા " यथोद्देशं निर्देशः" એ ન્યાયનો અર્થ આ પ્રમાણે છેઃ- ઉદ્દેશ એટલે નામથી ઉલ્લેખ કરવો. નિર્દેશ એટલે જેનો નામથી ઉલ્લેખ કર્યો હોય તેનું વિશેષ વર્ણન કરવું. યથા ઉદ્દેશ એટલે જે ક્રમથી ઉદ્દેશ કર્યો હોય, નિર્દેશ એટલે તે ક્રમથી નિર્દેશ કરવો, અર્થાત્ જે ક્રમથી નામનો ઉલ્લેખ કર્યો હોય તે ક્રમથી તેનું વિશેષ વર્ણન કરવું તે "यथोद्देशं निर्देशः" ન્યાય છે. પ્રસ્તુતમાં બીજા સૂત્રમાં ક્રમશઃ પ્રવ્રજ્યાર્હ, પ્રવ્રાજક અને પ્રવ્રજ્યાવિધિ એ ત્રણનો ઉદ્દેશ = નામથી ઉલ્લેખ કર્યો છે. તેમાં પહેલાં પ્રવ્રજ્યાર્હનો ઉલ્લેખ છે. આથી પ્રથમ પ્રવ્રજ્યાર્હનું વિશેષ વર્ણન કરે છે.

થયા કરે છે, આ વિષે કહ્યું છે કે - **"હે નરવીર! જીવ જે પ્રથમ રાત્રિએ ગર્ભમાં રહેવા માટે આવે છે તે જ રાત્રિથી આરંભી સ્ખલનારહિત (મૃત્યુ તરફ) પ્રયાણ કરતો તે દરરોજ મૃત્યુની નજીક આવે છે."** (અહીં વ્યાસમુનિએ યુધિષ્ઠિરનું "નરવીર!" એવું સંબોધન કર્યું છે, અર્થાત્ વ્યાસમુનિએ યુધિષ્ઠિરને સંબોધીને *આ વાત કહી છે.) મરણનો વિપાક (= પરિણામ) ભયંકર છે, કારણ કે મરણ* થતાં મેળવેલુ બધું જતું રહે છે. આ રીતે ( સ્વાભાવિકપણેજ) જેણે સંસારની અસારતા જાણી હોય, (૬) **સંસારથી વિરક્તઃ** સંસારની અસારતા જાણવાથી જ જે સંસારથી વિરક્ત હોય, (૭) પ્રતનુકષાયઃ જેના કષાયો અત્યંત પાતળા (=મંદ) હોય, (૮) **અલ્પ હાસ્યાદિ :** જેનામાં હાસ્ય વગેરે (નોકષાયોના) વિકારો અલ્પ હોય, (૯) **કૃતજ્ઞઃ** પોતાના ઉપર બીજાઓએ કરેલા ઉપકારને જાણનારો હોય, (૧૦) **વિનીતઃ** જે માતા - પિતા વગેરે વડિલોનો વિનય કરતો હોય, (૧૧) **બહુમતઃ** દીક્ષા લીધા પહેલાં જ રાજા, મંત્રી અને નગરજનોને બહુમાન્ય હોય, (૧૨) **અદ્રોહકારીઃ** કોઈનો પણ દ્રોહ કરનારો ન હોય, (૧૩) **કલ્યાણાંગઃ** ખોડ - ખાપણથી રહિત અને પાંચ ઈંદ્રિયોથી પરિપૂર્ણ શરીરવાળો હોય, (૧૫) **સ્થિરઃ** શરૂ કરેલાં કાર્યોને વચ્ચે જ મૂકી દેનારો ન હોય, (૧૬) **સમુપસંપન્નઃ** બધી રીતે (= સંપૂર્ણપણે) આત્મસમર્પણના ભાવથી ગુરુની પાસે આવેલો હોય, આવો જીવ પ્રવ્રજ્યાને યોગ્ય છે. (૩)

इत्थं प्रव्राज्यार्हमभिधाय प्रव्राजकमाह–

**गुरुपदार्हस्तु इत्थम्भूत एव– विधिप्रतिपन्नप्रव्रज्यः १, समुपासितगुरुकुलः २, अस्खलितशीलः ३, सम्यगधीतागमः ४, तत एव विमलतरबोधात्तत्त्ववेदी ५, उपशान्तः ६, प्रवचनवत्सलः ७, सत्त्वहितरतः ८, आदेयः ९, अनुवर्तकः १०, गम्भीरः ११, अविषादी १२, उपशमलब्ध्यादिसम्पन्नः १३, प्रवचनार्थवक्ता १४, स्वगुर्वनुज्ञातगुरुपद १५ श्चेति ॥४॥२३०॥ इति ।**

**गुरुपदार्हः** प्रव्राजकपदयोग्यः, **तुः** पूर्वस्माद् विशेषणार्थः, **इत्थम्भूत एव** प्रव्रज्यार्हगुणयुक्त एव सन् न पुनरन्यादृशोऽपि, तस्य स्वयं निर्गुणत्वेन प्रव्राज्यजीवगुणबीजनिक्षेपकरणायोगात्, किमित्याह- **विधिप्रतिपन्नप्रव्रज्यः**

वक्ष्यमाणक्रमाधिगतदीक्षः, **समुपासितगुरुकुलः** विधिवदाराधितगुरुपरिवारभावः, **अस्खलितशीलः** प्रव्रज्याप्रतिपत्तिप्रभृत्येवाखण्डितव्रतः, **सम्यगधीतागमः** सूत्रार्थोभयज्ञानक्रियादिगुणभाजो गुरोरासेवनेनाधिगतपारगतगदितागमरहस्यः, यतः पठ्यते -

तित्थे सुत्तत्थाणं गहणं विहिणा उ तत्थ तित्थमिदं।
उभयन्नू चेव गुरू विही उ विणयाइओ चित्तो ।।१४९।।
उभ्यन्नू वि य किरियापरो दढं पवयणाणुरागी य ।
ससमयपरूवगो परिणओ य पन्नो य अच्चत्थं ।।१५०।।
(उपदेशपदे ८५१-८५२) त्ति ।

**तत एव** सम्यगधीतागमत्वादेव हेतोर्यो **विमलतरो बोधः** शेषान् सम्यगधीतागामानपेक्ष्य स्फुटतरः प्रज्ञोन्मीलः तस्मात् सकाशात् **तत्त्ववेदी** जीवादिवस्तुविज्ञाता, **उपशान्तः** मनोवाक्कायविकारविकलः, **प्रवचनवत्सलः** यथानुरूपं साधु-साध्वी-श्रावक-श्राविकारूपचतुर्वर्णश्रमणसङ्घवात्सल्यविधायी, **सत्त्वहितरतः** तत्तच्चित्रोपायोपादानेन सामान्येन सर्वसत्त्वप्रियकरणपरायणः, **आदेयः** परेषां ग्राह्यवचनचेष्टः, **अनुवर्तकः** चित्रस्वभावानां प्राणिनां गुणान्तराधानधियाऽनुवृत्तिशीलः, **गम्भीरः** रोष-तोषाद्यवस्थायामप्यलब्धमध्यः, **अविषादी** न परीषहाद्यभिभूतः कायसंरक्षणादौ दैन्यमुपयाति, **उपशमलब्ध्यादिसम्पन्नः, उपशमलब्धिः** परमुपशमयितुं सामर्थ्यलक्षणा, आदिशब्दादुपकरणलब्धिः स्थिरहस्तलब्धिश्च गृह्यते, ततस्ताभिः **सम्पन्नः** समन्वितः, **प्रवचनार्थवक्ता** यथावस्थितागमार्थप्रज्ञापकः, **स्वगुर्वनुज्ञातगुरुपदः, स्वगुरुणा** स्वगच्छनायकेनानुज्ञात**गुरुपदः** समारोपिताचार्यपदवीकः, चकारो विशेषणसमुच्चये, **इति**शब्दो गुरुगुणेयत्तासूचकः । अत्र षोडश प्रव्रज्यार्हगुणाः, पञ्चदश पुनर्गुरुगुणा निरूपिता इति ।।४।।

**આ પ્રમાણે પ્રવ્રજ્યાને યોગ્ય જીવ કેવો હોય તે કહીને હવે પ્રવ્રજ્યા આપનાર જીવ કેવો હોય તે કહે છે :-**

ગુરુપદને યોગ્ય જીવ આવો હોય- (इत्थम्भूत एव) જે પ્રવ્રજ્યાને યોગ્ય ગુણોથી યુક્ત હોય તે જ પ્રવ્રાજકપદને (=ગુરુપદને) યોગ્ય છે, પણ બીજા પ્રકારનો જીવ પ્રવ્રાજક પદને યોગ્ય નથી. કારણ કે જે પ્રવ્રજ્યાને યોગ્ય ગુણોથી યુક્ત ન હોય તે સ્વયં ગુણરહિત હોવાથી પ્રવ્રજ્યા આપવા લાયક જીવમાં ગુણો રૂપ બીજ નાખી શકે નહિ. (૧) (विधिप्रतिपन्नप्रव्रज्यः) હવે કહેવાશે તે વિધિથી જેણે દીક્ષા

લીધી હોય, (૨) (समुपासितगुरुकुलः) જેણે વિધિપૂર્વક ગુરુના અને ગુરુપરિવારના ભાવની આરાધના કરી હોય, અર્થાત્ જેણે વિધિપૂર્વક ગુરુના અને ગુરુની સાથે રહેલા સાધુઓના સ્વભાવને અનુકૂલ થઈને તેમની ભક્તિ વગેરેથી આરાધના કરી હોય, (૩) (अस्खलितशीलः) જેણે ચારિત્રનો સ્વીકાર કર્યો ત્યારથી જ ચારિત્રનું ખંડન • ન કર્યું હોય, (૪) (सम्यगधीतागमः) સૂત્રનું, અર્થનું અને સૂત્ર-અર્થ એ ઉભયનું જ્ઞાન હોય, તથા ક્રિયા વગેરે ગુણોથી યુક્ત હોય એવા ગુરુની સેવા કરવા પૂર્વક જિનોક્ત આગમોનું રહસ્ય જેણે જાણ્યું છે, કારણ કે (ઉપદેશપદમાં) કહ્યું છે કે- **ગુરુની પાસે વિધિપૂર્વક સૂત્ર અને અર્થ ગ્રહણ કરવા જોઇએ. ગુરુનું સ્વરૂપ આ પ્રમાણે છે. :- ગુરુ સૂત્ર અને અર્થ એ બંનેને જાણનારા હોવા જોઇએ. સૂત્ર - અર્થને ગ્રહણ કરવામાં વિનય વગેરે અનેક પ્રકારનો વિધિ છે.** (૧૪૯) **હવે વિશેષથી ગુરુનું જ સ્વરૂપ કહે છે - ગુરુ (૧) સૂત્ર અને અર્થ એ બંનેને જાણનારા હોવા જોઈએ, (૨) મૂલગુણ અને ઉત્તરગુણોની આરાધનામાં તત્પર હોવા જોઈએ, (૩) જિનવચન પ્રત્યે બહુમાન હોવાના કારણે પ્રવચનના અત્યંત અનુરાગી હોવા જોઈએ, (૪) ચરણ કરણાનુયોગ વગેરે અનેક પ્રકારના સ્વશાસ્ત્રની તે તે ઉપાયોથી પ્રરૂપણા કરનારા હોવા જોઈએ, (૫) ઉંમરથી અને વ્રતોથી પરિણત ★ હોવા જોઈએ, (૬) બહુ - બહુવિધને ગ્રહણ કરનારી તીવ્રબુદ્ધિવાળા હોવા જોઈએ. આવા ગુરુવડે સમજાવાતો અર્થ ક્યારે ય વિપરીત ભાવને પામતો નથી, અર્થાત્ આવા ગુરુ શાસ્ત્રનો સાચો અર્થ કરે , ખોટો અર્થ ન કરે. આથી અહીં વિશેષથી ગુરુનું સ્વરૂપ કહ્યું.** (૮૫૨)

(૫) (तत्त्ववेदी) હમણાં કહ્યું તેવા ગુરુની પાસે આગમનું રહસ્ય જાણ્યું હોવાના કારણે જ આગમનું રહસ્ય જાણનારા બીજાઓની અપેક્ષાએ અધિક બોધવાળા હોય અને એથી જીવાદિ તત્ત્વોના વિશિષ્ટ જ્ઞાતા હોય, (૬) (उपशान्तः)

• ચારિત્રનું ખંડન આંશિક અને સંપૂર્ણ (= સર્વથા) એમ બે પ્રકારે થાય. તેમાં અહીં સંપૂર્ણ ચારિત્રનું ખંડન ન કર્યું હોય એવો અર્થ સમજવો. કારણ કે આંશિક ખંડન = અતિચાર પણ બિલકુલ ન થાય એ અસંભવ છે. એટલે અતિક્રમ, વ્યતિક્રમ, અતિચાર અને અનાચાર એ ચારમાંથી અનાચાર અર્થમાં ખંડન શબ્દનો પ્રયોગ સમજવો જોઈએ. અથવા કોઈ મોટી ગંભીર ભૂલ ન કરી હોય એવો અર્થ સમજવો જોઈએ.

★ વયથી પરિણત એટલે પ્રૌઢ - ગંભીર. વ્રતથી પરિણત એટલે વ્રતો આત્મસાત્ થઈ ગયા હોય તેવા.

મન-વચન-કાયાના વિકારથી રહિત હોય, (૭) (प्रवचनवत्सलः) શ્રમણની પ્રધાનતાવાળા સાધુ - સાધ્વી - શ્રાવક - શ્રાવિકારૂપ ચતુર્વિધ સંઘનું યથાયોગ્ય વાત્સલ્ય કરનારા હોય, (૮) (सत्त्वहितरतः) હિત કરવાના તે તે જુદા જુદા ઉપાયો કરીને સામાન્યથી સર્વ જીવોનું પ્રિય કરવામાં તત્પર હોય, (૯) (आदेयः) જેનું વચન બીજાઓ સ્વીકારી લે તેવા ( = માનનીય) હોય, (૧૦) (अनुवर्तकः) જુદા જુદા સ્વભાવવાળા જીવોમાં બીજા ગુણોનું આરોપણ કરવાની બુદ્ધિથી અનુકૂલ સ્વભાવવાળા હોય, (૧૧) (गम्भीरः) રાગ - દ્વેષ વગેરે અવસ્થામાં પણ જેનું હૃદય કળી ન શકાય તેવા હોય, અર્થાત્ રાગ - દ્વેષ વગેરેના પ્રસંગમાં પણ જે રાગ - દ્વેષને આધીન ન બને તેવા હોય, (૧૨) (अविषादी) પરીષહ આદિથી પરાભવ પામવા છતાં શરીરરક્ષા આદિ માટે જે દીનતા ન કરે તેવા હોય, (૧૩) (उपशमलब्ध्यादिसंपन्नः) ઉપશમલબ્ધિ, ઉપકરણલબ્ધિ અને સ્થિરહસ્ત લબ્ધિ એ ત્રણ લબ્ધિથી યુક્ત હોય. ઉપશમલબ્ધિ એટલે બીજાને શાંત કરવાનું સામર્થ્ય. ઉપકરણલબ્ધિ એટલે સંયમમાં ઉપકારક વસ્ત્ર - પાત્ર આદિ વસ્તુને મેળવવાની શક્તિ. સ્થિરહસ્તલબ્ધિ એટલે બીજાઓને વ્રતપાલન આદિમાં સ્થિર કરવાની શક્તિ. (૧૪) (प्रवचनार्थवक्ता -) આગમના અર્થને યથાવસ્થિત ( = જે પ્રમાણે અર્થ થતો હોય તે પ્રમાણે) કહે, (૧૫) (स्वगुर्वनुज्ञातगुरुपदः) જેને પોતાના ગચ્છનાયકે આચાર્યપદે સ્થાપિત કર્યા હોય. આટલા ગુણો ગુરુમાં હોવા જોઈએ.

અહીં દીક્ષાને યોગ્ય જીવના સોળ ગુણો કહ્યા અને ગુરુના પંદર ગુણો કહ્યા. (૪)

उत्सर्गपक्षश्चायम्, अथात्रैवापवादमाह–

## पादार्द्धगुणहीनौ मध्यमा-ऽवरौ ॥५॥२३१॥ इति ।

**पादेन** चतुर्थभागेन **अर्द्धेन** च प्रतीतरूपेण प्रस्तुत**गुणानां हीनौ** न्यूनौ प्रव्राज्य-प्रव्राजकौ **मध्यमा-ऽवरौ** मध्यम-जघन्यौ क्रमेण योग्यौ स्यातामिति ॥५॥

**દીક્ષાને યોગ્ય જીવના સોળ ગુણો અને ગુરુના પંદર ગુણો કહ્યા એ ઉત્સર્ગ પક્ષ છે. હવે અહીં જ અપવાદને કહે છે :-**

**ચોથા ભાગના અને અર્ધા ભાગના ગુણો જેનામાં ઓછા હોય તે અનુક્રમે મધ્યમ અને જઘન્ય યોગ્ય છે.** પૂર્વે દીક્ષાને યોગ્ય જીવના જેટલા ગુણો કહ્યા છે

તેટલા બધાય ગુણો જેનામાં હોય તે જીવ ઉત્કૃષ્ટ યોગ્ય છે. તે ગુણોમાંથી ચોથા ભાગના ઓછા ગુણો જેનામાં હોય તે મધ્યમ યોગ્ય છે, અર્ધા ભાગના ઓછા ગુણો જેનામાં હોય તે જઘન્ય યોગ્ય છે. એ જ રીતે ગુરુ વિષે પણ જાણવું. (૫)

अथैतस्मिन्नेवार्थे परतीर्थिकमतानि दश स्वमतं चोपदर्शयितुमिच्छुः **'नियम एवायमिति वायुः'** इत्यादिकं **'भवन्ति अल्पा अपि गुणाः कल्याणोत्कर्षसाधकाः'** इत्येतत्पर्यन्तं सूत्रकदम्बकमाह–

**नियम एवायमिति वायुः ॥६॥२३२॥ इति।**

**नियम एव** अवश्यम्भाव एव **अयं** यदुत परिपूर्णगुणो योग्यो नापरः पादप्रमाणादिहीनगुणः स्या**दित्येवं वायुः वायु**नामा प्रवादिविशेषः, प्राहेति सर्वत्र क्रिया गम्यते ॥६॥

**હવે આ જ વિષયમાં અન્ય દર્શનકારોના દશ મતો અને પોતાનો મત બતાવવાની ઈચ્છાવાળા ગ્રંથકાર સોળ સૂત્રો કહે છે :-**

**નિયમ જ છે કે આ યોગ્ય છે એમ વાયુ કહે છે.** સંપૂર્ણ ગુણોથી યુક્ત હોય તે જ દીક્ષા લેવાને અને દીક્ષા આપવાને યોગ્ય છે. ચોથાભાગના ઓછા ગુણવાળો વગેરે યોગ્ય નથી, એમ વાયુ નામના વાદીનું કહેવું છે. (૬)

कुत इत्याह–

**समग्रगुणसाध्यस्य तदर्द्धभावेऽपि तत्सिद्ध्यसम्भवाद् ॥७॥२३३॥ इति।**

**समग्रगुणसाध्यस्य** कारणरूपसमस्तगुणनिष्पाद्यस्य कार्यस्य **तदर्द्धभावेऽपि** तेषां गुणानामर्द्धभावे उपलक्षणत्वात् पादहीनभावे च **तत्सिद्ध्यसम्भवात्, तस्माद्** गुणार्द्धात् पादोनगुणभावाद्वा या **सिद्धिः** निष्पत्तिः तस्या **असम्भवाद्** अघटनात्, अन्यथा कार्यकारणव्यवस्थोपरमः प्रसज्यत इति ॥७॥

**સંપૂર્ણગુણોથી યુક્ત હોય તે જ યોગ્ય કેમ છે તે કહે છે:-**

**કારણકે સંપૂર્ણ ગુણોથી સાધ્ય કાર્ય અર્ધા ગુણો હોય તો પણ સિદ્ધ ન થઈ શકે.** જે કાર્ય કારણરૂપ સમસ્તગુણોથી થઈ શકે તેમ હોય તે કાર્ય અર્ધાગુણોથી કે ચોથાભાગહીન ગુણોથી પણ ન થઈ શકે. જો સંપૂર્ણ ગુણોથી સાધ્ય કાર્ય ઓછા ગુણોથી સિદ્ધ થઈ જાય તો કાર્ય - કારણભાવની વ્યવસ્થા અટકી જવાનો પ્રસંગ

આવે. (૭)

## नैतदेवमिति वाल्मीकिः ॥८॥२३४॥ इति ।

**न** नैव **एतत्** वायूक्त**मिति** एतत् प्राह **वाल्मीकिः** वल्मीकोद्भवः ऋषिविशेषः ॥८॥

**વાયુ નામાના વાદીએ જે કહ્યું તે યોગ્ય નથી એમ વાલ્મીકિ ઋષિનું કહેવું છે.** આ ઋષિ વલ્મીકમાંથી (= રાફડામાંથી) ઉત્પન્ન થયા છે. (૮)

कुत इत्याह–

## निर्गुणस्य कथञ्चित्तद्गुणभावोपपत्तेः ॥९॥२३५॥ इति ।

**निर्गुणस्य** सतो जीवस्य **कथञ्चित्** केनापि प्रकारेण स्वगतयोग्यताविशेषलक्षणेन प्रथमं **तद्गुणभावोपपत्तेः** तेषां समग्राणां प्रव्राज्यगुणानां प्रव्राजकगुणानां वा **भावोपपत्तेः** घटनासम्भवात्, तथाहि- यथा निर्गुणोऽपि सन् जन्तुर्विशिष्टकार्यहेतून् प्रथमं गुणान् लभते तथा यदि तद्गुणाभावेऽपि **कथञ्चिद्**विशिष्टमेव कार्यं लप्स्यते तदा को नाम विरोधः स्यात् ?, दृश्यते च दरिद्रस्यापि कस्यचिदकस्मादेव राज्यादिविभूतिलाभ इति ॥ ९ ॥

**વાયુનું કહેવું કેમ ઠીક નથી તે કહે છે :-**

**કારણકે ગુણો ન હોવા છતાં સંપૂર્ણ ગુણો ઉત્પન્ન થઈ શકે છે.** ગુણરહિત જીવને પોતાનામાં રહેલી તેવી યોગ્યતાથી દીક્ષા લેવાને યોગ્ય કે દીક્ષા આપવાને યોગ્ય સંપૂર્ણ ગુણોની પ્રાપ્તિ થઇ શકે છે. તે આ પ્રમાણે:- જેવી રીતે ગુણ રહિત પણ જીવ પહેલાં વિશિષ્ટકાર્યના હેતુ એવા ગુણોને પામે છે, તેવી રીતે જો સંપૂર્ણ ગુણો ન હોય તો પણ કોઇ પણ રીતે વિશિષ્ટ જ કાર્યને પામે તો તેમાં કયો વિરોધ થાય? અર્થાત્ ન થાય. કોઇક દરિદ્રને પણ ઓચિંતો જ થઇ જતો રાજ્યાદિ વૈભવનો લાભ પ્રત્યક્ષ જોવામાં આવે છે. (૯)

## अकारणमेतदिति व्यासः ॥१०॥२३६॥ इति।

**अकारणम्** अप्रयोजनं निष्फलमित्यर्थः **एतद्** वाल्मीकिनिरूपितं वाक्यम् इत्येतद् ब्रूते **व्यासः कृष्णद्वैपायनः** ॥१०॥

**વાલ્મીકિનું કથન નિષ્ફળ છે એમ વ્યાસઋષિ કહે છે.**

વ્યાસઋષિનું બીજુ નામ કૃષ્ણ દ્વૈપાયન છે. (૧૦)

कुत इत्याह–

**गुणमात्रासिद्धौ गुणान्तरभावनियमाभावात् ॥११॥२३७॥ इति ।**

**गुणमात्रस्य** स्वाभाविकस्य तुच्छस्यापि गुणस्य प्रथमम**सिद्धौ** सत्यां **गुणान्तरस्य** अन्यस्य गुणविशेषस्य **भावः** उत्पादः गुणान्तरभावः, तस्य **नियमाद्** अवश्यन्तया **अभावाद्** असत्त्वात्, स्वानुरूपकारणपूर्वको हि कार्यव्यवहारः, यतः पठ्यते -

नाकारणं भवेत् कार्यम्, नान्यकारणकारणम्।
अन्यथा न व्यवस्था स्यात् कार्यकारणयोः क्वचित् ॥१५१॥ (            )

**नान्यकारणकारण**मिति **न** नैव अन्यस्य आत्मव्यतिरिक्तस्य कारणमन्यकारणम्, अन्यकारणं कारणं यस्य तत् तथा, पटादेः कारणं सूत्रपिण्डादिर्घटादेः कारणं न भवति इति भाव ॥११॥

**વાલ્મીકિનું કથન નિષ્ફળ શાથી થાય છે તે કહે છે :-**

**કારણકે જો પહેલાં સ્વાભાવિક અલ્પ પણ (= સામાન્ય પણ) ગુણ ન હોય તો અન્ય વિશેષ ગુણોની ઉત્પત્તિ અવશ્ય ન થાય.** કાર્યને અનુરૂપ કારણ પૂર્વક જ કાર્યનો વ્યવહાર થાય છે, અર્થાત્ કાર્યની પૂર્વે કાર્યને અનુરૂપ કારણ હાજર હોય તો જ કાર્ય થાય. કારણકે કહ્યું છે કે **"કારણ વિના કાર્ય ન થાય, કાર્યના પોતાનાં કારણોથી અન્ય જે કારણો તે કારણોથી પણ કાર્ય ન થાય. જેમ કે-પટનાં સૂત્રપિંડ વગેરે કારણોથી ઘટરૂપ કાર્ય ન થાય. કારણ વિના પણ કાર્ય થાય, અથવા અન્ય કારણોથી પણ જો કાર્ય થાય તો ક્યાંય કાર્ય - કારણની વ્યવસ્થા ન રહે."** (૧૧)

**नैतदेवमिति सम्राट् ॥१२॥२३८॥ इति।**

**नैतदेव**मिति प्राग्वत् **सम्राट्** राजर्षिविशेषः प्राह ॥१२॥

**વ્યાસનું આ કથન બરાબર નથી એમ સમ્રાટ કહે છે.**

સમ્રાટ કોઈ રાજર્ષિ છે. (૧૨)

कुत इत्याह–

**सम्भवादेव श्रेयस्त्वसिद्धेः ॥१३॥२३९॥ इति ।**

**सम्भवादेव** योग्यत्वादेव, न पुनर्गुणमात्रादेव केवलात् सम्भवविकलात्, **श्रेयस्त्वसिद्धेः** सर्वप्रयोजनानां श्रेयोभावनिष्पत्तेः, इदमुक्तं भवति– गुणमात्रे सत्यपि यावदद्यापि प्रव्राज्यादिर्जीवो विवक्षितकार्यं प्रति योग्यतां न लभते न तावत्तत्तेनारब्धमपि सिध्यति, अनधिकारित्वात्तस्य, अनधिकारिणश्च सर्वत्र कार्ये प्रतिषिद्धत्वात्, अतो योग्यतैव सर्वकार्याणां श्रेयोभावसम्पादिकेति ॥१३॥

**વ્યાસનું કથન બરાબર શાથી નથી તે કહે છે :-**

**કારણકે સર્વકાર્યોના • કલ્યાણભાવની = પૂર્ણતાની સિદ્ધિ યોગ્યતાથી જ થાય છે, નહિ કે યોગ્યતાથી રહિત માત્ર ગુણોથી જ.** અહીં ભાવાર્થ આ પ્રમાણે છેઃ- માત્ર ગુણો હોય તો પણ પ્રવ્રજ્યા લેનાર વગેરે જીવ જ્યાં સુધી વિવક્ષિત (= દીક્ષા વગેરે) કાર્ય પ્રત્યે યોગ્યતાને ન પામે ત્યાં સુધી તેના વડે શરૂ કરાયેલું પણ કાર્ય સિદ્ધ ન થાય. કારણકે તે અધિકારી બન્યો નથી. અનધિકારીને સર્વ સ્થળે સર્વ કાળે કોઈ પણ કાર્યમાં પ્રતિષેધ કર્યો છે. આથી યોગ્યતાથી જ સર્વકાર્યોના કલ્યાણભાવને = પૂર્ણતાને પામે છે. (૧૩)

## यत्किञ्चिदेतदिति नारदः ॥१४॥२४०॥ इति।

**यत्किञ्चित्** न किञ्चिदित्यर्थः **एतत् सम्राडु**क्तमिति **नारदो** वक्ति ॥१४॥

સમ્રાટનું કથન બરાબર નથી એમ નારદમુનિ કહે છે. (૧૪)

कुत इत्याह–

## गुणमात्राद् गुणान्तरभावेऽप्युत्कर्षायोगात् ॥१५॥२४१॥ इति।

**गुणमात्रात्** योगयतामात्ररूपात् **गुणान्तरस्य** तथाविधस्य **भावेऽप्युत्कर्षायोगात्** उत्कृष्टानां गुणानामसम्भवात्, अन्यथा योग्यतामात्रस्य प्रायेण सर्वप्राणिनां सम्भवादुत्कृष्टगुणप्रसङ्गेन न कश्चित् सामान्यगुणः स्यात्, अतो विशिष्टैव योग्यता गुणोत्कर्षसाधिकेति सिद्धमिति ॥१५॥

• सर्वप्रयोजनानां श्रेयोभावनिष्पत्तेः એ સ્થળે श्रेयोभाव શબ્દનો શબ્દાર્થ શ્રેયપણું (= કલ્યાણભાવ) એવો થાય, પણ ભાવાર્થ તો પૂર્ણતા થાય. सर्वप्रयोजनानां એટલે સર્વકાર્યોનું. સર્વકાર્યોનું શ્રેયપણું શું ? સર્વકાર્યો પૂર્ણ થાય એ જ સર્વકાર્યોનું શ્રેયપણું છે. આથી શ્રેયપણાનો ભાવાર્થ પૂર્ણતા છે. માટે અનુવાદમાં श्रेयोभाव શબ્દનો ભાવાર્થ પૂર્ણતા કર્યો છે.

**સમ્રાટનું કથન શાથી બરાબર નથી તે કહે છે :-**

**કારણકે તેવા પ્રકારના અન્ય ગુણો હોવા છતાં તે ગુણો કેવળ યોગ્યતાથી ઉત્કૃષ્ટ બનતા નથી.** અન્યથા (= કેવળ યોગ્યતાથી ગુણો ઉત્કૃષ્ટ બનતા હોયતો) કેવળ યોગ્યતાનો પ્રાયઃ સર્વ જીવોમાં સંભવ હોવાથી ઉત્કૃષ્ટ ગુણોનો પ્રસંગ આવે, અને એથી કોઈ પણ જીવ સામાન્ય ગુણવાળો ન રહે. આથી વિશિષ્ટ જ યોગ્યતા ગુણના ઉત્કર્ષને સાધનારી છે એ સિદ્ધ થયું. (૧૫)

## सोऽप्येवमेव भवतीति वसुः ॥१६॥२४२॥ इति।

**सोऽपि** गुणोत्कर्षः, किं पुनर्गुणमात्राद् गुणान्तसिद्धिरित्यपिशब्दार्थः, **एवमेव** पूर्वगुणानामुत्तरोत्तरगुणारम्भकत्वेन **भवति** निष्पद्यते, निर्बीजस्य कस्यचित् कार्यस्य कदाचिदप्यभावादित्येतद् **वसुः** समयप्रसिद्धो राजविशेषो निगदति, एष च मनाग् **व्यास**मतानुसारीति ॥१६॥

**જે પ્રમાણે સામાન્યગુણથી અન્યગુણોની સિદ્ધિ થાય છે તે જ પ્રમાણે ગુણોનો ઉત્કર્ષ પણ થાય છે એમ વસુ કહે છે.** કારણકે પૂર્વના ગુણો પછીના ગુણોનો આરંભ કરે છે. બીજ રહિત કોઇ પણ કાર્ય ક્યારે પણ થતું નથી. આ પ્રમાણે વસુ કહે છે. વસુ એ શાસ્ત્રોમાં પ્રસિદ્ધ કોઇ રાજા છે. વસુ કંઇક વ્યાસ મુનિના મતને અનુસરે છે.

ગુણોનો ઉત્કર્ષ પણ થાય છે એ સ્થળે'પણ' શબ્દનો અર્થ આ પ્રમાણે છેઃ- સામાન્યગુણથી ગુણોનો ઉત્કર્ષ પણ થાય છે, તો અન્ય ગુણોની સિદ્ધિ થાય એમાં શું કહેવું ? (૧૬)

## अयुक्तं कार्षापणधनस्य तदन्यविढपनेऽपि कोटिव्यवहारारोपणमिति क्षीरकदम्बः ॥१७॥२४३॥ इति ।

**अयुक्तम्** अघटमानकं **कार्षापणधनस्य** अतिजघन्यरूपकविशेषसर्वस्वस्य व्यवहारिणो लोकस्य **तदन्यविढपनेऽपि, तस्मात्** कार्षापणा**दन्येषां** कार्षापणादीनां **विढपने** उपार्जने किं पुनस्तदन्याविढपने **इत्यपि**शब्दार्थः, **कोटिव्यवहारारोपणं** कोटिप्रमाणानां दीनारादीनां व्यवहारे आत्मन आरोपणमिति, यतोऽतिबहुकालसाध्योऽयं व्यवहारः, न च तावन्तं कालं व्यवहारिणां जीवितं सम्भाव्यते। एवं च **क्षीरकदम्ब - नारदयोर्न** कश्चिन्मतभेदो यदि

परं वचनकृत एवेति ॥१७॥

**જેમની પાસે એક રૂપિયો છે તેવા વેપારીઓ એક રૂપિયામાંથી અન્ય રૂપિયા મેળવે તો પણ તે વેપારીઓ પોતે ક્રોડાધિપતિ છે એવો વ્યવહાર કરે તો તે યોગ્ય નથી એમ ક્ષીરકદંબક કહે છે.** કારણકે (ક્રોડરૂપિયા મેળવતાં ઘણો સમય લાગે એથી) ક્રોડાધિપતિ તરીકેનો વ્યવહાર અતિશય ઘણા કાળ પછી થઈ શકે અને તેટલા કાળ સુધી વેપારીઓ જીવે તે સંભવ નથી.

આ પ્રમાણે ક્ષીરકદંબક અને નારદ એ બેની વચ્ચે (તાત્ત્વિક) કોઇ મતભેદ નથી, માત્ર બોલવામાં જ મતભેદ છે.

અહીં ''અન્ય રૂપિયા મેળવે તો પણ'' એ સ્થળે પણ શબ્દનો અર્થ આ પ્રમાણે છેઃ- અન્ય રૂપિયા મેળવે તો પણ તે વેપારીઓ પોતાને ક્રોડાધિપતિ તરીકે માને તે યોગ્ય નથી, તો પછી અન્ય રૂપિયા ન મેળવે તો તો સુતરાં યોગ્ય નથી. (૧૭)

## न दोषो योग्यतायामिति विश्वः ॥१८॥२४४॥ इति।

**न** नैव **दोषः** अघटनालक्षणः कश्चित् **योग्यतायां** कार्षापणधनस्यापि तथाविधभाग्योदयात् प्रतिदिनं शतगुणसहस्रगुणादिकार्षापणोपार्जनेन कोटिव्यवहारा-रोपणोचितत्वलक्षणायाम्, श्रूयन्ते च केचित् पूर्वं तुच्छव्यवहारा अपि तथाविधभाग्यवशेन स्वल्पेनैव कालेन कोटिव्यवहारमारूढा इत्येतत् **विश्वो** विश्वनामा प्रवादी प्राहेति. अयं च मनाक् **सम्राण्**मतमनुसरतीति ॥१८॥

**ક્ષીરકદંબકે કહેલો દોષ જો યોગ્યતા હોય તો રહેતો નથી એમ વિશ્વ કહે છે.** કારણકે એક રૂપિયાવાળા વેપારીમાં પણ તેવા પ્રકારના ભાગ્યોદયથી દરરોજ સોગણા કે હજારગણા વગેરે પ્રમાણમાં રૂપિયા મેળવીને ક્રોડાધિપતિ તરીકેનો વ્યવહાર થાય તેવી યોગ્યતા હોય તો પૂર્વે ક્ષીરકદંબકે ''ક્રોડાધિપતિ તરીકેનો વ્યવહાર ન ઘટે'' એમ જે દોષ કહ્યો હતો તે દોષ રહેતો નથી. કેટલાક પૂર્વે સામાન્ય વેપારી હોય, પણ તેવા પ્રકારના ભાગ્યના કારણે થોડા જ કાળમાં ક્રોડાધિપતિ બની ગયા એમ સંભળાય છે. આ પ્રમાણે વિશ્વ નામનો વાદી કહે છે. આ વાદી કંઇક સમ્રાટના મતને અનુસરે છે. (૧૮)

## अन्यतरवैकल्येऽपि गुणबाहुल्यमेव सा तत्त्वत इति सुरगुरुः ॥१९॥२४५॥ इति।

**अन्यतरस्य** कस्यचिद् गुणस्य **वैकल्येऽपि,** किं पुनरवैकल्ये इत्यपिशब्दार्थः, **गुणबाहुल्यमेव** गुणभूयस्त्वमेव **सा** पूर्वसूत्रसूचिता योग्यता **तत्त्वतः** परमार्थवृत्त्या वर्तते, अतो न पादगुणहीनादिचिन्ता कार्येत्येतत् **सुरगुरुः बृहस्पतिरु**वाचेति ॥१९॥

**કોઈ પણ ગુણની ન્યૂનતા હોય તો પણ પરમાર્થથી ગુણબાહુલ્ય જ= ઘણા ગુણો હોય એ જ પૂર્વેના સૂત્રમાં સૂચિત કરેલી યોગ્યતા છે. આથી "ચોથા ભાગના ઓછા ગુણો જેનામાં હોય તે મધ્યમ યોગ્ય છે" ઈત્યાદિ વિચારણા કરવાની જરૂર નથી. આમ બૃહસ્પતિએ કહ્યું છે.**

''ન્યૂનતા હોય તો પણ'' એ સ્થળે પણ શબ્દનો અર્થ આ પ્રમાણે છે :- કોઈક ગુણની ન્યૂનતા હોય તો પણ પરમાર્થથી ગુણબાહુલ્ય જ યોગ્યતા છે, તો પછી કોઈક ગુણની ન્યૂનતા ન હોય તો યોગ્યતા છે એમાં શુ કહેવું ? (૧૯)

## सर्वमुपपन्नमिति सिद्धसेनः ॥२०॥२४६॥ इति ।

समस्तेष्वपि धर्मार्थकाममोक्षव्यवहारेषु पुरुषपराक्रमसाध्येषु विषये यद् यदा **उपपन्नं** घटमानं निमित्ततया बुद्धिमद्भिरुत्प्रेक्ष्यते तत् सर्वमखिलं सेत्यनुवर्तते उपपन्नत्वस्य योग्याताया अभिन्नत्वा**दिति सिद्धसेनो** नीतिकारः शास्त्रकृद्विशेषो जगाद ॥२०॥

**ઘટતું બધુંય યોગ્યતા છે એમ સિદ્ધસેન કહે છે.** બુદ્ધિમાન પુરુષો પુરુષના પરાક્રમથી સાધી શકાય તેવા ધર્મ, અર્થ, કામ અને મોક્ષ સંબંધી બધાય વ્યવહારોમાં જ્યારે જેને નિમિત્ત તરીકે ઘટતું કલ્પે છે ત્યારે તે બધું યોગ્યતા છે. કારણકે ઘટવું (= સંગત થવું) અને યોગ્યતા એ બંને એક જ છે. આ પ્રમાણે સિદ્ધસેને કહ્યું છે. સિદ્ધસેન કોઈક શાસ્ત્રકાર છે. તેમણે નીતિશાસ્ત્રની રચના કરી છે. (૨૦)

इत्थं दश परतीर्थिकमतान्युपदर्श्य स्वमतमुपदर्शयन्नाह–

## भवन्ति त्वल्पा अपि असाधारणा गुणाः कल्याणोत्कर्षसाधका इति ॥२१॥२४७॥

**भवन्ति** न न भवन्ति, **तुः** पूवमतेभ्योऽस्य वैशिष्ट्यख्यापनार्थः, **अल्पा अपि** परिमिता अपि, किं पुनरनल्पा **इत्यपि**शब्दार्थः, **गुणा** आर्यदेशोत्पन्नतादयः **असाधारणाः** सामान्यमानवेष्वसम्भवतः **कल्याणोत्कर्षसाधकाः** प्रव्रज्याद्युत्कृष्टकल्याणनिष्पादकाः, असाधारणगुणानां नियमादितरगुणाकर्षणावन्ध्यकारणत्वादिति युक्तमुक्तमादौ यदुत

**पादार्द्धगुणहीनौ मध्यमावरौ** योग्यविति। अत्र वायु-वाल्मीकि-व्यास-सम्राड्-नारद–वसु-क्षीरकदम्बमतानां कस्यचित् केनापि संवादेऽप्यन्यतरेण निराक्रियमाणत्वादनादरणीयतैव, विश्व-सुरगुरु-सिद्धसेनमतेषु च यद्यसाधारणगुणानादरणे योग्यताङ्गीक्रियते तदा न सम्यक्, तस्याः परिपूर्णकार्यासाधकत्वात्, अथान्यथा तदाऽस्मन्मतानुवाद एव तैः शब्दान्तरेण कृतः स्यात्, न पुनः स्वमतस्थापनं किञ्चित् इति ॥२१॥

**આ પ્રમાણે અન્ય દર્શનકારોના દશ મતો બતાવીને પોતાનો મત બતાવતા ગ્રંથકાર કહે છે :-**

**થોડા પણ અસાધારણ ગુણો ઉત્કૃષ્ટ કલ્યાણને સાધનારા બને છે.** સામાન્ય મનુષ્યમાં ન હોય તેવા આર્યદેશમાં જન્મ વગેરે અસાધારણ ગુણો થોડા હોય તો પણ દીક્ષા વગેરે ઉત્કૃષ્ટ કલ્યાણ કરનારા બને છે. કારણકે અસાધારણ ગુણો અવશ્ય અન્ય ગુણોને ખેંચી લાવે છે. આથી ચોથાભાગના ઓછા ગુણો જેનામાં હોય તે મધ્યમ યોગ્ય છે, અને અર્ધા ગુણો જેનામાં હોય તે જઘન્ય યોગ્ય છે, એમ જે પહેલાં કહ્યું છે તે યોગ્ય કહ્યું છે.

અહીં વાયુ, વાલ્મીકિ, વ્યાસ, સમ્રાટ, નારદ, વસુ અને ક્ષીરકદંબકના મતોમાંથી કોઇક મત કોઇક મતના સાથે સંવાદવાળો છે, આમ છતાં તે મતોનું બીજા કોઇ મત વડે ખંડન કરાતું હોવાથી તે મતો આદરણીય નથી જ. વિશ્વ, સુરગુરુ અને સિદ્ધસેનના મતોમાં જો અસાધારણ ગુણોનો અનાદર કરીને યોગ્યતા સ્વીકારાતી હોય તો બરોબર નથી. કારણકે યોગ્યતા પરિપૂર્ણ કાર્યને સાધનારી બનતી નથી. હવે જો અસાધારણગુણોનો આદર કરીને યોગ્યતા સ્વીકારાતી હોય તો તેમણે બીજા શબ્દોથી અમારા મતનો અનુવાદ જ કર્યો છે, પણ પોતાના મતનું જરા પણ સ્થાપન કર્યું નથી. (૨૧)

इत्युक्तौ प्रव्राज्य-प्रव्राजकौ, अधुना प्रव्रज्यादानविधिमभिधित्सुराह–

**उपस्थितस्य प्रश्ना-ऽऽचारकथन-परीक्षादिर्विधिः ॥२२॥२४८॥ इति ।**

**उपस्थितस्य** स्वयं प्रव्रज्यां ग्रहीतुं समीपमागतस्य, प्रश्नश्च आचारकथनं च परीक्षा च **प्रश्नाचारकथनपरीक्षाः** ता आदिर्यस्य स तथा, **आदि**शब्दात् कण्ठतः सामायिकादिसूत्रप्रदानतथाविधानुष्ठानाभ्यासग्रहः, **विधिः** क्रमः प्रव्रज्याप्रदाने पूर्वसूत्रसूचित एषः, इदमुक्तं भवति- सद्धर्मकथाक्षिप्ततया प्रव्रज्याभिमुख्यमागतो भव्यजन्तुः पृच्छनीयः

यथा 'को वत्स! त्वम्, किंनिमित्तं वा प्रव्रजसि?' ततो यद्यसौ कुलपुत्रकः **तगरानगरा**दिसुन्दरक्षेत्रोत्पन्नः 'सर्वाशुभोद्भवभवव्याधिक्षयनिमित्तमेवाहं भगवन्! प्रव्रजितुमुद्यतः' इत्युत्तरं कुरुते तदाऽसौ प्रश्नशुद्धः। ततोऽस्य 'दुरनुचरा प्रव्रज्या कापुरुषाणाम्, आरम्भनिवृत्तानां पुनरिह परभवे च परमः कल्याणलाभः, तथा यथैव जिनानामाज्ञा सम्यगाराधिता मोक्षफला तथैव विराधिता संसारफलदुःखदायिनी, तथा यथा कुष्ठादिव्याधिमान् क्रियां प्राप्तकालां प्रतिपद्यापथ्यमासेवमानो अप्रवृत्तादधिकं शीघ्रं च विनाशमाप्नोति एवमेव भावक्रियां संयमरूपां कर्मव्याधिक्षयनिमित्तं प्रपद्य पश्चादसंयमापथ्यसेवी अधिकं कर्म समुपार्जयति' इत्येवं तस्य साध्वाचारः कथनीय इति २। एवं कथितेऽपि साध्वाचारे निपुणमसौ परीक्षणीयः, यतः -

असत्याः सत्यसङ्काशाः, सत्याश्चासत्यसन्निभाः।
दृश्यन्ते विविधा भावास्तस्माद्युक्तं परीक्षणम् ॥१५२॥
(महाभारते शान्तिपर्वणि १२/११२/६१)

अतथ्यान्यपि तथ्यानि, दर्शयन्त्यतिकौशलाः ।
चित्रे निम्नोन्नतानीव चित्रकर्मविदो जनाः ॥१५३॥ (महाभारते अनुशासनपर्वणि)

परीक्षा च सम्यक्त्व-ज्ञान-चारित्रपरिणतिविषया तैस्तैरुपायैर्विधेया, परीक्षाकालश्च प्रायतः षण्मासाः, तथाविधपात्रापेक्षया तु अल्पो बहुश्च स्यात् ३। तथा सामायिकसूत्रम् अकृतोपधानस्यापि कण्ठतो वितरणीयम्, अन्यदपि सूत्रं पात्रतामपेक्ष्याध्यापयितव्यः ॥२२॥

**આ પ્રમાણે દીક્ષા લેનાર અને દીક્ષા આપનારનું વર્ણન કર્યું, હવે દીક્ષા આપવાની વિધિને કહેવાની ઈચ્છાવાળા ગ્રંથકાર કહે છેઃ-**

**દીક્ષા લેવા માટે સ્વયં પાસે આવેલા જીવને પૂછવું, આચારો કહેવા, પરીક્ષા કરવી, સામાયિક વગેરે સૂત્રો આપવા, તેવા પ્રકારના અનુષ્ઠાનોનો અભ્યાસ** ***કરાવવો એ દીક્ષા આપવાની વિધિ છે.*** *પૂર્વસૂત્રમાં (આ અધ્યાયના બીજા સૂત્રમાં)* સૂચિત કરેલ વિધિ અહીં બતાવવામાં આવેલ છે.

અહીં ભાવાર્થ આ પ્રમાણે છેઃ- સદ્ધર્મના ઉપદેશથી આકર્ષાઈને પ્રવ્રજ્યાની સન્મુખ થયેલા જીવને પૂછવું કે હે વત્સ! તું કોણ છે? તું શા માટે દીક્ષા લે છે? પછી જો તે ઉત્તર આપે કે- હું કુલીન પુત્ર છું, તગરાનગરી વગેરે સુંદર ક્ષેત્રમાં ઉત્પન્ન થયેલો છું, હે ભગવંત! સર્વ અશુભ (રાગાદિ દોષો અને કર્મો) થી થયેલ ભવરૂપી વ્યાધિનો નાશ કરવા માટે જ હું દીક્ષા લેવા માટે તત્પર થયો છું, તો તે પ્રશ્નશુદ્ધ

છે.

પછી તેને સાધુના આચાર વિષે કહેવું. તે આ પ્રમાણેઃ- કાયર પુરુષો માટે દીક્ષાનું પાલન દુષ્કર છે, પણ આરંભથી નિવૃત્ત થયેલાઓને દીક્ષાથી આ ભવમાં અને પરભવમાં કલ્યાણનો પરમ લાભ થાય છે. તથા જેવી રીતે સારી રીતે આરાધેલી જિનાજ્ઞા મોક્ષરૂપી ફલવાળી થાય છે, તેવી જ રીતે વિરાધેલી જિનાજ્ઞા સંસારરૂપ ફલવાળી થાય છે, અને એથી દુઃખ આપનારી થાય છે. તથા જેવી રીતે કુષ્ઠ વગેરે વ્યાધિવાળો પુરુષ અવસરને ઉચિત ઉપચારનો સ્વીકાર કરીને અપથ્યનું સેવન કરે તો ઉપચાર ન કરાવનાર પુરુષ કરતાં જલદી અને અધિક વિનાશને (= અનર્થને) પામે છે, એ જ પ્રમાણે કર્મરૂપી વ્યાધિનો નાશ કરવા માટે સંયમરૂપ ઉપચારનો સ્વીકાર કર્યા પછી અસંયમ રૂપ અપથ્યનું સેવન કરનાર અધિક કર્મનું ઉપાર્જન કરે છે. આ પ્રમાણે તેને સાધુના આચાર વિષે કહેવું.

આ પ્રમાણે સાધુના આચાર વિષે કહ્યા પછી સારી રીતે તેની પરીક્ષા કરવી. કારણ કે - **"અસત્ય પદાર્થો સત્ય જેવા અને સત્ય પદાર્થો અસત્ય જેવા દેખાય છે, આમ વિવિધ ભાવો હોય છે, આથી પરીક્ષા કરવી યોગ્ય છે. (૧૫૨) જેમ ચિત્રકર્મમાં નિપુણ પુરુષો ચિત્રમાં ઊંચા સ્થળને નીચા સ્થળ જેવું અને નીચા સ્થળને ઊંચા સ્થળ જેવું બતાવી શકે છે, તેમ અતિકુશલ પુરુષો અસત્યને પણ સત્ય બતાવે છે." (૧૫૩)**

દીક્ષા લેનારમાં સમ્યક્ત્વ - જ્ઞાન - ચારિત્રની પરિણતિ કેવી છે તેની તે તે ઉપાયોથી પરીક્ષા કરવી. પરીક્ષાનો કાળ પ્રાયઃ છ મહિના છે, અર્થાત્ છ મહિના સુધી તે તે ઉપાયોથી પરીક્ષા કરવી. પરીક્ષાનો છ મહિનાનો કાળ સામાન્યથી છે, વિશેષથી તો તેવા પ્રકારના પાત્રની અપેક્ષાએ અલ્પ કે વધારે પણ હોય. તથા સામાયિક સૂત્ર ઉપધાન ન કર્યા હોય તેને પણ કંઠથી આપવું. બીજાં પણ સૂત્રો પાત્રતા પ્રમાણે ભણાવવા. (૨૨)

तथा– **गुरुजनाद्यनुज्ञा ॥२३॥२४९॥ इति ।**

**गुरुजनो** माता-पित्रादिलक्षणः, **आदिशब्दात्** भगिनी-भार्यादिशेषसम्बन्धिलोकपरिग्रहः, तस्य **अनुज्ञा** 'प्रव्रज त्वम्' इत्यनुमतिरूपा विधिरित्यनुवर्तते ॥२३॥

**ગુરુજન વગેરેની અનુજ્ઞા લેવી.** માતા - પિતા વગેરે વડિલ જનની તથા બહેન

અને પત્ની વગેરે અન્ય સંબંધી જનની તમે દીક્ષા લો (અમારી રજા છે) એ પ્રમાણે અનુજ્ઞા લેવી એ દીક્ષાનો વિધિ છે. (૨૩)

यदा पुनरसौ तत्तदुपायतोऽनुज्ञापितोऽपि न मुञ्चति तदा यद् विधेयं तदाह -

**तथा तथोपधायोगः ॥२४॥२५०॥ इति।**

**तथा तथा** तेन तेन प्रकारेण सर्वथा परैरनुपलक्ष्यमाणेन **उपधायोगः** मायायाः प्रयोजनम् ॥२४॥

**તે તે ઉપાયોથી અનુજ્ઞા મેળવવાનો પ્રયત્ન કરવા છતાં વડિલો વગેરે અનુજ્ઞા ન આપે તો શું કરવું તે કહે છેઃ-**

બીજાઓને જરાપણ ખબર ન પડે તેમ તે તે રીતે માયા કરવી. (૨૪)

कथमित्याह–

**दुःस्वप्नादिकथनम् ॥२५॥२५१॥ इति।**

**दुःस्वप्नस्य** खरोष्ट्र-महिषाद्यारोहणादिदर्शनरूपस्य आदिशब्दान्मातृमण्डलादिविपरीतालोकनादिग्रहः, तस्य **कथनं** गुर्वादिनिवेदनमिति ॥२५॥

**માયા કેવી રીતે કરવી તે કહે છે :-**

**અશુભ સ્વપ્ન વગેરે કહેવું.** હું ગધેડો, ઊંટ, પાડો વગેરે પ્રાણી ઉપર બેઠો હતો એમ મેં સ્વપ્નમાં જોયું, સ્વપ્નમાં દેવમાતૃકાઓના મંડલને વિપરીત રીતે (ઉલટી રીતે) જોયું, બે આંખોનો મધ્યભાગ ઉલટી રીતે જોયો, આમ (અનિષ્ટસૂચક) અશુભ સ્વપ્ન વગેરે વડિલજન વગેરેને કહેવું. (૨૫)

तथा– **विपर्ययलिङ्गसेवा ॥२६॥२५२॥ इति।**

**विपर्ययः** प्रकृतिविपरीतभावः, स एव मरणसूचकत्वात् **लिङ्गम्,** तस्य **सेवा** निषेवणं कार्यं येन स गुर्वादिजनः संनिहितमृत्युरयमित्यवबुध्य प्रव्रज्यामनुजानीते इति ॥२६॥

**વિપરીતપ્રકૃતિ રૂપ મરણ ચિહ્નોનું સેવન કરવું,** અર્થાત્ તેવી પ્રકૃતિ કરવી = બાલ્ય વર્તન તેવું કરવું કે જેથી માતા - પિતા વગેરેને લાગે કે આનું આવું વર્તન એ મરણનું ચિહ્ન છે, આથી તેનું મૃત્યુ નજીક છે એમ જાણીને માતા - પિતા વગેરે દીક્ષાની રજા આપે. (૨૬)

विपर्ययलिङ्गानि तेषु स्वयमेवाबुध्यमानेषु किं कृत्यमित्याह–

**दैवज्ञैस्तथा तथा निवेदनम् ॥२७॥२५३॥ इति ।**

**दैवज्ञैः** निमित्तशास्त्रपाठकैः **तथा तथा** तेन तेन निमित्तशास्त्रपाठादिरूपेणोपायेन **निवेदनं** गुर्वादिजनस्य ज्ञापनं विपर्ययलिङ्गानामेव कार्यमिति ॥२७॥

**આવી વિપરીત પ્રકૃતિ એ મરણના ચિહ્નો છે એમ માતા - પિતા વગેરે સ્વયં ન જાણી શકે તો શું કરવું તે કહે છે :-**

**નિમિત્ત શાસ્ત્રના પાઠકોથી તે તે રીતે જણાવવું,** અર્થાત્ નિમિત્તશાસ્ત્રના પાઠકોદ્વારા ''આવી અમુક ચેષ્ટાઓ થાય ત્યારે મરણ નજીકમાં થાય'' એમ કહેવડાવીને માતા - પિતા વગેરેને મારી આ વિપરીત પ્રકૃતિ એ મારા મરણનાં ચિહ્નો છે એમ જણાવવું. (૨૭)

नन्वेवं मायाविनः प्रव्रज्याप्रतिपत्तावपि को गुणः स्यादित्याशङ्क्याह–

**न धर्मे माया ॥२८॥२५४॥ इति ।**

**न** नैव **धर्मे** साध्ये माया क्रियमाणा **माया** वञ्चना भवति, परमार्थतोऽमायात्वात्तस्याः ॥२८॥

**આ પ્રમાણે માયા કરનારને દીક્ષા લેવા છતાં શો લાભ થાય? આવી આશંકા કરીને તેનો ઉત્તર કહે છે :-**

**ધર્મ માટે કરાતી માયામાં માયાનો દોષ ન લાગે.** કારણ કે ધર્મ માટે કરાતી માયા પરમાર્થથી માયા જ નથી. (૨૮)

एतदपि कुत इत्याह–

**उभयहितमेतत् ॥२९॥२५५॥ इति।**

**उभयस्य** स्वस्य गुर्वादिजनस्य च **हितं** श्रेयोरूपम् **एतद्** एवं प्रव्रज्याविधौ मायाकरणम्, एतत्फलभूतायाः प्रव्रज्यायाः स्वपरोपकारकत्वात्, पठ्यते च -

अमायोऽपि हि भावेन माय्येव तु भवेत् क्वचित्।
पश्येत् स्वपरयोर्यत्र सानुबन्धं हितोदयम् ॥१५४॥ (          ) इति ।२९।

**ધર્મ માટે કરાતી માયા પરમાર્થથી માયા કેમ નથી તે કહે છે:-**

**પ્રવ્રજ્યાની વિધિમાં કરાતી માયા ઉભયના કલ્યાણરૂપ છે.** આ પ્રમાણે

પ્રવ્રજ્યા વિધિમાં કરાતી માયા પોતે અને ગુરુ વગેરે ( = માતા - પિતા વગેરે) લોક એ ઉભયનું કલ્યાણરૂપ છે, અર્થાત્ પોતાના અને ગુરુ વગેરે લોકના કલ્યાણનું કારણ છે. કારણ કે આવી માયાનું ફળ દીક્ષા છે, અને દીક્ષા સ્વ-પરને ઉપકાર કરનારી છે. સ્વ-પરના ઉપકારનું કારણ બને એવી માયા વાસ્તવિક માયા નથી. આ વિષે કહ્યું છે કે - **"જ્યાં ક્યાંય માયા કરવાથી સ્વ-પરના અનુબંધ સહિત હિતનો ઉદય થાય ત્યાં ભાવથી માયારહિત પણ પુરુષ બહારથી ( = દેખાવથી) માયાવી જ બને."** (૨૯)

अथेत्थमपि कृते तं विना गुर्वादिजनो निर्वाहमलभमानो न तं प्रव्रज्यार्थमनुजानीते तदा किं विधेयमित्याशङ्क्याह–

**यथाशक्ति सौविहित्यापादनम् ॥३०॥२५६॥ इति ।**

**यथाशक्ति** यस्य यावती शक्तिः शतसहस्रादिप्रमाणनिर्वाहहेतुद्रव्यादिसमर्पणरूपा तया **सौविहित्यस्य** सौस्थ्यस्यापादनं विधानम्, येन प्रव्रजितेऽपि तस्मिन्नसौ न सीदति, तस्य निर्वाहोपायस्य करणमिति भावः, एवं कृते कृतज्ञता कृता भवति, करुणा च मार्गप्रभावनावीजम्, ततस्तेनानुज्ञातः प्रव्रजेदिति ॥३०॥

**હવે આ પ્રમાણે કરવા છતાં ગુરુ વગેરે (માતા-પિતા વગેરે) લોક તેના વિના જીવન નિર્વાહ ન કરી શકે, એથી તેને દીક્ષા માટે રજા ન આપે તો શું કરવું તેવી આશંકા કરીને તેનો ઉત્તર આપે છે :-**

**યથાશક્તિ માતા - પિતા વગેરેને સુખી કરવા.** નિર્વાહ માટે પોતાની શક્તિ પ્રમાણે સો કે હજાર રૂપિયા વગેરે ધન આદિ આપીને માતા - પિતા વગેરેને સુખી કરવા, જેથી તે દીક્ષા લે તો પણ માતા - પિતા વગેરે ન સીદાય. માતા - પિતા વગેરેના નિર્વાહનો ઉપાય કરવો એ અહીં ભાવ છે. આમ કરવાથી કૃતજ્ઞતા કરી ગણાય અને મોક્ષમાર્ગની પ્રભાવનાનું બીજ એવી કરુણા કરી ગણાય. માતા - પિતા વગેરેના નિર્વાહનો ઉપાય કર્યા બાદ તેમનાથી દીક્ષા માટે રજા અપાયેલ પુરુષ દીક્ષા લે. (૩૦)

अथैवमपि न तं मोक्तुमसावुत्सहते तदा–

**ग्लानौषधादिज्ञातात्त्यागः ॥३१॥२५७॥ इति ।**

**ग्लानस्य** तथाविधव्याधिबाधावशेन ग्लानिमागतस्य गुर्वादिर्लोकस्य **औषधादिज्ञातात्** औषधस्य **आदि**शब्दात् स्वनिर्वाहस्य च ग्रहः, तस्य गवेषणमपि औषधादीत्युच्यते, ततो ग्लानौषधाद्येव **ज्ञातं** दृष्टान्तः, तस्मात्, **त्यागः कार्यो** गुर्वादेरिति। इदमुक्तं भवति- यथा कश्चित् कुलपुत्रकः कथञ्चिदपारं कान्तारं गतो माता-पित्रादिसमेतः तत्प्रतिबद्धश्च तत्र व्रजेत्, तस्य च गुर्वादेः तत्र व्रजतो नियमघाती वैद्यौषधादिरहितपुरुषमात्रासाध्यः तथाविधौषधादिप्रयोगयोग्यश्च महानातङ्कः स्यात्, तत्र चासौ तत्प्रतिबन्धादेवमालोचयति- यथा न भवति नियमादेषो गुरुजनो नीरुक् औषधादिकमन्तरेण, औषधादिभावे च संशयः कदाचित् स्यात् कदाचिन्नेति, कालसहश्चायम्, ततः संस्थाप्य तथाविधचित्रवचनोपन्यासेन तं तदौषधादिनिमित्तं स्ववृत्तिहेतोश्च त्यजन् सन्नसौ साधुरेव भवति, एष हि त्यागोऽत्याग एव, यः पुनरत्यागः स परमार्थतस्त्याग एव, यतः फलमत्र प्रधानम्, धीराश्चैतद्दर्शिन एव भवन्ति, तत औषधसम्पादनेन तं जीवयेदपीति सम्भवात् सत्पुरुषोचितमेतत् ।

एवं शुक्लपाक्षिको महापुरुषः संसारकान्तारपतितो माता-पित्रादिसङ्गतो धर्मप्रतिबद्धो विहरेत्, तेषां च तत्र नियमविनाशकोऽप्राप्तसम्यक्त्वबीजादिना पुरुषमात्रेण साधयितुमशक्यः, सम्भवत्सम्यक्त्वाद्यौषधो दर्शनमोहाद्युदयलक्षणः, कर्मातङ्कः स्यात्, तत्र स शुक्लपाक्षिकः पुरुषो धर्मप्रतिबन्धादेवं समालोचयति, यदुत- विनश्यन्त्येतान्यवश्यं सम्यक्त्वाद्यौषधविरहेण, तत्सम्पादने विभाषा, कालसहानि चेमानि व्यवहारतस्ततो यावद् गृहवासं निर्वाहादिचिन्तया तथा संस्थाप्य तेषां सम्यक्त्वाद्यौषधनिमित्तं सर्वचारित्रलाभनिमित्तं च स्वकीयौचित्यकरणेन त्यजन् सन्नभीष्टसंयमसिद्ध्या साधुरेव, एष त्यागो ऽत्यागस्तत्त्वभावनातः, अत्याग एव च त्यागो मिथ्याभावनातः, तत्त्वफलमत्र प्रधानं बुधानाम्, यतो धीरा एतद्दर्शिन आसन्नभव्याः, एवं च तानि सम्यक्त्वाद्यौषधसम्पादनेन जीवयेदात्यन्तिकम् अपुनर्मरणेनामरणावन्ध्यबीजयोगेन सम्भवात् सुपुरुषोचितमेतद्, यतो दुष्प्रतिकारौ नियमान्मातापितरौ शेषश्च यथोचितं स्वजनलोकः, एष धर्मः सज्जनानाम्, भगवानत्र ज्ञातं परिहरन्नकुशलानुबन्धिमाता-पित्रादिशोकमिति ॥३१॥

**હવે આ પ્રમાણે પણ માતા - પિતા વગેરે તેને છોડવા ઉત્સાહિત ન બને તો શું કરવું તે કહે છે :-**

**ગ્લાન ઔષધ આદિના દૃષ્ટાંતથી માતા - પિતા વગેરેનો ત્યાગ કરવો, અર્થાત્ તેવા પ્રકારની વ્યાધિની પીડાના કારણે ગ્લાનિને પામેલા ગુરુ વગેરે (= માતા–પિતા વગેરે) લોકના માટે ઔષધ લેવા જવાના દૃષ્ટાંતથી માતા–પિતા વગેરેનો ત્યાગ**

કરવો.

''ગ્લાન ઔષધ આદિના દૃષ્ટાંતથી'' એ સ્થળે આદિશબ્દથી પોતાના નિર્વાહની શોધ કરવી એ પણ સમજવું.

અહીં ભાવાર્થ આ પ્રમાણે છેઃ- કોઈ કુલીન પુત્ર કોઈક રીતે માતા - પિતા વગેરેની સાથે અપાર જંગલમાં ગયો હોય, માતા - પિતા વગેરે પ્રત્યે સ્નેહવાળો તે જંગલમાં આગળ ચાલે. જંગલમાં ચાલતા માતા - પિતા વગેરેને મહાન રોગ થાય. તે રોગ વૈદ્ય અને ઔષધ વગેરે વિના કેવળ તે પુરુષથી દૂર કરી શકાય તેમ ન હોય, તેવા પ્રકારના ઔષધ આદિના પ્રયોગથી તે રોગ દૂર કરી શકાય તેવી શક્યતા હોય, જો ઔષધ આદિનો ઉપચાર ન થાય તો નિયમા પ્રાણનો નાશ કરે તેવો રોગ હોય. આવા સંયોગોમાં માતા - પિતા વગેરે પ્રત્યે સ્નેહના કારણે તે આ પ્રમાણે વિચારે :- આ માતા - પિતા વગેરે લોક ઔષધ વગેરે વિના ચોક્કસ નિરોગી નહિ થાય, ઔષધ વગેરેનો ઉપચાર થાય તો સંભવ છે કે કદાચ નિરોગી થાય, કદાચ ન પણ થાય. ઔષધ વિના પણ થોડો સમય જીવી શકે તેમ છે. આવો વિચાર કરીને તેવા પ્રકારના (આશ્વાસન આપનારા) વિવિધ વચનો કહીને માતા - પિતા વગેરેને ત્યાં સારી રીતે ( = રક્ષણ થાય તે રીતે) રાખીને તેમના માટે ઔષધ આદિ લેવા માટે અને પોતાની આજીવિકા (ભોજનાદિ) માટે માતા - પિતા વગેરેને છોડે તો તે પુરુષ સારો જ છે. આ ત્યાગ (પરમાર્થથી) અત્યાગ જ છે, અને અત્યાગ પરમાર્થથી ત્યાગ જ છે. કારણ કે ફલ ( = પરિણામ) મુખ્ય છે. ધીરપુરુષો ફલને જ જોનારા હોય છે. તેથી તે પુરુષ ઔષધ મેળવીને માતા - પિતા વગેરેને જીવાડે એવો સંભવ હોવાથી આ પ્રમાણે ત્યાગ કરવો એ સત્પુરુષને ઉચિત છે.

આ દૃષ્ટાંતનો ઉપનય આ પ્રમાણે છેઃ- એ પ્રમાણે માતા - પિતા આદિની સાથે સંસાર રૂપ જંગલમાં પડેલો શુક્લપાક્ષિક ( = જેનો સંસારકાળ અલ્પ છે તેવો) મહાપુરુષ ધર્મના અનુરાગવાળો થઈને જીવન જીવે. એ સંસાર રૂપ જંગલમાં માતા-પિતા વગેરેને ઔષધ વિના નિયમા મૃત્યુ પમાડનાર, બોધિબીજ આદિથી રહિત સામાન્ય પુરુષ વડે દૂર ન કરી શકાય તેવો, સમ્યક્ત્વ આદિ રૂપ ઔષધથી દૂર કરી શકાય તેવી સંભાવનાવાળો, દર્શન મોહનીય આદિના ઉદય રૂપ લક્ષણવાળો, કર્મરૂપ રોગ થાય. આવા સંયોગોમાં શુક્લપાક્ષિક પુરુષ ધર્મના અનુરાગથી આ પ્રમાણે વિચારેઃ- સમ્યક્ત્વ આદિ ઔષધ વિના માતા-પિતા વગેરે અવશ્ય મૃત્યુ પામશે. સમ્યક્ત્વ આદિ ઔષધ મેળવીને આપવાથી કદાચ બચી જાય, વ્યવહારથી

થોડો કાળ જીવી શકે તેવા છે. આ પ્રમાણે વિચાર્યા પછી તે સંસારમાં હોય ત્યાં સુધીમાં માતા - પિતા વગેરેના જીવન નિર્વાહની ચિંતા કરીને તેમનું રક્ષણ થાય તે રીતે તેમને સારી રીતે રાખે. ત્યાર પછી તેમના સમ્યક્ત્વ આદિ રૂપ ઔષધ માટે અને પોતાને ચારિત્રની પ્રાપ્તિ થાય તે માટે પોતાનું ઔચિત્ય કરવા પૂર્વક માતા - પિતા વગેરેનો ત્યાગ કરતો તે પુરુષ સારો જ છે. કારણ કે તેને ઈષ્ટ સંયમની સિદ્ધિ થાય છે. આ ત્યાગ તાત્ત્વિક ભાવનાથી ત્યાગ જ નથી, ત્યાગ ન કરવો એ જ ખોટી ભાવનાના કારણે ત્યાગ છે. અહીં વિદ્વાનો તાત્ત્વિક ફલને મુખ્ય માને છે. તાત્ત્વિક ફલને જોનારા ધીર પુરુષો આસન્નભવ્ય ( = નજીકમાં મોક્ષમાં જનારા) હોય છે. આ પ્રમાણે સમ્યક્ત્વ આદિ રૂપ ઔષધ મેળવીને આપવાથી તે માતા - પિતા વગેરેને કાયમ માટે જીવાડે છે. જેનાથી ફરી મરણ ન થાય, અર્થાત્ જે મરણ થયા પછી ક્યારે ય મરણ ન થાય તેવા છેલા મરણના અવંધ્ય ( = નિષ્ફળ ન જાય તેવા) બીજનો યોગ થવાથી આનો ( = કાયમ માટે જીવવાનો) સંભવ છે. આથી આ રીતે માતા - પિતા વગેરેનો ત્યાગ કરવો એ સુપુરુષને ઉચિત છે. કારણ કે માતા - પિતાના ઉપકારનો બદલો વાળવો અવશ્ય કઠીન છે. માતા પિતા સિવાય અન્ય સ્વજનલોકના ઉપકારનો બદલો વાળવો પણ યથાયોગ્ય કઠીન છે. ઉપકારીઓના ઉપકારનો બદલો વાળવાનો યથાયોગ્ય પ્રયત્ન કરવો એ સજ્જનોનો ધર્મ છે. માતા - પિતા વગેરેના અકુશલ અનુબંધવાળા શોકનો ત્યાગ કરતા એવા ભગવાન • આ વિષે દૃષ્ટાંત રૂપ છે. (૩૧)

## तथा गुरुनिवेदनम् ॥३२॥२५८॥ इति ।

**तथेति** विध्यन्तरसमुच्चयार्थः, **गुरुनिवेदनं** सर्वात्मना **गुरोः** प्रव्राजकस्यात्मसमर्पणं कार्यमिति ॥३२॥

**તથા ગુરુને નિવેદન કરવું.** તથા શબ્દ વિધિના સંગ્રહ માટે છે, અર્થાત્ ગુરુને

• ભગવાન મહાવીર ગર્ભમાં હતા ત્યારે માતાને પોતાના હલન - ચલનથી પણ દુઃખ ન થાય એ આશયથી ગર્ભમાં અત્યંત સ્થિર બની ગયા. આથી ગર્ભ ગળી ગયો કે શું? ઈત્યાદિ વિચારીને માતા - પિતા વગેરે ખૂબ શોકાતુર બની ગયા. આ વખતે ભગવાને જાણ્યું કે જો હું માતા - પિતાના જીવતાં દીક્ષા લઈશ તો શોકથી મૃત્યુ પામશે. શોકથી મૃત્યુ થાય તો દુર્ગતિ થાય. આથી ભગવાને માતા - પિતા જીવતા હોય ત્યાં સુધી હું દીક્ષા નહિ લઉં એવો અભિગ્રહ કરીને અશુભ અનુબંધવાળા માતા - પિતાના શોકને દૂર કર્યો.

નિવેદન કરવું એ પણ દીક્ષા આપવામાં વિધિ છે. ગુરુને નિવેદન કરવું એટલે દીક્ષા લેનારે પોતાના આત્માનું ગુરુને સંપૂર્ણપણે સમર્પણ કરી દેવું. અર્થાત્ શિષ્ય ગુરુને સંપૂર્ણપણે સમર્પિત થઈ જાય એ ગુરુનિવેદન છે. (૩૨)

इत्थं प्रव्रज्यागतं विधिमभिधाय प्रव्राजकगतमाह–

**अनुग्रहधियाऽभ्युपगमः ॥३३॥२५९॥ इति ।**

गुरुणा **अनुग्रहधिया** सम्यक्त्वादिगुणारोपणबुद्ध्या **अभ्युपगमः**, 'प्रव्राजनीयस्त्वम्' इत्येवंरूपः कार्यः, न पुनः स्वपरिषत्पूरणादिबुद्ध्येति ॥३३॥

**આ પ્રમાણે દીક્ષા સંબંધી ( = દીક્ષા લેનાર સંબંધી) વિધિ કહીને હવે દીક્ષા આપનાર સંબંધી વિધિ કહે છે :-**

**અનુગ્રહ બુદ્ધિથી સ્વીકાર કરવો.** ગુરુએ ''તું દીક્ષા આપવાને યોગ્ય છે'' એમ શિષ્યનો સ્વીકાર કરવો, પણ તે સ્વીકાર અનુગ્રહ બુદ્ધિથી એટલે કે શિષ્યમાં સમ્યક્ત્વ વગેરે ગુણોનું આરોપણ કરવાની બુદ્ધિથી કરવો, નહિ કે પોતાના પરિવારને વધારવા આદિની બુદ્ધિથી. (૩૩)

तथा– **निमित्तपरीक्षा ॥३४॥२६०॥ इति ।**

**निमित्तानां** भाविकार्यसूचकानां **शकुनादीनां परीक्षा** निश्चयनं कार्यम्, निमित्तशुद्धेः प्रधानविधित्वात् इति ॥३४॥

**નિમિત્તની પરીક્ષા કરવી.** નિમિત્તની પરીક્ષા કરવી એટલે ભાવિકાર્યના સૂચક શકુન વગેરેનો નિર્ણય કરવો. કારણ કે સર્વ વિધિઓમાં નિમિત્તની શુદ્ધિ મુખ્યવિધિ છે. (૩૪)

तथा– **उचितकालापेक्षणम् ॥३५॥२६१॥ इति ।**

**उचितस्य** प्रव्रज्यादानयोग्यस्य **कालस्य** विशिष्टतिथि–नक्षत्रादि–योगरूपस्य **गणिविद्यानामकप्रकीर्णक**निरूपितस्या**पेक्षणम्** आदरणीयमिति, यतस्तत्र पठ्यते -

तिहिं उत्तराहिं तह रोहिणीहिं कुज्जा उ सेहनिक्खमणं।
गणिवायए अणुन्ना महव्वयाणं च आरुहणा ॥१५५॥ (पञ्चव० ११२) तथा -
चाउद्दसिं पन्नरसिं वज्जेज्जा अट्ठमिं च नवमिं च।

छट्ठिं च चउत्थिं बारसिं च दोण्हं पि पक्खाणं ।।१५६।। (गणिविद्या० ७) इत्यादि ।।३५।।

**યોગ્ય કાલનો આદર કરવો.** ગણિવિદ્યા નામના પયન્નામાં જણાવેલ દીક્ષા આપવાને યોગ્ય વિશિષ્ટ તિથિ - નક્ષત્ર વગેરેના યોગ રૂપ કાળનો આદર કરવો. કારણ કે ત્યાં ( = ગણિવિદ્યા પયન્ના વગેરેમાં) કહ્યું છે કે - **"ત્રણ ઉત્તરા અને રોહિણી, ( હસ્ત, અનુરાધા, રેવતી, શ્રવણ, મૂળ, શતભિષા, પૂર્વભાદ્રપદ, પુષ્ય, પુનર્વસુ, અશ્વિની, સ્વાતિ) નક્ષત્રમાં શિષ્યને દીક્ષા આપવી, ગણિ:દ અને વાચક પદની અનુજ્ઞા કરવી, તથા મહાવ્રતોનું આરોપણ કરવું. (૧૫૫) શુક્લ કૃષ્ણ બંને પક્ષની ચૌદશ, અમાસ, પૂનમ, આઠમ, નોમ, છઠ્ઠ, ચોથ અને બારસ આ તિથિઓમાં દીક્ષા ન આપવી. (૧૫૬)"** (૩૫)

तथा– **उपायतः कायपालनम् ।।३६।।२६२।। इति ।**

**उपायतः** उपायेन निरवद्यानुष्ठानाभ्यासरूपेण **कायानां** पृथिव्यादीनां **पालनं** रक्षणं प्रविव्रजिषुः प्राणी कार्यत इति ।।३६।।

**ઉપાયથી છકાયનું રક્ષણ કરાવવું.** દીક્ષા લેવાની ઈચ્છાવાળા જીવની પાસે નિરવદ્ય અનુષ્ઠાનનો અભ્યાસ કરાવવા રૂપ ઉપાયથી પૃથ્વીકાય આદિ છ કાયોનું રક્ષણ કરાવવું. (૩૬)

तथा– **भाववृद्धिकरणम् ।।३७।।२६३।। इति ।**

**भावस्य** प्रव्रज्याभिलाषलक्षणस्य **वृद्धिः** उत्कर्षः, तस्याः तैस्तैः प्रव्रज्याफलप्ररूपणादिवचनैः **करणं** सम्पादनं तस्य ।।३७।।

**ભાવવૃદ્ધિ કરવી.** દીક્ષાના ફલની પ્રરૂપણા કરવી વગેરે તે તે વચનોથી મુમુક્ષુના દીક્ષાની ઈચ્છા રૂપ ભાવની વૃદ્ધિ કરવી. (૩૭)

तथा– **अनन्तरानुष्ठानोपदेशः ।।३८।।२६४।। इति ।**

**अनन्तरानुष्ठानस्य** प्रव्रज्याग्रहणानन्तरमेव करणीयस्य 'गुर्वन्तेवासिता-तद्भक्तिबहुमानादेः' अनन्तराध्याये एव वक्ष्यमाणस्योप**देशः** तस्य कार्यः ।।३८।।

**દીક્ષા લીધા પછી તરત જ જે કરવા યોગ્ય છે તેનો ઉપદેશ આપવો.** જેમકે-

ગુરુ પ્રત્યે શિષ્યભાવ યાવજ્જીવ ટકાવી રાખવો. ગુરુ પ્રત્યે ભક્તિ - બહુમાન કરવા. દીક્ષા લીધા પછી તુરત જ જે જે કરવા યોગ્ય છે તે સર્વ અનંતર ( = પાંચમા) અધ્યાયમાં જ કહેવામાં આવશે. (૩૮)

तथा– **शक्तितस्त्याग - तपसी ॥३९॥२६५॥ इति ।**

**शक्तितः** शक्तिमपेक्ष्य **त्यागं** च अर्थव्ययलक्षणं देव-गुरु-सङ्घपूजादौ विषये **तपश्च** अनशनादि कारणीयः स इति ॥३९॥

**શક્તિ પ્રમાણે ત્યાગ અને તપ કરાવવો.** અહીં ત્યાગ એટલે દેવ - ગુરુ - સંઘની પૂજા વગેરેમાં ધનનો વ્યય. શક્તિ પ્રમાણે અનશન વગેરે તપ કરાવવો. (૩૯)

तथा– **क्षेत्रादिशुद्धौ वन्दनादिशुद्धया शीलारोपणम् ॥४०॥२६६॥ इति ।**

**क्षेत्रस्य** भूमिभागलक्षणस्य **आदि**शब्दाद्दिशश्च **शुद्धौ** सत्यां **वन्दनादिशुद्धया** चैत्यवन्दन-कायोत्सर्गकारण-साधुनेपथ्यसमर्पणादिसमाचारचारुतारूपया **शीलस्य** सामायिक-परिणामरूपस्य करेमि भंते! सामायिकमित्यादिदण्डकोच्चारपूर्व**कमारोपणं** प्रव्रज्यार्हे न्यसनं गुरुणा कार्यमिति। तत्र क्षेत्रशुद्धिः इक्षुवनादिरूपा, यथोक्तम्

उच्छुवणे सालिवणे पउमसरे कुसुमिए व वणसंडे।
गंभीरसाणुणाए पयाहिणजले जिणहरे वा ॥१५७॥ तथा -
पुव्वाभिमुहो उत्तरमुहोव्व दिज्जाऽहवा पडिच्छेज्जा।
जाए जिणादओ वा दिसाए जिणचेइयाइं वा ॥१५८॥
(विशे० ३४०४, ३४०६) ॥इति॥४०॥

**શુદ્ધ ક્ષેત્રમાં અને શુદ્ધ દિશામાં વંદન આદિની શુદ્ધિ પૂર્વક શીલનું આરોપણ કરવું.** વંદન આદિની શુદ્ધિપૂર્વક એટલે ચૈત્યવંદન કરાવવું, કાયોત્સર્ગ કરાવવો, સાધુવેષનું અર્પણ કરવું વગેરે સામાચારી સારી રીતે કરવા પૂર્વક. શીલનું આરોપણ કરવું એટલે સામાયિકપરિણામ રૂપ શીલનું ''કરેમિ ભંતે સામાઈયં'' ઈત્યાદિ દંડકના ઉચ્ચારણ પૂર્વક ગુરુએ દીક્ષાને યોગ્ય જીવમાં સ્થાપન કરવું. શેરડીની વાડી વગેરે શુદ્ધ ક્ષેત્ર છે. કહ્યું છે કે - **''શેરડીની વાડીમાં, ડાંગરના ખેતરમાં, કમળોવાળા સરોવરમાં, પુષ્પોવાળા વનખંડમાં, પડઘો ( = શબ્દનો પ્રતિશબ્દ) થતો હોય તેવા સ્થળમાં, જ્યાં પાણી પ્રદક્ષિણા આપતું હોય તેવા સ્થળે કે જિનમંદિરમાં દીક્ષા**

આપવી.'' (૧૫૭) (૪૦)

शीलमेव व्याचष्टे–

**असङ्गतया समशत्रुमित्रता शीलम् ॥४१॥२६७॥ इति ।**

**असङ्गतया** क्वचिदपि अर्थे प्रतिबन्धाभावेन **समशत्रुमित्रता** शत्रौ मित्रे च समानमनस्कता शीलमुच्यत इति ॥४१॥

**હવે શીલનું જ સ્વરૂપ કહે છે :-**

કોઈ પણ પદાર્થમાં રાગ ન હોવાના કારણે શત્રુ અને મિત્ર પ્રત્યે મનનો સમાનભાવ એ શીલ છે. (૪૧)

ननु स्वपरिणामसाध्यं शीलं तत् किमस्य क्षेत्रादिशुद्ध्यारोपणेनेत्याशङ्क्याह–

**अतोऽनुष्ठानात्तद्भावसम्भवः ॥४२॥२६८॥ इति ।**

**अतः** अस्माद् **अनुष्ठानाद्** उक्तरूपशीलारोपणलक्षणा**त्तद्भावस्य** शीलपरिणामलक्षणस्य **सम्भवः** समुत्पादः प्रागसतोऽपि जायते, सतश्च स्थिरीकरणमिति ॥४२॥

**શીલ પોતાના પરિણામથી સાધ્ય છે, અર્થાત્ આત્મામાં શીલના પરિણામ પ્રગટે તો શીલ થાય, આથી ક્ષેત્રાદિની શુદ્ધિપૂર્વક શીલનું આરોપણ કરવાની શી જરૂર છે? આવી આશંકા કરીને તેનો ઉત્તર કહે છે :-**

**પૂર્વે કહેલી શીલ આરોપણની ક્રિયાથી નહિ ઉત્પન્ન થયેલા શીલના પરિણામ ઉત્પન્ન થાય છે,** અને ઉત્પન્ન થયેલા શીલના પરિણામ સ્થિર થાય છે. (૪૨)

तथा– **तपोयोगकारणं चेति ॥४३॥२६९॥ इति।**

स एवं विधिप्रव्रजितः सन् गुरुपरम्परयाऽऽगतमाचाम्लादितपोयोगं कार्यत इति ॥४३॥

**તપરૂપ યોગ કરાવવો.** આ પ્રમાણે વિધિથી દીક્ષિત થયેલા તેને ગુરુપરં-પરાથી દીક્ષિતને આયંબિલ વગેરે જે તપ કરાવાતો હોય તે તપરૂપ યોગ કરાવવો. (આત્માને મોક્ષ સાથે જોડી આપે તે યોગ. જ્ઞાન, સંયમ અને તપ એ ત્રણ આત્માને મોક્ષની સાથે જોડી આપે છે, માટે તે ત્રણ યોગરૂપ છે. આથી અહીં તપને યોગ કહેલ છે.) (૪૩)

अथोपसंहारमाह–

**एवं यः शुद्धयोगेन परित्यज्य गृहाश्रमम्।**
**संयमे रमते नित्यं स यतिः परिकीर्तितः ॥४॥ इति ।**

**एवम्** उक्तरूपेण **यो** भव्यविशेषः **शुद्धयोगेन** सम्यगाचारविशेषेण **परित्यज्य** हित्वा **गृहाश्रमं** गृहास्थावस्थां **संयमे** हिंसादिविरमणरूपे **रमते** आसक्तिमान् भवति **स** एवंगुणो **यतिः** उक्तनिरुक्तः **परिकीर्तित** इति ।४॥

**હવે ઉપસંહાર કહે છે :-**

આ પ્રમાણે જે ભવ્યજીવ શુદ્ધયોગના પાલનપૂર્વક ગૃહસ્થાવસ્થાનો ત્યાગ કરીને હિંસાદિવિરમણ રૂપ સંયમમાં આસક્તિવાળો બને છે તેને યતિ કહ્યો છે.

શુદ્ધયોગ = સુંદર આચાર વિશેષ, અર્થાત્ દીક્ષા લીધા પહેલાં અને દીક્ષા લેવાના સમયે જે જે આચારો = વિધિઓ કહેલ છે તે તે શુદ્ધયોગ છે. યતિશબ્દનો શબ્દ ઉપરથી નીકળતો અર્થ પહેલાં (અ. ૧ સૂ. ૧ તથા અ. ૪ સૂ. ૨ માં) કહેલો છે. (૪)

अत्रैवाभ्युच्चयमाह–

**एतत्तु सम्भवत्यस्य सदुपायप्रवृत्तितः ।**
**अनुपायात्तु साध्यस्य सिद्धिं नेच्छन्ति पण्डिताः ॥५॥ इति।**

**एतत्तु** पुनः यतित्वं **सम्भवत्यस्य** प्रव्रजितस्य सतः, कुत इत्याह- **सदुपायप्रवृत्तितः**, **सता** सुन्दरेण **उपायेन** 'अर्होऽर्हसमीपे' इत्याद्युक्तरूपेण **प्रवृत्तेः** चेष्टनात्, अत्रैव व्यतिरेकमाह- **अनुपायात्तु** उपायविपर्ययात् पुनः **सिद्धिं** सामान्येन सर्वस्य कार्यस्य निष्पत्तिं **नेच्छन्ति न** प्रतिपद्यन्ते **पण्डिताः** कार्यकारणविभागकुशलाः, यतः पठन्ति- नाकारणं भवेत् कार्यम् (          ) इत्यादि।५॥

**અહીં જ વિશેષ કહે છે :-**

દીક્ષિત થયેલામાં સાધુપણું સુંદર ઉપાયો પૂર્વક પ્રવૃત્તિ કરવાથી આવે છે. કાર્ય - કારણનો વિભાગ કરવામાં કુશલ પુરુષો વિપરીત ઉપાયોથી સર્વ કાર્યોની સિદ્ધિને સ્વીકારતા નથી, અર્થાત્ વિપરીત ઉપાયો કરવાથી કોઈપણ કાર્યની સિદ્ધિ થતી નથી. ચોથા અધ્યાયમાં જણાવેલા'' જે પ્રવ્રજ્યાને યોગ્ય હોય અને જેણે પ્રવ્રજ્યાને યોગ્ય ગુરુની પાસે વિધિથી દીક્ષા લીધી હોય તે સાધુ કહેવાય છે.''

ઈત્યાદિ ઉપાયો સાધુપણું ઉત્પન્ન કરવાના સુંદર ઉપાયો છે. આ ઉપાયો પૂર્વક પ્રવૃત્તિ કરવાથી દીક્ષિત થયેલામાં સાધુપણું આવે છે.

વિપરીત ઉપાયો કરવાથી કોઈ પણ કાર્યની સિદ્ધિ થતી નથી એ વિષે કહ્યું છે કે - **"કારણ વિના કાર્ય ન થાય, કાર્યના પોતાનાં કારણોથી અન્ય જે કારણો તે કારણોથી પણ કાર્ય ન થાય. જો કારણ વિના પણ કાર્ય થાય, અથવા અન્ય કારણોથી પણ જો કાર્ય થાય, તો ક્યાંય કાર્ય - કારણની વ્યવસ્થા ન રહે."** (૫)

उक्तविपर्यये दोषमाह -

**यस्तु नैवंविधो मोहाच्चेष्टते शास्त्रबाधया ।**

**स तादृग्लिङ्गयुक्तोऽपि न गृही न यतिर्मतः ॥६॥ इति।**

**यस्तु** यः पुनरद्याप्यतुच्छीभूतभवभ्रमणशक्तिः **न** नैव **एवंविधः** किन्तु उक्तविधिविपरीतः **मोहाद्** अज्ञानात् **चेष्टते** प्रवर्तते **शास्त्रबाधया** शास्त्रार्थोल्लङ्घनेन **स** प्राणी **तादृग्लिङ्गयुक्तोऽपि** शुद्धयतितुल्यनेपथ्यसनाथोऽपि, किं पुनरन्यथाभूतनेपथ्य **इत्यपि**शब्दार्थः, **न गृही** गृहस्थाचाररहितत्वात्, **न यतिः** भावचारित्रविरहितत्वादिति ॥६॥

**પૂર્વોક્ત વિધિથી વિપરીત કરવામાં દોષ કહે છે:-**

જેની હજી પણ ભવ- ભ્રમણની શક્તિ ઓછી થઈ નથી એવો જે જીવ પૂર્વોક્ત જેવો નથી, કિંતુ પૂર્વોક્ત વિધિથી વિપરીત છે, અને એથી અજ્ઞાનતાના કારણે શાસ્ત્રના અર્થનું ઉલ્લંઘન કરીને પ્રવૃત્તિ કરે છે, તે જીવ શુદ્ધ સાધુના જેવા વેશથી યુક્ત હોય તો પણ નથી ગૃહસ્થ અને નથી તો સાધુ. તે જીવ ગૃહસ્થના આચારથી રહિત હોવાથી ગૃહસ્થ નથી, અને ભાવચારિત્રથી રહિત હોવાથી સાધુ નથી.

"સાધુના જેવા વેશથી યુક્ત હોય તો પણ" એ સ્થળે 'પણ' શબ્દનો અર્થ આ પ્રમાણે છે:- શુદ્ધ સાધુના જેવા વેશથી જુદી જાતના વેશથી યુક્ત હોય એના માટે તો શું કહેવું? (૬)

इति श्री**मुनिचन्द्रसूरि**विरचितायां **धर्मबिन्दुवृत्तौ यतिविधिः** चतुर्थोऽध्यायः समाप्तः ।

આ પ્રમાણે ધર્મબિંદુની શ્રીમુનિચંદ્રસૂરિ વિરચિતવૃત્તિમાં **યતિવિધિ** નામનો ચોથો અધ્યાય પૂર્ણ થયો.

-- ■ --

## । अथ पञ्चमोऽध्यायः ।

व्याख्यातश्चतुर्थोऽध्यायः, अथ पञ्चमो व्याख्यायते, तस्य चेदमादिसूत्रम् -

**बाहुभ्यां दुस्तरो यद्वत् क्रूरनक्रो महोदधिः।**

**यतित्वं दुष्करं तद्वदित्याहुस्तत्त्ववेदिनः ॥१॥ इति ।**

**बाहुभ्यां** भुजाभ्यां **दुस्तरः** कृच्छ्रेण तरीतुं शक्यः **यद्वदिति** दृष्टान्तार्थः, **क्रूरनक्रः**, **क्रूरा** भीषणा **नक्रा** जलजन्तुविशेषा उपलक्षणत्वात् मत्स्य-मकर-सुसुमारादयश्च यत्र स तथा, **महोदधिः** महासमुद्रः, **यतित्वं** श्रामण्यं **दुष्करं** दुरनुष्ठेयं **तद्वदिति** दार्ष्टान्तिकार्थः, **इत्येतदाहुः** उक्तवन्तः, के इत्याह– **तत्त्ववेदिनः** प्रव्रज्यापरमार्थज्ञातार इति ॥१॥

**ચોથા અધ્યાયનું વ્યાખ્યાન કર્યું, હવે પાંચમા અધ્યાયનું વ્યાખ્યાન કરવામાં આવે છે. પાંચમા અધ્યાયનું પહેલું સૂત્ર આ છે :-**

ભયંકર નક્રજાતિના જલચર પ્રાણીઓ, માછલાં, મગરમચ્છ અને સુંસુમાર વગેરે પ્રાણીઓ જેમાં રહેલા છે એવો મહાસમુદ્ર જેવી રીતે બે ભુજાઓથી કષ્ટપૂર્વક તરી શકાય છે, તે રીતે સાધુપણું દુષ્કર છે એમ પ્રવ્રજ્યાના પરમાર્થને જાણનારાઓએ કહ્યું છે. (૧)

अस्यैव दुष्करत्वे हेतुमाह–

**अपवर्गः फलं यस्य जन्म-मृत्वादिवर्जितः।**

**परमानन्दरूपश्च दुष्करं तन्न चाद्भुतम् ॥२॥ इति।**

**अपवर्गो** मोक्षः **फलं** कार्यं **यस्य** यतित्वस्य **जन्म-मृत्वादिवर्जितः** जन्म-मरण-जरादिसंसारविकारविरहितः, तथा **परमानन्दरूपः** सर्वोपमातीतानन्दस्वभावः, **चकारो** विशेषणसमुच्चये, **दुष्करं** कृच्छ्रेण कर्तुं शक्यं **तत्** यतित्वम्, **न च** नैवा**द्भुतम्** आश्चर्यमेतत्, अत्यन्तमहोदयानां विद्या-मन्त्रौषधादिसाधनानामिहैव दुष्करत्वोपलम्भात् इति ॥२॥

**સાધુપણાની જ કઠિનતામાં હેતુ કહે છે :-**

સંસારના જન્મ, મરણ અને વૃદ્ધાવસ્થા આદિ વિકારોથી રહિત અને સંસારની કોઇ ઉપમા જેને ન આપી શકાય તેવા આનંદ સ્વરૂપ એવો મોક્ષ જેનું ફલ છે એવું સાધુપણું કઠીન છે તેમાં કોઇ આશ્ચર્ય નથી. કારણકે જેનાથી અત્યંત

મહાન અભ્યુદય (=ઉન્નતિ) થાય તેવા વિદ્યા, મંત્ર અને ઔષધ વગેરેની સાધના દુષ્કર હોય છે એવું આ લોકમાં જ જોવામાં આવે છે. તો પછી મોક્ષનું ફળ આપનાર સાધુપણું કઠીન હોય એમાં શુ આશ્ચર્ય ? (૨)

°

एवं तर्हि कथमतिदुष्करं यतित्वं कर्तुं शक्यं स्यादित्याशङ्कयाह–

**भवस्वरूपविज्ञानात्तद्विरागाच्च तत्त्वतः।**

**अपवर्गानुरागाच्च स्यादेतन्नान्यथा क्वचित् ॥३॥ इति ।**

**भवस्वरूपस्य** इन्द्रजाल-मृगतृष्णिका-गन्धर्वनगर-स्वप्नादिकल्पस्य **विज्ञानात्** सम्यक्श्रुतलोचनेन अवलोकनात् प्राक्, तदनु **तद्विरागात्** तप्तलोहपदन्यासोद्विजनन्यायेन भवस्वरूपोद्वेगात्, **चकारो** हेत्वन्तरसमुच्चये, **तत्त्वतः** निर्व्याजवृत्त्या, तथा **अपवर्गानुरागात्** परमपदस्पृहातिरेकात्, **चशब्दः** प्राग्वत्, **स्याद्** भवेदेतद् यतित्वम्, **नान्यथा** नान्यप्रकारेण **क्वचित्** क्षेत्रे काले वा, सम्यगुपायमन्तरेणोपेयस्य कदाचिदभावादिति ॥३॥

**જો આ પ્રમાણે છે તો અતિશય દુષ્કર સાધુપણાનું પાલન કેવી રીતે શક્ય બને ? એવી આશંકા કરીને ઉત્તર કહે છે :-**

પહેલાં સમ્યક્શ્રુતજ્ઞાનરૂપ ચક્ષુથી સંસારનું સ્વરૂપ ઈંદ્રજાલ, મૃગતૃષ્ણા, ગન્ધર્વનગર અને સ્વપ્ન વગેરે તુલ્ય છે એમ જોવામાં આવે, પછી નિષ્કપટ ભાવથી તપેલા લોઢા ઉપર પગ મૂકવામાં જેવો ભય (= ત્રાસ) થાય તેવો ભય સંસારના સ્વરૂપનો થાય અને મોક્ષપદની અતિશય અભિલાષા થાય, તો દુષ્કર એવા સાધુપણાનું પાલન થાય, બીજી કોઈ રીતે કોઈ પણ ક્ષેત્રમાં કે કોઈ પણ કાળમાં આ સાધુપણાનું પાલન ન થાય. કારણકે સાચા ઉપાય વિના ક્યારેય કાર્ય ન થાય. (ભવવિરાગ અને મોક્ષરાગ દુષ્કર સાધુપણાના પાલનનો સાચો ઉપાય છે.) (૩)

**इत्युक्तो यतिः, अधुनाऽस्य धर्ममनुवर्णयिष्यामः,**

**यतिधर्मो द्विविधः- सापेक्षयतिधर्मो निरपेक्षयतिधर्मश्च ॥१॥२७०॥ इति।**

प्रतीतार्थमेव, परं गुरु-गच्छादिसाहाय्यमपेक्षमाणो यः प्रव्रज्यां परिपालयति स सापेक्षः, इतरस्तु निरपेक्षो यतिः, तयो**र्धर्मो**ऽनुक्रमेण गच्छवासलक्षणो जिनकल्पादिलक्षणश्चेति ॥१॥

**આ પ્રમાણે સાધુનું સ્વરૂપ કહ્યું. હવે સાધુના ધર્મનું વર્ણન કરીશું. સાધુધર્મ**

**સાપેક્ષ અને નિરપેક્ષ એમ બે પ્રકારે છે.** ગુરુ અને ગચ્છ વગેરેની સહાયની અપેક્ષા રાખીને જે દીક્ષાને પાળે તે સાપેક્ષ સાધુ છે. ગુરુ અને ગચ્છ વગેરેની સહાયની અપેક્ષા રાખ્યા વિના જે દીક્ષાને પાળે તે નિરપેક્ષ સાધુ છે. સાપેક્ષ સાધુનો ગચ્છવાસરૂપ ધર્મ સાપેક્ષ સાધુધર્મ છે. નિરપેક્ષસાધુનો જિનકલ્પ વગેરે સ્વરૂપ ધર્મ નિરપેક્ષ સાધુધર્મ છે. (૧)

## तत्र सापेक्षयतिधर्मः ॥२॥२७१॥ इति ।

**तत्र** तयोः सापेक्ष-निरपेक्षयतिधर्मयोर्मध्यात् सापेक्षयतिधर्मोऽयम् ॥२॥

**સાપેક્ષ અને નિરપેક્ષ એમ બે પ્રકારના સાધુધર્મમાંથી સાપેક્ષ સાધુધર્મ આ** (= હવે કહેવામાં આવે છે તે) છે. (૨)

यथा–

## गुर्वन्तेवासिता ॥३॥२७२॥ इति ।

**गुरोः** प्रव्राजकाचार्यस्य **अन्तेवासिता** शिष्यभावः यावज्जीवमनुष्ठेया, तच्छिष्यभावस्य महाफलत्वात्, पठ्यते च -

नाणस्स होइ भागी थिरयरओ दंसणे चरित्ते य।
धण्णा आवकहाए गुरुकुलवासं न मुंचंति ॥१५९॥ (बृहत्कल्पभाष्ये ५७१३)

**સાપેક્ષ સાધુધર્મ આ પ્રમાણે છે :-**

**ગુરુ પ્રત્યે શિષ્યભાવ રાખવો,** અર્થાત્ દીક્ષા આપનાર ગુરુ (= આચાર્ય) પ્રત્યે જીવનપર્યંત શિષ્યભાવ રાખવો. ગુરુ પ્રત્યે શિષ્યભાવ મહાફલવાળો છે. કહ્યું છે કે - **"ગુરુકુલમાં રહેલ સાધુ દરરોજ વાચનાદિ થવાથી શ્રુતજ્ઞાન આદિનું ભાજન બને છે = શ્રુતજ્ઞાન આદિ પામે છે. સ્વદર્શન - પરદર્શનનું સ્વરૂપ સાંભળવાથી શ્રદ્ધામાં અતિશય સ્થિર બને છે, વારંવાર સારણાદિ થવાથી ચારિત્રમાં અતિશય સ્થિર બને છે. આથી જાવજ્જીવ ગુરુકુલવાસનો ત્યાગ નહિ કરનાર સાધુઓ ધન્ય છે = ધર્મ રૂપ ધનને મેળવે છે."** (૩)

तथा–

## तद्भक्ति - बहुमानौ ॥४॥२७३॥इति ।

**तस्मिन्** गुरौ **भक्तिः** समुचितान्नपानादिनिवेदन - पादप्रक्षालनादिरूपा **बहुमान**श्च

भावप्रतिबन्धः ।।४।।

**ગુરુ પ્રત્યે ભક્તિ - બહુમાન રાખવા.** ગુરુને પ્રાયોગ્ય હોય તેવા અન્ન-પાન આદિની વિનંતિ કરવી, ગુરુના ચરણોનું પ્રક્ષાલન કરવું ઈત્યાદિ ગુરુભક્તિ છે. ગુરુ પ્રત્યે અંતરથી અનુરાગ કરવો એ ગુરુબહુમાન છે. (૪)

तथा– **सदाज्ञाकरणम् ।।५।।२७४।। इति ।**

**सदा** सर्वकालम् अह्नि रात्रौ चेत्यर्थः **आज्ञायाः** गुरूपदिष्टस्वरूपायाः **करणम्** ।।५।।

**સદા આજ્ઞાનું પાલન કરવું.** સદા એટલે સર્વ કાળે, અર્થાત્ દિવસે અને રાતે. આજ્ઞા એટલે ગુરુનો ઉપદેશ. (૫)

तथा– **विधिना प्रवृत्तिः ।।६।।२७५।। इति।**

**विधिना** शास्त्रोक्तेन **प्रवृत्तिः** प्रत्युपेक्षणा - प्रमार्जना - भिक्षाचर्यादिषु साधुसमाचारेषु व्यापारणम् ।।६।।

**વિધિથી પ્રવૃત્તિ કરવી.** પડિલેહણ, પ્રમાર્જન, ભિક્ષાચર્યા આદિ સાધુના આચારોમાં શાસ્ત્રોક્ત વિધિ મુજબ પ્રવૃત્તિ કરવી. (૬)

तथा– **आत्मानुग्रहचिन्तनम् ।।७।।२७६।। इति ।**

क्वचिदप्यर्थे गुर्वाज्ञायां **आत्मानुग्रहस्य** उपकारस्य **चिन्तनं** विमर्शनम्, यथा–

धन्यस्योपरि निपतत्यहितसमाचरणघर्मनिर्वापी ।
गुरुवदनमलयनिसृतो वचनसरसचन्दनस्पर्शः ।।१६०।। (प्रशम० ७०) इति।

**ઉપકારનું ચિંતન કરવું.** કોઈ પણ કાર્ય માટે ગુરુની આજ્ઞા થતાં ''ગુરુએ મારા આત્મા ઉપર ઉપકાર કર્યો'' એમ ઉપકારની વિચારણા કરવી. જેમ કે - **"સૂર્યના ધોમધખતા તાપના ઉકળાટને દૂર કરનાર બાવના ચંદનનો રસ તો હજી સુલભ છે. પણ શાસ્ત્રવિરુદ્ધ આચરણ રૂપ તાપને દૂર કરનાર ગુરુવદન રૂપ મલયપર્વતમાંથી નીકળેલા વચનરૂપ ચંદનરસનો શીતલ સ્પર્શ તો કો'ક મહાભાગ્યશાળીને થાય છે."** (૭)

तथा– **व्रतपरिणामरक्षा ।।८।।२७७।। इति ।**

**व्रतपरिणामस्य** चारित्रलक्षणस्य तत्तदुपसर्ग - परीषहादिषु स्वभावत एव व्रतबाधाविधायिषु सत्सु **रक्षा** चिन्तामणि - महौषध्यादिरक्षणोदाहरणेन परिपालना विधेया ॥८॥

**વ્રતપરિણામની રક્ષા કરવી.** સ્વભાવથી જ વ્રતમાં બાધા કરનારા તે તે ઉપસર્ગો અને પરિષહો આવે ત્યારે ચિંતામણી અને મહાન ઔષધિ વગેરેની જેવી રીતે રક્ષા કરવામાં તેવી રીતે ચારિત્રરૂપ વ્રતપરિણામની રક્ષા કરવી. (૮)

तथा– **आरम्भत्यागः ॥९॥२७८॥ इति ।**

**आरम्भस्य** षट्कायोपमर्दरूपस्य **त्यागः** ॥९॥

છકાયને પીડા કરવારૂપ આરંભનો ત્યાગ કરવો. (૯)

एतदुपायमेवाह–

**पृथिव्याद्यसङ्घट्टनम् ॥१०॥२७९॥ इति ।**

**पृथिव्यादीनां** जीवनिकायानाम् **असङ्घट्टनम्** सङ्घट्टनं **स्पर्शनम्,** तत्प्रतिषेधादसङ्घट्टनम्, उपलक्षणत्वादगाढ - गाढपरितापना - ऽपद्रावणानां च परिहार इति ॥१०॥

**આરંભત્યાગના ઉપાયને જ કહે છે :-**

**પૃથ્વી આદિ છ જીવનિકાયોનો સ્પર્શ ન કરવો.** સ્પર્શત્યાગના ઉપલક્ષણથી અગાઢ પરિતાપના, ગાઢ પરિતાપના અને વિનાશનો પણ ત્યાગ કરવો, અર્થાત્ પૃથ્વીકાય આદિ જીવોને સામાન્ય પરિતાપ ન કરવો, વિશેષ પરિતાપ ન કરવો અને તેમના પ્રાણનો નાશ ન કરવો. (૧૦)

तथा– **त्रिधेर्याशुद्धिः ॥११॥२८०॥ इति ॥**

**त्रिधा** ऊर्ध्वाधस्तिर्यग्दिगपेक्षया **ईर्यायाः** चङ्क्रमणस्य **शुद्धिः** युगमात्रादिदृष्टिनिवेशरूपा ॥११॥

**ત્રણપ્રકારે ઈર્યાસમિતિનું પાલન કરવું.** ઉપર, નીચે અને તિર્છું એમ ત્રણ દિશાની અપેક્ષાએ ત્રણ પ્રકારે ઈર્યાસમિતિનું યુગપ્રમાણ દૃષ્ટિ રાખવી ઈત્યાદિ રીતે પાલન કરવું. (૧૧)

तथा- **भिक्षाभोजनम् ॥१२॥२८१॥ इति।**

इह त्रिधा भिक्षा सर्वसम्पत्करी पौरुषघ्नी वृत्तिभिक्षा चेति। तल्लक्षणं चेदम् -
यतिर्ध्यानादियुक्तो यो गुर्वाज्ञायां व्यवस्थितः। सदाऽनारम्भिणस्तस्य सर्वसम्पत्करी मता ॥१६१॥
वृद्धाद्यर्थमसङ्गस्य भ्रमरोपमयाटतः। गृहि - देहोपकाराय विहितेति शुभाशयात् ॥१६२॥
प्रव्रज्यां प्रतिपन्नो यस्तद्विरोधेन वर्तते। असदारम्भिणस्तस्य पौरुषघ्नी प्रकीर्तिता ॥१६३॥
निःस्वा-ऽन्ध-पङ्गवो ये तु, न शक्ता वै क्रियान्तरे। भिक्षामटन्ति वृत्त्यर्थं वृत्तिभिक्षेयमुच्यते ॥१६४॥
(हा ० अष्टके ५ / २, ३, ४, ६) इति।

ततो **भिक्षया** प्रस्तावात् सर्वसम्पत्करीलक्षणया पिण्डमुत्पाद्य **भोजनं** विधेयमिति ॥१२॥

**ભિક્ષાથી ભોજન કરવું.** અહીં ભિક્ષા સર્વસંપત્કરી, પૌરુષઘ્ની અને વૃત્તિ ભિક્ષા એમ ત્રણ પ્રકારની છે. આ ત્રણે પ્રકારની ભિક્ષાનું લક્ષણ આ પ્રમાણે છેઃ- **“ જે સાધુ ધ્યાન આદિમાં • તત્પર હોય, સદા ગુર્વાજ્ઞામાં રહેલા હોય, સદા આરંભથી રહિત હોય, પોતાના પેટને ગૌણ કરીને વૃદ્ધ, બાલ, ગ્લાન આદિ માટે ભિક્ષા લે, શબ્દાદિ વિષયોમાં અનાસક્ત હોય, ભ્રમરની જેમ ★ ભિક્ષાકુલોમાં પરિભ્રમણ કરે, આ ભિક્ષા જિનેશ્વરોએ ગૃહસ્થના અને સ્વશરીરના ઉપકાર માટે કહી છે એવા શુભાશયથી પરિભ્રમણ કરે, તે સાધુની ભિક્ષા સર્વસંપત્કરી ભિક્ષા છે.” (૧૬૧-૧૬૨) ” જે પ્રવ્રજ્યાનો સ્વીકાર કરીને તેનાથી વિરુદ્ધ વર્તે છે, તથા પ્રાણીપીડા આદિ અશુભ આરંભ કરે છે, તેની ભિક્ષા પૌરુષઘ્ની કહી છે.” (૧૬૩) “જેઓ નિર્ધન, અંધ કે પાંગળા છે અને ભિક્ષા સિવાય અન્ય કોઈ ઉપાયથી જીવનનિર્વાહ કરી શકે તેમ નથી, આથી પોતાની આજીવિકાનો નિર્વાહ કરવા ભિક્ષા માટે પરિભ્રમણ કરે છે, તેમની આ ભિક્ષા વૃત્તિભિક્ષા કહેવાય છે.” (૧૬૪)**

આમ ત્રણ પ્રકારની ભિક્ષા હોવાથી પ્રસ્તુતમાં સર્વસંપત્કરી નામની ભિક્ષાથી આહાર મેળવીને ભોજન કરવું. (૧૨)

तथा- **आघाताद्यदृष्टिः ॥१३॥२८२॥ इति।**

• અહીં આદિ શબ્દથી જ્ઞાન લેવામાં આવ્યું છે. ધ્યાન અભ્યંતરતપની ક્રિયારૂપ છે. આથી ધ્યાનાદિયુક્ત એટલે ક્રિયા અને જ્ઞાન એ બેથી યુક્ત.

★ જેમ ભ્રમર કુસુમને પીડા ઉપજાવ્યા વિના જુદા જુદા કુસુમમાંથી થોડો થોડો રસ લે છે, તેમ ગૃહસ્થને જરા પણ મુશ્કેલી ન થાય તેમ જુદા જુદા અનેક ઘરોમાંથી પોતાના માટે નહિ બનાવેલો આહાર થોડો થોડો લે.

**आघात्यन्ते** हिंस्यन्ते जीवा अस्मिन्निति **आघातः** सूनादिस्थानम्, **आदि**शब्दात् द्यूत-खलादिशेषप्रमादस्थानग्रहः, ततः आघातादेर**दृष्टिः** अनवलोकनं कार्यम्, तदवलोकने हि अनादिभवाभ्यस्ततया प्रमादानां तत्कौतुकात् कोपादिदोषप्रसङ्गात् इति ॥१३॥

**આઘાત આદિ સ્થાનોનું નિરીક્ષણ ન કરવું.** જેમાં જીવોનો ઘાત કરવામાં આવે તે આઘાત. કતલખાનું વગેરે આઘાત છે, આદિશબ્દથી જુગાર, દુર્જન વગેરે બાકીના પ્રમાદસ્થાનો લેવા. આઘાત આદિ પ્રમાદસ્થાનોનું નિરીક્ષણ ન કરવું. કારણ કે પ્રમાદોનો અનાદિભવથી અભ્યાસ હોવાથી આઘાત આદિ પ્રમાદસ્થાનોને જોતાં તે અંગે કૌતુક થાય, કૌતુક થવાના કારણે ક્રોધ આદિ દોષોનો પ્રસંગ આવે. (૧૩)

तथा– **तत्कथाऽश्रवणम् ॥१४॥२८३॥ इति ।**

**तेषाम्** आघातादीनां **कथायाः** परैरपि कथ्यमानायाः **अश्रवणम्** अनाकर्णनम्, तच्छ्रवणेऽपि दोषः प्राग्वत् ॥१४॥

**આઘાતાદિ સ્થાનોની વાત ન સાંભળવી.** આઘાત આદિ સ્થાનોની બીજાઓ વાતો કરતા હોય તો પણ તે વાતો ન સાંભળવી. કારણ કે તે વાતો સાંભળવામાં પણ પૂર્વે કહ્યું તેમ દોષ થાય. (૧૪)

तथा– **अरक्तद्विष्टता ॥१५॥२८४॥ इति।**

सर्वत्र प्रियकारिण्य**रक्तेन** अरागवता तदितरस्मिंश्**चाद्विष्टेन** अद्वेषवता भाव्यम्, यतः पठ्यते -

राग-द्वेषौ यदि स्यातां तपसा किं प्रयोजनम् ? ॥१६५॥१५॥ (                ) इति ।

**રાગ-દ્વેષનો ત્યાગ કરવો.** પ્રિય કરનાર સર્વમાં રાગ ન કરવો અને અપ્રિય કરનાર સર્વમાં દ્વેષ ન કરવો. કારણ કે કહ્યું છે કે - **"જો રાગ-દ્વેષ હોય તો તપ કરવાનું શું પ્રયોજન છે? અર્થાત્ કંઈ પ્રયોજન નથી."** (કારણ કે રાગ-દ્વેષ દૂર કરવા માટે તપ કરવાનો છે. હવે જો તપ કરવા છતાં રાગ-દ્વેષ દૂર ન થતા હોય તો એ તપ કરવાનો કોઈ અર્થ નથી. જે ઔષધ રોગને દૂર ન કરે તે ઔષધ લેવાનો કોઈ અર્થ નથી.) (૧૫)

तथा– **ग्लानादिप्रतिपत्तिः ॥१६॥२८५॥ इति।**

**ग्लानो** ज्वरादिरोगातुरः, **आदि**शब्दाद् बाल-वृद्ध-बहुश्रुत-प्राघूर्णकादिग्रहः, तेषां **प्रतिपत्तिः** समुचितान्न-पानादिसम्पादनरूपं वैयावृत्त्यम्, महाफलत्वात्तस्य, पठ्यते च -
पडिभग्गस्स मयस्स व नासइ चरणं सुअं अगुणणाए।
नो वेयावच्चचियं सुहोदयं नासई कम्मं ॥१६६॥ (ओघनि० ५३५) तथा -
जह भमर - महुअरिगणा निवयंती कुसुमियम्मि वणसंडे।
इय होइ निवइयव्वं गेलण्णे कइयवजढेण ॥१६७॥ (निशीथभाष्ये २९७१) १६॥

**ગ્લાન આદિની વૈયાવચ્ચ (= સેવા) કરવી.** ગ્લાન એટલે તાવ વગેરે રોગથી બિમાર થયેલ. ગ્લાન, બાલ, વૃદ્ધ, બહુશ્રુત અને પ્રાઘૂર્ણક વગેરેની ઉચિત અન્ન - પાન વગેરે મેળવી આપવા રૂપ વૈયાવચ્ચ કરવી. કારણ કે વૈયાવચ્ચનું ફળ ઘણું છે. કહ્યું છે કે - **'દીક્ષા છોડી દેનારનું કે કાળધર્મ પામેલા જીવનું ચારિત્ર નાશ પામે છે, વારંવાર પાઠ ન કરનારનું શ્રુત નાશ પામે છે, પણ વૈયાવચ્ચથી બાંધેલું (પુણ્યાનુબંધિ) પુણ્ય • કર્મ નાશ પામતું નથી.''** *(૧૬૬) જેવી રીતે* ભ્રમર અને ભ્રમરીઓનો સમૂહ પુષ્પરસનું પાન કરવાની લોલુપતાથી ખીલેલાં પુષ્પોવાળા આમ્રવનમાં આવી પડે છે, એ જ રીતે કોઈ સાધુને માંદગી થતાં ભગવાનની આજ્ઞાને સ્વીકારનારા સાધુએ કર્મનિર્જરાનો લાભ મેળવવાની ઈચ્છાથી કોઈ પણ પ્રકારની જરા પણ માયા કર્યા વિના ગ્લાન પાસે આવવું જોઈએ. આ પ્રમાણે કરનારા સાધુથી સાધર્મિકવાત્સલ્ય કરેલું થાય છે, અને આત્મા નિર્જરામાં જોડેલો થાય છે. (૧૬૭) (૧૬)

तथा– **परोद्वेगाहेतुता ॥१७॥२६८॥ इति ।**

**परेषाम्** आत्मव्यतिरिक्तानां स्वपक्षगतानां परपक्षगतानां च गृहस्थ-पाषण्डिरूपाणा**मुद्वेगस्य** अप्रीतिरूपस्याऽ**हेतुता** अहेतुभावः, यथोक्तम् -

धम्मत्थमुज्जएणं सव्वस्सापत्तियं न कायव्वं।
*इय संजमोऽवि सेओ एत्थ य भयवं उदाहरणं ॥१६८॥*
सो तावसासमाओ तेसिं अप्पत्तियं मुणेऊणं।
परमं अबोहिबीअं तओ गओ हंतऽकाले वि ॥१६९॥

• शुभ उदयो यस्य तत् शुभोदयम् પુણ્યકર્મ ઉપાર્જન કર્યું હોય તો જ શુભ ઉદય થાય. માટે શુભોદય એટલે પુણ્ય.

इयं अन्नेण वि सम्मं सक्कं अप्पत्तियं सइ जणस्स।
नियमा परिहरियव्वं इयरम्मि सतत्तचिंता उ ॥१७०॥
(पञ्च० ११९४-५-६ पञ्चा० ७/१४-१६)

**इयरम्मि सतत्तचिंता उ** इतरस्मिन् अशक्यप्रतीकारेऽप्रीतिके **स्वतत्त्वस्य** स्वापराधरूपस्य चिन्ता कार्या, यथा -

ममैवायं दोषो यदपरभवे नार्जितमहो,
शुभं यस्माल्लोको भवति मयि कुप्रीतहृदयः ।
अपापस्यैवं मे कथमपरथा मत्सरमयं,
जनो याति स्वार्थं प्रति विमुखतामेत्य सहसा? ॥१७१॥ (          )

**બીજાઓની અપ્રીતિનું કારણ ન બનવું.** બીજાઓ એટલે પોતાનાથી બીજાઓ. બીજાઓના સ્વપક્ષમાં રહેલા અને પરપક્ષમાં રહેલા એમ બે પ્રકાર છે. • સાધુ સાધ્વીઓ સ્વપક્ષમાં રહેલા બીજાઓ છે. ગૃહસ્થો અને અન્યતીર્થિકો પરપક્ષમાં રહેલા બીજાઓ છે. બીજાઓની અપ્રીતિનું કારણ ન બનવું. કહ્યું છે કે **"ધર્મ માટે તત્પર બનેલા પ્રાણીએ કોઈ પણ જીવને અપ્રીતિ ન કરવી જોઈએ. સંયમ પણ અન્યને અપ્રીતિ ન કરવાથી કલ્યાણકર બને છે, અન્યથા નહિ".** (૧૬૮) **"તાપસોને મારાથી અપ્રીતિ થાય છે, અને એ અપ્રીતિ ગુણદ્વેષના કારણે સમ્યગ્દર્શનના અભાવનું મુખ્ય કારણ છે એમ મનઃપર્યવજ્ઞાનથી જાણીને શ્રી ભગવાન મહાવીરે પોતાના પિતાના મિત્ર કુલપતિના તાપસાશ્રમમાંથી ચોમાસામાં પણ વિહાર કર્યો."** (૧૬૯) **"શ્રી મહાવીર ભગવાનની જેમ પરલોકના અર્થી અન્ય જીવે પણ સમ્યગ્ ઉપાય કરીને સદા જીવસમૂહની શક્ય (= જેનો ત્યાગ થઈ શકે તેવી) અપ્રીતિનો ત્યાગ અવશ્ય કરવો જોઈએ. પ્રશ્ન : આપણે અપ્રીતિ થાય તેવું ન કરીએ તો પણ લોક અજ્ઞાનતા આદિના કારણે અપ્રીતિ કરે તો શું કરવું? ઉત્તરઃ લોકની અજ્ઞાનતા આદિના કારણે અપ્રીતિનો ત્યાગ કરી શકાય તેમ ન હોય ત્યારે પોતાના અપરાધની વિચારણા કરવી."**

તે આ પ્રમાણે :-

**"આ મારો જ દોષ છે. કેમ કે મેં ગતભવમાં પુણ્યનું ઉપાર્જન કર્યું નથી, જેથી લોકો**

• स्वपक्षे - श्रमण - श्रमणी रूपे परपक्षे गृहस्थेऽन्यतीर्थे वा (श्राद्ध-जीतकल्प ગાથા - ૫૧ પ્રતિસેવના પારાંચિકના વર્ણનમાં)

**મારા વિષે અપ્રીતિવાળા થાય છે. અન્યથા આ લોકો સ્વાર્થ પ્રત્યે વિમુખ બનીને (અર્થાત્ દ્વેષ કરવાથી કર્મબંધ કરવા દ્વારા પોતાના આત્મહિત પ્રત્યે વિમુખ બનીને) નિર્દોષ એવા મારા ઉપર દ્વેષ કેમ કરે?''** (૧૭૦) (૧૭)

एतदेवाह–

**भावतः प्रयत्नः ॥१८॥२८७॥ इति।**

***भावतः*** *चित्तपरिणामलक्षणात्* ***प्रयत्नः*** *परोद्वेगाहेतुतायामुद्यमः कार्यः* इति, अयमत्र भावः- यदि कथञ्चित् तथाविधप्रघट्टकवैषम्यात् कायतो वचनतो वा न परोद्वेगहेतुभावः परिहर्तुं पार्यते तदा **भावतो**ऽरुचिलक्षणात् परोद्वेगं परिहर्तुं यत्नः कार्यः, भावस्यैव फलं प्रति अवन्ध्यहेतुत्वात् । उक्तं च -
अभिसन्धेः फलं भिन्नमनुष्ठाने समेऽपि हि।
परमोऽतः स एवेह वारीव कृषिकर्मणि ॥१७२॥ (योगदृष्टि० ११८) इति ॥१८॥

**અપ્રીતિના ત્યાગ અંગે જ કહે છે :-**

**ભાવથી પ્રયત્ન કરવો.** જો તેવા પ્રકારના પ્રસંગની વિષમતાના કારણે કાયાથી કે વચનથી પરની અપ્રીતિના કારણનો ત્યાગ કરી શકાય તેમ ન હોય તો ચિત્તપરિણામ રૂપ ભાવથી અપ્રીતિ ન થાય તેનો પ્રયત્ન કરવો , અર્થાત્ મનથી બીજા પ્રત્યે અપ્રીતિ ન થાય તેનો પ્રયત્ન કરવો. કારણકે ભાવ જ ફલનું અવંધ્ય (= નિષ્ફળ ન જાય તેવું)કારણ છે. કહ્યું છે કે '' **અનુષ્ઠાન (ક્રિયા) સમાન હોવા છતાં તેવા પ્રકારના આશયથી ફલ ભિન્ન મળે છે. આથી જેવી રીતે ખેતીના કાર્યમાં પાણી પ્રધાન છે, તેવી રીતે ફલની સિદ્ધિમાં તેવા પ્રકારનો આશય મુખ્ય છે.''** (૧૮)

तथा– **अशक्ये बहिश्चारः ॥१९॥२८८॥ इति।**

**अशक्ये** कुतोऽपि वैगुण्यात् समाचरितुमपार्यमाणे तपोविशेषादौ क्वचिदनुष्ठाने बहिश्चारो बहिर्भावलक्षणः तस्मात् कार्यः, अशक्यं नारब्धव्यमित्यर्थः, अशक्यारम्भस्य क्लेशैकफलत्वेन साध्यसिद्धेरनङ्गत्वात् ॥१९॥

**અશક્ય અનુષ્ઠાનનો પ્રારંભ ન કરવો.** કોઇ પણ પ્રકારની ન્યૂનતાના (= ખામીના) કારણે વિશિષ્ટ તપ વગેરે કોઇ અનુષ્ઠાન કરવાની શક્તિ ન હોય તો તે અનુષ્ઠાનનો પ્રારંભ ન કરવો. કારણકે અશક્ય અનુષ્ઠાનનો પ્રારંભ કેવળ ક્લેશ-

ફલવાળો હોવાથી સાધ્યની સિદ્ધિનું કારણ નથી. (૧૯)

तथा– **अस्थानाभाषणम् ॥२०॥२८९॥ इति ।**

**अस्थाने** भाषितोपयोगायोग्यत्वेनाप्रस्तावे **अभाषणं** कस्यचित् कार्यस्याभणनम्, एवमेव साधोर्भाषासमितत्वशुद्धिः स्यादिति ॥२०॥

**અવસર વિના કોઈ પણ કામ માટે ન બોલવું.** કારણકે અવસર વિના બોલેલામાં ઉપયોગની યોગ્યતા હોતી નથી , અર્થાત્ અવસર વિના બોલેલું કામમાં આવતું નથી = નકામું જાય છે. અવસર વિના ન બોલવાથી જ સાધુની ભાષાસમિતિની શુદ્ધિ થાય છે. (૨૦)

तथा– **स्खलितप्रतिपत्तिः ॥२१॥२९०॥ इति ।**

कुतोऽपि तथाविधप्रमाददोषात् **स्खलितस्य** क्वचिन्मूलगुणादावाचारविशेषे स्खलनस्य विराधनालक्षणस्य जातस्य **प्रतिपत्तिः** स्वतः परेण वा प्रेरितस्य सतोऽभ्युपगमः तत्रोदितप्रायश्चित्ताङ्गीकारेण कार्यः, स्खलितकालदोषाद् अनन्तगुणत्वेन दारुणपरिणामत्वात् तदप्रतिपत्तेः, अत एवोक्तम् -

उप्पण्णा उप्पण्णा माया अणुमग्गओ निहंतव्वा।
आलोअणनिंदणगरिहणाहि न पुणो वि बीयं ति ॥१७३॥ (पञ्चव० ४६४)
अणायारं परक्कम्म नेव गूहे न निण्हवे।
सुई सया वियडभावे असंसत्ते जिइंदिए ॥१७४॥ (दशवै० ८/३२) ॥२१॥

**અપરાધનો સ્વીકાર કરવો.** તેવા પ્રકારના કોઇ પણ પ્રમાદદોષથી મૂલગુણ વગેરે કોઈ પણ આચાર વિશેષમાં વિરાધના થઇ જાય તો તેનો સ્વીકાર કરવો, પોતાની મેળે અપરાધનો સ્વીકાર કરવો અથવા બીજાઓ (તારાથી આ અપરાધ થયો છે માટે તું તેનો સ્વીકાર એમ) પ્રેરણા કરે ત્યારે અપરાધનો સ્વીકાર કરવો. અપરાધનો સ્વીકાર કરવો એટલે અપરાધમાં જે પ્રાયશ્ચિત્ત કહ્યું હોય તે પ્રાયશ્ચિત્તનો સ્વીકાર કરવો. કારણકે વિરાધના (= ભૂલ)થાય ત્યારે જે દોષ લાગે તેના કરતાં તેનો સ્વીકાર ન કરવાથી અનંતગુણો દોષ લાગે છે, માટે વિરાધનાનો સ્વીકાર ન કરવાથી ભયંકર પરિણામ આવે છે. આથી જ કહ્યું છે કે **"(પાપની આલોચના માયા વિના કરવી જોઈએ. આથી) અશુભકર્મના ઉદયથી માયા ઉત્પન્ન**

**થઈ ન થઈ કે તરત જ શુભ પુરુષાર્થ કરીને તેનો નાશ કરવો જોઈએ. માયાને દૂર કરીને આલોચના - નિંદા - ગર્હાથી પાપનો નાશ કરવો જોઈએ અને ફરી તે પાપ (ભાવથી) ન કરવું જોઈએ." (૧૭૩) "અકલુષિતમતિવાળો, સદા પ્રગટ પ્રભાવવાળો (= દંભ ન કરનાર), ક્યાંય આસક્તિ ન રાખનાર, અને જિતેંદ્રિય સાધુ સાવદ્ય યોગનું આસેવન કરીને ગુરુની પાસે આલોચના કરે અને તેમાં ગૂહન અને નિહ્નવ ન કરે. ગૂહન એટલે કંઈક કહેવું અને બાકીનું છૂપાવવું. નિહ્નવ એટલે દોષનો સર્વથા અપલાપ કરવો = દોષને સર્વથા છૂપાવવો, કોઈ કહે તો પણ દોષનો સર્વથા સ્વીકાર જ ન કરવો." (૧૭૪) (૨૧)**

तथा– **पारुष्यपरित्यागः ॥२२॥२९१॥ इति।**

**पारुष्यस्य** तीव्रकोपकषायोदयविशेषात् परुषभावलक्षणस्य तथाविधभाषणादेः स्वपक्ष-परपक्षाभ्यामसंबन्धयोग्यताहेतोः **परित्यागः** कार्यः, अपारुष्यरूपविश्वासमूलत्वात् सर्वसिद्धीनाम्, यदुच्यते -

सिद्धेर्विश्वासिता मूलं यद्यूथपतयो गजाः।
सिंहो मृगाधिपत्येऽपि न मृगैरनुगम्यते ॥१७५॥ (          ) इति ॥२२॥

**કઠોરતાનો ત્યાગ કરવો.** તીવ્ર ક્રોધ કષાયના ઉદયથી તેવા પ્રકારના (કઠોર) વચનો બોલવા આદિ કઠોરતાનો અત્યંત ત્યાગ કરવો. કઠોરતા સ્વપક્ષ અને પરપક્ષની સાથેનો સંબંધ બગડી જવામાં = તૂટી જવામાં કારણ છે. • અકઠોરતા રૂપ વિશ્વાસ સર્વસિદ્ધિઓનું મૂળ છે, આથી કઠોરતાનો ત્યાગ કરવો જોઈએ. કહ્યું છે કે - **"સિદ્ધિનું મૂળ વિશ્વાસ છે. કારણકે હાથીઓ યૂથપતિ છે. (એથી હાથીની પાછળ હાથીઓ ચાલતા હોય છે.) સિંહ પશુઓનો અધિપતિ હોવા છતાં પશુઓ તેની પાછળ ચાલતા નથી."** (સારાંશઃ- હાથી કઠોર ન હોવાથી હાથીઓને વિશ્વાસ હોય છે કે આ અમને મારી નહીં નાખે. આથી હાથીઓ હાથીની પાછળ ચાલે છે. સિંહ કઠોર હોવાથી પશુઓને સિંહ ઉપર તેવો વિશ્વાસ રહેતો નથી, અને તેથી સિંહ પશુઓનો અધિપતિ હોવા છતાં પશુઓ સિંહની પાછળ ચાલતા નથી.) (૨૨)

• અકઠોરતા વિશ્વાસનું કારણ છે. આમ છતાં કારણમાં કાર્યના ઉપચારથી અહીં અકઠોરતાને જ વિશ્વાસ કહેલ છે.

## सर्वत्रापिशुनता ॥२३॥२९२॥ इति।

**सर्वत्र** स्वपक्षे परपक्षे च परोक्षं दोषाणामनाविष्करणम्, परदोषग्राहितायां हि आत्मैव दोषवान् कृतः स्यात्, पठ्यते च -

लोओ परस्स दोसे हत्थाहत्थिं गुणे य गिण्हंतो।

अप्पाणमप्पणो च्चिय कुणइ सदोसं च सगुणं च ॥१७६॥ ( ) ॥२३॥

**બધા સ્થળે પૈશૂન્યનો ત્યાગ કરવો.** બધા સ્થળે એટલે સ્વપક્ષમાં અને પરપક્ષમાં. (સાધુ - સાધ્વીઓ સ્વપક્ષ છે અને ગૃહસ્થો તથા અન્યતીર્થિકો પરપક્ષ છે.) પૈશૂન્ય એટલે પરોક્ષમાં અન્યના દોષો પ્રગટ કરવા, અર્થાત્ ચાડી - ચુગલી કરવી. પરના દોષોને પકડવાથી (= જોવાથી) આત્મા જ દોષવાળો થાય. કહ્યું છે કે - **"બીજાના દોષોને • હાથોહાથ ગ્રહણ કરતો લોક જાતે જ આત્માને દોષવાળો કરે છે. બીજાના ગુણોને હાથોહાથ ગ્રહણ કરતો લોક આત્માને ગુણવાળો કરેછે."** (૨૩)

तथा- **विकथावर्जनम् ॥२४॥२९३॥ इति।**

**विकथानां** स्त्री-भक्त-देश-राजगोचराणां स्वभावत एवाकुशलाशयसमुन्मीलननिबन्धनानां **वर्जनम्,** एतत्कथाकरणे हि कृष्ण-नीलाद्युपाधिरिव स्फटिकमणिरात्मा कथ्यमानस्त्र्यादिचेष्टानामनुरूपतां प्रतिपद्यते ॥२४॥

**સ્ત્રીકથા, ભક્તકથા, દેશકથા અને રાજકથા એ ચાર વિકથાનો ત્યાગ કરવો.** વિકથા સ્વભાવથી જ અશુભ આશયને પ્રગટ થવાનું કારણ છે, અર્થાત્ વિકથા કરવાથી સ્વભાવથી જ અશુભ આશય પ્રગટે છે. જેવી રીતે સ્ફટિકમણિમાં કાળુંવસ્ત્ર,લીલુંવસ્ત્ર વગેરે જેવી ઉપાધિ હોય તેવું સ્ફટિકમણિ બની જાય છે તે રીતે વિકથા કરવામાં આત્મા સ્ત્રી વગેરે જેની કથા કરાતી હોય તેની ચેષ્ટાની સમાનતાને પામે છે, અર્થાત્ તેના અધ્યવસાયવાળો બની જાય છે. (૨૪)

तथा- **उपयोगप्रधानता ॥२५॥२९४॥ इति ।**

**उपयोगः प्रधानं** पुरस्सरः सर्वकार्येषु यस्य स तथा, तस्य भावस्तत्ता विधेया,

• એકના હાથમાંથી બીજાના હાથમાં આવે તે હત્થાહત્થિ = હાથોહાથ. અહીં दण्डादण्डि જેવો અવ્યયીભાવ સમાસ છે.

निरुपयोगानुष्ठानस्य द्रव्यानुष्ठानत्वात्, अनुपयोगो द्रव्यम् ( ) इति वचनात् ॥२५॥

**ઉપયોગની પ્રધાનતા રાખવી,** અર્થાત્ સર્વ કાર્યો ઉપયોગ પૂર્વક કરવા. કારણકે ''ઉપયોગનો અભાવ દ્રવ્ય છે'' એવું શાસ્ત્રવચન હોવાથી ઉપયોગરહિત અનુષ્ઠાન દ્રવ્ય અનુષ્ઠાન છે. (૨૫)

तथा– **निश्चितहितोक्तिः ॥२६॥२९५॥ इति।**

**निश्चितस्य** संशय-विपर्यया-ऽनध्यवसायबोधदोषपरिहारेण निर्णीतस्य **हितस्य** च परिणामसुन्दरस्**योक्तिः** भाषणम्, अत एव पठ्यते -

कुदृष्टं कुश्रुतं चैव कुज्ञातं कुपरीक्षितम्।
कुभावजनकं सन्तो भाषन्ते न कदाचन ॥१७७॥ ( ) ॥२६॥

**નિશ્ચિતહિત કહેવું,** અર્થાત્ • સંશય, વિપર્યય અને અનધ્યવસાય બોધ રૂપ દોષનો ત્યાગ કરીને નિશ્ચિત કરેલું અને પરિણામે સુંદર એવું હિત કહેવું. આથી જ કહ્યું છે કે - **''બરોબર નહિ જોયેલું, બરાબર નહિ સાંભળેલું, બરાબર નહિ જાણેલું બરાબર ચોક્કસ નહિ કરેલું અને દુષ્ટ ભાવોને ઉત્પન્ન કરે તેવું સજ્જનો ક્યારેય બોલતા નથી.''** (૨૬)

**प्रतिपन्नानुपेक्षा ॥२७॥२९६॥ इति।**

**प्रतिपन्नस्य** अभ्युपगतस्य गुरुविनय - स्वाध्यायादेः साधुसमाचारविशेषस्**यानुपेक्षा** अनवधीरणा, अवधीरितो हि समाचारो जन्मान्तरेऽपि दुर्लभः स्यात् ॥२७॥

**સ્વીકારેલાની ઉપેક્ષા ન કરવી.** સ્વીકારેલા ગુરુવિનય અને સ્વાધ્યાય વગેરે સાધુના આચારવિશેષની ઉપેક્ષા = અવજ્ઞા ન કરવી. અવજ્ઞા કરાયેલ આચાર ભવાંતરમાં પણ દુર્લભ બને. (૨૭)

तथा– **असत्प्रलापाश्रुतिः ॥२८॥२९७॥ इति ।**

**असतां** खलप्रकृतीनां **प्रलापा** अनर्थकवचनरूपा असत्प्रलापाः तेषामश्रुतिः अनवधारणम्, श्रुतिकार्यद्वेषाकरणेन अनुग्रहचिन्तनेन च, यथोक्तम् -

• સંશય વગેરે ત્રણ શબ્દોનો અર્થ પહેલા અધ્યાયના બાવીસમા સૂત્રમાં ટીપણીમાં જણાવ્યો છે.

निराकरिष्णुर्यदि नोपलभ्यते भविष्यति क्षान्तिरनाश्रया कथम्? ।
यदाश्रयात् क्षान्तिफलं मयाऽऽप्यते स सत्कृतिं • कामिव नाम नार्हति ।।१७८।। (      )
।।२८।।

**લુચ્ચા પુરુષોના નિરર્થક વચનરૂપ અસત્પ્રલાપોને ન સાંભળવા** = અસત્પ્રલાપો ઉપર લક્ષ ન આપવું. **પ્રશ્ન :** અસત્પ્રલાપો ઉપર લક્ષ ન આપવા શું કરવું? **ઉત્તર :** અસત્પ્રલાપોના શ્રવણનું કાર્ય જે દ્વેષ તે ન કરવો, અર્થાત્ અસત્પ્રલાપો કરનાર ઉપર દ્વેષ ન કરવો, અને (મારા શુભ કર્મોની નિર્જરામાં નિમિત્ત બનતો હોવાથી મારો ઉપકારી છે એમ) એના ઉપકારનું ચિંતન કરવું. કહ્યું છે કે - **"જો અનાદર કરનાર કોઈ ન મળે તો આશ્રય રહિત બનેલી ક્ષમા કેવી રીતે રહે ? જે (= અનાદર કરનાર) આશ્રયથી મને ક્ષમાનું ફળ (કર્મનિર્જરા વગેરે) મળે છે તે ખરેખર! ક્યા સત્કારને યોગ્ય નથી ? અર્થાત્ સર્વપ્રકારના સત્કારને યોગ્ય છે. (સત્કારને યોગ્ય હોવાથી તેના ઉપર દ્વેષ કેમ કરાય?)** (૨૮)

तथा– **अभिनिवेशत्यागः ।।२९।।२९८।। इति ।**

**अभिनिवेशस्य** मिथ्याग्रहरूपस्याऽप्रज्ञापनीयतामूलबीजस्य सर्वकार्येषु त्याग इति ।।२९।।

**મિથ્યા આગ્રહરૂપ અભિનિવેશનો સર્વકાર્યોમાં ત્યાગ કરવો.** અભિનિવેશ અપ્રજ્ઞાપનીયતાનું મુખ્ય બીજ છે. (પ્રજ્ઞાપનીયતા એટલે બીજાઓ સાચું સમજાવી શકે તેવી યોગ્યતા. અપ્રજ્ઞાપનીયતા એટલે બીજાઓ સાચું સમજાવી શકે તેવી યોગ્યતાનો અભાવ. જેનામાં અપ્રજ્ઞાપનીયતા હોય તેનામાં બીજાઓ સાચું સમજાવી શકે તેવી યોગ્યતાનો અભાવ હોવાથી તેને બીજાઓ સાચું સમજાવી શકે નહિ. આવી અપ્રજ્ઞાપનીયતાનું મુખ્ય કારણ અભિનિવેશ છે. અભિનિવેશવાળા જીવને ગીતાર્થો પણ સાચી વાત સમજાવી શકે નહિ. માટે અભિનિવેશનો સર્વ કાર્યોમાં ત્યાગ કરવો. ) (૨૯)

• અહીં सत्कृतिं कर्म च नार्हति એવો પાઠ પણ છે. આ પાઠના આધારે અનુગ્રહ શબ્દનો અર્થ કરુણા કરવો. એથી તેનો અર્થ આ પ્રમાણે થાય - તે સત્કારને અને (સારાં) કાર્યો કરવાને યોગ્ય હોતો નથી. આથી તે બિચારાનું શું થશે ? આમ તેની દયા ચિંતવવી.

तथा- **अनुचिताग्रहणम् ॥३०॥२९९॥ इति।**

**अनुचितस्य** साधुजनाचारबाधाविधायितयाऽयोग्यस्य अशुद्धपिण्ड-शय्या-वस्त्रादेर्धर्मोपकरणस्य बाल-वृद्ध-नपुंसकादेश्चाप्रव्राजनीयस्य **अग्रहणम्** अनुपादानं कार्यमिति। यथोक्तम् -

पिंडं सेज्जं च वत्थं च चउत्थं पायमेव य।
अकप्पियं न इच्छेज्जा पडिगाहेज्ज कप्पियं ॥१७९॥ (दशवै० ६.४७)
अट्ठारस पुरिसेसुं वीसं इत्थीसु दस नपुंसेसु।
पव्वावणाअणरिहा पन्नत्ता वीयरागेहिं॥१८०॥ ते चामी-
बाले१ वुड्ढे२ नपुंसे ३ य जड्डे ४ कीवे ५ य वाहिए ६।
तेणे ७ रायावगारी ८ य उम्मत्ते ९ य अदंसणे ॥१८१॥
दासे ११ दुट्ठे १२ य मूढे १३ य अणत्ते १४ जुंगिए १५ इय।
ओबद्धए १६ य भयगे १७ सेहनिप्फेडिया १८ इय ॥१८२॥
गुव्विणी बालवच्छा य पव्वावेउं न कप्पइ ॥१८३॥ (निशीथ ०) त्ति ॥ तथा -
पंडे १ कीवे २ वाइय ३ कुंभी ४ ईसालु ५ सउणी य ६।
तक्कम्मसेवि ७ पक्खियमपक्खिए ८ तह सुगंधि ९ आसित्ते १० ॥१८४॥ (निशीथ०) त्ति।
एतत्स्वरूपं च **निशीथा**ध्ययनात् ज्ञातव्यम् ॥३०॥

**અયોગ્યનો સ્વીકાર ન કરવો.** સાધુજનના આચારમાં બાધા કરનાર હોવાના કારણે જે અયોગ્ય હોય તે અશુદ્ધ આહાર-શય્યા-વસ્ત્ર આદિ ધર્મોપકરણનો અને દીક્ષા આપવાને અયોગ્ય બાલ-વૃદ્ધ-નપુંસક આદિનો સ્વીકાર ન કરવો. કહ્યું છે કે - **"આહાર, વસતિ, વસ્ત્ર અને ચોથું પાત્ર એ ચાર અકલ્પનીય (= અયોગ્ય) ન ઈચ્છે, કલ્પનીય ગ્રહણ કરે".**

"પુરુષોમાં અઢારને, સ્ત્રીઓમાં વીસને અને નપુંસકોમાં દશને વીતરાગ ભગવંતોએ દીક્ષા આપવાને અયોગ્ય કહ્યા છે." (૧૮૦) તે આ છે :-

**"બાલ, વૃદ્ધ, નપુંસક, જડ્ડ, ક્લીબ, રોગી, ચોર, રાજાનો અપકારી, ઉન્મત્ત, અદર્શન, દાસ, દુષ્ટ, મૂઢ, દેવાદાર, જુંગિત, અવબદ્ધક, ભૃતક અને શૈક્ષનિસ્ફેટિકા આ અઢાર પુરુષો દીક્ષા આપવાને અયોગ્ય છે." (૧૮૧-૧૮૨) "ઉક્ત અઢાર દોષો સ્ત્રીના પણ સમજવા. વધારામાં સગર્ભા અને સબાલવત્સા સ્ત્રી દીક્ષા**

**આપવાને માટે અયોગ્ય છે." (૧૮૩) પંડક, વાતિક, ક્લીબ, કુંભી, ઈર્ષ્યાલુ, શકુનિ, તત્કર્મસેવી, પાક્ષિકાપાક્ષિક, સૌગન્ધિક અને આસક્ત આ દશ નપુંસકો દીક્ષા આપવાને અયોગ્ય છે." (૧૮૪)**

આનું સ્વરૂપ નિશીથ અધ્યયનથી જાણી લેવું.

(૧) **બાલ:-** જન્મથી આરંભી આઠ વર્ષ સુધી બાળક કહેવાય. બાળક સાધિક નવ મહિના ગર્ભમાં પસાર કરે છે. જન્મ થયા પછી પણ આઠ વર્ષ સુધી દીક્ષા ન પામે. કારણ કે આઠ વર્ષથી ઓછી ઉંમરવાળા બધાયને તેવા પ્રકારના સ્વભાવથી જ દેશવિરતિ કે સર્વવિરતિની પ્રાપ્તિ થતી નથી. કેટલાકો ગર્ભથી આઠમા વર્ષવાળાને પણ દીક્ષાની પ્રાપ્તિ થાય એમ માને છે.

**પ્રશ્ન :** આમ કહેવાથી તો સૂત્રની સાથે વિરોધ આવે છે. કારણ કે **"છમાસની વયવાળા, છકાયમાં યતનાવાળા અને અષ્ટ પ્રવચનમાતાથી યુક્ત એવા શ્રીવજ્રસ્વામીને હું વંદન કરું છું."** એવો શાસ્ત્રપાઠ છે. **ઉત્તર :** બાલ્યાવસ્થામાં પણ શ્રી વજ્રસ્વામીને ભાવથી થયેલી ચારિત્રની પ્રાપ્તિ આશ્ચર્યભૂત છે અને ક્યારેક બનનારી છે.

**પ્રશ્ન :** આઠવર્ષથી ઓછી ઉંમરના બાળકને દીક્ષા ન આપવાનું કારણ શું? **ઉત્તર :** આઠ વર્ષથી ઓછી ઉંમરવાળાને દીક્ષા આપવામાં દીક્ષિત પરાભવનું પાત્ર બને છે, પ્રાયઃ તેને ચારિત્રના પરિણામ થતા નથી. બાળકને દીક્ષા આપવામાં સંયમ-વિરાધના વગેરે દોષો લાગે. કારણ કે લોઢાના ગોળા સમાન બાળક જ્યાં જ્યાં ફરે ત્યાં ત્યાં અજ્ઞાની હોવાના કારણે છ જીવનિકાયના વધ માટે થાય છે. તથા આ સાધુઓ નિર્દય છે કે જેથી આ પ્રમાણે બાળકોને પણ બલાત્કારે દીક્ષાની જેલમાં નાખીને તેમની સ્વતંત્રતાનો નાશ કરે છે, એ પ્રમાણે લોકનિંદા થાય. માતાને ઉચિત એવી બાળકની પરિપાલના વગેરે ક્રિયા કરવામાં સ્વાધ્યાયનો પલિમંથ (= હાનિ) થાય.

(૨) **વૃદ્ધ:-** ૭૦ વર્ષ પછી વૃદ્ધ કહેવાય. બીજાઓ કહે છે કે- ૭૦ વર્ષ પહેલાં પણ ઈંદ્રિયોની હાનિ જોવામાં આવતી હોવાથી ૬૦ વર્ષ પછી વૃદ્ધ કહેવાય. વૃદ્ધની સમાધિ કરવી દુઃશક્ય છે. કહ્યું છે કે - **"વૃદ્ધ ઊંચા આસને બેશવાની ઈચ્છા કરે, વિનય ન કરે, ગર્વ કરે, માટે વાસુદેવનો પુત્ર હોય તો પણ વૃદ્ધને દીક્ષા ન આપવી."**

વૃદ્ધની આ વ્યાખ્યા સો વર્ષના આયુષ્યની અપેક્ષાએ જાણવી. તે સિવાય તો જે કાલે જે ઉત્કૃષ્ટ આયુષ્ય હોય તેના દશ ભાગ કરીને આઠમા, નવમા અને દશમા ભાગમાં વર્તમાનને વૃદ્ધ જાણવો.

(૩) **નપુંસકઃ**- અહીં સ્ત્રી-પુરુષ ઉભયનો અભિલાષી અને પુરુષની આકૃતિવાળો પુરુષ નપુંસક જાણવો. તે ઘણા દોષોનો કરનાર હોવાથી દીક્ષાને અયોગ્ય છે.

(૪) **જડ્ડઃ**- જડ્ડના ભાષા જડ્ડ, શરીર જડ્ડ અને કરણ જડ્ડ એમ ત્રણ પ્રકાર છે. ભાષા જડ્ડ પણ જલમૂક, મન્મનમૂક અને એલકમૂક એમ ત્રણ પ્રકારે છે. જલમાં ડૂબેલાની જેમ બોબડું બોલે તો તે જલમૂક છે. જે બોલતો હોય ત્યારે જાણે ખચકાતો હોય તેમ બોલે તે મન્મનમૂક છે. જે મૂંગો હોવાના કારણે ઘેટાની જેમ અસ્પષ્ટ શબ્દ કરે તે એલકમૂક છે. જે અત્યંત સ્થૂલ હોવાના કારણે માર્ગમાં અને ભિક્ષામાં ચાલવા માટે અને વંદન વગેરે ક્રિયા કરવા માટે અસમર્થ હોય તે શરીર જડ્ડ છે. કરણ એટલે ક્રિયા. ક્રિયામાં જડ્ડ તે કરણજડ્ડ. સમિતિ, ગુપ્તિ, પ્રતિક્રમણ, પડિલેહણ, સંયમપાલન વગેરે ક્રિયાનો વારંવાર ઉપદેશ આપવા છતાં જડ્ડ હોવાના કારણે ક્રિયાને સમજી શકે નહિ તે કરણજડ્ડ છે.

ત્રણે પ્રકારનો ભાષાજડ્ડ જ્ઞાન ગ્રહણ કરવામાં અસમર્થ હોવાથી દીક્ષાને અયોગ્ય છે. શરીરજડ્ડ રસ્તે ચાલવું, આહાર - પાણી લાવવા વગેરેમાં અસમર્થ છે. તથા અતિજડ્ડને પરસેવાના કારણે બગલ વગેરેમાં દુર્ગંધ થાય. તે સ્થાનનું પાણીથી પ્રક્ષાલન વગેરે કરવામાં કીડી વગેરે જીવો (પાણીમાં) ડૂબી જાય, એથી સંયમવિરાધના થાય. તથા લોક નિંદા કરે કે - અહો ! આ બહુ ખાય છે. નહિ તો આ મુંડાયેલાઓનું શરીર આવું જાડું ન હોય. તથા તેને ઊર્ધ્વશ્વાસ થાય. સર્પ, પાણી, અગ્નિ આદિ નજીક આવતા હોય ત્યારે તે જલદી ભાગી ન શકે. આથી તેને દીક્ષા ન આપવી. કરણજડ્ડ સમજાવવા છતાં સમજી ન શકે. આથી તેને પણ દીક્ષા ન આપવી.

(૫) **ક્લીબઃ**- સ્ત્રી ભોગ માટે નિમંત્રણ કરે, અથવા અગુપ્ત અંગોવાળી સ્ત્રીના અંગોપાંગોને જોઈને અથવા સ્ત્રીઓના કામવાળા વચનોને સાંભળીને કામનો અભિલાષ થાય અને કામવેદનાને જે સહન ન કરી શકે તે પુરુષની આકૃતિવાળો પુરુષ ક્લીબ છે. તે ઉત્કટ વેદના કારણે પુરુષવેદનો ઉદય થતાં બલાત્કારે સ્ત્રીને આલિંગન વગેરે કરે. તેથી તે શાસનની અપભ્રાજના કરનારો હોવાથી દીક્ષાને માટે અયોગ્ય જ છે.

(૬) **રોગીઃ**- ભગંદર, અતિસાર, કોઢ, ખાંસી, જ્વર વગેરે રોગોથી ઘેરાયેલ દીક્ષાને યોગ્ય નથી. તેની ચિકિત્સા કરવામાં ષટ્કાયવિરાધના અને સ્વાધ્યાયાદિની

હાનિ થાય.

(૭) **ચોરઃ**- ચોર ગચ્છના વધ, બંધન અને તાડન વગેરે વિવિધ અનર્થોનું કારણ હોવાથી દીક્ષા માટે અયોગ્ય છે.

(૮) **રાજાનો અપકારીઃ**- રાજાના અપકારીને દીક્ષા આપવામાં આવે તો ગુસ્સે થયેલો રાજા સાધુઓને મારે, દેશનિકાલ કરે વગેરે અનર્થો થાય.

(૯) **ઉન્મત્તઃ**- યક્ષ વગેરેથી અથવા પ્રબલ મોહોદયથી પરાધીન બનેલો ઉન્મત્ત કહેવાય. તે દીક્ષાને અયોગ્ય છે. કારણકે યક્ષ વગેરેથી વિઘ્ન આવવાનો સંભવ રહે અને સ્વાધ્યાય, ધ્યાન અને સંયમ વગેરેમાં હાનિ થાય.

(૧૦) **અદર્શન :**- અદર્શન એટલે અંધ. દૃષ્ટિથી રહિત હોવાથી જ્યાં ત્યાં ચાલતો અંધ છજીવનિકાયની વિરાધના કરે અને વિષમ ખીલો અને કાંટા વગેરેમાં પડે. જેને દર્શન = સમ્યક્ત્વ નથી તે અદર્શન એવી વ્યુત્પત્તિથી સ્ત્યાનર્ધિનિદ્રાવાળાનો પણ આમાં સમાવેશ થાય છે. દ્વેષ પામેલો સ્ત્યાનર્ધિનિદ્રાવાળો ગૃહસ્થોને અને સાધુઓને મારે વગેરે અનર્થો કરે.

(૧૧) **દાસઃ**- ગૃહદાસીથી જન્મેલો હોય, અગર દુકાળ વગેરેમાં ધન આપીને ખરીદેલો હોય, અથવા ઋણ આદિના કારણે રોકી લીધો હોય = તાબામાં રાખ્યો હોય તે દાસ. તેને દીક્ષા આપવામાં તેનો માલિક દીક્ષા છોડાવે વગેરે દોષો થાય.

(૧૨) **દુષ્ટઃ**- દુષ્ટના કષાયદુષ્ટ અને વિષયદુષ્ટ એમ બે ભેદ છે. ઉત્કટ કષાયવાળો કષાયદુષ્ટ છે. પરસ્ત્રી આદિમાં અતિશય આસક્ત વિષયદુષ્ટ છે. દુષ્ટ અતિશય સંક્લિષ્ટ અધ્યવસાયવાળો હોવાથી દીક્ષા માટે અયોગ્ય છે.

(૧૩) **મૂઢઃ**- જે સ્નેહથી અથવા અજ્ઞાનતા વગેરેના કારણે વસ્તુ જેવા સ્વરૂપે છે તેવા સ્વરૂપે જાણવામાં શૂન્ય મનવાળો હોય તે મૂઢ છે. જ્ઞાન અને વિવેક જેનું મૂળ છે એવી જૈન દીક્ષાનો મૂઢ જીવ અધિકારી નથી. કારણકે મૂઢ અજ્ઞાન છે, કૃત્યાકૃત્યના વિવેકથી રહિત છે.

(૧૪) **દેવાદારઃ**- દેવાદારને દીક્ષા આપવામાં રાજા વગેરે તેને પકડે, ખેંચે, તેની કદર્થના કરે વગેરે દોષો થાય.

(૧૫) **જુંગિતઃ**- જુંગિતના જાતિ, કર્મ અને શરીર એમ ત્રણ ભેદ છે. ચાંડાલ વગેરે અસ્પૃશ્ય જાતિના જીવો જાતિજુંગિત છે. સ્પૃશ્ય હોવા છતાં શિકાર વગેરે નિંદ્ય કામ કરીને આજીવિકા ચલાવનારા કર્મજુંગિત છે. હાથ - પગ - કાન વગેરેથી રહિત, પાંગળા, કુબડા, ઠીંગણા, કાણા વગેરે જીવો શરીર જુંગિત છે.

ત્રણે પ્રકારના જુંગિત દીક્ષાને અયોગ્ય છે કારણકે તેમને દીક્ષા આપવાથી લોકમાં અવર્ણવાદ થાય.

(૧૬) **અવબદ્ધક :-** ધન લીધું હોય એથી અથવા વિદ્યા વગેરે લેવા માટે ''આટલા દિવસો સુધી હું તારો છું'' એ પ્રમાણે જેણે પોતાની પરાધીનતા સ્વીકારી છે તે અવબદ્ધક છે. કલહ વગેરે દોષોનો સંભવ હોવાથી તે દીક્ષાને અયોગ્ય છે.

(૧૭) **ભૃતક :-** જે ધનવાનો પાસેથી આજીવિકા માટે ધન વગેરે લેતો હોય, અને એથી • (દિવસ વગેરેના ક્રમથી) ધનવાનોની આજ્ઞા પ્રમાણે કરતો હોય તે ભૃતક (= ચાકર) કહેવાય. આ દીક્ષાને યોગ્ય નથી. કારણકે તેને દીક્ષા આપવાથી તે જેની પાસેથી આજીવિકા માટે ધન લેતો હોય તેને ઘણી અપ્રીતિ થાય.

(૧૮) **શૈક્ષનિષ્ફેટિકા :-** શૈક્ષ એટલે જેને દીક્ષા આપવાની છે તે. નિષ્ફેટિકા એટલે અપહરણ. જેને દીક્ષા આપવી છે તેનું અપહરણ કરવું તે શૈક્ષનિષ્ફેટિકા. જેને માતા - પિતા વગેરેની રજા વિના અપહરણ કરીને દીક્ષા આપવાની છે તે પણ ઉપચારથી શૈક્ષનિષ્ફેટિકા કહેવાય. તે દીક્ષાને યોગ્ય નથી. કારણકે માતા - પિતા વગેરેને કર્મબંધ થવાનો સંભવ છે. અને અદત્તાદાન વગેરે દોષોનો પ્રસંગ આવે. ★

આ પ્રમાણે દીક્ષાને અયોગ્ય પુરુષના અઢાર ભેદો કહ્યા.

હમણાં પુરુષના જે અઢાર ભેદો કહ્યા તે જ અઢાર ભેદો સ્ત્રીના પણ સમજવા. વધારામાં સગર્ભા અને સબાલવત્સા એ બે ભેદો સમજવા. સબાલવત્સા એટલે ધાવણા બાળકવાળી સ્ત્રી. આમ સ્ત્રીના વીશ ભેદો દીક્ષાને અયોગ્ય છે.

દીક્ષાને અયોગ્ય નપુંસકના દશ ભેદો આ પ્રમાણે છે :- પંડક, વાતિક, ક્લીબ, કુંભી, ઈર્ષ્યાલુ, શકુની, તત્કર્મસેવી, પાક્ષિકાપાક્ષિક, સૌગન્ધિક અને આસક્ત. આ દશ નપુંસકો નગરના મહાદાહ સમાન કામના અધ્યવસાયવાળા હોવાથી સ્ત્રી - પુરુષ ઉભયની સાથે કામસેવન કરનારા હોય છે. આથી તે સંક્લિષ્ટ ચિત્તવાળા

---

• અમુક દિવસે એક ધનવાનની આજ્ઞા પ્રમાણે કરવું, અમુક દિવસે બીજા ધનવાનની આજ્ઞા પ્રમાણે કરવું. એમ ક્રમથી અથવા અમુક દિવસો સુધી એક ધનવાનની આજ્ઞા પ્રમાણે કરવું, અમુક દિવસો સુધી બીજા ધનવાનની આજ્ઞા પ્રમાણે કરવું એમ ક્રમથી.

★ માતા - પિતા વગેરેની રજા વિના દીક્ષા ન આપવાનો નિયમ ૧૬ વર્ષથી ઓછી ઉંમરવાળા માટે છે. ૧૬ વર્ષ અને તેથી અધિકવયવાળાને આ ગ્રંથના ચોથા અધ્યાયના ૨૩મા વગેરે સૂત્રોમાં કહેલી વિધિ મુજબ માતા - પિતા વગેરેની રજા વિના પણ દીક્ષા આપવાની અનુજ્ઞા છે.

હોવાથી દીક્ષાને અયોગ્ય છે.

(૧) **પંડક :-** (૧) પુરુષનો આકાર હોવા છતાં સ્વભાવ સ્ત્રીના જેવો હોય. તે આ પ્રમાણે :- તેની ગતિ પગલાઓથી આકુળ અને મંદ હોય. શંકાથી જોતો જોતો જાય. તેનું શરીર શીતલ અને કોમલ હોય. સ્ત્રીની જેમ સતત હાથતાળીઓ આપતો આપતો બોલે. અથવા પેટ પર ડાબો હાથ રાખે, આડા મૂકેલા ડાબા હાથના તળિયા ઉપર જમણા હાથની કોણી મૂકે, અને જમણા હાથના તળીયા ઉપર મુખ કરે, આવી મુદ્રા કરીને બોલે અથવા બે ભુજાઓને ઊંચી કરતો બોલે. વારંવાર કેડ ઉપર હાથ મૂકે, વસ્ત્ર ન હોય ત્યારે બે ભુજાઓથી છાતી ઢાંકે, બોલતો હોય ત્યારે વારંવાર વિલાસપૂર્વક બે ભ્રુકુટિઓને અદ્ધર ફેંકે. કેશબંધન અને વસ્ત્રપરિધાન સ્ત્રીની જેમ કરે, સ્ત્રીના આભૂષણો વગેરે પહેરવા ઉપર બહુ આદર કરે, અર્થાત્ સ્ત્રીના આભૂષણો વગેરે પહેરવા એને બહુ ગમે, સ્નાન વગેરે એકાંતમાં કરે, પુરુષોના સમુદાયમાં ભયસહિત અને શંકિત રહે, સ્ત્રીસમુદાયમાં તો નિઃશંકપણે રહે, સ્ત્રીલોકને ઉચિત રાંધવું, ખાંડવું, પિષવું વગરે કામો કરે, ઈત્યાદિ સ્ત્રીનો સ્વભાવ પંડકનું એક લક્ષણ છે. પંડકનાં બીજાં લક્ષણો આ પ્રમાણે છે :- (૨) તેનો સ્વર પુરુષ તથા સ્ત્રીની અપેક્ષાએ વિલક્ષણ હોય, (૩) શરીરના વર્ણ, ગંધ, રસ અને સ્પર્શ પુરુષ અને સ્ત્રીની અપેક્ષાએ વિલક્ષણ હોય, અર્થાત્ સ્ત્રી અને પુરુષમાં જેવા હોય તેનાથી જુદા જ પ્રકારના હોય, (૪) પુરુષલિંગ મોટું હોય, (૫) વાણી સ્ત્રીના જેવી કોમળ હોય, (૬) પેશાબ સ્ત્રીની જેમ શબ્દસહિત અને ફીણ રહિત થાય. આ છ પંડકનાં લક્ષણો છે.

(૨) **વાતિક :-** સ્વનિમિત્તથી (= પોતાની મેળે જ) અથવા બીજી કોઇ રીતે પુરુષલિંગ સ્તબ્ધ થતાં સ્ત્રીને ભોગવ્યા વિના વેદને ધારણ ન કરી શકે તે વાતિક ક્લીબ છે.

(૩) **ક્લીબ :-** ક્લીબ એટલે અસમર્થ. તેના દૃષ્ટિ, શબ્દ, આશ્લિષ્ટ અને નિમંત્રણ એમ ચાર ભેદ છે. વિપક્ષને વસ્ત્રરહિત વગેરે અવસ્થામાં રહેલ જોઈને ક્ષોભ પામે (= કામેચ્છાવાળો બને) તે દૃષ્ટિક્લીબ છે. જે સ્ત્રીના શબ્દો સાંભળીને ક્ષોભ પામે તે શબ્દ ક્લીબ છે. જે સ્ત્રીવડે આલિંગન કરાયેલો કે (અબ્રહ્મસેવન માટે) નિમંત્રણ કરાયેલો વ્રત ધારણ કરવા માટે સમર્થ ન બને તે અનુક્રમે આશ્લિષ્ટક્લીબ અને નિમંત્રણ ક્લીબ છે.

(૪) **કુંભી :-** મોહની પ્રબળતાના કારણે જેનું પુરુષલિંગ અથવા અંડકોશ

કુંભની જેમ વિકૃત બને તે કુંભીનપુંસક છે.

(૫) **ઈર્ષ્યાલુ** :- બીજાથી સેવન કરાતી સ્ત્રીને જોઇને અતિશય ઈર્ષ્યા થાય તે ઈર્ષ્યાલુનપુંસક છે.

(૬) **શકુનિ** :- વેદની પ્રબળતાના કારણે ચકલાની જેમ વારંવાર મૈથુનસેવનમાં આસક્ત બને તે શકુનિનપુંસક છે.

(૭) **તત્કર્મસેવી** :- મૈથુન સેવીને વીર્યપાત થઇ જાય ત્યારે જે વેદની પ્રબળતાને કારણે કુતરાની જેમ જીભથી ચાટવું આદિ નિંદ્યક્રિયાથી પોતાને સુખી માને તે તત્કર્મસેવી નપુંસક છે.

(૮) **પાક્ષિકાપાક્ષિક** :- જેનો મોહ શુક્લપક્ષમાં અત્યંત પ્રબળ બને અને કૃષ્ણપક્ષમાં અત્યંત અલ્પ બને તે પાક્ષિકાપાક્ષિક. (અહીં પક્ષ એટલે શુક્લપક્ષ અને અપક્ષ એટલે કૃષ્ણપક્ષ)

(૯) **સૌગન્ધિક** :- જે પોતાના લિંગને શુભગંધવાળું માનીને સુંઘે તે સૌગન્ધિક.

(૧૦) **આસક્ત** :- વીર્યપાત થઇ જવા છતાં જે સ્ત્રીનું આલિંગન કરીને તેના બગલ અને યોનિ વગેરે અંગોમાં પ્રવેશીને પડ્યો રહે તે આસક્તનપુંસક છે.

**પ્રશ્ન** : પંડક વગેરેનું જ્ઞાન કેવી રીતે થાય ? **ઉત્તર** :- તે પોતે કહે તેથી અથવા તેના મિત્ર વગેરેના કહેવાથી પંડક વગેરેનું જ્ઞાન થાય.

**પ્રશ્ન** : પુરુષના ભેદોમાં નપુંસકો કહ્યા છે અને અહીં પણ નપુંસકો કહ્યા છે, તો એ બેમાં પરસ્પર શી વિશેષતા છે ? **ઉત્તર** : પુરુષોના ભેદોમાં પુરુષની આકૃતિવાળા નપુંસકો કહ્યા છે, અને અહીં નપુંસકની આકૃતિવાળા નપુંસકો કહ્યા છે.

**પ્રશ્ન** : શાસ્ત્રમાં સોળ પ્રકારના નપુંસકો સંભળાય છે, તો અહીં દશ જ કેમ કહ્યા છે ? **ઉત્તર** : નપુંસકના સોળ ભેદોમાંથી દશ જ ભેદો દીક્ષાને અયોગ્ય હોવાથી અહીં તે દશ જ ભેદો કહ્યા છે. બાકીના છ દીક્ષાને યોગ્ય જ છે. વર્ધિતક, ચિપ્પિત, મંત્રોપહત, ઔષધોપહત, ઋષિશપ્ત અને દેવશપ્ત આ છ નપુંસકો દીક્ષાને યોગ્ય છે.

(૧) **વર્ધિતક** :- ભવિષ્યમાં રાજાના અંતઃપુરમાં મોટું સ્થાન મળે ઈત્યાદિ કારણોથી બાલ્યાવસ્થામાં જ જેના બે અંડકોશ છેદ આપીને છેદી નાખવામાં આવ્યા હોય તે વર્ધિતક નપુંસક છે.

(૨) **ચિપ્પિત :-** જન્મ થતાં જ અંગુઠો અને આંગળીઓથી જેના બે અંડકોશ મશળીને ઓગાળી નાખવામાં આવ્યા હોય તે ચિપ્પિત નપુંસક છે. આ પ્રમાણે કરવાથી આ બેનો નપુંસકવેદનો ઉદય થાય છે.

(૩) **મંત્રોપહતઃ-** મંત્રના સામર્થ્યથી જેનો પુરુષવેદ કે સ્ત્રીવેદ નાશ પામે અને એથી નપુંસક વેદનો ઉદય થાય તે મંત્રોપહત નપુંસક છે.

(૪) **ઔષધોપહતઃ-** તેવી વનસ્પતિના પ્રભાવથી જેનો પુરુષવેદ કે સ્ત્રીવેદ નાશ પામે અને એથી નપુંસકવેદનો ઉદય થાય તે ઔષધોપહત નપુંસક છે.

(૫) **ઋષિશપ્ત :-** મારા તપના પ્રભાવથી આ નપુંસક થાઓ એમ ઋષિના શાપથી જેને નપુંસકવેદનો ઉદય થાય તે ઋષિશપ્ત નપુંસક છે.

(૬) **દેવશપ્ત :-** આ નપુંસક થાઓ એમ દેવના શાપથી જેને નપુંસકવેદનો ઉદય થાય તે દેવશપ્ત નપુંસક છે. નિશીથસૂત્રમાં કહેલાં વિશેષ લક્ષણો દેખાતા હોય તો આ છ નપુંસકોને દીક્ષા આપે. (૩૦) •

तथा- **उचिते अनुज्ञापना ॥३१॥३००॥ इति।**

**उचिते** अनुचितविलक्षणे पिण्डादौ **अनुज्ञापना** अनुजानतोऽनुमन्यमानस्य स्वयमेव गुरोस्तद्‌द्रव्यस्वामिनो वा प्रयोजनम्, यथा- अनुजानीत यूयं मम ग्रहीतुमेतदिति, अन्यथा अदत्तादानप्रसङ्गात् ॥३१॥

**યોગ્ય આહાર વગેરેમાં અનુજ્ઞા માગવી.** યોગ્ય આહાર વગેરે લેવું હોય ત્યારે ગુરુની અને તે વસ્તુના માલિકની અનુજ્ઞા લઈને લેવું. જો અનુજ્ઞા વિના લેવામાં આવે તો અદત્તાદાન દોષ લાગે. સૂત્રમાં પ્રયુક્ત અનુજ્ઞાપના શબ્દ અનુજ્ઞા શબ્દનું પ્રેરક રૂપ છે. પોતાની મેળે જ અનુજ્ઞા આપતા ગુરુને અને તે વસ્તુના માલિકને ''આ વસ્તુ લેવા માટે મને અનુજ્ઞા આપો'' એમ અનુજ્ઞા આપવાની પ્રેરણા કરવી તે અનુજ્ઞાપના. (૩૧)

तथा- **निमित्तोपयोगः ॥३२॥३०१॥ इति ।**

**निमित्ते** उचिताहारादेर्ग्रहीतुमभिलषितस्य शुद्ध्यशुद्धिसूचके शकुने उपयोगकारणे

• દીક્ષાને અયોગ્ય પુરુષ, સ્ત્રી, અને નપુંસકનું અહીં કરવામાં આવેલું વિશેષ વર્ણન પ્રવચનસારોદ્ધાર ૧૦૯મા દ્વારની ટીકાના આધારે કર્યું છે.

साधुजनप्रसिद्धे, प्रवृत्ते सति गम्यते, **उपयोगः** आभोगः कार्यः, अत्र च निमित्ताशुद्धौ चैत्यवन्दनादिकुशलक्रियापूर्वकं निमित्तान्तरमन्वेषणीयम्, एवं यदा त्रीन् वारान् निमित्तशुद्धिर्न स्यात् तदा तद्दिने न तेन **किञ्चिद्** ग्राह्यम्, यदि परमन्यानीतं भोक्तव्यमिति॥३२॥

**શુકનમાં ઉપયોગ રાખવો,** અર્થાત્ યોગ્ય આહાર વગેરે લેવા જવાનું હોય ત્યારે લેવા માટે ઇચ્છેલા યોગ્ય આહાર આદિની શુદ્ધિ - અશુદ્ધિના સૂચક શુકન જોવા. તેમાં શુકન શુદ્ધ થાય તો યોગ્ય આહાર લેવા માટે જવું. શુકન અશુદ્ધ થાય તો ચૈત્યવંદન વગેરે શુભક્રિયા કરવી, અને પછી બીજા શુકન જોવા. આ રીતે ત્રણવાર શુકન શુદ્ધ ન થાય તો તે દિવસે તે સાધુએ કંઇ પણ લેવું નહિ = લેવા માટે જવું નહિ. यदि परमन्यानीतं भोक्तव्यम् = જો જરૂરી વસ્તુ બીજા લઇ આવ્યા હોય તો વાપરવી. (આહાર લઇ આવ્યા હોય તો ભોજન કરવું, વસ્ત્ર લઇ આવ્યા હોય તો વસ્ત્ર પહેરવું. એમ જે વસ્તુનો જે ઉપયોગ થતો હોય તે વસ્તુનો ઉપયોગ કરવો.) આ શુકન ઉપયોગનું કારણ છે. અહીં ઉપયોગ એટલે આહાર આદિ યોગ્ય વસ્તુ લેવા જવું. જો શુકન શુદ્ધ થાય તો આહાર આદિ યોગ્ય વસ્તુ લેવા જવાનું છે, અન્યથા નહિ. આથી શુકન ઉપયોગનું (= આહાર આદિ યોગ્ય વસ્તુ લેવા જવાનું) કારણ છે. તથા શુકન સાધુલોકમાં પ્રસિદ્ધ છે, અર્થાત્ કેવા શુકન શુદ્ધ છે અને કેવા શુકન અશુદ્ધ છે એમ સાધુ સારી રીતે જાણે છે. (૩૨)

निमित्तशुद्धावपि

**अयोग्येऽग्रहणम् ॥३३॥३०२॥ इति॥**

**अयोग्ये** उपकाराकारकत्वेनानुचिते पिण्डादाव**ग्रहणम्** अनुपादानं कार्यमिति ॥३३॥

**અયોગ્ય આહાર વગેરે ન લેવું.** શુકન શુદ્ધ થયા હોય તો પણ જે આહાર વગેરે ઉપકાર કરનાર ન હોવાથી અયોગ્ય હોય તે આહાર વગેરે ન લેવું. (૩૩)

तथा– **अन्ययोग्यस्य ग्रहः ॥३४॥३०३॥ इति।**

**अन्यस्य** आत्मव्यतिरिक्तस्य गुरु-ग्लान-बालादेः यद् **योग्यम्** उपष्टम्भकत्वेनोचितं तस्य **ग्रहो** विधेय इति ॥३४॥

**અન્યને યોગ્ય (આહાર વગેરે) લેવું.** પોતાના સિવાય બીજા ગુરુ, ગ્લાન

અને બાળ વગેરેને મદદરૂપ હોવાના કારણે જે (આહાર વગેરે) યોગ્ય હોય તેનું ગ્રહણ કરવું. (૩૪)

एवं च गृहीतस्य किं कार्यमित्याह–

**गुरोर्निवेदनम् ॥३५॥३०४॥ इति।**

हस्तशताद् बहिर्गृहीतस्येर्याप्रतिक्रमण-गमना-ऽऽगमनालोचनापूर्वकं हस्तशतमध्ये तु एवमेव **गुरोः निवेदनं** दायकहस्तमात्रव्यापारप्रकाशनेन लब्धस्य ज्ञापनं समर्पणं च कार्यमिति ॥३५॥

**ઉક્ત રીતે મેળવેલી વસ્તુનું શું કરવું તે કહે છે :-**

**ગુરુને નિવેદન કરવું.** જો સો હાથથી દૂર જઈને વસ્તુ લીધી હોય તો ઈર્યાપથિકી પ્રતિક્રમણ કરીને ગમણાગમણે આલોવવા પૂર્વક અને જો સો હાથની અંદર વસ્તુ લીધી હોય તો ઈર્યાપથિકી પ્રતિક્રમણ વગેરે કર્યા વિના એમ જ ગુરુને નિવેદન કરવું. નિવેદન કરવું એટલે આપનારના માત્ર હાથના વ્યાપારને કહીને, અર્થાત્ આપનારે કેવા હાથથી આપ્યું ઈત્યાદિ કહીને મેળવેલી વસ્તુ ગુરુને જણાવવી અને સમર્પિત કરવી. (૩૫)

अत एव-

**स्वयमदानम् ॥३६॥३०५॥**

**स्वयम्** आत्मनाऽ**दानं** लब्धस्यान्यस्मै अवितरणम्, गुर्वायत्तीकृतत्वात् तस्य ॥३६॥

**મેળવેલી વસ્તુ જાતે બીજાને ન આપવી.** મેળવેલી વસ્તુ જાતે જ બીજાને ન આપવી. કારણકે તે વસ્તુ ગુરુને આધીન કરી દીધી હોય છે. (૩૬)

ततो यदि गुरुः स्वयमेव कस्मैचित् बालादिकाय किञ्चिद् दद्यात् तत् सुन्दरमेव, अथ कुतोऽपि व्यग्रतया न स्वयं ददाति किन्तु तेनैव दापयति तदा–

**तदाज्ञया प्रवृत्तिः ॥३७॥३०६॥ इति ।**

***तस्य*** *गुरोराज्ञया* निरोधेण **प्रवृत्ति**र्दाने कार्या ॥३७॥

**મેળવેલી વસ્તુ ગુરુને સમર્પિત કરી દીધી હોવાથી જો ગુરુ પોતે જ બાળ**

**વગેરે કોઈકને કંઈક આપે તો સારું છે. હવે જો કોઈક કારણથી ગુરુ વ્યગ્ર હોવાના કારણે જાતે જ ન આપે, પણ લાવનાર દ્વારા જ અપાવે તો શું કરવું તે કહે છે :-**
ગુરુની આજ્ઞાથી બીજાને આપવામાં પ્રવૃત્તિ કરવી, અર્થાત્ બીજાને આપવું. (૩૭)

तत्र च -

## उचितच्छन्दनम् ॥३८॥३०७॥ इति ।

**उचितस्य** समानसंभोगस्य बालादेः साधोः, न पुनरन्यस्य, तं प्रति दानानधिकारितत्वात् तस्य, **छन्दनं** छन्दस्य अभिलाषस्य अन्नादिग्रहणं प्रत्युत्पादनं कार्यम् ॥३८॥

**બીજાને આપવામાં શું કરવું તે કહે છે :-**

**છંદના કરવા માટે જે યોગ્ય હોય તેને છંદના કરવી.** સમાન સંભોગવાળા બાલ વગેરે સાધુ છંદના કરવા માટે યોગ્ય છે. જેની સાથે ભોજન આદિનો વ્યવહાર હોય તે સમાન સંભોગવાળા છે. સમાન સંભોગવાળા બાલ વગેરે સિવાય બીજાને છંદના ન કરવી. કારણકે સમાન સંભોગવાળા બાલ સિવાય બીજાને આપવાનો તેને અધિકાર નથી. છંદના કરવી એટલે આહાર વગેરે લેવાની ઈચ્છા ઉત્પન્ન કરવી. (અર્થાત્ આહાર વગેરે લેવાની વિનંતિ કરવી. વિનંતિ કરવાથી એમની આહાર લેવાની ઈચ્છા થાય તો આહાર વગેરે આપવું. કારણકે લેવાની ઈચ્છા વિના આપવાનો નિષેધ છે.) (૩૮)

ततो दत्तावशिष्टस्यान्नादेः

## धर्मायोपभोगः ॥३९॥३०८॥ इति।

**धर्माय** धर्माधारशरीरसंधारणद्वारेण धर्मार्थमेव च, न पुनः शरीरवर्ण-बलाद्यर्थमपि, **उपभोगः** उपजीवनम्, तथा चार्षम् -
वेयण १ वेयावच्चे २ इरियट्ठाए ३ य संयमट्ठाए ४।
तह पाणवत्तियाए ५ छट्ठं पुण धम्मचिंताए ६ ॥१८५॥ (उत्तरा० २६/३३) ॥३९॥

**આપ્યા પછી વધેલા આહારનું શું કરવું તે કહે છે :-**

**ધર્મ માટે ઉપભોગ કરવો.** બીજાને આપીને વધેલા આહારનો ધર્માધાર એવું શરીર સારી રીતે ધારણ કરી શકાય, અને એનાથી ધર્મ કરી શકાય એ માટે જ ઉપયોગ કરવો, નહિ કે શરીરવર્ણ અને શરીરબલ વગેરે માટે પણ. આ વિષે ઋષિઓએ કહ્યું છે કે '**ક્ષુધાવેદનાશમન, વૈયાવચ્ચ, ઈર્યાસમિતિ, સંયમ, પ્રાણ અને**

**ધર્મચિંતા આ છ કારણોથી સાધુ ભોજન કરે.''**

(ક્ષુધા સમાન કોઇ વેદના નથી. ક્ષુધાની વેદના હોય તો આર્તધ્યાન વગેરે થવાનો સંભવ છે. આથી ક્ષુધાની વેદનાને શમાવવા સાધુ ભોજન કરે. ભૂખથી પીડાતો સાધુ વૈયાવચ્ચ ન કરી શકે. વૈયાવચ્ચ નિર્જરાનું પ્રબળ કારણ હોવાથી વૈયાવચ્ચ કરવું જોઇએ. આથી વૈયાવચ્ચ થઈ શકે એ માટે સાધુ ભોજન કરે. ભોજન વિના ઈર્યાસમિતિનું પાલન ન કરી શકે, પ્રતિલેખના વગેરે સંયમનું પાલન ન કરી શકે, પ્રાણનો નાશ થાય, ધર્મચિંતા ન કરી શકે, અર્થાત્ સૂત્રોનું પરાવર્તન (= આવૃત્તિ) અને અર્થનું સ્મરણ (= ચિંતન) કરવામાં અસમર્થ બને. આ કારણોથી સાધુ ભોજન કરે.) (૩૯)

तथा– **विविक्तवसतिसेवा ॥४०॥३०९॥ इति ।**

**विविक्तायाः** स्त्री - पशु - पण्डकविवर्जितायाः **वसतेः** आश्रयस्य **सेवा** परिभोगो विधेयः, अविविक्तायां हि वसतौ व्रतिनां ब्रह्मचर्यव्रतविलोपप्रसङ्ग इति।।४०।।

**વિવિક્ત વસતિમાં રહેવું.** વિવિક્ત એટલે સ્ત્રી - પશુ - નપુંસકથી રહિત. વસતિ એટલે રહેવા માટે આશ્રય. અવિવિક્ત વસતિમાં રહેવાથી સાધુઓના બ્રહ્મચર્યવ્રતના નાશનો પ્રસંગ આવે. (૪૦)

अत एव ब्रह्मचर्यव्रतपरिपालनाय एतच्छेषगुप्तीरभिधातुं **'स्त्रीकथापरिहारः'** इत्यादि **'विभूषापरिवर्जनम्'** इतिपर्यन्तं सूत्राष्टकमाह। तत्र

**'स्त्रीकथापरिहार : ॥४१॥३१०॥ इति ।**

स्त्रीणां कथा **स्त्रीकथा,** सा च चतुर्विधा जाति१कुल२रूप३नेपथ्य४भेदात्, तत्र **जातिः** ब्राह्मणादिका, तत्कथा यथा-

धिक् ब्राह्मणीर्धवाभावे या जीवन्ति मृता इव।
धन्याः शूद्रीर्जने मन्ये पतिलक्षेऽप्यनिन्दिताः ॥१८६॥ (      )

**कुलं** चौलुक्य-चाहुमानादि, तत्कथा-

अहो चौलुक्यपुत्रीणां साहसं जगतोऽधिकम्।
विशन्त्यग्नौ मृते पत्यौ याः प्रेमरहिता अपि ॥१८७॥ (      )

**रूपं** शरीराकारः, तत्कथा-

अहो अन्ध्रपुरन्ध्रीणां रूपं जगति वर्ण्यते।
यत्र यूनां दृशो लग्ना न मन्यन्ते परिश्रमम् ।।१८८।। (        )

**नेपथ्यं** वस्त्रादिवेषग्रहः, तत्कथा-

धिग् नारीरौदीच्या बहुवस्त्राच्छादिताङ्गलतिकत्वात्।
यद्यौवनं न यूनां चक्षुर्मोदाय भवति सदा ।।१८९।। (        )

तस्याः परिहार इति ।।४१।।

**આથી જ બ્રહ્મચર્યવ્રતના રક્ષણ માટે બ્રહ્મચર્યવ્રતની બાકીની ગુપ્તિઓને કહેવા માટે** स्त्रीकथापरिहारः **થી પ્રારંભી** विभूषापरिवर्जनम् **એ સૂત્ર સુધી આઠ સૂત્રોને કહે છે. તેમાં પહેલું સૂત્ર આ છે. :-**

**સ્ત્રીકથાનો ત્યાગ કરવો.** સ્ત્રીની કથા તે સ્ત્રીકથા. તેના જાતિ, કુલ, રૂપ અને નેપથ્ય એ ચાર ભેદોથી ચાર પ્રકાર છે. તેમાં બ્રાહ્મણ વગેરે જાતિની કથા તે જાતિ સ્ત્રીકથા. જેમ કે "**જે બ્રાહ્મણીઓ પતિના અભાવમાં મરી ગયેલીઓની જેમ જીવે છે તે બ્રાહ્મણીઓને ધિક્કાર થાઓ. લાખો પતિ કરવા છતાં નિંદિત નહિ બનનારી શૂદ્રીઓને • હું લોકમાં ધન્ય માનું છું.** ચૌલુક્ય અને ચાહુમાન વગેરે કુલની કથા તે કુલ સ્ત્રીકથા. જેમ કે "**અહો! ચૌલુક્ય પુત્રીઓનું સાહસ જગતમાં સર્વથી અધિક છે, કેમ કે ચૌલુક્ય પુત્રીઓ પતિનું મૃત્યુ થતાં પ્રેમરહિત હોવા છતાં અગ્નિમાં પ્રવેશ કરે છે.**" રૂપ એટલે શરીરનો આકાર. રૂપની કથા તે રૂપ સ્ત્રીકથા. જેમ કે "**અહો! જે રૂપમાં લીન બનેલી આંખો પરિશ્રમને માનતી નથી તે અંધ્ર દેશની સ્ત્રીઓનું રૂપ જગતમાં વખણાય છે.**" નેપથ્ય એટલે વસ્ત્ર વગેરે વેષ. વેષની કથા તે નેપથ્ય સ્ત્રીકથા. જેમ કે "**શરીરરૂપી વેલડી ઘણાં વસ્ત્રોથી ઢંકાયેલી હોવાના કારણે જેમનું યૌવન સદા યુવાનોની આંખોમાં આનંદ માટે થતું નથી તે ઉત્તર દેશની નારીઓને ધિક્કાર થાઓ.**" સાધુએ આવી સ્ત્રીકથાનો ત્યાગ કરવો. (૪૧)

## निषद्यानुपवेशनम् ।।४२।।३११।। इति ।

**निषद्यायां** स्त्रीनिवेशस्थाने पट्ट-पीठादौ मुहूर्त्तं यावत् स्त्रीषूत्थितास्वपि **अनुपवेशनं** कार्यम्, सद्य एव स्त्रीनिषद्योपवेशने साधोस्तच्छरीरसंयोगसंक्रान्तोष्मस्पर्शवशेन मनोविश्रोतसिकादोषसंभवात् ।।४२।।

• શૂદ્રી એટલે ચોથા શૂદ્રવર્ણની સ્ત્રીઓ.

**સ્ત્રીના આસને બેશવું નહિ.** આસન એટલે સ્ત્રીને બેશવાનું સ્થાન. સ્ત્રી પાટલો, આસન કે ભોંયતળિયું વગેરે જે સ્થાને બેઠી હોય તે સ્થાને સ્ત્રીના ઉઠી ગયા પછી એક મૂહુર્ત (૪૮ મિનિટ) સુધી બેસવું નહિ. કારણકે સ્ત્રીના બેસવાના સ્થાને જલ્દી બેશવામાં સ્ત્રીશરીરના સંયોગથી (સાધુના શરીરમાં) સંક્રાંત થયેલા ઉષ્ણસ્પર્શના કારણે સાધુના મનમાં કામવિકાર દોષ થવાનો સંભવ રહે છે. (સ્ત્રીએ પુરુષના આસનનો ત્રણ પ્રહર સુધી ત્યાગ કરવો. જુઓ સંબોધપ્રકરણ.) (૪૨)

## इन्द्रियाप्रयोगः ॥४३॥३१२॥ इति।

**इन्द्रियाणां** चक्षुरादीनां कथञ्चिद् विषयभावापन्नेष्वपि गुह्योरु - वदन–कक्षा-स्तनादिषु स्त्रीशरीरावयवेषु **अप्रयोगः** अव्यापारणं कार्यम्, पुनस्तन्निरीक्षणाद्यर्थं न यत्नः कार्यः ॥४३॥

**ઈંદ્રિયોને સ્ત્રીશરીરનાં અંગોમાં જોડવી નહિ.** સ્ત્રીના છાતી, વદન, બગલ અને સ્તન વગેરે ગુપ્ત રાખવા યોગ્ય અંગોમાં આંખ વગેરે ઈંદ્રિયોને જોડવી નહિ. કદાચ કોઈક રીતે એ અંગોનું નિરીક્ષણ વગેરે થઈ જાય તો ફરી નિરીક્ષણ આદિ કરવા માટે પ્રયત્ન કરવો નહિ. (૪૩)

## कुड्यान्तरदाम्पत्यवर्जनम् ॥४४॥३१३॥ इति ।

**कुड्यं** भित्तिस्त**दन्तरं** व्यवधानं यस्य तत् तथा, **दाम्पत्यं** दयिता - पतिलक्षणं युगलम्, कुड्यान्तरं च तद् दाम्पत्यं चेति समासः, तस्य **वर्जनम्,** वसतौ स्वाध्यायस्थानादौ च न तत्र स्थातव्यं यत्र कुड्यान्तरं दाम्पत्यं भवतीति ॥४४॥

**જ્યાં ભીંતના આંતરે પતિ - પત્ની રૂપ યુગલ રહેતું હોય તેવા સ્થાનનો ત્યાગ કરવો.** તેવી વસતિમાં કે તેવા સ્વાધ્યાયસ્થાન વગેરેમાં ન રહેવું કે જ્યાં ભીંતના અંતરે પતિ-પત્નીરૂપ યુગલ રહેતું હોય. (૪૪)

## पूर्वक्रीडितास्मृतिः ॥४५॥३१४॥ इति ।

**पूर्वं** प्रव्रज्याप्रतिपत्तिकालात् प्राक् **क्रीडितानां** प्रौढप्रमोदप्रदप्रमदाप्रसङ्गप्रभृति-विलसितानाम**स्मृतिः** अस्मरणम्, अयं च भुक्तभोगान् प्रत्युपदेश इति ॥४५॥

**પૂર્વે કરેલી કામક્રીડાઓનું સ્મરણ ન કરવું.** દીક્ષા લીધા પહેલાં સ્ત્રીની સાથે કરેલા અતિશય હર્ષ આપનારા મૈથુનસેવન વગેરે વિલાસોનું સ્મરણ ન કરવું. આ

ઉપદેશ ભુક્તભોગીઓ માટે છે. (૪૫)

## प्रणीताभोजनम् ॥४६॥३१५॥ इति ।

**प्रणीतस्य** अतिस्निग्धस्य गलत्स्नेहबिन्दुलक्षणस्याहारस्**याभोजनम्** अनुपजीवनमिति ॥४६॥

**પ્રણીત આહારનું ભોજન ન કરવું.** જેમાંથી ઘી - તેલ વગેરે સ્નિગ્ધદ્રવ્યના બિંદુ ટપકતા હોય તેવો આહાર પ્રણીત આહાર છે. (૪૬)

## अतिमात्राभोगः ॥४७॥३१६॥ इति ।

अप्रणीतस्याप्याहारस्**यातिमात्रस्य** द्वात्रिंशत्कवलादिशास्त्रसिद्धप्रमाणातिक्रान्त**स्याभोगः** अभोजनम् ॥४७॥

**અધિક ભોજન ન કરવું.** અપ્રણીત આહાર પણ શાસ્ત્રમાં નિશ્ચિત કરેલ બત્રીસ કોળિયા વગેરે પ્રમાણથી અધિક ન વાપરવો. (૪૭)

## विभूषापरिवर्जनम् ॥४८॥३१७॥ इति।

**विभूषायाः** शरीरोपकरणयोः शृङ्गारलक्षणायाः **परिवर्जन**मिति। एतेषां च स्त्रीकथादीनां नवानामपि भावानां मोहोद्रेकहेतुत्वात् निषेधः कृत इति ॥४८॥

**શરીર અને ઉપકરણની શૃંગારરૂપ વિભૂષાનો ત્યાગ કરવો.** આ સ્ત્રીકથા વગેરે નવેય ભાવો મોહવૃદ્ધિનું કારણ હોવાથી તેમનો નિષેધ કર્યો છે. (૪૮)

तथा–

## तत्त्वाभिनिवेशः ॥४९॥३१८॥ इति।

**तत्त्वे** सम्यग्दर्शन-ज्ञान-चारित्रानुसारिणि क्रियाकलापे **अभिनिवेशः** शक्यकोटिमागते कर्त्तुमत्यन्तादरपरता, अन्यथा तु मनःप्रतिबन्ध एव कार्यः ॥४९॥

**તત્ત્વમાં અભિનિવેશ કરવો.** અહીં સમ્યગ્દર્શન - જ્ઞાન - ચારિત્રને અનુસરનાર ક્રિયાસમૂહ તત્ત્વ છે. અભિનિવેશ એટલે જે ક્રિયાસમૂહ થઇ શકે તેમ હોય તે કરવા માટેના પ્રયત્નમાં અત્યંત તત્પર રહેવું, અર્થાત્ કરવા માટે અતિશય પ્રયત્ન કરવો, જે ક્રિયાસમૂહ થઇ શકે તેમ ન હોય તેમાં માનસિક રાગ જ કરવો.

(કરવા માટે પ્રયત્ન ન કરવો.) (૪૯)

तथा– **युक्तोपधिधारणा ॥५०॥३१९॥ इति ।**

**युक्तस्य** शास्त्रप्रसिद्धप्रमाणसमन्वितस्य लोकपरिवादाविषयस्य स्वपरयो रागानुत्पादकस्य **उपधेः** वस्त्रपात्रादिलक्षणस्य **धारणा** उपभोगः, उपलक्षणत्वात् परिभोगश्च गृह्यते, यथोक्तम् -

धारणया उवभोगो परिहरणा होइ परिभोगो ॥१९०॥

(बृहत्कल्पभाष्ये २३६७, २३७२) ॥५०॥

**યોગ્ય ઉપધિનો ઉપભોગ અને પરિભોગ કરવો.** શાસ્ત્રમાં પ્રસિદ્ધ પ્રમાણથી યુક્ત, લોકનિંદાનો વિષય ન બને તેવી, અને સ્વ - પરને રાગ ઉત્પન્ન ન કરે તેવી ઉપધિ યોગ્ય ઉપધિ છે. વસ્ત્ર - પાત્ર વગેરે ઉપધિ છે. ઉપભોગ એટલે ઉપધિ પોતાની પાસે રાખવી, અર્થાત્ ઉપધિનો ઉપયોગ ન કરવો કિંતુ જરૂર પડે ત્યારે વાપરી શકાય એ માટે પોતાની પાસે રાખવી તે ઉપભોગ. ઉપધિનો ઉપયોગ કરવો તે પરિભોગ. આ વિષે બૃહત્કલ્પમાં કહ્યું છે કે **"રાખવું તે ઉપભોગ છે અને ઉપયોગ કરવો તે પરિભોગ છે."** (૫૦)

तथा– **मूर्च्छात्यागः ॥५१॥३२०॥ इति।**

**मूर्च्छाया** अभिष्वङ्गस्य सर्वत्र बाह्येऽर्थेऽभ्यन्तरे च शरीरबलादौ वर्जनम् ॥५१॥

**મૂર્છાનો ત્યાગ કરવો.** સર્વત્ર બાહ્યપદાર્થોમાં અને શરીરબલ વગેરે અભ્યંતર પદાર્થોમાં મૂર્ચ્છાનો = રાગનો ત્યાગ કરવો. (૫૧)

तथा– **अप्रतिबद्धविहरणम् ॥५२॥३२१॥ इति।**

**अप्रतिबद्धेन** देश-ग्राम-कुलादावमूर्च्छितेन **विहरणं** विहारः कार्यः ॥५२॥

**પ્રતિબદ્ધ બન્યા વિના વિહાર કરવો.** પ્રતિબદ્ધ બન્યા વિના એટલે દેશ - ગામ - કુલ વગેરેમાં મૂર્ચ્છાવાળા બન્યા વિના. (૫૨)

तथा– **परकृतबिलवासः ॥५३॥३२२॥ इति ।**

**परैः** आत्मव्यतिरिक्तैः **कृते** स्वार्थमेव निष्पादिते बिल इव **बिले** असंस्करणीयतया उपाश्रये **वासः** ।।५३।।

**પોતાના સિવાય બીજાઓએ પોતાના માટે જ જે બિલ બનાવ્યું હોય તે બિલમાં રહેવું.** *અહીં બિલ એટલે રહેવાનો આશ્રય. જેમ બિલમાં કોઈ સંસ્કાર* કરવાના હોતા નથી તેમ અહીં સાધુને રહેવાના આશ્રયમાં કોઈ સંસ્કાર કરવાના ન હોવાથી સાધુને રહેવાના આશ્રયને બિલની ઉપમા આપી છે. (૫૩)

तथा– **अवग्रहशुद्धिः ।।५४।।३२३।। इति ।**

**अवग्रहाणां** देवेन्द्र-राज-गृहपति-शय्यातर-साधर्मिकाभाव्यभूभागलक्षणानां **शुद्धिः** तदनुज्ञया परिभोगलक्षणा कार्या ।।५४।।

**અવગ્રહોની શુદ્ધિ કરવી.** દેવેન્દ્ર, ચક્રવર્તી, રાજા, મકાનમાલિક અને સાધર્મિક એ પાંચની માલિકીની ભૂમિને અવગ્રહ કહેવામાં આવે છે. અવગ્રહની શુદ્ધિ કરવી એટલે દેવેન્દ્ર વગેરેની અનુજ્ઞા લઈને તેમની ભૂમિનો ઉપયોગ કરવો.(૧) **દેવેન્દ્ર અવગ્રહ :** અવગ્રહ એટલે માલીકિની ભૂમિ. દેવેન્દ્ર અવગ્રહ એટલે દેવેન્દ્રની માલીકિની ભૂમિ. આ પૃથ્વીના (મુખ્ય) અધિપતિ = માલિક દેવેન્દ્ર છે. માટે સાધુઓએ તેની અનુજ્ઞા લઈને આ પૃથ્વી ઉપર નિવાસ કરવો જોઈએ. (૨) **ચક્રવર્તિ - અવગ્રહ :-** જે ક્ષેત્રમાં જે વખતે જે ચક્રવર્તી હોય તે ક્ષેત્રમાં તે વખતે તે ચક્રવર્તીની માલિકી ગણાય. આથી સાધુઓએ ચક્રવર્તીની અનુજ્ઞા લઈને તેના ક્ષેત્રમાં નિવાસ કરવો જોઈએ. (૩) **રાજ - અવગ્રહ :-** જે દેશમાં જે રાજા હોય તે દેશમાં તે રાજાની માલિકી ગણાય. આથી સાધુઓએ જે દેશમાં નિવાસ કરવો હોય તે દેશના રાજાની અનુજ્ઞા લઈને તે દેશમાં નિવાસ કરવો જોઈએ. (૪) **મકાનમાલિક - અવગ્રહ :-** જે મકાન વગેરેનો જે માલિક હોય તેની રજા લઈને તે મકાન વગેરેમાં સાધુઓએ નિવાસ કરવો જોઈએ. (૫) **સાધર્મિક - અવગ્રહ:-** સાધર્મિક એટલે સમાન ધર્મવાળા. સાધુઓના સમાન ધર્મવાળા સાધુઓ છે. આથી અહીં સાધર્મિક એટલે સાધુ. સાધુઓએ જે મકાનમાં નિવાસ કરવો હોય તે મકાનમાં જો સાધુઓ હોય તો તેમની રજા લઈને નિવાસ કરવો.

આ પાંચ પ્રકારના અવગ્રહની યાચના કર્યા વિના સાધુ નિવાસ કરે તો અદત્તાદાનનો ( નહિ આપેલું લેવારૂપ ચોરીનો) દોષ લાગે. (૫૪)

## मासादिकल्पः ॥५५॥३२४॥ इति ।

**मासः** प्रतीतरूप एव, **आदि**शब्दाच्चतुर्मासी गृह्यते, ततो मासकल्पश्चतुर्मासीकल्पश्च कार्यः ॥५५॥

માસકલ્પ અને ચતુર્માસીકલ્પનું પાલન કરવું. (૫૫)

यदा तु दुर्भिक्ष-क्षितिपतिविग्रह-जङ्घाबलक्षयादिभिर्निमित्तैः क्षेत्रविभागेन मासादिकल्पः कर्त्तुं न पार्यते तदा किं कर्त्तव्यमित्याह–

## एकत्रैव तत्क्रिया ॥५६॥३२५॥ इति ।

**एकस्मिन्नेव** मासकल्पादियोग्ये क्षेत्रे वसत्यन्तरविभागेन वीथ्यन्तरविभागेन च सर्वथा निरवकाशतायां संस्तारकभूमिपरिवर्त्तेन **तत्क्रिया** मासादिकल्पक्रियेति, अत एव पठ्यते-

संथारपरावत्तं अभिग्गहं चेव चित्तरूवं तु।
एत्तो चरित्तिणो इह विहार - पडिमाइसु करंति ॥१९१॥ ( ) ॥५६॥

**જ્યારે ભિક્ષાની દુર્લભતા, રાજાઓનું યુદ્ધ, જંઘાબલનો ક્ષય વગેરે નિમિત્તોથી ક્ષેત્રના વિભાગથી માસકલ્પ અને ચતુર્માસીકલ્પ ન કરી શકાય ત્યારે શું કરવું? તે કહે છેઃ-**

**એક જ ક્ષેત્રમાં માસકલ્પ આદિનું પાલન કરવું.** બીજા ક્ષેત્રમાં જઈ ન શકાય ત્યારે માસકલ્પ આદિને યોગ્ય એક જ ક્ષેત્રમાં બીજી વસતિઓનો વિભાગ કરીને અને બીજી શેરીઓનો વિભાગ કરીને માસકલ્પ આદિનું પાલન કરવું. આમ પણ ન બની શકે, એટલે કે શેરીઓનો અને વસતિનો વિભાગ ન થઈ શકે, ત્યારે સંથારાની ભૂમિ બદલીને માસકલ્પ આદિનું પાલન કરવું. આથી જ કહ્યું છે કે - **"આથી સાધુઓ વિહાર અને પ્રતિમા વગેરેમાં સંથારાનું પરિવર્તન અને વિવિધ પ્રકારના અભિગ્રહને કરે છે."** (૫૬)

तत्र च-

## सर्वत्राममत्वम् ॥५७॥३२६॥ इति ॥

**सर्वत्र** पीठफलकादौ नित्यवासोपयोगिनि अन्यस्मिंश्**चाममत्वम्** अममीकार इति

॥૫૭॥

**સર્વત્ર મમત્વનો ત્યાગ કરવો.** નિત્યવાસમાં ઉપયોગી બાજોઠ અને પાટિયું વગેરેમાં અને અન્ય પણ વસ્તુમાં મમત્વ ન કરવો. (૫૭)

तथा-

## निदानपरिहारः ॥५८॥ ३२७ ॥ इति ।

नितरां दीयते लूयते सम्यग्दर्शनप्रपञ्चबहलमूलजालो ज्ञानादिविषयविशुद्धविनयविधिसमुद्धुरस्कन्धबन्धो विहितावदातदानादिभेदशाखोपशाखाखचितो निरतिशयसुरनरभवप्रभवसुखसंपत्तिप्रसूनाकीर्णो-ऽनभ्यर्णीकृतनिखिलव्यसनव्यालकुलशिवालयशर्मफलोल्बणो धर्मकल्पतरुरनेन सुरर्द्ध्याद्याशंसनपरिणामपरशुनेति **निदानं** तस्य **परिहारः**, अत्यन्तदारुणपरिणामत्वात् तस्य, यथोक्तम् -

यः पालयित्वा चरणं विशुद्धं करोति भोगादिनिदानमज्ञः ।
ही वर्द्धयित्वा फलदानदक्षं स नन्दनं भस्मयते वराकः ॥१८८॥ (     ) इति ॥५८॥

**નિદાનનો ત્યાગ કરવો.** જેનાથી ધર્મ રૂપ કલ્પવૃક્ષ અતિશય કપાઈ જાય તે નિદાન. દૈવીઋદ્ધિ આદિની આશંસાના પરિણામરૂપ કુહાડીથી ધર્મ રૂપ કલ્પવૃક્ષ કપાઈ જાય છે, માટે દૈવીઋદ્ધિ આદિની આશંસાના પરિણામ રૂપ કુહાડી નિદાન છે. આ ધર્મ રૂપ કલ્પવૃક્ષ સમ્યગ્દર્શનના વિસ્તાર રૂપ ઘણા મૂળિયાના સમૂહવાળું છે, જ્ઞાનાદિ સંબંધી વિશુદ્ધ વિનયના વિધાન રૂપ મજબૂત સ્કંધના નિર્માણવાળું છે, ઉપદેશેલા શુદ્ધ દાનાદિના ભેદરૂપ શાખા - ઉપશાખાઓથી યુક્ત છે, દેવ - મનુષ્ય ભવમાં થનાર અત્યંત બહુ સુખ અને સંપત્તિ રૂપ પુષ્પોથી વ્યાપ્ત છે, દૂર કરાયો છે સર્વ દુઃખરૂપ હિંસક પશુઓનો સમૂહ જેમાં એવા મોક્ષના સુખ રૂપ ફળથી શ્રેષ્ઠ છે.

સાધુએ નિદાનનો ત્યાગ કરવો. કારણ કે તેનું પરિણામ અત્યંત ભયંકર છે. કહ્યું છે કે - **"જે અજ્ઞાની જીવ ચારિત્રનું વિશુદ્ધ પાલન કરીને ભોગ વગેરેનું નિદાન કરે છે, ખરેખર! તે (બિચારો) ફલોને આપવામાં કુશળ એવા નંદનવનને વધારીને ( = વિકસાવીને) ભસ્મ કરી નાખે છે."** (૫૮)

तर्हि किं कर्त्तव्यमित्याह–

**विहितमिति प्रवृत्तिः ॥५९॥३२८॥ इति ।**

**विहितं** कर्त्तव्यतया भगवता निरूपितमेत**दिति** एवं सर्वत्र धर्मकार्ये **प्रवृत्तिः** ॥५९॥

**તો શું કરવું તે કહે છે :-**

**પ્રરૂપેલું છે એમ માનીને પ્રવૃત્તિ કરવી,** અર્થાત્ "ભગવાને આ કર્તવ્યરૂપે પ્રરૂપેલું છે" એમ માનીને સર્વ ધર્મકાર્યમાં પ્રવૃત્તિ કરવી. (૫૯)

તથા– **विधिना स्वाध्याययोगः ॥६०॥३२९॥ इति ।**

**विधिना** काल - विनयाद्याराधनरूपेण **स्वाध्यायस्य** वाचनादे**र्योगो** व्यापारणमिति ॥६०॥

**વિધિથી સ્વાધ્યાય કરવો.** કાલ-વિનય આદિ જ્ઞાનાચારના પાલન રૂપ વિધિથી વાચના વગેરે સ્વાધ્યાય કરવાનો પ્રયત્ન કરવો. (૬૦)

તથા– **आवश्यकापरिहाणिः ॥६१॥३३०॥ इति ।**

**आवश्यकानां** स्वकाले नियमात् कर्त्तव्यविशेषाणां प्रत्युपेक्षणादीनां **अपरिहाणिः** अभ्रंशः, इयं च प्रधानं साधुलिङ्गम्, तथा च **दशवैकालिकनिर्युक्तिः** -

संवेगो निव्वेओ विसयविवेगो सुसीलसंसग्गी।
आराहणा तवो नाणदंसणचरित्तविणओ य ॥१९२॥
खंती य मद्दवऽज्जव विमुत्तयाऽदीणया तितिक्खा य ।
आवस्सगपरिसुद्धी य भिक्खुलिंगाइं एयाइं ॥१९३॥ (दश. नि.३४८-३४९)

**પોતાના કાળે અવશ્ય કરવા લાયક પ્રતિલેખના વગેરે વિશેષ કાર્યોમાં હાનિ ન થવા દેવી.** આવશ્યક કાર્યોમાં હાનિ ન થવા દેવી એ સાધુનું મુખ્ય લક્ષણ છે. દશવૈકાલિક નિર્યુક્તિમાં કહ્યું છે કે - **"સંવેગ, નિર્વેદ, વિષયવિવેક, સુશીલસંસર્ગ, આરાધના, તપ, જ્ઞાન, દર્શન, ચારિત્ર, વિનય, ક્ષાન્તિ, માર્દવ, આર્જવ, વિમુક્તતા, અદીનતા, તિતિક્ષા અને આવશ્યકપરિશુદ્ધિ આ ભાવસાધુનાં લક્ષણો છે."**

સંવેગ = મોક્ષસુખની ઈચ્છા. નિર્વેદ = સંસાર ઉપર કંટાળો. વિષયવિવેક = વિષયોનો ત્યાગ. સુશીલસંસર્ગ = શીલવાન માણસોનો પરિચય કરવો. આરાધના = અંતિમકાળે નિર્યામણા કરવી. તપ = યથાશક્તિ અનશન વગેરે તપનું સેવન કરવું. જ્ઞાન = યથાવસ્થિત પદાર્થનો બોધ. દર્શન = નિસર્ગ વગેરેથી થનારું

સમ્યગ્દર્શન. ચારિત્ર = સામાયિક વગેરે. વિનય = જ્ઞાનાદિનો વિનય કરવો. ક્ષાન્તિ = આક્રોશવાળાં વચનો વગેરે સાંભળવા છતાં ક્રોધ ન કરવો. માર્દવ = ઉત્તમજાતિ આદિ પ્રાપ્ત થવા છતાં અભિમાન ન કરવું. આર્જવ = બીજો માણસ માયામાં તત્પર હોય તો પણ માયા ન કરવી. વિમુક્તતા = ધર્મનાં ઉપકરણોમાં પણ મૂર્ચ્છા ન કરવી. અદીનતા = આહાર વગેરે ન મળે તો પણ દીનતા ન કરવી. તિતિક્ષા = ક્ષુધા વગેરે પરીષહ આવે તો પણ સહન • કરવું . આવશ્યકપરિશુદ્ધિ = અવશ્ય કરવા યોગ્ય યોગોમાં અતિચારો ન લગાડવા. (૬૧)

तथा– **यथाशक्ति तपःसेवनम् ॥६२॥३३१॥ इति।**

**यथाशक्ति तपसः** अनशनादेः **सेवनम्** आचरणम्, यथोक्तम्–
कायो न केवलमयं परितापनीयो मिष्टै रसैर्बहुविधैर्न च लालनीयः ।
चित्तेन्द्रियाणि न चरन्ति यथोत्पथेन वश्यानि येन च तदाचरितं जिनानाम् ॥१९४॥ ॥६२॥

**યથાશક્તિ અનશન વગેરે તપ કરવો.** કહ્યું છે કે **"આ કાયાને કેવલ કષ્ટ જ ન આપવું જોઈએ, તેમ બહુ રસો ખવડાવીને - પીવડાવીને કાયાનું લાલન પણ ન કરવું જોઈએ. ચિત્ત અને ઈંદ્રિયો ઉન્માર્ગમાં ન જાય અને આત્માના વશમાં રહે તેમ તપ કરવો જોઈએ. જિનેશ્વરોએ તે પ્રમાણે તપ કર્યો છે."** (૬૨)

तथा– **परानुग्रहक्रिया ॥६३॥३३२॥ इति ।**

**परेषां** स्वपक्षगतानां परपक्षगतानां च जन्तूनां महत्या करुणापरायणपरिणामितया **अनुग्रहकरणं** ज्ञानाद्युपकारसंपादनमिति ॥६३॥

★ સ્વપક્ષમાં રહેલા અને પરપક્ષમાં રહેલા બીજા જીવો ઉપર અત્યંત ઘણા કરુણાના

---

• થોડું કષ્ટ સહન કરવું, વધારે કષ્ટ સહન ન કરવું એમ કોઈ સાધુ વિચારે તો તેના જવાબમાં કહ્યું કે - ક્ષુધા વગેરે પરીષહ આવે તો પણ સહન કરવું. પરીષહમાં વધારે કષ્ટ સહન કરવાનું હોય છે.

★ શ્રમણ - શ્રમણી સ્વપક્ષ છે. ગૃહસ્થો અને અન્યધર્મના સાધુઓ પરપક્ષ છે. (શ્રાદ્ધ જીતકલ્પ ગાથા ૫૧ પ્રતિ૦ પારાંચિકના વર્ણનમાં.)

પરિણામવાળા • બનીને જ્ઞાનદાન વગેરેથી ઉપકાર કરવો. (૬૩)

तथा- **गुणदोषनिरूपणम् ॥६४॥३३३॥ इति ।**

सर्वत्र विहारादौ कर्त्तव्ये **गुणदोषयोर्निरूपणं** कार्यम् ॥६४॥

વિહાર વગેરે સર્વ કાર્યોમાં ગુણ - દોષનું ( લાભ = હાનિનું ) નિરીક્ષણ કરવું. (૬૪)

तथा- **बहुगुणे प्रवृत्तिः ॥६५॥३३४॥ इति ।**

यद् **बहुगुणम्** उपलक्षणत्वात् केवलगुणमयं वा कार्यमाभासते तत्र प्रवर्त्तितव्यम्, नान्यथेति ॥६५॥

**જે કાર્ય વધારે ગુણવાળું જણાય તે કાર્યમાં પ્રવૃત્તિ કરવી.** બહુગુણના ઉપલક્ષણથી જે કાર્ય કેવળ ગુણવાળું જણાય તેમાં પ્રવૃત્તિ કરવી. અન્યથા પ્રવૃત્તિ ન કરવી, અર્થાત્ કેવલ દોષવાળા કે બહુદોષવાળા કાર્યમાં પ્રવૃત્તિ ન કરવી. (૬૫)

तथा- **क्षान्तिर्मार्दवमार्जवमलोभता ॥६६॥३३५॥ इति ।**

एते क्षान्त्यादयश्चत्वारोऽपि कषायचतुष्टयप्रतिपक्षभूताः साधुधर्ममूलभूमिकास्वरूपाः नित्यं कार्या इति ॥६६॥

**ક્ષમા, નમ્રતા, સરળતા અને સંતોષનું સેવન કરવું.** ચાર કષાયના વિરોધી અને સાધુધર્મની મૂલભૂમિકા સ્વરૂપ આ ક્ષમા વગેરે ચારેય નિત્ય આચરવા. (૬૬)

अत एव

**क्रोधाद्यनुदयः ॥६७॥३३६॥ इति ।**

**क्रोधादीनां** चतुर्णां कषायाणा**मनुदयो** मूलत एवानुत्थानम् ॥६७॥

ક્ષમા વગેરે નિત્ય આચરવાના હોવાથી જ **ક્રોધ વગેરે ચારેય કષાયોનો મૂળથી**

• करुणापरायणपरिणामितया એ શબ્દોનો શબ્દાર્થ આ પ્રમાણે છે :- करुणायां परायणः = करुणा-परायणः, करुणापरायण श्चासौ परिणामश्चेति करुणापरायणपरिणामः/सोऽस्यास्तीति करुणापरायण-परिणामी, तस्य भावः =करुणापरायणपरिणामिता तया, = કરુણામાં અત્યંત આસક્ત પરિણામવાળાપણાથી. આ શબ્દાર્થ છે. ભાવાર્થ તો અનુવાદમાં લખ્યા મુજબ છે.

જ ઉદય ન થવા દેવો. (૬૭)

## वैफल्यकरणम् ॥६८॥३३७॥ इति ।

**वैफल्यस्य** विफलभावस्य कथञ्चिदुदयप्राप्तानामपि क्रोधादीनां **करणम्**, क्रोधादीनामुदये यच्चिन्तितं कार्यं तस्याकरणेन क्रोधाद्युदयो निष्फलः कार्य इति भावः, एवं च कृते पूर्वोक्ताः क्षान्त्यादय आसेविता भवन्ति ॥६८॥

**કોઈ પણ રીતે ઉદયને પામેલા પણ ક્રોધ વગેરે કષાયોને નિષ્ફળ કરવા,** એટલે કે ક્રોધાદિના ઉદય વખતે જે વિચાર્યું હોય તે ન કરવા વડે ક્રોધાદિના ઉદયને નિષ્ફલ કરવો. એમ કરવાથી પૂર્વોક્ત ક્ષમા વગેરેનું સેવન થાય છે. (૬૮)

क्रोधाद्यनुदयार्थिना च यत् कार्यं तदाह–

## विपाकचिन्ता ॥६९॥३३८॥ इति ।

**विपाकस्य** क्रोधादिकषायफलस्य **चिन्ता** विमर्शो विधेयः, यथा-
क्रोधात् प्रीतिविनाशं मानाद् विनयोपघातमाप्नोति ।
शाठ्यात् प्रत्ययहानिं सर्वगुणविनाशनं लोभात् ॥१९५॥ (प्रशम. २५) इति ॥६९॥

**ક્રોધાદિનો ઉદય ન થાય એમ ઈચ્છનારે જે કરવું જોઈએ તે કહે છે :-**

**ક્રોધાદિકષાયના વિપાકની = ફલની વિચારણા કરવી. જેમ કે - "ક્રોધથી પ્રેમીઓની સાથે પ્રેમ રહેતો નથી. માનથી ગુણીઓનો અને ઉપકારીઓનો વિનય થઈ શકતો નથી. માયાથી લોકોનો વિશ્વાસ રહેતો નથી. લોભથી સર્વ ગુણોનો નાશ થાય છે."** (૬૯)

तथा– **धर्मोत्तरो योगः ॥७०॥३३९॥ इति ।**

**धर्मोत्तरो** धर्मफलः सर्व एव **योगो** व्यापारो विधेयः, न पुनरट्टट्टहास–केलिकिलत्वादिः पापफल इति ॥७०॥

**સઘળીય પ્રવૃત્તિ ધર્મફલવાળી કરવી,** પણ પાપફલવાળી અટ્ટહાસ્ય, મશ્કરી વગેરે પ્રવૃત્તિ ન કરવી. (૭૦)

तथा– **आत्मानुप्रेक्षा ॥७१॥३४०॥ इति ।**

**आत्मनः** स्वस्य **अनुप्रेक्षा** पर्यालोचना भावप्रत्युपेक्षारूपा, यथा-

किं कयं किं वा सेसं किं करणिज्जं तवं च न करेमि।

पुव्वावरत्तकाले जागरओ भावपडिलेहा ॥१९६॥ (ओघ नि० २६३) त्ति ।

**પોતાની ભાવપ્રતિલેખના રૂપ વિચારણા કરવી.** જેમ કે - **"મેં શું કર્યું? મારે શું કરવાનું બાકી છે? હું કરી શકાય તેવો કયો તપ કરતો નથી? આ પ્રમાણે પૂર્વાપરરાત્રકાલે વિચારનારને ભાવથી પ્રતિલેખના થાય છે."** •

પૂર્વાપરરાત્રકાલનો અર્થ આ પ્રમાણે છેઃ- રાત્રિના પહેલા બે પ્રહર સુધીનો કાળ પૂર્વરાત્રકાલ છે. પછી અપરરાત્રકાલ છે. આમ પૂર્વાપરરાત્ર કાલ એટલે આગલી રાતનો અને પાછલી રાતનો કાળ. (૭૧)

एवमात्मन्यनुप्रेक्षिते यत् कृत्यं तदाह–

**उचितप्रतिपत्तिः ॥७२॥३४१॥ इति ।**

**उचितस्य** गुणबृंहकस्य प्रमादनिग्राहिणश्चानुष्ठानस्य **प्रतिपत्तिः** अभ्युपगम इति ॥७२॥

**આ પ્રમાણે પોતાની વિચારણા કર્યા પછી જે કરવું જોઈએ તે કહે છેઃ-**

**ઉચિતનો સ્વીકાર કરવો,** અર્થાત્ ગુણની પુષ્ટિ - વૃદ્ધિ કરનારા અને પ્રમાદનો નિગ્રહ કરનારા અનુષ્ઠાનનો સ્વીકાર કરવો. (૭૨)

तथा– **प्रतिपक्षासेवनम् ॥७३॥३४२॥ इति।**

यो हि यदा येन दोषेण बाध्यमानो भवति तेन तदा तत्**प्रतिपक्ष**भूतस्य गुणस्या**सेवनं** कार्यम्, हिमपातपीडितेनेवाग्नेरिति ॥७३॥

**વિરોધીનું સેવન કરવું.** જે સાધુ જ્યારે જે દોષ વડે પીડાય તે સાધુએ ત્યારે તે દોષના વિરોધી ગુણનું સેવન કરવું. જેવી રીતે હિમના પડવાથી પીડા પામેલો માણસ અગ્નિનું સેવન કરે છે તેવી રીતે. (૭૩)

तथा– **आज्ञानुस्मृतिः ॥७४॥३४३॥ इति ।**

• આવા ચિંતનને શાસ્ત્રમાં ધર્મજાગરિકા કહેવામાં આવે છે.

**आज्ञाया** भगवद्वचनस्य पदे पदे हृदयेऽनुस्मृतिः कार्या, भगवद्वचनानुस्मरणस्य भगवत्स्मरणरूपत्वेन महागुणत्वात्, यदुक्तम् -

अस्मिन् हृदयस्थे सति हृदयस्थस्तत्त्वतो मुनीन्द्र इति।

हृदयस्थिते च तस्मिन् नियमात् सर्वार्थसंसिद्धिः ॥१९७॥ (षोड० २/१४) इति।

**આજ્ઞાનું સ્મરણ કરવું.** આજ્ઞા એટલે ભગવાનનું વચન. ભગવાનના વચનનું પગલે પગલે હૃદયમાં સ્મરણ કરવું. ભગવાનના વચનનું સ્મરણ ભગવાનના સ્મરણ રૂપ હોવાથી મહાલાભ કરનારું છે. કહ્યું છે કે - **"જિનાજ્ઞા હૃદયમાં રહ્યે છતે પરમાર્થથી જિનેશ્વર હૃદયમાં રહે છે, જિનેશ્વર હૃદયમાં રહ્યે છતે નિયમા સર્વકાર્યોની સારી રીતે સિદ્ધિ થાય છે."** (૭૪)

तथा– **समशत्रु-मित्रता ॥७५॥३४४॥ इति।**

शत्रौ मित्रे च समानपरिणामता, एको हि तत्र निर्भर्त्सनादिभिरन्यस्तु स्तुति-वन्दनादिभिः स्वचित्तसंतोषं घटयन्तौ मां निमित्तमात्रमवलम्ब्य प्रवृत्तौ द्वावपि, न तु मत्कार्यं किञ्चनेति, ततः कोऽनयोरूनोऽधिको वा ममेति भावनया ॥७५॥

**શત્રુ અને મિત્ર ઉપર સમભાવ રાખવો.** શત્રુ અને મિત્રમાં એક તિરસ્કાર વગેરેથી અને બીજો સ્તુતિ - વંદન વગેરેથી પોતાના ચિત્તને સંતોષ પમાડે છે. તે બંને માત્ર નિમિત્ત રૂપે મારું આલંબન લઈને પ્રવૃત્ત થયા છે. અર્થાત્ તે બંને મને માત્ર નિમિત્ત બનાવીને પોતાના ચિત્તને સંતોષ પમાડવા પ્રવૃત્ત થયા છે. પણ એમને મારું કોઈ કામ નથી. (અથવા એમની આ પ્રવૃત્તિથી મારું કોઈ કામ થતું નથી = મને કોઈ લાભ કે નુકશાન થતું નથી.) આથી આ બેમાં મારે કોણ ન્યૂન છે? અથવા કોણ અધિક છે? અર્થાત્ આ બેમાં મારે કોઈ ન્યૂન નથી અને કોઈ અધિક નથી. આવી ભાવનાથી શત્રુ અને મિત્ર ઉપર સમભાવ રાખવો. (૭૫)

तथा– **परीषहजयः ॥७६॥३४५॥ इति ।**

**परीषहाणां** क्षुत्पिपासादीनां द्वाविंशतेरपि **जयः** अभिभवः, तत्र दर्शनपरीषहस्य मार्गाच्यवनार्थं शेषाणां च कर्मनिर्जरार्थं कार्य इति, यथोक्तम्- मार्गाच्यवन - निर्जरार्थं *परिषोढव्याः परीषहाः (तत्त्वा० ९/८) इति ॥७६॥*

**ક્ષુધા - પિપાસા વગેરે બાવીસેય પરીષહોનો પરાભવ કરવો.** તેમાં દર્શન

પરીષહનો મોક્ષમાર્ગમાં સ્થિર રહેવા માટે અને બાકીના પરીષહોનો કર્મની નિર્જરા માટે પરાભવ કરવો. (પરીષહોને સહન કરવાથી પરીષહોનો પરાભવ થાય છે.) કહ્યું છે કે - **"મોક્ષમાર્ગથી પતન ન થાય એ માટે અને કર્મનિર્જરા માટે પરીષહો સહન કરવા જોઈએ."** (૭૬)

तथा- **उपसर्गातिसहनम् ॥७७॥३४६॥ इति ।**

उपसृज्यन्ते पीडापरिगतैर्वेद्यन्ते ये ते **उपसर्गाः**, ते च दिव्य-मानुष-तैरश्चा-ऽऽत्मसंवेदनीयभेदाच्चतुर्धा, तेषा**मतिसहनम्** अभिभवनम्, अन्यथा व्यसनमयत्वेन संसारस्य तेषामनतिसहने मूढमतित्वप्रसङ्गात्, यथोक्तम् -

संसारवर्त्यपि समुद्विजते विपद्भ्यो यो नाम मूढमनसां प्रथमः स नूनम् ।
अम्भोनिधौ निपतितेन शरीरभाजा संसृज्यतां किमपरं सलिलं विहाय ॥१९८॥ ( )

इति ॥७७॥

**ઉપસર્ગો સહન કરવા.** પીડાથી ઘેરાયેલા જીવો વડે જે વેદાય = અનુભવાય તે ઉપસર્ગ. (ઉપસર્ગ આવે ત્યારે અવશ્ય પીડા થાય. માટે ઉપસર્ગ પીડાથી ઘેરાયેલા જીવો વડે વેદાય છે = અનુભવાય છે.) ઉપસર્ગો દિવ્ય ( = દેવે કરેલા), માનુષ ( = મનુષ્યે કરેલા) તૈરશ્ચ (= તિર્યંચોએ કરેલા) અને આત્મસંવેદનીય • (= પોતાનાથી થયેલા) એ ચાર ભેદોથી ચાર પ્રકારના છે. ઉપસર્ગો સહન ન કરવામાં આવે તો સંસાર દુઃખમય હોવાથી મૂઢમતિપણાનો પ્રસંગ આવે, અર્થાત્ મૂઢતા થાય. (અર્થાત્ સંસાર દુઃખમય હોવાથી દુઃખો આવવાના જ, એથી દુઃખોને સહન કરવામાં બુદ્ધિમત્તા છે, અને સહન ન કરવામાં મૂઢતા છે.) કહ્યું છે કે - **"જે સંસારમાં રહેલો હોવા છતાં વિપત્તિઓથી ઉદ્‌વેગ પામે છે તે ચોક્કસ મૂઢ મનવાળાઓમાં મુખ્ય છે. સમુદ્રમાં પડેલ શરીરધારી જીવ પાણીને છોડીને બીજા કોની સાથે સંબંધ કરે"?** (૭૭)

• બીજા જીવોએ ન કર્યા હોય, કિંતુ પોતાનાથી જ થયેલા હોય, તેવા ઉપસર્ગો આત્મસંવેદનીય છે. જેમકે - થાંભલા સાથે અથડાવાના કારણે પડી જવાથી વેદના થાય, આંખમાં કણિયું વગેરે પડી ગયા પછી આંખને મસળવાના કારણે વેદના થાય. પ્રત્યેક ઉપસર્ગના ચાર ચાર ભેદો છે. (જુઓ યતિજીતકલ્પ વગેરે.)

तथा– **सर्वथा भयत्यागः ॥७८॥३४७॥ इति।**

**सर्वथा** सर्वैः प्रकारैरिहलोक-परलोकभयादिभि**र्भयस्य** भीते**स्त्यागः** परित्यागः, निरतिचारयतिसमाचारवशोपलब्धसमुत्कृष्टोपष्टम्भतया मृत्योरपि नोद्वेजितव्यम्, किं पुनरन्यभयस्थानेभ्य इति, अत एवोक्तमन्यत्र-

प्रायेणाकृतकृत्यत्वान्मृत्योरुद्विजते जनः।
कृतकृत्याः प्रतीक्षन्ते मृत्युं प्रियमिवातिथिम् ॥१९९॥ ( ) ॥७८॥

**સર્વ પ્રકારના ભયનો ત્યાગ કરવો.** ઈહલોક ભય, પરલોક ભય આદિ સર્વ પ્રકારના ભયનો ત્યાગ કરવો. નિરતિચારપણે પાળેલા સાધુના આચારોના સામર્થ્યથી મેળવેલી ઉત્કૃષ્ટ મદદથી મૃત્યુથી પણ ગભરાવું નહિ, તો પછી અન્ય ભયસ્થાનોથી ગભરાવાનું શાનું હોય? આથી જ બીજા સ્થળે કહ્યું છે કે - **"પ્રાયઃ કરીને જેણે કરવા યોગ્ય કાર્ય કર્યું નથી તે મનુષ્ય મૃત્યુથી ભય પામે છે, પણ કરવા યોગ્ય કાર્ય કરી લેનારા મનુષ્યો મૃત્યુની પ્રિયઅતિથિની જેમ પ્રતીક્ષા કરે છે."** (૭૮)

तथा– **तुल्याश्म-काञ्चनता ॥७९॥३४८॥ इति ।**

**तुल्ये** समाने अभिष्वङ्गाविषयतया **अश्म-काञ्चने** उपल-सुवर्णे यस्य स तथा, तद्भावस्तत्ता ॥७९॥

રાગ અને દ્વેષ ન કરવાથી પત્થર અને સુવર્ણમાં સમાનભાવ રાખવો. (૭૯)

तथा– **अभिग्रहग्रहणम् ॥८०॥३४९॥ इति ।**

**अभिग्रहाणां** द्रव्य-क्षेत्र-काल-भावभेदभिन्नानाम् "लेवडमलेवडं वा अमुगं दव्वं च अज्ज घेच्छामि। अमुगेण व दव्वेण व अह दव्वाभिग्गहो एस" ॥२००॥ (पञ्च० २९८) इत्यादिशास्त्रसिद्धानां **ग्रहणम्** अभ्युपगमः कार्यः ॥८०॥

**અભિગ્રહો લેવા.** દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ એ ચાર ભેદોથી ચાર પ્રકારના અભિગ્રહો પંચવસ્તુક વગેરે શાસ્ત્રોમાં પ્રસિદ્ધ છે. કહ્યું છે કે - **"આજે હું લેપવાળાં = ચિકાસવાળાં રાબ વગેરે અથવા લેપમિશ્રિત, અથવા લેપરહિત રૂક્ષ કઠોળ વગેરે, અથવા ખાખરા વગેરે અમુકજ દ્રવ્યો લઈશ એવો નિયમ, અથવા કડછી, ભાલાની અણી વગેરે અમુક જ વસ્તુથી વહોરાવે તો લઈશ એવો નિયમ, એ (વગેરે) દ્રવ્ય અભિગ્રહ છે."** (૮૦)

तथा- **विधिवत् पालनम् ॥८१॥३५०॥ इति।**

**विधिवद्** विधियुक्तं यथा भवति, **पालनम**भिग्रहाणामिति ॥८१॥

અભિગ્રહોનું વિધિપૂર્વક પાલન કરવું. (૮૧)

तथा- **यथार्हं ध्यानयोगः ॥८२॥३५१॥ इति।**

**यथार्हं** यो यस्य योग्यस्तदनतिक्रमेण **ध्यानयोगो** ध्यानयोर्धर्म(र्म्य) शुक्ललक्षणयोर्योगः, अथवा **यथार्ह**मिति यो देशः कालो वा ध्यानस्य योग्यस्तदनुल्लङ्घनेनेति ॥८२॥

**યથાયોગ્ય ધ્યાનમાં પ્રવૃત્તિ કરવી.** યથાયોગ્ય એટલે જેને જે ધ્યાન યોગ્ય છે તેણે તે ધ્યાનનું ઉલ્લંઘન કર્યા વિના ધર્મધ્યાન કે શુક્લધ્યાન કરવું. અથવા યથાયોગ્ય એટલે જે દેશ કે કાળ ધ્યાનને યોગ્ય છે તે દેશ અને કાળનું ઉલ્લંઘન કર્યા વિના ધર્મધ્યાન કે શુક્લધ્યાન કરવું. (૮૨)

तथा- **अन्ते संलेखना ॥८३॥३५२॥ इति ।**

**अन्ते** आयुःपर्यन्ते विज्ञाते सति **संलेखना** शरीर-कषाययोस्तपोविशेष-भावनाभ्यां कृशीकरणम् ॥८३॥

**આયુષ્યનો અંત જાણવામાં આવતાં સંલેખના કરવી.** સંલેખના એટલે વિશેષ પ્રકારના તપથી અને ભાવનાઓથી શરીર અને કષાયોને પાતળા કરવા. (શરીરને પાતળું કરવું એ દ્રવ્યસંલેખના અને કષાયોને પાતળા કરવા એ ભાવસંલેખના છે.) (૮૩)

परमत्र-

**संहननाद्यपेक्षणम् ॥८४॥३५३॥ इति।**

**संहननस्य** शरीरसामर्थ्यलक्षणस्य **आदि**शब्दात् चित्तवृत्तेः सहायसम्पत्तेश्च **अपेक्षणम्** आश्रयणं कार्यम्, संहननाद्यपेक्ष्य संलेखना विधेयेति भाव इति ॥८४॥

**પણ અહીં સંઘયણ વગેરેની અપેક્ષા રાખવી.** સંલેખના કરવામાં શક્તિ રૂપ સંઘયણ, ચિત્તવૃત્તિ અને સહાયતારૂપી સંપત્તિ વગેરેની અપેક્ષા રાખવી = આશ્રય લેવો, અર્થાત્ સંઘયણ વગેરે જે પ્રમાણે હોય તે પ્રમાણે સંલેખના કરવી. (૮૪)

नन्वनयोर्द्रव्यसंलेखना-भावसंलेखनयोः काऽत्यन्तमादरणीयेत्याह–

**भावसंलेखनायां यत्नः ॥८५॥३५४॥ इति ।**

भावसंलेखनायां कषायेन्द्रियविकारतुच्छीकरणरूपायां यत्नः आदरः कार्यः, द्रव्यसंलेखनाया अपि भावसंलेखनार्थमुपदेशात्, अयमत्र भावः- इह मुमुक्षुणा भिक्षुणा प्रत्यहं मरणकालपरिज्ञानयत्नपरेण स्थेयम्, मरणकालपरिज्ञानोपायाश्च आगम-देवतावचन-सुप्रतिभा-तथाविधानिष्टस्वप्नदर्शनादयोऽनेके शास्त्र-लोकप्रसिद्धा इति, ततो विज्ञाते मरणकाले पूर्वमेव द्वादश वर्षाणि यावदुत्सर्गतः संलेखना कार्या, तत्र च -

चत्तारि विचित्ताइं विगईनिज्जूहियाइं चत्तारि।
संवच्छरे य दोण्णि उ एगंतरियं च आयामं ॥२०१॥
नाइविगिट्ठो य तवो छम्मासे परिमियं च आयामं।
अन्ने वि य छम्मासे होइ विगिट्ठं तवोकम्मं ॥२०२॥
वासं कोडीसहियं आयामं काउमाणुपुव्वीए।
गिरिकंदरं तु गंतुं पायवगमणं अह करेइ ॥२०३॥ (पञ्च० १५७४-५-६)

यदा तु कुतोऽपि संहननादिवैगुण्यान्न शक्यते इयान् संलेखनाकालः साधयितुं तदा मासवर्षपरिहाण्या जघन्यतोऽपि षण्मासान् यावत् संलेखना कार्या, असंलिखितशरीरकषायो हि भिक्षुरनशनमधिष्ठितः सहसा धातुक्षये समुपस्थिते न सुगतिफलं तथाविधं समाधिमाराधयितुं साधीयान् स्यादिति ॥८५॥

**દ્રવ્ય સંલેખના અને ભાવસંલેખના એ બેમાં કઈ સંલેખના અધિક આદર કરવા યોગ્ય છે તેનો ઉત્તર આપે છે. :-**

**ભાવસંલેખનામાં આદર કરવો.** કારણકે દ્રવ્યસંલેખના પણ ભાવસંલેખના માટે કહી છે. ભાવસંલેખના એટલે કષાય અને ઇંદ્રિયોના વિકારોને પાતળા કરવા. અહીં ભાવ આ પ્રમાણે છેઃ- અહીં મુમુક્ષુ એવા સાધુએ દરરોજ મરણકાલને જાણવાના પ્રયત્નમાં તત્પર રહેવું જોઈએ. મરણકાલને જાણવાના આગમ, દેવતાનું વચન, સુંદર તાત્કાલિક બુદ્ધિ, તેવા પ્રકારના અશુભ સ્વપ્નનું દર્શન વગેરે અનેક ઉપાયો છે. અને તે ઉપાયો શાસ્ત્ર અને લોકમાં પ્રસિદ્ધ છે. ઉપાયોથી મરણકાલનું જ્ઞાન થતાં મરણકાલની પૂર્વે જ ઉત્સર્ગથી બાર વર્ષ સુધી સંલેખના કરવી જોઈએ. તે આ પ્રમાણેઃ-

**"પહેલાં ચાર વર્ષો સુધી છટ્ઠ (ઉપવાસ, અટ્ઠમ) વગેરે વિવિધ તપો કરે.**

**(પારણે વિગઈ વાપરે.) પછી ચાર વર્ષો સુધી તે જ તપો વિકૃતિથી રહિત કરે, અર્થાત્ પારણે વિગઈઓ ન વાપરે. ત્યાર બાદ બે વર્ષ સુધી નિયમા એકાંતરે આયંબિલ કરે, અર્થાત્ ઉપવાસના પારણે આયંબિલ કરે. (૧૫૭૪) પછી છ મહિના સુધી ઉપવાસ વગેરે તપ કરે, પણ અતિવિકૃષ્ટ ( = અટ્ઠમ વગેરે) તપ ન કરે, પારણે પરિમિત (પરિમિત દ્રવ્યોથી) આયંબિલ કરે. મુખ ભંગ ન થાય ( - જડબાં કઠણ ન થઈ જાય) એ માટે તેલનો કોગળો • મોઢામાં ધારણ કરે. ત્યારબાદ છ મહિના સુધી અટ્ઠમ વગેરે વિકૃષ્ટ તપ કરે., (પારણે પરિપૂર્ણ = દ્રવ્યોના પરિમાણ વિના આયંબિલ કરે.) (૧૫૭૫) એક વર્ષ સુધી કોટિસહિત, અર્થાત્ દરરોજ, આયંબિલ કરે. પછી પર્વતની ગુફામાં જઈને પાદપોપગમન અનશન કરે."**

પણ જ્યારે કોઈ પણ કારણથી સંઘયણ આદિની ખામીના કારણે આટલો સંલેખનાકાળ સાધવાનું શક્ય ન બને ત્યારે માસની કે વર્ષની હાનિ કરતાં કરતાં છેવટે જઘન્યથી પણ છ મહિના સુધી સંલેખના કરવી. શરીર અને કષાયની સંલેખના કરવી. શરીર અને કષાયની સંલેખના ન કરનાર સાધુ અનશન કરે તો સહસા ધાતુઓનો ક્ષય થતાં સુગતિરૂપફલવાળી તેવા પ્રકારની સમાધિને સાધવા માટે સમર્થ ન બને. (૮૫)

તથા– **विशुद्धं ब्रह्मचर्यम् ॥८६॥३५५॥ इति ।**

**विशेषेण** अतिनिबिडब्रह्मचर्यगुप्तिविधानरूपेण शुद्धं **ब्रह्मचर्यं** प्रतीतमेव विधेयम्, यदत्र संलेखनाधिकारे विशुद्धब्रह्मचर्योपदेशनं तद्वेदोदयस्य क्षीणशरीरतायामपि अत्यन्तदुर्धरत्वख्यापनार्थमिति ॥८६॥

**વિશુદ્ધ બ્રહ્મચર્યનું પાલન કરવું.** વિશેષથી શુદ્ધ તે વિશુદ્ધ. (જેમ વાડીની વાડ અતિશય ગાઢ બનાવવામાં આવે તો પશુ વગેરે પ્રવેશી શકે નહિ, તેમ બ્રહ્મચર્યની વાડો અતિશય ગાઢ બનાવવાથી કામવિકારો પ્રવેશી શકે નહિ. આથી) બ્રહ્મચર્યની ગુપ્તિઓ (= વાડો) અતિશય ગાઢ કરવાથી, અર્થાત્ બ્રહ્મચર્યની

• બારમા વર્ષના છેલ્લા ચાર મહિના સુધી એકાંતરે મુખમાં તેલનો કોગળો ઘણા વખત સુધી ભરી રાખે, પછી તે કોગળો શ્લેશ્મની કુંડીમાં રહેલી રાખમાં થૂંકીને મુખને ગરમ પાણીથી શુદ્ધ કરે. જો તેલના કોગળાની આ વિધિ ન કરવામાં આવે તો મુખ રૂક્ષ થઈ જવાથી વાયુના પ્રકોપથી મોઢાના જડબા ભેગા થઈ જવાનો સંભવ છે, એમ થાય તો અંતિમ સમયે મુખથી નમસ્કાર મંત્રનું ઉચ્ચારણ ન કરી શકે.

ગુપ્તિઓનું ચુસ્તપણે પાલન કરવાથી, બ્રહ્મચર્ય વિશેષથી શુદ્ધ બને છે.

અહીં સંલેખનાના અધિકારમાં બ્રહ્મચર્યનો જે ઉપદેશ આપ્યો છે તે શરીર ક્ષીણ થાય ત્યારે પણ વેદોદયને રોકવો એ અત્યંત દુષ્કર છે એ જણાવવા માટે છે. (૮૬)

अथ संलेखनानन्तरं आशुघातके वा विष-विशूचिकादौ दोषे सति यद्विधेयं तदाह-

**विधिना देहत्याग इति ॥८७॥३५६॥ इति ।**

**विधिना** आलोचान-व्रतोच्चार-परक्षामणा-ऽनशन-शुभभावना-पञ्चपरमेष्ठिस्मरणलक्षणेन **देहस्य त्यागः** परित्यजनम्, 'पण्डितमरणाराधनमित्यर्थः, **इतिशब्दः** परिसमाप्तौ, इत्युक्तः सापेक्षयतिधर्मः ॥८७॥

**હવે સંલેખના કર્યા પછી જલદી પ્રાણનો નાશ કરે તેવા વિષ કે • વિસૂચિકા વગેરે દોષ થાય તો જે કરવું જોઈએ તે કહે છે :-**

**વિધિથી દેહનો ત્યાગ કરવો.** આલોચના કરવી, વ્રતો ઉચ્ચરવા, બીજાઓને ખમાવવા, અનશન સ્વીકારવું, શુભ ભાવનાઓ ભાવવી, પંચ પરમેષ્ઠીનું સ્મરણ કરવું- આ વિધિથી શરીરનો ત્યાગ કરવો, અર્થાત્ પંડિતમરણ સાધવું.

સૂત્રમાં इति શબ્દ સમાપ્તિ અર્થમાં છે. આ પ્રમાણે સાપેક્ષયતિ ધર્મ કહ્યો.

अथ द्वितीयधर्मप्रस्तावनायाह–

**निरपेक्षयतिधर्मस्तु ॥८८॥३५७॥ इति ।**

निरपेक्षयतीनां धर्मः पुनरयं वक्ष्यमाणः ॥८८॥

**હવે બીજા ધર્મની (= નિરપેક્ષ યતિધર્મની) શરૂઆત કરવા માટે કહે છે:-**

વળી નિરપેક્ષ એવા સાધુઓનો ધર્મ આ છે = હવે કહેવાશે તે છે. (૮૮)

तमेवाह–

**वचनगुरुता ॥८९॥३५८॥ इति ।**

**वचनमेव** आगम एव **गुरुः** सर्वप्रवृत्तौ निवृत्तौ चोपदेशकत्वेन यस्य स तथा,

• અજીર્ણના એક રોગને વિસૂચિકા કહેવામાં આવે છે.

सूचीमिव गात्राणि, तुदन् संतिष्ठतेऽनलः।
यस्याजीर्णेन सा वैद्यैर्विसूचीति निगद्यते ॥

तद्भावस्तत्ता ।।८९।।

**નિરપેક્ષયતિધર્મને જ કહે છે. :-**

**આગમ એ જ ગુરુ હોય.** ગુરુ એટલે સર્વપ્રવૃત્તિમાં અને નિવૃત્તિમાં ઉપદેશ આપનાર. ( જેમ સાપેક્ષયતિ પોતાના ગુરુના ઉપદેશ પ્રમાણે સર્વ પ્રવૃત્તિ અને નિવૃત્તિ કરે છે, તેમ નિરપેક્ષયતિ આગમના ઉપદેશ પ્રમાણે સર્વ પ્રવૃત્તિ અને નિવૃત્તિ કરે છે. તેથી તેમને આગમ એ જ ગુરુ હોય છે.) (૮૯)

तथा– **अल्पोपधित्वम् ।।९०।।३५९।। इति।**

**अल्पः** स्थविरापेक्षया **उपधिः** वस्त्र-पात्रादिरूपो यस्य स तथा, तद्भावस्तत्त्वम्, उपधिप्रमाणं च विशेषशास्त्रादवसेयम् ।।९०।।

**ઉપધિ અલ્પ હોય.** વસ્ત્ર- પાત્ર વગેરે ઉપધિ સ્થવિર સાધુઓની અપેક્ષાએ અલ્પ હોય છે. ઉપધિનું પ્રમાણ વિશેષશાસ્ત્રથી જાણી લેવું. (૯૦)

तथा– **निष्प्रतिकर्मशरीरता ।।९१।।३६०।। इति ।**

**निष्प्रतिकर्म** तथाविधग्लानाद्यवस्थायामपि प्रतीकारविरहितं **शरीरं** यस्य स तथा, तद्भावस्तत्त्वम् ।।९१।।

**શરીરનું પ્રતિકર્મ ન કરે.** પ્રતિકર્મ એટલે પ્રતિકાર (= રોગ વગેરેનો ઉપાય). નિરપેક્ષસાધુ તેવા પ્રકારની બિમારી આદિમાં પણ બિમારી આદિનો ઉપાય ન કરે. (૯૧)

अत एव-

**अपवादत्यागः ।।९२।।३६१।। इति ।**

**अपवादस्य** उत्सर्गापेक्षयाऽपकृष्टवादस्य त्यागः कार्यः, न हि निरपेक्षो यतिः सापेक्षयतिरिव उत्सर्गासिद्धावपवादमपि समालम्ब्य अल्पदोषं बहुगुणं च कार्यमारभते किन्तूत्सर्गपथप्राप्तं केवलगुणमयमेवेति ।।९२।।

**પ્રતિકારનો નિષેધ હોવાથી જ અપવાદનો ત્યાગ કરે.** જેવી રીતે સાપેક્ષયતિ ઉત્સર્ગથી આરાધના ન કરી શકાય ત્યારે અપવાદનું પણ આલંબન લઈને અલ્પદોષવાળું અને ઘણા ગુણવાળું કાર્ય શરૂ કરે છે, તેમ નિરપેક્ષયતિ અપવાદનું

આલંબન ન લે. કિંતુ ઉત્સર્ગમાર્ગમાં આવેલ કેવલ ગુણવાળા જ કાર્યને કરે છે. (૯૨)

तथा- **ग्रामैकरात्रादिविहरणम् ॥९३॥३६२॥ इति ।**

**ग्रामे** प्रतीतरूपे उपलक्षणत्वान्नगरादौ च एका चासौ रात्रिश्चेत्येकरात्रः, **आदि**शब्दात् द्विरात्रस्य मासकल्पस्य च ग्रहः, तेन विहरणम्, किमुक्तं भवति? यदा प्रतिमाकल्परूपो निरपेक्षो यतिधर्मः प्रतिपन्नो भवति तदा ऋतुबद्धे काले ग्रामे ज्ञातः सन् स एकरात्रम् अज्ञातश्च एकरात्रं द्विरात्रं वा वसति, यथोक्तम् - नाएगरायवासी एगं व दुगं व अन्नाए (पञ्चा० १८/८) जिनकल्पिक - यथालन्दकल्पिक - शुद्धपरिहारिका ज्ञाता अज्ञाताश्च मासमिति ॥९३॥

**ગામ અગર નગર વગેરેમાં એક રાત કે બે રાત રહે, અથવા માસકલ્પ કરે, આ વિધિથી વિહાર કરે.** અહીં ભાવાર્થ આ પ્રમાણે છેઃ- જ્યારે પ્રતિમાકલ્પ સ્વરૂપ નિરપેક્ષયતિધર્મ સ્વીકાર્યો હોય ત્યારે ઋતુબદ્ધ (= શેષ) કાળમાં જો આ પ્રતિમાધારી છે એમ લોકોથી જણાઇ ગયા હોય તો એક અહોરાત્ર જ રહે. ન જણાઇ ગયા હોય તો એક કે બે અહોરાત્ર રહે. કહ્યું છે કે**"જે ગામ વગેરેમાં આ પ્રતિમાધારી છે એમ લોકોને ખબર પડી જાય ત્યાં એક અહોરાત્ર જ રહે, જ્યાં તેવી ખબર ન પડે ત્યાં એક કે બે અહોરાત્ર રહે."** જણાઇ ગયા હોય અને ન જણાઇ ગયા હોય એ બંને પ્રકારના જિનકલ્પિક, યથાલંદકલ્પિક અને શુદ્ધપારિહારિકો એક માસ સુધી રહે. (૯૩)

तथा- **नियतकालचारिता ॥९४॥३६३॥ इति ।**

**नियते** तृतीयपौरुष्यीलक्षणे **काले** भिक्षार्थं संचरणं, यथोक्तम्– भिक्खा पंथो य तइयाए त्ति ॥२०४॥ (बृहत्कल्पभाष्ये गा. १४१४, १४३०) ॥९४॥

નિયતકાળે જ = ત્રીજા પ્રહરમાં જ ભિક્ષા આદિ માટે ફરે. કહ્યું છે કે **"જિનકલ્પી ભિક્ષા અને વિહાર ત્રીજા પ્રહરમાં જ કરે."** (૯૪)

तथा- **प्रायः ऊर्ध्वस्थानम् ॥९५॥३६४॥ इति ।**

**प्रायो** बाहुल्येन **ऊर्ध्वस्थानं** कायोत्सर्गः ॥९५॥

ઘણા ભાગે કાયોત્સર્ગમાં રહે. (૯૫)

तथा- **देशनायामप्रबन्धः ॥९६॥३६५॥ इति ।**

**देशनायां** धर्मकथारूपायां धर्मं श्रोतुमुपस्थितेष्वपि तथाविधप्राणिषु **अप्रबन्धः** अभूरिभावः, एगवयणं दुवयणं व (          ) इति वचनप्रामाण्यात् ॥९६॥

**વધારે દેશના ન આપે.** ધર્મ સાંભળવા માટે તેવા પ્રકારના જીવો ઉપસ્થિત થયા હોય તો પણ ધર્મકથારૂપ દેશના વધારે ન આપે. કારણકે ''એક વાક્ય કે બે વાક્ય કહે'' એવું વચન પ્રામાણિક છે.'' • (૯૬)

तथा- **सदाऽप्रमत्तता ॥९७॥३६६॥ इति।**

**सदा** दिवा रात्रौ **चाप्रमत्तता** निद्रादिप्रमादपरिहारः ॥९७॥

**સદા = દિવસે અને રાતે નિદ્રા વગેરે પ્રમાદનો ત્યાગ કરે.** (૯૭)

तथा- **ध्यानैकतानत्वमिति ॥९८॥३६७॥ इति ।**

**ध्याने** धर्मध्यानादा**वेक** एव **तानः** चित्तप्रसर्पणरूपो यस्य स तथा, तद्भावस्तत्त्वम्, **इति**शब्दः समाप्तौ ॥९८॥

**ધર્મધ્યાન વગેરેમાં લીન રહે.** સૂત્રમાં इति શબ્દ સમાપ્તિ અર્થમાં છે. (૯૮)

अथोपसञ्जिहीर्षुराह-

**सम्यग् यतित्वमाराध्य महात्मानो यथोदितम् ।**
**सम्प्राप्नुवन्ति कल्याणमिहलोके परत्र च ॥४॥ इति ।**

**सम्यग् यतित्वम्** उक्तरूप**माराध्य** समासेव्य **महात्मानो** जना **यथोदितं** यथा शास्त्रे निरूपितम्, किमित्याह- **सम्प्राप्नुवन्ति** लभन्ते **कल्याणं** भद्रम्, क्वेत्याह- **इहलोके परत्र** चेति प्रतीतरूपमेव ॥४॥

**હવે ઉપસંહાર કરવાની ઈચ્છાવાળા ગ્રંથકાર કહે છે :-**

• આ અવશ્ય દીક્ષા લેનાર છે એમ જાણીને કોઇ જીવને ઉપદેશ આપે. (પંચવસ્તુક ગા. ૧૫૧૨)

મહાત્માઓ હમણાં જેનું સ્વરૂપ કહ્યું છે તે સાધુપણાને શાસ્ત્રમાં કહ્યા પ્રમાણે સારી રીતે આરાધીને આ લોકમાં અને પરલોકમાં કલ્યાણ પામે છે. કલ્યાણનું સ્વરૂપ પ્રસિદ્ધ જ છે. (૪)

एतदेव विवरीषुराह–

**क्षीराश्रवादिलब्ध्योघमासाद्य परमाक्षयम्;**
**कुर्वन्ति भव्यसत्त्वानामुपकारमनुत्तमम् ॥५॥ इति ।**

**क्षीरं** दुग्धं श्रोतृजनकर्णपुटेषु **आश्रवति** क्षरति भाषमाणो यस्यां लब्धौ सा **क्षीराश्रवा**, **आदिशब्दा**न्मध्वाश्रवा सर्पिराश्रवा अमृताश्रवा चेत्यादिको यो **लब्ध्योघो** लब्धिसङ्घातः तम् **आसाद्य** उपलभ्य **परमाक्षयं परमं** सर्वसुन्दरं **अक्षयं** च अनेकदा उपजीव्यमानमपि अनुपरमस्वभावम्, किमित्याह– **कुर्वन्ति** विदधति **भव्यसत्त्वानाम्** उपकर्तुं योग्यानाम् **उपकारं** सम्यक्त्व-ज्ञान-चारित्रलाभलक्षणम् **अनुत्तमं** निर्वाणैकफलत्वेन अन्योपकारातिशायिनमिति ॥५॥

**આનું (= આ લોક - પરલોકના કલ્યાણનું) જ વિવરણ કરવાની ઇચ્છાવાળા ગ્રંથકાર કહે છે. :-**

પરમ અને અક્ષય એવા ક્ષીરાશ્રવ વગેરે લબ્ધિસમૂહને મેળવીને ભવ્યજીવો ઉપર સર્વોત્તમ ઉપકાર કરે છે. જે લબ્ધિમાં બોલનાર વ્યક્તિ શ્રોતા લોકના કર્ણપુટોમાં દૂધને ઝરે (= ઝરાવે) તે ક્ષીરાશ્રવલબ્ધિ. આદિ શબ્દથી મધ્વાશ્રવ, સર્પિરાશ્રવ, અમૃતાશ્રવ વગેરે લબ્ધિઓ સમજવી.

પરમ =સર્વમાં શ્રેષ્ઠ. અક્ષય = અનેકવાર ઉપયોગ કરવા છતાં જેનો ક્ષય ન થાય તે. ભવ્યજીવો = ઉપકાર કરવાને યોગ્ય એવા ભવ્યજીવો. ઉપકાર = સમ્યક્જ્ઞાન - ચારિત્રની પ્રાપ્તિરૂપ ઉપકાર. સર્વોત્તમ = નિર્વાણ જ (મુખ્ય) ફલ હોવાના કારણે અન્ય (સર્વ) ઉપકારોથી ચઢિયાતો. (૫)

तथा -

**मुच्यन्ते चाशु संसारादत्यन्तमसमञ्जसात्।**
**जन्म-मृत्यु-जरा-व्याधि-रोग-शोकाद्युपद्रुतात् ॥६॥ इति ।**

**मुच्यन्ते** परिहीयन्ते, **चः** समुच्चये, **आशु** शीघ्रं **संसारात्** भवात्, कीदृशादित्याह - **अत्यन्तम्** अतीव, **सङ्गतं** युक्तम् **अञ्जः** स्वरूपं यस्य स तथा, तत्प्रतिषेधादसमञ्जसस्तस्मात्, अत एव **जन्म - मृत्यु - जरा - व्याधि - रोग - शोकाद्युपद्रुतात्, जन्मना** प्रादुर्भावेन **मृत्युना** मरणेन **जरया** स्थविरभावलक्षणया **व्याधिना** कुष्ठादिरूपेण **शोकेन** इष्टवियोगप्रभवमनोदुःखविशेषेण **आदि**शब्दाच्छीत - वातादिभिरुपद्रवैरु**पद्रुतात्** विह्वलतामानीतादिति ॥६॥

इति श्री **मुनिचन्द्रसूरि**विरचितायां **धर्मबिन्दुवृत्तौ यतिधर्मविधिः** पञ्चमोऽध्यायः समाप्तः ॥५॥

અત્યંત અયોગ્ય સ્વરૂપવાળા અને એથી જ જન્મ, મૃત્યુ, જરા, વ્યાધિ, રોગ અને શોક વગેરે ઉપદ્રવોથી વિહ્વલ કરાયેલા સંસારથી જલદી છૂટકારો પામે છે.

શોક = ઈષ્ટ વિયોગથી થયેલ માનસિક દુઃખવિશેષ. આદિશબ્દથી ઠંડી અને પવન વગેરે ઉપદ્રવો સમજવા. (૬)

આ પ્રમાણે ધર્મબિંદુની શ્રીમુનિચંદ્રસૂરિ વિરચિતવૃત્તિમાં **યતિધર્મવિધિ** નામનો પાંચમો અધ્યાય પૂર્ણ થયો.

-- ■ --

## । अथ षष्ठोऽध्यायः ।

व्याख्यातः पञ्चमोऽध्यायः, अधुना षष्ठो व्याख्यायते, तस्य चेदमादिसूत्रम्–

**आशयाद्युचितं ज्यायोऽनुष्टानं सूरयो विदुः।**

**साध्यसिद्ध्यङ्गमित्यस्माद् यतिधर्मो द्विधा मतः ॥१॥**

**आशयस्य** चित्तवृत्तिलक्षणस्य **आदि**शब्दात् श्रुतसम्पत्तेः शरीरसंहननस्य परोपकारकरणशक्तेश्च **उचितं** योग्यं **ज्यायः** अतिप्रशस्य**मनुष्ठानं** जिनधर्मसेवालक्षणं **सूरयः** समयज्ञाः **विदुः** जानन्ति, कीदृशमित्याह- **साध्यसिद्ध्यङ्गम्, साध्यस्य** सकलक्लेशक्षयलक्षणस्य **सिद्ध्यङ्गं** निष्पत्तिकारणम् **इति अस्मात्** कारणाद् **यतिधर्मो द्विधा मतः** सापेक्षयतिधर्मतया निरपेक्षयतिधर्मतया चेति ॥१॥

**પાંચમા અધ્યાયનું વ્યાખ્યાન કર્યું. હવે છઠ્ઠા અધ્યાયનું વ્યાખ્યાન કરવામાં આવે છે. તેનું પહેલું સૂત્ર આ છે :-**

ચિત્તવૃત્તિરૂપ આશય, શ્રુતરૂપ સંપત્તિ, શરીરબળ અને પરોપકાર કરવાની શક્તિને યોગ્ય (= અનુરૂપ) અનુષ્ઠાન અતિશ્રેષ્ઠ છે, અને એ જ સકલ ક્લેશક્ષય રૂપ સાધ્યની સિદ્ધિનું કારણ છે એમ શાસ્ત્રજ્ઞ સૂરિઓ જાણે છે. માટે જ શાસ્ત્રજ્ઞાતા સૂરિઓને (સાધ્ય એક હોવા છતાં) યતિધર્મ સાપેક્ષ યતિધર્મ અને નિરપેક્ષ યતિધર્મ એમ બે પ્રકારનો ઈષ્ટ છે. અનુષ્ઠાન એટલે જિનધર્મની આરાધના. (૧)

साध्यसिद्ध्यङ्गत्वमेव भावयति-

**समग्रा यत्र सामग्री तदक्षेपेण सिद्ध्यति।**

**दवीयसाऽपि कालेन वैकल्ये तु न जातुचित् ॥२॥**

**समग्रा** परिपूर्णा **यत्र** कार्ये **सामग्री** समग्रसंयोगलक्षणा भवति **तत्** कार्यम् **अक्षेपेण** अविलम्बेन **सिद्ध्यति** निष्पद्यते, अन्यथा सामग्रीसमग्रताऽयोगात्, अत्रैव व्यतिरेकमाह- **दवीयसाऽपि** अतिचिररूपतया दूरतरवर्तिनाऽपि **कालेन वैकल्ये तु** सामग्रिकाया विकलतायां पुनर्न जातुचित् न कदाचिदपीति ॥२॥

**યોગ્ય અનુષ્ઠાન જ સાધ્યની સિદ્ધિનું કારણ છે એ જ વિષયને વિચારે છેઃ-**

જે કાર્યમાં સમગ્ર સાધનોના સંયોગરૂપ સામગ્રી સંપૂર્ણ હોય તે કાર્ય જલદી સિદ્ધ થાય છે. અન્યથા (કાર્ય જલદી સિદ્ધ ન થાય તો) સામગ્રીની પરિપૂર્ણતા ઘટી

શકે નહિ. [કાર્ય જલદી થાય તો જ સામગ્રીની પરિપૂર્ણતા ઘટે. કારણકે સામગ્રી (समग्रसंयोगलक्षणा =) જે કાર્યમાં જે સાધનો જોઇએ તે સર્વ સાધનોના સંયોગ સ્વરૂપ છે. અને સામગ્રી આવે એટલે કાર્ય અવશ્ય થાય એવો નિયમ છે.]

આ જ વિષયમાં વ્યતિરેક કહે છેઃ- સામગ્રી અપૂર્ણ હોય તો લાંબા કાળે પણ કાર્યની સિદ્ધિ થતી નથી. (૨)

एवं सति यत् कर्तव्यं तदाह-

**तस्माद् यो यस्य योग्यः स्यात् तत्तेनालोच्य सर्वथा।**
**आरब्धव्यमुपायेन सम्यगेष सतां नयः ॥३॥**

**तस्मात्** कारणाद् **यो** यतिः **यस्य** सापेक्षयतिधर्मनिरपेक्षयतिधर्मयोरन्यतरानुष्ठानस्य **योग्यः** समुचितः **स्याद्** भवेत् **तद्** अनुष्ठानं **तेन** योग्येन **आलोच्य** निपुणोहापोहयोगेन परिभाव्य **सर्वथा** सर्वैरुपाधिभिरा**रब्धव्यम्** आरम्भणीयम् **उपायेन** तद्गतेनैव **सम्यग्** यथावत्, **एष** योग्यारम्भलक्षणः **सतां** शिष्टानां **नयो** नीतिरिति ॥३॥

માટે સૂક્ષ્મ તર્ક - વિર્તક કરવા પૂર્વક વિચારીને જે સાધુ સાપેક્ષ યતિધર્મ અને નિરપેક્ષ યતિધર્મ એ બેમાંથી જે અનુષ્ઠાનને યોગ્ય હોય તે સાધુએ તે અનુષ્ઠાનનો તેના ઉપાયો વડે બધી રીતે આરંભ કરવો જોઇએ. પોતે જેને યોગ્ય હોય તેનો આરંભ કરવો એ શિષ્ટપુરુષોની નીતિ છે. (૩)

**इत्युक्तो यतिधर्मः, इदानीमस्य**
**विषयविभागमनुवर्णयिष्यामः ॥१॥३६८॥ इति**

प्रतीतार्थमेवेति ॥१॥

આ પ્રમાણે યતિધર્મનું નિરૂપણ કર્યુ. હવે વિષયવિભાગનું વર્ણન કરીશું. (વિષયવિભાગ = કોણ સાપેક્ષ યતિધર્મને યોગ્ય છે અને કોણ નિરપેક્ષ યતિધર્મને યોગ્ય છે એવો વિભાગ.) (૧)

**तत्र कल्याणाशयस्य श्रुतरत्नमहोदधेः उपशमादिलब्धिमतः परहितोद्यतस्य अत्यन्तगम्भीरचेतसः प्रधानपरिणतेर्विधूतमोहस्य परमसत्त्वार्थकर्तुः**

**सामायिकवतः विशुद्ध्यमानाशयस्य यथोचितप्रवृत्तेः सात्मीभूतशुभयोगस्य श्रेयान् सापेक्षयतिधर्म एव ॥२॥३६९॥ इति ।**

**तत्रेति** विषयविभागानुवर्णनोपक्षेपे **कल्याणाशयस्य** भावारोग्यरूप-मुक्तिपुरप्रापकपरिणामस्य, **श्रुतरत्नमहोदधेः** प्रवचनमाणिक्यपरमनीरनिधेः, **उपशमादिलब्धिमतः** उक्तलक्षणोपशमादिलब्धिसमन्वितस्य, **परहितोद्यतस्य** सर्वजगज्जीवजातहिताधानधनस्य, **अत्यन्तगम्भीरचेतसः** हर्ष-विषादादावतिनिपुणैरप्यनुपलब्धचित्तविकारस्य, अत एव **प्रधानपरिणतेः** सर्वोत्तमात्मपरिणामस्य, **विधूतमोहस्य** समुत्तीर्णमूढभावतन्द्रामुद्रस्य, **परमसत्त्वार्थकर्तुः** निर्वाणावन्ध्यबीजसम्यक्त्वादिसत्त्वप्रयोजनविधातुः, **सामायिकवतः** माध्यस्थ्यगुणतुलारोपणवशसमतापनीतस्वजन-परजनादिभावस्य, **विशुद्ध्यमानाशयस्य** वलक्षपक्षक्षपापतिमण्डलस्येव प्रतिकलमवदायमानमानसस्य, **यथोचितप्रवृत्तेः** प्रस्तावप्रायोग्यप्रारब्धप्रयोजनस्य, अत एव **सात्मीभूतशुभयोगस्य** अयःपिण्डस्येव वह्निना शुभयोगेन सह समानीभूतात्मनो यतिविशेषस्य **श्रेयान्** अतिप्रशस्यः **सापेक्षयतिधर्म एव,** नेतर इति ॥२॥

**તેમાં કલ્યાણાશય, શ્રુતરત્નમહોદધિ, ઉપશમાદિલબ્ધિમાન, પરહિતોદ્યત, અત્યંતગંભીરચિત્ત, પ્રધાનપરિણતિ, વિધૂતમોહ, પરમસત્ત્વાર્થકારી, સામાયિકવાન, વિશુદ્ધ્યમાનાશય, યથોચિત્તપ્રવૃત્તિ, સાત્મીભૂતશુભયોગ આવા સાધુને સાપેક્ષ યતિધર્મ અત્યંત શ્રેષ્ઠ છે.**

**તેમાં** = ''વિષયવિભાગનું વર્ણન કરીશું'' એવો જે ઉલ્લેખ કર્યો તેમાં. **કલ્યાણાશય** = ભાવ આરોગ્ય સ્વરૂપ મુક્તિપુરીમાં પહોંચાડનારા પરિણામવાળો. **શ્રુતરત્નમહોદધિ** = પ્રવચનરૂપ માણેકરત્નોનો મહાસાગર. **ઉપશમાદિલબ્ધિમાન** = ઉપશમાદિલબ્ધિ વગેરે લબ્ધિઓથી યુક્ત. ઉપશમાદિલબ્ધિઓનો અર્થ પૂર્વે (અ. ૪ સૂ. ૪માં) કહ્યો છે. **પરહિતોદ્યત** = જગતના સર્વ જીવસમૂહનું હિત કરવું એ જ જેનું ધન છે તેવો, અર્થાત્ પરહિતમાં તત્પર. **અત્યંતગંભીરચિત્ત** = હર્ષ - વિષાદ આદિમાં જેના ચિત્તવિકારોને અતિશય કુશળ માણસો પણ ન જાણી શકે તેવો. **પ્રધાનપરિણતિ** = સર્વોત્તમ આત્મપરિણામવાળો. અત્યંત ગંભીરચિત્તવાળો હોવાથી જ સર્વોત્તમ આત્મપરિણામવાળો હોય. **વિધૂતમોહ** = જેની મૂઢભાવરૂપ તંદ્રાની મહોર છાપ દૂર થઇ ગઈ છે એવો, અર્થાત્ જેનો મોહ દૂર થઈ ગયો છે

એવો. **પરમસત્ત્વાર્થકારી** = જીવોના મોક્ષનું અવંધ્ય બીજ એવા સમ્યક્ત્વાદિકાર્યોને કરનાર. **સામાયિકવાન** = માધ્યસ્થ્યગુણરૂપ ત્રાજવામાં બેશવાના કારણે થયેલ સમતાથી જેનો સ્વજન - પરજન આદિ ભેદભાવ દૂર થઈ ગયો છે એવો. **વિશુદ્ધ્યમાનાશય** = શુક્લપક્ષના ચંદ્રમંડલની જેમ • પ્રત્યેક કલાએ જેનું મન વિશુદ્ધ થઈ રહ્યું છે એવો. **યથોચિત્તપ્રવૃત્તિ** = અવસરને યોગ્ય કાર્યનો જેણે પ્રારંભ કર્યો છે એવો. **સાત્મીભૂતશુભયોગ** = અગ્નિની સાથે લોઢાના ગોળાની જેમ શુભયોગની સાથે જેનો આત્મા એક સ્વરૂપ થઈ ગયો છે એવો.

આવા સાધુને સાપેક્ષ યતિધર્મ અત્યંત શ્રેષ્ઠ છે. (૨)

कुत इत्याह-

**वचनप्रामाण्यात् ॥३॥३७०॥ इति ।**

भगवदाज्ञाप्रमाणभावात् ॥३॥

**આવા સાધુને સાપેક્ષ યતિધર્મ અત્યંત શ્રેષ્ઠ શાથી છે તે કહે છે:-**

ભગવાનનું વચન (= આજ્ઞા) પ્રમાણ (= વિશ્વસનીય) હોવાથી આવા સાધુને સાપેક્ષ યતિધર્મ શ્રેષ્ઠ છે. (૩)

एतदपि कुत इत्याह-

**सम्पूर्णदशपूर्वविदो निरपेक्षधर्मप्रतिपत्तिप्रतिषेधात् ॥४॥३७१॥ इति ।**

सुगममेव, प्रतिषेधश्च-

गच्छे च्चिय निम्माओ जा पुव्वा दस भवे असंपुण्णा। नवमस्स तइयवत्थू होइ जहन्नो सुआभिगमो ॥२०५॥ (पञ्चा० १८/५) इति वचनादवसीयते ॥४॥

**ભગવાનનું વચન પણ શાથી છે તે કહે છે :-**

**સંપૂર્ણ દશપૂર્વોને જાણનારાઓને નિરપેક્ષ યતિધર્મને સ્વીકારવાનો નિષેધ હોવાથી સાપેક્ષ યતિધર્મ અત્યંત શ્રેષ્ઠ છે.** પ્રતિષેધ નીચેના વચનથી જાણી શકાય છે :-

• ચંદ્રમંડલના સોળમા ભાગને કલા કહેવામાં આવે છે. ચંદ્ર દરરોજ કલાથી ખીલતો જાય છે. તેથી પૂનમના દિવસે સોળે કલાથી ખીલી ઉઠે છે. સાધુપક્ષમાં કલા અમુક સમયની સંજ્ઞા છે. બે પળ જેટલા સમયને કલા કહેવામાં આવે છે.

**"ગચ્છમાં જ રહીને પ્રતિમાકલ્પના આહારાદિ સંબંધી પરિકર્મમાં (= અભ્યાસમાં કે તુલનામાં) જે ઘડાઈ ગયો હોય તથા ઉત્કૃષ્ટથી કંઈક ન્યૂન દશપૂર્વો અને જઘન્યથી નવમા પૂર્વની ત્રીજી વસ્તુ સુધીનું શ્રુત જાણનાર હોય તે પ્રતિમાઓને સ્વીકાર કરવાને યોગ્ય છે"** (અહીં "કંઈક ન્યૂન દશપૂર્વોને જાણનાર" એમ કહીને સંપૂર્ણ દશપૂર્વોને જાણનારનો પ્રતિષેધ કર્યો છે.) (૪)

एषोऽपि किमर्थमित्याह-

**परार्थसम्पादनोपपत्तेः ॥५॥३७२॥ इति ।**

**परार्थस्य** परोपकारलक्षणस्य **सम्पादनं** करणं **तदुपपत्तेः**, स हि दशपूर्वधरस्तीर्थोपष्टम्भलक्षणं परार्थं सम्पादयितुं यस्मादुपपद्यत इति ॥५॥

**આ નિષેધ પણ શા માટે છે તે કહે છેઃ-**

સંપૂર્ણ દશપૂર્વને જાણનાર સાધુ તીર્થના આધારરૂપ પરોપકાર કરવા માટે સમર્થ હોવાથી તેને નિરપેક્ષ યતિધર્મ સ્વીકારવાનો નિષેધ છે. (૫)

यदि नामैवं ततोऽपि किमित्याह-

**तस्यैव च गुरुत्वात् ॥६॥३७३॥ इति ।**

**तस्य** परार्थसम्पादनस्य **एव**, चेत्यवधारणे, **गुरुत्वात्** सर्वधर्मानुष्ठानेभ्य उत्तमत्वात्।

**સંપૂર્ણ દશપૂર્વને જાણનાર પરોપકાર કરવા માટે સમર્થ છે એથી શું ? (એથી શો લાભ ?) તે કહે છેઃ-**

પરોપકાર કરવો એ જ સર્વ ધર્માનુષ્ઠાનોથી ઉત્તમ હોવાના કારણે સંપૂર્ણ દશપૂર્વધરને નિરપેક્ષ યતિધર્મ સ્વીકારવાનો નિષેધ છે. (૬)

एतदपि कथमित्याह-

**सर्वथा दुःखमोक्षणात् ॥७॥३७४॥ इति ।**

**सर्वथा** सर्वैः प्रकारैः स्वस्य परेषां चेत्यर्थः **दुःखानां** शारीर-मानसरूपाणां मोचनात्।

**પરોપકાર સર્વધર્માનુષ્ઠાનોથી ઉત્તમ કેવી રીતે છે તે કહે છે :-**

પરોપકારથી સ્વ- પરના સર્વ પ્રકારના શારીરિક - માનસિક દુઃખોની મુક્તિ થવાથી, અર્થાત્ પરોપકારથી પોતે અને બીજાઓ શરીર-મનનાં સઘળાંય દુઃખોથી મુક્ત બનતા હોવાથી પરોપકાર સર્વધર્માનુષ્ઠાનોથી ઉત્તમ છે. (૭)

तथा- **सन्तानप्रवृत्तेः ॥८॥३७५॥ इति ।**

परार्थसम्पादनात् **सन्तानस्य** शिष्य-प्रशिष्यादिप्रवाहरूपस्य प्रवृत्तेः ॥८॥

શિષ્ય - પ્રશિષ્યાદિના પ્રવાહરૂપ પરંપરાની પ્રવૃત્તિ થવાથી (= પરંપરા ચાલવાથી) પરોપકાર સર્વધર્માનુષ્ઠાનોથી શ્રેષ્ઠ છે. (૮)

तथा- **योगत्रयस्याप्युदग्रफलभावात् ॥९॥३७६॥ इति ।**

**योगत्रयस्यापि** मनोवाक्कायकरणव्यापाररूपस्य परार्थसम्पादने क्रियमाणे, न पुनरेकस्यैवेत्यपिशब्दार्थः, **उदग्रफलभावात्, उदग्रस्य** प्रकारान्तरेणानुपलभ्यमानत्वेनात्युत्तमस्य **फलस्य** कर्मनिर्जरालक्षणस्य **भावात्,** नहि यथा देशनायां सर्वात्मना व्याप्रियमाणं मनोवाक्कायत्रयं फलमाप्नोति तथाऽन्यत्र कृत्यान्तर इति ॥९॥

**પરોપકાર કરવામાં માત્ર એક જ યોગનું નહિ કિંતુ ત્રણેય યોગોનું • કર્મનિર્જરારૂપ અત્યંત ઉત્તમ ફલ પ્રાપ્ત થતું હોવાથી પરોપકાર સર્વ ધર્માનુષ્ઠાનોથી ઉત્તમ છે.** દેશનામાં સંપૂર્ણરૂપે ઓતપ્રોત થયેલા મન - વચન - કાયા જે રીતે ફલને પામે છે તે રીતે અન્ય કર્તવ્યોમાં ફલને પામતા નથી. પરોપકાર કરવામાં પ્રાપ્ત થતું ફલ અત્યંત ઉત્તમ એટલા માટે છે કે એવું ફળ બીજી કોઈ રીતે પ્રાપ્ત થતું નથી. (૯)

तथा- **निरपेक्षधर्मोचितस्यापि तत्प्रतिपत्तिकाले परपरार्थसिद्धौ तदन्यसम्पादकाभावे प्रतिपत्तिप्रतिषेधाच्च ॥१०॥३७७॥ इति।**

**निरपेक्षधर्मोचितस्यापि,** किं पुनस्तदनुचितस्येत्यपिशब्दार्थः, **तत्प्रतिपत्तिकाले** निरपेक्षधर्माङ्गीकरणसमये **परपरार्थसिद्धौ** परेषां परार्थस्य सम्यग्दर्शनादेः प्रधानप्रयोजनस्य

• मनोवाक्कायकरणव्यापाररूपस्य = મન - વચન - કાયારૂપ જે કરણ, તે કરણનો જે વ્યાપાર (= ક્રિયા), તે વ્યાપારરૂપ ત્રણ યોગ છે. साधकतमं करणं = કાર્યને જે બધા કરતાં અધિક સાધે તે કરણ, અર્થાત્ કાર્યમાં જે બધા કરતાં અધિક ઉપયોગી બને તે કરણ કહેવાય. જેમ કે દાંતરડાથી કાપે છે. અહીં દાંતરડું કાપવાની ક્રિયામાં કરણ છે. મનના વ્યાપારમાં (=ક્રિયામાં) મન કરણ છે. વચનના વ્યાપારમાં વચન કરણ છે અને કાયાના વ્યાપારમાં કાયા કરણ છે. માટે મન - વચન - કાયા એ ત્રણ કરણ છે. ત્રણ યોગ મન - વચન - કાયારૂપ કરણના વ્યાપાર (ક્રિયા) સ્વરૂપ છે. આ પ્રમાણે मनोवाक्काय० નો શબ્દાર્થ છે.

सिद्धौ साध्यायां विषये तदन्यसम्पादकाभावे तस्मात् निरपेक्षयतिधर्मोचितादन्यस्य साधोः परार्थसिद्धिसम्पादकस्याभावे **प्रतिपत्तिप्रतिषेधाद्** अङ्गीकरणनिवारणात्, चकारो हेत्वन्तरसमुच्चये, **तस्यैव च गुरुत्वम्** (सू० ३७३) इति सण्टङ्क इति ॥१०॥

જે નિરપેક્ષ યતિધર્મને યોગ્ય હોય તેને પણ, જો નિરપેક્ષયતિધર્મ સ્વીકારતી વખતે પરપરાર્થ સાધવાનો હોય = બીજાઓનું સમ્યગ્દર્શનાદિરૂપ મુખ્ય કાર્ય કરવાનું હોય, અર્થાત્ બીજાઓને સમ્યગ્દર્શન આદિ ધર્મ પમાડવાનો હોય, અને નિરપેક્ષ યતિધર્મને સ્વીકારનાર સાધુ સિવાય બીજો કોઇ સાધુ એ પરપરાર્થ સાધી શકે તેમ ન હોય = બીજાઓને સમ્યગ્દર્શન આદિ પમાડી શકે તેમ ન હોય, તો નિરપેક્ષ યતિધર્મ સ્વીકારવાનો નિષેધ હોવાથી પરોપકાર સર્વ ધર્માનુષ્ઠાનોથી ઉત્તમ છે. • (૧૦)

इत्थं सापेक्षयतिधर्मयोग्यमुक्त्वा निरपेक्षयतिधर्मयोग्यं वक्तुमाह—

**नवादिपूर्वधरस्य तु यथोदितगुणस्यापि साधुशिष्यनिष्पत्तौ साध्यान्तराभावतः सति कायादिसामर्थ्ये सद्वीर्याचारासेवनेन तथा प्रमादजयाय सम्यगुचितसमये आज्ञाप्रामाण्यतस्तथैव योगवृद्धेः प्रायोपवेशनवच्छ्रेयान्निरपेक्षयतिधर्मः ॥११॥३७८॥ इति ।**

**नवादिपूर्वधरस्य तु यथोदितगुणस्यापि 'तत्र कल्याणाशयस्य'** इत्यादिसूत्रनिरूपितगुणस्य, किं पुनस्तदन्यगुणस्येत्यपिशब्दार्थः, **साधुशिष्यनिष्पत्तौ** आचार्योपाध्याय-प्रवर्ति-स्थविर-गणावच्छेदकलक्षणपदपञ्चकयोग्यतया साधूनां शिष्याणां निष्पत्तौ सत्यां साध्यान्तराभावतः साध्यान्तरस्य निरपेक्षधर्मापेक्षया आर्यापरिपालनादिरूपस्य **अभावतः** अभवनेन **सति** विद्यमाने **कायादिसामर्थ्ये** वज्रर्षभनाराचसंहननशरीरतया वज्रकुड्यसमानधृतितया च महति काय-मनसोः समर्थभावे सति **सद्वीर्याचारासेवनेन, सतो** विषयप्रवृत्ततया सुन्दरस्य **वीर्याचारस्य** सामर्थ्यागोपनलक्षणस्य निषेवणेन, **तथा प्रमादजयाय, तथा** तेन निरपेक्षयतिधर्मप्रतिपत्तिप्रकारेण यः प्रमादस्य निद्रादेः **जयः** अभिभवस्तदर्थं **सम्यक्** शास्त्रोक्तनीत्या तपः-सत्त्व-सूत्रैकत्व-बललक्षणाभिः पञ्चभिस्तुलनाभिरात्मानं तोलयित्वा **उचितसमये** तिथि-वार-नक्षत्र-योग-लग्नशुद्धिलक्षणे **आज्ञाप्रामाण्यतः** आज्ञैवात्रार्थे प्रमाणमिति

• આ જ ગ્રંથના બીજા અધ્યાયના છેલ્લા શ્લોકમાં પણ પરોપકારનું મહત્ત્વ જણાવ્યું છે.

परिणामात् **तथैव** प्रतिपित्सितनिरपेक्षयतिधर्मानुरूपतयैव **योगवृद्धेः** सम्यग्दर्शन-ज्ञान-चारित्रलक्षणधर्मव्यापारवृद्धेः **प्रायोपवेशनवत्, प्रायोपवेशनम्** अनशनम्, तद्वत्, पर्यन्तकालकरणीयानशनक्रियातुल्य इत्यर्थः, **श्रेयान्** अतिप्रशस्यः निरपेक्षयतिधर्मो जिनकल्पादिरूपः कल्पादिग्रन्थप्रसिद्धस्वरूपो वर्तत इति ॥११॥

**આ પ્રમાણે સાપેક્ષ યતિધર્મને યોગ્ય કોણ છે તે કહીને નિરપેક્ષ યતિધર્મને યોગ્ય કોણ છે તે કહેવા માટે કહે છેઃ-**

**જેને નવ વગેરે પૂર્વોનું જ્ઞાન હોય તે યથોક્ત ગુણોવાળો હોય તો પણ તેને તો, સારા શિષ્યો તૈયાર થયે છતે, અન્ય કાર્ય ન હોવાથી , શરીર વગેરેનું સામર્થ્ય હોય તો, સુંદર વીર્યાચારના પાલન વડે, તે રીતે પ્રમાદના જય માટે, સમ્યક્ રીતે, ઉચિત સમયે, આજ્ઞા પ્રામાણ્યથી તે પ્રમાણે જ યોગની વૃદ્ધિ થવાથી, અનશનની જેમ, નિરપેક્ષ યતિધર્મ અતિશ્રેષ્ઠ છે.**

**જેને નવ વગેરે પૂર્વોનું જ્ઞાન હોય** = જેને નવમા પૂર્વની ત્રીજી વસ્તુથી આરંભી કંઇક ન્યૂન દશ પૂર્વ સુધીનુ જ્ઞાન હોય. **યથોક્તગુણવાળો હોય** = આ ગ્રંથના છઠ્ઠા અધ્યાયના બીજા સૂત્રમાં કહેલા ''કલ્યાણાશય'' વગેરે ગુણોવાળો હોય. **સારા શિષ્યો તૈયાર થયે છતે** = આચાર્ય - ઉપાધ્યાય - પ્રવર્તક - સ્થવિર - ગણાવચ્છેદક એ પાંચ પદને યોગ્ય શિષ્યો તૈયાર થઇ ગયા હોય. **અન્ય કાર્ય ન હોવાથી** = નિરપેક્ષ યતિધર્મથી અન્ય જે સાધ્વીઓનું પરિપાલન આદિ કાર્ય, તે કાર્ય ન હોવાથી.

**શરીર વગેરેનું સામર્થ્ય હોય તો** = વજ્રઋષભનારાચ સંઘયણવાળું શરીર હોવાથી અને વજ્રની ભીંત સમાન ધીરતા હોવાથી શરીર - મનનું ઘણું સામર્થ્ય હોય તો. **સુંદર વીર્યાચારના પાલન વડે** = વીર્યાચાર શુભસ્થાનમાં પ્રવૃત્ત હોવાથી સુંદર છે. અહીં વીર્યાચારનું સુંદર વિશેષણ છે, અર્થાત્ વીર્યાચારને સુંદર કહ્યો છે. વીર્યાચારને સુંદર કેમ કહ્યો છે તેના જવાબમાં કહ્યું છે કે વીર્યાચારનું નિરપેક્ષ યતિધર્મરૂપ શુભસ્થાનમાં પાલન થવાથી સુંદર છે. વીર્યાચાર એટલે સામર્થ્યને ન છુપાવવું, અર્થાત્ સામર્થ્યનો ઉપયોગ કરવો તે વીર્યાચાર. સુંદર વીર્યાચારનું પાલન થવાથી નિરપેક્ષ યતિધર્મ શ્રેષ્ઠ છે એ પ્રમાણે સંબંધ છે.

**તે રીતે પ્રમાદના જય માટે** = તે રીતે એટલે નિરપેક્ષ યતિધર્મના સ્વીકારરૂપ પ્રકારથી. પ્રમાદના જય માટે એટલે નિદ્રા વગેરે પ્રમાદને જીતવા માટે, અર્થાત્ નિરપેક્ષ યતિધર્મના સ્વીકારથી નિદ્રા આદિ પ્રમાદનો જય કરી શકાય છે, માટે નિરપેક્ષ યતિધર્મ શ્રેષ્ઠ છે એ પ્રમાણે સંબંધ છે. **સમ્યક્ રીતે** = શાસ્ત્રોક્ત વિધિથી

તપ - સત્ત્વ - સૂત્ર - એકત્વ - બલ એ પાંચ તુલનાઓથી પોતાને તોળીને. **ઉચિત સમયે** = તિથિ - વાર - નક્ષત્ર - યોગ-લગ્ન એ પાંચની શુદ્ધિ હોય તેવા સમયે. **આજ્ઞાપ્રામાણ્યથી તે પ્રમાણે જ યોગની વૃદ્ધિ થવાથી** = આજ્ઞાપ્રામાણ્યથી એટલે આ વિષયમાં આજ્ઞા પ્રમાણ છે એવા પરિણામથી. તે પ્રમાણે જ એટલે સ્વીકારવાને ઇચ્છેલા નિરપેક્ષ યતિધર્મને અનુરૂપપણે જ. યોગવૃદ્ધિ એટલે સમ્યગ્દર્શન - જ્ઞાન-ચારિત્રરૂપ ધર્મક્રિયાની વૃદ્ધિ. (યોગ્ય જીવ નિરપેક્ષ યતિધર્મને સ્વીકારવા ઇચ્છે ત્યારે તેના આત્મામાં નિરપેક્ષ યતિધર્મને સ્વીકારવામાં આજ્ઞા જ પ્રમાણ છે એવા પરિણામ થાય છે. એવા પરિણામ થવાથી સ્વીકારવાને ઈચ્છેલા નિરપેક્ષ યતિધર્મને અનુરૂપ (= યોગ્ય) સમ્યગ્દર્શન - જ્ઞાન - ચારિત્રરૂપ ધર્મની ક્રિયાઓની વૃદ્ધિ થાય છે. આથી નિરપેક્ષયતિધર્મ અત્યંત શ્રેષ્ઠ છે.)

**અનશનની જેમ** = અંતકાલે કરવા યોગ્ય અનશનની ક્રિયાની જેમ.

**નિરપેક્ષ યતિધર્મ** = જિનકલ્પ વગેરે નિરપેક્ષ યતિધર્મ છે. આ ધર્મનું સ્વરૂપ (બૃહત્) કલ્પ વગેરે ગ્રંથોમાં પ્રસિદ્ધ છે. (૧૧)

તથા– **तत्कल्पस्य च परार्थलब्धिविकलस्य ॥१२॥३७९॥ इति ।**

**तत्कल्पस्य** निरपेक्षयतिधर्मप्रतिपत्तिसमर्थपुरुषविशेषतुल्यस्य अन्यस्यापि, **च**शब्दः समुच्चये, परं केवलं **परार्थलब्धिविकलस्य** तथाविधान्तरायादिकर्मपारतन्त्र्यदोषात् **परार्थलब्ध्या** साधुशिष्यनिष्पादनादिसामर्थ्यलक्षणया विकलस्य, **श्रेयान् निरपेक्षयतिधर्म** इत्यनुवर्तते ॥१२॥

**તત્સમાન અન્ય પણ જો પરાર્થલબ્ધિથી રહિત હોય તો તેને પણ નિરપેક્ષયતિધર્મ અત્યંત શ્રેષ્ઠ છે.** તત્સમાન = નિરપેક્ષ યતિધર્મ સ્વીકારવા માટે સમર્થ પુરુષવિશેષની સમાન. પરાર્થલબ્ધિથી રહિત = તેવા પ્રકારના અંતરાયકર્મ વગેરે કર્મની પરતંત્રતારૂપ દોષથી સારા શિષ્યને તૈયાર કરવા વગેરેની શક્તિરૂપ પરાર્થલબ્ધિથી રહિત. **ભાવાર્થ :** ઉપરના સૂત્રમાં જે સાધુ માટે નિરપેક્ષ યતિધર્મ શ્રેષ્ઠ કહ્યો છે તેના સમાન અન્ય સાધુ પણ સારા (= આચાર્ય આદિ પાંચ પદને યોગ્ય) શિષ્યો તૈયાર કરવાની લબ્ધિથી (= શક્તિથી) રહિત હોય તો તેના માટે પણ નિરપેક્ષ યતિધર્મ શ્રેષ્ઠ છે.

(સમર્થ પુરુષવિશેષની સમાન કેમ કહ્યું ? તેનું સ્પષ્ટીકરણ :- કોઇ બે સાધુ

નિરપેક્ષ યતિધર્મ સ્વીકારવા માટે બધી રીતે સમર્થ હોય, પણ તે બે વચ્ચે એક વિષયમાં ભેદ હોય. એક સાધુએ સારા શિષ્યો તૈયાર કર્યા હોય અને બીજા સાધુએ સારા શિષ્યો તૈયાર ન કર્યા હોય. આ બેમાં એક સાધુ સાપેક્ષ યતિધર્મ સ્વીકારવા માટે સમર્થ છે, બીજો સમર્થ નથી. કારણ કે શિષ્યો તૈયાર કર્યા નથી. બીજો સાધુ સાપેક્ષ યતિધર્મ સ્વીકારવા માટે સારા સમર્થ ન હોવા છતાં સમર્થની તુલ્ય જરૂર છે. આવા સાધુની અપેક્ષાએ અહીં સમર્થ પુરુષવિશેષની સમાન કહ્યું છે.

આવો સાધુ સમર્થ પુરુષવિશેષની સમાન છે. હવે જો તે સારા શિષ્યો તૈયાર કરવા સમર્થ હોય તો તેણે સારા શિષ્યો તૈયાર કરવા જોઈએ. પણ જો તે સારા શિષ્યો તૈયાર કરવાની લબ્ધિથી રહિત હોય તો તેના માટે નિરપેક્ષ યતિધર્મ શ્રેષ્ઠ છે. આથી અહીં કહ્યું કે નિરપેક્ષ યતિધર્મ સ્વીકારવા માટે સમર્થ પુરુષની સમાન અન્ય પણ જો સારા શિષ્યો તૈયાર કરવાની શક્તિથી રહિત હોય તો તેને પણ (સારા શિષ્યો તૈયાર ન કરવા છતાં) નિરપેક્ષ યતિધર્મ અત્યંત શ્રેષ્ઠ છે. ) (૧૨)

अत्र हेतुमाह–

**उचितानुष्ठानं हि प्रधानं कर्मक्षयकारणम् ॥१३॥३८०॥ इति ।**

**उचितानुष्ठानं हि** यस्मात् **प्रधानम्** उत्कृष्टं **कर्मक्षयकारण**मिति ॥१३॥

**અહીં યતિધર્મના વિષયવિભાગને કરવામાં હેતુ કહે છેઃ-**

**કારણકે યોગ્ય અનુષ્ઠાન કર્મક્ષયનું ઉત્કૃષ્ટ કારણ છે.** યોગ્ય અનુષ્ઠાન કર્મક્ષયનું ઉત્કૃષ્ટ કારણ હોવાથી અહીં યતિધર્મનો વિષયવિભાગ કર્યો છે. (૧૩)

एतदपि कुत इत्याह–

**उदग्रविवेकभावाद् रत्नत्रयाराधनाद् ॥१४॥३८१॥ इति ।**

**उदग्रस्य** उत्कटस्य **विवेकस्य** विधेयाविधेयवस्तुविभागविज्ञानलक्षणस्य **भावात्** सकाशात्, किमित्याह- **रत्नत्रयाराधनात्, रत्नत्रयस्य** सम्यग्दर्शनादेः **आराधनात्** निष्पादनात्, उचितानुष्ठाने हि प्रारब्धे नियमाद् रत्नत्रयाराधक उदग्रो विवेको विजृम्भते इत्येतत् प्रधानं कर्मक्षयकारणमिति ॥१४॥

**યોગ્ય અનુષ્ઠાન કર્મક્ષયનું ઉત્કૃષ્ટ કારણ શાથી છે તે કહે છે :-**

**યોગ્ય અનુષ્ઠાનમાં ઉત્કૃષ્ટ વિવેક હોય છે, અને એથી યોગ્ય અનુષ્ઠાન**

**સમ્યગ્દર્શનાદિ રત્નત્રયીની સિદ્ધિ કરે છે.** યોગ્ય અનુષ્ઠાનનો પ્રારંભ કરવામાં આવે છે ત્યારે રત્નત્રયને સિદ્ધ કરે એવો ઉત્કૃષ્ટ વિવેક અવશ્ય પ્રગટે છે. આથી યોગ્ય અનુષ્ઠાન કર્મક્ષયનું ઉત્કૃષ્ટ કારણ છે.

વિવેક = આ કરવા યોગ્ય છે અને આ કરવા યોગ્ય નથી એવા વસ્તુવિભાગનું વિશિષ્ટ જ્ઞાન. (૧૪)

अत्रैव व्यतिरेकमाह-

**अननुष्ठानमन्यदकामनिर्जराङ्गमुक्तविपर्ययात् ॥१५॥३८२॥ इति ।**

**अननुष्ठानम्** अनुष्ठानमेव न भवति **अन्यत्** विलक्षणं उचितानुष्ठानात्, तर्हि कीदृशं तदित्याह- **अकामनिर्जराङ्गम्, अकामस्य** निरभिलाषस्य तथाविधबलीवर्दादेरिव या निर्जरा कर्मक्षपणा तस्या अङ्गं निमित्तम्, न तु मुक्तिफलाया निर्जरायाः, कुत इत्याह- **उक्तविपर्ययात्** उदग्रविवेकाभावेन रत्नत्रयाराधानाभावादिति ॥१५॥

**અહીં જ વ્યતિરેકથી ( = વિપરીતથી) કહે છે :-**

**બીજું અનુષ્ઠાન અનનુષ્ઠાન છે અને અકામ નિર્જરાનું કારણ છે. કારણ કે એમાં પૂર્વોક્તથી ઉલટું છે.** બીજું = યોગ્ય અનુષ્ઠાનથી બીજું, અર્થાત્ અયોગ્ય. અનનુષ્ઠાન છે = અનુષ્ઠાન જ નથી. અયોગ્ય અનુષ્ઠાન પરમાર્થથી અનુષ્ઠાન જ નથી અને તેવા પ્રકારના બળદ વગેરેની જેમ અકામનિર્જરાનું કારણ છે. મુક્તિ રૂપ ફલવાળી નિર્જરાનું કારણ નથી. અર્થાત્ જેમ બળદ વગેરેને કષ્ટ સહન કરવાથી અકામ નિર્જરા થાય છે, તેમ અયોગ્ય અનુષ્ઠાન કરનારને અકામ નિર્જરા થાય છે, મુક્તિ મળે તેવી સકામ નિર્જરા થતી નથી. કારણ કે તેમાં પૂર્વોક્ત ઉચિત અનુષ્ઠાનથી ઉલટું છે. યોગ્ય અનુષ્ઠાન કરનારમાં ઉત્કૃષ્ટ વિવેક હોય છે, અને એથી યોગ્ય અનુષ્ઠાન રત્નત્રયની સિદ્ધિ કરે છે. જ્યારે અયોગ્ય અનુષ્ઠાન કરનારમાં ઉત્કૃષ્ટ વિવેકનો અભાવ હોય છે અને એથી એ રત્નત્રયની સિદ્ધિ કરતું નથી. (૧૫)

एतदेव भावयन्नाह-

**निर्वाणफलमत्र तत्त्वतोऽनुष्ठानम् ॥१६॥३८३॥ इति ।**

**निर्वाणफलं** मुक्तिकार्यम् **अत्र** जिनवचने **तत्त्वतः** परमार्थवृत्त्या, अनुषङ्गतः स्वर्गादिफलभावेऽपि, **अनुष्ठानं** सम्यग्दर्शनाद्याराधनारूपं प्रोच्यत इति ॥१६॥

**આ જ વિષયને વિચારતા ગ્રંથકાર કહે છે :-**

જિનવચનમાં જે અનુષ્ઠાનનું આનુષંગિક સ્વર્ગાદિ ફલ હોવા છતાં મુખ્ય ફલ મોક્ષ હોય તે (જ) પરમાર્થવૃત્તિથી અનુષ્ઠાન કહેવાય છે.

અનુષ્ઠાન = સમ્યગ્દર્શન વગેરેની આરાધના. (૧૬)

यदि नामैवं ततोऽपि किमित्याह–

**न चासदभिनिवेशवत्तत् ॥१७॥३८४॥ इति ।**

**न च** नैव असुन्दराग्रहयुक्तं तत् निर्वाणफलमनुष्ठानम्, असदभिनिवेशो हि निष्ठुरेऽपि अनुष्ठाने मोक्षफलं प्रतिबध्नातीति तद्व्यवच्छेदार्थमुक्तं **न चासदभिनिवेशवत्तदिति** ॥१७॥

**જો આ પ્રમાણે છે ( = મોક્ષ ફલવાળું અનુષ્ઠાન જ પરમાર્થથી અનુષ્ઠાન છે) તો તેથી પણ શું? તે કહે છે :-**

**મોક્ષફલવાળું અનુષ્ઠાન અસદ્ આગ્રહથી યુક્ત ન હોય.** અસદ્ આગ્રહ ખોટા પણ અનુષ્ઠાનમાં મોક્ષફલને બાંધે છે, અર્થાત્ અસદ્ આગ્રહ ખોટા પણ અનુષ્ઠાનથી મોક્ષ મળશે એમ મનાવે છે. આથી અસદ્ આગ્રહવાળા અનુષ્ઠાનને અલગ કરવા માટે ''મોક્ષફલવાળું અનુષ્ઠાન અસદ્ આગ્રહથી યુક્ત ન હોય'' એમ કહ્યું છે. (૧૭)

नन्वनौचित्येऽप्यनुष्ठानं च भविष्यति मिथ्याभिनिवेशरहितं चेत्याशङ्क्याह-

**अनुचितप्रतिपत्तौ नियमादसदभिनिवेशोऽन्यत्रानाभोगमात्रात् ॥१८॥३८५॥ इति॥**

**अनुचित**स्यानुष्ठानस्य **प्रतिपत्तौ** अभ्युपगमे **नियमाद्** अवश्यंतया **असदभिनिवेशः** उक्तरूपः असदभिनिवेशकार्यत्वादनुचितानुष्ठानस्य, अपवादमाह- **अन्यत्र अनाभोगमात्रादिति**, **अन्यत्र** विनाऽ**नाभोग** एव अपरिज्ञानमेव केवलम् अभिनिवेशशून्यमनाभोगमात्रम्, तस्मादनाभोगमात्रादनुचितप्रतिपत्तावपि नासदभिनिवेश इति भाव इति ॥१८॥

**યોગ્યતાના અભાવમાં પણ અનુષ્ઠાન થશે અને તે અનુષ્ઠાન અસદ્ આગ્રહથી રહિત હશે એવી શંકા કરીને તેનું સમાધાન કરે છે :-**

**અયોગ્ય અનુષ્ઠાનના સ્વીકારમાં અવશ્ય અસદ્ આગ્રહ હોય છે. જો માત્ર અનાભોગથી અયોગ્ય અનુષ્ઠાનનો સ્વીકાર કર્યો હોય તો તે અપવાદરૂપ છે.** અયોગ્ય અનુષ્ઠાનના સ્વીકારમાં અવશ્ય અસદ્ આગ્રહ હોય છે. કારણ કે અયોગ્ય

અનુષ્ઠાન અસદ્ આગ્રહનું કાર્ય છે. (જ્યાં કાર્ય હોય ત્યાં કારણ અવશ્ય હોય એવો નિયમ છે. આથી જ્યાં અયોગ્ય અનુષ્ઠાન રૂપ કાર્ય હોય ત્યાં અસદ્ આગ્રહરૂપ કારણ અવશ્ય હોય.)

અહીં અપવાદ કહે છેઃ- જો અસદ્ આગ્રહ વિના કેવળ અનાભોગથી જ = સૂક્ષ્મ જ્ઞાનના અભાવથી જ અયોગ્ય અનુષ્ઠાન સ્વીકારવામાં આવે તો અસદ્ આગ્રહ ન હોય. (૧૮)

एवं सति किं सिद्धमित्याह–

**सम्भवति तद्वतोऽपि चारित्रम् ॥१९॥३८६॥ इति ।**

**सम्भवति** जायते **तद्वतोऽपि** अनाभोगमात्रादनुचितप्रतिपत्तिमतोऽपि, किं पुनस्तदन्यस्येत्यपिशब्दार्थः, **चारित्रं** सर्वविरतिरूपम् ॥१९॥

**આ પ્રમાણે થતાં શું સિદ્ધ થયું તે કહે છે :-**

**માત્ર અનાભોગથી અયોગ્ય અનુષ્ઠાન સ્વીકારનારને પણ ચારિત્ર હોય.** 'પણ' શદનો અર્થ આ પ્રમાણે છેઃ- માત્ર અનાભોગથી અયોગ્ય અનુષ્ઠાન સ્વીકારનારને પણ ચારિત્ર હોય તો પછી તેનાથી અન્યને ( = યોગ્ય અનુષ્ઠાન સ્વીકારનારને) તો અવશ્ય ચારિત્ર હોય. ચારિત્ર = સર્વવિરતિ. (૧૯)

अत्रैव विशेषमाह-

**अनभिनिवेशवांस्तु तद्युक्तः खल्वतत्त्वे ॥२०॥३८७॥ इति ।**

**अनभिनिवेशवान्** निराग्रहः पुन**स्तद्युक्त**श्चारित्रयुक्तो ज़ीवोऽनाभोगेऽपि **खलु** निश्चयेन **अतत्त्वे** प्रवचनाबाधितार्थे ॥२०॥

**અહીં જ વિશેષ કહે છેઃ-**

**ચારિત્રયુક્ત જીવ અવશ્ય અતત્ત્વમાં આગ્રહથી રહિત હોય.** ચારિત્રયુક્ત જીવ અનાભોગમાં પણ (= સૂક્ષ્મ જ્ઞાન ન હોય તો પણ) અવશ્ય અતત્ત્વમાં = પ્રવચનથી બાધિત અર્થમાં (અર્થાત્ પ્રવચનથી સિદ્ધ ન થઈ શકે તેવા અર્થમાં) આગ્રહથી રહિત હોય. (૨૦)

एतदपि कुत इत्याह–

**स्वस्वभावोत्कर्षात् ॥२१॥३८८॥ इति ।**

**स्वस्य** अनौपाधिकत्वेन निजस्य **स्वभावस्य** आत्मतत्त्वस्य **उत्कर्षात्** वृद्धेः, चारित्रिणो हि जीवस्य छद्मस्थतया क्वचिदर्थे अनाभोगेऽपि **गौतमादि**महामुनीनामिव तथाविधात्यन्तिकबाधककर्माभावेन **स्वस्वभावः** सम्यग्दर्शनादिरूपो नापकर्षं प्रतिपद्यत इति ॥२१॥

**આ (= ચારિત્રયુક્ત જીવ આગ્રહથી રહિત હોય એ) પણ શાથી હોય? તે કહે છે:-**

**ઉપાધિરહિતપણે પોતાના સ્વભાવની = આત્મતત્ત્વની વૃદ્ધિ થતી હોવાથી ચારિત્રયુક્ત જીવ અતત્ત્વમાં આગ્રહથી રહિત હોય.** ચારિત્રવાળા જીવને છદ્મસ્થતાના કારણે કોઈ વિષયમાં અનાભોગ થઈ જાય તો પણ શ્રી ગૌતમસ્વામી વગેરે મહામુનિઓની જેમ તેવા પ્રકારના અત્યંત બાધક કર્મોનો અભાવ હોવાથી પોતાનો સમ્યગ્દર્શનાદિ રૂપ સ્વભાવ હાનિને પામતો નથી. (આનંદ શ્રાવક સાથે થયેલા વાર્તાલાપમાં શ્રી ગૌતમસ્વામીને પણ ''શ્રાવકને અવધિજ્ઞાન કેટલું હોય'' એ વિષયમાં અનાભોગ થઇ ગયો હતો. )(૨૧)

अयमपि कुत इत्याह–

**मार्गानुसारित्वात् ॥२२॥३८९॥ इति ।**

**मार्गस्य** सम्यग्दर्शनादेर्मुक्तिपथस्यानुवर्तनात् ॥२२॥

**આ પણ શાથી છે? તે કહે છે :-**

ચારિત્રયુક્ત જીવ સમ્યગ્દર્શનાદિરૂપ મોક્ષમાર્ગને અનુસરતો હોવાથી તેનામાં પોતાનો સમ્યગ્દર્શનાદિ રૂપ સ્વભાવ હાનિને પામતો નથી. (૨૨)

तदपि–

**तथारुचिस्वभावत्वात् ॥२३॥३९०॥ इति ।**

**तथा** तत्प्रकारा मार्गानुरूपत्वेन या **रुचिः** श्रद्धा तद्रूपत्वात् ॥२३॥

**તે ( = માર્ગાનુસારિપણું) પણ શાથી છે તે કહે છે :-**

ચારિત્રયુક્ત જીવનો મોક્ષમાર્ગને અનુરૂપ રુચિ ( = શ્રદ્ધા) રૂપ સ્વભાવ હોય છે. (જેને જેમાં રુચિ હોય તે તેને અનુસરે.) આથી ચારિત્રયુક્ત જીવ મોક્ષમાર્ગને અનુસરનારો હોય. (૨૩)

एतदपि–

**श्रवणादौ प्रतिपत्तेः ॥२४॥३९१॥ इति ।**

स्वयमेव शास्त्रश्रवणे **आदि**शब्दादन्येन वा प्रेरणायां कृतायां **प्रतिपत्तेः** अनाभोगेन विहितं मयेदमसुन्दरमनुष्ठानमित्यङ्गीकरणात् ॥२४॥

**આ (= માર્ગને અનુરૂપ રુચિરૂપ સ્વભાવ) શાથી છે તે કહે છે :-**

શાસ્ત્રનું શ્રવણ કરતાં મેં આ બરોબર નથી કર્યું એમ ખ્યાલ આવતાં ''મારાથી આ અનુષ્ઠાન અનાભોગથી બરોબર નથી કરાયું'' એમ પોતાની ભૂલનો જાતે જ સ્વીકાર કરે, અથવા બીજાઓ પ્રેરણા કરે તેથી પોતાની ભૂલનો સ્વીકાર કરે છે. આથી તેનો માર્ગને અનુરૂપ રુચિ રૂપ સ્વભાવ છે. (૨૪)

इयमपि–

**असदाचारगर्हणात् ॥२५॥३९२॥ इति ।**

**असदाचारस्य** अनुचितानुष्ठानस्य **गर्हणात्** तदुचितप्रायश्चित्तप्रतिपत्त्या निन्दनात् ॥२५॥

**આ સ્વીકાર પણ શાથી છે તે કહે છે :-**

**ચારિત્રથી યુક્ત જીવ અયોગ્ય અનુષ્ઠાનની તેને ઉચિત પ્રાયશ્ચિત્તના સ્વીકાર વડે ગર્હા = નિંદા કરે છે, તેથી પોતાની ભૂલનો સ્વીકાર કરે છે એ નક્કી થાય છે.** [(૧) અસદાચારની ગર્હાથી ભૂલના સ્વીકારનો નિર્ણય થાય છે. (૨) ભૂલના સ્વીકારથી માર્ગને અનુરૂપ રુચિરૂપ સ્વભાવનો નિર્ણય થાય છે. (૩) માર્ગને અનુરૂપ રુચિરૂપ સ્વભાવથી માર્ગાનુસારિપણાનો નિર્ણય થાય છે. (૪) માર્ગાનુસારિપણાથી પોતાના સ્વભાવની વૃદ્ધિનો નિર્ણય થાય છે. (૫) પોતાના સ્વભાવની વૃદ્ધિથી અતત્ત્વમાં આગ્રહના અભાવનો નિર્ણય થાય છે.

હવે આનાથી વિપરીત વિચારીએ- (૧) અતત્ત્વમાં આગ્રહનો અભાવ પોતાના સ્વભાવની વૃદ્ધિના કારણે છે. (૨) પોતાના સ્વભાવની વૃદ્ધિ માર્ગાનુસારિપણાના કારણે થાય છે. (૩) માર્ગાનુસારિપણું માર્ગને અનુરૂપ રુચિરૂપ સ્વભાવના કારણે છે. (૪) માર્ગને અનુરૂપ રુચિરૂપ સ્વભાવ ભૂલના સ્વીકારથી છે. (૫) ભૂલનો સ્વીકાર અસદાચારની ગર્હાથી છે.] (૨૫)

अथ प्रस्तुतमेव निगमयन्नाह–

**इत्युचितानुष्ठानमेव सर्वत्र श्रेयः ॥२६॥३९३॥ इति ।**

**इति** एवं अनुचितानुष्ठाने नियमादसदभिनिवेशभावात् उचितानुष्ठानमेव **सर्वत्र** गृहस्थधर्मप्रतिपत्तौ यतिधर्मप्रतिपत्तौ **च श्रेयः** प्रशस्यं वर्तते ॥२६॥

**હવે પ્રસ્તુત વિષયનો ઉપસંહાર કરતા ગ્રંથકાર કહે છે :-**

**આ પ્રમાણે સર્વત્ર યોગ્ય અનુષ્ઠાન જ શ્રેષ્ઠ છે.** આ પ્રમાણે = અયોગ્ય અનુષ્ઠાનમાં અવશ્ય અસદ્ આગ્રહ હોવાથી. સર્વત્ર = ગૃહસ્થધર્મના સ્વીકારમાં અને સાધુધર્મના સ્વીકારમાં. (૨૬)

कुत इत्याह—

**भावनासारत्वात्तस्य ॥२७॥३९४॥ इति ।**

**भावना** निरुपाधिको जीववासकः परिणामः, ततो भावना **सारं** प्रधानं यत्र तत्तथा, तद्भावस्तत्त्वं तस्मात्, **तस्य** उचितानुष्ठानस्य ॥२७॥

**યોગ્ય અનુષ્ઠાન જ શ્રેષ્ઠ શાથી છે તે જણાવે છે :-**

**યોગ્ય અનુષ્ઠાનમાં ભાવનાની પ્રધાનતા હોવાથી યોગ્ય અનુષ્ઠાન જ શ્રેષ્ઠ છે.** ભાવના એટલે આત્માને (શુભપરિણામથી) વાસિત કરનાર ઉપાધિરહિત (સ્વાભાવિક) પરિણામ. (૨૭)

भावनामेव पुरस्कुर्वन्नाह—

**इयमेव प्रधानं निःश्रेयसाङ्गम् ॥२८॥३९५॥ इति ।**

**इयमेव** भावना प्रधानं **निःश्रेयसाङ्गं** निर्वाणहेतुः ॥२८॥

**ભાવનાને જ આગળ (=મુખ્ય) કરતા ગ્રંથકાર કહે છે :-**

ભાવના જ મોક્ષનો મુખ્ય હેતુ છે. (૨૮)

एतदपि कुत इत्याह—

**एतत्स्थैर्याद्धि कुशलस्थैर्योपपत्तेः ॥२९॥३९६॥ इति ।**

**एतस्या** भावनायाः **स्थैर्यात्** स्थिरभावात् **हिः** स्फुटं **कुशलानां** सकलकल्याणाचरणानां **स्थैर्यस्य उपपत्तेः** घटनात् ॥२९॥

**ભાવના જ મોક્ષનો મુખ્ય હેતુ શાથી છે તે કહે છે :-**

ભાવનાની સ્થિરતાથી કુશલોની = સર્વકલ્યાણકારી આચારોની સ્થિરતા થાય છે એ સ્પષ્ટ છે. આથી ભાવના જ મોક્ષનો મુખ્ય હેતુ છે. (૨૯)

इयमपि कुत इत्याह -

**भावनानुगतस्य ज्ञानस्य तत्त्वतो ज्ञानत्वात् ॥३०॥३१७॥ इति ।**

इह त्रीणि ज्ञानानि- श्रुतज्ञानं चिन्ताज्ञानं भावनाज्ञानं चेति, तल्लक्षणं चेदम् -

वाक्यार्थमात्रविषयं कोष्ठकगतबीजसंनिभं ज्ञानम् ।
श्रुतमयमिह विज्ञेयं मिथ्याभिनिवेशरहितमलम् ॥२०६॥
यत्तु महावाक्यार्थजमतिसूक्ष्मसुयुक्तिचिन्तयोपेतम्।
उदक इव तैलबिन्दुर्विसर्पि चिन्तामयं तत् स्यात् ॥२०७॥
ऐदम्पर्यगतं यद् विध्यादौ यत्नवत् तथैवोच्चैः।
एतत्तु भावनामयशुद्धसद्रत्नदीप्तिसमम् ॥२०८॥ (षोड. ११/७,८,९)

ततो **भावनानुगतस्य** भावनानुविद्धस्य **ज्ञानस्य** बोधविशेषस्य **तत्त्वतः** पारमार्थिकवृत्त्या **ज्ञानत्वाद्** अवबोधत्वात् ॥३०॥

**ભાવનાની સ્થિરતાથી કુશલ આચારોની સ્થિરતા શાથી થાય છે તે કહે છે :-**

**ભાવનાથી ઓતપ્રોત થયેલ જ્ઞાન પરમાર્થથી જ્ઞાન હોવાથી ભાવનાની સ્થિરતાથી સર્વકલ્યાણકારી આચારોની સ્થિરતા થાય છે.**

જ્ઞાનના શ્રુતજ્ઞાન, ચિંતાજ્ઞાન અને ભાવનાજ્ઞાન એમ ત્રણ પ્રકાર છે. શ્રુત જ્ઞાન વગેરેનું લક્ષણ આ પ્રમાણે છેઃ- ચિંતન-મનન વિના માત્ર શ્રુતથી (સાંભળવાથી કે વાંચવાથી) થયેલું કદાગ્રહ રહિત વાક્યાર્થ જ્ઞાન તે **શ્રુતજ્ઞાન.** આ જ્ઞાન કોઠીમાં રહેલા બીજ સમાન છે. જેમ કોઠીમાં પડેલા બીજમાં ફળની શક્તિ રહેલી છે, જો યોગ્ય ભૂમિ આદિ નિમિત્તો મળે તો તેમાંથી ફળ - પાક થાય, તેમ શ્રુત જ્ઞાનમાં ચિંતાજ્ઞાન અને ભાવનાજ્ઞાનરૂપ ફળ - પાક થવાની શક્તિ રહેલી છે. શ્રુતજ્ઞાનમાં હિતમાં પ્રવૃત્તિ કરાવવાની અને અહિતથી નિવૃત્તિ કરાવવાની શક્તિ નથી. કોઠીમાં પડેલું બીજ જેમ ઉપયોગમાં આવતું નથી, તેમ માત્ર શ્રુતજ્ઞાનથી લાભ (હિતમાં પ્રવૃત્તિ અને અહિતથી નિવૃત્તિરૂપ) થતો નથી.

**ચિંતાજ્ઞાનઃ-** સાંભળ્યા કે વાંચ્યા પછી અત્યંત સૂક્ષ્મ અને સુંદર યુક્તિઓથી

ચિંતા - વિચારણા કરવાથી થતું મહાવાક્યાર્થજ્ઞાન તે ચિંતાજ્ઞાન. આ જ્ઞાન જલમાં પડેલા તેલના બિંદુ સમાન છે. જેમ તેલબિંદુ જલમાં પ્રસરીને વ્યાપી જાય છે, તેમ આ જ્ઞાન સૂત્રાર્થમાં વ્યાપી જાય છે, અર્થાત્ જે વિષયનું ચિંતાજ્ઞાન થાય છે, તે વિષયનો બોધ સૂક્ષ્મ બને છે.

**ભાવનાજ્ઞાનઃ** મહાવાક્યાર્થ થયા પછી એ વિષયના તાત્પર્યનું - રહસ્યનું જ્ઞાન તે ભાવનાજ્ઞાન. આ જ્ઞાનના યોગે વિધિ આદિ વિષે અતિશય આદર થાય છે. આ જ્ઞાન જાતિવંત અશુદ્ધ રત્નની કાંતિ સમાન છે. જેમ શ્રેષ્ઠરત્ન અશુદ્ધ (ક્ષાર આદિના પુટપાકથી રહિત) હોવા છતાં અન્યરત્નોથી અધિક દેદીપ્યમાન હોય છે, તેમ ભાવનાજ્ઞાન અશુદ્ધરત્ન સમાન ભવ્ય જીવ કર્મરૂપ મલથી મલિન હોવા છતાં શેષ (શ્રુતાદિ) જ્ઞાનોથી અધિક પ્રકાશ પાથરે છે. આ જ્ઞાનથી જાણેલું જ વાસ્તવિક જાણેલું છે. ક્રિયા પણ આ જ્ઞાન પૂર્વક જ કરવામાં આવે તો જલદી મોક્ષ પ્રાપ્ત થાય છે. (૩૦)

एतदेव व्यतिरेकतः साधयन्नाह-

**न हि श्रुतमय्या प्रज्ञया भावनादृष्टज्ञातं ज्ञातं नाम ।३१।३९८।** इति

**न** नैव **हिः** यस्मात् **श्रुतमय्या** प्रथमज्ञानरूपया **प्रज्ञया** बुद्ध्या कर्तृभूतया करणभूतया वा, **भावनादृष्टज्ञातम् भावनया** भावनाज्ञानेन **दृष्टं** सामान्येन **ज्ञातं** च विशेषेण भावनादृष्टज्ञातं वस्तु **ज्ञातम्** अवबुद्धं भवति, **नाम**ेति विद्वज्जनप्रकटमेतत्, अयमभिप्रायः - यादृशं भावनाज्ञानेन वस्तु दृश्यते ज्ञायते च न तथा श्रुतज्ञानेनेति ॥३१॥

**આ જ વિષયને વિપરીતથી કહે છે :-**

ભાવનાજ્ઞાનથી પદાર્થનું જેવું દર્શન - જ્ઞાન થાય છે તેવું દર્શન-જ્ઞાન શ્રુતમય બુદ્ધિથી = શ્રુતજ્ઞાનથી થતું નથી એ બાબત વિદ્વાન માણસોમાં પ્રસિદ્ધ છે. દર્શન = સામાન્યથી જ્ઞાન. જ્ઞાન = વિશેષથી જ્ઞાન. (૩૧)

कुत इत्याह-

**उपरागमात्रत्वात् ॥३२॥३९९॥ इति ।**

उपराग एव केवल **उपरागमात्रम्,** तद्भावस्तत्त्वं तस्मात्, यथा हि स्फटिकमणेर्जपाकुसुमादिसंनिधानत उपराग एव, न पुनस्तद्भावपरिणतिः सम्पद्यते, एवं

श्रुतमय्यां प्रज्ञायां आत्मनो बोधमात्रमेव बहिरङ्गम्, न त्वन्तःपरिणतिरिति ।।३२।।

**આમ શાથી છે તે કહે છે :-**

**શ્રુતજ્ઞાન માત્ર ઉપરાગ હોવાથી તેનાથી ભાવનાજ્ઞાન જેવું દર્શન - જ્ઞાન થતું નથી.** જેમ જપાપુષ્પના સાંનિધ્યથી સ્ફટિકમણિમાં જપાપુષ્પના રંગનો માત્ર ઉપરાગ થાય છે, પણ મણિ તદ્રૂપ (=પુષ્પના રંગમય) બની જતો નથી, તેમ શ્રુત જ્ઞાનના યોગથી આત્માને માત્ર બાહ્ય બોધ થાય છે, પણ આંતરિક પરિણતિ થતી નથી. (૩૨)

एतदपि कुत इत्याह–

**दृष्टवदपायेभ्योऽनिवृत्तेः ।।३३।।४००।। इति ।**

यथा भावनाज्ञातेन दृष्टेभ्य उपलक्षणत्वाद् ज्ञातेभ्यश्चानर्थेभ्यो निवर्तते एवं श्रुतमयप्रज्ञाप्रवृत्ताव**प्यपायेभ्योऽनिवृत्तेः** अनिवर्तनात् ।।३३।।

**આ (=શ્રુતજ્ઞાન માત્ર ઉપરાગ છે એ) પણ શાથી છે તે કહે છે :-**

**શ્રુતજ્ઞાનથી જોયેલ - જાણેલ અનર્થથી નિવૃત્તિ ન થતી હોવાથી શ્રુતજ્ઞાન ઉપરાગ માત્ર છે.** જીવ જેવી રીતે ભાવનાજ્ઞાનથી જોયેલ - જાણેલ અનર્થથી નિવૃત્ત થાય છે એ રીતે શ્રુતમયપ્રજ્ઞાની પ્રવૃત્તિ થવા છતાં, અર્થાત્ શ્રુતજ્ઞાનથી અનર્થોને જાણવા છતાં, અનર્થોથી નિવૃત્ત થતો નથી. (૩૩)

ननु भावनाज्ञानेऽप्यपायेभ्यो निवृत्तिरसम्भविनीत्याह-

**एतन्मूले च हिताहितयोः प्रवृत्ति-निवृत्ती ।। ३४।।४०१।। इति ।**

**एतन्मूले च** भावनाज्ञानपूर्विके एव, **च**कारस्यैवार्थत्वात्, **हिताहितयोः** प्रतीतयोः यथासंख्यं **प्रवृत्ति-निवृत्ती** विधि -प्रतिषेधरूपे भवतः मतिमताम्, नान्यज्ञानमूले इति ।।३४।।

**ભાવનાજ્ઞાનમાં પણ અનર્થોથી નિવૃત્તિનો અસંભવ છે એવી શંકા કરીને તેનું સમાધાન કરે છે :-**

બુદ્ધિમાન પુરુષોની હિતમાં પ્રવૃત્તિ અને અહિતમાં નિવૃત્તિ ભાવનાજ્ઞાન પૂર્વક જ હોય છે, અન્ય જ્ઞાનપૂર્વક નહિ. (૩૪)

इदमेवोपचिन्वन्नाह–

**अत एव भावनादृष्टज्ञाताद् विपर्ययायोगः ॥३५॥४०२॥ इति।**

**अत एव** भावनामूलत्वादेव हिताहितप्रवृत्तिनिवृत्त्योः **भावनादृष्टज्ञाताद्** भावनया दृष्टं ज्ञातं च वस्तु प्राप्य **विपर्ययायोगः** विपर्यासाप्रवृत्तिलक्षणो जायते, यतो न मतिविपर्यासमन्तरेण पुंसो हितेष्वप्रवृत्तिरहितेषु च प्रवृत्तिः स्यात् , न चासौ भावनाज्ञाने समस्तीति ॥३५॥

**આ જ વિષયનું સમર્થન કરતા ગ્રંથકાર કહે છે :-**

**આથી** (= હિતાહિતમાં પ્રવૃત્તિ - નિવૃત્તિ ભાવનાજ્ઞાન પૂર્વક જ થતી હોવાથી) **ભાવના જ્ઞાન વડે પદાર્થને જોયા - જાણ્યા પછી મતિવિપર્યાસ થતો નથી.** કારણ કે પુરુષની હિતમાં પ્રવૃત્તિનો અભાવ અને અહિતમાં પ્રવૃત્તિ મતિના વિપર્યાસ વિના ન થાય, અને એ મતિવિપર્યાસ ભાવનાજ્ઞાનમાં નથી. (૩૫)

एतदपि कथं सिद्धमित्याह–

**तद्वन्तो हि दृष्टापाययोगेऽप्यदृष्टापायेभ्यो निवर्तमाना दृश्यन्त एवान्यरक्षादाविति ॥३६॥४०३॥ इति ।**

**तद्वन्तो** भावनाज्ञानवन्तः प्रमातारो **हिः** यस्मात् **दृष्टापाययोगेऽपि** प्रत्यक्षोपलभ्यमानमरणाद्यपायप्राप्तौ, किं पुनस्तदप्राप्तावित्य**पि**शब्दार्थः, अदृष्टापायेभ्यो नरकादिगतिप्रापणीयेभ्यो **निवर्तमानाः** सुवर्णमययवभक्षिक्रौञ्च-जीवाकथकार्द्रचर्मशिरोवेष्टनाविष्टसुवर्णकारारब्धमारणमहामुनि**मेतार्य** इवाद्यापि महासत्त्वाः केचन **दृश्यन्ते एव** न न दृश्यन्ते **अन्यरक्षादौ, अन्यस्य** स्वव्यतिरिक्तस्य **रक्षायां** मरणादित्राणरूपायाम्, **आदिशब्दादुपकारे** च मार्गश्रद्धानाद्यारोपणरूपे, **इतिशब्दो** वाक्यपरिसमाप्तौ ॥३६॥

**આ (= ભાવનાજ્ઞાનમાં વિપર્યાસનો અભાવ) કેવી રીતે સિદ્ધ થાય છે તે કહે છે:-**

**ભાવનાજ્ઞાનમાં મતિવિપર્યાસ ન હોય. કેમ કે યથાર્થ જાણનારા ભાવના જ્ઞાનવાળા પુરુષો અન્યરક્ષા આદિનો પ્રસંગ ઉપસ્થિત થતાં પ્રત્યક્ષ દેખાતા મરણ આદિ અનર્થો પ્રાપ્ત થવા છતાં નરક આદિ ગતિમાં પ્રાપ્ત કરવા યોગ્ય અપ્રત્યક્ષ અનર્થોથી પાછા ફરતા દેખાય જ છે.**

સુવર્ણના જવલાનું ભક્ષણ કરનારા ક્રૌંચ જીવને ન કહેનારા, લીલા ચામડાની પાઘડીથી વીંટળાયેલા અને જેમને સોનીએ મારવાનું શરૂ કર્યું છે એવા મહામુનિ મેતાર્યની જેમ આજે પણ મહાસત્ત્વવંત પુરુષો દેખાય છે.

અનર્થો પ્રાપ્ત થવા છતાં એ સ્થળે 'છતાં' શબ્દનો અર્થ આ પ્રમાણે છે :- પ્રત્યક્ષ અનર્થો પ્રાપ્ત થવા છતાં જો અપ્રત્યક્ષ અનર્થોથી પાછા ફરે છે તો પછી પ્રત્યક્ષ અનર્થો પ્રાપ્ત ન થાય તો અપ્રત્યક્ષ અનર્થોથી પાછા કેમ ન ફરે? અર્થાત્ અવશ્ય ફરે.

અન્યરક્ષા = પોતાનાથી અન્યની મરણ આદિથી રક્ષા કરવી. સૂત્રમાં રહેલ આદિ શબ્દથી મોક્ષમાર્ગની શ્રદ્ધા વગેરેનું આરોપણ કરવારૂપ પરોપકાર સમજવો.

સૂત્રમાં ઈતિ શબ્દ વાક્યની સમાપ્તિ અર્થમાં છે.

**તાત્પર્ય :-** ભાવનાજ્ઞાનવાળા પુરુષો પોતાને વર્તમાનમાં કષ્ટ પ્રાપ્ત થવા છતાં આત્માનું અહિત થાય તેવો વિચાર, વાણી કે વર્તન કરતા નથી. તેવી જ રીતે સ્વયં કષ્ટ વેઠીને પણ અન્યને બોધ પમાડવો વગેરે હિતપ્રવૃત્તિ કરે છે. આથી ભાવના જ્ઞાનમાં મતિવિપર્યાસ ન હોય એ સિદ્ધ થાય છે. (૩૬)

निगमयन्नाह–

**इति मुमुक्षोः सर्वत्र भावनायामेव यत्नः श्रेयान् ।।३७।।४०४।। इति ।**

**इति** एवमुक्तयुक्तेः **मुमुक्षोः** यतेः **सर्वत्र** कृत्ये **भावनायामेव** उक्तलक्षणायां **यत्नः** आदरः **श्रेयान्** प्रशस्यः ।।३७।।

**ઉપસંહાર કરતા ગ્રંથકાર કહે છે :-**

આ પ્રમાણે કહેલી યુક્તિથી સાધુએ સર્વકાર્યોમાં ભાવનાજ્ઞાન વિષે આદર કરવો એ જ શ્રેષ્ઠ છે. (૩૭)

कुत इत्याह–

**तद्भावे निसर्गत एव सर्वथा दोषोपरतिसिद्धेः ।।३८।।४०५।। इति ।**

**तद्भावे** भावनाभावे **निसर्गत एव** स्वभावादेव **सर्वथा** सर्वैः प्रकारै**र्दोषाणां** रागादीनाम् **उपरतिसिद्धेः** ।।३८।।

**ભાવનાજ્ઞાનમાં આદર કરવો એ શ્રેષ્ઠ શાથી છે તે કહે છે :-**

ભાવનાજ્ઞાન થતાં સ્વાભાવિક રીતે જ સર્વ પ્રકારે રાગાદિ દોષો અટકી જાય છે. (૩૮)

अथ भावनाया एव हेतुमाह–

**वचनोपयोगपूर्वा विहितप्रवृत्तिर्योनिरस्याः ॥३९॥४०६॥ इति ।**

**वचनोपयोगः** शास्त्रे इदमित्थं चेत्थं चोक्तमित्यालोचनारूपः **पूर्वो** मूलं यस्याः सा तथा, का इत्याह- **विहिते** प्रत्युपेक्षणादौ **प्रवृत्ति**र्विहितप्रवृत्तिः **योनिः** उत्पत्तिस्थानम् **अस्याः** भावनाया भावनाज्ञानस्येत्यर्थः ॥३९॥

**હવે ભાવનાજ્ઞાનનું (= ભાવનાજ્ઞાનની ઉત્પત્તિનું જ) કારણ કહે છે :-**

**વિહિતમાં વચનોપયોગપૂર્વક પ્રવૃત્તિ કરવી એ ભાવનાજ્ઞાનનું ઉત્પત્તિસ્થાન છે.** પડિલેહણ વગેરે વિહિત ( = આજ્ઞા કરેલા) અનુષ્ઠાનોમાં ''શાસ્ત્રમાં આ આ પ્રમાણે આ પ્રમાણે કહ્યું છે.'' એ પ્રમાણે વિચારણા રૂપ વચનોપયોગ પૂર્વક પ્રવૃત્તિ કરવી એ ભાવનાજ્ઞાનનું ઉત્પત્તિ સ્થાન છે, અર્થાત્ વિહિતમાં વચનોપયોગ પૂર્વક પ્રવૃત્તિ કરવાથી ભાવનાજ્ઞાન થાય છે. (૩૯)

कुत इत्याह-

**महागुणत्वाद् वचनोपयोगस्य ॥४०॥४०७॥ इति ।**

अत्यन्तोपकारित्वाद् **वचनोपयोगस्य** उक्तरूपस्य ॥४०॥

**આનું શું કારણ છે તે કહે છે:-**

**કારણકે વચનોપયોગ અત્યંત ઉપકારી છે.** (વચનોપયોગ અત્યંત ઉપકારી હોવાથી વિહિતમાં વચનોપયોગ પૂર્વક પ્રવૃત્તિ કરવાથી ભાવનાજ્ઞાન થાય છે.) (૪૦)

एतदेव भावयन्नाह–

**तत्र ह्यचिन्त्यचिन्तामणिकल्पस्य भगवतो बहुमानगर्भं स्मरणम् ॥४१॥४०८॥ इति ।**

**तत्र** वचनोपयोगे सति **हिः** यस्माद**चिन्त्येन** चिन्तयितुमशक्यप्रभावेन **चिन्तामणिना**

मणिविशेषेण **कल्पस्य** तुल्यस्य **भगवतः** पारगतस्य **बहुमानगर्भं** प्रीतिसारं **स्मरणम्** अनुध्यानं जायते ॥४१॥

**આ જ વિષયને વિચારતા ગ્રંથકાર કહે છેઃ-**

**કારણ કે વચનોપયોગ કરવામાં આવે ત્યારે અચિંત્ય ચિંતામણી સમાન ભગવાનનું બહુમાનગર્ભ સ્મરણ થાય છે.** અચિંત્ય = જેનો પ્રભાવ ચિંતવી (= કલ્પી) ન શકાય તે અચિંત્ય. બહુમાન ગર્ભ = જેમાં પ્રીતિની પ્રધાનતા છે તેવું. (૪૧)

कथमित्याह-

**भगवतैवमुक्तमित्याराधनायोगात् ॥४२॥४०९॥ इति ।**

**भगवता** अर्हता **एवं** क्रियमाणप्रकारेण **उक्तं** निरूपितं प्रत्युपेक्षणादि **इति** अनेन रूपेण **आराधनायोगाद्** अनुकूलभावजननेनेति ॥४२॥

**વચનોપયોગમાં ભગવાનનું સ્મરણ શાથી થાય છે તે કહે છે :-**

**કારણ કે "ભગવાને આ પ્રમાણે કહ્યું છે" એમ આરાધનાનો યોગ થાય છે.** "ભગવાને પડિલેહણાદિ આ પ્રમાણે કરવાનું કહ્યું છે" એ પ્રમાણે વચનોપયોગથી ભગવાનની આજ્ઞાની આરાધનાને અનુકૂલ ભાવ ઉત્પન્ન થવા દ્વારા ભગવાનની આજ્ઞાની આરાધનાનો યોગ થવાના કારણે ભગવાનનું સ્મરણ છે. (૧) ભગવાને પડિલેહણાદિ આ પ્રમાણે કરવાનું કહ્યું છે એમ વચનોપયોગથી ભગવાનની આરાધનાને અનુકૂલ ભાવ ઉત્પન્ન થાય છે. (૨) ભગવાનની આજ્ઞાની આરાધનાને અનુકૂલ ભાવ ઉત્પન્ન થતાં ભગવાનની આજ્ઞાની આરાધનાનો યોગ થાય છે. ભગવાનની આજ્ઞાની આરાધનાનો યોગ એટલે ભગવાનની આજ્ઞાની આરાધનાનો સંબંધ. ભગવાનની આજ્ઞાની આરાધનાનો સંબંધ એટલે ભગવાનની આજ્ઞાનું પાલન. (૩) ભગવાનની આજ્ઞાની આરાધનાના યોગથી ભગવાનનું સ્મરણ થાય છે. કેમ કે ભગવાનની આજ્ઞાની આરાધનાનો યોગ થાય તો જ ભગવાનનું પરમાર્થથી સ્મરણ થાય છે.) (૪૨)

एवं सति यत् सिद्धं तदाह-

**एवं च प्रायो भगवत एव चेतसि समवस्थानम् ॥४३॥४१०॥ इति ।**

**एवं च** एतस्मिंश्च बहुमानगर्भे भगवत्स्मरणे सति **प्रायो** बाहुल्येन **भगवत एव चेतसि समवस्थानं** निवेशनम्, **प्रायोग्रहणं** च क्रियाकाले क्रियायामेव चित्तावस्थानं विधेयम्, अन्यथा तत्क्रियाया द्रव्यत्वप्रसङ्गादिति सूचनार्थमिति ॥४३॥

**આરાધનાયોગથી ભગવાનનું સ્મરણ થતાં જે સિદ્ધ થયું તે કહે છે :-**

**આ બહુમાનગર્ભ ભગવત્સ્મરણ થતાં પ્રાયઃ ભગવાનની જ ચિત્તમાં પ્રતિષ્ઠા થાય છે.** પ્રાયઃ = મોટાભાગે. ક્રિયા કરતી વખતે ક્રિયામાં જ ચિત્ત રાખવું જોઈએ. (ક્રિયા કરતી વખતે ભગવાને આ ક્રિયા આ પ્રમાણે કરવાની કહી છે એમ પણ ન વિચારાય.) અન્યથા (= ક્રિયા કરતી વખતે ક્રિયામાં જ ચિત્ત ન રાખવામાં આવે તો) તે ક્રિયા દ્રવ્ય ક્રિયા બને. આનું સૂચન કરવા માટે અહીં પ્રાયઃ શબ્દનું ગ્રહણ કર્યું છે. (૪૩)

ननु तदुक्तकरणात् किं नाम सिध्यतीत्याह–

**तदाज्ञाराधनाच्च तद्भक्तिरेव ॥४४॥४११॥ इति ।**

**तस्य** भगवत **आज्ञाराधनात्** पुनः **तद्भक्तिरेव** भगवद्भक्तिरेवेति ॥४४॥

**ભગવાનનું કહેલું કરવાથી શું સિદ્ધ થાય છે તે કહે છે :-**

અને ભગવાનની આજ્ઞાની આરાધનાથી (= પાલનથી) ભગવાનની ભક્તિ જ થાય છે. (૪૪)

एतदेव भावयितुमाह–

**उपदेशपालनैव भगवद्भक्तिः, नान्या, कृतकृत्यत्वात् ॥४५॥४१२॥ इति।**

प्रकटार्थमेतदिति ॥४५॥

**આ જ વિષયને વિચારવા માટે કહે છેઃ-**

પ્રભુના ઉપદેશનું પાલન જ પ્રભુભક્તિ છે, તે સિવાય અન્ય કોઈ પ્રભુભક્તિ નથી. કારણ કે પ્રભુ • કૃતકૃત્ય છે. (૪૫)

एवं तर्हि कथमस्य पुष्पादिपूजाविधिरित्याशङ्क्याह–

**उचितद्रव्यस्तवस्यापि तद्रूपत्वात् ॥४६॥४१३॥ इति ।**

• જેનાં સર્વ કાર્યો સિદ્ધ થઈ ગયા હોય તે કૃતકૃત્ય છે.

उचितस्य द्रव्यस्तवस्य

काले सुइभूएणं विसिट्ठपूप्फाइएहिं विहिणा उ ।

सारथुइथोत्तगरुई जिणपूया होइ कायव्वा ॥२०९॥ (पञ्चा० ४/३)

इत्यादिवचनोक्तरूपस्य, किं पुनर्भावस्तवस्येति **अपि**शब्दार्थः, **सा** उपदेशपालना **रूप**मस्य, तद्भावस्तत्त्वम्, तस्मात् ॥४६॥

**જો આ પ્રમાણે છે તો ભગવાનની પુષ્પાદિ પૂજાનું વિધાન કેમ કરવામાં આવ્યું છે એવી આશંકા કરીને તેનો ઉત્તર કહે છેઃ-**

**ઉચિત દ્રવ્યસ્તવ પણ ઉપદેશના પાલનસ્વરૂપ છે.** દ્રવ્યસ્તવનું વિધાન આ પ્રમાણે છેઃ- **"પવિત્ર બનીને શાસ્ત્રોક્ત કાળે, વિશિષ્ટ પુષ્પ આદિથી શાસ્ત્રોક્ત વિધિ પૂર્વક, ઉત્તમ સ્તુતિ અને સ્તોત્રથી વિસ્તૃત જિનપૂજા કરવી જોઈએ."**

જો દ્રવ્યસ્તવ પણ ઉપદેશના પાલન સ્વરૂપ છે તો પછી ભાવસ્તવ ઉપદેશના પાલન સ્વરૂપ હોય એમાં શું કહેવું? (૪૬)

कुत इत्याह–

**भावस्तवाङ्गतया विधानात् ॥४७॥४१४॥ इति ।**

शुद्धयतिधर्मकारणतया विधानाद् द्रव्यस्तवस्य, यदा हि विषयपिपासादिभिः कारणैः साधुधर्ममन्दरशिखरमारोढुमक्षमो धर्मं च चिकीर्षुः प्राणी तदा महतः सावद्यान्तरात् निवृत्तेरुपायमन्यमपश्यन् भगवान् अर्हन् सदारम्भरूपं द्रव्यस्तवमुपदिदेश, यथा -

जिनभवनं जिनबिम्बं जिनपूजां जिनमतं च यः कुर्यात्।

तस्य नरामरशिवसुखफलानि करपल्लवस्थानि ॥२१०॥ ( ) इति ।

एवं च द्रव्यस्तवोऽपि भगवदुपदेशपालनारूप एवेति भावः ॥४७॥

**દ્રવ્યસ્તવ ઉપદેશના પાલન સ્વરૂપ શાથી છે તે કહે છેઃ-**

**દ્રવ્યસ્તવ ભાવસ્તવનું = શુદ્ધ સાધુધર્મનું કારણ છે. માટે ભગવાને દ્રવ્ય સ્તવનું વિધાન કર્યું છે. આથી દ્રવ્યસ્તવ ઉપદેશના પાલન સ્વરૂપ છે.**

કોઈ જીવ જ્યારે વિષયતૃષ્ણા આદિ કારણોથી સાધુધર્મરૂપી મંદિરના શિખર ઉપર આરૂઢ થવા સમર્થ નથી અને ધર્મ કરવાની ઈચ્છાવાળો છે, ત્યારે મોટા

સાવદ્યોથી • નિવૃત્તિનો જિનપૂજા સિવાય બીજો કોઈ ઉપાય નહિ જોતાં એવા અરિહંત ભગવાને સદ્ (= પ્રશસ્ત) આરંભરૂપ દ્રવ્યસ્તવનો ઉપદેશ આપ્યો છે. જેમ કે - **"જે જિનમંદિર, જિનબિંબ, જિનપૂજા અને** (લખાવવા આદિથી) **જિનાગમને કહે છે તેને મનુષ્ય, દેવ અને મોક્ષનાં સુખો રૂપ ફળો હાથની હથેળીમાં રહેલાં છે."** આ પ્રમાણે દ્રવ્યસ્તવ પણ ભગવાનના ઉપદેશના પાલનરૂપ જ છે. (૪૭)

अथ भगवति चित्तावस्थिते फलमाह–

**हृदि स्थिते च भगवति क्लिष्टकर्मविगमः ॥४८॥४१५॥ इति ।**

प्रतीतार्थमेव, परं क्लिष्टं कर्म तदुच्यते यत् संसारवासैकनिबन्धनमिति ॥४८॥

**હવે ભગવાન ચિત્તમાં પ્રતિષ્ઠિત થતાં જે ફળ મળે તે ફળને કહે છે :- ભગવાન હૃદયમાં પ્રતિષ્ઠિત થતાં ક્લિષ્ટકર્મોનો નાશ થાય છે.** ક્લિષ્ટ કર્મ તે કહેવાય છે કે જે સંસારવાસનું જ કારણ હોય. (ચારિત્રાવરણીય કર્મો સંસારવાસનું કારણ છે. આથી ચારિત્રાવરણીય કર્મો ક્લિષ્ટ કર્મો છે.) (૪૮)

एतदपि कुत इत्याह–

**जलानलवदनयोर्विरोधात् ॥४९॥४१६॥ इति ।**

वारि-वैश्वानरयोरिव **अनयोः** भगवच्चित्तावस्थान - क्लिष्टकर्मणोः **विरोधात्** परस्पर- बाधनात् ॥४९॥

**ભગવાન હૃદયમાં પ્રતિષ્ઠિત થતાં ક્લિષ્ટકર્મોનો નાશ શાથી થાય છે તે કહે છે:-**

ભગવાનની હૃદયમાં પ્રતિષ્ઠા અને ક્લિષ્ટ કર્મો એ બેનો પાણી - અગ્નિની જેમ વિરોધ હોવાથી ભગવાન હૃદયમાં પ્રતિષ્ઠિત થતાં ક્લિષ્ટ કર્મોનો નાશ થાય છે. (૪૯)

पुनरपि प्रकृतोपसंहारमाह–

• સમજવામાં સરળતા રહે એ માટે ટીકામાં રહેલા सावद्यान्तराद् પ્રયોગનો માત્ર ભાવાર્થ લખ્યો છે. શબ્દાર્થ 'સાવદ્યોમાંથી' એવો છે. અહીં अन्तर શબ્દનો अन्यद् नगरं नगरान्तरम् એવો નથી, કિંતુ 'અંદર' એવો અર્થ છે. એટલે ગુજરાતીમાં સાવદ્યોમાંથી એમ બોલાય.'' મારે આ ધંધાંમાથી નિવૃત્તિ લઈ લેવી છે'' એના જેવો આ પ્રયોગ છે.

**इत्युचितानुष्ठानमेव सर्वत्र प्रधानम् ॥५०॥४१७॥ इति ।**

एतत् प्राग्वत् ॥५०॥

**ફરી પણ પ્રસ્તુત વિષયના ઉપસંહારને કહે છે:-**

**આ પ્રમાણે સર્વત્ર યોગ્ય અનુષ્ઠાન જ શ્રેષ્ઠ છે.** આનો અર્થ પૂર્વની જેમ (આ અધ્યાયના ૨૬ મા સૂત્રની ટીકામાં જણાવ્યા પ્રમાણે) છે. (૫૦)

कथमेतदित्याह-

**प्रायोऽतिचारासंभवात् ॥५१॥४१८॥ इति ।**

यो हि स्वोचितं कर्म कर्त्तुमारभते न तस्य तत्रातिचारः संभवति, प्रायोग्रहणेन चेदमाह- तथाविधानाभोगदोषात् निकाचितक्लिष्टकर्मोदयाद्वा कदाचित् कस्यचित् तथाविधसन्मार्गयायिनः पथिकस्येव कण्टक-ज्वर-दिग्मोहसमानोऽतीचारः स्यादपीति॥५१॥

**યોગ્ય અનુષ્ઠાન જ શ્રેષ્ઠ શાથી છે તે કહે છે:-**

**પ્રાયઃ અતિચારોનો સંભવ ન હોવાથી યોગ્ય અનુષ્ઠાન જ શ્રેષ્ઠ છે.** જે પોતાને યોગ્ય અનુષ્ઠાન કરવાનો પ્રારંભ કરે છે તેને પ્રાયઃ અતિચાર ન લાગે. પ્રાયઃ શબ્દના ઉલ્લેખથી ગ્રંથકાર આ પ્રમાણે જણાવે છે:- જેવી રીતે તેવા પ્રકારના સારા માર્ગે જનારા કોઈ મુસાફરને ક્યારેક કાંટો, • તાવ અને દિશામોહના કારણે જવામાં વિલંબ થાય તેવી રીતે તેવા તેવા પ્રકારના અનાભોગ દોષથી કે નિકાચિત ક્લિષ્ટકર્મના ઉદયથી કોઈક સાધકને કાંટો, તાવ અને દિશામોહની સમાન (નાનો -મોટો) અતિચાર લાગે પણ. (૫૧)

एतदपि कथमित्याह–

**यथाशक्ति प्रवृत्तेः ॥५२॥४१९॥ इति ।**

**यथाशक्ति** यथासामर्थ्यं सर्वकार्येषु **प्रवृत्तेः** ॥५२॥

**અતિચાર ન લાગવાનું પણ શું કારણ છે તે કહે છે.:-**

● મુસાફરને કાંટો લાગે તો આગળ વધવામાં વિલંબ થાય, તાવ આવેતો વધારે વિલંબ થાય, અને દિશામોહ થવાથી બીજા જ રસ્તે ચાલ્યો જાય તો ઘણો વધારે વિલંબ થાય. તેવી રીતે ધર્મમાં નાનો અતિચાર ( = દોષ) લાગે તો ફરી ધર્મની પ્રાપ્તિમાં થોડો વિલંબ થાય. મોટો અતિચાર લાગે તો વધારે વિલંબ થાય, અતિશય મોટો અતિચાર લાગે તો અતિશય ઘણો વિલંબ થાય. આ વિષે વિશેષ વર્ણન ઉપદેશપદ વગેરે ગ્રંથોમાં છે.

સર્વકાર્યોમાં યથાશક્તિ પ્રવૃત્તિ કરવાથી અતિચાર ન લાગે. (૫૨)

इयमपि कथम् ? उच्यते–

**सद्भावप्रतिबन्धात् ॥५३॥४२०॥ इति ।**

**सद्भावो** शक्यतया सत्यरूपे कृत्येऽर्थे चित्तस्य **प्रतिबन्धात्** प्रतिबद्धत्वात् ॥५३॥

**યથાશક્તિ પ્રવૃત્તિથી અતિચાર ન લાગવાનું કારણ કહે છેઃ-**

**જે શક્ય હોવાના કારણે સત્યરૂપ છે, એવા કરવા લાયક કાર્યમાં ચિત્ત બંધાયેલું (= ચોંટેલું) હોવાથી યથાશક્તિ પ્રવૃત્તિ કરવાથી અતિચાર ન લાગે.** (જે કાર્ય શક્ય હોય તે જ સત્ય (= પારમાર્થિક) છે, અને તેમાં જ ચિત્ત બંધાય છે = ચોંટે છે, અશક્યમાં ચિત્ત ચોંટતુ નથી. જેમાં ચિત્ત ચોંટે તેમાં અતિચાર ન લાગે. કારણકે તેમાં બહુ જ સાવધગિરિ હોય છે.) (૫૩)

विपर्यये बाधकमाह–

**इतरथाऽऽर्त्तध्यानापत्तिः ॥५४॥४२१॥ इति ।**

**इतरथा** अनुचितारम्भे **आर्त्तध्यानस्य** प्रतीतरूपस्य **आपत्तिः** प्रसङ्गः स्यात् ॥५४॥

**ઉલટું કરવામાં દોષ કહે છેઃ-**

અયોગ્ય અનુષ્ઠાનનો પ્રારંભ કરવામાં આર્તધ્યાનનો પ્રસંગ થાય. (૫૪)

कथमित्याह–

**अकालौत्सुक्यस्य तत्त्वतस्तत्त्वात् ॥५५॥४२२॥ इति ।**

**अकाले** चिकीर्षितकार्यारम्भाप्रस्तावे **यदौत्सुक्यं** तत्कालोचितकार्यान्तरपरिहारेण तीव्रचिकीर्षालक्षणं तस्य **तत्त्वतः** परमार्थतः **तत्त्वात्** आर्त्तध्यानत्वात्, व्यवहारतस्तु धर्मध्यानत्वमपि इति **तत्त्वग्रहणमिति** ॥५५॥

**આર્તધ્યાનનો પ્રસંગ કેવી રીતે આવે તે કહે છે :-**

**કારણકે અકાલે ઉત્સુકતા પરમાર્થથી આર્તધ્યાન છે.** અકાલે = કરવાને ઈચ્છેલા કાર્યનો પ્રારંભ કરવાનો અવસર ન હોય ત્યારે. ઉત્સુકતા = તે કાળે કરવા યોગ્ય બીજા કાર્યોનો ત્યાગ કરીને અમુક કાર્યને કરવાની તીવ્ર ઈચ્છા. અકાલે ઉત્સુકતા વ્યવહારથી તો ધર્મધ્યાન પણ હોય. આથી અહીં પરમાર્થથી એમ કહ્યું.

(અકાલે ઉત્સુકતા વ્યવહારથી ધર્મધ્યાન હોવા છતાં પરમાર્થથી આર્તધ્યાન છે.) (૫૫)

ननु अनुत्सुकः प्रवृत्तिकालमपि कथं लप्स्यते इत्याशङ्क्याह–

**नेदं प्रवृत्तिकालसाधनम् ॥५६॥४२३॥ इति ।**

**न नैवेदम्** औत्सुक्यं **प्रवृत्तिकालसाधनं** कार्यस्य यः **प्रवृत्तिकालः** प्रस्तावलक्षणः तस्य **साधनं** हेतुः, अनवसरोपहतत्वात्, नहि अत्यन्तं बुभुक्षवोऽपि पुरुषा अप्रस्तावे भोजनं लभन्ते, किन्तु प्रस्ताव एवेति ॥५६॥

**ઉત્સુકતાથી રહિત પુરુષ પ્રવૃત્તિકાલને (= અવસરને) કેવી રીતે મેળવશે ? એવી આશંકા કરીને તેનો ઉત્તર કહે છેઃ-**

**ઉત્સુકતા પ્રવૃત્તિકાલનો હેતુ નથી જ.** ઉત્સુકતા કાર્યનો અવસરરૂપ જે પ્રવૃત્તિકાલ તેનો હેતુ નથી જ, અર્થાત્ ઉત્સુકતા કરવાથી અવસર આવી જતો નથી. કારણકે અનવસરથી ઉત્સુકતા ખતમ થઈ જાય છે. ભોજન કરવાની અત્યંત ઈચ્છાવાળા પણ પુરુષો અવસર વિના ભોજન પામતા નથી, કિંતુ અવસરે જ પામે છે. (૫૬)

अतः किं विधेयमित्याह–

**इति सदोचितम् ॥५७॥४२४॥ इति ।**

**इति** एवं **सदा** सर्वकाल**मुचित**मारब्धव्यं निरुत्सुकेन सता ॥५७॥

**ઉત્સુકતા પ્રવૃત્તિકાલનો હેતુ નથી આથી શું કરવું જોઈએ તે કહે છેઃ-**

આ પ્રમાણે હંમેશાં ઉત્સુક બન્યા વિના યોગ્ય જ અનુષ્ઠાનનો પ્રારંભ કરવો જોઈએ. (૫૭)

कुत इत्याह–

**तदा तदसत्त्वात् ॥५८॥४२५॥ इति**

**तदा** प्रवृत्तिकाले **तस्य** औत्सुक्यस्या**ऽसत्त्वाद्** अभावात्, नहि सम्यगुपायप्रवृत्ता मतिमन्तः कार्योत्सुक्यमवलम्बन्ते, सदुपायस्य कार्यमप्रसाध्योपरमाभावात्, ततो यो यस्य साधनभावेन व्याप्रियते स तत्कार्यप्रवृत्तिकाले नियमात् स्वसत्त्वमादर्शयति, यथा

मृत्पिण्डादिर्घटस्य, नादर्शयति चात्मानमौत्सुक्यं कार्यप्रवृत्तिकाले मतिमतामिति कथं तत् तत्साधनभावं लब्धुमर्हतीति, अत एव पठ्यतेऽन्यत्र-

अत्वरापूर्वकं सर्वं गमनं कृत्यमेव वा।
प्रणिधानसमायुक्तमपायपरिहारतः ॥२११॥ (योगदृष्टि० ५१) इति ॥५८॥

**ઉત્સુક કેમ ન બનવું જોઈએ તે કહે છેઃ-**

**કારણકે પ્રવૃત્તિકાલે ઉત્સુકતાનો અભાવ હોય છે.** આનો ભાવાર્થ આ પ્રમાણે છેઃ- સદ્‌ઉપાયમાં પ્રવૃત્ત થયેલા બુદ્ધિમાન પુરુષો કાર્યની ઉત્સુકતાનું આલંબન લેતા નથી, અર્થાત્ કાર્યમાં ઉત્સુક બનતા નથી. કારણકે સદ્‌ઉપાય કાર્યને સિદ્ધ કર્યા વિના અટકતું નથી. તેથી જે વસ્તુ જે કાર્યના સાધન તરીકે નિશ્ચિત કરાય છે તે વસ્તુ તે કાર્યના પ્રવૃત્તિ કાલે (= અવસરે) અવશ્ય પોતાના સત્ત્વને (= પોતાની હયાતિને) બતાવે છે. જેમ કે મૃત્પિંડ વગેરે ઘટરૂપકાર્યના પ્રવૃત્તિકાલે પોતાના સત્ત્વને (= સત્તાને) બતાવે છે. ઉત્સુક્તા કાર્યના પ્રવૃત્તિ કાલે પોતાને બુદ્ધિમાન પુરુષોને બતાવતી નથી. અર્થાત્ બુદ્ધિમાન પુરુષો કોઇ કાર્ય કરવામાં વિચાર્યા વિના ઉતાવળ કરતા નથી. આથી તે પ્રવૃત્તિકાલનું હેતુપણું મેળવવાને કેવી રીતે યોગ્ય થાય? અર્થાત્ ન થાય. આથી જ બીજા સ્થળે કહ્યું છે કે **"દેવમંદિરમાં જવું વગેરે સર્વ ગતિ અથવા વંદન વગેરે સર્વકાર્યો ઉતાવળ કર્યા વિના (= વ્યાકુલતાથી રહિત બનીને) કરવા, તથા દૃષ્ટિ આદિથી થતા (દૃષ્ટિને ગમે ત્યાં ફેરવવી વગેરેથી થતા) અનર્થોનો ત્યાગ કરીને માનસિક એકાગ્રતા પૂર્વક કરવા."** (૫૮)

यदि नौत्सुक्यं प्रवृत्तिकालसाधनं तर्हि किं साधनमित्याशङ्क्याह-

**प्रभूतान्येव तु प्रवृत्तिकालसाधनानि ॥५९॥४२६॥ इति ।**

**प्रभूतान्येव तु** बहून्येव न पुनरेकं किञ्चन **प्रवृत्तिकालसाधनानि** सन्तीति ॥५९॥

**જો ઉત્સુકતા પ્રવૃત્તિકાલનું સાધન નથી તો તેનું સાધન શું છે ? એવી આશંકા કરીને તેનો ઉત્તર કહે છેઃ-**

પ્રવૃત્તિકાલનાં સાધનો ઘણાં જ છે. (૫૯)

कुत इत्याह-

**निदानश्रवणादेरपि केषाञ्चित् प्रवृत्तिमात्रदर्शनात् ॥६०॥४२७॥ इति।**

इह **निदान**शब्दः कारणमात्रपर्यायः, यथा किमत्र रोगे निदानमित्यादौ प्रयोगे, ततो **निदानस्य** भोगादिफलत्वेन दानादेः **श्रवणाद्** देशनायाम्, यथा -

भोगा दानेन भवन्ति देहिनां सुरगतिश्च शीलेन।
भावनया च विमुक्तिस्तपसा सर्वाणि सिध्यन्ति ॥२१२॥ (            )

**आदि**शब्दात् तथाविधश्रुतादिलिप्सा-स्वजनोपरोध-बलात्कारादेः कारणात् **केषाञ्चित् गोविन्दवाचक-सुन्दरीनन्दा-ऽऽर्यसुहस्ति-दीक्षितद्रमक-भवदेव-करोटकगणि**प्रभृतीनां **प्रवृत्तिमात्रस्य** प्रवृत्तेरेव केवलायाः तात्त्विकोपयोगशून्यायाः प्रथमं प्रव्रज्यायां **दर्शनात्** शास्त्रकारैरवलोकनात् ॥६०॥

**પ્રવૃત્તિકાલનાં સાધનો ઘણાં શાથી છે તે કહે છે :-**

**કારણકે નિદાનશ્રવણ આદિથી પણ કેટલાકોની માત્ર પ્રવૃત્તિ દેખાય છે.** અહીં નિદાન શબ્દનો કારણ અર્થ છે. જેમ કે આ રોગમાં નિદાન શું છે ? વગેરે પ્રયોગમાં નિદાનનો અર્થ કારણ છે. આ રોગમાં નિદાન શું છે ? એ વાક્યનો આ રોગનું કારણ શું છે ? એવો અર્થ છે. દાન વગેરે ભોગાદિ ફલવાળા છે, અર્થાત્ દાન વગેરે ભોગનું કારણ છે, એમ દેશનામાં સાંભળે છે. જેમ કે **"જીવોને દાનથી ભોગોની પ્રાપ્તિ થાય છે, શીલથી દેવગતિની પ્રાપ્તિ થાય છે** ભાવનાઓથી **મોક્ષ થાય છે, અને તપથી સર્વકાર્યો સિદ્ધ થાય છે."** આ પ્રમાણે સાંભળીને કેટલાકોની દાનાદિમાં પ્રવૃત્તિ દેખાય છે. સૂત્રમાં રહેલા 'આદિ' શબ્દથી તેવા પ્રકારના શ્રુત વગેરેને મેળવવાની ઈચ્છા, સ્વજનોનું દબાણ, બલાત્કાર વગેરે કારણો જાણવા. આ કારણોથી **ગોવિંદવાચક, સુંદરીનંદ, આર્યસુહસ્તિથી દીક્ષિત દ્રમક,** ભવદેવ, **કરોટક ગણી** વગેરે કેટલાકોની પહેલીવાર લીધેલી દીક્ષામાં તાત્ત્વિક ઉપયોગ શૂન્ય માત્ર પ્રવૃત્તિ જ શાસ્ત્રકારોના જોવામાં આવે છે. (૬૦)

ननु कथं तत्प्रवृत्तिमात्रं सद्भावप्रव्रज्याप्रतिपत्तिकालहेतुरित्याशङ्क्याह–

## तस्यापि तथापारम्पर्यसाधनत्वम् ॥६१॥४२८॥ इति।

**तस्यापि** प्रवृत्तिमात्रस्य, किं पुनरन्यस्य भववैराग्यादेरित्यपिशब्दार्थः, **तथापारम्पर्येण** तत्प्रकारपरम्परया **साधनत्वं** साधनभावः, श्रूयते हि केचन पूर्वं तथाविधभोगाभिलाषादिनाऽऽलम्बनेन द्रव्यप्रव्रज्यां प्रतिपद्य पश्चात् तदभ्यासेनैव व्यावृत्तातितीव्रचारित्रमोहोदया भावप्रव्रज्याप्रतिपत्तिकालाराधकाः संजाताः, यथा अमी

एव **गोविन्दादय** इति ॥६१॥

**તેમની દીક્ષામાં માત્ર પ્રવૃત્તિ સદ્ભાવથી દીક્ષા સ્વીકારના કાલનો હેતુ કેવી રીતે બને છે ? એવી આશંકા કરીને તેનો ઉત્તર કહે છે. :-**

**માત્ર પ્રવૃત્તિ પણ તે રીતે પરંપરાએ ભાવદીક્ષા સ્વીકારના કાલનો હેતુ બને** છે. સંભળાય છે કે કેટલાકો પહેલાં તેવા પ્રકારના ભોગોની ઈચ્છા આદિ આલંબનથી દ્રવ્યદીક્ષા સ્વીકારીને પછી દ્રવ્યદીક્ષાના અભ્યાસથી જ અતિતીવ્ર ચારિત્રમોહનો ઉદય હઠી જવાથી ભાવદીક્ષા સ્વીકારના કાલના આરાધકો થયા, અર્થાત્ ભાવથી દીક્ષા સ્વીકારનારા બન્યા. જેમ કે આ જ ગોંવિદવાચક વગેરે. (૬૧)

तर्हि प्रवृत्तिमात्रमपि कर्त्तव्यमापन्नमित्याह–

**यतिधर्माधिकारश्चायमिति प्रतिषेधः ॥६२॥४२९॥ इति ।**

**यतिधर्माधिकारः** शुद्धसाधुधर्मप्रस्तावः पुनर**यं** प्रक्रान्तः **इति** एतस्माद्धेतोः **प्रतिषेधो** निवारणं प्रवृत्तिमात्रस्य, नहि यथा कथञ्चित् प्रवृत्तः सर्वोऽपि प्राणी भावधर्मप्रवृत्तिकालाराधको भवति, किन्तु घुणाक्षरप्रवृत्त्या कश्चिदेवेति सर्वत्रौचित्येन प्रवर्तितव्यम् ॥६२॥

**તો માત્ર પ્રવૃત્તિ પણ કરવા યોગ્ય છે એમ પ્રાપ્ત થયું, આથી કહે છે :-**

**આ શુદ્ધ સાધુધર્મનો અધિકાર શરૂ કર્યો છે. આથી માત્ર પ્રવૃત્તિનો પ્રતિષેધ** છે. ગમે તેમ પ્રવૃત્તિ કરનારા બધાય જીવો ભાવધર્મના પ્રવૃત્તિકાલના આરાધક બનતા નથી, અર્થાત્ ભાવધર્મના આરાધક બનતા નથી, કિંતુ ઘુણાક્ષર • વૃત્તાંતથી કોઈક જ ભાવધર્મના આરાધક બને છે. આથી સર્વત્ર (= સાધુધર્મમાં અને ગૃહસ્થધર્મમાં) ઔચિત્યથી પ્રવૃત્તિ કરવી. (૬૨)

अभ्युच्चयमाह–

**न चैतत् परिणते चारित्रपरिणामे ॥६३॥४३०॥ इति ।**

**न च** नैव **एतद्** अकालौत्सुक्यं **परिणते** अङ्गाङ्गीभावमागते **चारित्रपरिणामे** ॥६३॥

---

• ઘુણ નામનો કીડો લાકડાને એવી રીતે કોતરે કે જેથી તેમાં અક્ષરો કોતરાઈ જાય. અહીં કીડાનો અક્ષરો કોતરવાનો આશય હોતો નથી, અનાયાસે જ અક્ષરો કોતરાઈ જાય છે. તેવી રીતે કોઈ કામ કરવાનો આશય ન હોય, કોઈ કામ કરવાનો પ્રયત્ન ન હોય અને એ કામ થઈ જાય ત્યાં ઘુણાક્ષરવૃત્તાંતનો (ઘુણાક્ષર ન્યાયનો) પ્રયોગ થાય છે.

**અહીં વિશેષ કહે છેઃ-**

**ચારિત્રનો પરિણામ પરિણત થયે છતે અકાલે ઉત્સુકતા ન હોય. પરિણત** થવું એટલે એકરૂપ બની જવું. (૬૩)

कुत इत्याह–

**तस्य प्रसन्नगम्भीरत्वात् ॥६४॥४३१॥ इति ।**

**तस्य** चारित्रपरिणामस्य **प्रसन्नत्वात्** शारदसमयसरःसलिलवत्, तथा **गम्भीरत्वात्** महासमुद्रमध्यवत् ॥६४॥

**અકાલે ઉત્સુકતા શાથી ન હોય તે કહે છે :-**

**ચારિત્રનો પરિણામ પ્રસન્ન અને ગંભીર હોવાથી અકાલે ઉત્સુકતા ન હોય.**

ચારિત્રનો પરિણામ શરદઋતુના સમયે સરોવરમાં રહેલા પાણીના જેવો પ્રસન્ન (= સ્વચ્છ) અને મહાસમુદ્રના મધ્યભાગની જેમ ગંભીર • હોવાથી ચારિત્રનો પરિણામ પરિણત થયે છતે અકાળે ઉત્સુકતા ન હોય. (૬૪)

एतदपि कथमित्याह–

**हितावहत्वात् ॥६५॥४३२॥ इति ।**

एकान्तेनैव हितकारित्वात् ॥६५॥

**ચારિત્રપરિણામ પ્રસન્ન અને ગંભીર કેમ હોય છે એ કહે છે :-**

ચારિત્રનો પરિણામ એકાંતે જ હિતકારી હોવાથી પ્રસન્ન અને ગંભીર હોય છે. (૬૫)

आह- यदि परिणतश्चारित्रपरिणामः प्रसन्नो गम्भीरस्तथा हितावहश्च तत् कथं तैस्तैर्वचनैस्तत्प्रतिपत्तावपि साधूनामनुशासनं शास्त्रेषु निरूप्यते? यथा–

गुरुकुलवासो गुरुतंतया य उचियविणयस्स करणं च।
वसहीपमज्जणाइसु जत्तो तह कालविक्खाए ॥२१३॥
अनिगूहणा बलंमी सव्वत्थ पवत्तणं पसंतीए।
नियलाभचिंतणं सइ अणुग्गहो मित्ति गुरुवयणे ॥२१४॥
संवरनिच्छिड्डत्तं सुद्धुंछुज्जीवणं सुपरिसुद्धं ।

• ગંભીર એટલે બીજાઓ માપી ન શકે - જાણી ન શકે તેવો.

विहिसज्झाओ मरणादवेक्खणं जइजणुवएसो ॥२१५॥ ( योगशतके ३३, ३४, ३५)

इत्याशङ्क्याह–

**तत्साधनानुष्ठानविषयस्तूपदेशः, प्रतिपात्यसौ, कर्मवैचित्र्यात् ॥६६॥४३३॥ इति ।**

चारित्रिणां परिणतचारित्राणां **तस्य** चारित्रपरिणामस्य **साधनानि** यान्य**नुष्ठानानि** गुरुकुलवासादीनि तानि **विषयो** यस्य स तथा, **तुः** पुनरर्थे, **उपदेशः** प्रवर्त्तकवाक्यरूपो यः शास्त्रेषु गीयते सः **प्रतिपाती** प्रतिपतनशीलो यतोऽसौ चारित्रपरिणामो वर्त्तते, कुत इत्याह- **कर्मवैचित्र्यात्,** विचित्राणि हि कर्माणि, ततस्तेभ्यः किं न संभाव्यते?, यतः पठ्यते–

कम्माइं नूणं घणचिक्कणाइं कढिणाइं वज्जसाराइं।
णाणड्ढयं पि पुरिसं पंथाओ उप्पहं नेंति ॥२१६॥ ( )

ततः पतितोऽपि कदाचित् कस्यचित् चारित्रपरिणामः तथाविधाकर्षवशात् पुनरपि गुरुकुलवासादिभ्यः सम्यक्प्रयुक्तेभ्यः प्रवर्त्तत इति तत्साधनोपदेशो ज्यायानिति ॥६६॥

અહીં આશંકા કરે છે કે- જો એકરૂપ બની ગયેલ ચારિત્રનો પરિણામ પ્રસન્ન, ગંભીર અને હિતકારી છે, તો ભાવચારિત્રનો સ્વીકાર થવા છતાં સાધુઓને શાસ્ત્રોમાં તે તે વચનોથી કર્તવ્યનો ઉપદેશ કેમ જણાવવામાં આવે છે ? જેમ કે - (૧) ગુરુને આધીન બનીને, અર્થાત્ આત્મસમર્પણ કરીને, ગુરુકુલવાસમાં રહેવું. (૨) જ્ઞાનવિનય વગેરે ઉચિત વિનય કરવો. (૩) વસતિપમાર્જન, ઉપધિ પ્રત્યુપેક્ષણા વગેરે ક્રિયાભેદોમાં પ્રયત્ન કરવો, આ પ્રયત્ન ગમે તેમ નહિ, પણ કાલ પ્રમાણે કરવો, અર્થાત્ જે કાળે જે ક્રિયા કરવાનું વિધાન હોય તે કાળે તે ક્રિયા કરવામાં પ્રયત્ન કરવો. (૪) શરીરબળને ગોપવવું નહિ. (૫) ઉપધિપ્રત્યુપેક્ષણા વગેરે સર્વ શ્રમણયોગોમાં અત્યંત શાંતિથી પ્રવૃત્તિ કરવી, અર્થાત્ ઉતાવળ ન કરવી. (૬) ગુરુ આજ્ઞા કરે ત્યારે ગુરુએ મારા ઉપર અનુગ્રહ કર્યો કે જેથી આ પ્રમાણે આજ્ઞા કરે છે, આજ્ઞાપાલનથી મારા કર્મોની નિર્જરા થશે, એમ પોતાના લાભની વિચારણા કરવી. (૭) સંવરને આશ્રવરૂપ છિદ્રથી રહિત કરવો, કારણ કે સંવરમાં આશ્રવરૂપ છિદ્રો પડે એ પર્વતના શિખર ઉપરથી પાતાલતલમાં પડવા તુલ્ય છે. (૮) આધાકર્મ વગેરે દોષોનો ત્યાગ કરીને આચારની મર્યાદા પ્રમાણે સુપરિશુદ્ધ

ભિક્ષાથી જીવન જીવવું. (૯) વંદન વગેરે વિધિથી વાચના વગેરે સ્વાધ્યાય કરવો. (૧૦) મરણની અને પ્રમાદથી થનારા કર્મફલ વગેરેની અપેક્ષા રાખવી. અર્થાત્ મારે એક દિવસ મરવાનું છે એમ મૃત્યુને સતત આંખ સામે રાખવું. જો હું પ્રમાદ કરીશ તો તેનાથી બંધાયેલાં કર્મોનું કટુ ફલ મારે ભોગવવું પડશે એમ ધ્યાનમાં રાખવું. આવો ઉપદેશ કેમ આપ્યો છે એવી શંકાનો ઉત્તર કહે છે :-

**ચારિત્રપરિણામના સાધનરૂપ અનુષ્ઠાનોનો ઉપદેશ શાસ્ત્રોમાં જે કહેવાય છે તે કર્મો વિચિત્ર હોવાથી ચારિત્રપરિણામ પડવાના સ્વભાવવાળો છે માટે કહેવાય છે.** પરિણમી ગયેલા ચારિત્રવાળા સાધુઓના ચારિત્રપરિણામના સાધનરૂપ ગુરુકુલવાસ વગેરે અનુષ્ઠાનોનો ઉપદેશ શાસ્ત્રોમાં કહેવાય છે તેનું કારણ એ છે કે ચારિત્રપરિણામ પડવાના (= જવાના) સ્વભાવવાળો છે. ચારિત્રપરિણામ પડવાના સ્વભાવવાળો છે તેનું કારણ કર્મોની વિચિત્રતા છે. કર્મો વિચિત્ર પ્રકારના છે. તેથી તે કર્મોથી શાની સંભાવના ન કરાય? અર્થાત્ સઘળી સંભાવના કરી શકાય છે. આથી જ કહ્યું છે કે - **"ખરેખર ગાઢ (= નિબિડ), ચિકણાં અને વજ્રના જેવાં કઠિન કર્મો જ્ઞાનયુક્ત પણ પુરુષને માર્ગમાંથી ઉન્માર્ગમાં લઈ જાય છે."** આમ કર્મની વિચિત્રતાના કારણે ચારિત્રનો પરિણામ પડવાના સ્વભાવવાળો હોવાથી ક્યારેક કોઈ સાધુનો ચારિત્ર પરિણામ પડી જાય તો પણ સારી રીતે યોજેલાં ( = સેવેલાં) ગુરુકુલવાસ વગેરે સાધનોથી તેવા પ્રકારના આકર્ષના કારણે ફરી પણ ઉત્પન્ન થાય છે. ( = આવે છે.) આથી ચારિત્રપરિણામનાં સાધનોનો ઉપદેશ પ્રશંસનીય છે = યોગ્ય છે. (૬૬)

## तत्संरक्षणानुष्ठानविषयश्च चक्रादिप्रवृत्त्यवसान-भ्रमाधानज्ञातात् ॥६७॥४३४॥ इति ।

**तस्य** चारित्रपरिणामस्य लब्धस्य यत् **संरक्षणं** पालनं तदर्थं यद**नुष्ठानं** त**द्विषयः**, **चः** समुच्चये, उपदेशः

वज्जेज्जा संसग्गिं पासत्थाईहिं पावमित्तेहिं।
कुज्जा उ अप्पमत्तो सुद्धचरित्तेहिं धीरेहिं ॥२१७॥ (पञ्च. ७३०)

इत्यादिरूपो यः स **चक्रस्य** कुलालादिसंबन्धिनः **आदि**शब्दादरघट्टयन्त्रादेश्च या **प्रवृत्तिः** भ्रमणरूपा तस्या **अवसाने** मन्दतारूपे यद् **भ्रमाधानं** पुनरपि दण्डयोगेन तीव्रत्वमाधीयते यथा तथा च(चा)रित्रवतोऽपि जन्तोः तथाविधवीर्यह्रासात् परिणाममन्दतायां

तत्तीव्रताऽऽधानार्थमुपदेशः प्रवर्त्त्यत इति ॥६७॥

**તથા ચક્રભ્રમણની મંદતામાં ભ્રમાધાનના દૃષ્ટાંતથી ચારિત્રપરિણામના સંરક્ષણ માટે અનુષ્ઠાનોનો ઉપદેશ છે.** મેળવેલા ચારિત્રપરિણામનું સંરક્ષણ કરવા માટેના (=સંરક્ષણ કરનારા) અનુષ્ઠાનોનો, **"સાધુ અપ્રમત્ત બનીને અકલ્યાણમિત્ર પાસત્થા આદિની સાથે સંબંધ ન રાખે, તથા ધીર અને શુદ્ધ ચારિત્રી સાધુઓની સાથે સંબંધ રાખે."** ઈત્યાદિ જે ઉપદેશ છે તે, ચક્રભ્રમણની મંદતામાં ભ્રમાધાનના દૃષ્ટાંતને આશ્રયીને છે.

**ભાવાર્થ :-** કુંભાર ચક્રને દંડવડે જોરથી ફેરવે છે. ચક્રજોરથી ફરવા માંડે એટલે કુંભાર ફેરવાનું મૂકી દે છે. આથી ચક્ર પ્રારંભમાં તો જોરથી ફરે છે. પણ પછી મંદ થઈ જાય છે. આથી કુંભાર ફરી દંડથી ચક્ર ફેરવીને ચક્રભ્રમણમાં તીવ્રતા લાવે છે. તેવી રીતે સાધુના ચારિત્રપરિણામમાં તેવા પ્રકારના વીર્યહ્રાસથી મંદતા આવે ત્યારે તીવ્રતા લાવવા માટે સાધુઓને ઉપદેશ આપવામાં આવે છે. ભ્રમાધાન = મંદ પડેલા ચક્રભ્રમણમાં ફરી તીવ્રતા લાવવી. સૂત્રમાં રહેલા આદિ શબ્દથી અરઘટ્ટયંત્ર વગેરેનું ભ્રમણ સમજવું. (૬૭)

अथोपदेशनिष्फलत्वमभिधातुमाह–

**माध्यस्थ्ये तद्वैफल्यमेव ॥६८॥४३५॥ इति ।**

**माध्यस्थ्ये** मध्यस्थभावे अप्रवृत्ति-प्रवृत्त्यवसानयोर्मध्यभागरूपे, प्रवृत्तौ सत्यामित्यर्थः, **अस्य** उपदेशस्य **वैफल्यं** विफलभावः ॥६८॥

**હવે ઉપદેશની નિષ્ફલતાને કહેવા માટે કહે છે:-**

**મધ્યસ્થભાવમાં ઉપદેશ નિષ્ફલ જ છે.** ચારિત્રપરિણામ ન થયો હોય અને ચારિત્રપરિણામ મંદ ન થયો હોય એ બેના મધ્યભાગમાં અર્થાત્ ચારિત્રપરિણામ તીવ્ર હોય ત્યારે ઉપદેશ નિરર્થક છે. (૬૮)

कुत इत्याह–

**स्वयंभ्रमणसिद्धेः ॥६९॥४३६॥ इति।**

**स्वयम्** आत्मनैव **भ्रमणसिद्धेः** चक्रभ्रमतुल्यप्रवृत्तिसिद्धेः ॥६९॥

**મધ્યસ્થભાવમાં ઉપદેશ શાથી નિષ્ફલ છે તે કહે છે :-**

**પોતાની મેળે જ ભ્રમણ થઈ રહ્યું હોવાથી મધ્યસ્થભાવમાં ઉપદેશ નિષ્ફળ**

છે. જેવી રીતે પોતાની મેળે ચક્રભ્રમણ થઈ રહ્યું હોય ત્યારે દંડથી ચક્રને ફેરવવો એ નિરર્થક છે, તે રીતે મધ્યભાગમાં ઉપદેશ વિના પણ પોતાની મેળે ચારિત્ર પરિણામ પ્રવર્તતો હોવાથી ઉપદેશ નિરર્થક છે. (૬૯)

एतदेव भावयन्नाह–

**भावयतिर्हि तथाकुशलाशयत्वादशक्तोऽ-**
**समञ्जसप्रवृत्तावितरस्यामिवेतरः ॥७०॥४३७॥ इति।**

**भावयतिः** परमार्थसाधुः **हिः** यस्मात् **तथा** तत्प्रकारश्चारित्रवृद्धिहेतुरित्यर्थः **कुशलः** परिशुद्धः **आशयः** चित्तमस्य, तद्भावस्तत्त्वम्, तस्माद्, **अशक्तः** असमर्थो**ऽसमञ्जसप्रवृत्तौ** अनाचारसेवारूपायाम्, दृष्टान्तमाह- **इतरस्यामिव** भावतः समञ्जसप्रवृत्ताविव **इतरः** अभावयतिर्विडम्बकप्रायः ॥७०॥

**આ જ વિષયને વિચારતા ગ્રંથકાર કહે છે :-**

**કારણકે જેવી રીતે દ્રવ્યસાધુ (ભાવથી) યોગ્ય પ્રવૃત્તિ કરવા માટે અસમર્થ છે, તેવી રીતે ભાવસાધુ તેવા પ્રકારના કુશલચિત્તવાળો હોવાથી (ભાવથી) અયોગ્ય પ્રવૃત્તિ કરવા માટે અસમર્થ છે.** ભાવસાધુ = પરમાર્થિક સાધુ. કુશલ = પરિશુદ્ધ. તેવા પ્રકારના = ચારિત્રવૃદ્ધિનું કારણ હોય તેવા. અયોગ્ય પ્રવૃત્તિ = સાધુને યોગ્ય ન હોય તેવા અસદ્ આચારોનું સેવન. દ્રવ્યસાધુ નટ તુલ્ય હોય. (૭૦)

अत्रैव कश्चिद्विशेषमाह–

**इति निदर्शनमात्रम् ॥७१॥४३८॥ इति।**

**इति** एतदितरस्यामिवेतर इति यदुक्तं तन्नि**दर्शनमात्रं** दृष्टान्त एव केवलः ॥७१॥

**આ વિષયમાં જ કંઈક વિશેષ કહે છેઃ-**

જેમ દ્રવ્યસાધુ યોગ્ય પ્રવૃત્તિ કરવા અસમર્થ છે, તેમ ભાવસાધુ અયોગ્ય પ્રવૃત્તિ કરવા માટે અસમર્થ છે એમ જે કહ્યું તે માત્ર દૃષ્ટાંત જ છે. (૭૧)

अत एवाह–

**न सर्वसाधर्म्ययोगेन ॥७२॥४३९॥ इति ।**

**न** नैव **सर्वसाधर्म्ययोगेन** सर्वैः धर्मैः **साधर्म्यं** सादृश्यं तद्योगेन ॥७२॥

**માત્ર દૃષ્ટાંત જ હોવાથી કહે છે :-**

બધી રીતે સમાનતાના યોગથી દૃષ્ટાંત નથી. (અર્થાત્ દૃષ્ટાંતમાં બધી રીતે સમાનતા નથી.) (૭૨)

एतत्कुत इत्याह–

**यतेस्तदप्रवृत्तिनिमित्तस्य गरीयस्त्वात् ॥७३॥४४०॥ इति**

**यतेः** साधोः **तत्र असमञ्जसे अप्रवृत्तौ निमित्तस्य** सम्यग्दर्शनादिपरिणामस्य **गरीयस्त्वात्** असमञ्जसप्रवृत्तिनिमित्तान्मिथ्यात्वादेस्तथाविधकर्मोदयजन्यात् अत एव जीवास्वभावभूतात् सकाशादतिगुरुत्वात् ॥७३॥

**દૃષ્ટાંતમાં બધી રીતે સમાનતા શાથી નથી તે કહે છે :-**

**કારણ કે સાધુના અયોગ્યમાં અપ્રવૃત્તિમાં નિમિત્ત એવો સમ્યગ્દર્શનાદિપરિણામ અતિમહાન છે.** ભાવસાધુ અયોગ્યમાં પ્રવૃત્તિ કરતા નથી, તેમાં નિમિત્ત ભાવસાધુનો સમ્યગ્દર્શનાદિ પરિણામ છે. સમ્યગ્દર્શનાદિપરિણામના કારણે ભાવસાધુ અયોગ્યમાં પ્રવૃત્તિ કરતા નથી. અયોગ્યપ્રવૃત્તિમાં નિમિત્ત, તેવા પ્રકારના કર્મોદયથી જન્ય, અને એથી જ જીવના સ્વભાવભૂત નહિ તેવા મિથ્યાત્વાદિથી સમ્યગ્દર્શનાદિ પરિણામ અતિમહાન છે. અહીં મિથ્યાત્વાદિથી સમ્યગ્દર્શનાદિનો પરિણામ અતિમહાન છે એમ કહેવું છે. તેમાં મિથ્યાત્વાદિ કેવા છે તે જણાવવા માટે મિથ્યાત્વાદિના ત્રણ વિશેષણ છે. મિથ્યાત્વાદિ અયોગ્ય પ્રવૃત્તિમાં નિમિત્ત છે, અર્થાત્ અયોગ્ય પ્રવૃત્તિનું કારણ છે, તેવા પ્રકારના કર્મોદયથી જન્ય છે અને કર્મોદયથી જન્ય હોવાના કારણે જ જીવના સ્વભાવરૂપ નથી. સમ્યગ્દર્શનાદિ પરિણામ આનાથી વિપરીત છે, એટલે યોગ્ય પ્રવૃત્તિનું કારણ છે, કર્મના ઉદયથી નહિ કિંતુ કર્મના ક્ષયોપશમ આદિથી જન્ય છે, અને એથી જ જીવના સ્વભાવ રૂપ છે. (૭૩)

एतदेव भावयति–

**वस्तुतः स्वाभाविकत्वात् ॥७४॥४४१॥ इति ।**

**वस्तुतः** परमार्थवृत्त्या **स्वाभाविकत्वात्** जीवस्वभावमयत्वात् सम्यग्दर्शनादेः समञ्जसप्रवृत्तिनिमित्तस्य ॥७४॥

**આ જ વિષયને વિચારે છે :-**

યોગ્ય પ્રવૃત્તિમાં નિમિત્ત એવો સમ્યગ્દર્શનાદિ પરિણામ પરમાર્થવૃત્તિથી

સ્વાભાવિક = જીવના સ્વભાવરૂપ હોવાથી મિથ્યાત્વાદિથી અતિમહાન છે. (૭૪)

तथा– **सद्भाववृद्धेः फलोत्कर्षसाधनात् ॥७५॥४४२॥ इति ।**

**सद्भावस्य** शुद्धपरिणामरूपस्य या **वृद्धिः** उत्कर्षस्तस्याः **फलोत्कर्षसाधनात्** उत्कृष्टफलरूपमोक्षनिष्पादनात्। वृद्धिप्राप्तो हि शुद्धो भावः सम्यग्दर्शनादिर्मोक्षं साधयति, न तु मिथ्यात्वादिः कदाचनापि, अतः परमफलसाधकत्वेन मिथ्यात्वादिभ्योऽसौ गरीयानिति ॥७५॥

**તથા શુભપરિણામની વૃદ્ધિથી ઉત્કૃષ્ટ ફલને સાધવાથી મિથ્યાત્વાદિથી સમ્યગ્દર્શનાદિ અતિમહાન છે.** વૃદ્ધિને પામેલો સમ્યગ્દર્શનાદિ શુદ્ધ પરિણામ ઉત્કૃષ્ટ ફલરૂપ મોક્ષને સાધે છે. મિથ્યાત્વાદિ ક્યારે પણ મોક્ષને સાધતા નથી, આથી સમ્યગ્દર્શનાદિ પરમફલને સાધનારા હોવાથી મિથ્યાત્વાદિથી અતિમહાન છે.(૭૫)

एतदपि कुत इत्याह–

**उपप्लवविगमेन तथावभासनादिति ॥७६॥४४३॥ इति ।**

**उपप्लवविगमेन** रागद्वेषाद्यान्तरोपद्रवापगमेन **तथावभासनात् तथा** असमञ्जसस्याप्रवृत्तियोग्यतया**ऽवभासनात्** प्रतीतेः, भावयतेः कर्त्तुः, इती**तरस्यामिवेतर** इति निदर्शनमात्रमिति स्थितम्, **इतिः** वाक्यपरिसमाप्तौ ॥७६॥

**સમ્યગ્દર્શનાદિ પરિણામના કારણે ભાવસાધુ અયોગ્યપ્રવૃત્તિ કરતા નથી એ પણ શાથી છે? તે કહે છે:-**

રાગ-દ્વેષાદિ આંતરિક ઉપદ્રવ દૂર થવાથી ભાવસાધુને (સમ્યગ્દર્શનાદિ **પરિણામવાળા સાધુને) અયોગ્યપ્રવૃત્તિ કરવા લાયક નથી એવી પ્રતીતિ થતી હોવાથી ભાવસાધુ અયોગ્ય પ્રવૃત્તિ કરતા નથી.** આ પ્રમાણે જેમ દ્રવ્ય સાધુ યોગ્ય પ્રવૃત્તિ કરવા અસમર્થ છે તેમ ભાવસાધુ અયોગ્યપ્રવૃત્તિ કરવા અસમર્થ છે એમ જે કહ્યું તે માત્ર દૃષ્ટાંત જ છે એ નક્કી થયું. (૭૬)

अथोपसंहरन्नाह–

**एवंविधयतेः प्रायो भावशुद्धेर्महात्मनः।**
**विनिवृत्ताग्रहस्योच्चैर्मोक्षतुल्यो भवोऽपि हि ॥४॥ इति।**

**एवंविधस्य** स्वावस्थोचितानुष्ठानारम्भिणो **यतेः** साधोः **प्रायो** बाहुल्येन **भावशुद्धेः**

सकाशात् **महात्मनः** उक्तरूपस्य **विनिवृत्ताग्रहस्य** उपरतशरीरादिगोचरमूर्च्छादोषस्य **उच्चैः** अत्यर्थं **मोक्षतुल्यो** निर्वाणकल्पो **भवोऽपि,** मोक्षस्तावन्मोक्ष एवेत्य**पि**शब्दार्थः , **हिः** स्फुटम्, यदवाचि-

निर्जितमद-मदनानां वाक्कायमनोविकाररहितानाम्।
विनिवृत्तपराशानामिहैव मोक्षः सुविहितानाम् (प्रशम० २३८) ।।२१८।। इति।

**હવે ઉપસંહાર કરતા ગ્રંથકાર કહે છેઃ-**

પોતાની અવસ્થાને યોગ્ય અનુષ્ઠાનનો પ્રારંભ કરનારા અને શરીર આદિની મૂર્ચ્છાથી અતિશય રહિત સાધુ મહાત્માને ભાવશુદ્ધિથી પ્રાયઃ સંસાર પણ સ્પષ્ટ મોક્ષતુલ્ય છે. કહ્યું છે કે - **"મદ - મદનને જીતી લેનારા, મન - વચન - કાયાના વિકારોથી રહિત, પૌદ્‌ગલિક આશાઓથી મુક્ત અને શાસ્ત્રોક્ત વિધિનું પાલન કરનારા સાધુ મહાત્માઓને અહીં જ મોક્ષ છે."** 'સંસાર પણ' એ સ્થળે પણ શબ્દનો અર્થ આ પ્રમાણે છેઃ- મોક્ષ તો મોક્ષ છે જ, કિંતુ સંસાર પણ મોક્ષતુલ્ય છે. (૪)

अत्रोपपत्तिमाह–

**सद्दर्शनादिसंप्राप्तेः संतोषामृतयोगतः।**
**भावैश्वर्यप्रधानत्वात् तदासन्नत्वतस्तथा ।।५।। इति।**

**सद्दर्शनादीनाम्** अधःकृतचिन्तामणि-कल्पद्रुम-कामधेनूपमानानां सम्यग्दर्शन-ज्ञान-चारित्राणां **संप्राप्तेः** लाभात् यः **संतोषामृतयो**गस्तस्मात्, **मोक्षतुल्यो भवोऽपि** हीति संबन्धः, उपपत्त्यन्तरमाह- **भावैश्वर्यप्रधानत्वात्,** भावैश्वर्येण क्षमा-मार्दवादिना प्रधानः उत्तमस्तद्भावस्तत्त्वं तस्मात् सकाशात् **तदासन्नत्वतो** मोक्षासन्नभावात्, **तथे**ति हेत्वन्तरसूचक इति ।।५।।

**સંસાર પણ મોક્ષતુલ્ય છે એ વિષયમાં કારણ જણાવે છે :-**

(૧) ચિંતામણિ, કલ્પવૃક્ષ અને કામધેનુની ઉપમાનો તિરસ્કાર કરનારા સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની પ્રાપ્તિથી થયેલા સંતોષરૂપ અમૃતના યોગથી, (૨) ક્ષમા-માર્દવ વગેરે ભાવ ઐશ્વર્યથી થયેલી ઉત્તમતાથી અને (૩) મોક્ષ નજીકમાં હોવાથી સંસાર પણ સ્પષ્ટ મોક્ષતુલ્ય છે. (૫)

एतदेव समर्थयन्नाह–

**उक्तं मासादिपर्यायवृद्ध्या द्वादशभिः परम् ।**

**तेजः प्राप्नोति चारित्री सर्वदेवेभ्य उत्तमम् ॥६॥ इति ।**

**उक्तं** निरूपितं **भगवत्याम्,** किमित्याह- **मासादिपर्यायवृद्ध्या** मासेन द्वाभ्यां त्रिभिरित्यादिक्रमेण पर्यायस्य वृद्धौ सत्यां यावद् **द्वादशभिर्मासैः परं** प्रकृष्टं **तेजः** चित्तसुखलाभलक्षणं **प्राप्नोति** अधिगच्छति **चारित्री** विशिष्टचारित्रपात्रं पुमान्, परत्वमेव व्यनक्ति- **सर्वदेवेभ्यो** भवनवासिप्रभृतिभ्योऽनुत्तरसुरावसानेभ्यः सकाशादुत्तमं सर्वसुरसुखातिशायीति भावः, **भगवतीसूत्रं** चेदम्-

जे इमे अज्जत्ताए समणा निग्गंथा एते णं कस्स तेउल्लेसं वीतीवयंति? मासपरियाए समणे निग्गंथे वाणमंतराणं देवाणं तेउल्लेसं वीईवयइ, एवं दुमासपरियाए समणे निग्गंथे असुरिंदवज्जियाणं भवणवासीणं देवाणं तेउलेसं वीतीवयइ, तिमासपरियाए समणे निग्गंथे असुरकुमारिंदाणं देवाणं तेउलेसं वीतीवयइ, चउमासपरियाए समणे निग्गंथे चंदिमसूरियवज्जियाणं गहगण-नक्खत्त-तारारूवाणं जोतिसियाणं तेउलेसं वीईवयइ, पंचमासपरियाए समणे निग्गंथे चंदिम-सूरियाणं जोइसियाणं तेउलेसं वीतीवयइ, छम्मासपरियाए समणे निग्गंथे सोहम्मीसाणाणं तेउलेसं वीतीवयइ, सत्तमासपरियाए समणे निग्गंथे सणंकुमार-माहिंदाणं तेउलेसं वीईवयइ, अट्ठमासपरियाए समणे निग्गंथे बंभलोग-लंतगदेवाणं तेउलेसं (वीईवयइ), नवमासपरियाए समणे निग्गंथे महासुक्क-सहस्साराणं देवाणं तेउलेसं (वीईवयइ), दसमासपरियाए समणे (निग्गंथे) आणय-पाणय-आरण-अच्चुआणं देवाणं तेउलेसं (वीईवयइ), एक्कारसमासपरियाए समणे (निग्गंथे) गेवेज्जाणं देवाणं (तेउलेसं वीईवयइ), बारसमासपरियाए (समणे निग्गंथे) अणुत्तरोववाइयाणं देवाणं तेउलेसं (वीईवयइ) तेण परं सुक्के सुक्काभिजाती भवित्ता सिज्झइ बुज्झइ मुच्चइ परिनिव्वाइ सव्वदुक्खाणमंतं करेइ ॥२१९॥ भगवती० १४/९/५३७) त्ति ॥६॥

**આનું જ સમર્થન કરતા ગ્રંથકાર કહે છે :-**

એકમાસ, બે માસ, ત્રણ માસ ઈત્યાદિ ક્રમથી ચારિત્રપર્યાયની વૃદ્ધિ થતાં બાર માસનો દીક્ષાપર્યાય થાય ત્યારે ચારિત્રી સર્વ દેવોથી ઉત્તમ પ્રકૃષ્ટ તેજને પામે છે એમ ભગવતી સૂત્રમાં કહ્યું છે. તેજ = ચિત્તસુખનો લાભ. ચારિત્રી = વિશિષ્ટ ચારિત્રપાત્ર પુરુષ. સર્વદેવોથી = ભવનપતિથી આરંભી અનુત્તર સુધીના સર્વદેવોથી. ઉત્તમ = સર્વદેવોના સુખથી ચઢિયાતું.

ભગવતી સૂત્રનો અર્થ આ પ્રમાણે છેઃ- શ્રી ગૌતમસ્વામી શ્રી મહાવીરસ્વામીને

પ્રશ્ન કરે છે કે - ''હે ભગવંત હમણાં જે શ્રમણ નિર્ગ્રંથો વિચરી રહ્યા છે તે કોની તેજોલેશ્યાને ઓળંગી જાય છે?'' શ્રી મહાવીરસ્વામી જવાબ આપે છે કે - ''હે ગૌતમ! એક માસના દીક્ષાપર્યાયવાળા શ્રમણ નિર્ગ્રંથો વાણવ્યંતર દેવોની તેજોલેશ્યાને = સુખને ઓળંગી જાય છે. એમ વધતાં વધતાં બારમાસના દીક્ષાપર્યાયવાળા શ્રમણ નિર્ગ્રંથો અનુત્તરોપપાતિક દેવોની તેજોલેશ્યાને = સુખને ઓળંગી જાય છે. ત્યાર બાદ અધિક અધિક શુદ્ધ પરિણામવાળા થઈ સિદ્ધ થાય છે, બુદ્ધ થાય છે, મુક્ત થાય છે, શાંત થાય છે, યાવત્ સર્વ દુઃખોનો અંત કરે છે.

**ભગવતીસૂત્રમાં જણાવેલ સુખવૃદ્ધિ**

| **દીક્ષાપર્યાય** | **કયા દેવોથી અધિકસુખ** |
|---|---|
| ૧ માસ | વાણવ્યંતર |
| ૨ માસ | ભવનપતિ (અસુરકુમાર સિવાય) |
| ૩ માસ | અસુરકુમાર |
| ૪ માસ | ગ્રહ - નક્ષત્ર - તારા |
| ૫ માસ | સૂર્ય - ચંદ્ર |
| ૬ થી ૧૦ માસ | ક્રમશઃ ૧-૨, ૩-૪, ૫-૬, ૭-૮, ૯ થી ૧૨ વૈ. દેવો. |
| ૧૧-૧૨ માસ | ક્રમશઃ ૯ ગ્રૈવેયક, ૫ અનુત્તરવાસી દેવો. |

ભગવતીની ટીકામાં તેજોલેશ્યા વગેરે શબ્દોનો અર્થ આ પ્રમાણે છે :- તેજોલેશ્યાનો ઉલ્લેખ પ્રશસ્ત લેશ્યાના ઉપલક્ષણરૂપ હોવાથી તેજોલેશ્યા એટલે પ્રશસ્ત લેશ્યા. પ્રશસ્ત લેશ્યા સુખાસિકાનું કારણ હોવાથી કારણમાં કાર્યના ઉપચારથી તેજોલેશ્યા એટલે સુખાસિકા. સુખાસિકા એટલે સુખી અવસ્થા.

શુક્લ એટલે શુદ્ધપરિણામવાળો. અભિજાત એટલે શ્રેષ્ઠ. શુક્લોમાં અભિજાત = શ્રેષ્ઠ તે શુક્લાભિજાત. આત્મા જેમ જેમ વિશુદ્ધપરિણામવાળો બને તેમ તેમ સુખી બને. આથી શુક્લ એટલે સુખી. શુક્લાભિજાત એટલે પરમસુખી. (૬)

इति श्री**मुनिचन्द्रसूरि**विरचितायां **धर्मबिन्दुवृत्तौ यतिधर्मविषयविधिः** षष्ठोऽध्यायः समाप्तः।

આ પ્રમાણે ધર્મબિંદુની શ્રી મુનિચંદ્રસૂરિ વિરચિત વૃત્તિમાં **યતિધર્મ *વિષયવિધિ*** *નામનો છઠ્ઠો અધ્યાય પૂરો થયો.*

-- ■ --

## । अथ सप्तमोऽध्यायः ।

व्याख्यातः षष्ठोऽध्यायः। अथ सप्तमो व्याख्यायते, तस्य चेदमादिसूत्रम्–

**फलप्रधान आरम्भ इति सल्लोकनीतितः।**

**संक्षेपादुक्तमस्येदं व्यासतः पुनरुच्यते ॥१॥ इति ।**

**फलं प्रधानं** यस्येति स तथा **आरम्भो** धर्मादिगोचरा प्रवृत्तिः **इति** अस्याः **सल्लोकनीतितः** शिष्टजनसमाचारात्, किमित्याह- **संक्षेपात्** परिमितरूपतया **उक्तमस्य** धर्मस्येदं फलं **धनदो धनार्थिनां प्रोक्तः** (अ०१ श्लो० २) इति श्लोकेन शास्त्रादौ, **व्यासतो** विस्तरेण **पुनरुच्यते** **इदमिदानीमिति** ॥१॥

**છઠ્ઠા અધ્યાયનું વ્યાખ્યાન કર્યું. હવે સાતમા અધ્યાયનું વ્યાખ્યાન કરવામાં આવે છે. તેનું પહેલું સૂત્ર આ છેઃ-**

ધર્મ આદિની પ્રવૃત્તિ ફલની પ્રધાનતાવાળી હોય, અર્થાત્ ધર્મ આદિની પ્રવૃત્તિ તેવી કરવી કે જેમાં ફલની મુખ્યતા હોય, આવી શિષ્ટ લોકોની નીતિ હોવાથી શાસ્ત્રના પ્રારંભમાં (અ. ૧ શ્લોક ૨) धनदो धनार्थिनां प्रोक्तः એ શ્લોકથી સંક્ષેપથી ધર્મનું ફલ કહ્યું છે. હવે ફરી વિસ્તારથી ધર્મનું ફલ કહેવામાં આવે છે. (૧)

ननु यदि व्यासतः पुनरिदानीं वक्ष्यते तत् किमिति संक्षेपात् पूर्वं फलमुक्तमित्याशङ्क्याह-

**प्रवृत्त्यङ्गमदः श्रेष्ठं सत्त्वानां प्रायश्च यत् ।**

**आदौ सर्वत्र तद्युक्तमभिधातुमिदं पुनः ॥२॥ इति ।**

***प्रवृत्त्यङ्गं*** *प्रवृत्तिकारणम्* ***अदः*** *फलं* ***श्रेष्ठं*** *ज्यायः* ***सत्त्वानां*** *फलार्थिनां प्राणिविशेषाणां* ***प्रायशः*** *प्रायेण,* ***चकारो*** *वक्तव्यान्तरसमुच्चये,* ***यद्*** *यस्माद्* ***आदौ*** *प्रथमं* ***सर्वत्र*** *सर्वकार्येषु* **तत्** तस्माद् **युक्तं** उचितम् **अभिधातुं** भणितुं संक्षेपादादाविति, आदावेव विस्तरेण फलभणने शास्त्रार्थस्य अतिव्यवधानेन श्रोतुस्तत्र नीरसभावप्रसङ्गेनानादर एव स्यादिति। **इदं** पुनरिति यत् पुनर्व्यासतः फलं तदिदं वक्ष्यमाणम् ॥२॥

**જો હમણાં ફરી વિસ્તારથી ધર્મફલ કહેવામાં આવશે તો પૂર્વે સંક્ષેપથી ફલ શા માટે કહ્યું એવી આશંકા કરીને તેનો ઉત્તર કહે છે :-**

ફલ પ્રાયઃ પ્રવૃત્તિનું શ્રેષ્ઠ કારણ છે, અર્થાત્ આ કાર્ય કરવાથી ફળ મળશે એવું જાણવામાં આવે તો લોક એ કાર્યમાં પ્રવૃત્તિ કરે છે. આથી સર્વ કાર્યોમાં પહેલાં

સંક્ષેપથી ફલ કહેવું યોગ્ય છે. પ્રારંભમાં જ વિસ્તારથી ફલ કહેવામાં આવે તો શાસ્ત્રના અર્થમાં ઘણું અંતર પડી જાય. શાસ્ત્રના અર્થમાં ઘણું અંતર પડી જવાથી શ્રોતાને શાસ્ત્રમાં નિરસભાવ થઈ જાય અને એથી અનાદર જ થાય. ફરી જે વિસ્તારથી ફલ કહેવાનું છે તે આ ( = હવે કહેવાશે તે પ્રમાણે) છે. (૨)

यथा-

**विशिष्टं देवसौख्यं यच्छिवसौख्यं च यत्परम्।**
**धर्मकल्पद्रुमस्येदं फलमाहुर्मनीषिणः ॥३॥ इति ।**

**विशिष्टं** सौधर्मादिदेवलोकसंबन्धितया शेषदेवसौख्यातिशायि **देवसौख्यं** सुरशर्म **य**दिहैव वक्ष्यमाणम्, शिवसौख्यं मुक्तिशर्म, चः समुच्चये, यदिति प्राग्वत्, **परं** प्रकृष्टम्, तत् किमित्याह– **धर्मकल्पद्रुमस्य** भावधर्मकल्पपादपस्य **इदं** प्रतीतरूपतया प्रथमानं **फलं** साध्य**माहुः** उक्तवन्तः **मनीषिणः** सुधर्मस्वामिप्रभृतयो महामुनय इति ॥३॥

**ધર્મફલ આ પ્રમાણે છેઃ-**

જે આ વિશિષ્ટ દેવસુખ અને જે આ પ્રકૃષ્ટ મોક્ષસુખ છે એ ભાવધર્મરૂપ કલ્પવૃક્ષનું ફલ છે એમ સુધર્મસ્વામી વગેરે મહામુનિઓએ કહ્યું છે. વિશિષ્ટ = સૌધર્મ વગેરે દેવલોક સંબંધી હોવાના કારણે અન્ય દેવોના સુખથી ચઢિયાતું. આ દેવસુખ હવે કહેવામાં આવશે. મોક્ષસુખ પણ હવે કહેવામાં આવશે. આ = જાણીતું હોવાના કારણે પ્રસિદ્ધિને પામતું. બુદ્ધિમાન = સુધર્મસ્વામી વગેરે મહામુનિઓ. (૩)

**इत्युक्तो धर्मः, साम्प्रतमस्य फलमनुवर्णयिष्यामः ॥१॥४४॥ इति ।**

सुगममेव ॥१॥

આ પ્રમાણે ધર્મ કહ્યો. હવે ધર્મના ફલનું વર્ણન કરીશું. (૧)

**द्विविधं फलम्– अनन्तर-परम्परभेदात् ॥२॥४५॥ इति ।**

**द्विविधं** द्विरूपं फलं धर्मस्य, कथमित्याह- **अनन्तर - परम्परभेदात्** आनन्तर्येण परम्परया च ॥२॥

અનંતર અને પરંપર ભેદથી ધર્મફલ બે પ્રકારનું છે. (જે ફલ તરત મળે =

આ ભવમાં જ મળે તે અનંતર ફલ અને જે ફલ પરંપરાએ મળે = ભવાંતરમાં મળે તે પરંપર ફલ.) (૨)

**तत्रानन्तरफलमुपप्लवह्रासः ॥३॥४४६॥ इति ।**

**तत्र** तयोर्मध्येऽ**नन्तरफलं** दर्श्यते, तद्यथा- **उपप्लवह्रासः, उपप्लवस्य** रागद्वेषादिदोषोद्रेकलक्षणस्य **ह्रासः** परिहाणिः ॥३॥

**તે બે ફલોમાં ઉપપ્લવનો હ્રાસ અનંતરફલ છે.** ઉપપ્લવ એટલે રાગ - દ્વેષાદિ દોષોની અધિકતા, અર્થાત્ પ્રબળ રાગ - દ્વેષાદિ દોષો એ ઉપપ્લવ છે. હ્રાસ એટલે હાનિ. (૩)

तथा-

**भावैश्वर्यवृद्धिः ॥४॥४४७॥ इति।**

**भावैश्वर्यस्य** औदार्य-दाक्षिण्य-पापजुगुप्सादिगुणलाभलक्षणस्य **वृद्धिः** उत्कर्षः ॥४॥

તથા ઉદારતા, દાક્ષિણ્ય અને પાપજુગુપ્સા વગેરે ગુણોના લાભરૂપ ઐશ્વર્યની વૃદ્ધિ એ અનંતર ફળ છે. (૪)

तथा-

**जनप्रियत्वम् ॥५॥४४८॥ इति।**

सर्वलोकचित्ताह्लादकत्वम् ॥५॥

**તથા લોકોને પ્રિય બનવું, અર્થાત્ સર્વ લોકોના ચિત્તને હર્ષ પમાડવો એ અનંતર ફળ છે.** (લોકોના ચિત્તને હર્ષ પમાડનાર અવશ્ય લોકોને પ્રિય બને છે. એથી લોકોને પ્રિય બનવું અને લોકોના ચિત્તને હર્ષ પમાડવો એ બંનેનો એક જ અર્થ છે.) (૫)

**परम्पराफलं तु सुगतिजन्मोत्तमस्थान-परम्परानिर्वाणावाप्तिः ॥६॥४४९॥ इति।**

यत् **सुगतिजन्म** यच्चो**त्तमस्थानपरम्परया** करणभूतया **निर्वाणं** तयोर**वाप्तिः** पुनः **परम्पराफल**मिति ॥६॥

સુગતિમાં જન્મ અને ઉત્તમસ્થાનની • પરંપરાથી મોક્ષપ્રાપ્તિ એ બે પરંપર

• ઉત્તમસ્થાનની પરંપરા કરણ છે. કરણનો અર્થ છઠ્ઠા અધ્યાયના નવમા સૂત્રમાં ટીપ્પણીમાં જણાવ્યો છે.

ફલ છે. (૬)

अथ स्वयमेवैतत् सूत्रं भावयति-

**सुगतिर्विशिष्टदेवस्थानम् ॥७॥४५०॥ इति ।**

सुगतिः किमुच्यते इत्याह- **विशिष्टदेवस्थानं** सौधर्मादिकल्पलक्षणम् ॥७॥

**હવે ગ્રંથકાર સ્વયં જ આ સૂત્રને વિચારે છે :-**

સૌધર્મ દેવલોક વગેરે વિશિષ્ટ દેવસ્થાન સુગતિ છે. (૭)

**तत्रोत्तमा रूपसंपत्, सत्स्थितिप्रभावसुखद्युतिलेश्यायोगः, विशुद्धेन्द्रियावधित्वम्, प्रकृष्टानि भोगसाधनानि, दिव्यो विमाननिवहः, मनोहराण्युद्यानानि, रम्या जलाशयाः, कान्ता अप्सरसः, अतिनिपुणाः किङ्कराः, प्रगल्भो नाट्यविधिः, चतुरोदारा भोगाः, सदा चित्ताह्लादः, अनेकसुखहेतुत्वम्, कुशलानुबन्धः, महाकल्याणपूजाकरणम्, तीर्थकरसेवा, सद्धर्मश्रुतौ रतिः, सदा सुखित्वम् ॥८॥४५१॥ इति ।**

**तत्र** देवस्थाने **उत्तमा** प्रकृष्टा **रूपसंपत्** शरीरसंस्थानलक्षणा १, **सत्यः** सुन्दरा याः **स्थिति - प्रभाव - सुख - द्युति - लेश्यास्ताभिर्योगः** समागमः, तत्र **स्थितिः** पल्योपम-सागरोपमप्रमाणायुष्कलक्षणा, **प्रभावो** निग्रहा - ऽनुग्रहसामर्थ्यम्, **सुखं** चित्तसमाधिलक्षणम्, **द्युतिः** शरीरा-ऽऽभरणादिप्रभा, **लेश्या** तेजोलेश्यादिका इति २, **विशुद्धानि** स्वविषयाविपर्यस्तज्ञानजननेन निर्मला**नीन्द्रियाणि अवधिश्च** यस्य स तथा, तद्भावस्तत्त्वम् ३, **प्रकृष्टानि** प्रकर्षवन्ति **भोगसाधनानि** भोगोपकरणानि ४, तान्येव दर्शयति- **दिव्यो** निजप्रभामण्डलविडम्बिताशेषतेजस्विचक्रो **विमाननिवहः** विमानसंघातः ५, **मनोहराणि** मनःप्रमोदप्रदानि अशोक-चम्पक-पुन्नाग-नागप्रभृतिवनस्पतिसमाकुलानि **उद्यानानि** वनानि ६, **रम्या** रन्तुं योग्या **जलाशयाः** वापी - ह्रद - सरोवरलक्षणाः ७, **कान्ताः** कान्तिभाजः **अप्सरसो** देव्यः ८, **अतिनिपुणाः** परिशुद्धविनयविधिविधायिनः **किङ्कराः** प्रतीतरूपा एव ९, **प्रगल्भः** प्रौढो **नाट्यविधिः** तीर्थकरादिचरितप्रतिबद्धाभिनयलक्षणः १०, **चतुरोदाराः** चतुराः झटित्येवेन्द्रियचित्ताक्षेपदक्षा उदाराश्च उत्तमाः **भोगाः** शब्दादयः श्रोत्रादीन्द्रियविषयाः ११, **सदा** सततं **चित्ताह्लादो** मनःप्रसादरूपः १२, **अनेकेषां** स्वव्यतिरिक्तानां देवादीनां तत्तन्नानाविधसमुचिताचारसमाचरणचातुर्यगुणेन **सुखहेतुत्वं** संतोषनिमित्तभावः १३, **कुशलः**

परिणामसुन्दरोऽ**नुबन्धः** सर्वकार्याणाम् १४, **महाकल्याणकेषु** जिनजन्म-महाव्रतप्रतिपत्त्यादिषु **पूजायाः** स्नात्र-पुष्पारोपण-धूपवासप्रदानादिना प्रकारेण **करणं** निर्मापणम् १५, **तीर्थकराणां** निजप्रभावावर्जितजगत्त्रयजन्तुमानसानां अमृतमेघासाराकारसरस-देशनाविधिनिहतभव्यभविकजनमनःसंतापानां पुरुषरत्नविशेषाणां **सेवा** वन्दन-नमन-पर्युपासन-पूजनादिनाऽऽराधना १६, **सतः** पारमार्थिकस्य **धर्मस्य** श्रुत-चारित्रलक्षणस्य **श्रुतौ** आकर्णने **रतिः** स्वर्गप्रभवतुम्बुरुप्रभृति- गान्धर्विकारब्धपञ्चमस्वरगीतश्रवणरतेरपि सकाशादधिकसंतोषलक्षणा १७, **सदा** सर्वकालं **सुखित्वं** बाह्यशयना-ऽऽसन-वस्त्रा-ऽलङ्कारादिजनितशरीरसुखयुक्तत्वम् १८॥८॥

ત્યાં ૧ ઉત્તમ રૂપસંપત્તિ, ૨ સુંદર સ્થિતિ, ૩ સુંદર પ્રભાવ, ૪ સુંદર સુખ, ૫ સુંદર દ્યુતિ, ૬ સુંદર લેશ્યા, ૭ વિશુદ્ધ ઈંદ્રિયો, ૮ વિશુદ્ધ અવધિજ્ઞાન, ૯ પ્રકૃષ્ટ ભોગ સાધનો, ૧૦ દિવ્ય વિમાનસમૂહ, ૧૧ મનોહર ઉદ્યાનો, ૧૨ રમ્ય જલાશયો, ૧૩ કાંત અપ્સરાઓ, ૧૪ અતિનિપુણ નોકરો, ૧૫ પ્રૌઢ નાટ્યવિધિ, ૧૬ ચતુર - ઉદાર ભોગો, ૧૭ સદા ચિત્તાહ્લાદ, ૧૮ અનેક સુખહેતુતા, ૧૯ કુશલ અનુબંધ, ૨૦ મહાકલ્યાણ પૂજાકરણ, ૨૧, તીર્થંકર સેવા ૨૨ સદ્ધર્મશ્રવણમાં રતિ, ૨૩ સદાસુખ હોય છે.

ત્યાં = દેવલોકમાં. ૧ ઉત્તમ રૂપસંપત્તિ = ઉત્કૃષ્ટ શરીર સંસ્થાન, ૨ સુંદર સ્થિતિ = પલ્યોપમ - સાગરોપમ પ્રમાણ (દીર્ઘ) આયુષ્ય, ૩ સુંદર પ્રભાવ = નિગ્રહ - અનુગ્રહની (પ્રબળ) શક્તિ, ૪ સુંદર સુખ = ચિત્તની સમાધિ, ૫ સુંદર દ્યુતિ = શરીર - આભૂષણ વગેરેની પ્રભા, ૬ સુંદર લેશ્યા = તેજોલેશ્યા વગેરે શુભલેશ્યા, ૭ વિશુદ્ધ ઈંદ્રિયો = પોતાના વિષયને બરાબર જાણે તેવી નિર્મલ ઈંદ્રિયો, ૮ વિશુદ્ધ અવધિજ્ઞાન = પોતાના વિષયને બરોબર જાણે તેવું નિર્મલ અવધિજ્ઞાન, ૯ પ્રકૃષ્ટ ભોગસાધનો = ભોગનાં ઉત્કૃષ્ટ ઉપકરણો.

ભોગનાં ઉત્કૃષ્ટ ઉપકરણોને જ બતાવે છે:- ૧૦ દિવ્યવિમાનસમૂહ = પોતાના પ્રભામંડલથી સર્વ તેજસ્વી ચક્રોની વિડંબના (તિરસ્કાર) કરનાર વિમાનોનો સમૂહ. ૧૧ મનોહર ઉદ્યાનો = મનને હર્ષ આપે તેવા અશોક, ચંપક, જાયફલ અને નાગરવેલ વગેરે વનસ્પતિઓથી યુક્ત વનો. ૧૨ રમ્ય જલાશયો = રમવાને યોગ્ય (ક્રીડા કરવામાં આનંદ આવે તેવા) વાવડી, પાણીના ઘરો (મોટા હોજ), સરોવર વગેરે પાણીનાં સ્થાનો. ૧૩ કાંત અપ્સરાઓ = કાંતિવાળી દેવીઓ. ૧૪ અતિનિપુણ કિંકરો = વિશુદ્ધ વિધિપૂર્વક વિનય કરનારા નોકરો. ૧૫ પ્રૌઢ

નાટ્યવિધિ = તીર્થંકર વગેરેનાં ચરિત્રોવાળા નાટકોની રચના. ૧૬ ચતુર-ઉદારભોગો = ચતુર એટલે ઈંદ્રિય - મનનું જલદી આકર્ષણ કરવામાં કુશલ, ઉદાર એટલે ઉત્તમ, ભોગો એટલે કાન વગેરે ઈંદ્રિયના શબ્દ વગેરે વિષયો. ૧૭ સદા ચિત્તાહ્લાદ = સતત મનની પ્રસન્નતા, ૧૮ અનેક સુખહેતુતા = અનેકના સુખમાં નિમિત્ત બનવું, અર્થાત્ કયા સમયે કેવું આચરણ ઉચિત ગણાય એમ ચાતુર્યગુણથી જાણી શકે અને તે પ્રમાણે ઉચિત આચરણ કરે એથી, પોતાના સિવાય બીજા દેવ વગેરેના સંતોષમાં નિમિત્ત બનવું (=બીજાને સંતોષ પમાડવો). ૧૯ કુશલ અનુબંધ = સર્વકાર્યોનો પ્રારંભ પરિણામે સુંદર હોય તેવો થાય. ૨૦ મહાકલ્યાણક પૂજાકરણ = જિનના જન્મ અને દીક્ષા વગેરે પ્રસંગોમાં સ્નાત્ર, પુષ્પોનું આરોપણ, ધૂપની સુગંધ આપવી વગેરે રીતે પૂજા કરવી. ૨૧ તીર્થંકર સેવા = પોતાના પ્રભાવથી ત્રણ જગતના જીવોના મનને આકર્ષી લેનારા, અમૃતમેઘની ધારાબદ્ધ વૃષ્ટિ સમાન રસાળ દેશના આપીને ભવ્ય સંસારી લોકોના માનસિક સંતાપને હણનારા અને ઉત્કૃષ્ટ પુરુષરત્ન એવા તીર્થંકરોની વંદન - નમન - પર્યુપાસના-પૂજા આદિથી આરાધના. ૨૨ સદ્ધર્મશ્રવણમાં રતિ = શ્રુત - ચારિત્રરૂપ પારમાર્થિક ધર્મના શ્રવણમાં સ્વર્ગમાં ઉત્પન્ન થયેલા તુમ્બરુ વગેરે ગાંધર્વિક દેવોએ શરૂ કરેલા પંચમસ્વરવાળા ગીતના શ્રવણમાં જે રાગ હોય તે રાગથી પણ અધિકરાગ (= સંતોષ). ૨૩. સદા સુખ = સર્વકાળે શયન, આસન, વસ્ત્ર, અલંકાર વગેરેથી થયેલું શરીરનું બાહ્યસુખ. (૮)

તથા -

**तच्च्युतावपि विशिष्टे देशे विशिष्ट एव काले स्फीते महाकुले निष्कलङ्केऽन्वयेन उदग्रे सदाचारेण आख्यायिकापुरुषयुक्ते अनेकमनोरथापूरकमत्यन्तनिरवद्यं जन्म ॥९॥४५२॥ इति ।**

**तच्च्युतावपि** देवलोकादवतारे, किं पुनस्तत्र सुखमेवेत्यपिशब्दार्थः, **विशिष्टे देशे** मगधादौ, **विशिष्ट एव काले** सुषमदुष्षमादौ **स्फीते** परिवारादिस्फीतिमति **महाकुले** इक्ष्वाक्वादौ **निष्कलङ्के** असदाचारकलङ्कपङ्कविकले **अन्वयेन** पितृ-पितामहादिपुरुषपरम्परया अत एव **उदग्रे** उद्भटे, केनेत्याह- **सदाचारेण** देव - गुरु - स्वजनादिसमुचितप्रतिपत्तिलक्षणेन,

**आख्यायिका** कथा तत्प्रतिबद्धा ये **पुरुषास्**तथाविधान्यासाधारणाचरणगुणेन तै**र्युक्ते** संबद्धे, किमित्याह- **अनेकमनोरथापूरकं** स्वजन-परजन-परिवारादिमनोऽभिलषितपूरणकारि, **अत्यन्तनिरवद्यं** शुभलग्न-शुभग्रहावलोकनादिविशिष्टगुणसमन्वितत्वेन एकान्ततो निखिलदोषविकलं **जन्म** प्रादुर्भाव इति ॥९॥

દેવલોકમાંથી ચ્યવન થયા પછી પણ વિશિષ્ટ દેશમાં વિશિષ્ટ જ કાળમાં, તથા વિશાળ, અન્વયથી નિષ્કલંક, સદાચારથી ઉચ્ચ અને આખ્યાયિકા પુરુષથી યુક્ત હોય એવા મહાકુળમાં અનેક મનોરથપૂરક અને અત્યંત નિરવદ્ય જન્મ થાય છે. 'ચ્યવન થયા પછી પણ' એ સ્થળે આવેલા પણ શબ્દનો અર્થ આ પ્રમાણે છેઃ- દેવલોકમાંથી ચ્યવન થયા પછી પણ સુકુલમાં જન્મ વગેરે સુંદર થાય છે તો પછી દેવલોકમાં બધું સુંદર હોય એમાં શું કહેવું? વિશિષ્ટ દેશ = મગધ વગેરે દેશ. વિશિષ્ટ કાળ= ત્રીજો આરો વગરે કાલ. વિશાળ = પરિવાર વગેરેથી વિસ્તારવાળું. અન્વયથી નિષ્કલંક = પિતા અને દાદા વગેરે પુરુષપરંપરાથી અસદાચારના કારણે થનારા કલંકરૂપી કાદવથી રહિત. સદાચારથી ઉચ્ચ = દેવ - ગુરુ - સ્વજન વગેરેના ઉચિત સત્કારરૂપ સદાચારથી ઊંચું. આખ્યાયિકાપુરુષથી યુક્ત = તેવા પ્રકારના બીજાઓમાં ન હોય તેવા આચરણરૂપ ગુણના કારણે આખ્યાયિકામાં = કથામાં બંધાયેલા પુરુષોથી યુક્ત, અર્થાત્ કુળના પૂર્વપુરુષોએ તેવું વિશિષ્ટ કાર્ય કર્યું હોય અને એથી કુળમાં કે ગામ વગેરેમાં અમુકે અમુક સારું કામ કર્યું હતું એમ કથા થતી હોય તેવા પુરુષોથી યુક્ત. મહાકુળ = ઈક્ષ્વાકુ વગેરે કુળ. અનેક મનોરથપૂરક = સ્વજન - પરજન - પરિવાર વગેરેના મનોવાંછિતને પૂર્ણ કરનાર. અત્યંત નિરવદ્ય = શુભલગ્ન ઉપર શુભગ્રહોની દૃષ્ટિ પડતી હોય ત્યારે જન્મ થાય, ઈત્યાદિ વિશિષ્ટ ગુણોથી યુક્ત હોવાના કારણે એકાંતે સર્વદોષોથી રહિત. (૯)

तत्र च यद् भवति तदाह–

**सुन्दरं रूपम्, आलयो लक्षणानाम्, रहितमामयेन, युक्तं प्रज्ञया, संगतं कलाकलापेन ॥१०॥४५३॥ इति ।**

**सुन्दरं** शुभसंस्थानवत्तया **रूपम्** आकारः, **आलयो लक्षणानां** चक्र-वज्र-स्वस्तिक-मीन-कलश-कमलादीनाम्, **रहितं** परित्यक्तं **आमयेन** ज्वरा-ऽतीसार-भगन्दरादिना रोगेन, **युक्तं** संगतं **प्रज्ञया** बहु - बहुविधादिविशेषणग्राहिकया वस्तुबोधशक्त्या, **संगतं** संबद्धं

**कलानां** लिपिशिक्षादीनां शकुनरुतपर्यवसानानां **कलापेन** समुदायेन ॥१०॥

**ત્યાં જે થાય છે તે કહે છે :-**

**ત્યાં સુંદરરૂપ મળે. તે જીવ લક્ષણોનું ઘર, રોગથી રહિત, બુદ્ધિથી યુક્ત અને કલાસમૂહથી યુક્ત હોય.** સુંદર રૂપ મળે = શુભસંસ્થાન મળવાના કારણે સુંદરરૂપ = આકાર મળે. લક્ષણોનું ઘર = ચક્ર, વજ્ર, સ્વસ્તિક, મીન, કળશ, કમલ વગેરે લક્ષણો તેના શરીરમાં હોય. રોગથી રહિત = તેનું શરીર જ્વર, અતિસાર, ભગંદર વગેરે રોગથી રહિત હોય. બુદ્ધિથી યુકત = બહુ - બહુવિધ વગેરે વિશેષોને ગ્રહણ કરનારી વસ્તુને જાણવાની શક્તિથી યુક્ત હોય. કલાસમૂહથી યુક્ત = લિપિ શિક્ષાથી આરંભી શકુનરુત (= પક્ષીઓની ભાષા) સુધીની કલાઓના સમુદાયથી યુક્ત હોય. (૧૦)

तथा –

**गुणपक्षपातः १, असदाचारभीरुता २, कल्याणमित्रयोगः ३, सत्कथाश्रवणम् ४, मार्गानुगो बोधः ५, सर्वोचितप्राप्तिः- हिताय सत्त्वसंघातस्य, परितोषकरी गुरूणाम्, संवर्द्धनी गुणान्तरस्य, निदर्शनं जनानाम् ६, अत्युदारः आशयः ७, असाधारणा विषयाः, रहिताः संक्लेशेन, अपरोपतापिनः, अमङ्गुलावसानाः ८ ॥११॥४५४॥ इति।**

**गुणाः** शिष्टचरितविशेषा असज्जनानभ्यर्थनादयः, तथा च पठन्ति-

असन्तो नाभ्यर्थ्याः सुहृदपि न याच्यस्तनुधनः
प्रिया वृत्तिर्न्याय्या मलिनमसुभङ्गेऽप्यसुकरम् ।
विपद्युच्चैः स्थेयं पदमनुविधेयं च महतां सतां
केनोद्दिष्टं विषममसिधाराव्रतमिदम् ॥२२०॥ (नीतिश. १८)

तेषां **पक्षः** अभ्युपगमः, तत्र **पातः** अवतार इति, अत एव **असदाचारभीरुता** चौर्य-पारदार्याद्यनाचाराद् व्याधि-विष-प्रदीपनकादिभ्य इव दूरं भीरुभावः, **कल्याणमित्रैः** सुकृतबुद्धिनिबन्धनैर्जनै**र्योगः** संबन्धः, **सतां** सदाचाराणां गृहिणां यतीनां च **कथाश्रवणं** चरिताकर्णनम्, **मार्गानुगो** मुक्तिपथानुवर्ती **बोधो** वस्तुपरिच्छेदः, **सर्वेषां** धर्मार्थकामानामाराधनं प्रत्यु**चितानां** वस्तूनां **प्राप्तिः** लाभः **सर्वोचितप्राप्तिः**, कीदृश्यसाविति विशेषणचतुष्टयेनाह-

**हिताय** कल्याणाय **सत्त्वसंघातस्य** जन्तुजातस्य, **परितोषकरी** प्रमोददायिनी **गुरूणां** माता-पित्रादिलोकस्य, **संवर्द्धनी** वृद्धिकारिणी **गुणान्तरस्य** स्वपरेषां गुणविशेषस्य, **निदर्शनं** दृष्टान्तभूमिस्तेषु तेष्वाचरणविशेषेषु **जनानां** शिष्टलोकानाम्, तथाऽ**त्युदारः** अतितीव्रौदार्यवान् **आशयो** मनःपरिणामः, **असाधारणाः** अन्यैरसामान्याः **शालिभद्रा**दीनामिव **विषयाः** शब्दादयः, **रहिताः** परिहीणाः **संक्लेशेन** अत्यन्ताभिष्वङ्गेन, **अपरोपतापिनः** परोपरोधविकलाः, **अमङ्गुलावसानाः** पथ्यान्नभोग इव सुन्दरपरिणामाः ॥११॥

ત્યાં તેને ૧ ગુણપક્ષપાત ૨ અસદાચારભીરુતા ૩ કલ્યાણમિત્રયોગ ૪ સત્કથાશ્રવણ અને ૫ માર્ગાનુસારી બોધ હોય, ૬ સર્વઉચિતની પ્રાપ્તિ થાય, તેને થયેલી આ સર્વ ઉચિતની પ્રાપ્તિ જીવસમુદાયના હિત માટે થાય, ગુરુઓને પરિતોષ કરનારી હોય, ગુણાન્તરને વધારનારી હોય, લોકોને દૃષ્ટાંતભૂમિ હોય, ૭ આશય અત્યંત ઉદાર હોય, ૮ અસાધારણ વિષયોની પ્રાપ્તિ થાય, એ વિષયો સંક્લેશથી રહિત, અપરોપતાપી અને શુભ અવસાનવાળા હોય.

૧ ગુણપક્ષપાતઃ- અહીં ગુણો એટલે શિષ્ટપુરુષોના અસજ્જનને પ્રાર્થના ન કરવી વગેરે આચારવિશેષો. શિષ્ટપુરુષોના આચારો કેવા હોય એ વિષે કહ્યું છે કે **"અસજ્જનોની પાસે પ્રાર્થના (= માગણી) ન કરવી, અલ્પધનવાળા મિત્રની પાસે પણ પ્રાર્થના ન કરવી, પ્રિય અને ન્યાયયુક્ત વર્તન કરવું, પ્રાણભંગ થાય તો પણ નિંદ્યકાર્ય સહેલાઈથી ન કરવું, વિપત્તિમાં ઉન્નત રહેવું = દીનતા ન કરવી, મહાપુરુષોના પગલાને (= સદ્ આચરણને) અનુસરવું, સત્પુરુષોનું તલવારની ધાર પર ચાલવા જેવું આ વિષમવ્રત કોણે કહ્યું છે ?"** આવા ગુણોનો સ્વીકાર કરવો તે ગુણપક્ષપાત.

૨ અસદાચારભીરુતાઃ- ગુણપક્ષપાત હોય એથી જ અસદાચારભીરુતા હોય, અસદાચારભીરુતા = જેવી રીતે વ્યાધિ - વિષ - આગ વગેરે દૂર હોય તો પણ તેનાથી ભય થાય તેમ ચોરી - પરદારાગમન વગેરે અસદ્આચારોનો દૂરથી ભય. ૩ કલ્યાણમિત્રયોગ = સુકૃત કરવાની બુદ્ધિ થવામાં નિમિત્ત બને તેવા લોકોની સાથે સંબંધ, અર્થાત્ સુકૃત કરવાની બુદ્ધિ કરાવે તેવા લોકોની સાથે સંબંધ. ૪ સત્કથાશ્રવણ = સદાચારી ગૃહસ્થોના અને સાધુઓના ચરિત્રોનું શ્રવણ. ૫ માર્ગાનુસારી બોધ = મોક્ષમાર્ગને અનુસરતો બોધ. ૬ સર્વ ઉચિત પ્રાપ્તિ = સર્વની એટલેકે ધર્મ - અર્થ - કામની આરાધના માટે ઉચિત હોય તેવી વસ્તુઓનો લાભ.

આ સર્વ ઉચિત પ્રાપ્તિ કેવી હોય તે જણાવે છેઃ- આ સર્વ ઉચિતની પ્રાપ્તિ

(૧) જીવસમૂહના કલ્યાણ માટે થાય, (૨) ગુરુઓને = માતા - પિતા વગેરે લોકને પરિતોષ કરનારી = હર્ષ આપનારી બને, (૩) સ્વ - પરના ગુણાંતરને = ગુણવિશેષને વધારનારી હોય, (૪) લોકોને = શિષ્ટલોકોને તે તે આચરણ વિશેષમાં દૃષ્ટાંતભૂમિ = દૃષ્ટાંતનું સ્થાન હોય, અર્થાત્ તે તે આચરણ વિશેષમાં શિષ્ટલોકો તેને મળેલી વસ્તુનું દૃષ્ટાંત લે. (જેમકે શાલિભદ્રની ઋદ્ધિ, ત્યાગ તો શાલિભદ્રનો! એમ શાલિભદ્રની ઋદ્ધિ શિષ્ટલોકના દૃષ્ટાંતનું સ્થાન છે.)

૭ આશય અત્યંત ઉદાર હોય, એટલે કે મનનો પરિણામ અતિતીવ્ર ઉદારતાવાળો હોય. ૮ અસાધારણ શબ્દ વગેરે વિષયોની પ્રાપ્તિ થાય. અહીં અસાધારણ એટલે બીજાઓની અપેક્ષાએ અસામાન્ય, અર્થાત્ બીજાઓથી ઉત્કૃષ્ટ. જેમકે શાલિભદ્ર વગેરેને મળેલા વિષયો. આ અસાધારણ વિષયો કેવા હોય તે જણાવે છે:- આ અસાધારણ વિષયો (૧) સંક્લેશથી = અતિશય ★ અભિષ્વંગથી રહિત હોય, (૨) અપરોપતાપી હોય = બીજાઓને સંતાપ પમાડનારા ન હોય, (૩) શુભઅવસાન વાળા હોય = પથ્ય અન્નના ભોજનની જેમ સુંદર પરિણામવાળા હોય. (૧૧)

तथा-

## काले धर्मप्रतिपत्तिः ॥१२॥४५५॥ इति ।

**काले** विषयवैमुख्यलाभावसरलक्षणे **धर्मप्रतिपत्तिः** सर्वसावद्यव्यापारपरिहाररूपा ॥१२॥

કાળે = વિષયથી વિમુખ બનવાના અવસરે સર્વસાવદ્યપ્રવૃત્તિના ત્યાગ રૂપ ધર્મનો સ્વીકાર થાય છે. (૧૨)

तत्र च -

## गुरुसहायसंपत् ॥१३॥४५६॥ इति ।

**गुर्वी** सर्वदोषविकलत्वेन महती **सहायानां** गुरुगच्छादीनां **संपत्** संपत्तिः ॥१३॥

**ધર્મના સ્વીકારમાં ધર્મમાં સહાય કરે તેવા • મોટા ગચ્છ વગેરેનો ઉત્તમ લાભ થાય છે.** આ લાભ સર્વ દોષોથી રહિત હોવાથી ઉત્તમ છે. (૧૩)

★ અભિષ્વંગ એટલે રાગ ( = આસક્તિ).

• અહીં गुरुगच्छादीनां પ્રયોગનો "ગુરુ અને ગચ્છ વગેરેનો" એવો અર્થ પણ થઈ શકે. બંને અર્થનો ભાવ તો એક જ છે.

ततश्च-

**साधु संयमानुष्ठानम् ॥१४॥४५७॥ इति ।**

**साधु** सर्वातिचारपरिहारतः शुद्धं **संयमस्य** प्राणातिपातादिपापस्थानविरमणरूपस्य **अनुष्ठानं** करणम् ॥१४॥

**તેથી સંયમનું આચરણ શુદ્ધ થાય છે,** અર્થાત્ સહાય કરનારાઓનો લાભ થવાથી પ્રાણાતિપાત વગેરે પાપસ્થાનોથી વિરમણ રૂપ સંયમનું આચરણ સર્વ અતિચારોનો ત્યાગ થવાના કારણે શુદ્ધ થાય છે. (૧૪)

ततोऽपि

**परिशुद्धाराधना ॥१५॥४५८॥ इति ।**

**परिशुद्धा** निर्मलीमसा **आराधना** जीवितान्तसंलेखनालक्षणा ॥१५॥

ત્યાર પછી પણ (= સંયમના શુદ્ધ આચરણ પછી પણ) જીવનના અંતે કરવા લાયક સંલેખના રૂપ આરાધના પરિશુદ્ધ થાય છે. (૧૫)

तत्र च

**विधिवच्छरीरत्यागः ॥१६॥४५९॥ इति ।**

शास्त्रीयविधिप्रधानं यथा भवति एवं कडेवरपरिमोक्षः ॥१६॥

તેમાં (= સંલેખના રૂપ આરાધનામાં) શાસ્ત્રોક્ત વિધિની પ્રધાનતા રહે એ રીતે શરીરનો ત્યાગ થાય. (૧૬)

ततो

**विशिष्टतरदेवस्थानम् ॥१७॥४६०॥ इति।**

**विशिष्टतरं** प्राग्लब्धदेवस्थानापेक्षया सुन्दरतरं **स्थानं** विमानावासलक्षणमस्य स्यात् ॥१७॥

**ત્યાર બાદ વિશિષ્ટતર દેવસ્થાનની પ્રાપ્તિ થાય.** વિશિષ્ટતર = પૂર્વે પ્રાપ્ત થયેલ દેવસ્થાનથી અધિક સુંદર. દેવસ્થાન = વિમાન રૂપ આવાસ. (૧૭)

ततः

**सर्वमेव शुभतरं तत्र ॥१८॥४६१॥ इति।**

**सर्वमेव** रूपसंपदादि **शुभतरं** प्राच्यापेक्षयाऽतीव शुभं **तत्र** स्थाने ॥१८॥

**તેથી ત્યાં બધું જ શુભતર હોય,** અર્થાત્ વિશિષ્ટતર દેવસ્થાનની પ્રાપ્તિ થવાથી તે સ્થાનમાં રૂપસંપત્તિ વગેરે બધુંજ શુભતર = પૂર્વની અપેક્ષાએ અધિક શુભ હોય. (૧૮)

परं

**गतिशरीरादिहीनम् ॥१९॥४६२॥ इति ।**

**गतिः** देशान्तरसंचाररूपा, **शरीरं** देहः, **आदिशब्दात्** परिवार-प्रवीचारादिपरिग्रहस्तै**र्हीनं** तुच्छं स्यात्, उत्तरोत्तरदेवस्थानेषु पूर्वपूर्वदेवस्थानेभ्यो गत्यादीनां हीनतया शास्त्रेषु प्रतिपादनात् ॥१९॥

**પણ ગતિ અને શરીર આદિ હીન હોય.** ગતિ એટલે એકસ્થાનથી બીજા સ્થાને જવું તે. આદિ શબ્દથી પરિવાર, • પ્રવિચાર વગેરે સમજવું. તે સ્થાનમાં ગતિ અને શરીર વગેરે હીન હોય. કારણ કે ઉત્તરોત્તર દેવસ્થાનોમાં પૂર્વપૂર્વ દેવ સ્થાનોથી ગતિ વગેરે હીન હોય એમ શાસ્ત્રોમાં જણાવ્યું છે. (૧૯)

तथा-

**रहितमौत्सक्यदुःखेन ॥२०॥४६३॥ इति।**

त्यक्तं चित्तवाक्कायत्वरारूपव्याबाधया ॥२०॥

તે સ્થાન ઉત્સુકતારૂપ દુઃખથી = મન - વચન - કાયાની ઉતાવળરૂપ પીડાથી રહિત હોય. (૨૦)

पुनरपि कीदृगित्याह-

**अतिविशिष्टाह्लादादिमत् ॥२१॥४६४॥ इति ।**

**अतिविशिष्टा** अत्युत्कर्षभाजो ये **आह्लादादय आह्लाद**-कुशलानुबन्ध-महाकल्याणपूजाकरणादयः सुकृतविशेषाः तद्युक्तम् ॥२१॥

**ફરી પણ તે સ્થાન કેવું હોય તે કહે છે :-**

**અતિવિશિષ્ટ આહ્લાદ આદિથી યુક્ત હોય.** અતિવિશિષ્ટ = અતિશય

• પ્રવિચાર એટલે મૈથુનસેવન.

ઉત્કૃષ્ટ. આદિશબ્દથી કુશલાનુબંધ અને મહાકલ્યાણ પૂજાકરણ વગેરે વિશિષ્ટ સુકૃતો સમજવા. (૨૧)

ततः

**तच्च्युतावपि विशिष्टदेश इत्यादि समानं पूर्वेण ॥२२॥४६५॥ इति।**

सुगममेव। नवरं **पूर्वेण** इति पूर्वग्रन्थेन, स च **विशिष्टे देशे विशिष्ट एव काले स्फीते महाकुले** (सू० ४५२) इत्यादिरूप इति ॥२२॥

**ત્યાર બાદ શું થાય તે કહે છે :-**

ત્યાંથી ચ્યવન થયા પછી પૂર્વની જેમ = આ અધ્યાયના નવમા વગેરે સૂત્રમાં જણાવ્યા પ્રમાણે થાય. (૨૨)

विशेषमाह-

**विशिष्टतरं तु सर्वम् ॥२३॥४६६॥ इति ।**

प्रागुक्तादतिविशिष्टं पुनः सर्वम् **अत्यन्तनिरवद्यं जन्म** (सू० ४५२) **सुन्दररूपादि** (सू०४५३) ॥२३॥

**જે વિશેષતા છે તે કહે છે :-**

પણ અત્યંત નિરવદ્ય જન્મ અને સુંદર રૂપ વગેરે બધું પૂર્વે કહ્યું તેનાથી અધિક વિશિષ્ટ હોય. (૨૩)

कुत एतदित्याह-

**क्लिष्टकर्मविगमात् ॥२४॥४६७॥ इति ।**

दौर्गत्य-दौर्भाग्य-दुष्कुलत्वादिपर्यायवेद्यकर्मविरहात् ॥२४॥

**અધિક વિશિષ્ટ શાથી હોય તે કહે છે :-**

દરિદ્રતા, દૌર્ભાગ્ય અને નીચકુલમાં જન્મ વગેરે પર્યાયોથી ભોગવવા યોગ્ય ક્લિષ્ટ કર્મોનો ક્ષય થવાથી અત્યંત નિરવદ્ય જન્મ વગેરે બધું પૂર્વથી અધિક વિશિષ્ટ હોય. (૨૪)

अयमपि

**शुभतरोदयात् ॥२५॥४६८॥ इति।**

**शुभतराणाम्** अतिप्रशस्तानां कर्मणां परिपाकात् ॥२५॥

**ક્લિષ્ટ કર્મોનો નાશ પણ શાથી થાય છે તે કહે છે :-**

શુભતર = અતિપ્રશસ્ત કર્મોનો ઉદય થવાથી ક્લિષ્ટકર્મોનો નાશ થાય છે. (૨૫)

असावपि

**जीववीर्योल्लासात् ॥२६॥४६९॥ इति।**

**जीववीर्यस्य** परिशुद्धसामर्थ्यलक्षणस्य **उल्लासाद्** उद्रेकात् ॥२६॥

**અતિપ્રશસ્ત કર્મોનો ઉદય પણ શાથી થાય છે તે કહે છે :-**

પરિશુદ્ધ સામર્થ્યરૂપ જીવવીર્યનો ઉલ્લાસ = વૃદ્ધિ થવાથી અતિપ્રશસ્ત કર્મોનો ઉદય થાય છે. (૨૬)

एषोऽपि

**परिणतिवृद्धेः ॥२७॥४७०॥ इति ।**

**परिणतेः** तस्य तस्य शुभाध्यवसायस्य **वृद्धेः** उत्कर्षात् ॥२७॥

**જીવવીર્યનો ઉલ્લાસ પણ શાથી થાય છે તે કહે છે :-**

પરિણામની = તે તે શુભાધ્યવસાયની વૃદ્ધિ થવાથી જીવવીર્યનો ઉલ્લાસ થાય છે. (૨૭)

इयमपि

**तत्तथास्वभावत्वात् ॥२८॥४७१॥ इति ।**

**तस्य** जीवस्य **तथास्वभावत्वात्** परिणतिवृद्धिस्वरूपत्वात्, परिपक्वे हि भव्यत्वे प्रतिक्षणं वर्द्धन्त एव जीवानां शुभतराः परिणतय इति ॥२८॥

**પરિણામની વૃદ્ધિ પણ શાથી થાય છે તે કહે છે :-**

**જીવનો તેવો સ્વભાવ હોવાથી પરિણામની વૃદ્ધિ થાય છે.** જીવનો તેવો સ્વભાવ છે કે ભવ્યત્વનો પરિપાક થાય ત્યારે પ્રતિક્ષણ જીવોના અતિપ્રશસ્ત

પરિણામો વધે જ છે. (૨૮)

किञ्च,

**प्रभूतोदाराण्यपि तस्य भोगसाधनानि, अयत्नोपनतत्वात् प्रासङ्गिकत्वादभिष्वङ्गाभावात् कुत्सिताप्रवृत्तेः शुभानुबन्धित्वादुदारसुखसाधनान्येव बन्धहेतुत्वाभावेन ॥२९॥४७२॥ इति।**

**प्रभूतानि** प्रचुराणि **उदाराणि** उदग्राणि, किं पुनरन्यथारूपाणीति **अपि**शब्दार्थः, **तस्य** पूर्वोक्तजीवस्य **भोगसाधनानि** पुर-परिवार-ऽन्तःपुरादीनि, **उदारसुखसाधनान्येवे**त्युत्तरेण योगः, कुत इत्याह- **अयत्नोपनतत्वात्, अयत्नेन** अत्युद्गाढपुण्यप्रकर्षोदयपरिपाकाक्षिप्तत्वात् तथाविधपुरुषकाराभावेन **उपनतत्वाद्** ढौकितत्वात्, तदपि कुत इत्याह– **प्रासङ्गिकत्वात्** कृषिकरणे पलालस्येव प्रसङ्गोत्पन्नत्वात्, एतदपि **अभिष्वङ्गाभावात्, भरता**दीनामिव निबिडगृद्ध्यभावात्, अयमपि **कुत्सिताप्रवृत्तेः** कुत्सितेषु नीतिमार्गोत्तीर्णेषु भोगसाधनेष्वप्रवृत्तेः, इयमपि **शुभानुबन्धित्वात्** मोक्षप्राप्तिनिमित्तार्यदेश-दृढसंहननादिकुशलकार्यानुबन्ध-विधायकत्वात्, किमित्याह- **उदारसुखसाधनान्येव, उदारस्य** अन्यातिशायिनः सुखस्यैव शरीर-चित्ताह्लादरूपस्य **साधनानि** जनकानि, न त्विहलोक-परलोकयोरपि दुःखस्य, अत्रैव तात्त्विकं हेतुमाह- **बन्धहेतुत्वाभावेन, बन्धस्य** कुगतिपापहेतोरशुभकर्मप्रकृतिलक्षणस्य **हेतुत्वं** हेतुभावः प्रक्रान्तभोगसाधनानामेव तस्याभावेन, इदमुक्तं भवति- प्रभूतोदाराण्यपि भोगसाधनानि बन्धहेतुत्वाभावादुदारसुखसाधनान्येव तस्य भवन्ति, बन्धहेतुत्वा–भावश्चायत्नोपनतत्वादिकादुत्तरोत्तरहेतुबीजभूताद्धेतुपञ्चकादिति ॥२९॥

**વળી વિશેષ કહે છે :-**

તેનાં ઘણાં અને ઊંચાં પણ ભોગસાધનો ઉદાર સુખનાં જ સાધનો છે. કારણ કે બંધહેતુનો અભાવ છે, અર્થાત્ તે ભોગસાધનો બંધના હેતુ બનતા નથી. તે ભોગનાં સાધનો બંધના હેતુ બનતા નથી તેનાં પાંચ કારણો આ પ્રમાણે છે :- અયત્ન ઉપનત, પ્રાસંગિક, અભિષ્વંગનો અભાવ, કુત્સિતમાં અપ્રવૃત્તિ અને શુભાનુબંધી. તેનાં ઘણાં અને ઊંચાં પણ નગર - પરિવાર અને અંતઃપુર વગેરે ભોગસાધનો ઉદાર સુખનાં જ સાધનો છે એ વાક્યમાં ઉદાર એટલે બીજા કરતાં ચઢિયાતાં. સુખ એટલે શારીરિક - માનસિક આહ્લાદ. સાધન એટલે ઉત્પન્ન કરનાર. આનો અર્થ એ થયો કે તેનાં ઘણાં અને ઊંચાં પણ ભોગસાધનો અન્ય કરતાં ચઢિયાતા શારીરિક -

માનસિક આહ્લાદને જ ઉત્પન્ન કરે છે, પણ આ લોક અને પરલોકનાં દુઃખને ઉત્પન્ન કરતા નથી. તેનાં ભોગસાધનો સુખના જ કારણ બને છે, દુઃખના કારણ બનતા નથી એનું કારણ એ છે કે તે સાધનો દુર્ગતિમાં લઈ જાય તેવા અશુભ કર્મપ્રકૃતિના બંધનું કારણ બનતા નથી, અર્થાત્ ભોગસાધનોનો ઉપયોગ કરવા છતાં દુર્ગતિમાં લઈ જાય તેવો અશુભ કર્મબંધ થતો નથી.

અહીં જણાવેલાં અશુભ કર્મબંધ ન થવાનાં અયત્ન ઉપનત, પ્રાસંગિક, અભિષ્વંગનો અભાવ, કુત્સિતમાં અપ્રવૃત્તિ અને શુભાનુબંધી એ પાંચ કારણોનો અર્થ આ પ્રમાણે છેઃ-

(૧) **અયત્ન ઉપનત** :- યત્ન એટલે પુરુષાર્થ. ઉપનત • = મળેલું. અયત્ન ઉપનત એટલે પુરુષાર્થ વિના મળેલું. ભોગસાધનો અતિશય ઉત્કૃષ્ટ પુણ્યના ઉદયથી ખેંચાઈને આવેલાં હોવાથી તેવા પ્રકારના પુરુષાર્થ વિના (= બહુ મહેનત વિના) જ મળેલાં છે. પુરુષાર્થ વિના મળેલાં હોવાથી અશુભ કર્મબંધનું કારણ બનતા નથી.

(૨) **પ્રાસંગિક** :- = પ્રાસંગિક એટલે પ્રસંગથી ઉત્પન્ન થયેલ. એક મુખ્ય કામ કરતાં બીજું ગૌણ કામ પણ થઈ જાય ત્યારે બીજું ગૌણકામ પ્રસંગથી થયેલું ગણાય. જેમકે ખેડૂત અનાજ મેળવવા માટે ખેતી કરે છે, ઘાસ મેળવવા માટે ખેતી કરતો નથી. આમ છતાં તેને અનાજની સાથે ઘાસ પણ મળી જાય છે. અહીં ખેડૂતને ઘાસ પ્રસંગથી મળ્યું ગણાય. તેવી રીતે શુદ્ધભાવથી ધર્મ કરનાર જીવ આત્મશુદ્ધિ માટે ધર્મ કરે છે, ભોગસાધનો મેળવવા ધર્મ કરતો નથી. આમ છતાં તેને આત્મશુદ્ધિ થવા સાથે ભોગસાધનો પણ મળે છે. આથી તેનાં ભોગસાધનો ખેતી કરવામાં ઘાસની જેમ પ્રસંગથી ઉત્પન્ન થયેલાં છે.

(૩) **અભિષ્વંગનો અભાવ** :- અભિષ્વંગ એટલે અતિશય આસક્તિ. તેને ભોગસાધનોનો ઉપયોગ કરવામાં ભરત ચક્રવર્તી વગેરેની જેમ અતિશય આસક્તિ થતી નથી, અર્થાત્ તે ભોગસાધનોનો અનાસક્તભાવથી ઉપયોગ કરે છે.

(૪) **કુત્સિતમાં અપ્રવૃત્તિ** :- કુત્સિત એટલે ન્યાયના માર્ગથી ઉતરી ગયેલ, અન્યાયથી મેળવેલ. અપ્રવૃત્તિ એટલે પ્રવૃત્તિ ન કરવી. તે જીવ અન્યાયથી મેળવેલા

• ઉપનત શબ્દનો ટીકામાં ઢૌકિત અર્થ કર્યો છે. ઢૌકિત શબ્દનો અર્થ પાસે મૂકેલું એવો થાય છે. પણ અહીં સમજવામાં સરળતા રહે એ માટે 'મળેલું' અર્થ કર્યો છે.

ભોગસાધનોમાં પ્રવૃત્તિ કરતો નથી, અર્થાત્ તે જીવનાં ભોગસાધનો અન્યાયથી મેળવેલાં ન હોય, કિંતુ ન્યાયથી મેળવેલાં હોય. (જેમ કે - ધન અનીતિથી મેળવેલું ન હોય. મકાન વગેરે કોઈની પાસેથી પડાવી લીધેલું ન હોય. કોઈ સ્ત્રીને બલાત્કારથી પરણે નહિ, બલાત્કારથી ભોગવે નહિ.)

(૫) **શુભાનુબંધી :-** શુભાનુબંધી એટલે શુભનો અનુબંધ કરનાર. તેનાં ભોગસાધનો મોક્ષપ્રાપ્તિનું કારણ બને તેવા આર્યદેશ, દૃઢ સંહનન વગેરે શુભકાર્યોનો અનુબંધ કરનારા હોય. અનુબંધ એટલે પરંપરા. એક જ જન્મમાં આર્યદેશ વગેરેની પ્રાપ્તિ થાય એમ નહિ, કિંતુ મોક્ષમાં ન જાય ત્યાં સુધી દરેક જન્મમાં આર્યદેશ વગેરેની પ્રાપ્તિ થાય. આમ તેનાં ભોગસાધનો શુભકાર્યોની પરંપરા કરનારા હોય.

આ પાંચ કારણો ઉત્તરોત્તર (हेतुबीज ०) હેતુના હેતુ છે. તે આ પ્રમાણે :- બંધહેતુના અભાવનો હેતુ અયત્ન ઉપનીત છે. અયત્ન ઉપનતનો હેતુ પ્રાસંગિક છે. પ્રાસંગિકનો હેતુ અભિષ્વંગનો અભાવ છે. અભિષ્વંગના અભાવનો હેતુ કુત્સિતમાં અપ્રવૃત્તિ છે. કુત્સિતમાં અપ્રવૃત્તિનો હેતુ શુભાનુબંધી છે.

(આ વિષયને વિપરીતરીતે આ રીતે વિચારી શકાય- ભોગસાધનો શુભાનુબંધી હોવાથી કુત્સિતભોગસાધનોમાં પ્રવૃત્તિ થતી નથી. કુત્સિતભોગસાધનોમાં પ્રવૃત્તિ થતી ન હોવાથી ભોગસાધનોમાં અભિષ્વંગનો અભાવ છે. ભોગસાધનોમાં અભિષ્વંગનો અભાવ હોવાથી ભોગસાધનો પ્રાસંગિક છે. ભોગસાધનો પ્રાસંગિક હોવાથી અયત્ન ઉપનત છે. ભોગસાધનો અયત્ન ઉપનત હોવાથી અશુભકર્મબંધના હેતુ બનતા નથી.)

અહીં બતાવેલા છ હેતુઓમાં બંધહેતુનો અભાવ એ તાત્ત્વિક = મુખ્યહેતુ છે.બાકી પાંચ અવાંતર હેતુ છે. ''ઘણાં અને ઊંચાં પણ'' એ સ્થળે આવેલા પણ શબ્દનો અર્થ આ પ્રમાણે છે :- જો ઘણાં અને ઊંચાં પણ ભોગસાધનો ઉદાર સુખના જ સાધનો છે તો પછી બીજા પ્રકારના એટલે કે ઓછાં અને હલકાં ભોગસાધનો ઉદાર સુખનાં જ સાધનો બને એમાં શુ કહેવું ? (૨૯)

बन्धहेतुत्वाभावमेव विशेषतो भावयन्नाह -

**अशुभपरिणाम एव हि प्रधानं बन्धकारणम्,**

**तदङ्गतया तु बाह्यम् ॥३०॥४७३॥ इति।**

**अशुभपरिणाम एव हिः** यस्मात् **प्रधानं** मुख्यं **बन्धकारणं** नरकादिफलपापकर्मबन्धनिमित्तं न तु अन्यत् किञ्चित्, **तदङ्गतया तु** अशुभपरिणामकारणतया पुन**र्बाह्यम्** अन्तःपुर-पुरादि बन्धकारणमिति ॥३०॥

**બંધહેતુના અભાવને જ વિશેષથી વિચારતા ગ્રંથકાર કહે છેઃ-**

**કારણકે અશુભ પરિણામ જ બંધનુ મુખ્ય કારણ છે. બાહ્ય વસ્તુ અશુભ પરિણામનું કારણ હોવાથી બંધનું કારણ છે.** (ભોગસાધનો અશુભકર્મબંધના હેતુ કેમ બનતા નથી તેનો ખુલાસો આ સૂત્રમાં કરવામાં આવ્યો છે.) ભોગસાધનો અશુભકર્મબંધના હેતુ બનતા નથી તેનું કારણ એ છે કે નરકાદિ ફલ મળે તેવા પાપ કર્મના બંધનું મુખ્ય કારણ અશુભ પરિણામ જ છે, નહિ કે બીજાું કોઈ.

**પ્રશ્ન :** અંતઃપુર અને નગર વગેરે (પરિગ્રહ) અશુભકર્મ બંધનું કારણ છે એમ શાસ્ત્રમાં કહ્યું છે ને ? **ઉત્તર :** અંતઃપુર અને નગર વગેરે (પરિગ્રહ) ને શાસ્ત્રમાં અશુભ કર્મબંધનું કારણ કહ્યું છે તે બરોબર છે, પણ કેવી રીતે કારણ છે તે સમજવાની જરૂર છે. અતઃપુર અને નગર વગેરે (પરિગ્રહ) અશુભ પરિણામનું કારણ હોવાથી અશુભ કર્મબંધનું કારણ છે. એટલે કે અશુભ પરિણામ અશુભ કર્મબંધનું કારણ છે, અને અંતઃપુર વગેરે અશુભ પરિણામનું કારણ છે. આમ અંતઃપુર વગેરે બાહ્ય વસ્તુ પરંપરાએ અશુભકર્મ બંધનું કારણ છે, સાક્ષાત્ નહિ. સાક્ષાત્ તો અશુભ પરિણામ જ અશુભ કર્મબંધનું કારણ છે. (૩૦)

कुत इत्याह-

**तदभावे बाह्यादल्पबन्धभावात् ॥३१॥४७४॥ इति ।**

**तदभावे** अशुभपरिणामाभावे **बाह्यात्** जीवहिंसादेः **अल्पबन्धभावात्** तुच्छबन्धोत्पत्तेः ॥३१॥

**અંતઃપુર વગેરે બાહ્ય વસ્તુ સાક્ષાત્ અશુભ કર્મબંધનું કારણ કેમ નથી તે કહે છે :-**

કારણ કે અશુભ પરિણામ ન થાય તો બાહ્ય જીવહિંસા વગેરેથી અલ્પ બંધ થાય. (૩૧)

एतदपि कथमित्याह-

**वचनप्रामाण्यात् ॥३२॥४७५॥ इति ।**

**वचनस्य** आगमस्य **प्रामाण्यात्** प्रमाणभावात् ॥३२॥

**અશુભ પરિણામ ન થાય તો બાહ્યકારણથી અલ્પબંધ થાય એ પણ કેવી રીતે સિદ્ધ થાય તે કહે છે :-**

આગમનું પ્રમાણ હોવાથી અશુભ પરિણામ ન થાય તો બાહ્ય કારણથી અલ્પ બંધ થાય એ સિદ્ધ થાય છે. (૩૨)

एतदेव भावयन्नाह -

**बाह्योपमर्देऽप्यसंज्ञिषु तथाश्रुतेः ॥३३॥४७६॥ इति ।**

**बाह्यः** शरीरमात्रजन्यः स चासावु**पमर्दश्च** बहुतमजीवोपघातरूपः तत्रापि, किं पुनस्तदभावे इति अपिशब्दार्थः, **असंज्ञिषु** संमूर्च्छनजमहामत्स्यादिषु **तथा** अल्पतया बन्धस्य **श्रुतेः** अस्सन्नी खलु पढमं (बृहत्सं० २८४) इत्यादेर्वचनस्य सिद्धान्ते समाकर्णनात्, तथाहि- असंज्ञिनो महामत्स्यादयो योजनसहस्रादिप्रमाणशरीराः स्वयंभूरमणमहासमुद्रमनवरतमालोडमानाः पूर्वकोट्यादिजीविनोऽनेकसत्त्वसंघातसंहारकारिणोऽपि रत्नप्रभापृथिव्यामेव उत्कर्षतः पल्योपमासंख्येयभागजीविषु चतुर्थप्रतरवर्त्तिनारकेषु जन्म लभन्ते न परतः, तन्दुलमत्स्यस्तु बाह्योपमर्दाभावेऽपि निर्निमित्तमेवाऽऽपूरितातितीव्ररौद्रध्यानोऽन्तर्मुहूर्तमायुरनुपाल्य सप्तमनरकपृथिव्यां त्रयस्त्रिंशत्सागरोपमायुर्नारक उत्पद्यते इति परिणाम एव प्रधानं बन्धकारणमिति सिद्धं भवतीति ॥३३॥

**આ જ વિષયને વિચારતા ગ્રંથકાર કહે છે :-**

**કારણ કે બાહ્ય ઘણા જીવોની હિંસા થવા છતાં અસંજ્ઞી જીવોને અલ્પ બંધ થાય છે એમ શાસ્ત્રમાં સંભળાય છે.** પ્રશ્ન : અહીં સૂત્રમાં અસંજ્ઞી જીવોની હિંસાને બાહ્ય કેમ કહી છે? ઉત્તર : માત્ર શરીરથી થતી હોવાના કારણે બાહ્ય કહી છે. સૂત્રમાં "ઘણા જીવોની હિંસા થવા છતાં" એ સ્થળે રહેલા છતાં શબ્દનો અર્થ આ પ્રમાણે છેઃ- જો ઘણા જીવોની હિંસા થવા છતાં અલ્પ બંધ થાય છે તો ઘણા જીવોની હિંસા ન થાય તો અલ્પ બંધ થાય એમાં શું કહેવું?

પ્રશ્નઃ અસંજ્ઞીને અલ્પ બંધ થાય એ વિષે શાસ્ત્રમાં કેવું વચન છે? ઉત્તરઃ असन्नी खलु पढमं ( = અસંજ્ઞી ( = સમૂર્ચ્છિમ) પંચેંદ્રિય જીવો પહેલી જ નરક સુધી જાય છે, પછી નહિ) એવું વચન છે. અહીં સૂત્રનો ભાવાર્થ આ પ્રમાણે છે :- હજાર યોજન પ્રમાણ શરીરવાળા અને પૂર્વક્રોડ વર્ષ પ્રમાણ આયુષ્યવાળા અસંજ્ઞી મોટાં

માછલાં સ્વયંભૂરમણ મહાસમુદ્રને સતત ડોળ્યા કરે છે = પાણીને આમ તેમ હલાવ્યા કરે છે અને અનેક જીવોનો સંહાર કરે છે, આમ છતાં મરીને રત્નપ્રભાપૃથ્વીમાં (=પહેલી નરકમાં) જ ઉત્કૃષ્ટથી પલ્યોપમના અસંખ્યાતમા ભાગ પ્રમાણ આયુષ્યવાળા અને ચોથા પ્રતરમાં રહેલા નારકોમાં ઉત્પન્ન થાય છે, આગળ નહિ. (તેની આંખની પાંપણમાં ઉત્પન્ન થયેલ) તંદુલ મત્સ્ય તો બાહ્ય (= કાયાથી) હિંસા ન કરવા છતાં નિષ્કારણ જ આત્માને અતિતીવ્ર રૌદ્રધ્યાનથી ભરીને અંતર્મુહૂર્ત જેટલું આયુષ્ય પાળીને સાતમી નરકપૃથ્વીમાં ઉત્પન્ન થાય છે અને તેત્રીસ સાગરોપમ પ્રમાણ આયુષ્યવાળો નારક બને છે.

(અહીં શરીર મોટું, આયુષ્ય ઘણું, અને શરીરથી હિંસા પણ ઘણી, છતાં મોટાં માછલાં પહેલી નરકમાં જ ઉત્પન્ન થાય છે. શરીર નાનું ( = ચોખાના દાણા જેટલું), આયુષ્ય અત્યંત ઓછું, અને કાયાથી હિંસાનો અભાવ છતાં સાતમી નરકમાં ઉત્પન્ન થાય છે.) આ પ્રમાણે પરિણામ જ બંધનું મુખ્ય કારણ છે એ સિદ્ધ થાય છે. (૩૩)

एवं सति यदन्यदपि सिद्धिमास्कन्दति तद् दर्शयति–

**एवं परिणाम एव शुभो मोक्षकारणमपि ॥३४॥४७७॥ इति ।**

**एवं** यथा अशुभबन्धे, **परिणाम एव शुभः** सम्यग्दर्शनादिः **मोक्षकारणमपि** मुक्तिहेतुरपि, किं पुनर्बन्धस्येति **अपिशब्दार्थः** ॥३४॥

**આ પ્રમાણે સિદ્ધ થયે છતે બીજું પણ જે સિદ્ધ થાય છે તે બતાવે છેઃ-**

**એ પ્રમાણે મોક્ષનું કારણ પણ શુભ પરિણામ જ છે.** જેમ અશુભ બંધમાં અશુભ પરિણામ જ કારણ છે તેમ મોક્ષનું કારણ પણ સમ્યગ્દર્શનાદિ શુભ પરિણામ જ છે. 'મોક્ષનું કારણ પણ' એ સ્થળે પણ શબ્દનો અર્થ આ પ્રમાણે છેઃ- જો મોક્ષનું કારણ શુભ પરિણામ જ છે તો પછી બંધનું કારણ અશુભ પરિણામ જ હોય એમાં શું કહેવું? (૩૪)

कुत इत्याह–

**तदभावे समग्रक्रियायोगेऽपि मोक्षासिद्धेः ॥३५॥४७८॥ इति ।**

**तस्य** शुभपरिणामस्या**भावे समग्रक्रियायोगेऽपि** परिपूर्णश्रामण्योचित-बाह्यानुष्ठानकलापसंभवेऽपि, किं पुनस्तदभावे इति **अपिशब्दार्थः मोक्षासिद्धेः**, निर्वाणानिष्पत्तेरिति ॥३५॥

**મોક્ષનું કારણ શુભ પરિણામ શાથી છે તે કહે છે :-**

**સંપૂર્ણ ક્રિયાના યોગમાં પણ, એટલે કે પરિપૂર્ણ ચારિત્રને યોગ્ય બાહ્ય અનુષ્ઠાનોનો સમૂહ હોવા છતાં પણ, શુભ પરિણામના અભાવમાં મોક્ષ થતો નથી. એથી મોક્ષનું કારણ પણ શુભ પરિણામ જ છે.** ''સંપૂર્ણ ક્રિયાના યોગમાં પણ'' એ સ્થળે પણ શબ્દનો અર્થ આ પ્રમાણે છેઃ- શુભ પરિણામના અભાવમાં જો સંપૂર્ણ ક્રિયાના યોગમાં પણ મોક્ષ થતો નથી તો સંપૂર્ણ ક્રિયાના અભાવમાં મોક્ષ કેવી રીતે થાય? (૩૫)

एतदपि कुत इत्याह–

**सर्वजीवानामेवानन्तशो ग्रैवेयकोपपातश्रवणात् ॥३६॥४७९॥ इति ।**

**सर्वजीवानामेव** सर्वेषामपि व्यवहारार्हाणां प्राणिनाम् **अनन्तशः** अनन्तान् वारान् ***ग्रैवेयकेषु*** *विमानविशेषेषू**पपातस्य*** *उत्पत्तेः* ***श्रवणात्*** *शास्त्रे समाकर्णनात् ॥३६॥*

***શુભપરિણામના અભાવમાં સંપૂર્ણ ક્રિયાના યોગમાં પણ મોક્ષ થતો નથી એ પણ શાથી છે તે કહે છે :-***

કારણ કે વ્યવહારને યોગ્ય (= વ્યવહાર રાશિમાં આવેલા) સઘળાય જીવોની અનંતવાર ગ્રૈવેયકોમાં ઉત્પત્તિ થઈ એમ શાસ્ત્રમાં સંભળાય છે. (૩૬)

यदि नामैवं ततः किं सिद्धमित्याह-

**समग्रक्रियाऽभावे तदप्राप्तेः ॥३७॥४८०॥ इति ।**

**समग्रक्रियाऽभावे** परिपूर्णश्रामण्यानुष्ठानाभावे **तदप्राप्तेः** नवग्रैवेयकोपपाताप्राप्तेः, तथा चावाचि-

आणोहेणाणंता मुक्का गेवेज्जगेसु य सरीरा।

न य तत्थाऽसंपुण्णाए साहुकिरियाए उववाओ।। (पञ्चा. १४/४८) त्ति ॥२२१॥

**જો આ પ્રમાણે છે તો તેનાથી શું સિદ્ધ થયું તે કહે છે :-**

પરિપૂર્ણ ચારિત્રને ઉચિત અનુષ્ઠાનના અભાવમાં નવ ગ્રૈવેયકની પ્રાપ્તિ થતી નથી. આ વિષે કહ્યું છે કે - **"ઓઘ આજ્ઞાથી (= સમ્યગ્દર્શન વિના કેવળ આપ્તના ઉપદેશથી) જીવોએ ભૂતકાળમાં ગ્રૈવેયક વિમાનોમાં અનંતા શરીરો મૂક્યાં છે. અસંપૂર્ણ સાધુક્રિયાથી ગ્રૈવેયકમાં ઉત્પત્તિ ન થાય."** (ગ્રૈવેયકોમાં અનંતા શરીરો મૂક્યા છે અને અસંપૂર્ણ સાધુક્રિયાથી ગ્રૈવેયકમાં ઉત્પત્તિ ન થાય, એથી સિદ્ધ થાય

છે કે, સંપૂર્ણ સાધુક્રિયા અનંત વાર પ્રાપ્ત થઈ છે.) (૩૭)

उपसंहरन्नाह–

**इत्यप्रमादसुखवृद्ध्या तत्काष्ठासिद्धौ निर्वाणावाप्तिरिति ॥३८॥४८१॥ इति ।**

**इति** एवमुक्तनीत्याऽ**प्रमादसुखस्य** अप्रमत्ततालक्षणस्य **वृद्ध्या** उत्कर्षेण **तस्य** चारित्रधर्मस्य **काष्ठासिद्धौ** प्रकर्षनिष्पत्तौ शैलेश्यवस्थालक्षणायां **निर्वाणस्य** सकलक्लेशलेशविनिर्मुक्तजीवस्वरूपलाभलक्षणस्या**वाप्तिः** लाभ **इतिः** परिसमाप्ताविति ॥३८॥

**ઉપસંહાર કરતા ગ્રંથકાર કહે છેઃ-**

આ પ્રમાણે પૂર્વોક્ત નીતિથી ( = રીતિથી) અપ્રમાદ રૂપ સુખની વૃદ્ધિથી શૈલેશી અવસ્થામાં ચારિત્રધર્મની પરાકાષ્ઠા સિદ્ધ થતાં સર્વ ક્લેશોના અંશથી પણ અત્યંત રહિત જીવસ્વરૂપના લાભરૂપ મોક્ષની પ્રાપ્તિ થાય છે.

સૂત્રમાં ઈતિ શબ્દ સમાપ્તિ અર્થમાં છે. (૩૮)

**यत्किञ्चन शुभं लोके स्थानं तत्सर्वमेव हि।**
**अनुबन्धगुणोपेतं धर्मादाप्नोति मानवः ॥४॥ इति ।**

**यत्किञ्चन** सर्वमेवेत्यर्थः **शुभं** सुन्दरं **लोके** त्रिजगल्लक्षणे **स्थानं** शक्राद्यवस्थास्वभावं **तत्सर्वमेव हिः** स्फुटम्, कीदृशमित्याह- **अनुबन्धगुणोपेतं** जात्यस्वर्णघटितघटादिवत् उत्तरोत्तरानुबन्धसमन्वितं **धर्माद्** उक्तनिरुक्ताद् **आप्नोति** लभते **मानवः** पुमान्, मानवग्रहणं च तस्यैव परिपूर्णधर्मसाधनसहत्वादिति ॥४॥

ત્રણ જગતરૂપ લોકમાં જે કંઈ ઈંદ્ર વગેરેની અવસ્થાસ્વરૂપ સુંદર સ્થાન છે તે બધું જ માનવ ધર્મથી શ્રેષ્ઠ સુવર્ણથી ઘડેલા ઘટ વગેરેની જેમ ઉત્તરોત્તર અનુબંધથી (= પરંપરાથી) યુક્ત પામે છે. •

માનવ જ પરિપૂર્ણધર્મના સાધનોને યોગ્ય હોવાથી શ્લોકમાં માનવશબ્દનો ઉલ્લેખ કર્યો છે. ધર્મશબ્દનો વ્યુત્પત્તિથી થતો અર્થ પૂર્વે (અ૦ ૧ શ્લોક ૩ માં) કહ્યો છે. (૪)

• વાક્યરચના ક્લિષ્ટ ન બને એ હેતુથી હિ શબ્દનો અર્થ અનુવાદમાં લીધો નથી. સ્વયં સમજી લેવો.

तथा-

**धर्मश्चिन्तामणिः श्रेष्ठो धर्मः कल्याणमुत्तमम्।**
**हित एकान्ततो धर्मो धर्म एवामृतं परम् ॥५॥ इति ।**

एतन्निगदसिद्धमेव, परं यत् पुनः पुनधर्मशब्दोपादानं तद्धर्मस्यात्यन्तादरणीयताख्यापनार्थमिति ॥५॥

ધર્મ શ્રેષ્ઠ ચિંતામણિ છે, ધર્મ ઉત્તમ કલ્યાણ ( = કલ્યાણનું કારણ) છે, ધર્મ એકાંતે હિતકારી છે, ધર્મ જ શ્રેષ્ઠ અમૃત છે. શ્લોકમાં વારંવાર ધર્મશબ્દનો ઉલ્લેખ ધર્મની અત્યંત આદરણીયતા જણાવવા માટે છે. (૫)

तथा-

**चतुर्दशमहारत्नसद्भोगान्नृष्वनुत्तमम्।**
**चक्रवर्त्तिपदं प्रोक्तं धर्महेलाविजृम्भितम् ॥६॥ इति ।**

**चतुर्दशानां महारत्नानां** सेनापति-गृहपति-पुरोहित-गज-तुरग-वर्द्धकि-स्त्री-चक्र-च्छत्र-चर्म-मणि-काकिणी-खड्ग-दण्डलक्षणानां **सद्भोगात्** परानपेक्षितया सुन्दराद् भोगात् **नृषु** नरेषु मध्ये **अनुत्तमं** सर्वप्रधानम्, किं तदित्याह- **चक्रवर्त्तिपदं** चक्रधरपदवी **प्रोक्तं** प्रतिपादितं सिद्धान्ते **धर्महेलाविजृम्भितं** धर्मलीलाविलसितमिति ॥६॥

ચૌદ મહારત્નોના સુંદર ભોગના કારણે મનુષ્યોમાં સર્વ શ્રેષ્ઠ એવું ચક્રવર્તિ પદ ધર્મલીલાનો વિલાસ છે, અર્થાત્ ધર્મથી આવું ચક્રવર્તિપદ પણ પ્રાપ્ત થાય છે, એમ શાસ્ત્રમાં કહ્યું છે.

ચૌદ મહારત્નો આ પ્રમાણે છેઃ- સેનાપતિ, ગૃહપતિ, પુરોહિત, ગજ, અશ્વ, વર્ધકિ, સ્ત્રી, ચક્ર, છત્ર, ચર્મ, મણિ, કાકિણી, ખડ્ગ અને દંડ.

પ્રશ્ન : ચૌદ મહારત્નોના ભોગને સુંદર કેમ કહ્યો? ઉત્તર : બીજાની અપેક્ષા વિના ભોગ કરી શકાતો હોવાથી સુંદર કહ્યો છે. (૬)

इति श्री**मुनिचन्द्रसूरि**विरचितायां **धर्मबिन्दुवृत्तौ धर्मफलविधिः** सप्तमोऽध्यायः समाप्तः ॥

આ પ્રમાણે ધર્મબિંદુની શ્રીમુનિચંદ્રસૂરિ વિરચિત વૃત્તિમાં **'ધર્મફલ વિધિ'** નામનો સાતમો અધ્યાય પૂર્ણ થયો.

-- ■ --

## । अथ अष्टमोऽध्यायः ।

व्याख्यातः सप्तमोऽध्यायः। अधुनाऽष्टम आरभ्यते, तस्य चेदमादिसूत्रम्-

**किं चेह बहुनोक्तेन तीर्थकृत्त्वं जगद्धितम् ।**

**परिशुद्धादवाप्नोति धर्माभ्यासान्नरोत्तमः ॥१॥ इति।**

**किञ्च** इत्यभ्युच्चये, इह धर्मफलचिन्तायां **बहुना** प्रचुरेणो**क्तेन** धर्मफलेन? यतः **तीर्थकृत्त्वं** तीर्थ (कर) पदलक्षणं **जगद्धितं** जगज्जन्तुजातहिताधानकरं **परिशुद्धाद्** अमलीमसाद् **अवाप्नोति** लभते **धर्माभ्यासात्** प्रतीतरूपात् **नरोत्तमः** स्वभावत एव सामान्यापरपुरुषप्रधानः, तथाहि– तीर्थकरपदप्रायोग्यजन्तूनां सामान्यतोऽपि लक्षणमिदं शास्त्रेषूद्घुष्यते यथा-

एते आकालं परार्थव्यसनिनः उपसर्जनीकृतस्वार्थाः उचितक्रियावन्तः अदीनभावाः सफलारम्भिणः अदृढानुशयाः कृतज्ञतापतयः अनुपहतचित्ताः देवगुरुबहुमानिनः तथा गम्भीराशयाः (ललित.) इति ॥१॥

**સાતમા અધ્યાયનું વ્યાખ્યાન કર્યું. હવે આઠમો અધ્યાય શરૂ કરવામાં આવે છે. તેનું પહેલું સૂત્ર આ છે :-**

વળી ધર્મફલની વિચારણામાં બહુ ધર્મફલ કહેવાથી શું? કારણકે ઉત્તમ નર પરિશુદ્ધ ધર્મના અભ્યાસથી જગતના જીવસમૂહના હિતનું સ્થાપન કરનાર તીર્થંકર પદને મેળવે છે. ઉત્તમ નર એટલે સામાન્ય અન્ય પુરુષોમાં સ્વભાવથી પ્રધાન. તે આ પ્રમાણે :- શાસ્ત્રોમાં તીર્થંકરપદને પ્રાયોગ્ય જીવોનું સામાન્યથી પણ લક્ષણ આ ( = હવે પછી તુરત કહેવાય છે તે) પ્રગટ કરવામાં આવે છે. જેમ કે તીર્થંકરના જીવો અનાદિકાળથી ૧ પરાર્થ વ્યસની, ૨ સ્વાર્થને ગૌણ કરનારા, ૩ ઉચિત ક્રિયાવાળા, ૪ દીનતા રહિત, ૫ સફલ આરંભવાળા, ૬ અદૃઢ અનુશયવાળા, ૭ કૃતજ્ઞતાના સ્વામી, ૮ ચિત્તના ઉપઘાતથી રહિત, ૯ દેવગુરુ ઉપર બહુમાનવાળા અને ૧૦ ગંભીર આશયવાળા હોય.

૧) **પરાર્થ વ્યસની :-** પરાર્થના વ્યસનવાળા હોય. પર એટલે બીજા. અર્થ એટલે કાર્ય. વ્યસન એટલે ટેવ - આદત. બીજાનું કામ કરવાની આદતવાળા હોય, અર્થાત્ પરોપકાર કરવાના સ્વભાવવાળા હોય. પરોપકાર કરવાની તક મળતાં પરોપકાર કર્યા વિના ન રહે.

૨) **સ્વાર્થને ગૌણ કરનારા :-** પરોપકાર કરવાના સ્વભાવવાળા હોય, પણ

પોતાના સ્વાર્થમાં જરાય હાનિ ન પહોંચે તેવો પરોપકાર કરવાના સ્વભાવવાળા હશે એમ કોઈને ન થાય, માટે અહીં પરાર્થ વ્યસની કહ્યા પછી કહ્યું કે સ્વાર્થને ગૌણ કરનારા હોય. અવસરે પોતાના સ્વાર્થને હાનિ પહોંચાડીને પણ પરોપકાર કરે. જેમકે - તેવો પ્રસંગ આવી જાયતો પોતે ભૂખ્યા રહીને પણ બીજાની ભૂખને ભાંગે.

૩) **ઉચિત ક્રિયાવાળા :-** ઘર, મંદિર, ઉપાશ્રય, બજાર, મુસાફરી, સમાજ વગેરે દરેક સ્થળે જે સમયે જે ઉચિત હોય તે સમયે તે ઉચિત કરે. તે રીતે માતા - પિતા, બંધુ, ગુરુ, સાધર્મિક, શેઠ વગેરે જેના પ્રત્યે જ્યારે જે ઉચિત હોય તેના પ્રત્યે ત્યારે તે ઉચિત કરે. દેવ, ગુરુ અને સાધર્મિકની જેની જેટલી ઉચિત હોય તેની તેટલી ભક્તિ કરે.

૪) **દીનતાથી રહિત :-** સંપત્તિ ચાલી જાય, શરીરમાં રોગ આવે, તેવી કોઈ આપત્તિ આવે વગેરે સંયોગોમાં દીન - હતાશ ન બને. જ્યાં ત્યાં રોદણાં ન રુવે. હૃદયથી ભાંગી ન પડે.

૫) **સફલ આરંભવાળા :-** એવા કાર્યનો આરંભ કરે કે જેમાં સફલતા મળે. આનો તાત્પર્યાર્થ એ છે કે કોઈ પણ કાર્યનો આરંભ કરતા પહેલાં પોતાની શક્તિ અને સંયોગો વગેરેનો બરોબર વિચાર કરે. પછી જેમાં સફલતા મળે તેવા કાર્યનો પ્રારંભ કરે. તાત્પર્ય કે કોઈ પણ કાર્યમાં આંધળા બનીને ન ઝુકાવે.

૬) **અદૃઢ અનુશયવાળા :-** અનુશય એટલે વૈરવૃત્તિ - દ્વેષવૃત્તિ. વૈરવૃત્તિ કે દ્વેષવૃત્તિ દૃઢ ન હોય. આથી કોઈ પોતાના ઉપર અપકાર કરે તો મનમાં ગાંઠ વાળીને અવસરે એના ઉપર અપકાર કરીને બદલો વાળવાની વૃત્તિ ન હોય. હા, પોતાનું કોઈ બગાડે તો પોતાના બચાવ પૂરતો તેના ઉપર અપકાર (શિક્ષાવગેરે) કરે એ જુદી વાત છે. દા. ત. કોઈ વ્યક્તિ ચોરી કરવા કે લૂંટવા આવે તો તેવા અવસરે પોતાના રક્ષણ માટે સામાને શિક્ષા વગેરે કરે એ બને. પણ પછી એ વાતને મનમાં રાખીને કાયમ માટે તે વ્યક્તિને હેરાન કરવાનો પ્રયત્ન ન કરે, અથવા એને જેલ ભેગો કરવાનો કે મારી નાખવાનો પ્રયત્ન ન કરે .... અથવા કોઈ બે શબ્દ ગમે તેમ બોલે તો તેં આ બરોબર કર્યું નથી વગેરે તેને તત્કાલ કહે. પણ પછી મનમાં એની ગાંઠ ન વાળે.

૭) **કૃતજ્ઞતાના સ્વામી :-** બીજાઓએ પોતાના ઉપર નાનો પણ ઉપકાર કર્યો હોય તેને ન ભૂલે, અને અવસરે શક્તિ પ્રમાણે પ્રત્યુપકાર કરે.

૮) **ચિત્તના ઉપઘાતથી રહિત :-** ચિત્તનો ઉપઘાત એટલે ઉત્સાહભંગ, કંટાળો કે નિરાશા. કોઈ કામ શરૂ કરે અને તેમાં આપત્તિ આવે તો ઉત્સાહ ન ભાંગી જાય. કામ જલદી ન થતું હોય તો નિરાશ ન બને, કંટાળે નહિ. કોઈ કામમાં અપજશ મળે, લોકો નિંદા કરે, પોતાના માટે ગમે તેમ બોલે તો પણ ચિત્તને બગાડે નહિ.

૯) **દેવ - ગુરુ ઉપર બહુમાનવાળા :-** દેવ અને ગુરુ ઉપર બીજા કરતાં અધિક માન હોય. સંપત્તિ, સત્તા, સ્વજન વગેરે બધાથી પણ દેવ - ગુરુને અધિક માને.

૧૦) **ગંભીર આશયવાળા :-** કોઈ પણ વિષયનો ઉપલકિયો નહિ, કિંતુ ઊંડો વિચાર કરે. બોલવામાં પણ ગંભીર હોય. એટલે ગમે ત્યારે ગમે તેમ ન બોલે. આથી તેમને બીજાની નિંદામાં જરાય રસ ન હોય. બીજાની ગુપ્ત વાતને જરાય બહાર ન લાવે. બીજાએ ગંભીર ભૂલ કરી હોય તો પણ તે ગમે ત્યાં ગમે તેને ન કહે. જ્યાં કહેવાની જરૂરિયાત જણાય, જ્યાં કહેવાથી લાભ દેખાય ત્યાં જ બોલે.

ननु यदि तीर्थकृत्त्वं धर्मादेवाप्नोति तथापि कथं तदेव प्रकृष्टं धर्मफलमिति ज्ञातुं शक्यमित्याह–

**नातः परं जगत्यस्मिन् विद्यते स्थानमुत्तमम् ।**

**तीर्थकृत्त्वं यथा सम्यक् स्वपरार्थप्रसाधकम् ॥२॥ इति।**

**न** नैव **अतः** तीर्थकृत्त्वात् **परम्** अन्यत् **जगत्यस्मिन्** उपलभ्यमाने चराचरस्वभावे **विद्यते** समस्ति **स्थानं** पदम् उत्तमं प्रकृष्टं **तीर्थकृत्त्वम्** उक्तरूपं **यथा** येन प्रकारेण **सम्यग्** यथावत् **स्वपरार्थप्रसाधकं** स्वपरप्रयोजननिष्पादकम् ॥२॥

**જો કે તીર્થંકરપદ ધર્મથી જ પામે છે તો પણ તીર્થંકરપદ જ ઉત્કૃષ્ટ ધર્મફલ છે એમ કેવી રીતે જાણી શકાય ? એવા પ્રશ્નનો ઉત્તર કહે છે :-**

સ્વ - પરના કાર્યને તીર્થંકરપદ જે રીતે યથાર્થ સાધે છે તે રીતે બીજું કોઇ પદ યથાર્થ રીતે સાધી શકતું નથી. આથી પ્રત્યક્ષ દેખાતા ચરાચર સ્વભાવવાળા આ જગતમાં તીર્થંકરપદથી ઉત્કૃષ્ટ કોઇ પદ નથી. (૨)

एतदेव भावयति–

**पञ्चस्वपि महाकल्याणेषु त्रैलोक्यशङ्करम् ।**

**तथैव स्वार्थसंसिद्ध्या परं निर्वाणकारणम् ॥३॥ इति।**

**पञ्चस्वपि,** न पुनरेकस्मिन्नेव क्वचित्, **महाकल्याणेषु** गर्भाधान-जन्मदिनादिषु **त्रैलोक्यशङ्करं** जगत्त्रयसुखकारि, **तीर्थकृत्त्व**मित्यनुवर्त्तते, इत्थं परार्थसाधकत्वमुक्त्वा स्वार्थसाधकत्वमाह- **तथैव** त्रैलोक्यसुखकरणप्रकारेण **स्वार्थसंसिद्ध्या** क्षायिकसम्यग्दर्शन-ज्ञान-चारित्रनिष्पत्त्या परं प्रधानं **निर्वाणकारणं** मुक्तिहेतुरिति ॥३॥

**આ જ વિષયને વિચારે છે :-**

ગર્ભાધાન દિવસ અને જન્મદિવસ વગેરે પાંચેય મહાકલ્યાણકોમાં, નહિ કે કોઈ એક જ કલ્યાણકમાં, તીર્થંકરપદ ત્રણે જગતને સુખી કરે છે.

આ પ્રમાણે પરકાર્ય સાધે છે એમ કહીને હવે સ્વકાર્યને સાધે છે એ કહે છેઃ- તે જ પ્રમાણે એટલે કે જે પ્રમાણે ત્રણે જગતને સુખી કરે છે તે જ પ્રમાણે પોતાના કાર્યની સિદ્ધિથી = ક્ષાયિકસમ્યગ્દર્શન - જ્ઞાન - ચારિત્રની સિદ્ધિ થવાથી તીર્થંકરપદ મોક્ષનું શ્રેષ્ઠ કારણ છે. (૩)

**इत्युक्तप्रायं धर्मफलम्, इदानीं तच्छेषमेव उदग्रमनुवर्णयिष्यामः ।१।४८२। इति।**

सुगममेव, परं **तच्छेषम्** इति धर्मफलशेषम् ॥१॥

આ પ્રમાણે ધર્મફલ લગભગ કહ્યું. હવે બાકી રહેલા જ ઉત્કૃષ્ટ ધર્મફલનું વર્ણન કરીશું. (૧)

एतदेव दर्शयति–

**तच्च सुखपरम्परया प्रकृष्टभावशुद्धेः**
**सामान्यचरमजन्म तथा तीर्थकृत्त्वं च ॥२॥४८३॥ इति ।**

**तच्च** तत् पुनर्धर्मशेषफलमुदग्रं **(सुखस्य) परम्परया** उत्तरोत्तरक्रमेण **प्रकृष्टभावशुद्धेः** सकाशात्, किमित्याह- **सामान्यचरमजन्म, सामान्यं** तीर्थकरा-ऽतीर्थकरयोः समानं **चरमजन्म** अपश्चिमदेहलाभलक्षणम् तथेति पक्षान्तरोपक्षेपे **तीर्थकृत्त्वं** तीर्थकरभावलक्षणम्, **चः** समुच्चये ॥२॥

**આ જ બતાવે છેઃ-**

બાકી રહેલા ધર્મનું ઉત્કૃષ્ટ ફળ • સામાન્ય અને વિશેષ એમ બે પ્રકારે છે.

• સામાન્ય અને વિશેષ એવા બે ભેદોનો ટીકામાં ઉલ્લેખ નથી. પણ નવા અભ્યાસીને સમજવામાં સરળતા રહે એ માટે આજુ - બાજુના વર્ણનના આધારે ભાવાનુવાદમાં તે બે ભેદો કર્યા છે.

આ ફળ • અપ્રમાદરૂપ સુખની પરંપરાથી થનારી ઉચ્ચ પ્રકારની ભાવશુદ્ધિથી મળે છે. સામાન્ય એટલે તીર્થંકર અને અતીર્થંકર એ બંનેનું સમાન ફળ. જે કેવળ તીર્થંકરને જ મળે તે વિશેષ ફળ. તેમાં અંતિમભવની પ્રાપ્તિ સામાન્ય ફળ છે. તીર્થંકરપદની પ્રાપ્તિ વિશેષ ફળ છે. (૨)

**तत्राक्लिष्टमनुत्तरं विषयसौख्यम्, हीनभावविगमः, उदग्रतरसम्पत्, प्रभूतोपकारकरणम्, आशयविशुद्धिः, धर्मप्रधानता, अवन्ध्यक्रियत्वम् ॥३॥४८४॥ इति।**

**तत्र** सामान्यतश्चरमजन्मनि **अक्लिष्टं** परिणामसुन्दरम् **अनुत्तरं** शेषभोगसौख्येभ्यः प्रधानं **विषयसौख्यं** शब्दादिसेवालक्षणम्, **हीनभावविगमः** जाति-कुल-विभव-वयोऽवस्थादिन्यूनतारूपहीनत्वविरहः, **उदग्रतरा** प्राग्भवेभ्योऽत्यन्तोच्चा **सम्पत्** द्विपद-चतुष्पदादिसमृद्धिः, तस्यां च **प्रभूतस्य** अतिभूयिष्ठस्य **उपकारस्य** स्वपरगतस्य **करणं** विधानम्, अत एव **आशयस्य** चित्तस्य **विशुद्धिः** अमालिन्यरूपा, धर्मप्रधानता धर्मैकसारत्वम्, अतिनिपुणविवेकवशोपलब्धयथावस्थितसमस्तवस्तुतत्त्वतया **अवन्ध्या** अनिष्फला **क्रिया** धर्मार्थाद्याराधनरूपा यस्य तद्भावस्तत्त्वम् ॥३॥

**સામાન્ય ઉત્કૃષ્ટ ધર્મફળનું વર્ણન :-**

સામાન્યથી (= તીર્થંકર અને અતીર્થંકરના ભેદ વિના સામાન્યથી) ચરમ જન્મમાં પરિણામે સુંદર અને બીજાં ભોગસુખોથી શ્રેષ્ઠ વિષયસુખ મળે, જાતિ - કુલ - વૈભવ - વય આદિના સ્વરૂપની ન્યૂનતા ન હોય, પૂર્વભવોની અપેક્ષાએ અત્યંત ઉત્કૃષ્ટ દ્વિપદ - ચતુષ્પદ વગેરે સમૃદ્ધિ મળે, સ્વ - પરને અતિશય ઉપકાર કરવાનું થાય, આથી જ ચિત્ત વિશુદ્ધ રહે, ધર્મની પ્રધાનતા હોય, અર્થાત્ ધર્મ જ એક સારભૂત છે એવી માન્યતા થાય, અતિસૂક્ષ્મ વિવેકના કારણે સમસ્ત વસ્તુઓનું યથાસ્થિત સ્વરૂપ જાણ્યું હોવાના કારણે તેની ધર્મારાધના ▪ અને ધનોપાર્જન આદિ ક્રિયા નિષ્ફળ ન બને. (૩)

• અ. ૭ સૂ. ૩૮માં इत्यप्रमादसुखवृद्ध्या એમ અપ્રમાદરૂપ સુખનો ઉલ્લેખ છે. આથી અહીં પણ અનુવાદમાં સુખનો અપ્રમાદ રૂપ સુખ કર્યો છે. ઉચ્ચપ્રકારની ભાવશુદ્ધિ અપ્રમાદથી જ થાય.

▪ મોક્ષના આશયથી ધર્મ કરે માટે ધર્મારાધના નિષ્ફળ ન બને. ધનનો સાતક્ષેત્રમાં વ્યય કરે એથી ધનોપાર્જન નિષ્ફળ ન બને.

तथा–

**विशुद्ध्यमानाप्रतिपातिचरणावाप्तिः, तत्सात्म्यभावः, भव्यप्रमोदहेतुता, ध्यानसुखयोगः, अतिशयर्द्धिप्राप्तिः ॥४॥४८५॥ इति**

**विशुद्ध्यमानस्य** संक्लिश्यमानविलक्षणतया **अप्रतिपातिनः** कदाचिदप्यभ्रंशभाजः **चरणस्य** चारित्रस्य **अवाप्तिः** लाभः, ततश्च तेन विशुद्ध्यमानाप्रतिपातिना चरणेन सात्म्यं समानात्मता तत्सात्म्यम्, तेन सहैकीभाव इत्यर्थः, तेन **भावो** भवनं परिणतिरिति, **भव्यप्रमोदहेतुता** भव्यजनसंतोषकारित्वं **ध्यानसुखयोगः** ध्यानसुखस्य शेषसुखातिशायिनः चित्तनिरोधलक्षस्य योगः, **अतिशयर्द्धिप्राप्तिः** अतिशयर्द्धेः आमर्षौषध्यादिरूपायाः प्राप्तिः ॥४॥

તથા અવસરે ઉત્તરોત્તર વિશુદ્ધ થતા અને અપ્રતિપાતી (= ક્યારે પણ ન પડે તેવા) ચારિત્રની પ્રાપ્તિ થાય, તેવા ચારિત્રની સાથે સાત્મ્યભાવ (= એકીભાવ) થાય. તે જીવ ભવ્યજીવોના હર્ષનું કારણ બને, અર્થાત્ તે જીવ ભવ્યજીવોને સંતોષ પમાડે. *બીજાં સુખોથી ચઢિયાતા ચિત્તનિરોધરૂપ ધ્યાનસુખનો યોગ થાય.* આમર્ષૌષધિ આદિ ઉત્કૃષ્ટ ઋદ્ધિની પ્રાપ્તિ થાય. (૪)

ततश्च कालेन–

**अपूर्वकरणम्, क्षपकश्रेणिः, मोहसागरोत्तारः, केवलाभिव्यक्तिः, परमसुखलाभः ॥५॥४८६॥ इति।**

**अपूर्वाणां** स्थितिघात-रसघात-गुणश्रेणि-गुणसंक्रमा-ऽपूर्वस्थितिबन्धलक्षणानां पञ्चानामर्थानां प्राच्यगुणस्थानेष्वप्राप्तानां **करणं** यत्र तदपूर्वकरणम् अष्टमगुणस्थानकम्, ततश्च **क्षपकस्य** घातिकर्मप्रकृतिक्षयकारिणो यतेः **श्रेणिः** मोहनीयादिप्रकृतिक्षयक्रमरूपा संपद्यते, क्षपकश्रेणिक्रमश्चायम्- इह परिपक्वसम्यग्दर्शनादिगुणो जीवश्चरमदेहवर्त्ती अविरत-देशविरत-प्रमत्ताप्रमत्त-संयतान्यतरगुणस्थानकस्थः प्रवृद्धतीव्रशुद्धध्यानाधीनमानसः क्षपकश्रेणिमारुरुक्षुरपूर्वगुणस्थानकमवाप्य प्रथमतः चतुरोऽनन्तानुबन्धिनः क्रोधादीन् युगपत् क्षपयितुमारभते, ततः सावशेषेष्वेतेषु मिथ्यात्वं क्षपयितुमुपक्रमते, ततस्तदवशेषे मिथ्यात्वे च क्षीणे सम्यग्मिथ्यात्वं सम्यक्त्वं च क्रमेणोच्छिनत्ति, तदनन्तरमेवाबद्धायुष्कोऽनिवृत्तिकरणं नाम सकलमोहापोहैकसह

नवमगुणस्थानकमध्यारोहति, तत्र च तथैव प्रतिक्षणं विशुद्धयमानः कियत्स्वपि संख्यातेषु भागेषु गतेष्वष्टौ कषायान् अप्रत्याख्यानावरण-प्रत्याख्यानावरणसंज्ञितान् क्रोधादीनेव क्षपयितुमारभते, क्षीयमाणेषु च तेष्वेताः षोडश प्रकृतीरध्यवसायविशेषात् निद्रानिद्रा१ प्रचलाप्रचला २ स्त्यानगृद्धि ३ नरकगति ४ नरकानुपूर्वी५ तिर्यग्गति६ तिर्यगानुपूर्वी७ एकेन्द्रिय८ द्वीन्द्रिय९ त्रीन्द्रिय१० चतुरिन्द्रियजातिनाम ११ आतपनाम१२ उद्योतनाम १३ स्थावरनाम १४ साधारणनाम १५ सूक्ष्मनाम १६ लक्षणाः क्षपयति, ततोऽष्टकषायावशेषक्षये यदि पुरुषः प्रतिपत्ता ततो नपुंसकवेदं ततः स्त्रीवेदं ततो हास्यादिषट्कं ततः पुनः पुरुषवेदं क्षपयति, यदि पुनर्नपुंसकं स्त्री वा तदा पुरुषवेदस्थाने स्ववेदमितरवेदद्वयं च यथाजघन्यप्रथमतया क्षपयति, ततः क्रमेण क्रोधादीन् संज्वलनान् त्रीन् बादरलोभं चात्रैव क्षपयित्वा सूक्ष्मसंपरायगुणस्थाने च सूक्ष्मम्, सर्वथा विनिवृत्तसकलमोहविकारां क्षीणमोहगुणस्थानावस्थां संश्रयते, तत्र च समुद्रप्रतरणश्रान्तपुरुषवत् संग्रामाङ्गणनिर्गतपुरुषवद्वा मोहनिग्रहनिश्चलनिबद्धाध्यवसायतया परिश्रान्तः सन्नन्तर्मुहूर्त्तं विश्रम्य तद्गुणस्थानकद्विचरमसमये निद्राप्रचले चरमसमये च ज्ञानावरणान्तरायप्रकृतिदशकं दर्शनावरणावशिष्टं प्रकृतिचतुष्कं च युगपदेव क्षपयति। बद्धायुः पुनः सप्तकक्षयानन्तरं विश्रम्य यथानिबद्धं चायुरनुभूय भवान्तरे क्षपकश्रेणिं समर्थयत इति। यश्चात्रापूर्वकरणोपन्यासानन्तरं क्षपकश्रेणेरुपन्यासः स **सैद्धान्तिक**पक्षापेक्षया, यतो दर्शनमोहसप्तकस्यापूर्वकरणस्थ एव क्षयं करोतीति तन्मतम्, न तु यथा **कार्मग्रन्थिका**भिप्रायेण अविरतसम्यग्दृष्ट्याद्यन्यतरगुणस्थानकचतुष्टयस्थ इति।

ततो **मोहसागरोत्तारः,** मोहो मिथ्यात्वमोहादिः स एव सागरः स्वयंभूरमणादिपारावारः मोहसागरः, तस्मादुत्तारः परपारप्राप्तिः, ततः **केवलाभिव्यक्तिः, केवलस्य** केवलज्ञान-केवलदर्शनलक्षणस्य जीवगुणस्य ज्ञानावरणादिघातिकर्मोपरताव**भिव्यक्तिः** आविर्भावः, ततः **परमसुखलाभः, परमस्य** प्रकृष्टस्य देवादिसुखातिशायिनः **सुखस्य लाभः** प्राप्तिः, उक्तं च -

यच्च कामसुखं लोके यच्च दिव्यं महासुखम्।
वीतरागसुखस्येदमनन्तांशो न वर्त्तते ॥२२२॥ ( ) इति ॥५॥

**ત્યાર બાદ સમય જતાં અપૂર્વકરણ, ક્ષપકશ્રેણિ, મોહસાગરથી નિસ્તાર, કેવલની અભિવ્યક્તિ અને પરમસુખનો લાભ થાય છે.**

**અપૂર્વકરણ :-** જ્યાં અપૂર્વ કરવામાં આવે તે અપૂર્વકરણ. અપૂર્વ એટલે

પૂર્વના ગુણસ્થાનોમાં ન થયું હોય તે. પૂર્વના ગુણસ્થાનોમાં જે ન થયું હોય તે જ્યાં કરવામાં આવે તે અપૂર્વકરણ. આઠમા ગુણસ્થાનને અપૂર્વકરણ કહેવામાં આવે છે. કારણકે ત્યાં પૂર્વના ગુણસ્થાનોમાં ન થયા હોય તેવા સ્થિતિઘાત, રસઘાત, ગુણશ્રેણિ, ગુણસંક્રમ અને અપૂર્વસ્થિતિબંધ એ પાંચ કરવામાં આવે છે.

**ક્ષપકશ્રેણિ :-** અપૂર્વકરણ (આઠમું ગુણસ્થાન) પ્રાપ્ત થયા બાદ ક્ષપકશ્રેણિ થાય છે. ક્ષપકની શ્રેણિ તે ક્ષપકશ્રેણિ. ક્ષપક એટલે ક્ષય કરનાર. શ્રેણિ એટલે ક્રમ. ઘાતિકર્મની પ્રકૃતિઓનો ક્ષય કરનાર સાધુનો મોહનીય વગેરે પ્રકૃતિના ક્ષયનો ક્રમ તે ક્ષપકશ્રેણિ.

ક્ષપકશ્રેણિમાં ક્રમ આ પ્રમાણે છેઃ- પરિણામ પામેલા (= એકીભાવને પામેલા) સમ્યગ્દર્શનાદિગુણવાળો, ચરમશરીરી, અવિરતિ - દેશવિરતિ - પ્રમત્તસંયત - અપ્રમત્તસંયત એ ચાર ગુણસ્થાનોમાંથી કોઇ પણ એક ગુણસ્થાને રહેલો, વૃદ્ધિ પામેલા તીવ્ર શુદ્ધ ધ્યાનથી યુક્ત મનવાળો અને ક્ષપકશ્રેણિ ઉપર ચઢવાની ઇચ્છાવાળો જીવ અપૂર્વગુણસ્થાનકને પામીને પહેલાં (૧) અનંતાનુબંધી ચાર કષાયોને એકી સાથે ખપાવવાનું શરૂ કરે છે. (૨) આ કષાયો કંઇક બાકી રહે ત્યારે મિથ્યાત્વને ખપાવવાનું શરૂ કરે.(૩) કંઇક બાકી રહેલા અનંતાનુબંધી કષાયો અને મિથ્યાત્વનો ક્ષય થઇ જાય ત્યારે ક્રમશઃ સમ્યગ્મિથ્યાત્વ અને સમ્યક્ત્વનો ક્ષય કરે છે. ત્યાર બાદ તરત જેણે આયુષ્ય બાંધ્યું નથી તેવો જીવ સઘળા મોહને દૂર કરવા અસાધારણ સમર્થ એવા નવમા ગુણસ્થાને આરૂઢ થાય છે. ત્યાં પૂર્વ મુજબ જ પ્રતિક્ષણ વિશુદ્ધ બનતો તે કેટલાક સંખ્યાતા ભાગ ગયે છતે (૪) અપ્રત્યાખ્યાનાવરણ અને પ્રત્યાખ્યાનાવરણ નામના ક્રોધાદિ આઠ કષાયોનો ક્ષય કરવાનું શરૂ કરે છે. (૫) આ આઠ કષાયોનો ક્ષય થઇ રહ્યો હોય ત્યારે અધ્યવસાયવિશેષથી નિદ્રાનિદ્રા, પ્રચલાપ્રચલા, સ્ત્યાનગૃદ્ધિ, નરકગતિ, નરકાનુપુર્વી, તિર્યંચગતિ, તિર્યંચાનુપૂર્વી, એકેંદ્રિયજાતિ, દ્વીન્દ્રિયજાતિ, ત્રીન્દ્રિયજાતિ, ચતુરિંદ્રિયજાતિ, આતપ, ઉદ્યોત, સ્થાવર, સાધારણ અને સૂક્ષ્મ એ સોળ પ્રકૃતિઓનો ક્ષય કરે છે.

(૬) ત્યાર બાદ બાકી રહેલા આઠ કષાયોનો ક્ષય થઇ જતાં જો શ્રેણિને સ્વીકારનાર પુરુષ હોય તો ક્રમશઃ નપુંસક વેદ, સ્ત્રીવેદ અને હાસ્યાદિષટ્ક અને પુરુષવેદનો ક્ષય કરે છે. જો શ્રેણિને સ્વીકારનાર નપુંસક કે સ્ત્રી હોય તો પુરુષવેદના સ્થાને પોતાના વેદને ખપાવે, અને બીજા બે વેદોમાં યથાજઘન્ય (= ઉતરતી કોટિનો

હોય તે પ્રમાણે) પહેલાં ખપાવે છે.

(૭) ત્યાર બાદ ક્રમશઃ સંજ્વલન નામના ક્રોધ વગેરે ત્રણ કષાયોને અને બાદર લોભને નવમા ગુણસ્થાને જ ખપાવીને સૂક્ષ્મસંપરાય ગુણસ્થાને આવે છે.

(૮) ત્યાં સૂક્ષ્મલોભને ખપાવીને જેમાં સઘળા મોહના વિકારો દૂર થઇ ગયા છે તેવી ક્ષીણમોહગુણસ્થાનની અવસ્થાનો આશ્રય લે છે, અર્થાત્ બારમા ગુણસ્થાને આવે છે. ત્યાં સમુદ્રને તરવામાં થાકી ગયેલા પુરુષની જેમ અથવા યુદ્ધના આંગણામાંથી નીકળી ગયેલા પુરુષની જેમ થાકી ગયેલો તે અંતર્મુહૂર્ત સુધી વિશ્રામ લે છે. શા માટે ? (मोहनिग्रहनिश्चलनिबद्धाध्यवसायतया=) તેના અધ્યવસાયો મોહનો નિગ્રહ કરવા માટે જરા પણ ચલિત ન થાય તે રીતે (निबद्धा) દૃઢ થઈ ગયા છે, અર્થાત્ કોઇ પણ રીતે મોહને મારવો જ એવો દૃઢ નિર્ણય કર્યો છે. જો થોડો સમય આરામ કરે તો પાછું બળ આવી જાય. એટલે જેમ સમુદ્રને તરતો માણસ તરતા થાકી જાય એટલે થોડો આરામ કરીને પછી ફરી તરવાનું શરૂ કરે છે, અથવા લડાઈના આંગણામાંથી નીકળેલો યોદ્ધો થોડો આરામ કરીને ફરી લડે છે, તેમ આ મહાત્મા અંતર્મુહૂર્ત સુધી આરામ કરીને

(૯) બારમા ગુણસ્થાનકના દ્વિચરમ સમયે નિદ્રા અને પ્રચલા તથા ચરમ સમયે જ્ઞાનાવરણીય પાંચ, અંતરાય પાંચ, અને દર્શનાવરણની બાકી રહેલી ચાર પ્રકૃતિ એમ ચૌદ પ્રકૃતિઓનો એકી સાથે ક્ષય કરે છે.

પણ જેણે આયુષ્યનો બંધ કરી નાખ્યો છે તે જીવ દર્શનસપ્તકનો ક્ષય કર્યા પછી આરામ કરીને બાંધ્યા પ્રમાણે આયુષ્યને ભોગવીને ભવાંતરમાં ક્ષપકશ્રેણિનું સમર્થન કરે છે, અર્થાત્ ક્ષપકશ્રેણિ માંડે છે. અહીં સૂત્રમાં અપૂર્વકરણના ઉલ્લેખ પછી ક્ષપકશ્રેણિનો ઉલ્લેખ છે તે સૈદ્ધાંતિક પક્ષની અપેક્ષાએ છે. કારણકે તેના મતે દર્શનમોહસપ્તકનો ક્ષય અપૂર્વકરણમાં રહેલો જ કરે છે. પણ કાર્મગ્રંથિક અભિપ્રાયથી તો અવિરતિ સમ્યગ્દૃષ્ટિ વગેરે ચાર ગુણસ્થાનોમાંથી કોઇ પણ ગુણસ્થાને રહેલો જીવ દર્શનસપ્તકનો ક્ષય કરે છે.

**મોહસાગરથી નિસ્તારઃ**- મોહ = મિથ્યાત્વમોહ વગેરે. સાગર = સ્વયંભૂરમણ વગેરે. મોહ એ જ સાગર તે મોહસાગર. તેનાથી નિસ્તાર એટલે તેના સામા કાંઠે જવું. ક્ષપકશ્રેણિ થયા પછી મોહસાગરથી નિસ્તાર થાય છે. (ક્ષપકશ્રેણિ ઉપર આરૂઢ થનાર મોહસાગરથી નિસ્તાર પામે છે. માટે અહીં ક્ષપકશ્રેણિના ઉલ્લેખ પછી મોહસાગરથી નિસ્તારનો ઉલ્લેખ કર્યો છે.)

**કેવલની અભિવ્યક્તિ :-** કેવલ એટલે કેવલજ્ઞાન અને કેવલદર્શન. આ બંને જીવના ગુણો છે. અભિવ્યક્તિ એટલે પ્રગટ થવું. જ્ઞાનાવરણ વગેરે ઘાતિકર્મોનો ક્ષય થતાં કેવલજ્ઞાન - કેવલદર્શન પ્રગટે છે.

**પરમસુખનો લાભ :-** ત્યાર બાદ દેવ વગેરેના સુખથી ચઢિયાતા ઉત્કૃષ્ટ સુખની પ્રાપ્તિ થાય છે. કહ્યું છે કે **"લોકમાં જે વિષયસુખ છે અને જે દેવલોકનું મહાસુખ છે તે વીતરાગસુખનો અનંતમો ભાગ પણ નથી."** (૫)

अत्रैव हेतुमाह—

**सदारोग्याप्तेः ॥६॥४८७॥ इति।**

**सदारोग्यस्य** भावारोग्यरूपस्य **आप्तेः** लाभात् ॥६॥

**અહીં જ (પરમસુખના લાભમાં જ) હેતુ કહે છે :-**

કારણકે ભાવ આરોગ્યની પ્રાપ્તિ થાય છે. (૬)

इयमपि कुत इत्याह—

**भावसंनिपातक्षयात् ॥७॥४८८॥ इति ।**

**भावसंनिपातस्य** पारमार्थिकरोगविशेषस्य **क्षयाद्** उच्छेदात् ॥७॥

**ભાવ આરોગ્યની પ્રાપ્તિ પણ શાથી થાય છે તે કહે છે:-**

કારણકે ભાવ (= પારમાર્થિક) સંનિપાતનો ક્ષય થાય છે. (૭)

संनिपातमेव व्याचष्टे—

**राग-द्वेष-मोहा हि दोषाः, तथा तथाऽऽत्मदूषणात् ॥८॥४८९॥ इति।**

**राग-द्वेष-मोहा** वक्ष्यमाणलक्षणाः **हिः** स्फुटं दोषा भावसंनिपातरूपा, अत्र हेतुमाह- **तथा तथा** तेन तेन प्रकारेण अभिष्वङ्गकरणादिना **आत्मनो** जीवस्य **दूषणाद्** विकारप्रापणात् ॥८॥

**સંનિપાતનું વ્યાખ્યાન કરે છે:-**

રાગ - દ્વેષ અને મોહ એ ત્રણ દોષો સ્પષ્ટ ભાવ સંનિપાત છે. કારણકે તે દોષો તે તે રીતે = આસક્તિ કરવી ઇત્યાદિ રીતે આત્માને વિકારવાળો બનાવે છે. (૮)

तत्त्व-भेद-पर्यायैर्व्याख्येति न्यायाद् रागादीनेव तत्त्वत आह–

**अविषयेऽभिष्वङ्गकरणाद् रागः ॥९॥४९०॥ इति।**

**अविषये** प्रकृतिविशरारुतया मतिमतामभिष्वङ्गानर्हे स्त्र्यादौ वस्तुनि **अभिष्वङ्गकरणात्** चित्तप्रतिबन्धसंपादनात्, किमित्याह- **रागो** दोषः ॥९॥

**તત્ત્વ, ભેદ અને પર્યાયથી વ્યાખ્યા થાય, અર્થાત્ કોઈ વસ્તુનું વ્યાખ્યાન = વિવરણ કરવું હોય તો તત્ત્વ, ભેદ અને પર્યાયથી કરવું જોઈએ, એવો ન્યાય હોવાથી રાગાદિને જ તત્ત્વથી = સ્વરૂપથી કહે છે, અર્થાત્ રાગાદિનું સ્વરૂપ કહે છે :-**

**સ્વભાવથી જ વિનાશશીલ હોવાના કારણે બુદ્ધિમાન પુરુષોને આસક્તિ ન કરવા લાયક સ્ત્રી વગેરે વસ્તુમાં (જીવ) આસક્તિ કરે છે, માટે રાગ દોષ છે. (૯)**

**तत्रैवाग्निज्वालाकल्पमात्सर्यापादनाद् द्वेषः ॥१०॥४९१॥ इति।**

**तत्रैव** क्वचिदर्थेऽभिष्वङ्गे सति **अग्निज्वालाकल्पस्य** सम्यक्त्वादिगुणसर्वस्वदाहकतया **मात्सर्यस्य** परसम्पत्त्यसहिष्णुभावलक्षणस्य **आपादनाद्** विधानात् **द्वेषो** दोषः ॥१०॥

**કોઈક પદાર્થમાં આસક્તિ થતાં અગ્નિજ્વાલા સમાન માત્સર્ય કરવાથી દ્વેષ દોષ છે.** માત્સર્ય = બીજાની સંપત્તિ સહન ન કરવી. માત્સર્ય સમ્યક્ત્વાદિગુણરૂપ ધનને બાળનાર હોવાથી અહીં તેને અગ્નિજ્વાલા સમાન કહ્યું છે. (૧૦)

**हेयेतरभावाधिगमप्रतिबन्धविधानान्मोहः ॥११॥४९२॥ इति।**

इह निश्चयनयेन **हेयानां** मिथ्यात्वादीनाम् **इतरेषां** च उपादेयानां सम्यग्दर्शनादीनां भावानां व्यवहारतस्तु विष-कण्टकादीनां स्रक्-चन्दनादीनां **च अधिगमस्य** अवबोधस्य **प्रतिबन्धविधानात्** स्खलनकरणात् **मोहो** दोषः ॥११॥

**હેય અને ઉપાદેય ભાવોમાં બોધનો પ્રતિબંધ કરવાથી, અર્થાત્ હેય અને ઉપાદેય ભાવોનો બોધ ન થવા દેવાથી, મોહ દોષ છે.**

અહીં નિશ્ચયનયથી મિથ્યાત્વાદિ ભાવો હેય છે અને સમ્યગ્દર્શનાદિભાવો ઉપાદેય છે. વ્યવહારથી તો વિષ અને કાંટો વગેરે વસ્તુઓ હેય છે, માળા અને ચંદન વગેરે ઉપાદેય છે. (૧૧)

अथैतेषां भावसंनिपातत्वं समर्थयन्नाह–

**सत्स्वेषु न यथावस्थितं सुखम्, स्वधातुवैषम्यात् ।।१२।।४९३।। इति।**

**सत्स्वेतेषु** रागादिषु न नैव **यथावस्थितं** पारमार्थिकं **सुखं** जीवस्य, अत्र हेतुः- **स्वधातुवैषम्यात्** दधति धारयन्ति जीवस्वरूपमिति धातवः सम्यग्दर्शनादयो गुणाः, **स्वस्य** आत्मनो **धातवः**, तेषां **वैषम्यात्** यथावस्थितवस्तुस्वस्वरूपपरिहारेणान्यथारूपतया भवनं तस्मात्, यथा हि वातादिदोषोपघाताद् धाातुषु रसासृगादिषु वैषम्यापन्नेषु न देहिनो यथावस्थितं कामभोगजं मनःसमाधिजं वा शर्म किञ्चन लभन्ते तथा अमी संसारिणः सत्त्वाः रागादिदोषवशात् सम्यग्दर्शनादिषु मलीमसरूपतां प्राप्तेषु न राग-द्वेष-मोहोपशमजं शर्म समासादयन्तीति ।।१२।।

**હવે 'રાગાદિદોષો ભાવસંનિપાત છે' એ વિષયનું સમર્થન કરે છે :-**

**રાગાદિ હોય ત્યારે જીવને પારમાર્થિક સુખ થતું નથી. કારણ કે પોતાની ધાતુઓ વિષમ બની જાય છે.** પોતાની = આત્માની. જે જીવસ્વરૂપને ધારણ કરે તે ધાતુ. સમ્યગ્દર્શનાદિ ગુણો ધાતુ છે. વિષમ બનવું એટલે યથાવસ્થિત વસ્તુનું પોતાના સ્વરૂપનો ત્યાગ કરીને બીજા સ્વરૂપે બનવું.

(અહીં પોતાની, ધાતુઓ અને વિષમ બની જવું એ ત્રણનો જે અર્થ કહ્યો તેના આધારે ''પોતાની ધાતુઓ વિષમ બની જાય છે'' એ વાક્યનો ''આત્માના સમ્યગ્દર્શનાદિ ગુણો મિથ્યાત્વાદિ રૂપે બની જાય છે'' એવો અર્થ થાય છે.)

જેવી રીતે વાતાદિ દોષો પોતપોતાનું કાર્ય કરવામાં અસમર્થ બની જવાના કારણે રસ - લોહી વગેરે ધાતુઓ વિષમ બની જતાં જીવો કામ - ભોગથી થતું કે માનસિક સમાધિથી થતું સુખ જરા પણ પામતા નથી, તેમ આ સંસારી જીવો રાગાદિ દોષોથી સમ્યગ્દર્શનાદિ ગુણો મલીન બની જતાં રાગ - દ્વેષ - મોહના ઉપશમથી થતું સુખ પામતા નથી. (૧૨)

अमुमेवार्थं व्यतिरेकत आह—

**क्षीणेषु न दुःखम्, निमित्ताभावात् ।।१३।।४९४।। इति।**

**क्षीणेषु** रागादिषु न दुःखं भावसंनिपातजं समुत्पद्यते, कुत इति चेदुच्यते- निमित्ताभावात् निबन्धनविरहादिति ।।१३।।

**આ જ અર્થને વિપરીતપણે કહે છે :-**

**રાગાદિ દોષોનો ક્ષય થઈ જતાં ભાવસંનિપાતથી થતું દુઃખ ઉત્પન્ન થતું નથી.**

કારણ કે નિમિત્તનો અભાવ થઈ જાય છે. (૧૩)

तर्हि किं स्यादित्याह-

**आत्यन्तिकभावरोगविगमात् परमेश्वरताऽऽप्तेस्तत्तथास्वभावत्वात् परमसुखभाव इति ॥१४॥४९५॥ इति।**

**आत्यन्तिकः** पुनर्भावाभावेन **भावरोगाणां** रागादीनां यो **विगमः** समुच्छेदः, तस्मात् या **परमेश्वरतायाः** शक्र-चक्राधिपाद्यैश्वर्यातिशायिन्याः केवलज्ञानादिलक्षणाया **आप्तिः** प्राप्तिः तस्याः, **परमसुखभाव** इत्युत्तरेण योगः, कुत इत्याह- **तत्तथास्वभावत्वात्, तस्य** परमसुखलाभस्य **तथास्वभावत्वात्** परमेश्वरतारूपत्वात्, **परमसुखभावः** संपद्यते, **इतिः** वाक्यपरिसमाप्ताविति॥१४॥

**જો દુઃખ ઉત્પન્ન થતું નથી તો શું હોય તે કહે છે :-**

રાગાદિ ભાવરોગોનો આત્યંતિક ઉચ્છેદ થવાથી ઈંદ્ર - ચક્રવર્તી વગેરેના ઐશ્વર્યથી ચઢિયાતા કેવલજ્ઞાન આદિ પરમ ઐશ્વર્યની પ્રાપ્તિ થાય છે. પરમૈશ્વર્યની પ્રાપ્તિથી પરમસુખ પ્રાપ્ત થાય છે. કારણ કે પરમસુખનો લાભ પરમ ઐશ્વર્યરૂપ છે.

આત્યંતિક ઉચ્છેદ = ફરી ન થાય તે રીતે ઉચ્છેદ. સૂત્રમાં इति શબ્દ વાક્યની સમાપ્તિ અર્થમાં છે. (૧૪)

## વિશેષ ઉત્કૃષ્ટ ધર્મફળનું વર્ણન

इत्थं तीर्थकरातीर्थकरयोः सामान्यमनुत्तरं धर्मफलमभिधाय साम्प्रतं तीर्थकृत्त्वलक्षणं तदभिधातुमाह–

**देवेन्द्रहर्षजननम् ॥१५॥४९६॥ इति।**

**देवेन्द्राणां** चमर-चन्द्र-शक्रादीनां **हर्षस्य** संतोषस्य **जननं** संपादनमिति ॥१५॥

**આ પ્રમાણે તીર્થંકર અને અતીર્થંકર એ બંનેનું સામાન્ય ઉત્કૃષ્ટ ધર્મફળ કહીને હવે તીર્થંકરપદરૂપ (વિશેષ) ઉત્કૃષ્ટ ધર્મફળને જણાવવા માટે કહે છે :-**

તીર્થંકરપદ ચમર, ચંદ્ર, શક્ર વગેરે દેવેંદ્રોને હર્ષ = સંતોષ પમાડે છે. (૧૫)

तथा–

## पूजानुग्रहाङ्गता ॥१६॥४९७॥ इति ।

**पूजया** जन्मकालादारभ्याऽऽनिर्वाणप्राप्तेस्तत्तन्निमित्तेन निष्पादितया अमरगिरिशिखरमज्जनादिरूपया **योऽनुग्रहो** निर्वाणबीजलाभभूतो जगत्त्रयस्याप्युपकारः **तस्याङ्गता** कारणभावः, भगवतो हि प्रतीत्य तत्तन्निबान्धनाया भक्तिभरनिर्भरामरप्रभुप्रभृतिप्रभूतसत्त्वसंपादितायाः पूजायाः सकाशात् भूयसां भव्यानां मोक्षानुगुणो महानुपकारः संपद्यते इति ॥१६॥

**તીર્થંકરપદ પૂજાદ્વારા ઉપકારનું કારણ છે.** જન્મકાળથી આરંભી મોક્ષની પ્રાપ્તિ સુધી તે તે નિમિત્તથી જીવો પ્રભુની મેરુપર્વતના શિખર ઉપર જન્માભિષેક આદિ પૂજા કરે છે. એ પૂજાથી ત્રણેય જગત ઉપર મોક્ષબીજના લાભ સ્વરૂપ ઉપકાર થાય છે. એ ઉપકારનું કારણ તીર્થંકરપદ છે. ભગવાન ઉપર શ્રદ્ધા રાખીને તે તે નિમિત્તથી ભક્તિસમૂહથી ભરેલા દેવેંદ્રો વગેરે ઘણા જીવોએ કરેલી ભગવાનની પૂજાથી ઘણા ભવ્ય જીવો ઉપર મોક્ષને અનુકૂલ મહાન ઉપકાર થાય છે. (૧૬)

तथा–

## प्रातिहार्योपयोगः ॥१७॥४९८॥ इति ।

प्रतिहारकर्म **प्रातिहार्यम्,** तच्च अशोकवृक्षादि, यदवाचि-

अशोकवृक्षः सुरपुष्पवृष्टिर्दिव्यो ध्वनिश्चामरमासनं च।
भामण्डलं दुन्दुभिरातपत्रं सत्प्रातिहार्याणि जिनेश्वराणाम् ॥२२३॥ (                )

तस्योपयोगः उपजीवनमिति ॥१७॥

**તીર્થંકરપદમાં પ્રાતિહાર્યનો ઉપયોગ થાય છે**. પ્રતિહારની (= દ્વારપાલની) ક્રિયા તે પ્રાતિહાર્ય. ભગવાનને અશોકવૃક્ષ વગેરે પ્રાતિહાર્ય હોય છે. કહ્યું છે કે- **"અશોકવૃક્ષ, સુરપુષ્પવૃષ્ટિ, દિવ્યધ્વનિ, ચામર, આસન, ભામંડલ, દુંદુભિ અને છત્ર એ સુંદર પ્રાતિહાર્યો જિનેશ્વરોને હોય છે."** (૧૭)

ततः

## परं परार्थकरणम् ॥१८॥४९९॥ इति ।

**परं** प्रकृष्टं **परार्थस्य** परप्रयोजनस्य सर्वसत्त्वस्वभाषापरिणामिन्या पीयूषपानसमधिकानन्ददायिन्या सर्वतोऽपि योजनमानभूमिभागयायिन्या वाण्या अन्यैश्च

तैस्तैश्चित्रैरुपायैः **करणं** निष्पादनमिति ।।१८।।

**ભગવાનના ઉત્કૃષ્ટ પરોપકારનું વર્ણન**

**(ततः=) તીર્થંકરપદમાં આઠ પ્રાતિહાર્યનો ઉપયોગ થતો હોવાથી ઉત્કૃષ્ટ પરપ્રયોજન ( = પરોપકાર) કરવામાં આવે છે.** સર્વ જીવોની પોતાની ભાષામાં પરિણમતી, અમૃતપાનથી પણ અધિક આનંદ આપનારી અને બધી ય તરફ યોજન પ્રમાણ ભૂમિ સુધી પહોંચનારી વાણી વડે અને બીજા પણ તે તે વિચિત્ર ઉપાયોથી પરપ્રયોજન ( = પરોપકાર) કરવામાં આવે છે. (૧૮)

एतदेव **'अविच्छेदेन'** इत्यादिना **'इति परं परार्थकरणम्'** एतदन्तेन सूत्रकदम्बकेन स्फुटीकुर्वन्नाह -

**अविच्छेदेन भूयसां मोहान्धकारापनयनं हृद्यैर्वचनभानुभिः ।।१९।५००।। इति ।**

**अविच्छेदेन** यावज्जीवमपि **भूयसाम्** अनेकलक्षकोटिप्रमाणानां भव्यजन्तूनां **मोहान्धकारस्य** अज्ञानान्धतमसस्याप**नयनम्** अपसारः **हृद्यैः हृदयङ्गमैः वचनभानुभिः** वाक्यकिरणैः ।।१९।।

**આ જ વિષયને अविच्छेदेन ઈત્યાદિ સૂત્રથી આરંભી इति परं परार्थकरणम् એ સૂત્ર સુધીનાં ( ૧૯ થી ૨૫ સુધીનાં) સૂત્રોથી સ્પષ્ટ કરતા ગ્રંથકાર કહે છે :-**

જીવન પર્યંત અનેક લાખો - ક્રોડો ભવ્ય જીવોના અજ્ઞાનરૂપ ઘોર અંધકારને હૃદયપ્રિય વચન રૂપ સૂર્યકિરણો વડે દૂર કરવામાં આવે છે. (૧૯)

मोहान्धकारे चापनीते यत् स्यात् प्राणिनां तदाह–

**सूक्ष्मभावप्रतिपत्तिः ।।२०।।५०१।। इति ।**

**सूक्ष्माणाम्** अनिपुणबुद्धिभिरगम्यानां **भावानां** जीवादीनां **प्रतिपत्तिः** अवबोधः ।।२०।।

**અજ્ઞાનરૂપ અંધકાર દૂર કર્યે છતે જીવોનું જે થાય છે તે કહે છે :-**

સ્થૂલબુદ્ધિવાળા જીવોથી ન જાણી શકાય તેવા સૂક્ષ્મ જીવાદિ પદાર્થોનો બોધ થાય છે. (૨૦)

ततः-

**श्रद्धामृतास्वादनम् ।।२१।।५०२।। इति ।**

सूक्ष्मभावेष्वेव या **श्रद्धा** रुचिः सैवा**मृतं** त्रिदशभोजनं तस्या**स्वादनं** हृदयजिह्वया समुपजीवनमिति ॥२१॥

(ततः) સૂક્ષ્મ જીવાદિ પદાર્થોનો બોધ થવાથી સૂક્ષ્મ પદાર્થો વિષે થયેલી શ્રદ્ધારૂપ અમૃતનો આસ્વાદ લે છે, અર્થાત્ હૃદય રૂપ જીભથી શ્રદ્ધારૂપ અમૃતનો ઉપયોગ • કરે છે. (૨૧)

ततः-

## सदनुष्ठानयोगः ॥२२॥५०३॥ इति ।

**सदनुष्ठानस्य** साधु-गृहस्थधर्माभ्यासरूपस्य **योगः** सम्बन्धः ॥२२॥

(ततः) શ્રદ્ધારૂપ અમૃતનો આસ્વાદ લેવાથી સાધુધર્મ અને ગૃહસ્થધર્મના અભ્યાસ રૂપ સદ્ અનુષ્ઠાનનો સંબંધ થાય છે. (૨૨)

ततः-

## परमापायहानिः ॥२३॥५०४॥ इति ।

**परमा** प्रकृष्टा **अपायहानिः** नारकादिकुगतिप्रवेशलभ्यानर्थसार्थोच्छेदः ॥२३॥

(ततः) સદ્ અનુષ્ઠાનોનો સંબંધ થવાના કારણે નરકાદિ કુગતિમાં પ્રવેશથી થનારા અનર્થસમૂહનો પ્રકૃષ્ટ ઉચ્છેદ થાય છે. (૨૩)

ततोऽपि उपक्रियमाणभव्यप्राणिनां यत् स्यात् तदाह-

## सानुबन्धसुखभाव उत्तरोत्तरः प्रकामप्रभूतसत्त्वोपकाराय अवन्ध्यकारणं निर्वृतेः ॥२४॥५०५॥ इति ।

**सानुबन्धसुखभावः उत्तरोत्तरः** उत्तरेषु प्रधानेषूत्तरः प्रधानः **प्रकामः** प्रौढः **प्रभूतः** अतिबहुः यः **सत्त्वोपकारः** तस्मै संपद्यते, स च **अवन्ध्यकारणम्** अवन्ध्यो हेतुः **निर्वृतेः** निर्वाणस्य ॥२४॥

**અનર્થોનો ઉચ્છેદ થવાથી પણ ઉપકાર કરાતા ભવ્ય પ્રાણીઓનું જે થાય છે**

• આ અધ્યાયના ૧૭ મા સૂત્રમાં उपयोगः उपजीवनम् આ પ્રમાણે ઉપયોગનો અર્થ ઉપજીવન કર્યો છે. એટલે ઉપજીવનનો અર્થ ઉપયોગ થાય.

**તે કહે છે :-**

અનુબંધસહિત અને ઉત્તરોત્તર અધિક શ્રેષ્ઠ એવા સુખની પ્રાપ્તિ થાય છે. તે સુખપ્રાપ્તિ જીવોને સ્થિર અને ઘણા ઉપકાર • માટે થાય છે. તથા એ સુખની પ્રાપ્તિ મોક્ષનું અવંધ્ય ( = નિષ્ફળ ન જાય તેવું) કારણ છે. (૨૪)

निगमयन्नाह–

**इति परं परार्थकरणम् ॥२५॥५०६॥ इति ।**

**इति** एवं यथा प्रागुक्तं **परं परार्थकरणं** तस्य भगवत इति ॥२५॥

**ઉપસંહાર કરતા ગ્રંથકાર કહે છે :-**

આ પ્રમાણે તે ભગવાન ઉત્કૃષ્ટ પરોપકાર કરે છે. (૨૫)

साम्प्रतं पुनरप्युभयोः साधारणं धर्मफलमाह–

**भवोपग्राहिकर्मविगमः ॥२६॥५०७॥ इति ।**

परिपालितपूर्वकोट्यादिप्रमाणसयोगकेवलिपर्याययोरन्ते **भवोपग्राहिकर्मणां** वेदनीयाऽऽयुर्नाम-गोत्ररूपाणां **विगमो** नाशो जायते ॥२६॥

## ફરી પણ સામાન્યધર્મ ફળનું વર્ણન

**હવે ફરી પણ તીર્થંકર અને અતીર્થંકર એ બંનેનું સામાન્યધર્મફળ કહે છે :-**

પૂર્વ ક્રોડ આદિ પ્રમાણવાળા સયોગિકેવલિપર્યાયને પાળ્યા બાદ અંતે બંનેના **વેદનીય - આયુષ્ય - નામ - ગોત્ર એ ચાર ભવોપગ્રાહી કર્મોનો નાશ થાય છે.** (૨૬)

ततः-

**निर्वाणगमनम् ॥२७॥५०८॥ इति।**

निर्वान्ति देहिनोऽस्मिन्निति **निर्वाणं** सिद्धिक्षेत्रं जीवस्यैव स्वरूपावस्थानं वा तत्र **गमनम्** अवतारः ॥२७॥

**(ततः) ભવોપગ્રાહી કર્મોનો નાશ થતાં જીવ નિર્વાણને પામે છે.** જીવો જેમાં

• કારણ કે સુખસામગ્રીનો ઉપયોગ કેવલ પોતાના માટે જ ન કરે, બીજાઓના માટેપણ કરે, તથા જીવન પર્યંત બીજાના દુઃખને દૂર કરે માટે સ્થિર ઉપકાર કરે, અથવા ધર્મ પમાડવાથી સ્થિર ઉપકાર કરે.

શાંતિને પામે છે તે નિર્વાણ. સિદ્ધિક્ષેત્ર નિર્વાણ છે. નિર્વાણ એ જીવના જ પોતાના રૂપમાં (= સ્વભાવમાં) રહેવા સ્વરૂપ છે, અર્થાત્ નિર્વાણ એ જીવની સ્વાભાવિક અવસ્થા છે. (૨૭)

तत्र च–

**पुनर्जन्माद्यभावः ॥२८॥५०९॥ इति।**

**पुनः** द्वितीयतृतीयादिवारया **जन्मादीनां** जन्म-जरा-मरणप्रभृतीनामनर्थानाम् **अभावः** आत्यन्तिकोच्छेदः ॥२८॥

ત્યાં પુનર્જન્મ વગેરેનો અભાવ હોય છે, અર્થાત્ ત્યાં જન્મ - જરા - મરણ વગેરે અનર્થોનો ફરી ન થાય તે રીતે ઉચ્છેદ થાય છે. • (૨૮)

अत्र हेतुः-

**बीजाभावतोऽयम् ॥२९॥५१०॥ इति।**

**बीजस्य** अनन्तरमेव वक्ष्यमाण**स्याभावात् अयं** पुनर्जन्माद्यभाव इति ॥२९॥ ५१०॥

**પુનર્જન્મ વગેરેના અભાવમાં હેતુ કહે છે :-**

**પુનર્જન્માદિના બીજનો અભાવ થવાથી પુનર્જન્માદિનો અભાવ થાય છે.** એ બીજને હવે પછીના જ સૂત્રમાં કહેશે. (૨૯)

बीजमेव व्याचष्टे–

**कर्मविपाकस्तत् ॥३०॥५११॥ इति।**

**कर्मणां** ज्ञानावरणादीनां **विपाकः** उदयः **तत्** पुनर्जन्मादिबीजमिति ॥३०॥

**બીજનું જ વ્યાખ્યાન કરે છે :-**

પુનર્જન્મ વગેરેનું બીજ જ્ઞાનાવરણીય વગેરે કર્મોનો ઉદય છે. (૩૦)

न च वक्तव्यमेषोऽपि निर्वाणगतो जीवः सकर्मा भविष्यति इत्याह–

• द्वितीयतृतीयादिवारया એ પદનો અર્થ વાક્યરચના ક્લિષ્ટ ન બને એ માટે ભાવાનુવાદમાં લીધો નથી. વાચકોએ સ્વયં સમજી લેવો.

**अकर्मा चासौ ॥३१॥५१२॥ इति।**

**अकर्मा च** कर्मविकलश्च **असौ** निर्वाणशरणो जीवः ॥३१॥

**નિર્વાણને • પામેલો આ પણ જીવ કર્મસહિત હશે એમ ન કહેવું એમ ગ્રંથકાર કહે છે :-**

નિવાર્ણને પામેલો જીવ કર્મરહિત છે. (૩૧)

भवतु नाम अकर्मा, तथापि पुनर्जन्माद्यस्य भविष्यतीत्याह-

**तद्वत एव तद्ग्रहः ॥३२॥५१३। इति।**

**तद्वत एव** कर्मवत एव **तद्ग्रहः** पुनर्जन्मादिलाभः ॥३२॥

**નિર્વાણને પામેલો જીવ ભલે કર્મરહિત હોય તો પણ એને પુનર્જન્મ વગેરેની પ્રાપ્તિ થશે એમ કોઈ કહે તો તેનો ઉત્તર કહે છે :-**

કર્મવાળા જ જીવને પુનર્જન્મ વગેરેની પ્રાપ્તિ થાય છે. (૩૨)

ननु क्रियमाणत्वेन कर्मण आदिमत्त्वप्रसङ्गेन कथं सर्वकालं कर्मवत एव तद्ग्रह इत्याशङ्क्याह -

**तदनादित्वेन तथाभावसिद्धेः ॥३३॥५१४॥ इति।**

**तस्य** कर्मणः कृतकत्वेऽ**प्यनादित्वेन** द्वितीयाध्यायप्रपञ्चितयुक्त्या **तथाभावस्य** तद्वत एव तद्ग्रहरूपस्य **सिद्धेः** निष्पत्तेरिति ॥३३॥

**કર્મ કરાતા હોવાથી તેની આદિની સિદ્ધિ થવાના કારણે સર્વકાળે કર્મવાળા જ જીવને પુનર્જન્મ વગેરેની પ્રાપ્તિ કેમ થાય એવી આશંકા કરીને તેનો ઉત્તર કહે છે:-**

કર્મો ઉત્પન્ન કરાયા હોવા છતાં આદિરહિત હોવાથી બીજા અધ્યાયમાં ( ૫૧ વગેરે સૂત્રોમાં ) વિસ્તારથી જણાવેલી યુક્તિથી કર્મવાળા જ જીવને પુનર્જન્મ વગેરે થાય છે, એ વિષયની સિદ્ધિ થાય છે. આથી સર્વકાળે કર્મવાળા જ જીવને પુનર્જન્મ વગેરે થાય છે. (૩૩)

• સંસારમાં રહેલ જીવ તો કર્મસહિત છે જ, પણ નિર્વાણને પામેલો આ પણ જીવ કર્મસહિત હશે એમ 'પણ' શબ્દનો અર્થ છે.

ननु
ज्ञानिनो धर्मतीर्थस्य कर्त्तारः परमं पदम् ।
गत्वाऽऽगच्छन्ति भूयोऽपि भवं तीर्थनिकारतः ।।२२४।। (        ) इति वचनप्रामाण्यात् कथं नाकर्मणोऽपि जन्मादिग्रह इत्याशङ्क्याह–

**सर्वविप्रमुक्तस्य तु तथास्वभावत्वान्निष्ठितार्थत्वान्न तद्ग्रहणे निमित्तम् ।।३४।।५१५।। इति ।**

**सर्वेण कर्मणा विप्रमुक्तस्य** पुनस्त**थास्वभावत्वात्** तत्प्रकाररूपत्वात्, किमित्याह- **निष्ठितार्थत्वात्** निष्पन्ननिःशेषप्रयोजनत्वाद् धेतोः नैव **तद्ग्रहणे** जन्मादिग्रहणे **निमित्तं** हेतुः समस्तीति, अयमभिप्रायः- यो हि सर्वैः कर्मभिः सर्वथापि विप्रमुक्तो भवति न तस्य जन्मादिग्रहणे किञ्चिन्निमित्तं समस्ति, निष्ठितार्थत्वेन जन्मादिग्राहकस्वभावाभावात् यश्च तीर्थनिकारलक्षणो हेतुः कैश्चित् परिकल्प्यते सोऽप्यनुपपन्नः कषायविकारजन्यत्वात् तस्येति ।।३४।।

**"ધર્મતીર્થના કરનારા જ્ઞાનીઓ પરમપદમાં (= મોક્ષમાં) જઇને તીર્થનો નાશ થવાના કારણે (તીર્થનો ઉદ્ધાર કરવા માટે) ફરી પણ સંસારમાં આવે છે" આવું વચન પ્રમાણભૂત હોવાથી કર્મરહિત પણ જીવને જન્મ વગેરેની પ્રાપ્તિ કેમ ન થાય એવી આશંકા કરીને તેનો ઉત્તર કહે છે :-**

**સર્વકર્મોથી સર્વથા મુક્ત બનેલા જીવનાં સર્વ કાર્યો સિદ્ધ થઇ ગયા હોવાથી તેનો જન્મ વગેરેને લેવાનો સ્વભાવ ન હોવાથી જન્માદિ લેવામાં કોઇ નિમિત્ત નથી.**

અહીં અભિપ્રાય આ પ્રમાણે છેઃ- જે સર્વકર્મોથી સંપૂર્ણપણે મુક્ત થાય તેને જન્માદિ લેવામાં કોઇ નિમિત્ત રહ્યું નથી. કારણકે તેનાં સર્વ કાર્યો સિદ્ધ થઇ ગયા હોવાથી તેનો જન્માદિ લેવાનો સ્વભાવ નથી. કોઇક પુરુષોથી જે તીર્થનાશરૂપ હેતુ કલ્પાય છે તે પણ યુક્તિયુક્ત નથી. કારણકે તે હેતુ કષાયરૂપ વિકારથી ઉત્પન્ન થાય છે. (સિદ્ધ થયેલા જીવમાં કષાયરૂપ વિકાર ન હોય.) (૩૪)

एवं च सति यत् सिद्धं तदाह–

**नाजन्मनो जरा ।।३५।।५१६।। इति।**

**न** नैव **अजन्मनः** उत्पादविकलस्य **जरा** वयोहानिलक्षणा संपद्यते ।।३५।।

**આ પ્રમાણે થયે છતે જે સિદ્ધ થયું તે કહે છે :-**

જન્મરહિતને ઉંમરની હાનિરૂપ જરા આવતી નથી. (૩૫)

एवं च

**न मरणभयशक्तिः ॥३६॥५१७॥ इति।**

नेति प्रतिषेधे **मरणभयस्य** प्रतीतरूपस्य संबन्धिनी **शक्तिः** बीजरूपेति ॥३६॥

અને એ રીતે મરણભયનું બીજ પણ રહેતું નથી. (૩૬)

तथा–

**न चान्य उपद्रवः ॥३७॥५१८॥ इति॥**

**न च** नैव **अन्यः** तृष्णा - बुभुक्षादिः **उपद्रवो** व्यसनम् ॥३७॥

તથા ભૂખ - તરસ વગેરે બીજું કોઈ દુઃખ રહેતું નથી. (૩૭)

तर्हि किं तत्र स्यादित्याशङ्क्याह–

**विशुद्धस्वरूपलाभः ॥३८॥५१९॥ इति।**

**विशुद्धं** निर्मलीमसं यत् **स्वरूपं** तस्य **लाभः** प्राप्तिः ॥३८॥

**તો પછી ત્યાં શું હોય એવી આશંકા કરીને તેનો ઉત્તર કહે છે :-**

ત્યાં વિશુદ્ધ સ્વરૂપની પ્રાપ્તિ થાય છે. (૩૮)

तथा–

**आत्यन्तिकी व्याबाधानिवृत्तिः ॥३९॥५२०॥ इति ।**

अत्यन्तं भवा **आत्यन्तिकी व्याबाधानिवृत्तिः** शारीर - मानसव्यथाविरहः ॥३९॥

તથા ફરી ન થાય તે રીતે શારીરિક - માનસિક પીડાનો વિરહ થાય છે. (૩૯)

तामेव विशिनष्टि–

**सा निरुपमं सुखम् ॥४०॥५२१॥ इति ।**

**सा** आत्यन्तिकी व्याबाधानिवृत्तिः **निरुपमम्** उपमानातीतं **सुखम्** ॥४०॥

**પીડાના વિરહને જ વિશેષ રૂપે કહે છે :-**

ફરી ન થાય તે રીતે શારીરિક અને માનસિક પીડાનો વિરહ અનુપમ સુખ છે. (૪૦)

अत्र हेतुः–

**सर्वत्राप्रवृत्तेः ॥४१॥५२२॥ इति।**

***सर्वत्र*** *हेये उपादेये च वस्तुनि* ***अप्रवृत्तेः*** *अव्यापारणात् ॥४१॥*

**પીડાના વિરહમાં હેતુ આ પ્રમાણે છે :-**

હેય અને ઉપાદેય વસ્તુમાં પ્રવૃત્તિ ન થવાથી પીડાનો વિરહ હોય છે. (૪૧)

इयमपि कथमित्याह–

**समाप्तकार्यत्वात् ॥४२॥५२३॥ इति।**

**समाप्तानि** निष्ठितानि **कार्याणि** यस्य स तथा, तद्भावस्तत्त्वं तस्मात् ॥४२॥

**પ્રવૃત્તિનો અભાવ શાથી હોય છે તે કહે છે :-**

સર્વકાર્યો પૂર્ણ થઈ ગયા હોવાથી પ્રવૃત્તિ હોતી નથી. (૪૨)

अत्रैवाभ्युच्चयमाह–

**न चैतस्य क्वचिदौत्सुक्यम् ॥४३॥५२४॥ इति ।**

**न** नैव **चः** समुच्चये **एतस्य** निर्वृतस्य जन्तोः **क्वचिदर्थे औत्सुक्यं** काङ्क्षारूपम् ॥४३॥

**પ્રસ્તુત વિષયમાં જ વિશેષ કહે છે :-**

નિર્વાણ પામેલા જીવને કોઈ પણ વિષયમાં ઈચ્છારૂપ ઉત્સુકતા હોતી નથી. (૪૩)

ननु किमित्येतन्निषिध्यत इत्याह -

**दुःखं चैतत् स्वास्थ्यविनाशनेन ॥४४॥५२५॥ इति।**

**दुःखं** पुनरेतद् **औत्सुक्यम्,** कथमित्याह- **स्वाास्थ्यविनाशनेन** स्वास्थ्यस्य सर्वसुखमूलस्यापनयनेन ॥४४॥

**ઉત્સુકતાનો નિષેધ કેમ કરવામાં આવે છે એ પ્રશ્નનો ઉત્તર કહે છે:-**

ઉત્સુકતા દુ:ખ છે. કારણકે ઉત્સુકતા સર્વસુખનું મૂલ એવા સ્વાસ્થ્યનો વિનાશ કરે છે. (અહીં પોતાનામાં જ રહેવું એ સ્વાસ્થ્ય સમજવું.) (૪૪)

यदि नामौत्सुक्यात् स्वास्थ्यविनाशस्तथापि कथमस्य दुःखरूपतेत्याशङ्क्याह -

**दुःखशक्त्युद्रेकतोऽस्वास्थ्यसिद्धेः ॥४५॥५२६॥ इति ।**

**दुःखशक्तेः** दुःखबीजरूपाया **उद्रेकतः** उद्भवात् सकाशाद् **अस्वास्थ्यस्य** स्वात्मन्येवास्वस्थतारूपस्य **सिद्धेः** संभवात् ॥४५॥

**જો ઉત્સુકતાથી સ્વાસ્થ્યનો વિનાશ થાય છે તો પણ ઉત્સુકતા દુ:ખરૂપ કેમ છે એવી આશંકા કરીને તેનો ઉત્તર કહે છે :-**

દુ:ખના બીજની ઉત્પત્તિથી પોતાના આત્મામાં જ અસ્વાસ્થ્યની ઉત્પત્તિ થાય છે. (ઉત્સુકતા દુ:ખનું બીજ છે. પરમાર્થથી દુ:ખનું બીજ (= કારણ) જ દુ:ખ કહેવાય છે. આથી પરમાર્થથી ઉત્સુકતા દુ:ખરૂપ છે.) (૪૫)

अस्वास्थ्यसिद्धिरपि कथं गम्या इत्याह–

**हितप्रवृत्त्या ॥४६॥५२७॥ इति**

**हितप्रवृत्त्या, हितेषु** दुःखशक्त्युद्रेकवशसंजातास्वास्थ्यनिवर्त्तकेषु वस्तुषु मनःप्रीतिप्रदप्रमदादिषु **प्रवृत्त्या** चेष्टनेन ॥४६॥

**અસ્વાસ્થ્યની ઉત્પત્તિ થઈ છે તે પણ કેવી રીતે જાણી શકાય તે કહે છે :-**

• હિતકારી = દુ:ખબીજની ઉત્પત્તિના કારણે ઉત્પન્ન થયેલા અસ્વાસ્થ્યને દૂર કરનારી અને મનને હર્ષ આપનારી સ્ત્રી આદિ વસ્તુઓમાં પ્રવૃત્તિ થવાથી અસ્વાસ્થ્યની ઉત્પત્તિ થઈ છે એ જાણી શકાય છે. (જો અસ્વાસ્થ્યની ઉત્પત્તિ જ ન થઈ હોય તો તેવી વસ્તુઓમાં પ્રવૃત્તિ કેમ થાય ? તેવી વસ્તુઓમાં પ્રવૃત્તિ થાય છે એ જ સૂચવે છે કે અસ્વાસ્થ્યની ઉત્પત્તિ થઈ છે.) (૪૬)

• હિતકારી અને મનને હર્ષ આપનારી એ બે વિશેષણો સ્ત્રી આદિ વસ્તુઓના છે. સ્ત્રી આદિ વસ્તુઓ અલ્પસમય સુધી અસ્વાસ્થ્યને દૂર કરે છે એ અપેક્ષાએ અહીં સ્ત્રી આદિ વસ્તુઓને હિતકારી કહી છે.

अथ स्वास्थ्यस्वरूपमाह–

**स्वास्थ्यं तु निरुत्सुकतया प्रवृत्तेः ॥४७॥५२८॥ इति ।**

**स्वास्थ्यम्** अस्वास्थ्यविलक्षणं पुनः **निरुत्सुकतया** औत्सुक्यपरिहारेण **प्रवृत्तेः** सर्वकृत्येषु ॥४७॥

**હવે સ્વાસ્થ્યનું સ્વરૂપ કહે છે :-**

સર્વકાર્યોમાં ઉત્સુકતા છોડીને થતી પ્રવૃત્તિથી સ્વાસ્થ્યની ઉત્પત્તિ થાય છે. (૪૭)

एवं च सति यत्सिद्धं तदाह–

**परमस्वास्थ्यहेतुत्वात् परमार्थतः स्वास्थ्यमेव ॥४८॥५२९॥ इति।**

**परमस्वास्थ्यहेतुत्वात्** चित्तविप्लवपरिहारेण प्रकृष्टस्वावस्थाननिमित्तत्वात् **परमार्थतः** तत्त्ववृत्त्या **स्वास्थ्यमेव 'निरुत्सुकतया प्रवृत्तेः'** इति संबध्यते, सा च भगवति केवलिनि समस्ति इति सिद्धं यदुत न तस्य क्वचिदौत्सुक्यमिति ॥४८॥

આ પ્રમાણે થયે છતે જે સિદ્ધ થયું છે તે કહે છે :-

**ઉત્સુકતા છોડીને થતી પ્રવૃત્તિ પરમસ્વાસ્થ્યનો = માનસિક ઉપદ્રવોનો ત્યાગ કરીને પોતાનામાં રહેવાનો ઉત્કૃષ્ટ હેતુ છે. આથી પરમાર્થથી ઉત્સુકતા છોડીને થતી પ્રવૃત્તિ જ સ્વાસ્થ્ય છે.** અને તે (= ઉત્સુકતા છોડીને થતી પ્રવૃત્તિ) કેવલી ભગવાનમાં છે. આથી સિદ્ધ થયું કે કેવલી ભગવાનને કોઇ વસ્તુમાં ઉત્સુકતા નથી. (૪૮)

ननु भवेऽपवर्गे चैकान्ततो निःस्पृहस्य कथं विहितेतरयोरर्थयोरस्य प्रवृत्ति-निवृत्ती स्यातामिति, उच्यते, द्रव्यत एव पूर्वसंस्कारवशात् कुलालचक्रभ्रमवत् स्याताम् । एतत् भावयन्नाह-

**भावसारे हि प्रवृत्त्यप्रवृत्ती सर्वत्र प्रधानो व्यवहारः ॥४९॥५३०॥ इति।**

**भावसारे** मानसविकल्पपुरःसरे, **हि**शब्दः पूर्वोक्तभावनार्थः, **प्रवृत्त्यप्रवृत्ती सर्वत्र** विहितेतरयोरर्थयोर्विषये, किमित्याह- **प्रधानो** भावरूपः **व्यवहारो** लोकाचाररूपः, इदमुक्तं भवति- यैव मनःप्रणिधानपूर्विका क्वचिदर्थे प्रवृत्तिर्निवृत्तिर्वा तामेव तात्त्विकीं तत्त्ववेदिनो वदन्ति, न पुनरन्याम्, यतोऽनाभोगादिभिः परिपूर्णश्रामण्यक्रियावन्तोऽपि अभव्यादयो न तात्त्विकश्रामण्यक्रियावत्तया समये व्यवहृताः, तथा संमूर्च्छनजमत्स्यादयः

सप्तमनरकपृथ्वीप्रायोग्यायुर्बन्धनिमित्तमहारम्भादिपापस्थानवर्तिनोऽपि तथाविधभावविकलत्वान्न तदायुर्बन्धं प्रति प्रत्यलीभवन्ति, एवं सयोगकेवलिनोऽपि सर्वत्र निःस्पृहमनसः पूर्वसंस्काराद्विहितेतरयोरर्थयोः प्रवृत्ति-निवृत्ती कुर्वन्तोऽपि न भावतस्तद्वन्तो व्यवह्रियन्ते ॥४९॥

**પ્રશ્ન :- સંસાર અને મોક્ષમાં એકાંતે નિઃસ્પૃહ એવા કેવલી ભગવાનની વિહિત વિષયમાં પ્રવૃત્તિ અને નિષિદ્ધ વિષયમાં નિવૃત્તિ કેવી રીતે થાય ? (કારણકે હું આમ કરું, હુ આમ ન કરું ઇત્યાદિ કોઇ પ્રકારની ઉત્સુકતા તેનામાં નથી) ઉત્તર-:- પૂર્વના સંસ્કારના કારણે કુંભારચક્રના ભ્રમણની જેમ દ્રવ્યથી જ થાય છે. અહીં ભાવાર્થ આ પ્રમાણે છે :- કુંભાર દંડથી ચક્રને ફેરવીને દંડ લઈ લે છે તો પણ પૂર્વના વેગથી ચક્ર ભમ્યા કરે છે. તે રીતે કેવલી ભગવાન કેવલજ્ઞાન પામ્યા પહેલાં શાસ્ત્રના આધારે વિહિતમાં પ્રવૃત્તિ અને નિષિદ્ધમાં નિવૃત્તિ કરતા હતા, તેના જે સંસ્કારો પડયા એ સંસ્કારોના આધારે કેવલજ્ઞાન પામ્યા પછી ઉત્સુકતા વિના પણ વિહિતમાં પ્રવૃત્તિ અને નિષિદ્ધમાં નિવૃત્તિ કરે છે. એથી જ તેમની પ્રવૃત્તિ અને નિવૃત્તિ દ્રવ્યથી થાય છે, ભાવથી નહિ. આ વિષયને વિચારતા ગ્રંથકાર કહે છે :-**

**સર્વકાળે અને સર્વસ્થળે માનસિક વિકલ્પપૂર્વક થતી વિહિતમાં પ્રવૃત્તિ અને નિષિદ્ધમાં નિવૃત્તિ ભાવવ્યવહાર કહેવાય છે.**

અહીં ભાવાર્થ આ પ્રમાણે છેઃ- કોઇપણ વિષયમાં જે પ્રવૃત્તિ કે નિવૃત્તિ માનસિક પ્રણિધાન (= ઉપયોગ - વિચાર) પૂર્વક થાય તેને જ તત્ત્વવેદીઓ તાત્ત્વિક કહે છે, પણ અન્યને નહિ. કારણકે અભવ્ય વગેરે અનાભોગ આદિથી પરિપૂર્ણ સાધુક્રિયાવાળા હોવા છતાં શાસ્ત્રમાં તેમનો તાત્ત્વિક સાધુક્રિયાવાળા તરીકે વ્યવહાર કરાયો નથી, અર્થાત્ તેમને તાત્ત્વિક સાધુક્રિયાવાળા માનવામાં આવ્યા નથી. તથા સંમૂર્ચ્છિમ મત્સ્ય વગેરે સાતમી નરક પૃથ્વીને પ્રાયોગ્ય આયુષ્યના બંધનું કારણ એવા મહારંભ વગેરે પાપસ્થાનમાં રહેનારા હોવા છતાં તેવા પ્રકારના ભાવથી રહિત હોવાથી સાતમી નરકનું આયુષ્ય બાંધવા સમર્થ બનતા નથી. એ પ્રમાણે સર્વત્ર નિઃસ્પૃહમનવાળા સયોગી કેવલીઓ પણ પૂર્વના સંસ્કારથી વિહિતમાં પ્રવૃત્તિ અને નિષિદ્ધમાં નિવૃત્તિ કરતા હોવા છતાં તેઓ ભાવથી પ્રવૃત્તિ - નિવૃત્તિવાળા મનાતા નથી. • (૪૯)

• हिशब्दः पूर्वोक्तभावनार्थःએ પદોનો અર્થ સ્વયં સમજી લેવો.

अत्रैवाभ्युच्चमाह–

**प्रतीतिसिद्धश्चायं सद्योगसचेतसाम् ॥५०॥५३१॥ इति।**

**प्रतीतिसिद्धः** स्वानुभवसंवेदिः, **चः** समुच्चये, **अयं** पूर्वोक्तोऽर्थः **सद्योगेन** शुद्धध्यानलक्षणेन ये **सचेतसः** सचित्ताः तेषाम्, संपन्नध्यानरूपामलमानसाः महामुनयः स्वयमेवामुमर्थं प्रतिपद्यन्ते, न पुनरत्र परोपदेशमाकाङ्क्षन्ते इति ॥५०॥

**અહીં જ વિશેષ કહે છે :-**

**પૂર્વોક્ત વિષય (માનસિક પ્રણિધાન વિના દ્રવ્યથી જ પ્રવૃત્તિ - નિવૃત્તિ થાય છે એ વિષય) શુદ્ધધ્યાનરૂપ સદ્‌યોગથી ચિત્તવાળાઓને સ્વાનુભવથી સિદ્ધ છે,** અર્થાત્ નિર્મલ ધ્યાનરૂપ મનવાળા મહામુનિઓ જાતે જ આ વિષયને જાણે છે, પણ આ વિષયમાં પરના ઉપદેશની ઇચ્છા રાખતા નથી. (૫૦)

अथ प्रस्तुतमेवाह–

**सुस्वास्थ्यं च परमानन्दः ॥५१॥५३२॥ इति ।**

निरुत्सुकप्रवृत्तिसाध्यस्वास्थ्याद् यदधिकं स्वास्थ्यं तत् **सुस्वास्थ्य**मुच्यते, तदेव **परमानन्दो** मोक्षसुखलक्षणः ॥५१॥

**હવે પ્રસ્તુત વિષયને જ કહે છે:-**

**સુસ્વાસ્થ્ય જ પરમાનંદ છે, અને તે મોક્ષસુખરૂપ છે.** ઉત્સુકતા રહિત પ્રવૃત્તિથી સાધી શકાય તેવા સ્વાસ્થ્યથી જે અધિક સ્વાસ્થ્ય તે સુસ્વાસ્થ્ય કહેવાય છે. (તેરમા ગુણસ્થાને ઉત્સુકતા રહિત પ્રવૃત્તિથી સાધી શકાય તેવું સ્વાસ્થ્ય હોય છે. પણ મોક્ષમાં કોઇ પ્રવૃત્તિ હોતી નથી. એથી મોક્ષમાં તેનાથી પણ અધિક સ્વાસ્થ્ય = સુસ્વાસ્થ્ય હોય છે. આમ સ્વાસ્થ્ય અને સુસ્વાસ્થ્યમાં ભેદ છે.) (૫૧)

कुत इत्याह–

**तदन्यनिरपेक्षत्वात् ॥५२॥५३३॥ इति।**

**तस्माद्** आत्मनः सकाशादन्यस्**तदन्यः** स्वव्यतिरिक्तः तन्**निरपेक्षत्वात्** ॥५२॥

***સુસ્વાસ્થ્ય જ પરમાનંદ શાથી છે તે કહે છે :-***

*કારણકે સુસ્વાસ્થ્ય આત્મા સિવાય બીજાની અપેક્ષાથી રહિત છે. (૫૨)*

नन्वन्यापेक्षा किं दुःखरूपा यदेवमुच्यते इत्याह–

**अपेक्षाया दुःखरूपत्वात् ॥५३॥५३४॥ इति ।**

प्रतीतार्थमेव ॥५३॥

**શું અન્યની અપેક્ષા દુઃખરૂપ છે ? જેથી આ પ્રમાણે કહેવાય છે, આવા પ્રશ્નનો ઉત્તર કહે છે :-**

કારણકે અપેક્ષા દુઃખરૂપ છે. (૫૩)

एतदेव भावयति–

**अर्थान्तरप्राप्त्या हि तन्निवृत्तिर्दुःखत्वेनानिवृत्तिरेव ॥५४॥५३५॥ इति।**

**अर्थान्तरस्य** इन्द्रियार्थरूपस्य **प्राप्त्या** लाभेन **हिः** यस्मात् **तन्निवृत्तिः** किमित्याह- **दुःखत्वेना**र्थान्तरप्राप्ते**रनिवृत्तिरेव** दुःखस्येति ॥५४॥

**આ જ વિષયને વિચારે છે :-**

**કારણકે ઈંદ્રિયોના વિષયની પ્રાપ્તિથી અપેક્ષાની નિવૃત્તિ થાય છે. ઈંદ્રિયોના વિષયની પ્રાપ્તિ દુઃખરૂપ છે. આથી દુઃખની નિવૃત્તિ થતી નથી.** (દુઃખરૂપ ઈંદ્રિયવિષયની પ્રાપ્તિથી અપેક્ષાની નિવૃત્તિ થાય છે. આનો અર્થ એ થયો કે પહેલાં દુઃખ અને પછી ઈચ્છાની નિવૃત્તિ. આમ અપેક્ષાની નિવૃત્તિ માટે દુઃખનો અનુભવ કરવો પડતો હોવાથી અપેક્ષા દુઃખરૂપ છે. અપેક્ષાની નિવૃત્તિ ન થાય તો પણ દુઃખ અને અપેક્ષાની નિવૃત્તિ થાય તો પણ દુઃખ. આમ અપેક્ષા જ દુઃખરૂપ જ છે.) (૫૪)

अथैनां निर्वृतौ निराकुवन्नाह–

**न चास्यार्थान्तरावाप्तिः ॥५५॥५३६॥ इति ।**

**न च** न पुनः **अस्य** सिद्धस्य **अर्थान्तरावाप्तिः** स्वव्यतिरिक्तभावान्तरसंबन्धः ॥५५॥

**હવે મોક્ષમાં અર્થાંતરની પ્રાપ્તિનો નિષેધ કરતા ગ્રંથકાર કહે છે:-**

**સિદ્ધને અર્થાંતરની પ્રાપ્તિ ન હોય.** અર્થાંતર એટલે પોતાના સિવાય બીજા પદાર્થો. પ્રાપ્તિ એટલે સંબંધ. સિદ્ધનો પોતાના સિવાય બીજા કોઈ પદાર્થ સાથે સંબંધ ન હોય. (આનાથી એ જણાવ્યું કે સિદ્ધને ઈંદ્રિયવિષયની પ્રાપ્તિરૂપ દુઃખ ન હોય.) (૫૫)

एतदेव भावयति–

**स्वस्वभावनियतो ह्यसौ विनिवृत्तेच्छाप्रपञ्चः ॥५६॥५३७॥ इति ।**

**स्वस्वभावनियतः** स्वकीयस्वरूपमात्रप्रतिष्ठितः, **हिः** यस्माद्, **असौ** भगवान् सिद्धो **विनिवृत्तेच्छाप्रपञ्चः** अत्यन्तनिवृत्तसर्वार्थगोचरस्पृहाप्रबन्धः ॥५६॥

**આ જ વિષયને વિચારે છે :-**

સિદ્ધની સર્વવિષયોની ઇચ્છાપરંપરા અત્યંત નિવૃત્ત થઇ ગઇ હોવાથી સિદ્ધ ભગવાન માત્ર પોતાના સ્વરૂપમાં જ રહેલા હોય છે. (૫૬)

आकाशेनापि सह तस्य संबन्धं निराकुर्वन्नाह–

**अतोऽकामत्वात् तत्स्वभावत्वान्न लोकान्तक्षेत्राप्तिराप्तिः ॥५७॥५३८॥**

**अतो** विनिवृत्तेच्छाप्रपञ्च**त्वात्** यद् **अकामत्वं** निरभिलाषत्वं तस्मात् यत् **तत्स्वभावत्वम्** अर्थान्तरनिरपेक्षत्वं तस्मात् न **लोकान्तक्षेत्राप्तिः** सिद्धिक्षेत्रावस्थानरूपा **आप्तिः** अर्थान्तरेण सह संबन्धः ॥५७॥

**સિદ્ધનો આકાશની સાથે પણ સંબંધનો નિષેધ કરતા ગ્રંથકાર કહે છે :-**

સિદ્ધની સર્વવિષયોની ઇચ્છાપરંપરા અત્યંત નિવૃત્ત થઇ ગઇ હોવાથી સિદ્ધ ઇચ્છારહિત છે. સિદ્ધ ઇચ્છારહિત હોવાથી પોતાના સિવાય બીજા કોઇ પણ પદાર્થની અપેક્ષાથી રહિત છે. બીજા પદાર્થની અપેક્ષાથી રહિત હોવાથી તેમનું સિદ્ધક્ષેત્રમાં અવસ્થાન (= રહેવું) બીજા પદાર્થની (= આકાશની) સાથે સંબંધવાળું નથી. (૫૭)

एतदपि भावयति–

**औत्सुक्यवृद्धिर्हि लक्षणमस्याः, हानिश्च समयान्तरे ॥५८॥५३९॥ इति।**

**औत्सुक्यस्य वृद्धिः** प्रकर्षः, **हिः** यस्मात्, **लक्षणं** स्वरूप**मस्याः** अर्थान्तरप्राप्तेः, **हानिश्च** औत्सुक्यस्यैव भ्रंशः **समयान्तरे** प्राप्तिसमयादग्रेतनसमयलक्षणे ॥५८॥

**આ જ વિષયને વિચારે છે:-**

**કારણકે ઉત્સુકતાની વૃદ્ધિ અને બીજા સમયે ઉત્સુકતાની હાનિ એ બીજા પદાર્થની સાથે સંબંધનું સ્વરૂપ છે,** અર્થાત્ બીજા પદાર્થની સાથે સંબંધ એટલે ઉત્સુક્તાની વૃદ્ધિ અને બીજા સમયે ઉત્સુકતાની હાનિ. બીજા સમયે એટલે બીજા

પદાર્થની સાથે સંબંધ થયા પછીના સમયે. (બીજા પદાર્થની સાથે સંબંધ થયા પહેલાં એનો સંબંધ ક્યારે જલદી થાય એવી ઉત્સુકતા વધે છે અને એનો સંબંધ થઇ ગયા પછી ઉત્સુકતાની હાનિ (= નાશ) થાય છે. ) (૫૮)

ननु किमिदमौत्सुक्यलक्षणं सिद्धे नास्ति? अत आह–

**न चैतत् तस्य भगवतः, आकालं तथावस्थितेः ।५९। ५४० ॥ इति।**

**न च** नैव **एतद्** अर्थान्तरप्राप्तिलक्षणमनन्तरोक्तं **तस्य** सिद्धस्य **भगवतः, आकालं** सर्वमप्यागामिनं कालं यावत् **तथावस्थितेः** प्रथमसमयादारभ्य **तथा** तेनैव प्रथमसमय-संपन्नेनैकेन निष्ठितार्थत्वलक्षणेन स्वरूपेणावस्थानात् ॥५९॥

**શું ઉત્સુકતાનું આ સ્વરૂપ સિદ્ધમાં નથી ? એવા પ્રશ્નનો ઉત્તર કહે છે :-**

**બીજા પદાર્થોની સાથે સંબંધનું જે સ્વરૂપ હમણાં જ કહ્યું તે સ્વરૂપ સિદ્ધ ભગવંતનું નથી. કારણકે સિદ્ધ સદા (= સઘળા ભવિષ્યકાળમાં) એક સરખા સ્વરૂપમાં રહે છે.** અર્થાત્ સિદ્ધિક્ષેત્રના પ્રાપ્તિના પ્રથમ સમયે જેવા સ્વરૂપમાં હોય તેવા જ સ્વરૂપમાં સદા રહે. સિદ્ધ જેમ પ્રથમ સમયે કૃતકૃત્ય હોય છે તેમ સર્વકાળે કૃતકૃત્ય હોય છે. (૫૯)

एतदपि कुत इत्याह–

**कर्मक्षयाविशेषात् ॥६०॥५४१॥ इति ।**

**कर्मक्षयस्य** कार्त्स्न्येन सिद्धत्वप्रथमक्षण एव संजातस्य सर्वक्षणेषु **अविशेषात्** अभेदात् ॥६०॥

**આ (= સદા એક સ્વરૂપે રહેવું એ) પણ શાથી છે તે કહે છે :-**

**કારણકે કર્મક્ષયમાં ભેદ નથી.** સિદ્ધાવસ્થામાં પ્રથમ ક્ષણે જ સંપૂર્ણપણે થયેલો કર્મક્ષય સર્વક્ષણોમાં સમાન હોય છે. (૬૦)

एवं सति यत्सिद्धं तदाह–

**इति निरुपमसुखसिद्धिः ॥६१॥५४२॥ इति ।**

**इति** एवमौत्सुक्यात्यन्तिकनिवृत्ते**र्निरुपमसुखसिद्धिः** सिद्धानां श्रद्धेया ॥६१॥

**આ પ્રમાણે થયે છતે જે સિદ્ધ થયું તે કહે છે :-**

**આ પ્રમાણે ઉત્સુકતાની આત્યંતિક (= ફરીથી ન થાય તેવી) નિવૃત્તિ થવાથી સિદ્ધોના અનુપમ સુખની સિદ્ધિ થાય છે** અને તેની શ્રદ્ધા કરવી જોઈએ. (૬૧)

अथोपसंहरन्नाह–

**सद्ध्यानवह्निना जीवो दग्ध्वा कर्मेन्धनं भुवि।**

**सद्ब्रह्मादिपदैर्गीतं स याति परमं पदम् ॥४॥ इति ।**

**सद्ध्यानवह्निना** शुक्लध्यानलक्षणज्वलज्ज्वलनेन करणभूतेन **जीवो** भव्यजन्तुविशेषः **दग्ध्वा** प्रलयमानीय **कर्मेन्धनं** भवोपग्राहिकर्मलक्षणं **भुवि** मनुष्यक्षेत्रलक्षणायाम्, किमित्याह- **सद्ब्रह्मादिपदैः**, सद्भिः सुन्दरैः **ब्रह्मादिपदैः** ब्रह्म-लोकान्तादिभिर्ध्वनिभिर्गीतं शब्दितं **सः** आराधितशुद्धसाधुधर्मो जीवो **याति** प्रतिपद्यते **परमं पदम्** इति ॥४॥

**હવે ઉપસંહાર કરતા ગ્રંથકાર કહે છે :-**

જેણે શુદ્ધ સાધુધર્મની આરાધના કરી છે તે જીવ શુક્લધ્યાનરૂપ બળતા અગ્નિ વડે ભવોપગ્રાહિકર્મરૂપ કાષ્ઠને બાળીને પરમપદને પામે છે. આ પરમપદ મનુષ્યલોકમાં બ્રહ્મ અને લોકાંત વગેરે સુંદર શબ્દોથી કહેવાય છે. અર્થાત્ બ્રહ્મ અને લોકાંત વગેરે શબ્દો પરમપદના પર્યાયવાચી શબ્દો છે. (૪)

न च वक्तव्यम्- अकर्मणः कथं गतिरित्याह–

**पूर्वविधवशादेव तत्स्वभावत्वतस्तथा ।**

**अनन्तवीर्ययुक्तत्वात् समयेनानुगुण्यतः ॥५॥ इति।**

**पूर्वविधवशात्, पूर्वं** संसारावस्थायां य **आवेधः** आवेशो गमनस्य तस्य **वशः**, तस्मात्, एवशब्दोऽवधारणे, **तत्स्वभावत्वतः**, सः ऊर्ध्वगमनलक्षणो बन्धनमुक्तत्वेनैरण्डबीजस्येव स्वभावो यस्य स तथा, तद्भावस्तत्त्वम्, तस्मात्, तथेति हेत्वन्तरसमुच्चये, **अनन्तवीर्ययुक्तत्वाद्** अपारसामर्थ्यसंपन्नत्वात् **समयेनै**केन **आनुगुण्यतः** शैलेश्यवस्थावष्टब्धक्षेत्रमपेक्ष्य समश्रेणितया, **परमपदं यातीत्य**नुवर्त्तत इति ॥५॥

**કર્મરહિત જીવની ગતિ કેવી રીતે થાય તેમ ન કહેવું. કર્મરહિત જીવની ગતિ કેવી રીતે થાય તે કહે છે :-**

સિદ્ધ જીવ પૂર્વાવેશ, તત્સ્વભાવ અને અનંતવીર્ય યુક્તત્વ એ ત્રણ કારણોથી એક સમયમાં સમશ્રેણિથી પરમપદે જાય છે.

**પૂર્વાવેશ** :- પૂર્વનો એટલે પહેલાંનો. આવેશ એટલે વેગ. સંસારાવસ્થામાં ગતિનો જે વેગ હતો તે વેગના કારણે જ સિદ્ધ જીવ (કર્મરહિત હોવા છતાં) પરમપદે જાય છે.

**તત્સ્વભાવ** :- હવે એ પ્રશ્ન થાય કે પૂર્વના વેગથી સિદ્ધ જીવ ગતિ કરે છે તે ઘટે છે. પણ ઉપર જ ગતિ કેમ કરે છે? નીચે કે તિર્છી ગતિ કેમ કરતો નથી? આ પ્રશ્નનો • ઉત્તર तत्स्वभाव શબ્દથી આપ્યો છે. સિદ્ધ જીવનો બંધનથી મુક્ત થયેલા એરંડાના ફળની જેમ ઉપર જવાનો સ્વભાવ છે.

**અનંતવીર્યયુક્તત્વ** :- આત્મા અપાર સામર્થ્યથી યુક્ત છે.

**સમશ્રેણિ** :- શૈલેશી અવસ્થામાં જે ક્ષેત્રનો આશ્રય લીધો હોય તે ક્ષેત્રની અપેક્ષાએ સમશ્રેણિથી પરમપદે જાય છે. (૫)

**स तत्र दुःखविरहादत्यन्तसुखसंगतः।**
**तिष्ठत्ययोगो योगीन्द्रवन्द्यस्त्रिजगतीश्वरः ॥६॥ इति ।**

**सः** अनन्तरोक्तो जीवः **तत्र** सिद्धिक्षेत्रे **दुःखविरहात्** शारीर-मानसबाधावैधुर्यात्, किमित्याह- **अत्यन्तसुखसंगतः** आत्यन्तिकैकान्तिकशर्मसागरोदरमध्यमग्नस्तिष्ठति **अयोगो** मनो-वाक्-कायव्यापारविकलः **योगीन्द्रवन्द्यो** योगिप्रधानमाननीयः, अत एव **त्रिजगतीश्वरः** द्रव्य-भावापेक्षया सर्वलोकोपरिभागवर्त्तितया जगत्त्रयपरमेश्वर इति ॥६॥

સિદ્ધ થયેલ જીવ શારીરિક - માનસિક પીડાથી રહિત હોય છે, અને એથી આત્યંતિક ( = શાશ્વત) અને એકાંતિક (= દુઃખથી રહિત) સુખસાગરના ઊંડા મધ્યભાગમાં મગ્ન રહે છે. મન - વચન - કાયાની પ્રવૃત્તિથી રહિત હોય છે. યોગીઓમાં જે શ્રેષ્ઠ હોય તેને પણ વંદનીય છે અને એથી જ દ્રવ્ય - ભાવની અપેક્ષાએ સર્વલોકના ઉપરના ભાગમાં રહેનારા હોવાથી ત્રણ જગતના પરમેશ્વર છે. (ચૌદરાજના અંતે રહેલા હોવાથી દ્રવ્યથી સર્વલોકના ઉપરના ભાગમાં રહે છે અને બધા જીવોથી અધિક ઐશ્વર્યવાળા હોવાથી ભાવથી સર્વલોકના ઉપરના

• આ વિષે અન્ય ગ્રંથોમાં એરંડફળના દૃષ્ટાંત ઉપરાંત માટીલેપ અને દીપકજ્યોતિ એ બે દૃષ્ટાંતો પણ આપેલા છે. માટીનો લેપ લગાડીને જળમાં ડૂબાવેલું તુંબડું લેપનો સંગ દૂર થતાં પાણીની ઉપર આવી જાય છે. તેમ મુક્તાત્મા કર્મરૂપ સંગથી રહિત થતાં ઉપર જાય છે. જેમ દીપકજ્યોતિનો ઉપર જવાનો સ્વભાવ છે તેમ આત્માનો ઊર્ધ્વગતિ કરવાનો સ્વભાવ છે.

ભાગમાં રહે છે.) (૬)

**॥ इति धर्मबिन्दौ (शेष) धर्मफलविधिः अष्टमोऽध्यायः समाप्तः ॥**

**॥ कृतिराचार्य (श्री) हरिभद्रस्येति॥ मङ्गलं महाश्रीः ॥**

આ પ્રમાણે ધર્મબિંદુ પ્રકરણમાં **"વિશેષથી ધર્મફલવિધિ"** નામનો આઠમો અધ્યાય પૂર્ણ થયો. આ રચના આચાર્ય શ્રી હરિભદ્રસૂરિની છે.

इति श्री**मुनिचन्द्रसू**रिविरचितायां **धर्मबिन्दुप्रकरणवृत्तौ विशेषतो धर्मफलविधि**रष्टमोऽध्यायः समाप्तः ॥

नाविःकर्तुमुदारतां निजधियो वाचां न वा चातुरी-
मन्येनापि च कारणेन न कृता वृत्तिर्मयाऽसौ परम् ।
तत्त्वाभ्यासरसादुपात्तसुकृतोऽन्यत्रापि जन्मन्यहं,
सर्वादीनवहानितोऽमलमना भूयासमुच्चैरिति ॥१॥

॥ इति **श्रीमुनिचन्द्रसूरि**विरचिता **धर्मबिन्दुप्रकरणवृत्तिः** समाप्ता ॥
प्रत्यक्षरं निरूप्यास्या ग्रन्थमानं विनिश्चितम्।
अनुष्टुभां सहस्राणि त्रीणि पूर्णानि बुध्यताम् ॥१॥

## વૃત્તિકારનો વૃત્તિરચનાનો હેતુ

આ વૃત્તિ મેં પોતાની બુદ્ધિની હોંશિયારીને પ્રગટ કરવા માટે, અથવા વાણીની ચતુરાઈને પ્રગટ કરવા માટે, અથવા અન્ય પણ કોઈ કારણથી કરી નથી, કિંતુ તાત્ત્વિક અભ્યાસના રસથી સુકૃતોનું ઉપાર્જન કરી લેનારો હું અન્ય જન્મમાં સર્વદોષોની હાનિથી અત્યંત નિર્મલ મનવાળો બનું એ માટે કરી છે. (૧)

આ પ્રમાણે શ્રીમુનિચંદ્રસૂરિવિરચિત ધર્મબિંદુપ્રકરણની વૃત્તિ પૂર્ણ થઈ. દરેક અક્ષર ગણીને આ ગ્રંથનું પ્રમાણ પૂરા ત્રણ હજાર અનુષ્ટુપ્ શ્લોક છે એવો નિર્ણય

કર્યો છે એમ તમે જાણો.

## અનુવાદકની પ્રશસ્તિ

સુગૃહીત નામધેય પ.પૂ આચાર્ય દેવ શ્રી હરિભદ્રસૂરિ વિરચિત અને સમર્થ સાહિત્ય સર્જક પ.પૂ. આચાર્યદેવ શ્રી મુનિચંદ્રસૂરિ વિરચિત ટીકા સહિત ધર્મબિંદુ ગ્રંથનો સિદ્ધાંત મહોદધિ સ્વ. પ.પૂ. આચાર્યદેવ શ્રી પ્રેમસૂરીશ્વરજી મહારાજના પટ્ટાલંકાર પરમ ગીતાર્થ સ્વ. પ.પૂ. આચાર્યદેવ શ્રી હીરસૂરીશ્વરજી મહારાજના પટ્ટાલંકાર પ.પૂ. આચાર્યદેવ શ્રી લલિતશેખરસૂરીશ્વરજી મહારાજના શિષ્ય આચાર્યશ્રી રાજશેખરસૂરિએ કરેલો ગુજરાતી ભાવાનુવાદ પૂર્ણ થયો.

**સમાપ્તિ સમય**

વિ. સં. ૨૦૫૧ મહાવદ ૫ સોમવાર

**સમાપ્તિ સ્થળ**

જૈન ઉપાશ્રય, મહાવીર ચોક,
બજારપેઠ,
કલ્યાણ - ૪૨૧ ૩૦૧ (મહા.)

— ■ —

# પરિશિષ્ટ

## શ્રી મરુદેવા માતાનો કેવળ જ્ઞાનનો પ્રસંગ (અ. ૨ ગા.૧)

ઋષભદેવે દીક્ષા લીધી ત્યારથી પુત્રના વિરહને યાદ કરીને મરુદેવા માતા દરરોજ રડવા લાગ્યા. આથી આંખમાંથી વહેતા અશ્રુઓના કારણે તેમનાં નેત્રોમાં છારી બાઝી ગઇ, અને નેત્રો બિડાઇ ગયાં. પછી જ્યારે શ્રી આદિનાથ ભગવાનને કેવળજ્ઞાન થયું ત્યારે ભરત મહારાજાએ મરુદેવા માતાને કહ્યું: હે માતાજી ! તમે હમેશાં મને ઠપકો આપતાં હતાં કે મારો સુકુમાર પુત્ર ચોમાસામાં વર્ષાઋતુથી થતા ઉપદ્રવોને સહન કરે છે, શિયાળામાં ઠંડીને સહન કરે છે, અને ઉનાળામાં તાપને સહન કરે છે' આ પ્રમાણે સદા વનવાસી એકલો મારો પુત્ર દુઃખ અનુભવી રહ્યો છે, અને તું અરણ્યમાં રખડતા મારા પુત્રને કુશળતાના સમાચાર પણ પૂછતો નથી, તો હવે ત્રણલોકના સ્વામી બનેલા તમારા પુત્રની સંપત્તિ જોવા ચાલો. આમ કહીને મરુદેવા માતાને હાથી ઉપર બેસાડયાં. પછી ચતુરંગી સૈન્યથી પરિવરેલા ભરત મહારાજા સમવસરણ તરફ ચાલ્યા. દૂરથી રત્નધ્વજને જોયો ત્યારે ભરત મહારાજાએ મરુદેવા માતાને કહ્યું: હે માતાજી ! દેવોએ બનાવેલા પ્રભુના સમવસરણને જુઓ. પિતાજીના ચરણ-કમળોની સેવા માટે આવેલ દેવોના જય જયારવ શબ્દો સંભળાય છે. પ્રભુની મધુરવાણી સંભળાય છે. મરુદેવા માતાએ પ્રભુજીની મધુર અને સંસારથી તારનારી વાણી હર્ષથી સાંભળી. પ્રભુની વાણી સાંભળતાં તેમનાં નેત્રો હર્ષના કારણે વહેતા અશ્રુજળના પ્રવાહથી સ્વચ્છ થઇ ગયાં, અને ઉઘડી ગયાં.

એથી તેમણે અતિશયવાળી તીર્થંકરની ઋદ્ધિ જોઇ. પછી સર્વ સાંસારિક પ્રવૃત્તિને ભૂલી જઇને ભગવંતનું ચિંતન કરવા લાગ્યા, અને ક્ષણવારમાં પરમાત્મસ્વરૂપ બની ગયા. આથી ક્ષપકશ્રેણિ ઉપર આરૂઢ થઇને કેવલજ્ઞાન પામ્યા. એક અંતર્મુહૂર્તમાં જ આયુષ્યનો ક્ષય થવાથી નિર્વાણ પામ્યા. આ અવસર્પિણીમાં મરુદેવા માતા પ્રથમ સિદ્ધ થયા. દેવોએ તેમના શરીરને ક્ષીર સમુદ્રમાં પધરાવ્યું. મરુદેવા માતા આ મનુષ્યભવ પામ્યા એ પહેલાં ક્યારે ય ત્રસભાવને પામ્યા ન હતા, અર્થાત્ સ્થાવર (એકેંદ્રિય)માંથી સીધા મનુષ્યભવને પામ્યા. (ત્રિ. શ. પુ. ચ.)

## (૨) સ્થૂલભદ્રનો વૈરાગ્યનો પ્રસંગ (અ. ૩. ગા. ૬)

શકટાલ મંત્રીની મરણોત્તર ક્રિયા થઇ ગયા પછી નંદરાજાએ શ્રીયકને કહ્યું: હવે મંત્રિમુદ્રા તું સ્વીકાર. શ્રીયકે પ્રણામ કરીને કહ્યું: સ્થૂલભદ્ર નામના મારા મોટાબંધુ છે. તે બાર વરસથી કોશા વેશ્યાના ઘરે ભોગ ભોગવતા રહેલા છે. આથી રાજાએ

સ્થૂલભદ્રને બોલાવીને મંત્રિમુદ્રા સ્વીકારવા કહ્યું. સ્થૂલભદ્રે કહ્યું: બરાબર વિચાર કરીને જવાબ આપીશ. રાજાએ કહ્યું: આજે જ વિચારણા કરી લો. આથી સ્થૂલભદ્ર અશોક-વનમાં જઇને વિચારવા લાગ્યા કે રાજાના કાર્યમાં રાત-દિવસ વ્યસ્ત બનેલો માણસ શાંતિથી રહી શકે નહિ, શાંતિથી સુખો ભોગવી શકે નહિ. કદાચ સુખો ભોગવી શકે તો પણ અંતે નરકગમન કરવું પડે છે. તેથી આવા મંત્રિપદથી સર્યું, વૈરાગ્ય પામીને ત્યાંજ પંચમુષ્ટિ લોચ કર્યો. રત્નકંબલની દશીઓનું રજોહરણ બનાવ્યું. પછી રાજ-સભામાં જઇને રાજાને કહ્યું: મેં આ (=સંયમ લેવાનો) વિચાર કરી લીધો છે. ''તમને ધર્મલાભ હો'' એમ કહીને સ્થૂલભદ્ર રાજસભામાંથી નીકળી ગયા. શું આ કપટ કરીને પાછો વેશ્યાને ત્યાં તો જતો નહિ હોય ને ? એમ વિચારીને ખાત્રી કરવા માટે રાજા ગવાક્ષમાં રહીને જોવા લાગ્યો. સ્થૂલભદ્ર વેશ્યાના ઘર તરફ ન ગયા એટલે રાજાએ નિર્ણય કર્યો કે ચોક્કસ આ મહાત્મા કામ-ભોગથી કંટાળીને વૈરાગ્ય પામેલા છે. સ્થૂલભદ્રે સંભૂતિવિજય ગુરુના ચરણમાં જઇને દીક્ષા લીધી. (ઉપદેશમાલા)

## ૩ આનંદ શ્રાવકનું દૃષ્ટાંત (અ. ૬ સૂ. ૨૧)

મગધ દેશના વાણિજયગ્રામ નગરમાં આનંદ નામનો ગૃહસ્થ હતો. શિવાનંદા નામની તેની પત્ની હતી.

આનંદ અઢળક રિદ્ધિ-સિદ્ધિનો સ્વામી હતો. પાંચસો હળ અને પાંચસો ગાડાં ખેતીના કામકાજમાં રોકાયેલાં રહેતાં. બીજાં પાંચસો ગાડાં માલ ભરીને વેપાર કરવા જતાં. ચાર મોટાં વહાણો માલની હેરી ફેરી કરતા હતા અને ચાર મોટાં વહાણો પરદેશમાં ફરતા રહેતાં. વળી દશ હજાર ગાયોનું એક ગોકુળ એવાં ચાર ગોકુળો તેના તાબામાં હતાં. રોકડ નાણું પણ તેની પાસે ઘણું હતું. ચાર ક્રોડ સોનામહોરો તેણે જમીનમાં દાટી રાખી હતી, ચાર કોડ સોનામહોરો વેપાર વણજમાં ફરતી રાખી હતી અને બાકીની ચાર ક્રોડ સોના મહોરો ઘર વખરી તથા ઘરેણાગાંઠામાં રોકી રાખી હતી.

આનંદને કેટલાય રાજાઓ, યુવરાજો, શેઠિયાઓ, સેનાપતિઓ અને સાર્થ-વાહો વગેરે જરૂરી બાબતોમાં પૂછવા અને સલાહ લેવા યોગ્ય માનતા હતા. તથા પોતાના કુટુંબનો પણ તે પૂછવા યોગ્ય, આધારભૂત અને આંખરૂપ હતો. ગૃહવ્યવહા-રનાં સઘળાં કામો તેની દેખરેખથી બરાબર ચાલતાં હતાં.

આનંદના સગાંવહાલાં અને જ્ઞાતિલાઓનો મોટો ભાગ નગરના કોલ્લાગ નામના પરામાં રહેતો હતો. તેઓ પણ સમૃદ્ધ અને સુખી હતા. આનંદે કેટલીક મિલકત ત્યાં પણ વસાવી હતી.

એક વાર શ્રમણ-ભગવાન મહાવીર વાણિજ્યગ્રામની સમીપે આવ્યા, અને તેના દુતિપલાસ નામના ચૈત્યમાં ઊતર્યા. તેમની સાથે બીજા સાધુ-સાધ્વીઓ પણ અનેક હતાં. તેમનું આગમન સાંભળીને તે નગરનો રાજા જિતશત્રુ અતિ આનંદ પામ્યો તથા પ્રજાજનો પણ હર્ષિત થયા. તેઓ એ મહાપ્રભુને વાંદવા, સત્કારવા, સન્માનવા ચાલ્યા અને પ્રસંગ મળે તો પ્રશ્ન પૂછી, મનનું સમાધાન મેળવવાની ઇચ્છા રાખવા લાગ્યા. આનંદ ગૃહપતિ પણ તેમાં સામેલ હતો.

ભગવાને શ્રોતાઓની સમક્ષ મનુષ્યભવ, જિનવાણીનું શ્રવણ, જિનધર્મની શ્રદ્ધા અને સંયમમાં પુરુષાર્થ એ ચારની દુર્લભતાનું વર્ણન કર્યું. ત્યાર બાદ ભોગોની અનિત્યતાનું વર્ણન કરતાં કહ્યું કે ભોગો નિત્ય નથી. ફળ વિનાના ઝાડને પક્ષીઓ છોડી દે, તેમ વખત આવ્યે તે ભોગો પુરુષને છોડી દે છે. અને તે પુરુષો બિચારા શોક અને સંતાપ કરતા જ રહી જાય છે. માટે સાવધ બનો અને ભોગોનો સમજપૂર્વક ત્યાગ કરીને સંયમનો સ્વીકાર કરો. કદાચ તમે આ બધા ભોગોનો એકદમ ત્યાગ ન કરી શકો, તો ગૃહસ્થ ધર્મમાં રહીને બાર પ્રકારનાં વ્રતોનું પાલન કરો અને તે રીતે પણ ધર્મસાધનામાં તત્પર બનો. પછી તેમણે બાર વ્રતોનું યથાર્થ સ્વરૂપ કહી બાતાવ્યું.

ભગવાન મહાવીરની આ દેશના સાંભળી આનંદ ગૃહપતિ અતિ હૃષ્ટ થયો, તુષ્ટ થયો અને આનંદ પામ્યો. તેણે બધા લોકો વિદાય થયા પછી ભગવાન મહાવીર પાસે જઇને અંજલિપૂર્વક કહ્યું: 'હે ભગવંત ! મને નિર્ગ્રંથ-પ્રવચનમાં શ્રદ્ધા થઇ છે, પ્રતીતિ થઇ છે તથા રુચિ ઉત્પન્ન થઇ છે. તમે જે કહો છો તે યથાર્થ છે-સત્ય છે. પરંતુ બીજા અનેક રાજાઓ, યુવરાજો, શ્રીમંતો અને શેઠિયાઓ વગેરે જેમ આપનું પ્રવચન સાંભળીને ઘરબારનો ત્યાગ કરી ભિક્ષુ બને છે, અણગાર બને છે, પ્રવ્રજિત થાય છે.' તેવું કરવાનું મારામાં સામર્થ્ય નથી, એટલે હું આપની પાસેથી બાર પ્રકારનો ગૃહસ્થધર્મ સ્વીકારવા ઇચ્છું છું.'

ભગવાને કહ્યું: 'હે દેવાનુપ્રિય ! તને સુખ ઉપજે તેમ કર. પરંતુ ધર્મના કાર્યોમાં વિઘ્ન ઘણાં હોય છે અને વિચારો બદલાતાં વાર લાગતી નથી. માટે તેમાં ઢીલ ન કર.

આથી આનંદે એ વખતે શ્રાવકનાં બારવ્રતોનો સ્વીકાર કર્યો. હવે તે ઉપાસક = શ્રમણોપાસક બન્યો. ઘરે આવીને આનંદે પોતાની પત્ની શિવાનંદાને કહ્યું: હે દેવાનુપ્રિયા ! આજે હું શ્રમણભગવાન મહાવીર દેવની પાસે ગયો હતો, તેમના મુખથી મેં ધર્મ સાંભળ્યો, તે ધર્મ મને બહુ રુચ્યો. તેથી તેમની પાસેથી મેં સમ્યક્ત્વ પૂર્વક બારવ્રતો રૂપ ધર્મ ગ્રહણ કર્યો છે. માટે તમે પણ તેમની પાસે જાઓ અને મારી જેમ

બારવ્રત રૂપ ધર્મ ગ્રહણ કરો. આ સાંભળીને શિવાનંદાને બહુજ આનંદ થયો. તરત જ તે રથમાં બેસીને સખીઓ અને દાસીઓ સહિત પ્રભુની પાસે ગઇ. તેણે પણ બારવ્રતો સમજીને ગ્રહણ કર્યાં.

હવે તે બંને ઉલ્લાસથી વ્રતનું પાલન કરવા લાગ્યા. દરરોજ સામાયિક પ્રતિક્રમણ આદિ ધર્મક્રિયાઓ કરવા લાગ્યા. પર્વ દિવસોમાં પૌષધ-ઉપવાસ વગેરે કરવા લાગ્યા. આ રીતે ચૌદ વર્ષ પસાર થયા. હવે પંદરમાં વર્ષે એક મધ્યરાતે ધર્મજાગરિકા કરવા લાગ્યો. ધર્મજાગરિકા કરતાં તેને એવો વિચાર આવ્યો કે આ નગરનો હું આગેવાન છું, તેથી અનેક પ્રકારનાં કામોમાં ભાગ લેવો પડે છે, બીજાઓને સલાહ-સૂચના પણ આપવી પડે છે. વળી કુટુંબનો, જ્ઞાતિનો અને સમાજનો બોજો પણ મારા ઉપર વિશેષ રહે છે. તેથી ધર્મમાં જોઇએ તેટલો પુરુષાર્થ કરી શકતો નથી. માટે પ્રાતઃકાલે બધાં સગાંવહાલાંઓને બોલાવીને તેમને સારી રીતે ભોજન વગેરે કરાવીને તેમની સમક્ષ મારા મોટા પુત્રને ઘરનો અને જ્ઞાતિનો બધો કારભાર સોંપી દઉં, અને હું નિવૃત્ત થઇને કોલ્લાગ સન્નિવેશમાં મારી પૌષધશાલા છે ત્યાં રહીને ધર્મધ્યાનમાં દિવસો પસાર કરું.

બીજા દિવસે પ્રાતઃ કાળમાં તેણે ભોજનનું નિમંત્રણ આપીને પોતાનાં સગાં-વહાલાંઓને તેડાવ્યાં. તેમને સારી રીતે જમાડીને તથા તેમનું સુંદર સ્વાગત કરીને તેમની સમક્ષ પોતાના મોટા પુત્રને ઘરનો અને જ્ઞાતિનો બધો કારભાર સોંપી દીધો. તથા જણાવ્યું કે હવેથી મને કોઇ બાબતમાં પૂછશો નહિ. તથા મારા માટે ખાન-પાન વગેરે કાંઇ તૈયાર કરાવશો નહિ. પછી સહુની રજા લઇને તે કોલ્લાગ પરામાં ગયો, અને ત્યાં શ્રાવકની અગિયાર પ્રતિમાઓને વહન કરી.

પ્રતિમાઓ પૂર્ણ થતાં તેનું શરીર દૂબળું પડી ગયું, કૃશ અને હાડપિંજર જેવું થઇ ગયું. આથી તેણે એવો વિચાર કર્યો કે આ ભારે તપ કર્મથી હું હાડપિંજર જેવો થઇ ગયો છું તો પણ મારામાં હજી ઊઠવા બેશવાની શક્તિ છે, કાર્ય કરવાનું બળ છે. તેથી હવે હું અંતિમ સંલેખના વ્રતનો સ્વીકાર કરું. બીજા દિવસથી તેણે અંતિમ સંલેખના વ્રતનો સ્વીકાર કર્યો. આ સ્થિતિમાં રહેલા તેને ચિત્તશુદ્ધિ થવાથી અવધિજ્ઞાન ઉત્પન્ન થયું.

આ વખતે શ્રીમહાવીરપ્રભુ પરિવાર સાથે વાણિજ્યગ્રામમાં પધાર્યા અને દુતિ પલાસ ચૈત્યમાં રહ્યા. શ્રી ગૌતમસ્વામીએ ભિક્ષાથી પાછા ફરતાં લોકોના મોઢેથી જાણ્યું કે ભગવાન મહાવીરના શ્રમણોપાસક આનંદે પૌષધશાલામાં અંતિમ સંલેખના વ્રત સ્વીકાર્યું છે. આથી શ્રી ગૌતમસ્વામી આનંદ શ્રાવકના પરિણામની ધારા કેવી છે તે જોવા આદિ માટે તેની પાસે ગયા. શ્રી ગૌતમસ્વામીના દર્શન થતાં આનંદ શ્રાવક બહુ

ખુશી થયો. વંદન અને નમસ્કાર કરીને આનંદ બોલ્યો કે હે ભગવંત ! આ ઉગ્રતપને લીધે હું આપની પાસે આવીને આપનો ચરણસ્પર્શ કરી શકું તેમ નથી. માટે આપ જો જરા નજીક આવો તો હું ચરણસ્પર્શ કરવાને ભાગ્યશાળી થાઉં. આથી શ્રી ગૌતમસ્વામી આનંદની બહુ નજીક આવીને ઊભા રહ્યા.

## આનંદનો પ્રશ્ન અને ગૌતમસ્વામીનો ઉત્તર

આનંદે પણ પોતાનું મસ્તક ત્રણ વાર નમાવીને તેમના ચરણનો સ્પર્શ કરવા રૂપે વંદન- નમન કર્યું. વંદન કરીને આનંદ ગૌતમ સ્વામીને કહેવા લાગ્યોઃ મહારાજ ! ગૃહસ્થાશ્રમમાં રહેલા ગૃહસ્થને અવધિજ્ઞાન થઇ શકે ખરું કે ? ગૌતમ સ્વામીએ જવાબ આપ્યોઃ હા, ગૃહસ્થને અવધિજ્ઞાન થઇ શકે.

પ્રભુ ! જો ગૃહસ્થને અવધિજ્ઞાન થઇ શકે તો મને અવધિજ્ઞાન થયું છે. તેથી પૂર્વદિશા તરફ લવણ સમુદ્રમાં પાંચસો યોજન સુધી હું જોઇ શકું છું, જાણી શકું છું, દક્ષિણ અને પશ્ચિમ દિશામાં પણ તેટલું જોઇ શકું છું, ઉત્તર દિશામાં ચુલ્લહિમવંત નામના વર્ષધર પર્વત સુધી, ઊંચે સૌધર્મ દેવલોક સુધી અને નીચે આ પ્રથમ રત્નપ્રભા પૃથ્વીમાં રહેલા લોલુપનામના નરકાવાસના પહેલા પાથડા સુધી જોઇ શકું છું.

આ હકીકત સાંભળી ગોતમસ્વામીએ કહ્યું, આનંદ ! બનવા યોગ્ય છે કે ગૃહસ્થને અવધિજ્ઞાન થઇ શકે. પણ આટલા મોટા વિસ્તારવાળું અવધિજ્ઞાન ગૃહસ્થને ન થઇ શકે, ગૃહસ્થને આટલી બધી સ્થિરતા અને નિર્મળતા થવી અસંભવિત છે. તેને વિક્ષેપનાં કારણોનો સંભવ છે, તેમજ ઉત્તમ નિમિત્તોનો અભાવ છે.

હે આનંદ ! આ સંબંધમાં તમારી ભૂલ થાય છે, તમે છેલ્લું અનશન કરેલું છે, તો આવી ભૂલ વગર તપાસ્યે રહી જાય તે ઠીક નહિં, પોતાની ભૂલોને આલોવી, તપશ્ચર્યાદિ પ્રાયશ્ચિત્ત લઇ, નિઃશલ્ય થઇને આ દેહનો ત્યાગ કરવામાં આવે તો જીવ આરાધક થાય છે.

આનંદે નમ્રતાથી જવાબ આપ્યો ગુરુજી ! જિનવચનમાં એવું કાંઇ છે કે સાચી વાત કહેનારને આલોયણા લેવાની અને તપશ્ચર્યાદિ પ્રાયશ્ચિત્ત લેવાની જરૂર પડે ? ગોતમસ્વામીએ કહ્યુંઃ આનંદ ! નહિં, સાચી વાત કહેનારને પ્રાયશ્ચિત્તાદિ લેવાનું જિનવચનમાં કોઇ સ્થળે છે જ નહિં.

આનંદે કહ્યુંઃ ગુરુજી ! જો એમ જ છે તો આપ જ આ સ્થાનને આલોવો અને જે પ્રાયશ્ચિત્ત આવે તે ગ્રહણ કરો. આનંદના મુખથી આ શબ્દો સાંભળી ગૌતમ સ્વામીના મનમાં શંકા થઇ કે શું આનંદ સાચું કહે છે ? આ ઠેકાણે શું મારી પોતાનીજ

ભૂલ છે ? આમ વિચાર કરી આનંદને કહ્યું: આનંદ ! હું પ્રભુ મહાવીર પાસે જાઉં છું અને આ બાબતનો નિર્ણય તેઓની પાસેથી મેળવીશ. આનંદે કહ્યું: ભલે ગુરુજી પધારો અને તે કૃપાળુ મારા પરમ ઉપગારી જ્ઞાની ગુરુદેવને મારા તરફથી વારંવાર નમન કહેશો અને શાતા પૂછશો. આનંદ ! ભલે એમ કહીશ, આ પ્રમાણે કહીને ગૌતમ સ્વામી ત્યાંથી નીકળીને શ્રી મહાવીર પ્રભુની પાસે આવ્યા. આનંદ સાથે થયેલી અવધિજ્ઞાન સંબંધી વાત શ્રી ગૌતમસ્વામીએ મહાવીર પ્રભુને કરી. પ્રભુએ કહ્યું: હે ગૌતમ ! આ વિષયમાં આનંદનું કહેવું સાચું છે, માટે તું આનંદ શ્રાવકની પાસે જઇને ક્ષમા માગ. આથી શ્રી ગૌતમસ્વામી તુરત આનંદની પાસે ગયા અને પોતાની ભૂલ બદલ ક્ષમા માગી.

આનંદ શ્રાવક એક માસનું અનશન પાળીને સમાધિપૂર્વક કાળધર્મ પામીને પહેલા દેવલોકમાં ઉત્પન્ન થયા. દેવલોકનું આયુષ્ય પૂર્ણ થતાં મહાવિદેહ ક્ષેત્રમાં ઉત્પન્ન થઇને મોક્ષને પામશે.

## મેતાર્યમુનિની કથા (અ. ૬ સૂ. ૩૬)

સાકેતપુર નગરમાં જિનધર્મનો અનુરાગી ચંદ્રાવતંસક નામનો રાજા હતો. તેને બે પત્નીઓ હતી. તેમાં પહેલીનું નામ સુદર્શના અને બીજીનું નામ પ્રિયદર્શના હતું. પ્રથમ પત્નીને પહેલો સાગરચંદ્ર નામનો પુત્ર હતો, તેમ જ બીજો મુનિચંદ્ર નામનો પુત્ર હતો. બીજી પત્નીને ગુણચંદ્ર અને બાલચંદ્ર નામના બે પુત્રો હતા. તેમાંથી રાજાએ સાગરચંદ્રને યુવરાજ બનાવ્યો. મુનિચંદ્રને કુમારના ભોગવટા માટે ઉજ્જેણી નગરી આપી. ત્યાં જઇને તે પોતાના સ્વજન માફક પ્રજાનું પાલન કરતો હતો.

કોઇક સમયે અંતઃપુરમાં રહેલા મહારાજા ચિંતવવા લાગ્યા કે, 'હજુ દેવી આવી પહોંચી નથી, ત્યાં સુધી હું કાઉસ્સગ્ગમાં ઉભો રહું.' 'જ્યાં સુધી આ દીપશિખા દીપે છે, ત્યાં સુધી મારો કાઉસ્સગ્ગ હોજો.' આ પ્રમાણે ઊભા ઊભા તે રાજા મણિની પૂતળી માફક શોભતા હતા. રાત્રિનો એક પહોર પસાર થયો, ત્યારે દીપકનું તેજ ઘટવા લાગ્યું. ત્યારે દાસી વિચારવા લાગી કે, રાજા અંધકારમાં કેવી રીતે ઊભા રહેશે ? એમ ધારીને તે દાસીએ તે દીપકના ભાજનમાં પૂર્ણ તેલ ભર્યું.

રાજાએ પણ અભિગ્રહ ગ્રહણ કરેલો હોવાથી કાઉસ્સગ્ગ ન પાર્યો. મનમાં ધર્મ ધ્યાનનો દીપક સ્પર્ધા કરતો હોય તેમ બળવા લાગ્યો. આ પ્રમાણે બીજા, ત્રીજા પહોરમાં પણ દાસીએ દીપકમાં તેલ પૂર્યું, જેથી ચારે પહોરમાં દીપક ઓલવાયા વગરનો ચાલુ જ રહ્યો. અતિસુકુમાર શરીરવાળા રાજાના સર્વાંગમાં રુધિર ભરાઇ ગયું

અને વેદના પામેલો તે આત્મ-ભાવના ભાવવા લાગ્યોઃ 'હે જીવ ! આ વેદનાથી શરીર અને ગાત્રો લેવાઇ જાય છે, તેમાં તારા આત્માને કયું નુકશાન થવાનું છે ? આ શરીર તો આત્માથી જુદી વસ્તુ છે, વળી તે કૃતઘ્ન એવું છે કે, ચાહે તેટલું શરીરનું લાલન-પાલન કરીએ, તો પણ તેને કરેલા ગુણની કિંમત નથી અને ગમે ત્યારે આત્માને દગો આપે છે.

જેમ જેમ અતિ સજ્જડ પીડાથી પ્રાણો પરેશાની પામે છે, તેમ તેમ તેના પાપ બાળવા સમર્થ એવો ધ્યાનાગ્નિ વધારે પ્રદીપ્ત થાય છે. સમય જતાં અરુણોદય થયો. દીપક ઓલવાઇ ગયો ત્યારે રાજાએ કાઉસ્સગ્ગ પાર્યો, પરંતુ તેનાં અંગો એવા જકડાઇ ગયાં કે જેથી તે ચાલવા અસમર્થ થયો. તેણે પગ ઉંચક્યો એટલા માત્રમાં તો તે પૃથ્વી ઉપર પડયો અને ગબડી પડયો. પંચ પરમેષ્ઠિનું નિર્મલ ધ્યાન કરતો નિશ્ચલ ચિત્તવાળો તે દેવલોકે ગયો. તે દેવલોક પામવાથી સાગરચંદ્ર ઘણું દારુણ દુઃખ અનુભવવા લાગ્યો. મરણોત્તર ક્રિયાઓ કરીને પ્રિયદર્શના સન્મુખ કહેવા લાગ્યોઃ પિતાની રાજ્યધુરા માંફક તારા પુત્રોને પણ આજ સુધી ધારણ કરી રાખ્યા. હે માતાજી ! તારી સમ્મતિથી હવે હું દીક્ષા અંગીકાર કરીશ. મરણ અંતવાળા સંસાર-સાગરમાં જો કંઇ પણ સારભૂત પદાર્થ હોય, તો માત્ર પ્રવ્રજ્યા જ છે. હાલાહલ ઝેર સરખા ભોગોથી અને સંસારના ઝગડાથી ગભરાયેલો હું પ્રવ્રજ્યા રૂપ અમૃત-પાન કરીને સુખી થઇશ.

હવે પ્રિયદર્શના કહેવા લાગી કે, 'આ રાજ્યધુરાને તું જ વહન કર,' કુમારો આ ભાર વહન કરવા માટે કેવી રીતે સાહસ કરે ? આથી સામંતો, મંત્રીઓ, માંડલિક રાજાઓ, શેઠ, સાર્થવાહ વગેરે બધાએ મળીને રાજ્યગાદીએ સાગરચન્દ્રને સ્થાપન કર્યો.

સાગરચંદ્ર પોતાના રાજ્યમાં અન્યાય-અનીતિ વગેરે પાપ દૂર કરાવે છે, સજ્જનોને સુખ કરાવી આપે છે. સમ્યગ્ પ્રકારે ધર્મને જાણે છે, તેમ જ દુર્જન લોકોને પણ બરાબર ઓળખી રાખે છે. ઇન્દ્રની જેમ હાથીની ખાંધ પર બેસીને સર્વ સેના-પરિવાર સાથે રાજા રાયવાડીએ (રાજવાટિકાએ) નીકળ્યા. આવા પ્રકારની રાજાની અપૂર્વ શોભા અને ઐશ્વર્ય દરરોજ જોવાથી ઇર્ષ્યાની રાખથી વ્યાપેલી પ્રિયદર્શના આ પ્રમાણે ચિંતવવા લાગી-

''અહો ! લક્ષ્મીનો પ્રભાવ કેવો છે ? આ મારી શોક્યના બંને પુત્રો મહાસમૃદ્ધિ સાથે રાજવાડીએ કેવા આનંદથી હરે ફરે છે. અરેરે ! હું કેવી હણાએલા ભાગ્યવાળી કે, તે સમયે મને રાજ્ય આપતા હતા, છતાં મેં પુત્રો માટે તેનો સ્વીકાર ન કર્યો. મારી પોતાની જ દુર્મતિ મને નડી. જો તે વખતે મળતી રાજ્યલક્ષ્મી સ્વીકારી

હોત, તો મારા અંગથી ઉત્પન્ન થએલા મારા પુત્રો આ લક્ષ્મી અને રાજશોભાથી કેવા સારી શોભા પામતાં હોત. લોકોની કહેવત મેં આજે સત્ય સાબિત કરી છે- ''જે અપાતું ન સ્વીકારે તે પછી માગે તો પણ ન મળે.''

હજુ આજે પણ કંઇ નાશ પામ્યું નથી, ઝેર આપીને સાગર રાજાને મારી નાખું. જેથી કરીને આ રાજલક્ષ્મી મારા પુત્રને વિષે સંક્રાન્ત થાય. એ પ્રમાણે તેને મારી નાખવાનો નિશ્ચય કરીને તેને મારવાના છિદ્રો ખોળવા લાગી. અથવા તો સ્ત્રીઓનો ધંધો-વ્યવસાય આવા પ્રકારનો હોય છે. કોઇક સમયે રાજવાટિકામાં રોકાએલા રાજાના ભોજન નિમિત્તે અતિસુગંધી સિંહકેસરિયા લાડુઓ લઇને દાસી જતી હતી, ત્યારે પ્રિયદર્શનાએ બૂમ પાડીને તેને બોલાવી અને કહ્યું કે, અરે ! એક લાડુ તો મને જોવા આપ, જેથી જાણું કે આ લાડુઓ કેવા છે ? આગળથી ઝેરથી ભાવિત કરેલી હથેળીઓ વડે તેનો સ્પર્શ કરીને, લાડુની બધી બાજુઓ ઉપર ઝેરવાળો હાથ ફેરવીને ફરી કહ્યું કે, અહો ! આટલા સુગંધી છે ! એમ કહીને પાછો આપી દીધો, તે લઇને તે દાશી ત્યાં ગઇ અને રાજાના હસ્તમાં તે અર્પણ કર્યો.

હાથમાં રહેલ મોદકવાળો તે ગુણભંડાર રાજા વિચાર કરે છે કે, 'નાના ભાઇઓ નજીકમાં ભૂખ્યા હોય અને મારાથી એકલાએ તે કેમ ખવાય, તો લાડુના બે ખંડ કરીને એક તેને આપ્યો અને બીજો પોતે ખાધો. તીક્ષ્ણ ભૂખથી દુર્બલ કુક્ષિવાળા જેમ જેમ તે ખાવા લાગ્યા, તેમ તેમ ઝેરની લહરીઓ તેને જલ્દી શરીરમાં વ્યાપવા લાગી. આમ અણધાર્યું થવાથી રાજા ચમક્યો અને તરત વૈદ્યોને બોલાવ્યા. વિષનો નાશ કરનારા વૈદ્યોએ તત્કાળ આવી તેમને સ્વસ્થ કર્યા. ત્યારપછી રાજાએ દાસીને બોલાવીને પૂછયું કે, 'હે દુષ્ટા ! પાપિણી ! સાચી હકીકત બોલ કે, આ અઘટિત આચરણ કોનું છે ?'

દાસીએ કહ્યું કે -'આમાં હું કઇ જાણતી નથી. બીજા કોઇએ આ દેખ્યો પણ નથી. માત્ર હું અહીં આવતી હતી, ત્યારે પ્રિયદર્શના રાણીએ મને બોલાવીને મારી પાસે આદરપૂર્વક લાડુ જોવા માટે માગ્યો હતો. 'આ માતા છે' એમ માનીને મેં તેને જોવા આપ્યો હતો. પોતાના હાથથી વારંવાર ઘણા સમય સુધી સ્પર્શ કરીને 'અતિસુંદર છે' એમ આનંદિત હૃદયવાળી તેણે ફરી પાછો આપી દીધો.

રાજાને નિર્ણય થઇ ગયો કે, ''નક્કી તે પાપિણીએ આ દુષ્ટ ઇચ્છા કરેલી છે. મને મારી નાખીને રાજ્યલક્ષ્મી પોતાના પુત્રમાં સંક્રાન્ત કરવાની ઇચ્છા કરે છે. કુલીન નારીઓ હોવા છતાં તેમની તુચ્છ બુદ્ધિને ધિક્કાર થાઓ. માતા હોવા છતાં મારા સરખો ભક્તિવાળો પુત્ર હોવા છતાં મારા પ્રત્યે આ માતા આવું અઘટિત વર્તન રાખે

છે ! મારી પોતાની જનેતા કરતાં પણ તેના તરફ વિશેષ ગૌરવ જાળવું છું, પરંતુ આ તો વૈરીની જેમ મારા તરફ આવું આચરણ કરે છે ! (૫૦)

''જેમ આશીવિષ સર્પની દાઢામાં, વિંછીના કાંટામાં હંમેશાં ઝેર રહેલું હોય છે, તેમ મહિલાઓમાં હંમેશાં નક્કી દુશ્ચરિત્ર રહેલું છે.'' ત્યારપછી પ્રિયદર્શનાને બોલાવરાવીને તેના સન્મુખ સાગરચંદ્ર રાજાએ કહ્યું કે, આ તમારું જ દુશ્ચરિત્ર છે. તમે પ્રગટપણે મારા મોટા માતા છો. તે વખતે તમારા પગમાં પડીને હું તમને રાજ્ય અર્પણ કરતો હતો. હવે તમે આવું વર્તન કરો છો ! જો તે વખતે હું સાધુ થઇ ગયો હોત, તો કૃતકૃત્ય થઇ ગયો હોત, કદાચ અત્યારે હું આવી રીતે બાળમરણથી મૃત્યુ પામ્યો હોત, તો મારી ગતિ કેવી બગડી જાત ? પુત્રોના ઉપર આવો ક્રોધ ઠાલવવો તે તમારે અધમ વ્યવસાય છે. એ તો સારું થયું કે, તરત મેં ઝેર દૂર કરાવનારી ચિકિત્સા કરાવી.

પોતાના ભાવીની નુકચેતી રાખ્યા વગર દુર્જન પુરુષો ગમે તેવી અવળી પ્રવૃત્તિ કરે છે, તેઓ સાચી શિખામણ શીખતા કે માનતા નથી, અને કેદી કે ચોરની જેમ સ્ત્રીઓ ગમે તેવું સાહસ કરતાં અટકતી નથી. જો કે, તેવા દુર્જન લોકોનાં ચિંતવેલાં કોઇ કાર્યો જગતમાં સિદ્ધ થતાં નથી. ઘણા ભાગે જે ખાડો ખોદે છે, તે તેમાં પડે છે. 'જે બીજા માટે અશુભ ચિંતવે છે, તે અશુભ પોતાના ઉપર આવી પડે છે.'

ત્યારપછી તે રાજા સુખ પૂર્વક ગુણચંદ્રભાઇને તરત જ રાજ્ય આપીને સાધુ થયા. ગુરુ પાસે ગ્રહણ-આસેવન શિક્ષા ગ્રહણ કરીને સંવિજ્ઞ-ગીતાર્થ થયા. એકાકી પ્રતિમા ધારણ કરીને પૃથ્વીમંડલમાં અમૃતના પ્રવાહ માફક વિચરવા લાગ્યા.

હવે કોઇક સમયે ઉજ્જેણી નગરીથી વિહાર કરતું કરતું સાધુનું યુગલ આવી પહોંચ્યું. તેમને આ સાગરચંદ્ર મહામુનિએ સાધુ, ચૈત્ય, સંઘ અને લોકો ધર્મ કેવી રીતે કરે છે ? ઇત્યાદિક સમાચાર પૂછયા. ત્યારે બે મુનિઓએ પ્રત્યુત્તર આપ્યો કે, ચૈત્ય ગૃહો-દેરાસરોમાં ઉત્તમ પ્રકારની અર્ચા-પૂજા થાય છે, ચતુર્વિધ સંઘ પણ સારાં સુકૃત કરે છે, જગતમાં ત્યાંનો સંઘ મોટો અને પૂજ્ય છે, મુનિચંદ્ર રાજા જિનેન્દ્રના શાસનની પ્રભાવના અને ધર્મની ઉન્નતિનાં કાર્યો કરે છે. માત્ર એક જ ખામી છે કે, રાજપુત્ર અને પુરોહિતપુત્ર બંને મિત્રો મળી સાધુઓ જ્યારે આંગણામાં આવે, ત્યારે તેમની મશ્કરી કરે, તાડન કરે, દોડાવે, પાડી નાખે. રાજપુત્ર એવો પાપી છે કે, સાધુઓની વિડંબના કરવામાં કશી કચાશ રાખતો નથી.

આ સાંભળીને સાગરચંદ્ર મુનિ પોતાના નાનાભાઇ મુનિચંદ્ર રાજા ઉપર ગુસ્સે થયા અને ચિંતવવા લાગ્યા કે, આ મારો ભાઇ કેટલો પ્રમાદી છે અને ખોટા વ્યવહાર

કરનારો છે કે, જે પોતાના કુમાર પુત્રની ઉપેક્ષા કરે છે ! તે મહાતપસ્વી પ્રશસ્ત ક્રોધ કરતા ઉજ્જેણી નગરીએ પહોંચ્યા. ત્યાં આગળ સ્થાનિક સાધુઓ હતા, તેમણે આમનું આતિથ્ય કર્યું.

ગોચરી લાવવાનો સમય થયો, ત્યારે નવીન આવેલા મુનિને તે સ્થાનિક સાધુઓ તેમને માટે આહાર લાવવાનું પૂછવા ગયા કે, તમારા માટે અમે આહાર લેતા આવીએ. ત્યારે તે મુનિએ કહ્યું કે, 'હું તો આત્મલબ્ધિવાળો હોવાથી મારો આહાર હું જાતે જ લાવીશ, તો મને તેવાં કુલો બતાવો કે, જ્યાંથી હું ગોચરી લાવી શકું.' તેથી આચાર્યે તેને ઘર બતાવવા માટે એક નાનો સાધુ મોકલ્યો. સાધુ પ્રત્યે દ્વેષી વગેરેનાં ઘરો પૂછીને બાળમુનિને ઉપાશ્રયે પાછો મોકલીને તે મુનિ પેલા પુરોહિત-બ્રાહ્મણને ઘરે ગયા.

દ્વાર પ્રદેશમાં ઊભા રહીને મોટા શબ્દથી ધર્મલાભ બોલ્યા, તે સમયે બ્રાહ્મણભાર્યા બહાર આવીને મુનિને ધીમેથી વિનંતિ કરવા લાગી કે, 'હે સ્થવિરાર્ય ! આપ ધીમા પગલાથી અને મૌનપણે વહોરી જાવ, ઉતાવળા મોટા શબ્દ કરવાથી તોફાની અટકચાળા રાજકુમાર અને પુરોહિત કુમાર સાંભળશે. ખબર પડશે તો નાહક તમને હેરાન કરશે.' ત્યારપછી મુનિ વધારે મોટા શબ્દોથી ઉંચા કાન થઇ જાય તેમ બોલ્યા કે, કુમારોની પાસે જઇને પણ ધર્મલાભ સંભળાવીશ.

એટલામાં તે બંને કુમારો બહાર આવ્યા અને એકાંતમાં લઇ જઇને મુનિને કહેવા લાગ્યા કે, 'હે વૃદ્ધ કાયાવાળા આર્ય ! તમે નૃત્ય કરવાનું જાણો છો, તો જલ્દી નૃત્ય કરી બતાવો, જેથી પ્રસન્ન થઇને તમોને અમે દૂધ, ખીર, ખાંડ, પુડલા વિગેરે ભિક્ષા આપીશું.' હસતા મુખથી મુનિ કુમારોને કહેવા લાગ્યા કે, 'તમને હું અવશ્ય પ્રસન્ન કરીશ. હું સારી રીતે નૃત્ય તો કરી શકું, પણ જો સાથે વાજિંત્ર બરાબર કોઇ વગાડે તો.' તેઓએ કહ્યું કે, 'અમે સંગીતના પાઠ સાથે બોલીને સારી રીતે વાજિંત્ર વગાડીશું.'

ત્યારે સાગરચન્દ્રે નૃત્ય શરૂ કર્યું. તેઓ તાળીઓના તાલ આપવા લાગ્યા, પણ બરાબર તાલ આપવાનું જાણતા ન હતા. આથી મુનિએ તેમને કહ્યું કે, 'તમો મહામૂર્ખ છો,' નૃત્યમાં વાજિંત્રનો તાલ કેવો આપવો, તેની તમને ખબર નથી. તમે મને ખોટા કૂટ આલાપ આપીને નૃત્ય કરાવો છો ! પછી ગુસ્સે થઇને ક્ષણવાર હાથથી કદર્થના કરીને દુરાચારી કુમારોને ભુજાના યુદ્ધથી ભૂમિ પર પાડયા.

ત્યારપછી તપસ્વી મુનિએ તેના અંગોના સાંધાઓ છૂટા પાડી નાખ્યા. એટલે

ચાડિયા પુરુષની માફક ચેષ્ટા વગરના નજર કરવા લાગ્યા. છતાં મુનિના હૃદયમાં કરુણા આવી, આ કુમારોને મેં ત્રાસ આપ્યો છે, એમ વિચારીને તરત ઉપવાસનાં પચ્ચક્ખાણ કર્યા. ધીમેથી બહાર નીકળીને નગરના ઉદ્યાનમાં ગયા. ઈરિયાવહિ પ્રતિક્રમીને બેસીને સ્વાધ્યાય-ધ્યાન કરવા લાગ્યા. 'મેં પંચેન્દ્રિય આત્માને પીડા કરી છે,' એમ મનમાં પશ્ચાત્તાપ વહન કરતા હતા.

ક્ષણવાર પછી દાસીએ કુમારોને નિશ્ચેષ્ટ કષ્ટવાળી સ્થિતિમાં જોયા, આથી બૂમ પાડતી તે તરત રાજા પાસે પહોંચી. બનેલો બનાવ રાજાને જણાવ્યો. રાજાએ સાધુની સર્વ વસતિમાં તે સાધુની તપાસ કરાવી, પરંતુ તે ક્યાંય પણ જોવામાં ન આવ્યા. ત્યાર પછી આચાર્ય ભગવંતે કહ્યું કે, 'એક નવા પરોણા સાધુ અહીં આવ્યા *હતા, તે વહોરવા ગયા હતા, પણ પાછા આવ્યા નથી. જો તે કદાચ હોય, તો ના ન* કહેવાય. દરેક સ્થળ પર તેમને શોધવા માટે પુરુષો મોકલ્યા, ત્યારે બહારના ઉદ્યાનમાં બેઠેલા દેખ્યા. રાજાને જ્યારે સમાચાર આપ્યા, ત્યારે રાજા જાતે જ સાધુની પાસે આવ્યા.

પોતાના સગા ભાઈને ઓળખ્યા, ત્યારે તે વિસ્મય પામેલા મનવાળો થયો. ઘણા લાંબા કાળે દર્શન થયાં હોવાથી હર્ષથી રોમાંચિત ગાત્રવાળો તે ચરણ-કમળમાં પ્રણામ કરતો હતો, ત્યારે ભાઈમુનિએ ઠપકો આપતાં કહ્યું કે-'ચન્દ્રાવતંસ કુલમાં ઉત્પન્ન થએલા અને મારા બન્ધુ એવા તને આ યોગ્ય છે ? જિનશાસન વિષે ભક્તિ પણ ભૂલી ગયો, અથવા ભક્તિની વાત બાજુ પર રાખ, પરંતુ તારા પોતાના તોફાની પુત્ર કે, જે મુનિવર્ગને વિડંબના પમાડવાના એકચિત્તવાળો છે તેને પણ તું શિક્ષા કરતો નથી ? ત્યારે ફરી પણ ચરણ-કમળને કેશરૂપ વસ્ત્રથી લૂંછતો પોતાના પુત્રના અવિ-નીતપણાને ખમાવે છે, તેમ જ પોતાના પ્રમાદની નિંદા કરે છે.

પોતાના પુત્રને સાજો કરવાની દીન વચનોથી વારંવાર વિનંતિ કરે છે. મુનિએ કહ્યું કે, જો તેઓ પ્રવ્રજ્યા લે, તો નક્કી સાજા કરું. ત્યાં જઈને પુત્રને પૂછે છે, પરંતુ ઉત્તર દેવા સમર્થ થઈ શકતા નથી, માત્ર તદ્દન નિશ્ચલ અંગવાળા તેના સન્મુખ ટગમગ જોયા કરે છે. મુનિને ત્યાં લાવ્યા. મુખને સાજું કરીને કહ્યું કે, જો જિનદીક્ષાની શિક્ષાનો સ્વીકાર કરે, તો જ તમને આ દુઃખમાંથી છૂટકારો મળે. જ્યારે દીક્ષાની ઇચ્છા પ્રદર્શિત કરી, એટલે તે મુનિએ બંનેને સાજા કર્યા. પર્વત જેવા મોટા ભારનો આરોપણ કરવા રૂપ તેઓને દીક્ષા આપી. હવે મુનિચંદ્ર રાજાને 'તું પણ સુંદર ધર્મનું સેવન કરતો નથી, તો નરજન્મમાં અહીં કયું સુખ છે ? ઈત્યાદિ ઉપદેશ આપ્યો.

ભાઈ મુનિએ કહેલો ઉપદેશ મુનિચન્દ્ર રાજાએ સાંભળ્યો અને કહ્યું કે, 'આપે

સત્ય વસ્તુ જણાવી. પછી રાજાએ સંયમ-પ્રાપ્તિના મનોરથ કર્યા. પિતા તુલ્ય વડીલ બન્ધુએ આ બહાનાથી મને સુંદર શિક્ષા-ઉપદેશ આપ્યો એમ વિચાર્યું. ત્યારપછી બંનેને દીક્ષા આપી.

રાજકુમાર નિશ્ચલ ચિત્તથી પ્રવ્રજ્યાનું પાલન કરતો હતો. બીજો બ્રાહ્મણ પણ તે જ પ્રમાણે પાળતો હતો. માત્ર તેના હૃદયમાં આ એક વસ્તુ ખટકતી હતી કે, મારાં અંગોને છૂટાં પાડી હેરાનગતિ કરાવીને બળાત્કારથી મને દીક્ષા લેવરાવી. સુંદર નિષ્પાપ દીક્ષા પાલન કરીને તે બંને એક દેવલોકમાં ઉત્પન્ન થયા અને તેઓએ પરસ્પર આ પ્રમાણે સંકેત કર્યો. અહીંથી આપણા બેમાંથી જે કોઇ પ્રથમ મનુષ્યભવમાં જાય, તેને દેવલોકમાં રહેલા દેવે ગમે તે રીતે પ્રતિબોધ કરવો અને દીક્ષા લેવરાવવી.

બ્રાહ્મણ દેવ ત્યાંથી ચ્યવીને રાજગૃહ નગરમાં આગળ સાધુપણામાં કરેલ દુગંછા દોષના કારણે નિંદનીય એવી ચાંડાલણીના ગર્ભમાં ઉત્પન્ન થયો. તે જ નગરમાં ક્રોડ સુવર્ણ અને રત્નના સ્વામી એવા કોઇક શેઠને એક પત્ની હતી, જે પોતાના પતિના મનરૂપી મદોન્મત્ત હાથીને વશ કરનાર હતી, પરંતુ તે મરેલાં બાળકોને જન્મ આપતી હતી, એટલે આ શેઠાણીએ તે ચંડાલપત્ની સાથે લાંબા કાળની સ્થિર સાચી શ્રદ્ધાવાળી પ્રીતિ બાંધી. ચાંડાલણી દરરોજ માંસ વેચવા માટે તેને ઘરે આવતી હતી.

સુંદર વજ્રલેપ સરખી તેઓની પરસ્પર પ્રીતિ જામી. ''પોતાના ઘરની ગુપ્ત હકીકત કહેવી, તેણે કહેલ રહસ્યનું અખંડિત રક્ષણ કરવું, અર્થાત્ ગમે તે સંયોગમાં બીજાને ન કહેવું, એકબીજાને વારંવાર મળવું આવી સાચી મૈત્રીને પ્રકાશિત કરે છે.'' શેઠાણીને પણ તે સમયે ગર્ભ ઉત્પન્ન થયો. બંને સાથે ગર્ભવતી બની. ચંડાલિનીને પુત્ર અને શેઠાણીને પુત્રી જન્મી. કોઇને ખબર ન પડે તેમ શેઠાણીની દાસીએ પુત્રી ચંડાલિનીને આપી અને તેનો પુત્ર શેઠપત્નીને અર્પણ કર્યો.

શેઠાણી દરરોજ ચંડાલીના પગમાં પુત્રને પાડીને એમ કહેતી હતી કે, 'હે સખી ! તારા પ્રભાવથી આ પુત્ર દીર્ઘકાળ સુધી જીવતો રહે.' તે બંનેનો સ્નેહ સંબંધ વજ્રલેપ સરખો કોઇ વખત ન તૂટે તેવો સજ્જડ બંધાઇ ગયો. 'મેતાર્ય' એવું પુત્રનું નામ સ્થાપન કર્યું.

સમગ્ર કળાઓનો અભ્યાસ કર્યો. પેલો દેવ આવીને સદ્ધર્મ માર્ગનો પ્રતિબોધ કરે છે અને કહે છે કે, 'તારા આગલા ભવનો મિત્રદેવ છું. તેં સંકેત કર્યા પ્રમાણે દીક્ષા-પ્રાપ્તિ કરાવવા માટે હું તને સ્મરણ કરાવવા આવ્યો છું, તો હવે દીક્ષા ગ્રહણ કર. તું વિષયાસક્ત બની સંતોષથી પરાઙ્મુખ બની નરકના કૂવામાં પડવાનો ઉદ્યમ કરી રહેલો છે અને હું ધર્મનો ઉપદેશ આપું છું, તે પ્રમાણે કરતો નથી.

ત્યારે તે દેવતાને મેતાર્ય કહેવા લાગ્યો કે, 'અરે ! શું આજે મારા માટે આ વ્રત કરવાનો અવસર છે ? ખરેખર આજે તો પ્રથમ કોળિયો ગ્રહણ કરતાં વચ્ચે માખી આવીને પડી, તેના સરખું આ કહેવાય. તું કેવા પ્રકારનો મિત્ર છે કે જેથી આ નવીન યૌવનમાં પ્રાપ્ત થએલા વિષયો છોડાવે છે. હું તને પૂછું છું કે, કોઇ રાજ્ય પ્રાપ્ત થયું હોય અને મળેલું રાજ્ય ટળાવે-છોડાવે, તો તેને મિત્ર ગણવો કે શત્રુ ગણવો ? એટલે દેવતા ચાલ્યો ગયો.

ત્યારપછી શેઠે મેતાર્યનો અતિરૂપવતી અને લાવણ્યથી પૂર્ણ વદનવાળી આઠ કન્યાઓ સાથે વિવાહ કર્યો. હવે ઘણી મોટી ઋદ્ધિ સહિત પાણિગ્રહણ માટેનો લગ્નોત્સવ આરંભ્યો. નવવધૂઓની સાથે મેતાર્ય સુંદર રથમાં બેસીને વરઘોડો કાઢીને તથા ધવલ-મંગળનાં મોટેથી ગીત ગાતી હજારો સ્ત્રીઓની સાથે રાજગૃહી નગરીના રાજમાર્ગ, ચારમાર્ગ, ચૌટા, ચોક વગેરે માર્ગોમાં જાનૈયા સાથે ચાલી રહેલો છે.

હવે અહીં પેલો દેવતા ચંડાળના શરીરમાં પ્રવેશ કરીને રુદન કરવા લાગ્યો. પત્નીએ પૂછયું કે, 'રુદન કરવાનું શું કારણ છે ?' ત્યારે પતિએ પત્નીને કહ્યું કે, 'આજે હું રાજમાર્ગથી આવતો હતો, ત્યારે મેતાર્યનો વિવાહ-મહોત્સવ મેં જોયો. જો તારી પુત્રી જીવતી હોત, તો હું પણ તેનો એ જ પ્રમાણે વિવાહ કરત.

પોતાના પતિના દુઃખે દુઃખી થએલી તે ચાંડાલિનીએ પતિને સાચું રહસ્ય કહી દીધું અને કહ્યું કે, 'તમે રુદન ન કરો. મરેલી પુત્રી તો તેની જ હતી, જ્યારે મેતાર્ય પુત્ર તો તમારો જ છે. તે બિચારી મારી બહેનપણી મરેલા બાળકને જન્મ આપનારી છે, પહેલાં પણ તેણે ઘણી વખત મારા પુત્રની માગણી કરી હતી. એક જ સમયે અમે જ્યારે પુત્ર-પુત્રીને જન્મ આપ્યો, ત્યારે કોઇ ન જાણે તેમ મેં તેને પુત્ર આપ્યો હતો. ત્યારે આ ચંડાળ કહેવા લાગ્યો કે, 'હે પાપિણી ! આ કાર્ય તેં ઘણું ખોટું કર્યું ગણાય. એમ બોલતો તે એકદમ મેતાર્યની પાસે પહોંચ્યો. અને તેને પૃથ્વી પર નીચે પટકાવીને કહે છે કે, અરે ! તું મારો પુત્ર છે અને હે પાપી ! તું આ ઉત્તમ જાતિની કન્યાઓને વટલાવે છે ? તું મારો પુત્ર છે અને પાપિણી તારી માતાએ તે શેઠને અર્પણ કર્યો, તે વાત હું કેવી રીતે સહી શકું ? માટે આપણા ચંડાલના પાડામાં પ્રવેશ કર.

સમગ્ર કન્યાઓનાં માતા-પિતાઓ ક્ષોભ પામ્યાં અને ભોંઠા પડી ગયાં, તેઓ તો હવે શું કરવું ? તેવા વિચારમાં મૂઢ બની ગયા, તેઓની વચ્ચેથી આ ચાંડાલ ખેંચીને ઘસડી ગયો. ત્યાં ભવનમાં લઇ ગયા પછી અદશ્ય દેવતાએ મેતાર્યને કહ્યુંઃ 'જો તું પ્રવ્રજ્યા લેવા માટે તૈયાર થાય, તો આ ચંડાળના વાડારૂપ કૂવામાંથી તને બહાર કાઢું.' તેણે કહ્યું કે, હવે તે કેવી રીતે બની શકે ? મારી હલકાઇ કરવામાં તેં કશી બાકી રાખી

નથી. દેવે કહ્યું: 'હજુ પણ કંઇ બગડી ગયું નથી. માટે વ્રત ગ્રહણ કર.'

ત્યારે મેતાર્ય દેવને કહેવા લાગ્યો કે, બાર વરસ તો મને સુખેથી વિષયો ભોગવવા દે, ત્યારપછી તું કહેશે, તેમ કરીશ. તો મારી પર પ્રસન્ન થા અને હાલ મને વિષયસુખ આપ. દેવતાએ પૂછયું કે, 'હવે તારી શુદ્ધિ કયા પ્રકારે કરવી ? મેતાર્યે કહ્યું કે, 'શ્રેણિકરાજાની પુત્રી સાથે મારા લગ્ન કરાવી આપ. જો તું શ્રણિકરાજાને અઢળક ધન આપીશ, તો તે શ્રેણિકરાજા પોતાની પુત્રી માતંગ હોવા છતાં પણ મને નક્કી આપશે.'

''બ્રાહ્મણો, રાજાઓ, વેશ્યાઓ, અને ચોરો અતિલોભથી ઘેરાએલા હોય છે, તેથી તેઓ કયું અકાર્ય નથી કરતા ?'' એ પ્રમાણે મારી અવજ્ઞા-હલકાઇ કરી છે, તેનો પણ સર્વથા નાશ થશે, ત્યારે તે દેવ તેને ઘેર એક બકરો બાંધીને ગયો. આ બકરો દરરોજ અનેક જાતિવાળા રત્નોનાં લિંડા મૂકતો હતો. તે રત્નોથી ભરેલો થાળ પુત્ર પિતાને સમર્પણ કરતો હતો. પિતાને આપીને કહ્યું કે, 'આ રત્નપૂર્ણ થાળ રાજાને આપીને મારા માટે એક રાજકન્યાની માગણી કરો.' પીતાએ તેમ કરીને કન્યાની માંગણી કરી, રાજાએ તેને બહાર હાંકી કાઢયો.

એ પ્રમાણે દરરોજ રત્ન ભરેલો એક એક થાળ આપતો હતો. ત્યારે અભયકુમારે તેને પૂછયું કે, 'આ રત્નો ક્યાંથી લાવે છે ? ચંડાળે કહ્યું કે, બકરા પાસેથી. મારો બકરો મરકતરત્ન, મોતી, માણિકય, અંકરત્ન વગેરે અનેક જાતિનાં ઉત્તમ રત્નની વિષ્ઠા કરે છે. અભયે પણ તે બકરાને મંગાવીને રાજાની પાસે બંધાવ્યો. રાજા, મંત્રી વગેરે લોકોની સમક્ષ આ બકરો કેવી રીતે રત્નોની વિષ્ઠા કરે છે તે જોયું.

તે સમયે બકરાએ પણ કૂતરાના મડદા સરખી આકરી દુર્ગંધવાળી વિષ્ઠા છોડી, જેથી ત્યાં બેઠેલા રાજાદિક પુરુષો વસ્ત્રવડે પોતાની નાસિકા ઢાંકીને દૂર ચાલ્યા ગયા. લાંબા કાળ સુધી વિચાર કરતા અભયે આનો પરમાર્થ જાણ્યો કે, 'નક્કી આમાં કોઇ વિજ્ઞાન કે જાદુ નથી, પરંતુ આ કોઇ દેવતાઇ પ્રભાવ છે,' અભયકુમારે કહ્યું કે, વૈભારગિરિ ઉપર રાજાના રથને જવાનો માર્ગ કરી આપ, જેથી શ્રેણિક રાજા ભગવંતને વંદન કરવા માટે સુખેથી જઇ શકે, તે કહેતાં જ તે દેવે તે પ્રમાણે માર્ગ કરી આપ્યો કે, જે અત્યારે પણ તે દેશવાસી લોકો તેને તે પ્રમાણે દેખે છે. તે માર્ગ તે પર્વતના શિખર પર ચારે બાજુ દૂર સુધી શોભે છે.

વળી કહ્યું કે, 'રાજગૃહી નગરી ફરતો ચારે બાજુ સુવર્ણનો કિલ્લો બનાવી આપ.' વળી કહ્યું કે, 'સમુદ્રને અહીં ખેંચી લાવ, જેથી કરીને તેમાં સ્નાન કરીને શુદ્ધ

થએલા તારા પુત્રને અમારી કન્યા આપીએ.' ક્ષણ માત્રમાં તો તેણે બહાર સમુદ્ર લાવી નાખ્યો, તેમાં મેતાર્યને સ્નાન કરાવીને શ્રેણિક રાજાએ પોતાની કન્યા આપી. તે રાજકન્યાની સાથે શિબિકામાં આરૂઢ થએલો તે નગરના મધ્યભાગમાં જતો હતો, ત્યારે પેલી આગળની આઠ કન્યાઓ પણ ત્યાં આવી.

અતિઊંચા શિખરવાળો મનોહર મહેલ રાજાએ આપ્યો. તેમાં નવે વહુઓની સાથે ક્રીડા કરતો હતો. તેઓની સાથે બાર વરસ સુધી અખંડિત ભોગો ભોગવતો હતો. આગળ સ્વીકારેલ સંકેત પ્રમાણે દેવતા આવીને તેને પ્રવ્રજ્યાની વાત યાદ કરાવે છે, એટલે પેલી સર્વ સ્ત્રીઓ દેવતાના પગમાં પડીને ઘણાં દીન વચનોથી કરગરવા લાગી કે, અમારી ખાતર બાર વરસ પછી યાદ કરાવજો. સંસારથી ઉદ્ધાર કરવાની મતિવાળા દેવે વારંવાર આગ્રહ કર્યો, પરંતુ તે વખતે તે દેવતાના હૃદયમાં તે બંનેએ દીનતા બતાવી.

ફરી બાર વરસ પસાર થયા પછી દેવે સ્મરણ કરાવ્યું કે, 'ભોગો ભોગવતાં બાર વરસ પૂર્ણ થયાં છે. આથી મેતાર્યે ઉત્તમ મુનિપણું ગ્રહણ કર્યું. નવીન નવીન નવ પૂર્વના મહા અર્થો ગ્રહણ કર્યા, ગીતાર્થ બન્યા, અને તીવ્ર તપસ્યા કરવામાં સ્થિર મનવાળા થયા. કોઇક વખત વિચરતા વિચરતા એકાકી પ્રતિમાવાળા તે મુનિવર રાજગૃહી નગરમાં પધાર્યા. ગોચરચર્યાએ ફરતા ફરતા એક સુવર્ણકારના ભવનના આંગણામાં પહોંચ્યા.

તે સમયે સુવર્ણકાર ૧૦૮ સુવર્ણમય યવો ઘડીને તૈયાર કરતો હતો. તે ત્યાં જ સ્થાપન કરીને પોતાના ભવનની અંદર ગયો. તે સમયે ત્યાં ક્રૌંચપક્ષી ક્રીડા કરતું હતું, તે ત્યાંથી જવલા ગળી ગયું. કાઉસ્સગ્ગ-ધ્યાનમાં ઉભેલા મુનિએ જવલા ગળતા દેખ્યા. ક્ષણવારમાં સુવર્ણકાર અંદરથી બહાર આવ્યો અને જવલાં ન જોયાં, એટલે ભયભીત બની નજીકમાં રહેલા સાધુને પૂછયું કે, 'કૃપા કરીને કહો કે, અહીંથી આ સોનાના યવો કોણે હરણ કર્યા ? અહીં તમે લાંબા કાળથી ઉભેલા છો એટલે જાણતા જ હશો.

શ્રેણિક રાજા જિન-પ્રતિમાની આગળ નવીન સુવર્ણના બનાવેલા ૧૦૮ જવથી દરરોજ પૂજા કરે છે. તેનો સુંદર સ્વસ્તિક રચે છે અને પછી વિસ્તારથી દેવાધિદેવને વંદન કરે છે. રાજાને દેવની પૂજા કરવાનો અત્યારે સમય થયો છે. સમય થયા પહેલાં મારે જવલાં આપવાનાં છે, તો આપ કહો. નહિંતર રાજા મારા કુટુંબ સહિત મને મરાવી નંખાવશે, માટે મારા ઉપર કરુણા લાવીને આપ કહો કે, આપે કે બીજા કોઇએ ગ્રહણ કર્યા છે. હું તમારી કે બીજા કોઇની વાત કોઇને પણ કહીશ નહિં. એટલું જ નહિં, પરંતુ હે સ્વામી ! આટલા પ્રમાણનું સુવર્ણ પણ હું તમને આપીશ. અત્યારે મારે

રાજાને જવલાં આપવાનો સમય સાચવવો છે.

પ્રાણિ દયા-જીવ-રક્ષણ માટે મેતાર્ય મુનિ કશું પણ બોલતા કે જવાબ આપતા નથી. એટલે સોની બોલ્યો કે, 'આ પાખંડી છે, આ જ ચોર છે, શા માટે કંઇ બોલતો નથી, તપસ્વી-સાધુનો માત્ર વેષ પહેર્યો છે. પ્રાણનાશ થવાની પીડા આજ સુધી તે પામ્યો નથી.

ચામડાની વાધર પાણીમાં ભીની કરીને મુનિના મસ્તક ઉપર સજ્જડ ખેંચીને એવી સજ્જડ બાંધી કે તડકામાં સૂકાવા લાગી એટલે વાધર વધારે ખેંચાવા લાગી. એટલે બંને નેત્રો બહાર નીકળી ગયા, તે મહાત્મા મેતાર્ય મુનિ તે સમયે મનમાં સુંદર ધ્યાન કરવા લાગ્યા કે, 'મારા જીવિતથી વધારે શું છે ! જો હું કદાચ જવલાની સાચી વાત કહી દઉં, તો બિચારા આ ક્રૌંચ પક્ષીનું પેટ ચીરીને નિર્દયતાથી મારી નાખશે, તો ભલે મારું મરણ થાઓ. મારા જીવનના ભોગે પણ આ જીવ તો જીવતો રહેશે. જે પછી પણ અવશ્ય નાશ પામવાના છે, તેવા પ્રાણની કઇ અપેક્ષા રાખવી ? 'આ ભુવનમાં હું કરુણા કરનારો છું' એમ કોણ કહેતા નથી ? વાસ્તવિક કરુણા કરનારો તો તે કહેવાય કે જે આવા સમયે જીવરક્ષા ખાતર પોતે સહન કરીને નિર્વાહ કરે.

હે જીવ ! આજે તૃણ સરખા આ પ્રાણોથી સર્યું. આ ક્રૌંચપક્ષીના જીવનું પ્રાણો વડે કરીને હું પાલન-રક્ષણ કરીશ. અહીં કોઇ પ્રકારે તેવા વિરલા અને સરલ પુરુષો દેખાય છે કે, જેઓ કપાસની જેમ પોતે પીલાઇને બીજાને સુખ આપે છે, તેમ પોતાનો વિનાશ નોતરીને પણ બીજાના ઉપકાર માટે મરણાન્ત કષ્ટ પણ સહન કરે છે.

હે જીવ ! તેં નરકમાં અનેક વેદનાઓ સહન કરી છે, તો પછી જીવને જીવાડવા માટે ઉદ્યત થએલો તું આ સહન કરીશ, તો જય મેળવીશ. આવી ઉત્તમ ભાવનામાં આરૂઢ થએલા તે મુનિને જાણે અતિતીવ્ર વેદનાના હેતુભૂત કર્મનાં દર્શન કરવા માટે કેમ ન હોય તેમ કેવલજ્ઞાન પ્રગટ થયું, તથા તે જ ક્ષણે આયુષ્ય ક્ષય થવાથી અંતકૃત્ કેવલી થયા. જાણે અશાતાવેદનીય કર્મને નિર્મૂલ નાશ કરવા માટે કેમ ન હોય !

આ સમયે કોઇક કાષ્ઠભારી લાવનારે ત્યાં કાષ્ઠની ભારી નાખી, તેમાંથી એક કાષ્ઠખંડ ક્રૌંચ પક્ષીના પેટમાં વાગ્યો. ભય પામેલા પક્ષીએ ગળેલા યવો ત્યાં છૂટાછવાયા ઓકી નાખ્યા. લોકોએ તે જોયા, આથી લોકોએ સોનારનો અતિતિરસ્કાર કર્યો. હે પાપી ! આવા મહામુનિ ઉપર તેં ખોટું આળ ચડાવ્યું. પાપ કરીને તેના ઉપર ચૂલિકા સરખી આ મુનિને મારવાની દુષ્ટ બુદ્ધિ કરી. કાલ પામેલા મુનિને દેખીને સોનાર મનમાં અતિસંક્ષોભ પામી વિચારવા લાગ્યોઃ 'હવે મારી ગતિ કઇ થશે ? જો આ મારા

સાહસ કાર્યને રાજા જાણશે, તો મારા આખા કુટુંબ સહિત મને ખરાબ મારથી મરાવી નંખાવશે. તો હવે મારા પ્રાણના રક્ષણ માટે અત્યારે મહાઉપાય હોય તો માત્ર પ્રવ્રજ્યા-સ્વીકારનો જ છે.'

એ પ્રમાણે બારણાનાં કમાડ બંધ કરીને આખા કુટુંબ સહિત યતિવેષ ગ્રહણ કર્યો. સુવર્ણના જવ લેવા માટે આવેલા પુરુષોએ સોનીએ મેતાર્ય મુનિનો ઘાત કર્યો છે તે સર્વ વૃત્તાન્ત રાજાને નિવેદન કર્યો. આથી અતિભયંકર ભૃકુટીની રચનાવાળા ભાલતલવાળા રાજા શ્રેણિકે ખરાબમાં ખરાબ રીતે કુટુંબ સહિત તેનો વધ કરવાની આજ્ઞા કરી. એટલે હાથમાં પ્રચંડ ઊંચા દંડ લઈને રાજાના સુભટો તેના ઘરે આવી પહોંચ્યા. પરંતુ આખા કુલસહિત સર્વેને પ્રવ્રજિત થએલા જોઈને તેઓને દંડનો અગ્ર-ભાગ બતાવીને રાજાની પાસે લઈ ગયા.

આખા કુટુંબ સહિત સાધુવેષવાળા સોનારે રાજાને ધર્મલાભ આપ્યો. શ્રેણિક રાજાએ કહ્યું કે, 'મરવાના ડરથી તેં સાધુવેષ ગ્રહણ કર્યો છે. આ વેષમાં તને શિક્ષા કરું તો શાસનનો ઉડ્ડાહ થાય. તો હવે આ ઉલ્લંઘન ન કરવા યોગ્ય મારી આજ્ઞા સાંભળ. 'સ્વીકારેલાં આ વ્રતો જીવિત સુધી જો તમે નહિં પાલન કરો અને તમારામાંથી એક પણ જો આ વ્રતનો ત્યાગ કરશો, તો તમારો શારીરિક-પ્રાણાંતિક દંડ રાજા કરશે.

જેવી રીતે નિષ્કંપ મેતાર્ય મહર્ષિએ પોતાના પ્રાણના નાશના ભોગે પણ સમભાવ સ્વરૂપ સામાયિક કર્યું, તેમ બીજાઓએ પણ બીજા જીવોના રક્ષણ માટે કરવું.

(ઉપદેશમાલા ભાષાંતરમાંથી સાભાર ઉદ્ધૃત.)

## ગોવિંદ વાચકનું દૃષ્ટાંત (અ. ૬ સૂ. ૬)

કોઈ એક નગરમાં ગોવિંદ નામનો બૌદ્ધધર્મી પંડિત હતો. તે નગરમાં કોઈ વાર શ્રીગુપ્ત નામના મહાન જૈનાચાર્ય પધાર્યા. આખા નગરમાં તેમની વિદ્વત્તાનો પ્રચાર થયો. આથી આ નગરમાં આ સૂરિથી અધિક વિદ્વાન અન્ય કોઈ નથી એવો પ્રચાર થયો. ગોવિંદ પંડિતે આ વાત સાંભળી. મારાથી અધિક અન્ય કોઈ વિદ્વાન નથી એમ માનનાર ગોવિંદ પંડિત આચાર્યના ફેલાયેલા આવા યશને સહન કરી શક્યો નહિ. આથી તે આચાર્ય સાથે વાદ કરીને આચાર્યને પરાજિત કરવાના ઈરાદાથી વાદ કરવા માટે આચાર્યની પાસે આવ્યો. વાદમાં આચાર્યે તેને પરાજિત કરી દીધો. આથી તે પંડિતે વિચાર્યું કે જ્યાં સુધી હું જૈન દર્શનનું ઊંડું જ્ઞાન નહિ મેળવું ત્યાં સુધી આ આચાર્યને જીતી શકીશ નહિ. આમ વિચારીને તેણે કપટથી અન્ય કોઈ જૈન આચાર્ય પાસે દીક્ષા લીધી. જૈન દર્શનનો અભ્યાસ થઈ ગયા પછી દીક્ષા છોડી દીધી. શ્રી ગુપ્ત આચાર્યની પાસે વાદ કરવા આવ્યો. આ વખતે પણ આચાર્યે તેને હરાવી દીધો. જૈન દર્શનનો ઊંડો અભ્યાસ કરવા બીજી વાર કપટથી કોઈ આચાર્ય પાસે દીક્ષા લીધી.

અભ્યાસ પૂર્ણ થતાં દીક્ષા છોડીને શ્રી ગુપ્ત આચાર્યની પાસે વાદ કરવા આવ્યો. આચાર્યે તેને નિરુત્તર કરી દીધો. આથી ત્રીજીવાર કોઇ આચાર્યની પાસે દીક્ષા લીધી. એકવાર આચારાંગ સૂત્રના પ્રથમ અધ્યયનમાં આવેલી વનસ્પતિના જીવોની સિદ્ધિ કરનારી યુક્તિઓને તે ભણતો હતો. તે બૌદ્ધધર્મી હોવાથી વનસ્પતિમાં જીવ માનતો ન હતો. પણ આ યુક્તિઓનો વિચાર કરતાં કરતાં તેને ''વનસ્પતિમાં જીવ છે.'' એવી શ્રદ્ધા થઇ. આથી તે જૈન ધર્મ પ્રત્યે શ્રદ્ધાવાળો બન્યો. હવે તેણે ગુરુને ''મેં અશુદ્ધ આશયથી દીક્ષા લીધી છે'' એમ કહીને હવે સાચી દીક્ષા આપો એમ વિનંતી કરી. આથી ગુરુએ તેને ફરી દીક્ષા આપી. પછી અનુક્રમે જૈન દર્શનના શ્રુતનો ઊંડાણથી અભ્યાસ કરીને યુગપ્રધાન બન્યા અને જૈન શાસનની મહાન પ્રભાવના કરી. (ઉપદેશ પદ).

## સુંદરીનંદનું ચરિત્ર (અ. ૬ સૂ. ૬૦)

નાશિક નામનું નગર હતું. તેમાં નંદ નામનો વણિક રહેતો હતો. તેની અતિશય સૌંદર્યવતી સુંદરી નામની પત્ની હતી. નંદ પત્ની સુંદરીમાં અતિશય આસક્ત બન્યો. સુંદરી વિના તે એક ક્ષણ પણ રહી શકતો ન હતો. તે નગરમાં નંદ નામના બીજા પણ વણિકો હતા. આ નંદ સુંદરીમાં અતિશય આસક્તિ રાખતો હોવાથી લોકોએ તેનું સુંદરીનંદ એવું નામ પાડયું. સુંદરી સાથે વિષયસુખનો અનુભવ કરતા સુંદરીનંદનો કાળ પસાર થઇ રહ્યો હતો.

સુંદરીનંદના એક બંધુએ પૂર્વે દીક્ષા લીધી હતી. તેમણે સાંભળ્યું કે ભાઇ પત્ની વિષે અતિશય રાગી બન્યો છે. આ સાંભળીને સાધુએ વિચાર્યું કે હવે મારે તેની ઉપેક્ષા કરી તેને દુર્ગતિગામી કરવો તે યુક્ત નથી. આમ વિચારીને ગુરુની રજા મેળવીને તે નાશિક નગરમાં આવ્યા. ભિક્ષાના સમયે બંધુના ઘરે વહોરવા ગયા. બંધુએ ભક્તિથી વહોરાવ્યું. પછી ભિક્ષાનું પાત્ર ઉપાડવા માટે બંધુને આપ્યું. સ્વજનો થોડે સુધી મુનિની સાથે જઇને મુનિને નમસ્કાર કરીને પાછા વળ્યા. ભાઇ મહારાજ જ્યાં સુધી મને છોડે નહિ ત્યાં સુધી મારે પાછા જવું યોગ્ય નથી એમ વિચારીને સુંદરીનંદ ઉપાશ્રય સુધી આવ્યો. હાથમાં સાધુનું પાત્ર હોવાથી નગરલોકો હાસ્યથી બોલવા લાગ્યા કે આ સુંદરીનંદે દીક્ષા લઇ લીધી. ત્યાં સાધુએ સુંદરીનંદને વૈરાગ્ય ઉત્પન્ન કરનારી દેશના આપી. પરંતુ સુંદરીમાં તીવ્ર રાગ રહેલો હોવાથી ધર્મ માર્ગમાં તેનું ચિત્ત ચોંટયું નહિ.

તે મુનિ વૈક્રિયલબ્ધિવાળા હતા, આથી તેમણે વિચાર્યું કે અધિક લોભ પમાડયા સિવાય આને પ્રતિબોધ પમાડી શકાય તેમ નથી. આથી તેને અધિક પ્રલોભન આપીને પ્રતિબોધ પમાડું. આમ વિચારીને મુનિએ તેને કહ્યુંઃ તું મારી સાથે ચાલ, તને

મેરુ પર્વત બતાવું. સુંદરીના વિરહને સહન નહિ કરનારા તેણે તે વાત ન સ્વીકારી. આથી મુનિએ કહ્યું: એક મુહૂર્તમાં તો આપણે પાછા આવી જઇશું. સુંદરીનંદે હા કહી. આથી મુનિ તેને હિમવાન પર્વત ઉપર લઇ ગયા. ત્યાં એક વાનરી વિકુર્વીને મુનિએ તેને પૂછ્યું: આ વાનરી અને સુંદરી એ બેમાં કોણ સુંદર છે ? તેણે કહ્યું: સુંદરી સુંદર છે. પછી વિદ્યાધરી વિકુર્વીને પૂછ્યું કે આ વિદ્યાધરી અને સુંદરી એ બેમાં કોણ સુંદર છે ? તે બોલ્યો: બંને સમાન છે. પછી દેવી વિકુર્વીને પૂછ્યું: દેવી અને સુંદરી એ બેમાં કોણ સુંદર છે ? તેણે કહ્યું: દેવી સુંદર છે. દેવીમાં રાગવાળા થયેલા તેણે મુનિને પૂછ્યું: આ દેવી કેવી રીતે મળે ? મુનિ બોલ્યા: ધર્મથી મળે. આથી તેણે દીક્ષા લીધી. (દેવી મેળવવા દીક્ષા લીધી હોવા છતાં દીક્ષા લીધા પછી) સાધુપણા પ્રત્યે અનુરાગવાળો થયેલો તે મોક્ષમાર્ગની આરાધનામાં તત્પર બન્યો. (ઉપદેશપદ)

## આર્યસુહસ્તિદીક્ષિત ભિખારીનું દૃષ્ટાંત (અ. ૬ સૂ. ૬૦)

એકવાર સંપ્રતિ રાજા ફરતા ફરતા ઉજ્જયિનીપુરીમાં ગયા. એ વખતે જીવંતસ્વામીની પ્રતિમાની રથયાત્રાનો મહોત્સવ હોવાથી આર્ય મહાગિરિ આચાર્ય અને આર્ય સુહસ્તી આચાર્ય પણ ત્યાં પધાર્યા હતા. જીવંત સ્વામીનો રથ ઉત્સવ સાથે જિનમંદિરની બહાર નીકળ્યો એટલે તે બંને આચાર્ય ભગવંતો અને સકલશ્રીસંઘ રથની પાછળ ચાલ્યો. તે રથ નગરમાં ફરવા લાગ્યો. અનુક્રમે તે રથ રાજમંદિરના દ્વાર પાસે આવ્યો ત્યારે ગવાક્ષ પર બેઠેલા રાજાએ દૂરથી આર્યસુહસ્તીને જોયા, અને જોતાં જ તે વિચારવા લાગ્યો કે આ મુનિને મેં ક્યાંક જોયા હોય એમ મને ભાસે છે, પરંતુ તેનું સ્મરણ કેમ થતું નથી ? આ પ્રમાણે વિચાર કરતાં રાજા મૂર્છિત થઇ નીચે પડયો, એટલે ‘અહો ! આ શું થયું ?' એમ બોલતા પરિજનો ત્યાં દોડી આવ્યા. પછી પંખાથી પવન નાંખતાં અને ચંદનથી ચર્ચતાં રાજા જાતિસ્મરણ પામીને ઉઠયો. જાતિસ્મરણથી આર્ય-સુહસ્તીને પોતાના પૂર્વ જન્મના ગુરુ જાણીને તે જ વખતે અન્ય કાર્યને છોડી રાજા તેમને વંદન કરવા ગયો. ત્યાં પંચાંગથી ભૂપીઠના સ્પર્શપૂર્વક આર્યસુહસ્તીને વંદન કરીને રાજાએ પૂછયું કે-‘હે ભગવાન્ ! જિનધર્મના આરાધનનું ફળ કેવા પ્રકારનું હોય ?' એટલે સુહસ્તી ભગવાન્ બોલ્યા કે-‘હે રાજન્ ! મોક્ષ અને સ્વર્ગની પ્રાપ્તિ એ જિનધર્મના આરાધનનું ફળ છે.' રાજાએ પુનઃ પૂછયું કે-‘સામાયિકનું શું ફળ ?' એટલે આર્યસુહસ્તી બોલ્યા કે-‘હે રાજન્ ! અવ્યક્ત સામાયિકનું ફળ રાજ્યાદિકની પ્રાપ્તિ થાય તે છે, વ્યક્ત સામાયિકથી મોક્ષ પણ મળે છે.' આ ઉત્તર સાંભળી રાજા તરત જ બોધ પામ્યો, અને વિશ્વાસસૂચક એવી નખની આચ્છોટનિકા (આસ્ફાલન) વારંવાર કરીને ‘આપ કહો છો તે યથાર્થ છે, એમાં કંઇ સંદેહ નથી.' એમ કહેવા લાગ્યો. પછી રાજાએ આર્યસુહસ્તીને ફરી નમસ્કાર કરીને પૂછયું કે-‘હે ભગવાન્ ! તમે મને ઓળખો

છો ?' એટલે આચાર્ય પણ ઉપયોગથી જાણીને બોલ્યા કે-'હે નરેશ્વર ! હું તને સારી રીતે ઓળખું છું. તું તારા પૂર્વભવની કથા સાંભળ-'

'હે નરેશ્વર ! પૂર્વે મહાગિરિ આચાર્યની સાથે વિચરતાં અમે ગચ્છ સહિત કૌશાંબીમાં આવ્યા હતા; અને વસતિના સંકોચથી અમે બંને જુદા જુદા સ્થાનમાં રહ્યા હતા; કારણ કે અમારો પરિવાર મોટો હતો. એવામાં ત્યાં ભયંકર દુષ્કાળ પડયો, છતાં લોકો અમારા પર ભક્તિવંત હોવાથી અમને અન્નપાન આદિ આપવામાં ઉલટા વિશેષ ઉત્સાહી થયા હતા. એકવાર સાધુઓ ભિક્ષાને માટે એક શેઠને ઘેર ગયા. ત્યાં તેમની પાછળ એક રંક આવ્યો. ત્યાં તે રંકના દેખતાં તે સાધુઓએ ગૃહસ્થના આગ્રહથી મોદક આદિની ભિક્ષા લીધી. પછી ભિક્ષા લઇને વસતિ તરફ જતાં તે સાધુઓની પાછળ પાછળ જઇને પેલો રંક બોલ્યો કે-'હે મહારાજ ! મને ભોજન આપો.' એટલે તે સાધુઓ બોલ્યા કે-'તે વાત અમારા ગુરુ જાણે, અમે તો ગુરુને આધીન હોવાથી તેમની આજ્ઞા વિના કંઇ પણ આપી શકીએ નહિ.' પછી પેલો રંક સાધુઓની પાછળ પાછળ વસતિમાં આવ્યો, અને ત્યાં અમને જોઇને તેણે દીન થઇ અમારી પાસે ભોજન માગ્યું. તે વખતે સાધુઓએ કહ્યું કે-'હે ભગવાન્ ! અત્યંત દીનમૂર્તિવાળા આ રંકે રસ્તામાં અમારી પાસે પણ ભોજન માગ્યું હતું.' પછી ઉપયોગ આપતાં મારા જાણવામાં આવ્યું કે-'આ રંક ભવાંતરમાં પ્રવચનના આધારરૂપ થશે.' એટલે તે ભિખારીને અમે મીઠાશપૂર્વક કહ્યું કે-'હે ભદ્ર ! જો દીક્ષા લે, તો તને ભોજન મળે.' આ પ્રમાણે સાંભળી તે રંક વિચારવા લાગ્યો કે- પ્રથમથી જ હું કષ્ટ તો ભોગવું જ છું, તે કરતાં આ વ્રતનું કષ્ટ સહન કરવું સારું છે કે જેમાં ઇષ્ટ ભોજનનો લાભ તો મળે. આમ ધારીને તે રંકે તે જ વખતે પ્રવ્રજ્યા અંગીકાર કરી. પછી અમે તેને યથારુચિ મોદક આદિ ઇષ્ટ ભોજન આપ્યું. તેણે તે સ્વાદિષ્ટ આહારનું કંઠપર્યંત એવી રીતે ભોજન કર્યું કે જેથી શ્વાસવાયુના ગમનનો માર્ગ પણ સંકીર્ણ થઇ ગયો; અને અતિશય આહારથી શ્વાસ રોકાઇ જતાં તે જ દિવસની રાત્રિએ તે મરણ પામ્યો; કારણ કે પ્રાણીઓ શ્વાસથી જ જીવી શકે છે. તે રંક સાધુ મધ્યસ્થભાવે મરણ પામીને અવંતિપતિ કુણાલ રાજાનો તું પુત્ર થયો છે'.

આ પ્રમાણે પોતાનો પૂર્વભવ સાંભળીને રાજાએ સુહસ્તી ગુરુને વિનંતિ કરી કે-'હે ભગવાન્ ! આપના પ્રસાદથી હું આ પદવી પામ્યો છું. હે પ્રભો ! તે વખતે જો આપે મને દીક્ષા આપી ન હોત, તો જિનધર્મથી રહિત એવા મારી શી ગતિ થાત ? માટે આપ મારા પર પ્રસન્ન થઇને કંઇક આજ્ઞા કરો, કે હું શું કરું ? પૂર્વજન્મના ઉપકારી એવા આપના ઋણથી રહિત તો હું કોઇ રીતે થઇ શકું તેમ નથી. પૂર્વજન્મની જેમ આ જન્મમાં પણ તમે જ મારા ગુરુ છો, માટે કર્તવ્યની શિખામણ આપીને ધર્મપુત્ર

એવા મારા પર અનુગ્રહ કરો.' પછી કૃપાળુ આર્યસુહસ્તી ભગવંતે રાજાને આદેશ કર્યો કે 'હે રાજન્ ! આ લોક અને પરલોકના સુખને માટે તું જિનધર્મનો સ્વીકાર કર. જૈનધર્મના ઉપાસકો પરલોકમાં સ્વર્ગ અને મોક્ષ પામે છે, અને આ લોકમાં હસ્તી, અશ્વ અને ધન આદિની ઉત્તરોત્તર વૃદ્ધિને પામે છે. પછી રાજાએ તેમની આજ્ઞાથી ત્યાં જ એવો અભિગ્રહ કર્યો કે ''જિનેશ્વર ભગવંત દેવ, સુસાધુ ગુરુ, અને જિનધર્મ જ મારે પ્રમાણ છે.'' આ પ્રમાણેના સમકિતના ઉચ્ચાર પૂર્વક પાંચ અણુવ્રત, ત્રણ ગુણવ્રત અને ચાર શિક્ષાવ્રત અંગીકાર કર્યા. ત્યારથી સંપ્રતિ રાજા પરમ શ્રાવક થયો. પછી લક્ષ્મીને સફલ કરવાને ઇચ્છતો એવો તે ત્રિકાળ જિનપૂજા અને સ્વજનોની જેમ સાધર્મિક બંધુઓનું વાત્સલ્ય કરવા લાગ્યો. સદા જીવદયાના ભાવવાળો અને દાનરક્ત એવો તે દીનજનોને દાન દેવા લાગ્યો તથા વૈતાઢય પર્વત સુધીના ભરતક્ષેત્રના ત્રણે ખંડને જિનચૈત્યોથી વિભૂષિત કરી દીધા.

સામંત રાજાઓને પણ જૈનધર્મી બનાવ્યા. એથી આજુ-બાજુના પ્રદેશો પણ સાધુવિહારને યોગ્ય થઇ ગયા. અનાર્ય દેશોને પણ સાધુઓને વિચરવા લાયક કર્યા. (પરિશિષ્ટપર્વ)

## ભવેદવનું દૃષ્ટાંત (અ. ૬ સૂ. ૬૦)

મગધદેશમાં સુગ્રામ નામના ગામમાં આર્જવ નામનો કુલરક્ષક રાઠોડ હતો. તેની રેવતી નામની પત્ની હતી. તેની સાથે વિષયસુખને અનુભવતા આર્જવને કાલના ક્રમથી બે પુત્ર ઉત્પન્ન થયા. પહેલો ભવદત્ત અને બીજો ભવદેવ હતો. ક્રમે કરીને બંને યૌવનને પામ્યા. એકવાર તે ગામમાં સુસ્થિત નામના આચાર્ય પધાર્યા. તેમને વંદન કરવા માટે સુગ્રામવાસી લોકો ગયા. તે લોકોમાં ભવદત્ત અને ભવદેવ પણ ગયા હતા. તેમણે આચાર્યને જોઇને ભાવપૂર્વક વંદન કર્યું. બીજા લોકો પણ ગુરુને વંદન કરીને યથાયોગ્ય સ્થાને બેઠા. આ સમયે સૂરિએ ધર્મદેશના શરૂ કરી. તે આ પ્રમાણેઃ-

હે ભવ્યો ! આ સંસારમાં મનુષ્યભવ વગેરે અતિદુર્લભ સામગ્રીને પામીને ધર્મ જ કરવો જોઇએ. તે ધર્મ અહિંસા, અસત્ય, ચોરી, અબ્રહ્મ અને પરિગ્રહના ત્યાગથી થાય છે. પણ બીજી રીતે નહિ, સર્વ આશંસાથી રહિત જે જીવ આ ધર્મને કરે છે તેને સ્વર્ગ અને મોક્ષનું સુખ હથેળીમાં છે. જે જીવ જીવહિંસા વગેરે પાપોમાં સતત તત્પર રહે છે તે વારંવાર નરક અને તિર્યંચગતિમાં દુઃખ પામે છે. આ સાંભળીને પ્રતિબોધ પામેલા ભવદત્તે દીક્ષા લીધી. પછી તેણે ગુરુની સાથે વિહાર કર્યો. એક વાર એક સાધુએ આચાર્યને વિનંતી કરી કે, આપની અનુજ્ઞાથી હું સ્વજનવર્ગની પાસે જવા ઇચ્છું છું. ત્યાં અત્યંત સ્નેહના સંબંધવાળો મારો નાનો ભાઇ મને જોઇને કદાચ દીક્ષા લેશે. તેથી ગુરુએ એને બહુશ્રુત (=ગીતાર્થ) સાધુની સાથે જવાની રજા આપી. થોડા જ

દિવસોમાં જ્ઞાતિના જનસમૂહને જોઇને પાછો આવ્યો. તેણે ગુરુને કહ્યું: માતા-પિતાએ મારા નાના ભાઇને તેને યોગ્ય કન્યા પરણાવી છે. તેથી તેણે દીક્ષા ન લીધી.

આ સાંભળીને ભવદત્ત સાધુએ કહ્યું: ખરેખર ! શું આ પણ સ્નેહ કહેવાય ? કે જ્યાં ધર્મના સારથિ એવા બંધુ તને પણ ઘણા કાલ પછી જોઇને તેણે દીક્ષા ન લીધી. તે સાંભળીને તે મુનિએ પણ ભવદત્તની સામે કહ્યું: તમારો પણ એક નાનો ભાઇ છે. તમે ત્યાં જશો એટલે અમે તેને પણ દીક્ષા લેતો જોઇશું. ભવદત્તે જણાવ્યું: જો આચાર્ય ભગવંત તે સ્થાનમાં જશે તો તે મને જોઇને કદાચ જો દીક્ષા નહિ લે તો તમે પણ મને જોશો. આ પ્રમાણે તે બેનાં વચન અને પ્રતિવચન થયાં.

બીજા કોઇ સમયે એક ગામથી બીજા ગામ વિહાર કરતા આચાર્ય મગધ દેશમાં રહેલા સુગ્રામ નામના ગામની નજીક આવેલા એક ગામમાં આવ્યા. તેથી ભવદત્ત સાધુએ આચાર્યને વિનંતી કરી કે, હે ભગવંત ! આપની અનુજ્ઞાથી પોતાના જ્ઞાતિજનોને જોવાને ઇચ્છું છું. તેથી આચાર્યે સારા સાધુની સાથે એને મોકલ્યો. ભવદત્ત સુગ્રામમાં આવ્યો. આ તરફ તે સમયે ભવદત્ત, નાગદત્ત અને લક્ષ્મીવતીની પુત્રી નાગિલાની સાથે વિવાહમંગલ કરવા માટે લગ્નવેદિકાના મંડપમાં બેઠો, પોતાના હાથથી પત્નીનો હાથ પકડયો, ફેરા ફર્યો. આ વખતે ભવદત્ત સાધુએ એના ઘરમાં પ્રવેશ કર્યો. તેથી તેના બધા સ્વજનબંધુઓ તેને જોઇને હર્ષ પામ્યા. તેમણે ઉચિત કર્તવ્ય કર્યું, બીજા સાધુની સાથે ભવદત્તને વંદન કર્યું. મારા મોટા ભાઇ ભવદત્ત સાધુ આવ્યા છે એમ ભવદેવે સાંભળ્યું. (આ સાંભળતાં જ) ભવદેવને મુશ્કેલીથી રોકી શકાય તેવા બંધુસ્નેહથી ભાઇને મળવાની ઉત્કંઠા થઇ. એ ઉત્કંઠાના કારણે તેનું મન વિહ્વલ બની ગયું. (આથી) તે લગ્નમંગલનાં શેષ કર્તવ્યો મૂકીને ભાઇની પાસે ગયો. આ વખતે તેને શ્વસુરકુલના લોકોએ રોકયો, સમાનવયના મિત્રોએ પકડી રાખ્યો, મનોહર સ્ત્રીજનોએ નિષેધ કર્યો, છતાં હું આ આવ્યો, ઉતાવળ ન કરો, એમ બોલતો જ ભાઇની પાસે ગયો. બીજા સાધુની સાથે ભાઇ મહારાજને આદરથી વંદન કર્યું. બંને સાધુઓએ એને ધર્મલાભ આપ્યો. પછી તેમણે ત્યાં ભેગા થયેલા કુટુંબી માણસોની સમક્ષ કહ્યું: તમે (પ્રસંગમાં) રોકાયેલા છો, તેથી અમે હમણાં જઇએ છીએ, ફરી બીજા કોઇ સમયે આવીશું. ગૃહસ્થોએ કહ્યું: ક્ષણવાર રહો, ભાઇના લગ્નના ઉત્સવને જુઓ. તમારે શું ઉતાવળ છે ? સાધુઓએ કહ્યું: અમને આવું ન કલ્પે. આગ્રહ કરવા છતાં સાધુ ત્યાં ન રહ્યા એટલે અશન, પાન અને ખાદિમ એ ત્રણ પ્રકારના ઘણા આહારથી તેમને પ્રતિલાભ્યા (=દાન આપ્યું). ભવદત્તે ભોજનનું પાત્ર ભવદેવના હાથમાં આપ્યું. બંને મુનિ ચાલ્યા. થોડા પૃથ્વીપ્રદેશ સુધી જઇને બધા લોકો વંદન કરીને પાછા વળ્યા. ભવદેવ ભાઇની રજા વિના કેવી રીતે પાછો વળું એ પ્રમાણે આગ્રહમાં પડયો, તેથી

ભાઇ સાથે જવા લાગ્યો. ભાઇ પોતાને પાછો વાળે એ માટે ભવદેવે કિલ્લો, વાવડી અને વનવિભાગ વગેરે જોઇને ભવદત્તને કહ્યું કે, અહીં આપણે રમતા હતા, અહીં સ્નાન કરતા હતા, આમાં ફરતા હતા. સાધુ કેવળ હુંકારો કરીને બધું મને યાદ છે એમ બોલતા ગુરુની પાસે આવ્યા ત્યાં સુધી ચાલ્યા. તેથી પહેરેલા નવા પોષાકથી વિભૂષિત ભવદેવ યુવાનને ભવદત્ત સાધુની સાથે આવેલો જોઇને બાલમુનિઓ ચપળતાના કારણે બોલવા લાગ્યા કે, મારો ભાઇ અર્ધો પરણ્યો હશે (=લગ્નની અર્ધી ક્રિયા કરી હશે) તો પણ જો હું કહીશ તો દીક્ષા લેશે એવું પોતાનું કહેલું મહાન પૂજ્યે સાચું કર્યું. પછી ભવદત્તે ભવદેવને આચાર્યને બતાવ્યો. આચાર્યે પૂછયુંઃ આ શા માટે આવ્યો છે. ? ભવદત્તે કહ્યુંઃ દીક્ષા માટે આવ્યો છે. તેથી આચાર્યે ભવદેવને પૂછયુંઃ આ શું સાચું છે ? ભવદેવે વિચાર્યુંઃ એક તરફ નવીન યૌવનમાં વર્તતી પ્રાણપ્રિય પત્ની છે, એક તરફ સગાભાઇના વચનનો ભંગ અતિ દુષ્કર છે. આ તરફ નવી પરણેલી પ્રિયાનો મહાન વિરહ છે. આ તરફ ભાઇની લઘુતા છે. શું હિતકર છે ? કે જેને હું કરું. તો પણ (=દ્વિધા હોવા છતાં) અત્યારે તો મારો ભાઇ જે કહે છે તે જ કરવાનો અવસર છે. કારણકે તેમ કરવાથી મારો ભાઇ સાધુજનોની આગળ જુઠ્ઠો ન પડે.

આ પ્રમાણે વિચારીને તેણે કહ્યુંઃ મારો ભાઇ કહે છે તે સાચું છે. તેથી તે જ મુહૂર્તે ગુરુએ તેને દીક્ષા આપી. પછી તેણે બીજે વિહાર કર્યો. તેને સઘળી સાધુસામા-ચારીનું જ્ઞાન આપ્યું. તે ભાઇના ઉપરોધથી (=શરમથી) દીક્ષા પાળે છે, હૃદયથી તો નવી પરણેલી પોતાની પત્નીને જ સદા યાદ કરતો હતો. આ પ્રમાણે જ સમય પસાર થઇ રહ્યો હતો. એકવાર સૂત્રપોરિસિમાં ભણતા એને આ સૂત્ર આવ્યું કે ન સા મહં નોડવિ અહં પિ તીસે=તે મારી નથી, હું પણ તેનો નથી. તેથી તેણે પોતાના મનમાં શંકા કરી (=વિચાર્યું) કે, આ ખોટું છે. કારણ કે સા મહં અહં પિ તીસે=તે મારી છે અને હું પણ તેનો છું. આ પ્રમાણે જ તે બોલવા લાગ્યો. સાધુઓએ તેને તેમ બોલતા અટકાવ્યો તો પણ તે તેમ બોલતા અટકયો નહિ. ભવદત્ત કાલક્રમે સંલેખના કરીને આયુષ્યનો ક્ષય થતાં મરીને સૌધર્મ-દેવલોકમાં દેવપણે ઉત્પન્ન થયો. ભવદત્તનું મૃત્યુ થતાં પત્નીના દર્શનની તૃષ્ણાથી ઘેરાયેલા ચિત્તવાળા ભવદેવે ગુરુનો વિનય મૂકી દીધો. સાધુના આચારોમાં શિથિલ બની ગયો. કામદેવના બાણોથી પીડા પામવા લાગ્યો. આ પ્રમાણે તેનો ધર્મોપદેશ જતો રહ્યો, સદ્બોધ પલાયન થઇ ગયો, વિવેકરત્ન નાશ પામ્યું, કુલના અભિમાનથી આવેલું દાક્ષિણ્ય જતું રહ્યું, પુરુષાર્થ ચાલ્યો ગયો, શીલ દૂર થયું, વ્રતને ધારણ કરવાની ભાવના જતી રહી. વિશેષ કહેવાથી શું ? જાણે પ્રિયા ચિત્તની આગળ રહેલી હોય, જાણે આંખોની આગળ દેખાતી હોય, જાણે (પોતાની સામે) બોલતી હોય, જાણે (પોતાને) રોકતી હોય, જાણે મંદ હસતી હોય તેમ, ઊંઘમાં પણ સતત પ્રિયાને જ તે જોતો હતો. ઉત્પન્ન થયેલા ઘણા વિકલ્પોની કલ્પનાથી તે

માર્ગોમાં અને ઘરોમાં (ઉક્ત રીતે) પ્રિયાને જ જોતો હતો. તેથી સૂરિએ તેને સમજાવ્યો, ઉપાધ્યાયે ઉપદેશ આપ્યો, સાધુઓએ શિખામણ આપી. છતાં બધાના વચનને અવગણીને, ભવિષ્યનો વિચાર કર્યા વિના, હિત-અહિતને સર્વથા વિચાર્યા વિના, 'જે થવાનું હોય તે થાઓ' એમ વિચારીને પોતાના ગામ તરફ ચાલ્યો. ગામ પાસે આવ્યો. ગામના ઉદ્યાનમાં આવેલા જિનમદિરમાં આવ્યો.

આ તરફ તે જ સમયે તેની પત્ની નાગિલા ધૂપ, પુષ્પ અને સુગંધી ચૂર્ણો વગેરે પૂજાનાં ઉપકરણો લઇને તે જ જિનમંદિરમાં આવી. તેની સાથે કેડે રાખેલા બાળકવાળી એક બ્રાહ્મણી હતી. નાગિલાએ સાધુની બુદ્ધિથી ભવદેવને વંદન કર્યું. ભવદેવે નાગિલાને પૂછ્યું: તમે અહીં આર્જવ રાઠોડના ઘરની વિગત જાણો છો ? નાગિલાએ કહ્યું: જાણું છું. મુનિએ પૂછ્યું: શી વિગત છે ? તેણે કહ્યું: તેને બે પુત્રો હતા. તે પુત્રોએ દીક્ષા લીધી. તેમના માતા-પિતા મૃત્યુ પામ્યા તેને ઘણો સમય થઇ ગયો. આ સાંભળીને તે જરાક ઉદાસીન થઇ ગયા. તેથી નાગિલાએ પૂછ્યું: હે સાધુ ! તમે ઉદાસીન કેમ બની ગયા ? શું તેઓ તમારા કંઇ પણ સગા થતા હતા ? મુનિએ કહ્યું: હું તેમનો ભવદેવ નામનો પુત્ર છું. મોટા ભાઇ ભવદત્તના ઉપરોધથી (=શરમથી) દીક્ષા લીધી. હમણાં મારો ભાઇ દેવલોક પામ્યો છે. આથી હું પોતાના માતા-પિતાને અને પત્નીને યાદ કરીને સ્નેહથી અહીં આવ્યો.

આ સાંભળીને નાગિલાએ વિચાર્યું: આ મારા પતિ છે અને દીક્ષાને છોડવાની ભાવનાવાળા દેખાય છે. મેં યાવજ્જીવ જ પુરુષનો (=અબ્રહ્મનો) નિયમ કર્યો છે, અને હમણાં હું દીક્ષા લેવાની ભાવનાવાળી છું, તેથી અહીં શું કરવું ? અથવા, એનો ઇચ્છિત નિર્ણય શો છે તે પહેલાં જાણું. આ પ્રમાણે વિચારીને ફરી પણ એણે પૂછ્યું: કોના ઘરે તમે પરણ્યા હતા ? તેણે કહ્યું: નાગદત્તના ઘરે. કારણ કે તેની જ પુત્રી નાગિલાને હું પરણ્યો છું. તેથી તેના ઘરની કુશલ વિગત પણ કહો. તેણે કહ્યું: ત્યાં કુશળ છે. મુનિએ પૂછ્યું: શું શરીરથી કુશળ નાગિલા મારા આગમન આદિની વાત ક્યારેય કરે છે ? તેણે કહ્યું: જ્યારથી આપે દીક્ષા લીધી ત્યારથી જ તે સાધ્વીજી પાસે જવા લાગી. ત્યાં તેણે ધર્મ સાંભળ્યો, અણુવ્રત વગેરેનો સ્વીકાર કર્યો, જીવનપર્યંત અબ્રહ્મનો નિયમ કર્યો. હમણાં તે દીક્ષા લેવાની ભાવનાવાળી છે.

(નાગિલાએ આગળ કહ્યું:) તમોએ ઘણા કાળ સુધી સાધુપણું પાળ્યું, અનેક પ્રકારના તપો કર્યા, તેથી હવે એકાંતે અનિત્ય અને અસાર આ જીવલોકના વિષયો માટે અમૂલ્ય અને વિશિષ્ટ સર્વવિરતિરૂપી રત્નનો નાશ કરીને આત્માને સંસારરૂપી મહાન જંગલમાં નહિ પાડવો જોઇએ. આ વિષયો કિંપાક ફલની જેમ પ્રારંભમાં રસિક જણાય છે, પણ પરિણામે અશુભ ફળવાળા છે. આ વિષયો અવિવેકી લોકોને ઘણા

માન્ય છે (=પસંદ છે), પણ વિવેકી લોકો તેમનો તિરસ્કાર કરે છે. જિનેશ્વરોએ બતાવેલી સર્વવિરતિ લાખો ભવોમાં દુર્લભ છે, તથા એકાંતિક (=દુ:ખથી રહિત) અને આત્યંતિક (=અવિનાશી) સર્વસુખસમૂહને આપનારી છે. સંસારરૂપી મહાન જંગલમાં મોહનીયકર્મની વિવિધ પ્રકૃતિઓરૂપી અતિશય પ્રગટ વૃક્ષસમૂહથી સદ્‌વિવેકરૂપી નેત્રોની ગતિ અટકી ગઇ છે, જરા, મરણ, રોગ અને શોક વગેરેના સંતાપરૂપ ગર્વિષ્ઠ અને ક્રૂર ઘણા પશુઓ સતત ફરી રહ્યા છે. તે જંગલ ઘણા દુર્જન માણસોએ કહેલા દુર્વચનરૂપી તીક્ષ્ણ કાંટાઓથી ભરેલું છે. તે જંગલમાં કુલકોટિમાં જન્મપરંપરારૂપ અતિગહન વેલડીઓનો દુ:ખરૂપ સંચાર થાય છે. (૧. અહીં પ્રવચન સારોદ્ધાર વગેરેમાં બતાવેલ એકેંદ્રિય વગેરે જીવોની કુલકોટિ સમજવી. બધા જીવોની મળીને ૧ ક્રોડ ૯૭ લાખ અને ૫૦ હજાર કુલકોટિ છે.)

(નાગિલા આગળ કહી રહી છે:-) વળી-માત્ર ચિંતવેલા જે વિષયોથી જીવો તુરત નરકમાં પડે છે, પરિણામે કટુફળવાળા તે વિષયોમાં કોણ રાગ કરે ? જે જીવોને ચિત્તમાં ભોગસંબંધી તૃષ્ણા થાય છે તે જીવોને સંસારવૃદ્ધિની માતા જેવી તે તૃષ્ણા હજારો દુ:ખોને ઉત્પન્ન કરે છે. ઝેર ખાવું સારું છે, ભયંકર વિષવાળા સર્પોની સાથે ક્રીડા કરવી સારી છે, શત્રુઓની સાથે રહેવું સારું છે, પણ ભોગસુખોની ઇચ્છા પણ કરવી સારી નથી. કારણ કે વિષ વગેરે જીવોના એક જન્મનો નાશ કરે છે, ભોગસુખોની ઇચ્છા તો સેંકડો ભવોમાં પણ જીવને મારે છે. હે મુનિ ! આ પ્રમાણે વિષયોના પરિણામે કટુફલને વિચારીને જિનશાસનના શુદ્ધ બોધવાળા તમારે પણ વિષયોની ઇચ્છા પણ ન કરવી જોઇએ.

આ પ્રમાણે તેનાથી હિતશિક્ષા અપાયેલા મુનિએ પણ પોતાના ચિત્તમાં વિચાર્યું કે જો, આ શું થયું ? ન ગુરુવાસ રહ્યો, ન તો પિતાનું ઘર રહ્યું. એમ થાઓ, તો પણ જીવતી સ્વપત્નીના દર્શન કરું, આ પ્રમાણે વિચારીને તેણે કહ્યું: હમણાં તો નાગિલાને તમે બતાવો, આગળ તે કહેશે તેમ કરીશ. તેથી નાગિલાએ કહ્યું: તે હું જ છું. તેથી તે થોડા વિલખા થઇ ગયા. લજ્જા અને ભય એ બંનેએ એકી સાથે તેમને અલંકૃત કર્યા.

નાગિલાનું મુખ જોઇને આમ-તેમ જોતા તે મૌન રહ્યા. નાગિલાએ ફરી પણ તેમને કહ્યું: ઉનાળાના મધ્યાહ્નસમયે લલાટને તપાવનાર સૂર્યમંડલ વડે તપાવાયેલા ઉખર પ્રદેશમાં થયેલી મૃગતૃષ્ણામાં ઠગાયેલા મારવાડના માર્ગના મુસાફરની જેમ થયેલી ગાઢ ભોગતૃષ્ણાથી ચંચલ હૃદયવાળા તમે દિશાઓમાં ખાલી આંખોને કેમ ફેરવો છો ? નિશ્ચે વિશિષ્ટ ધર્મની આરાધના વિના જીવોને ઇચ્છિત પદાર્થની સિદ્ધિ ક્યારેય થતી

નથી. તેથી ગુરુની પાસે જાઓ, પ્રાયશ્ચિત્ત લઈને ફરી પણ સંયમરૂપ શરીરને શણગારો. લાંબા કાળ સુધી પાળેલા ચારિત્રને એમ જ નિષ્ફળ ન બનાવો. ભાંગેલા ચારિત્રના પરિણામવાળા જીવો બ્રાહ્મણપુત્રની જેમ ઘણા દુઃખનું ભાજન બને છે. ભવદેવે પૂછયુંઃ એ બ્રાહ્મણપુત્ર કોણ છે ? નાગિલાએ કહ્યુંઃ સાંભળો-

આ જ ભરતક્ષેત્રમાં લાટદેશના અલંકારભૂત ભૃગુકચ્છ શહેર હતું. તેમાં જન્મથી જ દરિદ્રતાથી પરાભવ પામેલ અને કુરૂપમાં પ્રથમ શ્રેણિમાં આવનાર રેવાદિત્ય નામનો બ્રાહ્મણ હતો. તેની દેવપૂજક બ્રાહ્મણની કૃપાથી મળેલી આપદ નામની યજ્ઞપત્ની બ્રાહ્મણી હતી. તેના દાંત હોઠથી બહાર નીકળેલા હતા, પીળી કીકીઓથી આંખો વિષમ હતી, પેટ લાંબું હતું, મુખ વક્ર હતું. તે ઠીંગણી અને કાળી હતી. તેવી પણ તે અવિનીત, કજિયો કરનારી, ઠગવામાં જ ચિત્તવાળી, સદા ઉદ્વેગ કરનારી, બીજાઓની નિંદા કરનારી અને બહુ બોલવાના સ્વભાવવાળી હતી. આવી પણ તેનાથી રેવાદિત્ય બ્રાહ્મણે ક્રમશઃ પંદર પુત્રીઓ અને બધાથી નાનો એક પુત્ર ઉત્પન્ન કર્યો. એની પાસે માત્ર ગાયત્રી મંત્રરૂપ વિદ્યા હતી, બીજી કોઈ વિદ્યા ન હતી. આથી તે માત્ર માગીને મેળવેલી વસ્તુઓથી નિર્વાહ કરતો હતો. પણ આટલા કુટુંબનું માત્ર માગીને મેળવેલી વસ્તુઓથી નિર્વાહ કરી શકતો ન હતો. આથી તે બ્રાહ્મણીની જ સાથે લાકડાના ભારા લાવીને વેચતો હતો, શ્રીમંતોના ઘરોમાં પાણીના ઘડા લાવી આપતો હતો, ખાંડવું, પીસવું, કચરો કાઢવો વગેરે અનેક નિંદ્ય કામો કરતો હતો, ભિક્ષા માટે ફરતો હતો.

આ પ્રમાણે પ્રવૃત્તિ કરતા તેનો ઘણો કાળ પસાર થયો. આ જીવલોક મરણના અંતવાળુ હોવાથી ક્યારેક બ્રાહ્મણી મૃત્યુ પામી. તેના વિયોગરૂપ અગ્નિથી તેનું મન અતિશય બળવા લાગ્યું. ભૂતથી અપહરણ કરાયેલા હૃદયવાળા માણસની જેમ અને સન્નિપાતથી ભાન વિનાના કરાયેલા માણસની જેમ તે કેટલાક દિવસો સુધી શું કરવા યોગ્ય છે એ વિષે મૂઢ (=જડ જેવો) રહ્યો. એક દિવસ એણે વિચાર્યુઃ જેને ધર્મ, અર્થ અને કામ એ ત્રણમાંથી એક પણ નથી તેને અજાગલસ્તનની જેમ જન્મથી[૧] શો લાભ થાય ? (૧. અજાગલસ્તન એટલે બકરીના ગળામાં આંચળ. બકરીના ગળામાં આંચળ થાય તો તેનાથી જેમ દૂધનો લાભ થતો નથી, તેમ આવા પુરુષના જન્મથી કોઈ લાભ થતો નથી.) તેથી સર્વ જીવોથી હલકા, પ્રિયપત્નીના વિયોગવાળા અને પુણ્યહીનોમાં શિરોમણિ એવા મારે મરણ જ શ્રેયસ્કર છે, અથવા જેમણે સુકૃતો કર્યા નથી એવાઓના મરણથી પણ શું ? તેથી જુદાં જુદાં તીર્થોનાં દર્શન કરું, તે પુણ્યસ્થાનોમાં સ્નાન કરીને પાપોનો નાશ કરીને જો મરણની આરાધના કરું તો પણ દોષ ન લાગે એમ વિચાર્યું. પછી કન્યાદાનનું ફલ મેળવવાની ઈચ્છાથી પ્રાપ્તિ થઈ તે પ્રમાણે બ્રાહ્મણના છોકરાઓને પોતાની પુત્રીઓ આપી. પછી તે નાના છોકરાની સાથે લઘુકર્મી હોવાથી તેવા

પ્રકારની ભવિતવ્યતાના કારણે કોઇ પણ રીતે ક્યારેક ક્યાંક તેને સાધુઓનાં દર્શન થયા. તેમની પાસે ધર્મ સાંભળ્યો. ભાવથી ધર્મ પરિણમ્યો. પુત્રની સાથે જ દીક્ષા લીધી. ઉદ્યતવિહારથી ચારિત્રનું પાલન કરવા લાગ્યો. દિવસો જતાં બાળ સાધુ પણ યૌવનને પામ્યો. વિવિધ વિકારોને (=અનુચિત પ્રવૃત્તિને) કરવા લાગ્યો. સાધુજનને અનુચિત અનેક વસ્તુઓ માગવા લાગ્યો. તેનો પિતા પુત્રસ્નેહથી યતનાથી મેળવતો હતો. તે આ પ્રમાણેઃ જ્યારે તે કહે કે હે આર્ય ! હું નવકારશી વિના રહી શકતો નથી, ત્યારે પિતા આચાર્યની રજા લઇને નવકારશી પણ લાવી આપતો હતો. જ્યારે ઉનાળામાં કહે કે સૂર્યના કિરણસમૂહના પ્રચંડ તાપને હું સહન કરી શકતો નથી, ત્યારે સૂરિને જણાવીને જોડાનો અને મસ્તકે કપડાનો ઉપયોગ કરાવતો હતો. આ પ્રમાણે તેના ચારિત્રના પરિણામ મંદ બની ગયા. પ્રતિદિન તેની વિવિધ ઇચ્છાઓ વધતી જતી હતી. પિતા પણ તે ઇચ્છાઓને પૂરી કરીને તેને અનુકૂળ વર્તન કરતો હતો. સાધુઓએ પિતાને સંક્લેશ થાય એવા ભયથી તેને રાખ્યો હતો. આમ છતાં કામદેવના બાણશ્રે-ણિથી વીંધાતા મનવાળા તેણે નિર્લજ્જ બનીને પિતાને કહ્યુંઃ હે આર્ય ! હું મૈથુન વિના રહેવા સમર્થ નથી. તેથી તેના પિતાએ વિચાર્યુંઃ આ ચારિત્રરત્નના મહાન લાભને યોગ્ય નથી, સમ્યગ્જ્ઞાનરૂપ નિધાનને લાયક નથી, સુગતિનું ભાજન નથી, દુર્ગતિનું ભાજન છે, વિશેષથી શું ? આ આલોકના અને પરલોકનાં અનેક દુઃખસમૂહનું ઘર થવા યોગ્ય છે. તેથી આનો ત્યાગ કરું.

આ પ્રમાણે વિચારતા પિતાએ તેને કહ્યુંઃ અમારે તારું કંઇ કામ નથી, તને જ્યાં ક્યાંય ઠીક લાગે ત્યાં એકલો જતો રહે. અમે તને અમારા સમુદાયથી બહાર કર્યો છે. આ પ્રમાણે કહીને સાધુજનની સમક્ષ પોતાના ગચ્છમાંથી તેને કાઢી મૂક્યો. તેથી તે સાધુવેષ છોડીને ભોગસાધનો મેળવવા માટે અનેક નિંદ્ય (=હલકાં) કામો કરવા લાગ્યો. છતાં કોડિ જેટલું પણ ક્યાંયથી પામતો ન હતો. કેવળ ભિક્ષાથી દિવસના અંતે માત્ર પેટ ભરાય તેટલો આહાર તેને મળતો હતો. આ પ્રમાણે કેટલોક કાળ તેણે પસાર કર્યો. એકવાર સર્પથી ડંસાયેલો તે આર્તધ્યાનથી મરીને પાડો થયો. તેના પિતાએ તેના કારણે થયેલા વૈરાગ્યથી વિશેષ પણે નિષ્કલંક ચારિત્ર પાળ્યું. મરણ સમયે વિધિપૂર્વક આરાધના કરીને દેવલોકમાં દેવ થયો. ત્યાં ઉત્પન્ન થયેલા તેણે અવધિજ્ઞાનથી પુત્રનો વૃત્તાંત જાણ્યો. પાડાના ભવમાં રહેલા તેને ઘણા ભારથી દબાયેલો અને લાકડી વગેરેથી કુટાતો જોયો. તેથી તેના ઉપર કરુણા આવી. પુત્રસ્નેહથી મનુષ્યલોકમાં આવીને મુસાફર વણિકનું રૂપ વિકુર્વ્યું. વિવિધ કરિયાણાઓથી ભરેલા મોટા ગાડાઓનો સમૂહ બતાવ્યો. પછી ઘણું ધન આપીને તેના સ્વામી પાસેથી તેને છોડાવ્યો. પછી તેને દેવશક્તિથી અતિભારવાળા ગાડામાં જોડીને, અને ગાડાને વહન કરવાની શક્તિ ન

હોવાથી પડી ગયેલો (=બેસી ગયેલો) જોઇને, એક તરફ પરોણો, ચાબુક અને લાકડીના અનેક પ્રહારોથી તેને જર્જરિત કરી નાખ્યો. બીજી તરફ પિતાનું રૂપ કરીને તેને હે ક્ષમાવંત ! હું નવકારશી વિના રહી શક્તો નથી, ઇત્યાદિથી આરંભી હું મૈથુન વિના રહેવા સમર્થ નથી, ત્યાં સુધી બધું કહ્યું. તેથી વારંવાર તે જ વચનરચનાને સાંભળતા એને ચિત્તમાં થયું કે આ વર્ણશ્રેણિ પૂર્વે મેં ક્યાંક સાંભળી છે, આ રૂપ પણ પહેલાં જોયું હોય તેમ મને લાગે છે, આ પ્રમાણે તર્ક-વિતર્ક પૂર્વક વિચારથી તપાસ કરતા તેને જાતિસ્મરણને રોકનારા કર્મનો ક્ષયોપશમ થવાથી જાતિસ્મરણજ્ઞાન થયું. તેથી તેણે પોતાનો પૂર્વ ભવનો વૃત્તાંત જાણ્યો. આથી તે સંવેગને પામ્યો અને સંસાર-વાસથી વિરક્ત બન્યો. આ વખતે દેવે પોતાનું સ્વરૂપ પ્રગટ કર્યું. તેને ધર્મદેશના આપી. એ દેશના તેને પરિણમી ગઇ. ભાવપૂર્વક પાંચ અણુવ્રતોનો અને અનશનનો સ્વીકાર કર્યો. શુભધ્યાનને પામેલો તે બે દિવસ સુધી નમસ્કાર મંત્રમાં તત્પર રહ્યો. ત્રીજા દિવસે તે મૃત્યુ પામીને સૌધર્મ દેવલોકમાં દેવપણે ઉત્પન્ન થયો. દેવ પોતાના સ્થાને ગયો.

જિનમતમાં કુશલ જીવે આ પ્રમાણે જાણીને અંતે (=વિપાકમાં) અશુભ ફળવાળા વિષયો છોડવા જોઇએ. વળી આ બ્રાહ્મણપુત્ર જેવી રીતે આ લોકનાં અને પરલોકનાં દુઃખો પામ્યો તેવી રીતે વ્રતથી ભ્રષ્ટ થયેલાં તમે પણ આવી અવસ્થાને ન પામો.

આ પ્રમાણે નાગિલાથી ઉપદેશ અપાયેલ ભવદેવ સાધુ પરમ વૈરાગ્યને પામ્યા. આ વખતે નાગિલાની જ સાથે આવેલી બ્રાહ્મણીના પુત્રે માતાને કહ્યુંઃ હે માતા ! મને ઉલટી થાય એમ જણાય છે, તેથી જલદી કોઇ પણ પાત્ર લઇ આવ, જેથી તેમાં ઉલટી કરીને અત્યંત મધુર ક્ષીરને ફરી ખાઇશ. બ્રાહ્મણીએ કહ્યુંઃ હે વત્સ ! આ યોગ્ય નથી. કારણ કે અતિમધુર પણ જે વમેલું હોય તે અશુચિ હોવાથી ન ખવાય. તે સાંભળીને ભવદેવે વિચાર્યુંઃ બ્રાહ્મણીએ સારું કહ્યું કે જે વમેલું હોય તે ન ખવાય. મેં પણ વિષયોને વમી દીધા છે, તેથી હવે ફરી કેવી રીતે ઇચ્છું ? આ પ્રમાણે વિચારીને પુનઃ સંવેગવાળા થયેલા તેમણે નાગિલાને કહ્યુંઃ તેં સારી પ્રેરણા કરી, મને સારી રીતે પ્રતિબોધ પમાડયો. પછી તે નાગિલાને 'મિચ્છા મિ દુક્કડં' આપીને ગુરુની પાસે ગયા. ગુરુની પાસે ભાવથી આલોચન-પ્રતિક્રમણ કર્યું. ઘણા કાળ સુધી તપ કર્યો. અંતે સમાધિથી કાળધર્મ પામીને સૌધર્મદેવલોકમાં ઉત્પન્ન થયા. (શ્રાવકનાં બાર વ્રતો યાને નવપદ પ્રકરણ)

### શાલિભદ્રનું દૃષ્ટાંત (અ. ૭ સૂ. ૧૧)

મગધ નામના દેશમાં ગુણોથી સમૃદ્ધ રાજગૃહ શહેરમાં શ્રેણિક રાજા હતો.

તેની ચેલ્લણા નામની પત્ની હતી. તે વખતે તે જ નગરમાં ગોભદ્ર નામનો શ્રેષ્ઠ શ્રેષ્ઠી હતો. તેની ભદ્રા નામની પત્ની હતી. તેણે કોઇવાર રાત્રિના અંતે સ્વપ્નમાં વિવિધ ફલોના સમૂહથી નમેલું શાલિવન જોયું. જાગેલી તેણે પોતાના પતિને સ્વપ્ન કહ્યું. તેણે પણ તેને કહ્યું: તને જલદી સર્વકલાસમૂહનું ઉત્તમ સ્થાન એવો પુત્ર થશે. તે જ રાતે એને ઉત્તમ ગર્ભ રહ્યો. ગર્ભ વધી રહ્યો હતો ત્યારે ક્યારેક ભદ્રાને શાલિવનમાં ક્રીડા કરવાનો દોહલો થયો. તેના પતિએ તે જલદી પૂરો કર્યો. ત્યારબાદ સમય જતાં ભદ્રાએ દેવકુમાર જેવા પુત્રને જન્મ આપ્યો. પિતાએ હર્ષથી બાર દિવસ સુધી મહોત્સવ કરાવ્યો. ત્યારબાદ હર્ષ પામેલા વડિલજનોએ સ્વપ્ન અને દોહલાને અનુરૂપ શાલિભદ્ર એવું નામ કર્યું. ક્રમે કરીને તે કાન્તિથી, બુદ્ધિથી અને કલાસમૂહથી વૃદ્ધિ પામ્યો. પિતાએ પ્રેમથી તેને બત્રીશ શ્રેષ્ઠિકન્યાઓ પરણાવી. ગોભદ્રે ક્યારેક જિનેશ્વરોએ કહેલી દીક્ષા લીધી. વિધિથી દીક્ષા પાળીને મૃત્યુ પામીને તે વૈમાનિક દેવ થયો. પૂર્વભવના સ્નેહથી અને પુત્રના અચિંત્ય પુણ્યપ્રભાવથી એ દેવે વારંવાર આવીને શાલિભદ્રનું સાંનિધ્ય કર્યું. તે આ પ્રમાણે:- બત્રીસ પત્નીઓ સહિત એને ઉત્તમ વસ્ત્ર, આભૂષણ વગેરે, સારભૂત આહાર અને તાંબૂલ વગેરે જે કંઇ ઉપયોગમાં આવે તેવું હોય, તે બધું દરરોજ મેળવતો હતો=મોકલતો હતો. સર્વ લોકોથી અધિક મહિમાવાળો તે દેવે રચેલી અતિરમણીય બત્રીસ શય્યાઓમાં પોતાની પ્રિયાઓની સાથે કામક્રીડા કરતો હતો. આ પ્રમાણે કેટલોક કાળ પસાર થતાં તે નગરમાં અન્યદેશના વેપારીઓ કંબલરત્નો (=ઉત્તમ કામળીઓ) વેચવા માટે આવ્યા. તેમણે રાજમહેલમાં પ્રવેશ કર્યો.

શ્રેણિકરાજાએ તેમને બોલાવીને પૂછ્યું: હે ભદ્રિકો ! એક એક કંબલરત્નનું શું મૂલ્ય છે ? તેમણે કહ્યું: લાખ સોનામહોર. ઘણી મોંઘી હોવાથી રાજાએ તે ન લીધી. વેપારીઓ રાજમંદિરમાંથી નીકળીને ભદ્રાના મહેલમાં ગયા. ભદ્રાએ વિચાર કર્યા વિના તેમણે કહેલા મૂલ્યથી બધાંજ કંબલરત્નો લઇ લીધાં. આ દરમિયાન ચેલ્લણા શ્રેણિક પાસે આવી અને બોલી: મારા લાયક એક કંબલરત્ન લો. તેથી શ્રેણિકે તે વેપારીઓની પાસે એક પુરુષને મોકલ્યો. તેણે પૂછ્યું એટલે વેપારીઓએ ઉત્તર આપ્યો કે, ભદ્રાના મહેલમાં બધી આપી દીધી. તેણે આવીને રાજાને આ વિગત કહી. તેથી ચેલ્લણા રાજા ઉપર વધારે ગુસ્સે થઇને બોલી: તમે કૃપણ છો, એક પણ કંબલરત્ન લઇ શકતા નથી. ભદ્રાએ તો વણિકની પત્ની થઇને પણ બધાં કંબલરત્નો લીધાં. તેથી રાજાએ કંબલરત્ન માટે માણસને ભદ્રાની પાસે મોકલ્યો. ભદ્રાએ માણસને કહ્યું: મેં એ કંબલરત્નોને તે જ ક્ષણે ફાડીને પગ લુછવાનાં લુછણિયાં કરી નાખ્યાં, અને એક એક લુછણિયું મારી વહુઓને આપી દીધું. એથી જો જરૂર હોય તો બીજાં જુનાં કંબલરત્નો લો. તેથી તેણે જઇને તે બધું જ શ્રેણિકને જણાવ્યું. શ્રેણિકે કહ્યું: એ શાલિભદ્રને જોવો જોઇએ કે જેની આટલી સમૃદ્ધિ છે. અમે ધન્ય છીએ કે જેમની નગરીમાં પોતાની સંપત્તિથી કુબેરને પણ

હલકો પાડનારા આવા વેપારીઓ રહે છે. પછી ભદ્રાને કહેવડાવ્યું કે, અમે શાલિભદ્રનાં દર્શન કરવાને ઇચ્છીએ છીએ. ભદ્રાએ કહેવડાવ્યું કે, દેવ પ્રસન્ન થાય, અમારી વિનંતિને સાંભળે કે, શાલિભદ્ર ક્યારે ય સાતમાળના મહેલથી બહાર નીકળતો નથી. એના ભવનમાં દેવે આપેલા મણિઓના સમૂહે અંધકારનો વિસ્તાર દૂર કર્યો છે. આવા પોતાના ભવનમાં પોતાની પ્રિયાઓની સાથે વિવિધ ક્રીડાઓથી ક્રીડા કરતો તે સૂર્ય-ચંદ્રને પણ જોતો નથી. તેથી જો શાલિભદ્રનાં દર્શન કરવાની ઇચ્છા હોય તો દેવ એના મહેલમાં આવવાની મહેરબાની કરે. ''એમ થાઓ'' એ પ્રમાણે રાજાએ સ્વીકાર્યું એટલે ભદ્રાએ ફરી પણ કહેવડાવ્યું કે, જો એમ છે તો હું જ્યાં સુધી મહેલ વગેરેને શણગારું નહિ ત્યાં સુધી સ્વામીએ મહેલમાં આવવા માટે ઉતાવળા ન થવું.

પછી ભદ્રાએ પોતાના મહેલથી આરંભી રાજમંદિરના મુખ્ય દરવાજા સુધી દિવ્યવસ્ત્રો વગેરેથી દિવ્ય ચંદરવો કરાવ્યો. સ્થાને સ્થાને અનેક પ્રકારના રત્નોના હારો બાંધ્યા. સ્થાને સ્થાને વિવિધ પ્રકારના નાટક વગેરે મનોરંજનો શરૂ કર્યાં. પછી રાજાને બોલાવ્યો. બધી તૈયારી કરીને અંતઃપુરના પરિવાર સહિત રાજા આવવા માટે ચાલ્યો. રમણીય દિવ્ય ઝીણાં વસ્ત્રોના ચંદરવામાં લટકતાં રત્નોના હારની શોભાને જોતો અને અતિશય હર્ષથી યુક્ત રાજા શાલિભદ્રના મહેલમાં આવ્યો. ભદ્રાએ ઉચિત વિનયરૂપ ભક્તિ કરીને રાજાને સિંહાસન ઉપર બેસાડયો. સાત માળના મહેલના ઉપરના માળમાં રહેલા શાલિભદ્રની પાસે જઇને ભદ્રાએ કહ્યુંઃ હે વત્સ ! નીચેના માળે આવ, શ્રેણિક રાજા બેઠેલા છે. શાલિભદ્રે કહ્યુંઃ હે મા ! તું જાતેજ જે આવ્યું હોય તે મૂલ્ય કરીને લઇ લે. ભદ્રાએ કહ્યું : હે પુત્ર ! આ કોઇ ખરીદવા યોગ્ય વસ્તુ નથી, કિંતુ તારો અને સર્વ લોકોનો સ્વામી શ્રેણિક નામનો રાજા તારાં દર્શન માટે ઘરે આવેલો છે. તેથી આવ, અને તેનાં દર્શન કર. આ સાંભળીને મારો પણ બીજો સ્વામી છે એમ વિચારતો તે ખેદ પામ્યો. કહ્યું છે કે ''મણિ, સુવર્ણ, રત્ન અને ધનથી ભરેલા ભવનમાં શાલિભદ્ર પણ મારો પણ બીજો સ્વામી છે એમ વિચારતો (સુખની) ઇચ્છાથી રહિત બન્યો.' (૧) 'જેઓ તપ અને સંયમ કરતા નથી તે પુરુષો અવશ્ય સમાન હાથ-પગવાળા સમાન પુરુષોના દાસપણાને પામે છે.' (૨) માતાનું વચન ઉલ્લંઘન કરવા યોગ્ય ન હોવાથી ઉઠીને રાજાની નજીકના સ્થાનમાં ગયો. રાજાને પ્રણામ કર્યા.

રાજાએ તેને પોતાના ખોળામાં બેસાડયો. તેના શરીરની અનુપમ શોભાનું વર્ણન કરતા રાજાએ વિચાર્યું કે, આના શરીરનું સર્વ લોકોના મનને હરનારું જેવું લાવણ્ય છે તેવું ઇંદ્ર સહિત દેવોનું પણ નથી એમ હું માનું છું. એનાં અંગ અને પ્રત્યંગોને જોવામાં સ્થિર ચિત્તવાળા રાજાએ જેટલામાં એના મુખરૂપ કમલ ઉપર દૃષ્ટિ કરી તેટલામાં એની બે આંખો આંસુના પૂરથી પૂરાયેલી જોઇ. રાજાએ તેની માતાને

પૂછ્યું: આ શું ? તેણે કહ્યું: હે દેવ ! આ વિષે એક વિનંતિ છે, શાલિભદ્રનો પિતા દેવોમાં ઉત્પન્ન થયો છે, તે પુત્રસ્નેહથી દરરોજ નવી નવી દેવલોક સંબંધી સુગંધીમાળા અને અલંકારો વગેરે વસ્તુઓથી એની સેવા કરે છે. આથી તે મનુષ્યને ભોગવવા યોગ્ય ભોગનાં સાધનોની ગંધને પણ સહી શકતો નથી. તેથી આપ એને છોડી દો, જેથી એ પોતાનાં સ્થાને જાય. તેથી રાજાથી મુક્ત કરાયેલ તે સ્વસ્થાને ગયો. આ દરમિયાન ભદ્રાએ વિનંતી કરી કે, અહીં જ ભોજન કરવા વડે શાલિભદ્ર ઉપર મહેરબાની કરો. રાજાએ સ્વીકાર્યું. પછી ભદ્રાએ બધી ય સામગ્રી કરાવી. સુંદર સ્ત્રીઓ વડે સહસ્રપાક વગેરે ઉત્તમ તેલોથી મર્દન કરાવ્યું, વિધિથી સ્નાન કરાવ્યું. રાજાએ વસ્ત્ર અને અલંકારો પહેરીને કૌતુકથી સર્વ ઋતુઓમાં અનુકૂળ એવા ક્રીડાવનમાં પ્રવેશ કર્યો. ત્યાં શાલિભદ્રને સ્નાન કરવાની નિર્મલજળથી ભરેલી વાવડી જોઇ. તેને જોવામાં વ્યગ્રચિત્તવાળા એની વીંટી કોઇ પણ રીતે વાવડીમાં પડી ગઇ. તેથી ભદ્રાએ જેટલામાં તે પાણી બીજા સ્થળે કર્યું તેટલામાં વિજળીના તેજ જેવો દેદીપ્યમાન આભૂષણોનો સમૂહ જોયો. તે આભૂષણોની વચ્ચે પોતાની વીંટી કોલસા જેવી દેખાઇ.

રાજાએ પૂછ્યું: આ શું ? ભદ્રાએ કહ્યું: શાલિભદ્ર અને તેની પત્નીઓના આભૂષણોનું જે નિર્માલ્ય દરરોજ અહીં પડે છે તે આ છે. તેથી વિસ્મિત ચિત્તવાળા રાજાએ વિચાર્યું: અહો ! પૂર્વ ભવે ઉપાર્જન કરેલા પુણ્યસમૂહનો વિલાસ કેવો છે ? જેથી શાલિભદ્ર મનુષ્ય હોવા છતાં દેવના પ્રભાવથી ચિંતવ્યા વિના પાસે આવેલું બધું મળે છે. આ પ્રમાણે વિચારતા તેને ભદ્રાએ પરિવાર સાથે અનેક પ્રકારના વિશિષ્ટ રસોથી મનોહર એવા અનેક પ્રકારના આહારનું ભોજન કરાવ્યું. ત્યારબાદ અનેક પ્રકારના તાંબૂલ, વસ્ત્ર અને અલંકાર વગેરે પદાર્થો આપવામાં આવ્યા. પછી રાજા પોતાના નિવાસમાં ગયો.

સંવિગ્ન ચિત્તવાળા શાલિભદ્રે કેટલાક દિવસો પસાર કર્યા. કોઇવાર ત્યાં પ્રતિબંધ રહિત વિહારથી વિચરતા ધર્મઘોષ નામના આચાર્ય પધાર્યા. લોકોએ બહાર ઉદ્યાનમાં તેમની સ્થિરતા કરાવી. બારીમાં બેઠેલા શાલિભદ્રે તેમને વંદન કરવા માટે જતા અનેક લોકોને જોઇને પોતાના સેવકને પૂછ્યું: આ જનસમૂહ ક્યાં જાય છે ? એણે કહ્યું: સૂરિને વંદન કરવા માટે. તેથી શાલિભદ્ર પણ માતાને પૂછીને આચાર્યની પાસે ગયો. આચાર્યને ભાવપૂર્વક વંદન કરીને ઉચિત સ્થાનમાં બેઠો. શ્રેણિક રાજા વગેરે બીજા લોકો પણ વંદન કરીને ઉચિત સ્થાને બેઠા ત્યારે સૂરિએ ધર્મલાભ એવા આશીર્વાદ આપીને ધર્મદેશના શરૂ કરી. તે આ પ્રમાણે:- હે જનો ! ઇષ્ટ-અનિષ્ટ અને સંયોગ-વિયોગરૂપ વિષમ મગર વગેરે જીવોથી વ્યાપ્ત, મોહરૂપ આવર્તોથી ભયંકર, મરણ-જરા-રોગાદિ-રૂપ તરંગોથી વ્યાપ્ત એવા ભવરૂપ સમુદ્રમાં પડતા જીવોને અનંત-

સુખનો જનક અને ઉત્તમ વહાણ સમાન જૈનધર્મને છોડીને બીજું કોઇ રક્ષણ કરનાર નથી. કારણ કે અર્થ (=ધન) અનર્થ કરનાર છે, અને ક્ષણમાં નાશ પામનાર છે, વિષયસુખો વિપાકે કટુ છે અને લાંબો કાળ ટકનારા નથી, શરીર પણ નિત્ય સારસંભાળની અપેક્ષાવાળું છે, કરેલાની અપેક્ષા રાખતું નથી, અર્થાત્ એના માટે સારું કર્યું હોય તો પણ એને બગડતાં વાર લાગતી નથી, જલદી નાશ પામે છે. માટે ધન વગેરે વિષે શ્રદ્ધા છોડી નિઃસ્પૃહ બનીને એક ધર્મનેજ સેવો એવી જિનાજ્ઞા છે. તે ધર્મ સાધુ ધર્મ અને શ્રાવક ધર્મ એમ બે પ્રકારે છે. તે બેમાં પહેલા પ્રકારનો ધર્મ ક્ષમા વગેરે ભેદોથી દશ પ્રકારે જાણવો. બીજા પ્રકારનો ધર્મ અણુવ્રત વગેરે ભેદોથી બાર પ્રકારે છે.

આ બંને પ્રકારના ધર્મનું મૂળ સમ્યક્ત્વ કહ્યું છે. દેશનાના અંતે અવસર પામીને હર્ષથી મસ્તકે હાથરૂપી કમળની થોડી ઉઘડેલી કળીની જેમ અંજલિપુટ કરીને શાલિભદ્રે પૂછયું: હે ભગવંત ! કેવા પ્રાણીઓનો બીજો સ્વામી ન થાય ? સૂરિએ કહ્યું: સારી રીતે તપશ્ચર્યા કરનારા, સમ્યગ્જ્ઞાન, ધ્યાન અને શીલમાં તત્પર અને સંસારની પ્રવૃત્તિથી રહિત પ્રાણીઓનો બીજો સ્વામી થતો નથી. શાલિભદ્રે કહ્યું: જો એમ છે તો માતાને પૂછીને મારે પણ આપની પાસે એવા થવું છે. સૂરિએ કહ્યું: વિલંબ ન કર. પછી તે આચાર્યને પ્રણામ કરીને પોતાના ભવનમાં ગયો. બીજા લોકો પોતાના ઘર તરફ ગયા. શાલિભદ્રે માતાને કહ્યું: હે માતા ! મેં આજે શ્રીધર્મઘોષસૂરિની પાસે ધર્મ સાંભળ્યો, તેથી તારી અનુજ્ઞાથી હું તે ધર્મ કરવાને ઇચ્છું છું. માતાએ કહ્યું: હે વત્સ ! ઘરમાં જ રહીને યથાશક્તિ ધર્મ કર. કલ્યાણ માટે પ્રવૃત્ત થયેલા તારો વિરોધી કોણ થાય ? શાલિભદ્રે કહ્યું: હે માતા ! મમતાનો ત્યાગ નહિ કરનારા અને ઘરમાં રહેનારાઓનો ધર્મ કેવો થાય ? માતાએ કહ્યું. આ સત્ય છે, પણ હે પુત્ર ! તારા જેવા માટે ઘરનો ત્યાગ દુષ્કર છે. કારણ કે તું દેવભોગોથી લાલનપાલન કરાયેલો છે, તેથી તું માનવના અંત, પ્રાંત અને અનુચિત આહારને શી રીતે ખાઇ શકીશ ? જો તારો આ આગ્રહ છે તો શરીરને સહનશીલ બનાવવાનો અભ્યાસ કર, એક એક શય્યાનો ત્યાગ કર, મનોહર વિલાસી સ્ત્રીઓના નૃત્યાદિ કુતૂહલોને ઓછા કર. તેથી તે જ પ્રમાણે માતાના વચનનું પાલન કરવાની શરૂઆત કરી.

એકવાર ધન્ય નામના પોતાના પતિને સ્નાન કરાવતી શાલિભદ્રની બહેને આંસુઓ વહેવડાવ્યા. ધન્યે તેને પૂછયું: હે પ્રિયે ! કેમ આમ રડે છે ? તેણે કહ્યું: મારો ભાઇ શાલિભદ્ર દીક્ષા લેવાની ભાવનાવાળો થયો છે, તેથી દરરોજ એક એક શય્યા વગેરેનો ત્યાગ કરવા વડે શરીરને સહનશીલ બનાવવાનો અભ્યાસ કરી રહ્યો છે, તેથી રડું છું: ધન્યે કહ્યું: તે કાયર છે, જેથી આ પ્રમાણે ક્રમથી છોડે છે. તેણે કહ્યું: જો આ સહેલાઇથી છોડી શકાય છે એવું લાગતું હોય તો તમે જ એક સાથે કેમ છોડતા નથી ?

ધન્યે કહ્યું: તારા વચનની જ રાહ જોતો હું આટલો કાળ રહ્યો છું. હવે તો જે રીતે છોડું છું તે રીતે તું જો. તેથી ત્યારથી જ જિનમંદિરમાં અષ્ટાહ્નિક ઉત્સવો શરૂ કર્યા. પોતાની શક્તિ પ્રમાણે દીન વગેરેને દાન આપવાનું શરૂ કર્યું. આ દરમિયાન પતિને દીક્ષાના નિશ્ચયવાળા જાણીને તેણે કહ્યું: હે પ્રિય ! મેં આ મશ્કરી કરી હતી. તેથી મને છોડીને દીક્ષા લેવાને કેમ ઇચ્છો છો ? ધન્યે કહ્યું: હે પ્રિયે ! બધાનો સંયોગ વિયોગના અંતવાળો છે. કહ્યું છે કે-**"સર્વ સંગ્રહો ક્ષયના અંતવાળા છે, ઉન્નતિઓ પતનના અંતવાળી છે, સંયોગો વિયોગના અંતવાળા છે" જીવન મરણના અંતવાળું છે.** તેથી એમની ઇચ્છાથી રહિત બનીને એમનો ત્યાગ કરવો એ શ્રેષ્ઠ છે. અસંતુષ્ટ બનીને એમનો ત્યાગ કરવો પડે તે સારું નથી. કારણ કે કહ્યું છે કે-**"વિષયો લાંબો કાળ રહીને પણ અવશ્ય જવાના છે, માનવ જાતે એમને ન છોડે તો એમના વિયોગમાં શી વિશેષતા છે ?" એની મેળે (=છોડયા વિના) જતા વિષયો મનના અતિશય સંતાપ માટે થાય છે, જ્યારે સ્વયં છોડેલા વિષયો અનંત સમતાસુખને કરે છે."** પતિનો નિશ્ચય જાણીને "નારીને પતિ એ જ દેવ છે" એવા વચનને યાદ કરતી તે પણ તેની પાછળ જવાની ઇચ્છાવાળી થઇ.

આ અવસરે ભગવાન મહાવીર ગુણશીલચૈત્યમાં પધાર્યા છે એમ ધન્યે સાંભળ્યું. શિબિકામાં બેસીને પોતાની પત્નીની સાથે ભગવાન પાસે જઇને દીક્ષા લીધી. શાલિભદ્રે પણ ધન્યનો વૃત્તાંત જાણીને, માતાને પૂછીને (=કહીને), શ્રેણિકરાજાને ખમાવીને, મહાન આડંબરથી ભગવાન પાસે આવીને, વિધિપૂર્વક દીક્ષા લીધી. દીક્ષિત બનેલા તે બંનેએ બહુ થોડા કાળમાં ગ્રહણશિક્ષા અને આસેવન શિક્ષાનો અભ્યાસ કરી લીધો. છટ્ઠ, અઠ્ઠમ અને ચાર ઉપવાસ વગેરે વિશિષ્ટ તપ સતત કરીને શરીરને સુકવી નાખ્યું. ગામ, ઉદ્યાન, નગર અને ખાણ આદિથી યુક્ત પૃથ્વી ઉપર માસકલ્પથી વિહાર કરતા તે બંને કેટલાક કાળ પછી ભગવાનની સાથે ફરી તે જ રાજગૃહનગરમાં આવ્યા. ભિક્ષા સમયે ભગવાનને વંદન કરીને પારણા નિમિત્તે (વહોરવા માટે) તે બંને ચાલ્યા ત્યારે ભગવાને શાલિભદ્રને કહ્યું: આજે તને તારી માતા ભોજન કરાવશે= પરાણું કરાવશે. પછી તે બંને ભિક્ષા માટે પરિભ્રમણ કરવા લાગ્યા. ભદ્રાના ઘરે ગયા. ભગવાન મહાવીરનું આગમન સાંભળીને ભદ્રાને અત્યંત હર્ષ થયો. વહુઓની સાથે સમવસરણ ભૂમિ તરફ જવા પ્રયાણ કર્યું. ભગવાન અને શાલિભદ્રના દર્શન આદિની ઉત્કંઠાથી વ્યાકુળ હોવાથી ભદ્રાએ (પોતાના ઘરે આવેલા) તે બેને ન ઓળખ્યા. ભિક્ષા લીધા વિના તે બંને પાછા ફર્યા. ભવિતવ્યતાના કારણે દહીં અને મથિત (મથિત=પાણી નાખ્યા વિના ભાંગેલું દહી) વેચવા માટે નગરમાં પ્રવેશેલી વૃદ્ધ ગોવાલણોએ તેમને જોયા. તેમાં એક વૃદ્ધ ગોવાલણની કાયારૂપી લાકડી શાલિભદ્રને જોઇને હર્ષની વૃદ્ધિથી

પ્રગટ થતા ઘણા રોમાંચોથી યુક્ત બની. તેને સહર્ષ દહીં આપવાની ઇચ્છા થઇ. તેથી તેણે પ્રણામ કરીને શાલિભદ્રને કહ્યુંઃ હે તપસ્વી ! જો ઉપયોગમાં આવતું હોય તો આ દહીં લો. પછી શાલિભદ્રે ઉપયોગ પૂર્વક દહીં લીધું. તેથી હર્ષિત ચિત્તવાળી તે સ્વસ્થાને ગઇ. તે બંને પણ ભગવાન પાસે આવ્યા. ઇરિયાવહિ પ્રતિક્રમણ કર્યું, ગમનાગમન આદિની આલોચના વગેરે કરીને ક્ષણવાર ઊભા રહ્યા. પછી શાલિભદ્રે પૂછયુંઃ હે ભગવંત ! આજે મારી મા કેવી રીતે ભોજન કરાવશે ? ભગવાન બોલ્યાઃ જેણે તને દહીં આપ્યું તે તારી અન્ય જન્મની માતા છે. કારણ કે-આ જ મગધદેશમાં પોતાનો પતિ મૃત્યુ પામતાં પૂર્વે એકઠું કરેલું બધું ય ધન નાશ પામ્યું, આથી અન્ય દેશમાંથી આવીને શાલિગ્રામનો આશ્રય લેનાર ધન્ય નામની આ વૃદ્ધ ગોવાલણનો જ તું પૂર્વભવમાં વાછરડાઓનું પાલન કરનાર સંગમક નામનો પુત્ર હતો. તે તારા જીવની આજીવિકા વાછરડાઓને ચરાવવાથી પ્રાપ્ત થતી હતી.

તેણે કોઇવાર કોઇ ઉત્સવમાં ઘરે ઘરે લોકોથી ખીર ખવાતી જોઇ. પોતાના ધનલાભને (=આર્થિક સ્થિતિને) નહિ જાણતા તેણે કરુણસ્વરે રુદન કરીને માતાની પાસે ખીરની માગણી કરી કે મને પણ ખીર આપ. તેથી માતા પણ તેનો તેવો આગ્રહ જોઇને અને ખીર બનાવવાની પોતાની અશક્તિ વિચારીને રોવા લાગી. તેનું રુદન સાંભળીને પાડોશી સ્ત્રીઓને દયા આવી. તેમણે દૂધ વગેરે આપીને તેના પુત્રને યોગ્ય ખીરની સામગ્રી (એકઠી) કરી. પછી તે સામગ્રીથી માતાએ ખીર તૈયાર કરી. સંગમક ખીર ખાવા માટે બેઠો ત્યારે ત્યાં માસખમણનું પારણું કરવાની ઇચ્છાવાળા એક મહામુનિ ક્યાંકથી આવ્યા. અતિશય વધતા શ્રદ્ધાના પરિણામવાળા તેણે પહેલી જ વાર (પોતાના) ભોજન માટે લીધેલી ખીર પૂર્ણપણે (=બધી) તે મહામુનિને આપી દીધી. બાકી રહેલી ખીર પોતે આકંઠ ખાધી. વાછરડા ચરાવવા માટે જંગલમાં ગયેલા એને ખીરના અજીર્ણના દોષથી અતિશય તરસ લાગી. તેનાથી પરેશાન થયેલ અને પાણીનું સ્થાન શોધવામાં તત્પર તેને તે મુનિએ જોયો. મુનિએ તેને કહ્યુંઃ આ પ્રદેશમાં નજીકમાં પાણી નથી, અને તને ગાઢ આપત્તિ છે એમ હું કલ્પના કરું છું. તેથી હમણાં પંચપરમેષ્ઠિ નમસ્કારનું સ્મરણ કરવું એ જ તારા માટે ઉત્તમ છે, યોગ્ય છે. તેણે કહ્યુંઃ તેને યાદ કરવાનું હું જાણતો નથી. તેથી દયાયુક્ત ચિત્તવાળા તપસ્વીએ તેને કહ્યુંઃ હે સંગમક ! હું તારા કાનની પાસે નમસ્કારનું ઉચ્ચારણ કરીશ, તારે એકાગ્રચિત્તે એનું ચિંતન કરવું. આ પ્રમાણે કહીને મુનિએ નમસ્કાર મંત્ર બોલવાનું શરૂ કર્યું. સ્વભાવથી જ ભદ્રકભાવ વગેરે મધ્યમગુણોના યોગથી જેણે મનુષ્યનું આયુષ્ય બાંધ્યું છે અને તેને અનુરૂપ (ભદ્રકભાવ વગેરે મધ્યમગુણોને અનુરૂપ.) શુભ પરિણામ જેના વધી રહ્યા છે એવો તે પણ ત્યારે જ કાળ પામ્યો. મુનિદાનના પ્રભાવથી મહાભોગ રૂપ ફલવાળા

કર્મને ઉપાર્જન કરનાર તે ગોભદ્રશેઠની ભદ્રા પત્નીના પુત્રપણે ઉત્પન્ન થયો. ભગવાન વડે કહેવાતી આ વિગત સાંભળીને શાલિભદ્રને જાતિસ્મરણ જ્ઞાન થયું. પછી જન્માંતરની માતાએ આપેલું તે જ દહીં માસખમણના પારણે વાપરીને ધન્યમુનિની સાથે પર્વતની ગુફામાં ગયા. ત્યાં બંને અનશન સ્વીકારીને પાદપોપગમન (મુદ્રા)માં રહ્યા.

(અનશનના ત્રણ ભેદો છે. (૧) ભક્ત પ્રત્યાખ્યાન, (૨) ઈંગિની, (૩) પાદપોપગમન. (૧) **ભક્તપ્રત્યાખ્યાન** :- જીવનપર્યંત ભક્તનું પ્રત્યાખ્યાન (-ત્રણ પ્રકારના કે ચાર પ્રકારના આહારનો ત્યાગ) એ ભક્તપ્રત્યાખ્યાન. આ તપમાં શરીર પરિકર્મ (-ઉઠવું બેસવું વગેરે શારીરિક ક્રિયા) સ્વયં કરી શકે છે, અને બીજાની પાસે પણ કરાવી શકે છે. તથા અમુક નિયત પ્રદેશમાં જ જઇ શકાય એવો પ્રતિબંધ નથી. (૨) **ઈંગિની** :- ઈંગિની એટલે ચેષ્ટા. જેમાં પ્રતિનિયત (નિયત કરેલા) અમુક જ ભાગમાં હરવું, ફરવું આદિ ચેષ્ટા થઇ શકે તે ઈંગિની અનશન. આમાં ચારે પ્રકારના આહારનો ત્યાગ હોય છે. શરીર પરિકર્મ સ્વયં કરી શકે, પણ બીજાની પાસે ન કરાવી શકે. તથા નિયત કરેલા પ્રદેશની બહાર ન જઇ શકાય. (૩) **પાદપોપગમન** :- પાદપ એટલે વૃક્ષ. ઉપગમન એટલે સમાનતા. જેમાં વૃક્ષની જેમ જીવનપર્યંત નિશ્ચલ રહેવાનું હોય તે પાદપોપગમન અનશન. જેમ પડી ગયેલું વૃક્ષ જેવી સ્થિતિમાં પડયું હોય તેવી જ સ્થિતિમાં સદા રહે છે, તેમ આ અનશનમાં પ્રથમ જેવી સ્થિતિમાં હોય તેવી જ સ્થિતિમાં જીવનપર્યંત રહેવાનું હોય છે. અંગોપાંગોને જરા પણ ચલાવી શકાય નહિ. સદા ડાબા પડખે સૂઇને ધ્યાનમાં લીન રહેવાનું હોય છે. આ અનશનમાં ચારે પ્રકારના આહારનો ત્યાગ હોય છે.

આ ત્રણ પ્રકારના અનશનમાં પછી પછીનું અનશન અધિક શ્રેષ્ઠ છે. ધૈર્યવાન સાધક જ આ અનશનનો સ્વીકાર કરી શકે છે. તેમાં પણ પછી પછીના અનશનનો સ્વીકાર કરનાર અધિક ધૈર્યવાન હોય છે. આ ત્રણમાંથી ગમે તે પ્રકારના અનશનનો સ્વીકાર કરનાર જીવ અવશ્ય વૈમાનિક દેવલોકમાં કે મોક્ષમાં જાય છે. ધૈર્યવાન મહાપુરુષો રોગાદિકના કારણે ધર્મનું પાલન કરવા અસમર્થ બની જાય ત્યારે અથવા મરણ નજીક હોય ત્યારે પોતાની ધીરતા પ્રમાણે કોઇ એક અનશનનો સ્વીકાર કરે છે. આ ત્રણમાંથી કોઇપણ અનશન નિર્વ્યાઘાતમાં સંલેખનાપૂર્વક કરવું જોઇએ. વ્યાધિ, વિદ્યુત્પાત, સર્પદંશ, સિંહાદિ ઉપદ્રવ વગેરે વ્યાઘાતમાં સંલેખના વિના પણ થઇ શકે છે.)

આ દરમિયાન વહુઓની સાથે સમવસરણમાં આવેલી ભદ્રાએ ભગવાનને ભાવપૂર્વક વંદન કરીને પૂછયું: હે ભગવંત ! શાલિભદ્ર ક્યાં છે ? તેથી ભગવાને શાલિભદ્રનો પાદપોપગમન (મુદ્રા) માં રહ્યા ત્યાં સુધીનો બધો ય વૃત્તાંત કહ્યો. પછી

ભદ્રામાતા ત્યાંજ આવ્યા. પાદપોપગમનમાં રહેલા શાલિભદ્ર અને ધન્ય એ બેને જોયા. તેમને વંદન કરીને રડવા લાગ્યા, અનેક પ્રકારના વિલાપો કર્યા. તે આ પ્રમાણે:- હે વત્સ ! બત્રીસ શય્યાઓની ઉપર સૂઇને હવે તું પથ્થર અને કાંકરાઓથી વ્યાપ્ત કેવળ પૃથ્વી ઉપર કેવી રીતે રહ્યો છે ? હે પુત્ર ! જે તું પૂર્વે સદા સંગીત અને વાજિંત્રના અવાજથી જાગતો હતો તે તું હવે ભયંકર શિયાળના અવાજોથી કેવી રીતે નિદ્રાને છોડીશ ? હા પુત્ર ! તેં તપથી શરીરને કેવું સુકાવી દીધું કે જેથી તું ઘરે ગયો (=આવ્યો) છતાં મારાથી ન ઓળખાયો. પાપકર્મવાળી મને ધિક્કાર થાઓ, ધિક્કાર થાઓ. ત્યારે શાલિભદ્ર મુનિને વંદન કરવા માટે ત્યાં આવેલા શ્રેણિક રાજા વિલાપ કરતા ભદ્રામાતાને કોઇ પણ રીતે ઉપદેશ આપીને (=સમજાવીને) નગરમાં લઇ ગયા. તે મુનિઓ પણ આયુષ્યનો ક્ષય થતાં સર્વાર્થસિદ્ધ નામના મહાવિમાનમાં દેવપણે ઉત્પન્ન થયા. ત્યાં અજઘન્યોત્કૃષ્ટ તેત્રીસ સાગરોપમ પ્રમાણ આયુષ્ય પાળીને ત્યાંથી ચ્યવેલા તે બે મહાવિદેહમાં સિદ્ધ થશે. આ પ્રમાણે સુખની શ્રેણિઓનો હેતુ અને મોક્ષફલવાળો આ અતિથિસંવિભાગ શાલિભદ્રે જે પ્રમાણે કર્યો તે પ્રમાણે કરવો જોઇએ. આ પ્રમાણે શાલિભદ્રનું દૃષ્ટાંત પૂર્ણ થયું. (શ્રાવકનાં બારવ્રતો યાને નવપદ પ્રકરણ)

### શ્રી ભરતમહારાજનો વૈરાગ્યનો પ્રસંગ (અ. ૭ સૂ ૨૯)

એકવાર શ્રી ભરતમહારાજા વસ્ત્રો-આભૂષણો પહેરવા માટે આરિસાભવનમાં ગયા. વસ્ત્રો અને આભૂષણો પહેરીને આરિસામાં શરીરની શોભા જોવા લાગ્યા. આ દરમિયાન એક આંગળીમાંથી વીંટી સરી પડી. આથી ભરત મહારાજાએ તે આંગળીને શોભા વગરની જોઇ. આંગળીમાંથી વીંટી નીકળી જવાથી આંગળી શોભા વગરની થઇ તો સર્વ આભૂષણોથી રહિત બનેલું શરીર કેવું દેખાય છે તે જોઉં એમ વિચારીને બાકીનાં સર્વ અંગોનાં આભૂષણો ઉતારી નાખ્યા. આથી શરીર ખરી પડેલા પાંદડાવાળા વૃક્ષ જેવું શોભા વગરનું દેખાયું. આ વખતે ભરત મહારાજાએ વિચાર્યું કે આભૂષણોથી થયેલી શરીરની શોભા કૃત્રિમ છે, સ્વાભાવિક નથી. આ શરીર કપૂર કસ્તૂરી વગેરે સારા અને સુગંધી પદાર્થોને પણ ખરાબ અને દુર્ગંધી બનાવી દે છે. આથી જે પુણ્યાત્માઓ દુઃખને આપનારા વિષયોનો ત્યાગ કરીને તપનું સેવન કરે છે તે જ આ શરીરના ફળને પ્રાપ્ત કરે છે. ઇત્યાદિ સુંદર ભાવના ભાવતા એવા ભરત મહારાજાને શુક્લધ્યાનથી કેવલજ્ઞાન ઉત્પન્ન થયું. તે જ વખતે ઇંદ્ર મહારાજાએ તેમને રજોહરણ વગેરે મુનિવેષ અર્પણ કર્યો, પછી વંદન કર્યું. (ત્રિ. શ. પુ. ચ.)

## સમાપ્ત